સ્વાધ્યાય

હી ચા ત્સ વી
અને
વ સંત પંચમી
વિ. સં. ૨૦૪૩-૪૪

પુસ્તક ૨૫

અંક ૧-૨

રૌપ્યમહોત્સવ વર્ષ

NO-056962 Lo-42.16



ચિત્ર નં. ૬ : જૂનાગઢ મ્યૂઝિયમમાં સંગ્રહાયેલ જૈન દાતાદંપતી, ૧૨મી સદીનો પ્રારંભ

(ફોટો સૌજન્ય : ડૉ. પ્રમોદચંદ્ર, ન્યૂ દિલ્હી)


સ્વાધ્યાય
અને
સંશોધનનું
ત્રૈમાસિક

THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA
सत्यं शिवं सुन्दरम्

સંપાદક
રામકૃષ્ણ તુ. વ્યાસ

નિયામક
પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા



ચિત્ર નં. ૩
જૈનદેવી તથા
ચામરધારી અને
કાયોત્સર્ગ



ચિત્ર નં. ૪
સપ્તપણા
પાર્શ્વનાથ તથા
સપારકર તીર્થંકર

(ચિત્રોની સમજૂતી માટે જુઓ આ અંકમાં પુષ્પકાંત વિ. ઘેળકિયાનો લેખ)

મુદ્રક: શ્રી મહ્લાદ નારાયણ શ્રીવાસ્તવ, મૅનેજર, મ. સ. યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા; સંપાદક અને પ્રકાશક: મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા વતી ડૉ. રામકૃષ્ણ તુ વ્યાસ, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, વડોદરા-૩૯૦ ૦૦૨, જાન્યુઆરી, ૧૯૮૯.

સ્વા ધ્યા ય

દીપોત્સવી, વસંતપંચમી પુસ્તક ૨૫ : અંક ૧, ૨

વિ. સં. ૨૦૪૩-૪૪ ઑક્ટોબર ૧૯૮૭, જાન્યુઆરી ૧૯૮૮

અનુક્રમ

		પૃષ્ઠાંક
૧	નાટ્યરસ અને કાવ્યરસ—રમેશ બેટાઈ ...	૧
૨	અશ્વઘોષના બુદ્ધચરિતમાં રસનિરૂપણ—વિજયકુમાર એલ. પંડિત ...	૧૩
૩	ઐતિહાસક શબ્દકોશ : કેટલાક વિચારો—ભોગીલાલ જ. સાંડેસરા ...	૧૯
૪	સ્વાતંત્ર્યોત્તર ગુજરાતમાં ઇતિહાસસંશોધનનો વિકાસ—રમણલાલ ના. મહેતા, રસેરા જમીનદાર ...	૩૭
૫	વ્યક્તિત્વનું ચિંતન—હરસિદ્ધ મ. જોશી ...	૫૧
૬	કુંભારિયાનાં જૈનમંદિરોના પ્રતિમાલેખો—નવીનચન્દ્ર આચાર્ય ...	૬૯
૭	ગુજરાતમાં સમકાલીન રામાયણપરંપરા—દેવદત્ત જોશી ...	૭૫
૮	દાંડીકૂચવિષયક ગુજરાતી કાવ્યો—ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) ...	૯૫
૯	ભારતીય વેદાન્તદર્શનમાં જીવાત્માસ્વરૂપવિચાર—પુનિતા નાગરજી દેસાઈ ...	૧૧૭
૧૦	લલિતાસહસ્રનામ અને શંકરાચાર્યકૃત સૌન્દર્ય-લહરીમાં કુંડલિની-વર્ણન-તુલનાત્મક અધ્યયન—લાભશંકર એમ. જોશી ...	૧૨૩
૧૧	તત્ત્વં સાલંકારસ્ય કાવ્યતા—અલકા તન્ના ...	૧૨૭
૧૨	ઉપસર્ગો થકી ઉપનયનસંસ્કાર—અરુણા કે. પટેલ ...	૧૩૧
૧૩	મહુવાનાં જૈન શિલ્પો—પુષ્પકાંત વિ. ધોળકિયા ...	૧૩૭
૧૪	સંસ્કૃત નાટ્યશાસ્ત્રમાં ગણિકા—એમ. પી. કાકડિયા ...	૧૪૩
૧૫	શ્યામજી કૃષ્ણવર્મા : જીવન અને કાર્ય—મુગટલાલ પો. બાવીસી ...	૧૪૯
૧૬	સમાજસુધારક શ્રીકૃષ્ણ—માલતી જે. જોશી ...	૧૬૧
૧૭	નૃસિંહચમ્પૂ એક અધ્યયન—અરુણ શા. જોશી ...	૧૬૫

		પૃષ્ઠાંક
૧૮	બારમીથી ચૌદમી સદીનાં સંસ્કૃત પ્રહસનો—અંજના એમ. રામી	... ૧૭૧
૧૯	જૈન ઇતિહાસનો એક લુપ્ત દસ્તાવેજી પરિચય—પં. શ્રી શીલચન્દ્ર વિજયજીગણિ	... ૧૭૭
૨૦	સાબરકાંઠા જિલ્લામાં દેશીરાજ્યો સામે ચાલેલી પ્રજાકીય લડતો—મહેશચન્દ્ર પંડ્યા	... ૧૯૯
૨૧	सख्याभिधकाव्यम्—સિદ્ધાર્થ યશવંત વાકણકર	... ૨૦૭
૨૨	નિવાપાંજલિ—સોમાભાઈ ધૂ. પારેખ	... ૨૨૧
૨૩	ગ્રન્થાવલોકન	... ૨૨૫
૨૪	સાભાર સ્વીકાર	... ૨૩૩

સ્વાધ્યાય

દીપોત્સવી, વસંતપંચમી વિ. સં. ૨૦૪૩-૪૪ પુસ્તક ૨૫

ઑક્ટોબર ૧૯૮૭, જાન્યુઆરી ૧૯૮૮ અંક ૧-૨

નાટ્યરસ અને કાવ્યરસ

રમેશ બેટાઈ*

'નાટ્ય' માટે સંસ્કૃતમાં બીજો પ્રયોજાયેલો શબ્દ છે 'દૃશ્ય' અને વિશ્વનાથ 'સાહિત્યદર્પણ'માં કહે છે તેમ "दृश्यं तत्राभिनेयं" (૬.૧), આથી નાટ્ય એ કાવ્ય હોય એવી અપેક્ષા છે, તે છતાં રસ તો નાટ્યનો અને તે સહૃદય રસિક સામાજિકને માટે આનંદજનક સૌન્દર્યાતિશય બનવો ઘટે, એવી એક માન્યતા છે. આટલી મોટી અપેક્ષા ન રાખવા છતાં જે. બી. પ્રિસ્ટલી સ્પષ્ટ કહે છે તેમ :

"A dramatist writes for the Theatre. A man who writes to be read and not to be performed is not a dramatist. The dramatist keeps in mind not the printer but a company of actors, not readers but play-goers".[1]

ભાવોની ભૂમિકા પરનું સહૃદય રસિકજનને આનન્દવિભોર કરી દેનારું, સૌન્દર્યાતિશયની વ્યંજનાત્મક અનુભૂતિનું નિરૂપણ એટલે રસ, એવી ભારતીયોની વિશાળ વ્યાખ્યા નાટ્યને પણ લાગુ પડવી ઘટે, કવિતાનું પણ એ જ અન્તિમ સાધ્ય હોય. કવિઓ ઋગ્વેદના સમયથી ક્રાન્તદર્શી કહેવાયા છે, તે જ બતાવે છે કે અગમ્ય અને અલૌકિક એવી હૃદયની સૂઝ (intuition) અને અન્તઃપ્રેરણા (inspiration) કાવ્યના સર્જનમાં તથા તેની શબ્દદેહે અભિવ્યક્તિમાં મૂળ કારણરૂપ હોય છે, અને આનન્દવર્ધન તેને વારંવાર ઉત્પ્રેક્ષા તરીકે ઓળખે છે કે કવિકલ્પના તરીકે પણ. એક આદર્શ તરીકે આ સિદ્ધાન્ત કાવ્યને અને કાવ્ય એવા નાટ્યને, બંનેને સરખી રીતે લાગુ પડશે. પ્રિસ્ટલી માફક નાટ્યાનુભૂતિને વિલક્ષણ માનનારાઓ કહે છે—

"Nobody in his senses goes to the theatre to be told what we think. What we enjoy in the theatre is that particular kind of experience I call

---

'સ્વાધ્યાય', પુ. ૨૫, અંક ૧-૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૮૭-જાન્યુઆરી ૧૯૮૮, પૃ ૧-૧૨.

* જી-૧૯૫, ચાણક્યપુરી ઑપાર્ટમેન્ટસ, ઘાટલૌડિયા, અમદાવાદ-૩૮૦ ૦૬૧.

1 Priestly, J. B. "Art of the Dramatist", Heinemann Educational Books, London 1973, P. 3.

dramatic experience, to which we contribute by allowing our minds to function on two different levels at the same time. "[૨]

અને અભિનવ કહે છે કે :

' સર્વથા એકાગ્ર મનથી જેનો સ્થિર એવો સાક્ષાત્કાર કરવાનો છે, તે, નટના અભિનયના પ્રભાવે જે સાક્ષાત્ દૃશ્ય બને છે, તે નાટ્ય. "[૩]

છતાં આ સત્ય ઉવેખી શકાશે નહીં અને આવી અનુભૂતિ સંસ્કૃત નાટકો પૈકી ' ઉત્તર-રામચરિત ', ' શાકુન્તલ ', ' વિક્રમોર્વશીય ', ' ઊરુભંગ ' વગેરેમાં થાય છે તે હકીકત વિદ્વજ્જનમાન્ય પણ છે.

આ છતાં, જ્યાં રસાસ્વાદનો એટલે કે સૌન્દર્યાનુભૂતિજન્ય આનંદનો પ્રશ્ન આવે છે ત્યાં કાવ્યરસ અને નાટ્યરસ વચ્ચે કેટલોક ભેદ જોવા મળે છે, તેનું પરીક્ષણ કર્યા પછી આપણે આ બાબત આનન્દના અને અભિનવના વિચારો તારવવા પ્રયત્ન કરીએ. પ્રથમ દૃષ્ટિએ જ નાટ્ય અને કાવ્ય વચ્ચે ધ્યાનપાત્ર ભેદ એ છે કે કાવ્ય એકેન્દ્રિયગમ્ય છે, નાટ્ય અનેકેન્દ્રિયગમ્ય અર્થાત્, કાવ્યવાચનમાં કે કાવ્યશ્રવણમાં એક જ ચક્ષુરૂપી ઇન્દ્રિયનો કે શ્રવણરૂપી ઇન્દ્રિયનો ઉપયોગ થાય છે, જ્યારે નાટ્યમાં ઓછામાં ઓછી બે ઇન્દ્રિયો ચક્ષુ અને શ્રવણ કાર્યરત બને છે. કાવ્યના વાચક પાસે શબ્દ છે, જે તે વાચે છે કે સાંભળે છે. નાટ્યમાં અત્યન્ત પ્રભાવશાળી ચતુર્વિધ અભિનય છે, જેનાથી તે રંગભૂમિ તથા તેના પરના પડદા અને દૃશ્યો, પાત્રોનાં વેષભૂષા, પાત્રોના આંગિક અભિનયો, નૃત્યો વગેરે અને હાવભાવ નિહાળે છે અને એ તમામનો સંવાદી પ્રભાવ તેના મન પર પડે છે, જે રસનિષ્પત્તિમાં અને તેની પાછળ આનન્દાનુભૂતિમાં અત્યંત ઉપકારક છે. અભિનય-દર્શનની સાથે જ કાનથી તે સંવાદો, સંગીત વગેરેનું શ્રવણ કરે છે, નેપથ્યમાંથી ઉચ્ચારાતાં વચનો પણ તે સાંભળે છે. અને આ સંવાદો, સંગીત વગેરે સાથે ચતુર્વિધ અભિનય સમવેત હોય છે તેથી તેની ઇન્દ્રિયો—ચક્ષુ અને શ્રવણ—કૃતિનો સમવેત અનુભવ પણ માણે છે. જેટલો અભિનય જીવંત અને સમર્થ તેટલી સામાજિકના મન પર પડનારા પ્રભાવની ઉત્કટતા વિશેષ હોવાની સંભાવના, એ સ્થિતિ છે. કાવ્યમાં, કાનથી કાવ્ય સાંભળતાં અને ચક્ષુથી વાચન કરતાં આ બધું જ તેણે કલ્પી લેવાનું હોય છે અને તેમાં કેટલીક વખત કવિએ કરેલાં વર્ણનો વગેરે તેની મદદે આવે છે. કાવ્યનાં કલ્પના અને વર્ણન આદિ પ્રભાવશાળી હોય ત્યારે નાટકનાં પેલાં અભિનયજન્ય ચિત્રોની માફક કવિકલ્પિત ચિત્રો સૂક્ષ્મ છાયાઓ રૂપે તેની સામે સાકાર બને છે, તરવા લાગે છે. પરન્તુ આ ચિત્રો અભિનયજન્ય નથી. કાવ્યવાચન અને કાવ્યમાં વાચકહૃદયના ભાવોની જામતી જતી એકાગ્રતાનો આ સીધો પ્રભાવ છે. આમ, નાટકમાં કવિ અને સામાજિકની વચ્ચે કૃતિ, તથા તેનો જીવંત અભિનય એ બે તત્ત્વો છે, કાવ્યમાં કવિ અને સામાજિકની

---

2 Staneley wells, " Literature and Drama ", Routledge and kegan Paul, London, 1970, VII–IX.

૩ " तत्र नाटचं नाम नटगताभिनयप्रभावसाक्षात्कारी यमानेकघनमानसनिश्चलाध्यवसेयः । "
(અભિનવભારતી નાટચશાસ્ત્ર ૧, ગાયકવાડ ઓ. સીરીઝ, પૃ. ૧૫).

વચ્ચે કૃતિ માત્ર છે. આને લીધે જ વાચકમન સામે નર્તતાં, તરતાં કાવ્યચિત્રોમાં કવિની પ્રતિભા જેટલી જ કસોટી સહૃદય રસિકજનની પ્રતિભાની પણ થાય છે. કવિના જેવી જ વાચકની પણ પ્રતિભા છે અને તે કાવ્યાસ્વાદમાં સવિશેષ કસોટીએ ચડે છે. કાવ્યનો વાચકના મન પર અપેક્ષિત પ્રભાવ પડવામાં વાચક અને કવિની વચ્ચે સંવાદ જામે એ જરૂરી છે, ત્યાં આ રીતે નાટ્યનો વાચકના મન પર ધાર્યો પ્રભાવ પડવામાં સામાજિક, અભિનેતા દ્વારા કવિનો સમાનધર્મા બને એ જરૂરી છે. કવિ, અભિનેતા અને શ્રોતા અથવા સામાજિક આ ત્રણ પૈકી એકની પણ સહૃદયતા ઓછી કે ઝાંખી હોય તો સૌન્દર્યાનુભૂતિ બાધિત બની શકે.

"નાટકાન્તં કવિત્વં" એ મતને આપણે અતિશયોક્તિભર્યો ગણીએ તો પણ નાટકમાં રસની અભિનયજન્ય જમાવટની વિશિષ્ટ પરિસ્થિતિને પરિણામે, કેટલુંક અસાધારણ બને છે તેની નોંધ પણ અહીં લેવી જોઈએ. ઘણીએ વખત એવું બને છે કે મૂળ કૃતિની રસની જમાવટ સર્વ રીતે સુંદર હોય અને તેથી સહૃદય વાચકને સન્તર્પક, પ્રસન્નકર પણ બને. આ પછી, આ કૃતિને આધારે રચાયેલું નાટક આપણે વાંચીએ કે નાટક સાથે ઘણે અંશે સમાન સિનેમા જોઈએ, ત્યારે તે તેટલું આનન્દકર, પ્રસન્નકર ન પણ બને; તેની રસની જમાવટ મૂળની તુલનાએ કંઈક ઓછી હોય તેથી, મૂળ નાટ્યકૃતિ જાતે વાંચી લીધા પછી તેને અભિનયજનિત દૃશ્યકાવ્યરૂપે આસ્વાદતાં પણ આમ બને, બની શકે. વિદ્વાનોનો એક મત એવો પણ છે કે:

"Most drama has some literary quality and most dramatic scripts can give literary pleasure when read, but the reading of a play is a necessarily imcomplete experience".[4]

આ વિધાનની સત્યતા પણ સાપેક્ષ છે અને ઘણા સંજોગો પર આધાર રાખે છે. કવિ શેક્સપિયરરચિત 'હૅમ્લેટ'નું મૂળ કૃતિનું વાચન કરી, તેનો પ્રીતિકર રસાસ્વાદ માણ્યા પછી તેને આધારે તૈયાર થયેલ નાટક કે સિનેમાનો આસ્વાદ, તેના અભિનેતાઓના અથાગ પ્રયત્ન અને સામર્થ્ય તથા દૃશ્યોના અત્યન્ત સજીવ સંવિધાન છતાં, મૂળના જેવો સન્તર્પક બનતો નથી એવો કેટલાકનો અનુભવ છે, તો કેટલાક આ બાબતમાં જુદો જ કે વિરુદ્ધ અભિપ્રાય પણ આપે છે. આના પરથી એક એ બાબતની પ્રતીતિ થાય છે કે આ પ્રકારના રસાનુભવ અને આસ્વાદનું ઊંડાણ સહૃદય રસાસ્વાદકની પોતાની પ્રતિભા પર પણ આધાર રાખે છે. શરદબાબુની વિખ્યાત નવલકથા 'દેવદાસ' વાંચ્યા અને આસ્વાદ્યા પછી, તેને સંવાદ રૂપે સિનેમામાં ઉતારવાના બંને પ્રયત્નો મૂળ કૃતિના રસાનુભવની તુલનાએ ઘણા રસિકોને ઝાંખા લાગ્યા છે.

બીજી બાજુ એવું પણ જોવા, અનુભવવા મળે છે કે મૂળ કથા સામાન્ય પ્રકારની અને અત્યન્ત સાધારણ રસમય બને સન્તર્પક હોય, નિદાન અસાધારણ તો ન જ હોય, પરન્તુ તેના પરથી જ્યારે નાટ્યરચના થાય અને સમર્થ અભિનેતાઓ તેને રંગભૂમિ પર સજીવ અને સાકાર કરે, ત્યારે તે વિશેષ રસમય, સૌન્દર્યસમ્પન્ન અને તેથી સહૃદય સામાજિકને માટે અતિરુચિકર

4 Stanley wells, "Literature and Drama", Routledge and kegan Paul, London, 1970, P. IX.

બની જાય. આમ બને છે તેમાં સામાન્યને અસામાન્ય બનાવી દેવાની અભિનેતાઓની અભિનય-ક્ષમતાનો એ પ્રતાપ છે. મૂળ કૃતિ કરતાં આ નાટચસ્વરૂપમાં સામાજિકને થોડા વધુ સંવેદનશીલ બનવાની શકયતા રહે છે. કાલિદાસ કહે છે તેમ, આમે યે :

रम्याणि वीक्ष्य मधुरांश्च निशम्य शब्दान्
पर्युत्सुकी भवति यत्सुखितोऽपि जन्तुः ।
तच्चेतसा स्मरति नूनमबोधपूर्वं
भावस्थिराणि जननान्तर सौहृदानि ॥ (शाकुन्तल प.२)

સામાન્ય રમ્ય દર્શન કે મધુર ગાનનું શ્રવણ પણ આપણને જન્મ જન્માન્તરની પ્રીતનું સ્મરણ કરાવે તેવા સંવેદનશીલ બનાવી શકે, તો સમર્થ અભિનયથી વિશેષિત, નવચેતનામય બનેલી કથા નાટકમાં આપણને સવિશેષ સંવેદનરત બનાવી દે તેમાં કશું આશ્ચર્ય નથી. આ વૈવિધ્યપૂર્ણ પરિસ્થતિ પરથી એક બે અગત્યની બાબતો સિદ્ધ થાય છે. એક તો એ કે શું કાવ્યમાં કે શું નાટચમાં, સૌન્દર્યાનુભૂતિ કરાવતી પેલી રસાનુભૂતિ અનિવાર્યપણે અતિ ઉચ્ચ કક્ષાની હોવી જરૂરી છે. સાથે તે સર્વથા કુદરતી, અકૃત્રિમ હોવી જરૂરી છે, તેની પ્રત્યાયકતા અનિવાર્ય છે. આથી રસની જમાવટ અને તજ્જનિત આનન્દાનુભૂતિ બંને સરખી જામવી ઘટે.

બીજી બાજુ વળી એમ પણ બની શકે કે અમુક ચોક્કસ રંગભૂમિ, અભિનેતાઓ, દૃશ્યો, અભિનયસ્વરૂપના ખ્યાલો, સંવાદો વગેરેની રૂઢતાને કારણે કેટલાંક ચોક્કસ નિયંત્રણો નાટકકારને થોડાં અવરોધક બને, તેની મુક્તિ તેની અપેક્ષા અનુસારની ન રહે. આ બધાં નિયંત્રણો કવિને ન નડતાં હોય. કદાચ આ જ કારણસર એમ લાગે છે કે 'ઉત્તરરામચરિત' નાટકને બદલે મહાકાવ્યરૂપે રચાયું હોત તો સંસ્કૃતનું શ્રેષ્ઠ મહાકાવ્ય રચવાનું બહુમાન ભવભૂતિને ફાળે ગયું હોત.[૫] એક વધુ બાબત આના પરથી એ ફલિત થાય છે કે નાટકકારની તુલનાએ કવિની ચોક્કસ વિશેષ યુક્તિ છતાં કાવ્યરસની જમાવટ કવિને માટે નાટ્યરસની તુલનાએ વિશેષ કસોટી કરનારી બનવા સંભવ છે. જેની પાસે માત્ર શબ્દ છે અને શબ્દથી જ જેણે કામ લેવાનું છે, પાર પાડવાનું છે, તેની કાવ્યમાં સાકાર થતી અનુભૂતિ સહૃદય વાચકને માટે કેવળ એકેન્દ્રિયગમ્ય છે. તે કાવ્યરસની જમાવટ ચોક્કસ રીતે કવિની પ્રતિભાની વધુ કસોટી કરે છે. આનું કારણ એ છે કે શું કાવ્યમાંથી કે શું નાટ્યમાં, જે રસાનુભૂતિ, સૌન્દર્યાનુભવ અને તજ્જન્ય નિરતિશય આનન્દ સિદ્ધ કરવાનાં છે, તેની કક્ષા તો અતિ ઉચ્ચ હોવી જ જોઈએ. અને તેથી જ નાટ્ય કરતાં કાવ્યમાં, સહૃદય રસિકજનના ચિત્તને આકર્ષી, એકાગ્ર કરીને રસનિમગ્ન બનાવવાની ક્ષમતા વધુ હોવી જરૂરી છે એમ પણ ઘણાને લાગશે.

આપણો અહીં પ્રશ્ન એ છે કે કાવ્યરસનું મૂળ ભારતીય કાવ્યમીમાંસામાં નાટ્યરસમાં છે ખરું ? કાવ્યરસ અને નાટ્યરસ વચ્ચે કોઈ તાત્ત્વિક ભેદ છે ખરો ? હોય, તો તે શો છે ? આ વિષયમાં હવે આપણે આનંદ અને અભિનવનાં મંતવ્યો જોઈએ. પરન્તુ આ પ્રશ્નોમાં મહાસમર્થ,

૫ કાલિદાસે પોતાની નાટચકૃતિઓમાં ભરતાનુસારી નાટચનિયંત્રણો જાળવ્યાં છે, તેને લીધે તેના કવિત્વ અને રસની જમાવટ પર કેવી અને કેટલી અનુકૂળ કે પ્રતિકૂળ અસર પડી છે એ એક સંશોધનનો વિષય છે.

દિગ્ગજ સમા આ બે આચાર્યોનાં મન્તવ્યો આપણે જોઈએ તો પહેલાં એક બાબતની સ્પષ્ટતા થવી જરૂરી છે. નાટકમાં અભિનેતા તેના અભિનયકૌશલ તથા અભિનયરતતા દ્વારા કૃતિનાં પાત્રોને સાકાર અને સજીવ કરી દે છે; નાટ્યકૃતિનાં પાત્રો, ઘટનાઓ, ચિત્રો જાણે સ્વયમેવ સામાજિકની દૃષ્ટિ સમક્ષ ખડાં થઈ ગયાં હોય છે, કાવ્યસમગ્ર દૃશ્યકાવ્ય બની ગયું હોય છે. કાવ્યવાચન અને કાવ્યશ્રવણમાં પણ, અન્તિમ પ્રભાવ એ પડે છે કે સમર્થ કાવ્યનાં પાત્રો, ઘટનાઓ, ચિત્રો વાચકની દૃષ્ટિ સમક્ષ તરતાં થઈ જાય છે. પ્રથમમાં સ્થૂલતા છે અને તે દ્વારા સૂક્ષ્મ તરફની ગતિ છે, સૂક્ષ્માનુભૂતિ છે. બીજામાં વિશેષ સૂક્ષ્મ દર્શન છે, સૂક્ષ્મતર તરફની ગતિ છે. પરન્તુ કવિની કૃતિને સાકાર કરતાં આ ચિત્રોમાં સહૃદય વાચકનાં ચિત્તતંત્રને ખેંચી લેવાની, પોતાનામાં એકરૂપ, એકરસ કરી દેવાની ક્ષમતા ન હોય ત્યાં સુધી રંગભૂમિ પરનાં ચિત્રો સ્થૂલ જ છે, કવિનાં સમર્થ વર્ણન અને નિરૂપણ વગેરેથી વાચકની દૃષ્ટિ સામે તરતાં થયેલાં ચિત્રો પણ સૂક્ષ્મ છતાં સ્થૂલ હોઈ શકે છે અને સહૃદય વાચક આ ચિત્રોમાં તન્મય, તદાકાર, એકરાગ બને ત્યારે બંનેય ચિત્રો સર્વથા સૂક્ષ્મ અને અનેરા સૌન્દર્યથી સમૃદ્ધ બની જાય છે. 'રસ સહૃદય વાચકનો' અને 'રસ કવિ, કૃતિ અને સહૃદય સામાજિક યા વાચકનો સમવેત, સમાનાનુભવરૂપ'–આ જાણીતા બે વાદો વચ્ચે અહીં સમાન ભૂમિકા છે, જેમાં દૃષ્ટિભેદ મહદંશે ઓગળી જાય છે. નાટકરૂપે કે કાવ્યરૂપે કવિએ જે ભાવજગતનું સર્જન કર્યું છે, તે સહૃદય નિહાળે કે વાંચે ત્યાં લગી તે વાસ્તવમાં ચેતનાવન્ત બનતું નથી અને સહૃદય વાચક આત્મસાત્ કરે, પોતાના હૃદયમાં તેનાથી કશુંક અનુભવે, ત્યારે તે તેનું બની જાય છે. આથી રસ સહૃદય વાચકનો એમ મનાયું છે. પરન્તુ એ ભાવજગતનો રસ કવિહૃદયમાં સાકાર થયો, કાવ્યરૂપ પામ્યો. કવિએ જે અનુભવ્યું અને કૃતિમાં શબ્દરૂપે તેને સાકાર કર્યું તે જ સહૃદય રસિકજન તેટલી જ ઉત્કટતાપૂર્વક અનુભવે એ તો અપેક્ષા છે! માટે જ તો કવિ, કૃતિગતપાત્ર અને સહૃદય રસિકજન ભાવાનુભૂતિની સમાન ભૂમિકા પર આવી જવાની જરૂરિયાત અને સાર્થકતા નિર્દેશાયાં છે. આથી જ તો, કાલિદાસ જેને વિદ્વાન અને સન્ત કહે છે[૬] તે વાચકને ભવભૂતિ પોતાનો સમાનધર્મા કહે છે (માલતીમાધવ ૧. ૪).[૭] આ બંને વાદો અહીં સમાન ભૂમિકા પર આવે છે, તેમની વચ્ચે કલ્પેલો ભેદ ઘણે અંશે ઝાંખો પડી જાય છે, ઓગળી જાય છે અને તેમાં કશું આશ્ચર્ય પણ નથી, કારણ, મોક્ષમાર્ગી સાધકના અન્તિમ બ્રહ્મદર્શનમાં જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાનના ભેદ લોપાય છે, તેવું જ કશુંક કેટલેક અંશે અહીં બને છે. તેથી જ તો કાવ્યાનન્દને "રસાસ્વાદન થકી ઉદ્ભવેલો, તત્ક્ષણે જ અન્ય જ્ઞાતવ્યોની સભાનતા ઓગાળી નાખીને અનુભવજન્ય બનતો",[૮] મમ્મટે કહ્યો છે, અને પ્રાસદ્ધ રીતે એ આનન્દ બ્રહ્માનંદસહોદર મનાયો છે.

---

૬ आपरितोषाद्विदुषां न साधु मन्ये प्रयोगविज्ञानम् ।
बलवदपि शिक्षितानामात्मन्यप्रत्ययं चेतः ॥ (અભિ. ૧.૨)
तं सन्तः श्रोतुमर्हन्ति सदसद्व्यक्तिहेतवः ।
हेम्नः संलक्ष्यते ह्यग्नौ विशुद्धिःश्यामिकाऽपि वा ॥ (રઘુ. ૧.૭)

૭ उत्पत्स्यते तु मम कोऽपि समानधर्मा ।
कालो ह्ययं निरवधिर्विपुला च पृथ्वी ॥ (માલતીમાધવ ૧.૪)

૮ જુઓ 'કાવ્યપ્રકાશ':
समनन्तरमेव रसास्वादनसमुद्भूतः विगलितवेद्यान्तर आनन्दः । (પ્રથમોલ્લાસ)

ભરતે નાટ્યરસ સ્વરૂપે નાટ્યનું તો પરમ અને ચરમ સાધ્ય નક્કી કરી આપ્યું, પરન્તુ સાથે સાથે કાવ્યરસનું સાધ્ય પણ નિયત કરી આપ્યું. ભરતના અનુગામી ભામહયુગના આચાર્યોએ, શરૂઆતમાં જાણે કે નાટ્ય અને કાવ્યને જુદાં ગણી, રસ કાવ્યના અન્તિમ લક્ષ્યમાં છે એવી સ્પષ્ટતા ન કરી, તેમને તે સૂઝયું જ નહીં, અને આપણે ઉપર જોયું છે તેમ, રસ જેવું કશુંક આસ્વાદ્ય કાવ્યમાં છે તે ધ્યાનમાં આવતાં તેને પ્રથમ માધુર્ય વગેરે ગુણમાં અને રસાદિના રસવત્ વગેરે ચાર અલંકારોમાં તેને અન્તર્ગત માની લીધું. આમ, આ યુગમાં રસ એ એક કાવ્યાલંકાર બની ગયો. અલંકારની વિભાવના "सौन्दर्यमलंकारः" એ વામનના વિધાનની સાથે વિસ્તરતાં અલંકારની વિશાળ વિભાવનામાં રસ અન્તર્ગત થયો, અલબત્ત કાવ્યના સૌન્દર્યના નિમિત્તભૂત અન્ય અલંકારોની સાથે.

આ પરિસ્થિતિની વચ્ચે આનંદ અને અભિનવની સમસ્યાઓ આ હતી :

(ક) આ 'રસ'ને તેની વ્યાપક ભાવાનુભૂતિની સમષ્ટિનિષ્ઠતા અને વિશ્વવ્યાપિતાના સંદર્ભે સમ્યક્ સ્વરૂપે રજૂ કરવો.

(ખ) આમ કરવા માટે તેને ગુણ અને અલંકારના સીમિત ચોકઠામાંથી બહાર લાવવો.

(ગ) તેને કાવ્યના જીવાતુભૂત તત્ત્વ તરીકે સ્થાપવો.

(ઘ) કાવ્યનાં અન્ય અલંકરણો તેની તુલનાએ કાવ્યમાં ગૌણ છે, તેનાં આશ્રિત છે ધ્વનિની ભૂમિકા પર રસની સાધના થતાં તેમાં એકરૂપ થઈ જાય છે, તે સિદ્ધ કરવું.

(ચ) કાવ્યનો મૂળભૂત આસ્વાદ, તજ્જનિત આનંદ અને તદ્ગત સૌન્દર્યાનુભૂતિ રસને આધીન છે તે બાબતનું સંસ્થાપન કરવું. પુનર્મૂલ્યાંકન અને સ્થાપનનાં આ ચાર કાર્યો આનંદ અને અભિનવે મહાસમર્થ રીતે કર્યાં અને એ રીતે ભારતીય સૌન્દર્યશાસ્ત્રમાં ધ્વનિરૂપ રસ એ કાવ્યનું આસ્વાદ્ય સૌન્દર્ય, કાવ્યાનન્દ એટલે કલાત્મક સૌન્દર્યસ્વાદ, એ તેમણે સિદ્ધ કર્યું અને આમ કરવામાં આનંદની તુલનાએ સ્વાભાવિક રીતે જ અભિનવ સવિશેષ નાટ્યરસમાંથી કાવ્યરસ તરફ ગતિ કરવાની દૃષ્ટિ રાખે છે અને નાટ્યશાસ્ત્ર તેમ જ કાવ્યશાસ્ત્રમાં ક્રાન્તિ સર્જનાર 'અભિનવભારતી'ના રચયિતા તરીકે તેની દૃષ્ટિ આવી હોય તેમાં કશું આશ્ચર્ય પણ નથી. 'લોચન' ટીકા લખતી વખતે, આનંદ ધ્વનિવાદી છે તે જાણવા, સમજવા છતાં અભિનવ તો રસવાદી જ છે. સર્વપ્રથમ આપણે એ જોઈએ કે રસવાદી તરીકે તે શું કરે છે. આનંદની ગ્રન્થ-રચનાની પ્રતિજ્ઞા, કારિકા ૧.૧માં તે કહે છે તેમ ધ્વનિના સર્વાંગીણ પરીક્ષણ અને આમૂલક અન્વેષણની તેની દૃષ્ટિ છે. આનંદે ધ્વનિના ત્રણ પ્રકાર સ્વીકાર્યા છે, અને ત્રણેયથી ધ્વનિકાવ્ય એટલે કે મમ્મટ જેને ઉત્તમકાવ્ય કહે છે, તે ઉદ્ભવે છે એ બાબત આનન્દ સ્પષ્ટ છે. ધ્વનિવાદી તરીકે આનન્દ જે સંસ્થાપન કરે છે, તેમાં ત્રણ મુખ્ય ધ્વનિપ્રકારો પૈકી એક રસધ્વનિનો છે. હા, એક બાજુ રસધ્વનિ અને બીજી બાજુ વસ્તુધ્વનિ અને અલંકારધ્વનિની વિચારણા કરતાં, સહૃદયની કૃતિને આધીન

કાવ્યાનુભૂતિની એટલે કે કાવ્યાસ્વાદનની કક્ષાઓ જોઈએ ત્યારે વધુમાં વધુ ઉત્કટ અને ચેતનાવન્ત હોવાથી રસધ્વનિ એ જ ઉચ્ચતમ કક્ષાએ હોવાની સંભાવના રહે જ છે એ વાતનો આનંદ સ્વીકાર કરે છે. તેથી જ તો તે :

(૧) રસને ધ્વનિનો આત્મા કહે છે, (૨) કાવ્યનાં અન્ય અલંકરણોને રસના સંદર્ભે જ વાચ્ય તરીકે, ગૌણ તરીકે મૂલવે છે, (૩) ધ્વનિ, રસ અને રસધ્વનિ એ શબ્દો તેણે ઘણી યે વખત સમાનાર્થ તરીકે પ્રયોજ્યા છે, (૪) તેનું વિધાન એવું પણ છે કે "તેન રસજ્ઞતૈવ સહૃદયત્વમિતિ." આ છતાં એટલે કે અનુભૂતિની વિભિન્ન કક્ષાઓના સ્વીકારમાં તે રસને મૂર્ધન્ય ગણે છે તે છતાં હકીકત તો રહે જ છે કે અન્ય ધ્વનિઓનો તેણે સ્વીકાર કર્યો છે, તે ધ્વનિવાદી જ છે અને ધ્વનિવાદી હોવા સાથે ભારતીય સૌન્દર્યશાસ્ત્રમાં તેના પ્રદાનનું મૂલ્ય ઓછું આંકી શકાય તેમ નથી.

આની સામે અભિનવ રસવાદી છે અને રસવાદી તરીકે તે ભારતીય સૌન્દર્યશાસ્ત્રને તેની પરાકાષ્ઠાએ લઈ ગયા છે તે પણ એક હકીકત છે. 'અભિનવભારતી'ના રચયિતા 'લોચન'માં પણ રસવાદી જ હોય તેમાં આશ્ચર્ય પણ નથી, કારણ, તે અન્ય ટીકાકારોની રીતે માત્ર 'લોચન' ટીકા રચતા નથી, ભારતીય દર્શનશાસ્ત્રમાં તેની મેધા અનોખી છે, તો ભારતીય સૌન્દર્યશાસ્ત્ર અને કાવ્યશાસ્ત્રમાં તે મૂર્ધન્ય વિદ્વાન છે. આથી આનંદના સમગ્ર ધ્વનિવાદ અને ધ્વનિપ્રકારોમાંથી તેણે રસને જુદો પાડ્યો અને તેને જ કાવ્યસર્વસ્વ તરીકે અપનાવીને તેની મીમાંસા તેણે કરી. આથી, કાવ્યના આસ્વાદમાં રસનો ચારુત્વાતિશય અને તેના અનુભવ અને આસ્વાદથી જન્મતો આનંદ કાવ્યાનંદોમાં મૂર્ધન્ય છે. આ સાથે ભલે મોટે ભાગે તુલનાત્મક રીતે રસની કક્ષાએ નહીં, છતાં વસ્તુધ્વનિ અને અલંકારધ્વનિ કાવ્યના ધ્વનિ છે જ, આવો મત આનંદનો છે. આની સામે અભિનવ માને છે કે, "ન હિ રસાદતે કશ્ચિદર્થઃ પ્રવર્તતે" એ વચનો અનુસાર કાવ્ય એ રસકાવ્ય જ છે, અને વસ્તુધ્વનિ તથા અલંકારધ્વનિ એ તેનાં જ ઉપકારક છે. બીજી રીતે કહીએ તો કોઈક પણ ભાવવિશેષ વિનાના વસ્તુધ્વનિ અને અલંકાર-ધ્વનિ કાવ્યાનુકૂલ હોય એ સંભવતું નથી. આની સામે આનંદનું પ્રતિપાદન એવું જણાય છે કે કાવ્યમાં કોઈક ભાવ તો હોય જ, છતાં વસ્તુધ્વનિ અને અલંકારધ્વનિમાં કાવ્યનું કાવ્યત્વ વિશેષતઃ ધ્વનિને આધીન છે છતાં રસવાદી અભિનવ તો 'લોચન'માં પણ કહે જ છે કે :

"આથી વાસ્તવમાં રસ એ જ (કાવ્યનો) આત્મા છે, જ્યારે વસ્તુધ્વનિ અને અલંકાર ધ્વનિ સર્વ રીતે રસ પ્રતિ ઉપકારક બની સાર્થક થાય છે. આથી તે વાચ્યની તુલનાએ ઉત્કૃષ્ટ છે, એ ખ્યાલ સાથે (આનંદે) સામાન્ય સ્વરૂપે એમ કહ્યું છે કે "ધ્વનિ કાવ્યનો આત્મા છે"[૯]

---

૯ તેન રસ એવ વસ્તુત આત્મા, વસ્ત્વલઙ્કારધ્વનિ તુ સર્વથા રસં પ્રતિ પર્યવસ્યેતે ઇતિ વાચ્યાદુત્કૃષ્ટૌ તાવિત્યભિપ્રાયેણ 'ધ્વનિઃ કાવ્યસ્યાત્મેઽતિ' સામાન્યેનોક્તમ્ ।

પાઠક જગન્નાથ, (સં.), 'ધ્વન્યાલોક', ચૌખમ્બા વિદ્યાભવન, વારાણસી, ૧૯૬૫, ૧-૫, ૫૨ની લોચન, પા. ૮૬.

"રસની ચર્વણારૂપ આત્માનું પ્રાધાન્ય બતાવતાં સર્વત્ર રસધ્વનિનું જ પ્રધાનભૂત આત્મત્વ છે, એવું દર્શાવે છે".[૧૦] અને "વળી એ રસાદિધ્વનિ વ્યવસ્થિત જ છે કારણ, તેનાથી રહિત કોઈ પણ કાવ્ય સંભવતું નથી. રસથકી જ સર્વ કાવ્ય જીવે છે, તો પણ તે એકઘન ચમત્કાર એ જ જેનો આત્મા છે તે રસ એ કોઈક રીતે અંશમાત્ર પણ (કાવ્યરચનાનો) પ્રયોજક બને ત્યારે કાવ્યનો ચમત્કાર અધિકાધિક હોય છે".[૧૧] અને "તેથી આમ સ્થિર પ્રતિપાદન થયું. રસો અભિવ્યંજિત થાય છે અને પ્રતીતિ માત્રથી રસમય બને છે. ત્યાં (તેની) અભિવ્યક્તિ પ્રધાન સ્વરૂપે હોય કે અન્યથા. પ્રધાન હોય ત્યારે તે રસધ્વનિ કહેવાય, એમ ન હોય ત્યારે રસાદિ અલંકારો."[૧૨]

અહીં અભિનવનું કહેવાનું એ થાય છે કે રસ એટલે કે રસધ્વનિ કાવ્યાત્મા છે, રસ (કે કોઈ ભાવવિશેષ) હોય ત્યાં જ કાવ્ય સંભવે, તેના વિનાનું કોઈ કાવ્ય હોઈ શકે નહીં. રસાદિથી જ કાવ્ય કાવ્ય તરીકે જીવે છે, તેનો ચમત્કાર સંભવે છે.

આના અનુસંધાનમાં આપણે એ પ્રશ્ન ચર્ચવાનો રહે છે કે નાટ્યરસ અને કાવ્યરસ બાબત આનંદ અને અભિનવ શો મત ધરાવે છે. અહીં એક બાબતની સ્પષ્ટતા પહેલેથી જ કરવી ઘટે કે નાટ્યરસ એ જ કાવ્યરસ અથવા કાવ્યરસ એ જ નાટ્યરસ એ બાબત આનંદના મનમાં કોઈ દ્વિધા નથી. નાટ્ય નાટ્ય છે, તે જ રીતે કાવ્ય છે, કાવ્યનું એક સ્વરૂપ છે તેથી નાટ્યરસ અને કાવ્યરસ આમ તો તેને મન એક જ છે, તેમની વચ્ચેના જુદાપણાની વિગતે ચર્ચા કરવી તેને જરૂરી લાગતી નથી. આથી આનંદ ત્રિવિધ ધ્વનિ પૈકી રસધ્વનિને શ્રેષ્ઠ તરીકે સ્વીકારીને ચાલે છે, ત્યારે તેનું પ્રવર્તન નાટ્ય તેમ જ કાવ્ય બંનેમાં હોય જ એ હકીકતનો તેણે સહજ સ્વીકાર કર્યો છે.

વળી પોતાના 'ધ્વન્યાલોક' ગ્રન્થના સિદ્ધાન્તોના પ્રેરણાદાતા તરીકે તે વ્યાસ–વાલ્મીકિ તથા કાલિદાસાદિને નિર્દેશે છે, ત્યારે વ્યાસ–વાલ્મીકિનાં મહાકાવ્યો ઉપરાંત કાલિદાસની નાટ્યકૃતિઓ તેમ જ કાવ્યકૃતિઓ, બંને તેને માટે પ્રમાણરૂપ છે. આથી સિદ્ધાન્તમીમાંસા પુષ્ટ કરવા માટે તેણે ઉદાહરણો નાટ્ય તેમ જ કાવ્યગ્રંથોમાંથી બંનેમાંથી આપ્યાં છે. વળી

---

૧૦ રસચર્વણાત્મનઃ પ્રાધાન્યં દર્શયન્ રસધ્વનેરેવ મુખ્યભૂતમાત્મત્વમિતિ દર્શયતિ ।

નાન્દી તપસ્વી, (સં.), 'ધ્વન્યાલોકલોચન', ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, ૧૯૭૩, ૧–૧, ૫૨, પૃ. ૪૨.

૧૧ સ ચ રસાદિધ્વનિર્વ્યવસ્થિત એવ, ન હિ તચ્છૂન્યં કાવ્યં કિઞ્ચિદસ્તિ । યદ્યપિ ચ રસેન સર્વં જીવતિ કાવ્યં તથાપિ તસ્ય રસસ્યૈકઘનચમત્કારાત્મનોઽપિ કુતશ્ચિદંશાત્પ્રયોજકીભૂતાદધિકોઽસૌ ચમત્કારો ભવતિ ।

પાઠક જગન્નાથ, (સં.), 'ધ્વન્યાલોક', ચૌખમ્બા વિદ્યાભવન, વારાણસી, ૧૯૬૫, ૨-૩, ૫૨ની લોચન, પા. ૧૮૪.

૧૨ તસ્માત્ સ્થિતમેતત્ અભિવ્યજ્યન્તે રસઃ પ્રતીત્યૈવ ચ રસ્યન્ત ઇતિ । તત્રાભિવ્યક્તિઃ પ્રધાનતયા ભવતુ અન્યથા વા ।

ઉપર મુજબ, ધ્વન્યાલોકલોચન, પા. ૪૩.

રસમીમાંસામાં તેણે ભરતને આદ્ય તરીકે સ્વીકારીને તેનો ઉલ્લેખ પણ કર્યો છે. આના પરથી એ સ્પષ્ટ સમજાય છે કે આનંદને મન કાવ્યરસ અને નાટ્યરસ બંને ખાસ જુદા નથી. વળી સ્વાભાવિક રીતે જ આનંદ નાટ્યરસની વિલક્ષણતાઓથી સુપરિચિત છે. તેથી જ તે ૩.૭ પરની વૃત્તિમાં એટલે સુધી કહે છે કે: "પરન્તુ અભિનયાર્થ રચનામાં તો હંમેશાં રસબન્ધનો જ પ્રયોગ કરવો."[૧૩]

૩.૬ પરની ઔચિત્યની ચર્ચામાં તેનું વિધાન છે કે: "નાટક વગેરેમાં તે અસમાસા જ હોય છે, રૌદ્ર, વીર વગેરેના વર્ણનમાં નહીં."[૧૪] વળી ૩.૧૪ની વૃત્તિમાં આનંદનું વિધાન છે: 'આથી જ તો ભરતમાં (નાટક)નો વિષય પ્રખ્યાત વસ્તુરૂપ હોવો જોઈએ અને નાયક પ્રખ્યાત તથા ઉદાત્ત હોવો જોઈએ (એવું) કરવું અનિવાર્ય છે, એવો નિર્દેશ કર્યો છે."[૧૫] વળી આગળ, જે નાટ્યરસમાં વર્જ્ય છે તે કાવ્યરસમાં પણ વર્જ્ય છે તે સમજાવતાં આનંદ કહે છે: "નાટક વગેરે અભિનેયાર્થ હોય છે અને તેમાં સંભોગ શૃંગારનું વર્ણન અસભ્ય બની રહે છે તેથી તે વર્જ્ય છે એમ કોઈ કહે તો અમે કહીએ છીએ કે 'ના'; કારણ કે આ રીતે આવા વિષયોનું નિરૂપણ અસભ્ય હોય તો કાવ્યમાં એ (અસભ્યતાને) કોણ નિવારી શકે છે?"[૧૬]

વળી આનંદનું આવું જ એક વિધાન છે કે: "ભરત વગેરેની નિશ્ચિત કરેલી મર્યાદાનું અનુસરણ કરતાં અને મહાકવિઓના પ્રબન્ધોનું પર્યાલોચન કરતાં અને પોતાની પ્રતિભાનું અનુસરણ કરતા કવિના ચિત્તને જાણીને વિભાવાદિના ઔચિત્યના ભ્રંશના ત્યાગ માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ."[૧૭]

વળી 'પ્રબન્ધમાં રસ'ની સમસ્યાની ચર્ચા કરતાં આનંદ નાટકાદિને પ્રબન્ધવિશેષ તરીકે ઓળખે છે અને કહે છે કે: "પ્રબન્ધવિશેષ એવા નાટક વગેરેની રસવ્યંજનાનું આ

---

૧૩ अभिनयार्थे तु सर्वथा रसबन्धेऽभिनिवेशः कार्यः ।

ઉપર મુજબ, 'ધ્વન્યાલોક', ૩.૭ પરની વૃત્તિ, પા. ૩૬૫.

૧૪ नाटकादावप्यसमासैव, न रौद्रवीरादिवर्णने ।

એજન, ૩.૯, પરની વૃત્તિ, પા. ૩૫૯.

૧૫ अत एव च भरते प्रख्यातवस्तुविषयत्वं प्रख्यातोदात्तनायकत्वं च नाटकस्यावश्यककर्तव्यतयोपन्यस्तम् । વગેરે

એજન, ૩.૧૪, પરની વૃત્તિ, પા. ૩૬૩.

૧૬ नाटकादेरभिनयार्थत्वादभिनयस्य च सम्भोगशृङ्गारविषयस्यासभ्यत्वात्तत्र परिहार इति चेत्, न; यद्यभिनयस्यैवंविधविषयस्यासभ्यता तत्काव्यस्यैवंविधविषयस्य सा केन निवार्यते?

એજન, ૩.૧૪, પરની વૃત્તિ, પા. ૩૬૪-૩૬૫.

૧૭ भरतादिविरचितां स्थितिं चानुवर्तमानेन महाकविप्रबन्धांश्च पर्यालोचयता स्वप्रतिभां चानुसरता कविनावहितचेतसा भूत्वा विभावाद्यौचित्यभ्रंशत्यागे परः प्रयत्नो विधेयः ।

એજન, ૩.૧૪, પરની વૃત્તિ, પા. ૩૬૫-૩૬૬.

એક વધુ નિમિત્ત સમજવું જોઈએ કે સામર્થ્ય હોવા છતાં પણ અલંકારો અનુરૂપ હોય તો જ સમવેત કરવા....''૧૮

આ મુખ્ય નિર્દેશો પરથી ફલિત થાય છે કે : (૧) રસ નાટ્યગત હોય ત્યારે, આનંદને મતે, નાટકાદિ મહાકવિઓ કે સમર્થ કવિઓનાં રચેલાં હોય ત્યાં, તે તેની તમામ વિલક્ષણતાઓ સાથે, અન્તે તો કાવ્યરસ જ છે. (૨) નાટકાદિ એ તો પ્રબન્ધવિશેષ છે, તેથી તેમાં અત્યન્ત ઉચ્ચકક્ષાની, સજીવ અને ચેતનામય રસનિષ્પત્તિની સંભાવના રહે છે. (૩) નાટકાદિ અભિનેયાર્થ હોય છે અને જેનો અભિનય ન થઈ શકે એવાં નાટકોની કલ્પના કાવ્યમીમાંસાના આચાર્યોએ માન્ય કરી નથી, તેથી રસબન્ધ પરત્વે કવિને પક્ષે પૂરી કાળજી અપેક્ષિત છે. (૪) ભરતના માનભર્યા ઉલ્લેખો આનંદે રસના સન્દર્ભે કર્યા છે, તે બતાવે છે કે તેને મતે રસસિદ્ધાન્તની ઉત્ક્રાન્તિમાં ભરતનું અને નાટ્યરસનું પ્રદાન મોટું છે, સમયની દૃષ્ટિએ પાયાનું છે. (૫) આનંદે એક સ્પષ્ટતા એવી પણ કરી છે કે જે નાટ્યરસમાં વર્જ્ય છે, તે કાવ્યરસમાં પણ વર્જ્ય છે. આનો અર્થ એવો પણ થાય કે આનંદ નાટકને કાવ્યસ્વરૂપ માને જ છે, તે છતાં, માત્ર કાવ્યસ્વરૂપ તરીકે તેના રસ અને રસનિરૂપણની છણાવટ તે કરતા. બંનેમાં સંભવતો રસ અને રસનિષ્પત્તિ વચ્ચેનો તાત્ત્વિક ભેદ તે બરાબર જાણે છે. (૬) આમ, આનંદ આડકતરો સ્વીકાર કરે છે કે નાટ્યરસની ભરતની અને તેના ભાષ્યકારોની મીમાંસા એ કાવ્યરસની મીમાંસાના મૂળમાં રહેલું એક પ્રેરણાબળ છે. આ છતાં, સહૃદય રસિકજનના રસાસ્વાદનો પ્રશ્ન આવે છે ત્યાં નાટ્યરસ અને કાવ્યરસ જુદા રહ્યા નથી, એક જ બની ગયા છે. રસાનુભૂતિની ઉત્કટતા તો બંનેમાં સમાન કક્ષાની જમે એ એની અપેક્ષા છે. આમ થાય તે માટે કવિને પક્ષે તથા વાચકને પક્ષે જે પ્રયાસ અને તેનો ભેદ જોવા મળે છે તેની પાર રસને ઉતારીને કવિ નાટ્યરસ અને કાવ્યરસની એકરૂપતા સિદ્ધ કરે છે. (૭) દેખીતી રીતે જ આનંદની દૃષ્ટિએ, રસનિષ્પત્તિ અને રસાસ્વાદનનો વિચાર કરતાં કાવ્યસ્વરૂપ અને તેના કાવ્યત્વ જેટલું જ અથવા તેનાથી વધારે મહત્ત્વ તેના વાચન પાછળના કે રંગભૂમિ પરના અભિનયના દર્શન પાછળના વાચક-હૃદયના પ્રતિભાવનું છે. કાવ્યભાવના સર્વથા સ્વાભાવિક પ્રત્યાયન સાથે, એક નિશ્ચિત વ્યવસ્થામાં રસાનુભૂતિ, સમસંવેદન, સાધારણીકરણ વગેરેને માર્ગે એક વિલક્ષણ અનુભૂતિ અને મનોભૂમિકામાં સહૃદય રાસિકજનને મૂકી દે છે. એક સ્વવિસ્મરણની અને સંપૂર્ણ એકાગ્રતાની એવી સ્થિતિમાં તે આવે છે, જ્યારે આપણે કહીએ કે તેના હૃદયમાં રસનિષ્પત્તિ જમે છે. આ જ છે રસ કે રસાનુભૂતિ. (૮) આ વિલક્ષણ, અલૌકિક રસાનુભૂતિ એ સૌનો અધિકાર નથી, સૌ આવો રસાસ્વાદ માણી શકતા નથી. આને માટે કઈ અને કેવી સહૃદયતા જોઈએ એ બાબત આનંદ સ્પષ્ટ કહે છે કે :

'આ સહૃદયત્વ એટલે શું ?.....પરન્તુ બીજો પક્ષ એવો છે કે જે 'રસજ્ઞતા એ જ

---

૧૮ प्रबन्धविषयस्य नाटकादे रसव्यक्तिनिमित्तमिदं चापरमवगन्तव्यं यदलङ्कृतीनां शक्तावप्यानुरूप्येण योजनम् । शक्तौ हि कविः कदाचिदलङ्कारनिबन्धने तदाक्षिप्ततयैवानपेक्षित-रसबन्धः प्रबन्धमारभते तदुपदेशार्थमिदमुक्तम् ।

એજન, ૩.૧૪, ૫૨ની વૃત્તિ, પા. ૩૭૩-૩૭૫.

સહૃદયત્વ' એવો અર્થ કરે છે આવા સહૃદયો વડે સંવેદ્ય રસાદિના સમર્પણ (અર્થાત્ રસાભિવ્યક્તિ)નું નૈસર્ગિક સામર્થ્ય એ જ શબ્દોની વિશેષતા છે, તેથી મુખ્યતયા વ્યંજકત્વનું આશ્રિત જ શબ્દોનું ચારુત્વ (નિયત થાય છે.)'[૧૯] અને આપણે આગળ જોયું છે તેમ આ અભિનવ પણ સહૃદયની તેની અમર વ્યાખ્યામાં કહે છે કે: 'જેમના કાવ્યના અનુશીલન અને અભ્યાસને યોગે મન રૂપી મુકુર સ્વસ્થ થયું છે, તેમને વર્ણ્ય વિષયમાં તન્મય થવાની ક્ષમતા પ્રાપ્ત થાય છે તેવા (રસિક જનો) સહૃદય કહેવાય'[૨૦]

અહીં પ્રતીત થાય છે કે નાટ્યરસ અને કાવ્યરસનો અભેદ અનુભવી તેને સમરસ તરીકે અનુભવતો સહૃદય રસિકજન અભિનવ તેમ જ આનન્દને માટે એક જ છે. (૯) આથી અભિનવ 'ભારતી'માં અને 'લોચન'માં જુદે જુદે સ્થળે જે વિધાનો કરે છે તેમાંનાં થોડાં આપણે જોઈ એ.

'જો કે નાટ્યથી અન્યત્ર (કાવ્યમાં) રસ નથી એમ કહેવાય છે.'[૨૧] અને 'પ્રીતિ એ જ જેનો આત્મા છે તે રસ, તે જ નાટ્ય, નાટ્ય એ જ વેદ, એવું અમારા ઉપાધ્યાય (ભટ્ટ તૌત)નું વિધાન છે[૨૨] અને 'અથવા તો એમ કહીએ કે નાટ્ય એ જ રસ, કારણ રસસમુદાય એ જ નાટ્ય. અને રસ નાટ્યમાં જ હોય છે અને કાવ્યમાં પણ નાટ્યમાં નિષ્પન્ન થતો એવો રસ (વિલસે છે)'.[૨૩]

અભિનવ આવાં વિધાનો કરે છે ત્યારે તે 'નાટ્ય' શબ્દનો ઘણો વ્યાપક અર્થ સ્વીકારે છે, જેમાં અન્તે તો નાટ્ય અને કાવ્ય બંને લગભગ એકરૂપ બની જાય છે. નાટ્ય એ અનિવાર્યપણે કાવ્ય છે જ અને તેથી તેમાં જે પ્રભાવોત્પાદક, ઉત્કટ રસનિષ્પત્તિ અને રસાસ્વાદ સંભવે છે તે જ કાવ્યમાં પણ સંભવે છે અને કાવ્યના રસનો આસ્વાદ નાટ્યના રસ જેટલો જ પ્રભાવોત્પાદક હોઈ શકે છે. આના પ્રમાણ તરીકે અભિનવે ટાંકેલું તેના ઉપાધ્યાય ભટ્ટ તૌતનું જ વિધાન આપણે લઈ શકીએ:

---

૧૯ किमिदं सहृदयत्वं नाम ?.....द्वितीयस्मिंस्तु पक्षे रसज्ञतैव संहृदयत्वमिति । तथाविधैः सहृदयैः संवेद्यो रसादिसमर्पणसामर्थ्यमेव नैसर्गिकं शब्दानां विशेष इति व्यञ्जकत्वाश्रय एव तेषां मुख्यं चारुत्वम् ।

એજન, પૃ. ૩.૧૬, ૫૨ની વૃત્તિમાં, પૃ. ૩૯૪.

૨૦ येषां काव्यानुशीलनाभ्यासवशाद्विशदीभूते मनोमुकुरे वर्णनीयतन्मयीभवनयोग्यता, ते सहृदयसंवादभाजः सहृदयाः ।

એજન, પૃ. ૪૦, ૫૨ની લોચનવૃત્તિ.

૨૧ यद्यपि नाट्यान्नान्यत्र रस इति वक्ष्यते ।

નાટ્યશાસ્ત્ર ૧, ગાયકવાડ ઓરિએન્ટલ સિરીઝ, વડોદરા, પૃ. ૧૭.

૨૨ प्रीत्यात्मा च रसः तदेव नाट्यं, नाट्यमेव वेद इति अस्मदुपाध्यायः ।

એજન, પૃ. ૧૫.

૨૩ यदि वा नाट्यमेव रसः रससमुदायो हि नाट्यम् । नाट्य एव च रसः काव्येऽपि नाट्यायमान एव रसः ।

એજન, પા. ૨૯૦

"જેમ કે 'કાવ્યકૌતુક'માં (અમારા ઉપાધ્યાય ભટ્ટ તૌતનું જ) વિધાન છે કે "પ્રયોગત્વને ન પામેલા કાવ્યમાં રસાસ્વાદનો સંભવ નથી." તો અમારું કહેવાનું છે કે કાવ્યમાં નિરૂપાતાં વર્ણનો, કળીઓનું ખીલવું ભોગ વગેરે પ્રૌઢ એવી કાવ્યોક્તિથી ઉચિત રૂપે અર્પિત થાય તો ઉદ્યાન, કાન્તા, ચન્દ્રોદય વગેરેથી જાગતા ભાવો પ્રત્યક્ષ હોય તેવા સ્ફુટ હોય છે."[૨૪]

(૧૦) આનાથી પણ આગળ વધીને એમ પણ કહી શકાય કે આનંદ જેમ ઘણી યે વખત રસધ્વનિ, રસ અને ધ્વનિ એ શબ્દોને સમાનાર્થક તરીકે પ્રયોજે છે, તે જ રીતે નાટ્ય માટે અભિનવે કાવ્ય શબ્દ પ્રયોજ્યો છે અને "કારણ કે, રસ સિવાય (કાવ્યગત) કોઈ પણ અર્થ પ્રવર્તતો નથી."[૨૫] એવી સ્પષ્ટતા કરવામાં આવી છે ત્યારે ખરેખર તો નાટ્ય, કાવ્ય અને રસ એ શબ્દો આનંદ તેમ જ અભિનવને મતે સમાનાર્થ છે. મહિમ ભટ્ટ કાવ્યના પ્રયોગ માત્રને નાટ્ય કહે છે એ રીતે નાટ્યની તુલનાએ કાવ્યનું વિશેષ ગૌરવ કરે છે તે આનંદ તથા અભિનવને અભિમત નથી.[૨૬]

(૧૧) આમ, આનંદને મતે કાવ્ય, રસ, ચારુત્વ અને આનંદ એ શબ્દોના અર્થો અત્યંત નિકટવર્તી, લગભગ પર્યાયવાચી બની રહે છે, તે જ રીતે અભિનવને મતે નાટ્ય, કાવ્ય, રસ, ચારુત્વ અને આનંદ એ શબ્દો અત્યંત નિકટવર્તી, લગભગ પર્યાયવાચી બની રહે છે.

આમ, ભરતથી શરુ કરી આનંદ અને અભિનવ સુધી આવતાં નાટ્યરસ અને કાવ્યરસ વચ્ચે અવિનાભાવ સંબંધ સ્થાપિત થઈ ચૂક્યો છે, અથવા તેમની વચ્ચે એકરૂપતા સ્થપાઈ ચૂકી છે એમ કહીએ, તો તે સર્વથા યોગ્ય જ ગણાશે. રસના રસત્વનો મૂળ આધાર એ તો સહૃદય રસિકજનનો રસાનુભવ જ છે, એ વાત સ્વીકારાયા પછી વિશાળ અને વ્યાપક રીતે નાટ્યરસ અને કાવ્યરસ એટલે રસ, ચારુત્વાનુભૂતિ, આનંદાનુભૂતિ અને આમ અન્તે રસાસ્વાદ એટલે સૌંદર્યાસ્વાદ અને તજ્જનિત આનંદની ધન્ય અનુભૂતિ એ ચિન્તનની ઉત્ક્રાન્તિ પણ અહીં જોવા મળે છે.

---

૨૪ यदाहुः काव्यकौतुके–"प्रयोगत्वमनापन्ने काव्ये नास्वादसम्भवः इति ।"
"वर्णनोत्कलिता भोग–प्रौढोक्त्या सम्यगर्पिताः ।
उद्यानकान्ताचन्द्रोदया–भावा प्रत्यक्षवत्स्फुटाः ॥"
એજન, પા. ૨૯૧.

૨૫ नहि रसादृते कश्चिदर्थः प्रवर्तते ।
નાટ્યશાસ્ત્ર ૬, ગાયકવાડ ઓરીએન્ટલ સીરીઝ, પા. ૨૭૨.

૨૬ જુઓ, ઉપર ૨૪ મુજબ.

અશ્વઘોષના બુદ્ધચરિતમાં રસનિરૂપણ

વિજયકુમાર એલ. પંડિત*

લગભગ ઈ. સ.ની પ્રથમ સદીની શરૂઆતમાં થઈ ગયેલા અશ્વઘોષે બુદ્ધચરિત અને સૌન્દરનન્દ નામનાં બે મહાકાવ્યોની રચના કરી છે. બુદ્ધચરિતમાં ભગવાન બુદ્ધના જીવન-ચરિત્રનું વિગતવાર નિરૂપણ કરવામાં આવ્યું છે. તેમાં બૌદ્ધધર્મના દાર્શનિક સિદ્ધાંતો પણ વર્ણવાયા છે. અશ્વઘોષનાં બન્ને કાવ્યો રસાત્મકતાથી પરિપૂર્ણ છે. અશ્વઘોષે બૌદ્ધધર્મના પ્રચાર માટે કાવ્યોની રચના કરી છે. તેનાં કાવ્યોનો મુખ્ય રસ શાંત છે. મુખ્ય રસ કાવ્યનાં વસ્તુ, પાત્રો અને કાવ્યના ઉદ્દેશમાંથી ઉદ્ભવે છે. અશ્વઘોષ રસને સાધ્ય નહિ પણ સાધન માને છે. તેનાં બન્ને કાવ્યોમાં ભગવાન બુદ્ધના પાત્રનું આધિપત્ય દર્શાવ્યું છે. અશ્વઘોષ શૃંગાર, વીર, કરુણ, બીભત્સ, અદ્‌ભુત વગેરે રસોને ગૌણ રસો તરીકે પ્રયોજે છે. આ ગૌણ રસો મુખ્ય રસને સહાયક બને છે. અશ્વઘોષ મહાભારતના શાંત રસથી પ્રભાવિત થયા હોય તેમ જણાય છે. અન્ય રસોના નિરૂપણની બાબતમાં પણ અશ્વઘોષ ઉપર વાલ્મીકિ અને વ્યાસની અસર પ્રવર્તતી જોવા મળે છે. અશ્વઘોષ મુખ્યત્વે શૃંગાર, કરુણ અને શાંત રસનો પ્રયોગ કરે છે.

અહીં આપણે અશ્વઘોષના બુદ્ધચરિતમાં થયેલા રસનિરૂપણની ચર્ચા કરીશું. બુદ્ધચરિતનો મુખ્ય રસ શાંત છે. તેમાં શૃંગાર, વીર, કરુણ, બીભત્સ, ભયાનક, અદ્‌ભુત વગેરે ગૌણ રસો છે. આ દરેક રસ વિષે વિગતે જોઈએ.

(૧) શૃંગારરસ : શૃંગારરસનો સ્થાયીભાવ રતિ છે અને તેના વિપ્રલંભ તથા સંભોગ એવા બે પ્રકારો છે.[૧] વિપ્રલંભ શૃંગારમાં નાયક અને નાયિકાનો વિયોગ દર્શાવવામાં આવે છે. સંભોગ શૃંગારમાં નાયક અને નાયિકાનું મિલન થતું બતાવવામાં આવે છે. બુદ્ધ-ચરિતના ચોથા સર્ગમાં કુમાર ગૌતમને લલચાવવા માટે વારાંગનાઓ પ્રયાસ કરે છે તેમાં શૃંગાર-રસનું નિરૂપણ છે. ખભામાંથી શિથિલ અને કોમળ, લાંબા તથા મૃદુ હાથોવાળી એક યુવતી પડી જવાના બહાને કુમારને વળગી પડી :

स्रस्तांसकोमलालम्बमृदुबाहुलताबला ।
अनृतं स्खलितं काचित्कृत्वैनं सस्वजे बलात् ॥ (સર્ગ–૪.૩૦)

'સ્વાધ્યાય', પુ. ૨૫, અંક ૧–૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૮૭-જાન્યુઆરી ૧૯૮૮, પૃ. ૧૩–૧૮.

* આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ.

૧ स्थायिभावो रतिः श्यामवर्णोऽयं विष्णुदैवतः ।
विप्रलम्भोऽथ संभोग इत्येष द्विविधो मतः ॥
विश्वनाथ : साहित्यदर्पण : संपादक : डॉ. सत्यव्रत सिंह, प्रकाशक : चौखम्बा विद्याभवन, वाराणसी, १९६३, किंमत : रु. १८६.

કમળના જેવી આંખોવાળી એક સ્ત્રી કમળના વનમાંથી કમળ લઈને આવી અને કમળના જેવા મુખવાળા રાજકુમારની પાસે કમળની શોભાની જેમ ઊભી રહી :

काचित्पद्मवनादेत्य सपद्मा पद्मलोचना ।
पद्मवक्त्रस्य पार्श्वेऽस्य पद्मश्रीरिव तस्थुषी ॥

લગ્ન પછી ગૌતમના યશોધરા સાથેના મિલનના વર્ણનમાં સંભોગ શૃંગારનું નિરૂપણ છે :

विद्योतमानो वपुषा परेण सनत्कुमारप्रतिमः कुमारः ।
सार्धं तथा शाक्यनरेन्द्रवध्वा शच्या सहस्राक्ष इवाभिरेमे ॥ (સર્ગ–૨.૨૬)

છંદક દ્વારા ગૌતમના ગૃહત્યાગના સમાચાર જાણી યશોધરા વિલાપ કરે છે તેમાં વિપ્રલંભ શૃંગારનું નિરૂપણ છે. યશોધરા કહે છે. 'હે છન્દક ! રાત્રે વિવશ સૂતેલી મને છોડીને મારો મનોરથ એવા તે ક્યાં ગયા ? એકી સાથે ગયેલા ત્રણમાંથી બે–તમે અને કંથક પાછા ફરતાં મારું મન કંપી રહ્યું છે' :

निशि प्रसुप्तामवशां विहाय मां गतः क्व सच्छन्दक मन्मनोरथः ।
उपागते च त्वयि कन्थके च मे समं गतेषु त्रिषु कम्पते मनः ॥ (સર્ગ–૮.૩૨)

રાજા શુદ્ધોદન રાણી માયા સાથે વિલાસસુખ ભોગવે છે, તેના વર્ણનમાં સંભોગ શૃંગારનું નિરૂપણ છે :

(સર્ગ–૧.૩)

બુદ્ધચરિતના ત્રીજા સર્ગમાં વૃદ્ધ, રોગી અને મડદાના દૃશ્યને જોઈને કુમાર સર્વાર્થસિદ્ધના મનમાં સંવેગ ઉત્પન્ન થાય છે તેમાં સંભોગાભાસ શૃંગારનું નિરૂપણ છે. આઠમા સર્ગમાં કુમાર સર્વાર્થસિદ્ધ માટે યશોધરા વિલાપ કરે છે તેમાં વિપ્રલંભાભાસ શૃંગારનું નિરૂપણ છે.

(૨) વીરરસ : વીરરસનો સ્થાયીભાવ ઉત્સાહ છે. તેનો આશ્રય ઉત્તમ પ્રકૃતિની વ્યક્તિ છે. તેનો વર્ણ સુવર્ણ વર્ણનો છે અને તેનો દેવતા મહેન્દ્ર છે.[૨] બુદ્ધચરિતના તેરમા સર્ગમાં સર્વાર્થસિદ્ધના માર સાથેના યુદ્ધના વર્ણનમાં વીરરસનું નિરૂપણ છે. માર યુદ્ધભૂમિમાં રહેલા એક વીર પુરુષની જેમ સર્વાર્થસિદ્ધને લલકારે છે.

" મૃત્યુથી ડરનાર હે ક્ષત્રિય, ઊભો થા. તારા ધર્મનું આચરણ કર અને મોક્ષને ત્યજી દે. બાણો અને યજ્ઞોથી સંસારને જીતી આ લોકમાં ઇન્દ્રનું પદ પ્રાપ્ત કર " :

उत्तिष्ठ भोः क्षत्रिय मृत्युभीत चर स्वधर्मं त्यज मोक्षधर्मम् ।
वाणैश्च यज्ञैश्च विनीय लोकं लोकात्पदं प्राप्नुहि वासवस्य ॥ (સર્ગ–૧૩.૯)

બુદ્ધચરિતના ૨૮મા સર્ગમાં ધાતુના રક્ષણ માટે મલ્લો પોતાના પર આક્રમણ લઈને આવેલા રાજાઓ સાથે યુદ્ધ કરવા તત્પર બને છે તેમાં વીરરસનું નિરૂપણ છે.

---

૨ उत्तमप्रकृतिर्वीर उत्साहस्थायिभावकः ।
महेन्द्रदैवतो हेमवर्णोऽयं समुदाहृतः ॥ એજન, ૩.૨૩૨.

(૩) કરુણરસ : ઈષ્ટ વ્યક્તિના મૃત્યુ અને અનિષ્ટની પ્રાપ્તિથી કરુણરસ સંભવે છે. તેનો સ્થાયીભાવ શોક છે. તેનું આલંબન મૃત્યુ પામેલ વ્યક્તિ છે. તેના ઉદ્દીપનમાં દાહકર્મ વગેરેની ગણના થાય છે.[૩] બુદ્ધચરિતના આઠમા સર્ગમાં પાછા ફરેલા છંદકની સાથે કુમારને જોતાં અંતઃપુરની સ્ત્રીઓ વિલાપ કરે છે, તેમાં કરુણરસનું નિરૂપણ છે. છંદક અને કંથકને કુમાર વિના આવેલા જોઈ ને તે ઉત્તમ સ્ત્રીઓ આંખમાં અશ્રુ સાથે રુદન કરે છે :

निरीक्ष्य ता बाष्पपरीतलोचना निराश्रयं छन्दकमश्वमेव च ।
विषण्णवक्त्रा रुरुदुर्वराङ्गना वनान्तरे गाव इवर्षभोज्झिताः ॥ (સર્ગ–૮.૨૩)

આઠમા સર્ગમાં ગૌતમના વિયોગમાં દુઃખી નગરવાસીઓ, તેનાં માતાપિતા અને યશોધરા વગેરેનો વિલાપ વાતાવરણને કરુણ બનાવે છે. ગોતમીનો વિલાપ અંતઃપુરને વિષાદમગ્ન બનાવે છે :

इमं प्रलापं करुणं निशम्य ता भुजैः परिष्वज्य परस्परं स्त्रियः ।
विलोचनेभ्यः सलिलानि तत्यजुर्मधूनि पुष्पेभ्य इवेरिता लताः ॥ (સર્ગ–૮.૫૯)

"તે સ્ત્રીઓ આ આર્તનાદ સાંભળીને હાથોથી એકબીજીને વળગીને આંખોમાંથી અશ્રુપાત કરવા લાગી."

રાજા શુદ્ધોદનના વિલાપમાં પણ કરુણરસનું નિરૂપણ છે :

ततो मुहूर्तं सुतशोकमोहितो जनेन तुल्याभिजनेन धारितः ।
निरीक्ष्य दृष्ट्या जलपूर्णया हयं महीतलस्थो विललाप पार्थिवः ॥ (સર્ગ–૮ ૭૪)

"પછી પુત્રના શોકમાં રાજા કેટલીક ક્ષણો સુધી બેહોશ થઈ ગયો ત્યારે પરિવારના યોગ્ય લોકોએ તેને પકડ્યો. ભાનમાં આવતાં જમીન પર પડ્યા રહીને જ અશ્રુપૂર્ણ દૃષ્ટિથી ઘોડાને જોતો તે રાજા વિલાપ કરવા લાગ્યો".

બુદ્ધના મહાપરિનિર્વાણ પછી તેના અનુયાયીઓ અને મલ્લો જે શોક વ્યક્ત કરે છે તેમાં કરુણરસનું નિરૂપણ છે. તેમના શોકનું વર્ણન કરતાં કવિ કહે છે–"આ રીતે કેટલાક રડવા લાગ્યા, કેટલાક અત્યંત વિલાપ કરવા લાગ્યા, કેટલાકે જ્ઞાનથી ધૈર્યને ટકાવી રાખ્યું તો બીજા મૌન ઊભા રહ્યા."

(સર્ગ–૨૭.૫૯)

(૪) બીભત્સરસ : બીભત્સરસનો સ્થાયીભાવ જુગુપ્સા છે. તેનો વર્ણ નીલ છે અને તેનો દેવતા મહાકાલ છે.[૪] બુદ્ધચરિતના પાંચમા સર્ગમાં નિદ્રાધીન સ્ત્રીઓના વર્ણનમાં બીભત્સરસનું નિરૂપણ છે. આવું એક વર્ણન જોઈએ :

---

૩ शोकोऽत्र स्थायिभावः स्याच्छोच्यमालम्बनं मतम् ।
तस्य दाहिकावस्था भवेदुद्दीपनं पुनः ॥ એજન, ૩.૨૨૩.

૪ जुगुप्सास्थायिभावस्तु बीभत्सः कथ्यते रसः । એજન, ૩.૨૩૬.
नीलवर्णो महाकालदैवतोऽयमुदाहृतः ॥

विवृतास्यपुटा विवृद्धगात्री प्रपतद्वक्त्रजला प्रकाशगुह्या ।
अपरा मदघूर्णितेव शिश्ये न बभासे विकृतं वपुः पुपोष ॥ (સર્ગ–૫.૬૧)

"ઉઘાડા હોઠવાળી, લાંબાં તાણેલાં અંગવાળી, મુખમાંથી ઝરતી લાળવાળી, ઉઘાડાં થઈ ગયેલાં ગુપ્ત અંગોવાળી બીજી એક સ્ત્રી મદિરાપાનથી ઉન્મત બની હોય તેમ સૂતી હતી, તે શોભતી ન હતી (ફક્ત) બેડોળ દેહને પુષ્ટ આપતી હતી."

બુદ્ધચરિતના તેરમા સર્ગમાં મારના સૈન્યનું અને તેના પહેરવેશ વગેરેનું જે વર્ણન કર્યું છે તેમાં બીભત્સરસનું નિરૂપણ છે. જેમ કે :

अजानुसक्था घटजानवश्च दंष्ट्रायुधाश्चैव नखायुधाश्च ।
करंकवक्त्रा बहुमूर्तयश्च भग्नार्धवक्त्राश्च महामुखाश्च ॥ (સર્ગ–૧૩.૨૦)

"ઘૂંટણ વગરના, જાંઘ વગરના, ધડા જેવી જાંઘવાળા, તીક્ષ્ણ દાંતવાળા, તીક્ષ્ણ નખવાળા, હાડપિંજર જેવા મુખવાળા, વિભિન્ન રૂપવાળા અને અર્ધા કપાયેલ મુખવાળા તથા વિકરાળ મુખવાળા હતા."

(૫) ભયાનકરસ : ભયાનક રસનો સ્થાયીભાવ 'ભય' છે. તેનો વર્ણ કૃષ્ણ છે અને તેનો દેવતા કાલ છે. કાવ્ય–કોવિદોએ સ્ત્રી અથવા નીચ પ્રકૃતિના લોકોને તેનાં આશ્રયસ્થાનો માન્યાં છે.[૫] બુદ્ધચરિતના તેરમા સર્ગમાં મારનું સૈન્ય, તેમનો પહેરવેશ અને શસ્ત્રો વગેરેના વર્ણનમાં ભયાનકરસનું નિરૂપણ છે. આવું એક વર્ણન જોઈએ :

केचिच्चलन्नैकविलम्बिजिह्वास्तीक्ष्णाग्रदंष्ट्रा हरिमण्डलाक्षाः ।
विदारितास्याः स्थिरशंकुकर्णाः संत्रासयन्तः किल नाम तस्थुः ॥ (સર્ગ–૧૩.૩૫)

"લપલપાવતી અને લાંબી અનેક જીભવાળાં, તીક્ષ્ણ દાંતવાળા, સૂર્યમંડળ જેવી મોટી આંખોવાળાં, વજ્ર જેવા દૃઢ કાનવાળાં કેટલાંક ભૂતો મોં ફાડીને તેને ડરાવતાં ત્યાં ઊભાં રહી ગયાં."

(૬) અદ્‌ભુતરસ : અદ્‌ભુતરસનો સ્થાયીભાવ વિસ્મય છે અને તેનો દેવતા ગંધર્વ છે.[૬] બુદ્ધચરિતના ત્રીજા સર્ગમાં વૃદ્ધ, રોગી અને મડદાના દૃશ્યમાં અદ્‌ભુતરસનું નિરૂપણ છે. નીચેના શ્લોકમાં અદ્‌ભુતરસ છે :

ततस्तथा गच्छति राजपुत्रे तैरेव देवैर्विहितो गतासुः ।
तं चैव मार्गे मृतमुह्यमानं सूतः कुमारश्च ददर्श नान्यः ॥ (સર્ગ–૩.૫૪)

---

૫ भयानको भयस्थायिभावो भूताधिदैवतः ।
स्त्रीनीचप्रकृतिः कृष्णो मतस्तत्त्वविशारदैः ॥ એજન, ૩.૨૩૫.

૬ अद्‌भुतो विस्मयस्थायिभावो गंधर्वदैवतः ॥ એજન, ૩.૨૪૨.

" પછી રાજકુમાર તે પ્રમાણે જતો હતો ત્યારે તે જ દેવોએ એક મરેલા માણસને ઉત્પન્ન કર્યો અને માર્ગમાં લઈ જવાતા તેને સારથિ અને રાજકુમાર જ જોતા હતા, બીજું કોઈ નહિ. " પાંચમાં સર્ગમાં એકનિષ્ઠ નામના દેવો સ્ત્રીઓના સમુદાયને નિદ્રાવશ બનાવી તેમનાં અંગોની ચેષ્ટાઓને વિકૃત કરી નાંખે છે, તેમાં અદ્‌ભુતરસનું નિરૂપણ છે. કુમાર સર્વાર્થસિદ્ધ એકાંતમાં પણ પોતાને રક્ષણવાળો માની ગૃહત્યાગની પ્રેરણા મેળવે છે તેમાં પણ અદ્‌ભુતરસનાં દર્શન થાય છે. મહેલનાં બારણાં આપોઆપ ખૂલી જાય છે તેમાં પણ અદ્‌ભુતરસ છે :

ह्रियमेव च संनतिं च हित्वा शयिता मत्प्रमुखे यथा युवत्यः ।
विवृते च यथा स्वयं कपाटे नियतं यातुमतो ममाद्यः कालः ॥ (સર્ગ–૫.૭૦)

બીજાથી પ્રેરાતો હોય તેમ છંદક સ્વામી માટે ઘોડો લઈ આવે છે તેમાં અદ્‌ભુતરસ છે. હાથીઓથી પણ સહેલાઈથી ન ઉઘડી શકે તેવા નગરના દરવાજા અવાજ કર્યા વિના જાતે જ ઉઘડી જાય છે તેમાં અદ્‌ભુતરસનું નિરૂપણ છે. દેવતાઓ કુમારના ક્ષુબ્ધસવાળા માર્ગમાં ચંદ્રનાં કિરણો જેવો પ્રકાશ ફેંકે છે તેમાં અદ્‌ભુતરસ છે. ચૌદમા સર્ગમાં સર્વાર્થસિદ્ધને બુદ્ધત્વની પ્રાપ્તિ થતાં દિશાઓ પ્રકાશિત થાય છે, આકાશમાં નગારાં વાગે છે, વાદળ વિના વર્ષા થાય છે, સ્વર્ગમાંથી સુવર્ણ તથા માણેક અને મંદાર (સ્વર્ગીય પુષ્પ) વગેરેની વૃષ્ટિ થાય છે. આ વર્ણનમાં અદ્‌ભુતરસ છે. દિશાઓના દેવતાઓ બુદ્ધને ભિક્ષાપાત્રો આપે છે. બુદ્ધ તે બધાં પાત્રોનું એક પાત્રમાં રૂપાંતર કરે છે તેમાં અદ્‌ભુતરસ છે. ઓગણીસમા સર્ગમાં બુદ્ધ તેમના પિતા આગળ જે ચમત્કારો બતાવે છે તેમાં પણ અદ્‌ભુતરસનું નિરૂપણ છે.

(૭) શાંતરસ : શાંતરસનો સ્થાયીભાવ શમ છે અને તેનું આશ્રયસ્થાન ઉત્તમ પ્રકૃતિની વ્યક્તિ છે.[૭] અશ્વઘોષ પોતે જ તેમની કૃતિનું લક્ષ્ય શાંતિપ્રદાન દર્શાવે છે.[૮] અશ્વઘોષ ધર્મોપદેશ માટે કાવ્યરચના કરતો હોવાથી કાવ્યમાં શાંતરસનો પ્રયોગ કરવો એ તેના માટે ઇષ્ટ છે. અન્ય રસો તેણે કાવ્યતત્ત્વના નિર્વાહ માટે પ્રયોજ્યા છે. અશ્વઘોષે આશ્રમોના વર્ણનમાં, પ્રકૃતિના શાંત સ્વરૂપના વર્ણનમાં અને ધર્મતત્ત્વના કથનમાં શાંતરસનો પ્રયોગ કર્યો છે. બુદ્ધચરિતના સાતમા સર્ગમાં તપોવનના વર્ણનમાં શાંતરસનું નિરૂપણ થયેલું જોવા મળે છે. નીચેના શ્લોકમાં શાંતરસનું નિરૂપણ છે :

अश्रमप्रयत्नार्जितवृत्तयोऽन्ये केचित्स्वदन्तापहतान्नभक्षाः ।
कृत्वा परार्थं श्रपणं तथान्ये कुर्वन्ति कार्यं यदि शेषमस्ति ॥ (સર્ગ–૭.૧૬)

---

૭ शान्तः शमस्थायिभाव उत्तमप्रकृतिर्मतः । એજન, ૩.૨૪૫.

૮ इत्येषा व्युपशान्तये न रतये मोक्षार्थगर्भा कृतिः
श्रोतॄणां ग्रहणार्थमन्यमनसां काव्योपचारात्कृता ।
यन्मोक्षात्कृतमन्यदत्र हि मया तत्काव्यधर्मात्कृतं
पातुं तिक्तमिवौषधं मधुयुतं हृद्यं कथं स्यादिति ॥
અશ્વઘોષ : સૌન્દરનન્દ, સર્ગ–૧૮.૬૩.
E. H. Johnston. Motilal Banarsidass, Delhi, 1975.

"કેટલાક બીજા પત્થરથી વાટીને અને પીસીને ખાય છે, કેટલાક પોતાના દાંતોથી છોલેલું અન્ન ખાય છે. બીજા કેટલાક બીજા (અતિથિ)ઓ માટે રાંધીને જો બાકી રહે તો તેનાથી જ પોતાનો નિર્વાહ ચલાવે છે." બુદ્ધચરિતના ચૌદમા સર્ગમાં સર્વાર્થસિદ્ધને બુદ્ધત્વની પ્રાપ્તિ થાય છે તે પ્રસંગના વર્ણનમાં શાંતરસનું નિરૂપણ છે. જેમ કે, "તે સમયે કોઈ ક્રોધાયમાન ન હતો. કોઈ રોગી કે પાપી ન હતું. જાણે અત્યંત પૂર્ણતા પ્રાપ્ત કરી હોય તેમ શાંત બનીને જગતે શોભા પ્રાપ્ત કરી." આ કાવ્યમાં બૌદ્ધધર્મના સિદ્ધાંતો વર્ણવ્યા છે તેમાં પણ શાંતરસનું નિરૂપણ છે. આ કાવ્ય વાચકને નિર્વાણ તરફ લઈ જતું હોવાથી તેમાં શાંતરસનું આધિપત્ય છે. અશ્વઘોષ મહાભારતના શાંતરસથી ખૂબ જ પ્રભાવિત છે. બુદ્ધચરિતનો મુખ્ય રસ શાંતરસ છે.

બુદ્ધચરિતમાં રૌદ્ર અને હાસ્યરસ જોવા મળતા નથી.

સંદર્ભગ્રંથસૂચિ

સંસ્કૃત :

૧ અશ્વઘોષ : The Buddhacarita : Part I & II, E. H. Johnston, Motilal Banarsidass, Delhi, New Enlarged Edition, 1984.

૨ અશ્વઘોષ : 'The Saundernanda of Aśvaghoṣa', E. H. Johnston, Motilal Banarsidass, Delhi, 1975.

૩ અશ્વઘોષ : सौन्दरनन्दं महाकाव्यम् । संपादक : सूर्यनारायण चौधरी, प्रकाशक : मोतीलाल बनारसीदास, दिल्ली, वर्ष १९८०.

૪ વિશ્વનાથ : 'साहित्यदर्पण', संपादक : सिंह (डॉ.) सत्यव्रत, प्रकाशक : चौखम्बा विद्याभवन, वाराणसी, १९६३.

હિન્દી :

૧ ब्रह्मचारी (डॉ.) व्रजमोहन पाण्डेय 'नलिन' 'सौन्दरनन्दः साहित्यक एवं दार्शनिक गवेषणा ।' प्रकाशन : चौखम्बा सस्कृत सीरीज आफिस, वाराणसी, १९७२.

૨ शास्त्री (डॉ.) हरिदत्त 'महाकवि अश्वघोष और उनका काव्य' प्रकाशन : साहित्य निकेतन, कानपुर, १९६३.

અંગ્રેજી :

1 Bhattacharya, (Dr.) Biswanath 'Aśvaghoṣa : A critical study', Pub. Bidyut Rajan Basu, Śāntiniketan, West Bengal, 1976.

ઐતિહાસિક શબ્દકોશ: કેટલાક વિચારો*

ભોગીલાલ જ. સાંડેસરા*

याज्ञवल्क्य :—वाग् वै ब्रह्म । वागेवाऽऽयतनमाकाशः प्रतिष्ठा प्रज्ञेत्येनदुपासीत ।

जनक :—का प्रज्ञता ?

याशवल्क्य :—वागेव प्रज्ञता सम्राड् ।

બૃહદારણ્યક ઉપનિષદ, ૪-૧-૨.

एकः शब्दः सम्यग् ज्ञातः शास्त्रान्वितः सुप्रयुक्तः स्वर्गे लोके कामधुग् भवति ।

પાતંજલ મહાભાષ્ય, ૬-૧-૮૪.

इतिकर्तव्यता सर्वा लोके शब्दव्यपाश्रया ।

ભર્તૃહરિકૃત વાક્યપદીય, ૧-૧૨૨.

અધિવેશનના ઉદ્‌ઘાટક શ્રી. ઉમાશંકરભાઈ, સ્વાગતાધ્યક્ષ શ્રી. ચત્રભુજ નરસી કક્કર, સન્નારીઓ અને સજ્જનો !

શ્રી. ગોકળીબાઈ હાઈસ્કૂલના સુવર્ણ મહોત્સવ પ્રસંગે આજે આપણે અહીં મળીએ છીએ એ પરમ હર્ષનો વિષય છે.

ગુજરાતી સાહિત્ય પરિષદના આ ચોત્રીસમા અધિવેશનનું પ્રમુખસ્થાન મને આપવા બદલ પરિષદના સભ્યોનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું. આ સ્થાન શોભાવનાર મારા પૂર્વસૂરિઓને હું યાદ કરું છું ત્યારે ઊંડા સંકોચની લાગણી અનુભવું છું તથા એમનાં ઉચ્ચ ધોરણોને હું પહોંચી શકીશ કે કેમ એ વિશે કંઈક શંકાશીલ બનું છું. પણ આશા રાખું છું કે આપ સર્વના સહકારથી આ જવાબદારી હું નિભાવી શકીશ. બીજી એક આનુષંગિક છતાં અગત્યની વાત મને પ્રેરણા આપે છે. ચોવીસ વર્ષ પહેલાં ૧૯૬૩માં આ વિલેપારલે નગરમાં પરિષદના બાવીસમા અધિવેશનના પ્રમુખસ્થાને મારા માર્ગદર્શક અને હિતચિંતક સદ્‌ગત પ્રો. રસિકલાલ છો. પરીખ હતા અને એમનો પરિચય મેં આપ્યો હતો, એ આનંદપ્રદ હકીકતનું અહીં સ્મરણ થાય છે.

'**સ્વાધ્યાય**', - પુ. ૨૫, અંક ૧-૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૮૭-જાન્યુઆરી ૧૯૮૮, પૃ. ૧૯-૩૬.

★ વિલેપારલે (મુંબઈ) ખાતે, તા. ૨૬-૨૭-૨૮, ડિસેમ્બર ૧૯૮૭ના દિવસોમાં મળેલા, ગુજરાતી સાહિત્ય પરિષદના ૩૪મા અધિવેશનના પ્રમુખસ્થાનેથી આપેલું વ્યાખ્યાન.

* 'સંવાદ', ૬, શ્રેયસ્ સોસાયટી, રેસકોર્સ સર્કલ, વડોદરા-૩૯૦ ૦૦૭.

ગુજરાતી સાહિત્યજગતમાં, એક રીતે કહીએ તો, આ શતાબ્દીઓનું વર્ષ છે. કાકાસાહેબની શતાબ્દી હમણાં ગઈ. મુનશી, રામનારાયણ પાઠક અને સ્વામી આનંદની શતાબ્દી નિમિત્તે એમના જીવન અને કાર્યનું સ્મરણ, અધ્યયન અને વિવેચન થઈ રહ્યું છે. હિન્દીના સુપ્રસિદ્ધ કવિ મૈથિલીશરણ ગુપ્તની શતાબ્દીનું પણ આ વર્ષ છે. કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચન્દ્રની નવમી જન્મશતાબ્દી આવતા વર્ષે સં. ૨૦૪૫ના કારતક સુદ પૂર્ણિમાએ છે. આ સર્વ મનીષીઓ, વિદ્વાનો અને સાહિત્યકારોને આપણી માનાંજલિ સમર્પીએ છીએ.

પરિષદ–પ્રમુખે સાહિત્યવિદ્યાના કોઈ અગત્યના પ્રશ્ન કે પ્રશ્નો વિશે કંઈક કહેવાનો પ્રઘાત છે. તેને અનુસરીને, આપણી ભાષાના એક મહત્ત્વના પ્રશ્ન તથા એની પ્રાયોજના પરત્વે કેટલાક વિચારો હું રજૂ કરીશ.

સાહિત્ય પરિષદના સ્થાપનાકાળથી શબ્દકોશ વિશે ચર્ચા થતી આવી છે. પ્રો. યશવંતભાઈ શુકલે સુરત ખાતે બત્રીસમા અધિવેશન (૧૯૮૪)ના પ્રમુખસ્થાનેથી કહ્યું હતું તેમ, "પરિષદના છેક આરંભકાળથી ગુજરાતી ભાષા અને સાહિત્યને વિકસાવવાનાં ઓજારો તરીકે છંદશાસ્ત્ર, કોશ અને વ્યાકરણની જરૂરિયાત પરિષદના સૂત્રધારોએ પ્રમાણી હતી" (હેવાલ, પૃ. ૨૧).

બંધારણની કલમ ૩ અ(૫)માં પરિષદના હેતુઓમાં "ગુજરાતીમાં કોશસાહિત્યનો પ્રબંધ કરવો" એ હેતુ પણ છે. કોશમાં વિષયકોશનો યે સમાવેશ કરીએ તો 'આધુનિક સાહિત્યસંજ્ઞાકોશ' થોડા સમય પહેલાં જ પરિષદે પ્રગટ કર્યો છે. 'સાહિત્યકોશ' છપાય છે. 'ગુજરાતી ગ્રંથસૂચિ', જે સાહિત્યકોશ જેટલા જ મહત્ત્વની પ્રાયોજના છે, એ માટે પરિષદે કેટલાંક વર્ષ પહેલાં એક સમિતિ નીમી હતી અને તે સમિતિ માટે મેં તૈયાર કરેલી નોંધ 'પરબ' (જાન્યુઆરી, ૧૯૭૯)માં છપાઈ છે. એ મહત્ત્વના કાર્ય માટે જરૂરી માનવ-શક્તિ પરિષદ પાસે છે.

પરંતુ શબ્દકોશની વાત કરીએ તો, ઈ. સ. ૧૮૦૮માં ડ્રમંડની 'ગ્લોસરી' છપાઈ ત્યારથી માંડી ગુજરાતમાં કોશરચનાપ્રવૃત્તિ સતત ચાલતી આવી છે. એનો રૂપરેખાત્મક પરિચય, ૧૯૬૧માં લોકભારતી, સણોસરા ખાતે મળેલા, ગુજરાતીના અધ્યાપક સંમેલનના ચૌદમા અધિવેશનના પ્રમુખસ્થાનેથી આપેલા 'ગુજરાતી કોશ' એ શીર્ષક નીચેના વ્યાખ્યાનમાં મેં આપ્યો હતો. ગુજરાત રાજ્ય સરકારના ભાષાવિભાગ દ્વારા નિમાયેલી 'ત્રિભાષી વહીવટી શબ્દકોશ સમિતિ'ના (૧૯૭૮–૧૯૮૭; જો કે વચ્ચે બે વર્ષ એ કામ બંધ રહ્યું હતું) અધ્યક્ષ તરીકે કામ કરવાનો અવસર મને મળ્યો હતો. આશરે પચીસ હજાર અંગ્રેજી શબ્દોના ગુજરાતી અને હિન્દી પર્યાયો એમાં અપાયા છે અને એ કોશ થોડાક માસમાં પ્રગટ થવા ધારણા છે. એ કોશ છે તો વહીવટી, પણ ગુજરાતી અને હિન્દીના વિદ્વાનો એ સમિતિમાં હતા, તેમની સાથે ચર્ચાઓ થતાં ગુજરાતી, હિન્દી અને કેટલીક વાર અંગ્રેજી શબ્દોનાં પણ મૂળ, સ્વરૂપાન્તરો અને અર્થાન્તરોનો વિમર્શ થતો, જે વિશે દેખીતાં કારણોસર નોંધ થઈ શકી નથી.

ગુજરાતી કોશસાહિત્યનાં છેલ્લાં પણ મુખ્ય સીમાચિહ્નો બે–ગૂજરાત વિદ્યાપીઠનો 'સાર્થ જોડણીકોશ' અને 'ભગવદ્ ગોમંડલ'. વિદ્યાપીઠના કોશની સૌથી મોટી સેવા ગુજરાતી ભાષાની જોડણીને નિશ્ચિત અને વ્યવસ્થિત રૂપ આપવામાં રહેલી છે. "હવે પછી

કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી" એવો ઉત્કટ પણ બુદ્ધિયુક્ત ભાષાભક્તિથી પ્રેરાયેલો ગાંધીજીનો આદેશ, નિદાન સાહિત્યપ્રેમી અને શિક્ષણરસિક વર્ગોમાં, વિદ્યાપીઠના કોશની સહાયથી પળાતો થયો છે અને જોડણીનાં નિશ્ચિત ધોરણો માટે સમસ્ત ગુજરાત એક જ કોશ તરફ મીટ માંડતું થયું છે તથા અગાઉની જોડણીવિષયક ચર્ચાઓ લગભગ ઐતિહાસિક અગત્યની બની છે એ વાત સર્વપરિચિત હોવા છતાં કંઈ નાનીસૂની નથી.

'ભગવદ્ ગોમંડલ' એ ગુજરાતી ભાષાનો એકમાત્ર બૃહદ્ કોશ છે. આવા મહાકોશનો શબ્દસંગ્રહ તથા એની સંકલના, સંપાદન અને મુદ્રણ અસાધારણ આયોજના, ખંત, જહેમત અને અર્થવ્યય માગી લે એ સુસ્પષ્ટ છે અને આવું મોટું કામ ગુજરાતમાં થયું એ ખરેખર ગૌરવ લેવા જેવું છે; જોકે કેટલીક રીતે આ ગ્રંથ શબ્દકોશ ઉપરાંત જ્ઞાનકોશ જેવો થઈ ગયો છે. શબ્દાર્થો નિશ્ચિત કરવાની દૃષ્ટિએ અવતરણો ઘણુંખરું નવેસરથી એકત્ર થયાં હોવા છતાં, મૂળ પ્રયોગો ખોળી શકાય એવા વિગતવાર ઉલ્લેખ સાથે તે નોંધાયાં નથી એ હકીકત ખટકે એવી છે. આ રીતે અધૂરા ઉલ્લેખો સાથે અવતરણ આપવાની રીત નર્મદ અને લલ્લુભાઈના સમયથી ચાલી આવે છે; એમાં આવશ્યક પૂર્તિ 'ભગવદ્ ગોમંડલ' દ્વારા થઈ શકી હોત. આમ છતાં ગુજરાતી ભાષાની વિરાટ શબ્દસંપત્તિ અને એના અર્થવૈવિધ્યનું પ્રથમ વાર સમગ્ર દર્શન 'ભગવદ્ ગોમંડલે' કરાવ્યું છે. જો કે બોલીઓ, જ્ઞાતિઓ અને જાતિઓના, ખેતી વ્યવસાય અને કારીગરીના બહુસંખ્ય શબ્દો હજી વણનોંધાયેલા રહ્યા છે.

આ કોશો આપણી પાસે હોવા છતાં ઐતિહાસિક સિદ્ધાંત અનુસાર સંકલિત થયેલા બૃહદ્ કોશની અનિવાર્ય જરૂર છે; જેમ કોઈ પણ પ્રાચીન છતાં આજે યે જીવંત અને વિકસતી ભાષાને હોવી જોઈએ.

૧૯૬૧માં કલકત્તા ખાતે મળેલા, પરિષદના એકવીસમા અધિવેશનના પ્રમુખસ્થાનેથી પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ કહ્યું હતું : "આપણી પાસે જોડણીકોશ છે અને પુષ્કળ શબ્દોનો સમાવેશ કરતો ગોમંડલકોશ છે. પણ મોટા કોશમાં શબ્દ અને અર્થનો બને તેટલો ઇતિહાસ મળવો જોઈએ. જૂના લેખકોની કૃતિઓ જેમ જેમ સંપાદિત થઈને બહાર પડે છે, અપભ્રંશનો પરિચય જેમ જેમ વધતો જાય છે, તેમ તેમ આને માટે સામગ્રી વધતી જાય છે" (હેવાલ પૃ. ૩૩).

અહીં વિલેપારલેમાં, સન ૧૯૬૩માં, બાવીસમા અધિવેશનના પ્રમુખસ્થાનેથી આપેલા વિસ્તૃત વ્યાખ્યાનમાં પ્રો. રસિકલાલ છો. પરીખે શબ્દકોશ વિશે જે કહ્યું છે, તેમાંથી કેટલુંક અવતરણ પ્રસ્તુત થશે. આ પહેલાં પ્રગટ થયેલા શબ્દકોશોનો નિર્દેશ કરી તેઓ લખે છે : "પણ જે શાસ્ત્રીય કોશની આ પરિષદ માગણી કરે છે તેનો નમૂનો તો અંગ્રેજીનો ઑકસફર્ડ યુનિવર્સિટીનો શબ્દકોશ છે; જે જાતના કોશમાં ગુજરાતીની આદ્યભૂમિકાથી માંડી આ જ સુધીના શબ્દોનો સંગ્રહ–ગ્રન્થાન્તર્ગત અને કંઠાન્તર્ગત–પ્રાદેશિકઉચ્ચારણો સાથે–સંગ્રહ હોય. શક્ય હોય ત્યાં તેમનાં મૂળ આપ્યાં હોય અને તે તે સદીઓની તે તે કૃતિઓના આધારે તે અર્થની છાયામાં થયેલા ફેરફારો, ઉદાહરણો સાથે, નોંધાયા હોય.....ગુજરાતની યુનિવર્સિટીઓ જૂના ગુજરાતી ભાષા અને સાહિત્યના અનેક ડૉકટરો આપી રહી છે. આ સર્વને યોગ્ય તંત્ર નીચે મૂકી ગુજરાતની યુનિવર્સિટીઓ, ગુજરાત વિદ્યાસભા, ફૅર્બસ સભા, ભારતીય વિદ્યાભવન,

લા. દ. વિદ્યાભવન જેવી સંસ્થાઓ સહકાર સાધી આ કાર્ય કરી શકે. આવું આયોજન કરવામાં ગુજરાતી સાહિત્ય પરિષદ પગલાં ભરી શકે" (પૃ. ૬૨–૬૩).

વડોદરામાં ૧૯૮૦માં મળેલા, પરિષદના ત્રીસમા અધિવેશનના પ્રમુખસ્થાનેથી આપેલા વ્યાખ્યાનમાં પ્રો. અનંતરાય રાવળે એ જ આશયનું કહ્યું છેઃ "સાર્થ જોડણીકોશ અને ભગવદ્ ગોમંડલ પછી પણ ગુજરાતી ભાષાના મધ્યકાલીન, વર્તમાન, શિષ્ટ, પ્રાદેશિક લોકબોલીના, જુદા જુદા ધંધાના કારીગરોની 'પારસી'ના એમ બધા પ્રકારના એક એક શબ્દને સમાવતા ઐતિહાસિક તેમ જ વૈજ્ઞાનિક શાસ્ત્રીય પદ્ધતિએ રચાયેલા અને શબ્દોના શુદ્ધ ઉચ્ચાર, જોડણી, બની શકે ત્યાં સુધી વ્યુત્પત્તિ અને લાક્ષણિક પ્રયોગ બતાવતા બૃહદ્ કોશની જરૂર ઊભી જ રહે છે. તે પૂરી કરવાનું કર્તવ્ય પરિષદને શિરે રહે છે." (પૃ. ૧૨–૧૩).

૧૯૭૨માં મદ્રાસ ખાતે મળેલા, પરિષદના છત્રીસમા અધિવેશનમાં સંશોધન વિભાગના પ્રમુખસ્થાનેથી આપેલા 'સંશોધનની સરાણે' એ શીર્ષકના વ્યાખ્યાનમાં ડૉ. હરિવલ્લભ ભાયાણીએ 'ઐતિહાસિક અને વ્યુત્પત્તિદર્શક શબ્દકોશ' તથા "અર્વાચીન ગુજરાતીના વિવિધ કોશો અને તેમને આધારે બૃહત્કોશ" નિર્માણ કરવાની જરૂર બતાવી છે (પૃ. ૨૦).

૧૯૮૫માં પૂના ખાતે, તેત્રીસમા અધિવેશનના મારા પુરોગામી પ્રમુખ શ્રી કે. કા. શાસ્ત્રીએ પણ તેમના વ્યાખ્યાનમાં આ અપેક્ષાનો ભારપૂર્વક નિર્દેશ કર્યો છે. (પૃ. ૩૮).

આ સર્વ સંશોધકો અને વિવેચકોના અભિપ્રાયો છતાં સામાન્ય વાચક, વિદ્યાર્થી કે નાગરિકને પ્રશ્ન થવા સંભવ છે કે આટલા શબ્દકોશો હોવા છતાં અને વિદ્યાર્થીઓ માટે નાનામોટા દ્વિભાષી કે ત્રિભાષી કોશો પ્રગટ થતા હોવા છતાં આ નવા બૃહદ્ કોશની આપણે શી જરૂર છે? ઉત્તર એક વાક્યમાં આપવો હોય તો આપી શકાય કે ઐતિહાસિક બૃહદ્ કોશ એ કોઈ એવું મોંઘું ઘરેણું નથી, જેનો કોક કોક વાર ઉપયોગ થાય; એ તો કોઈ પણ પ્રાચીન અને વિકસિત ભાષાનું આવશ્યક ઓજાર છે, જેની સહાયથી અનેક નાનાં ઓજારો પ્રમાણભૂત સ્વરૂપે ઘડી શકાય.

કોશરચનાની ઐતિહાસિક પદ્ધતિની હું વાત કરું છું. હમણાં જે વિદ્વાનોનાં મંતવ્ય મેં ટાંકયાં તેમનું કથયિતવ્ય એ જ છે.

પ્રત્યેક ભાષાનું શબ્દભંડોળ એના ભાષકોના ભૂતકાલીન વૃત્તાંતનું, વર્તમાન સ્થિતિનું અને કંઈક અંશે ભાવિ આકાંક્ષાઓનું–એકંદરે એ બોલનારી પ્રજાના સમગ્ર જીવન અને ચિંતનનું દર્પણ છે.

ભૌતિક અથવા બૌદ્ધિક ક્ષેત્રમાં નવીન સિદ્ધિઓની પ્રાપ્તિ સાથે અથવા નવા ફેરફારોના પરિણામ રૂપે કોઈ પણ ભાષાનો શબ્દસંચય વિસ્તૃત થાય છે તેમ જ જૂના શબ્દો નવા અર્થોમાં વપરાતાં, એ રીતે પણ, ભાષાની સમૃદ્ધિ વધે છે. ભાષાના શબ્દસંચયનું સર્વાંગી અધ્યયન એટલે એ બોલનારી પ્રજાએ જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં પ્રાચીન કાળથી માંડી આજ સુધી કરેલાં કાર્યોનો, એના ઐતિહાસિક સંપર્કોનો અને અદ્યતન પ્રવૃત્તિઓનો, એની લાક્ષણિકતાઓ ખૂબીઓ અને ખામીઓનો ઇતિહાસ. ભાષામાં રહેલા માનવતત્ત્વનો અભ્યાસ એની ધ્વનિપ્રક્રિયા કે સ્વરવ્યંજન-

પ્રક્રિયા દ્વારા નહિ, પણ મુખ્યત્વે એના શબ્દભંડોળ દ્વારા જ થઈ શકે. આથી પ્રત્યેક શબ્દનું એક ચરિત્ર હોય છે અને એનું કાલાનુક્રમિક આલેખન ઐતિહાસિક પદ્ધતિએ રચાયેલા કોશ દ્વારા, સાહિત્યિક અને અન્ય અવતરણોને આધારે થાય છે. કોશમાં મહત્ત્વના શબ્દો કે વાચકો (Vocables)નું ચરિત્ર હજાર કરતાંયે વધારે પંક્તિઓનું હોય અને તેમાં અર્થો તેમ જ અર્થચ્છાયાઓના સમર્થનમાં વિવિધ ગ્રંથોમાંથી સેંકડો અવતરણ અપાયાં હોય. ઑક્સફર્ડના બૃહદ્ કોશ તેમ જ ડેક્કન કૉલેજના સંસ્કૃત મહાકોશના હાલ છપાતા ખંડકો ઉપરથી આ વિધાનની વાસ્તવિકતા જોઈ શકાશે.

શબ્દભંડોળની–નવાં શબ્દરૂપોની કે નવા અર્થોની–વૃદ્ધિ એ કોઈ પણ જીવંત ભાષાનું લક્ષણ છે. પણ જગતમાં જેટલી ભાષાઓ બોલાય છે અથવા બોલાતી હતી, એ સર્વમાં કંઈ શબ્દકોશો રચાયા નથી. પરંતુ સામાન્ય જીવનવ્યવહારથી વિશેષ એવી ગંભીર વિદ્યાને લગતી કશી પણ પ્રવૃત્તિઓ કરવા માટે કોશ અત્યંત આવશ્યક છે, અને એવી પ્રવૃત્તિ જ્યાં થઈ શકે છે ત્યાં તત્કાલીન જરૂરિયાતોને અનુલક્ષીને નાના મોટા કોશો અથવા વિશિષ્ટ પ્રયોજનલક્ષી શબ્દસંગ્રહો અવશ્ય તૈયાર થયેલા છે.

ગુજરાતના પ્રથમ કોશકાર પણ ભારતવ્યાપી મહત્તા ધરાવનાર સર્વતંત્રસ્વતંત્ર મનીષી આચાર્ય હેમચન્દ્ર છે. તેમણે ચાર એવા કોશો રચ્યા છે, જે પ્રાચીન ભારતની–ખાસ કરીને સંસ્કૃત અને પ્રાકૃતની–કોશરચનાપ્રવૃત્તિના લાક્ષણિક ઉદાહરણરૂપ છે. સાહિત્યજ્ઞોને વિદિત છે કે આ તેમ જ અન્ય પ્રાચીન શબ્દકોશો, અર્વાચીન કોશોની જેમ, અકારાદિક્રમે નથી, પણ 'અમરકોશ' આદિ પ્રાચીન કોશોની પદ્ધતિએ, પદ્યમાં તેમ જ શબ્દોને વર્ગમાં વહેંચીને રચાયેલા છે. આચાર્ય હેમચન્દ્રના 'અભિધાનચિંતામણિ'માં એક અર્થના અનેક શબ્દોનો સંગ્રહ છે. 'અનેકાર્થસંગ્રહ'માં એક શબ્દના અનેક અર્થોની નોંધ છે. વૈદિક શબ્દોના સંગ્રહને 'નિઘંટુ' કહેતા તેમ વનસ્પતિના નામસંગ્રહને પણ 'નિઘંટુ' કહે છે. હેમચન્દ્રે 'નિઘંટુશેષ' નામે કોશ રચ્યો છે, તે વનસ્પતિશાસ્ત્ર અંગેનો છે. સંસ્કૃત ભાષાના અભિધાન-કોશોમાં પરિચિત ન હોય એવા પ્રાકૃત દેશી શબ્દોનો (જેમાંના કેટલાક તત્સમ, તદ્ભવ કે સંશયયુક્ત તદ્ભવ હોવાનું વિદ્વાનોને જણાયું છે) કોશ 'દેશીનામમાલા' પણ હેમચન્દ્રકૃત છે. 'દેશી નામમાલા'ની ગુજરાતી તથા અન્ય ભગિનીભાષાઓનાં મૂળની દૃષ્ટિએ પ્રત્યક્ષ ઉપયોગિતા છે. બીજા ત્રણ કોશો એ રીતે જોવાય નહિ, પણ એમાં સેંકડો શબ્દો એવા છે કે જે તત્કાલીન લોકભાષા સાથે સીધો સંબંધ ધરાવે છે અથવા એમાંથી સંસ્કૃતીકરણ દ્વારા લેવાયા છે. જૈન પુરાણકથાનો આકરગ્રન્થ ગણી શકાય એવા, 'ત્રિષષ્ટિશલાકા પુરુષચરિત'માં હેમચન્દ્રે આવા બહુસંખ્ય શબ્દો 'વર્ણનાદિમાં વેર્યા છે. 'સિદ્ધહૈમ' વ્યાકરણનો આઠમા અધ્યાયનો છેલ્લા પાદમાં અપભ્રંશ અવતરણોમાંના શબ્દપ્રયોગો જેટલું જ મહત્ત્વ, હેમચન્દ્રની રચનાઓમાં સંસ્કૃતનો વેશ ધારણ કરેલા લોકભાષાના શબ્દોનું, ગુજરાતીના ઐતિહાસિક કોશની દૃષ્ટિએ ગણી શકાય.

ગુજરાતની પ્રાદેશિક ભાષામાં–જેને પાછળથી ગુજરાતી નામ મળ્યું–છેલ્લાં લગભગ એક હજાર વર્ષથી સાહિત્યરચના થયેલી છે, પરન્તુ સંસ્કૃત, પ્રાકૃત કે વ્રજભાષાના શબ્દકોશોની સાથે

તુલના કરી શકાય એવા પદ્યાત્મક કોશો જૂના સમયમાં તેમાં રચાયા નથી. એનું કારણ કદાચ એ હોય કે વિદ્વાનોનું ભાષાજ્ઞાન અને શબ્દજ્ઞાન સંસ્કૃત અને વ્રજના કોશ અલંકારાદિથી પોષાતું હતું અને સંતકવિઓને એવી કોઈ આગંતુક સહાયની જરૂર ઘણુંખરું નહોતી. હા, જૂની ગુજરાતીમાં પણ કંઈક શબ્દકોશના જેવી ગણી શકાય એવી રચનાઓ છે ખરી. એ રચનાઓ તે ઔક્તિકો સાથેના શબ્દસંગ્રહો. મારુ-ગુર્જર કે જૂની ગુજરાતી બોલતા વિદ્યાર્થીઓને તેમની પોતાની ભાષા દ્વારા સંસ્કૃત ભણાવવા માટે થયેલી પાઠ્ય પુસ્તિકા તે 'ઔક્તિક'. તેરમા સૈકાના સંગ્રામસિંહકૃત 'બાલશિક્ષા' (સં. ૧૩૩૬ = સને ૧૨૮૦) અને ચૌદમા સૈકાના કુલમંડન-ગણિકૃત 'મુગ્ધાવબોધ ઔક્તિક' (સં. ૧૪૫૦ = સને ૧૩૯૪)થી માંડી લગભગ અઢારમા સૈકા સુધી અનેક નાનાં મોટાં ઔક્તિકો રચાયાં છે. પ્રત્યેક ઔક્તિકમાં વ્યાકરણની સાથે એક શબ્દસંગ્રહ હોય છે, જેમાં ગુજરાતી શબ્દોના સંસ્કૃત અર્થ આપેલા છે. અકારાદિક્રમે નહિ ગોઠવાયેલા છતાં આ નાનકડા સંસ્કૃત-ગુજરાતી શબ્દકોશો છે, અને સાહિત્યમાં નહિ પ્રયોજાયેલા અથવા જવલ્લે પ્રયોજાયેલા ઘણા વાચકો, નિશ્ચિત અર્થો સાથે, એમાંથી મળે છે. બધાં ઔક્તિકોના શબ્દસંગ્રહો એકત્ર કરવામાં આવે તો, જૂની ગુજરાતીનો એક સંક્ષિપ્ત પણ પ્રમાણભૂત કોશ આપોઆપ તૈયાર થાય, એટલું જ નહિ, પણ જુદાં જુદાં ઔક્તિકોએ આપેલા એક જ શબ્દના વિભિન્ન અર્થોને કારણે એવા શબ્દોની વિભિન્ન અર્થચ્છાયાઓ તેમ જ તેમનો ઐતિહાસિક અર્થવિકાસ નિશ્ચિત કરવામાં સરળતા થાય.

લગભગ દોઢ શતાબ્દી જેટલો સમય થયાં ગુજરાતીના અનેક કોશ વ્યવસ્થિત રૂપે રચાયા છે અને વિવિધ ઉદ્દેશોથી કોશરચનાના વિવિધ પ્રયત્નો થયા છે, એ ભાષાવિષયમાં જાગૃતિ સૂચવે છે. પણ કોશરચનાની ઐતિહાસિક પદ્ધતિનો સમાદર અને વિનિયોગ ગુજરાતી ભાષામાં થવો હજી બાકી છે. ઑક્સફર્ડની 'ન્યૂ ઇંગ્લીશ ડિક્શનેરી' આ પદ્ધતિએ રચાયેલા મહાકોશનો સર્વોત્કૃષ્ટ નમૂનો છે; અંગ્રેજી ભાષા પણ શાસ્ત્રીય કોશરચનાની બાબતમાં કદાચ યુરોપની સર્વ ભાષાઓમાં મોખરે છે. જ્હૉન્સનનો અંગ્રેજી કોશ સને ૧૭૫૫માં પ્રગટ થયો ત્યારથી લગભગ એક સદી સુધી અંગ્રેજી ભાષાસાહિત્યમાં પ્રમાણભૂત મનાતો રહ્યો. કોશ એ ભાષાના વર્તમાન સાહિત્યિક પ્રયોગનું શિષ્ટ ધોરણ બાંધી આપે છે, એ ખ્યાલ ત્યાં સુધી સર્વમાન્ય હતો. પરન્તુ આર્કબિશપ આર. સી. ટ્રેન્ચ, જેણે ખાસ કરીને અંગ્રેજી શબ્દોના ઇતિહાસને અનુલક્ષીને 'સ્ટડી ઑફ્ વર્ડ્ઝ' નામે વ્યાખ્યાનમાલા સને ૧૮૫૧માં તૈયાર કરી અને તે એટલી લોકપ્રિય થઈ કે ૧૮૯૬ સુધીમાં તેની ૨૬ આવૃત્તિઓ થઈ ચૂકી હતી, તેણે ઇંગ્લેન્ડની ફિલોલૉજિકલ સોસાયટી સમક્ષ ૧૮૫૭માં વાંચેલા Some Deficiencies in Existing English Dictionaries એ નામના નિબંધમાં ઐતિહાસિક ધોરણે રચાવા જોઈતા શબ્દકોશનો ખ્યાલ રજૂ કર્યો હતો. (તેનો આ નિબંધ આજે સવા શતાબ્દી પછી પણ ધ્યાનથી વાંચવા જેવો છે.) ઐતિહાસિક અંગ્રેજી કોશનું કામ મુખ્યત્વે તેની પ્રેરણા અને આગ્રહથી ફિલોલૉજિકલ સોસાયટીએ હાથ ધર્યું હતું અને પાછળથી ઑક્સફર્ડ યુનિવર્સિટીના ઉપક્રમે તે આગળ ચાલ્યું હતું.

ફિલોલૉજિકલ સોસાયટીએ એકત્ર કરેલ શબ્દભંડોળ અને અવતરણોની સામગ્રીને આધારે કોશના પહેલા સંપાદકે સને ૧૮૭૮માં કામ શરૂ કર્યું અને સંપૂર્ણ કોશ ૧૯૨૮માં પ્રગટ થયો (તેર ગ્રંથોમાં એનું પુનર્મુદ્રણ તે પછી ૧૯૩૩માં થયું). કોશના મુદ્રણનું કામ ફેલ્ગુઆરી

૧૮૮૪થી એપ્રિલ ૧૯૨૮ સુધી ચાલ્યું. કોઈ પણ જીવંત ભાષામાં શબ્દભંડોળની વૃદ્ધિ અને જૂના શબ્દોના લોપ સાથે નવા અર્થોનો આગમ એ અત્યંત સ્વાભાવિક પ્રક્રિયા છે. અંગ્રેજી ભાષાના આ મહાકોશને છપાતાં ૪૫ વર્ષ લાગ્યાં હતાં. લગભગ અડધી સદી જેટલા આ સમય દરમિયાન–ખાસ કરીને પ્રારંભના મૂળાક્ષરોથી શરૂ થતા શબ્દો બાબતમાં શબ્દભંડોળમાં જે વિકાસ અને પરિવર્તન થયાં હતાં એની પૂરી નોંધ અર્થાત્ અર્ધી સદીના ભાષાવિકાસની નોંધ કોશકારોએ લેવાની હતી, અને તે માટે કોશની પૂર્તિનો એક આખો ગ્રન્થ પ્રગટ કરવો પડ્યો, જેમાં સંપૂર્ણ સંદર્ભસૂચિનો સમાવેશ પણ થયો છે. કોશમાં અર્થનિર્ણયો માટે લગભગ ૧૭૦૦૦ ગ્રંથોમાંથી અવતરણો લેવાયાં છે–લેખો, વર્તમાનપત્રો આદિનો સમાવેશ એમાં થતો નથી–અને સમસ્ત અંગ્રેજી સાહિત્યની એના કરતાં મોટી અને આધારભૂત સંદર્ભસૂચિ બીજે ક્યાંય નથી. આટલા વિપુલ સાહિત્યની, શબ્દપ્રયોગો અને અવતરણોની દૃષ્ટિએ, તારવણી કોણ કરી શકે ? કોશકાર્યાલયના થોડાક કર્મચારીઓના ગજા બહારની એ વાત છે. ઇંગ્લેન્ડ અને અમેરિકામાં વસતા સેંકડો વિદ્યારસિક 'વાચકો'એ એ કામ મોટા પ્રમાણમાં કર્યું હતું. અંગ્રેજી ભાષાનો એ સૌથી પ્રમાણભૂત કોશ છે–પ્રત્યેક શબ્દનું એ ઐતિહાસિક ક્રમે પ્રમાણસિદ્ધ ચરિત્ર આપે છે. પરન્તુ સામાન્ય વાચકો માટે એનો વારંવાર ઉપયોગ જરા કઠિન હોઈ ઐતિહાસિક કોશનો સંક્ષેપ બે મોટા ગ્રંથરૂપે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે અને તે ઉપરથી થયેલો ઑક્સફર્ડનો સંક્ષિપ્ત અંગ્રેજી કોશ દરેક વિદ્યાર્થી માટે પણ હાથવગો છે.

વિપુલ લિખિત સાહિત્ય અને લાંબો ઇતિહાસ ધરાવતી કોઈ પણ ભાષા માટે ઐતિહાસિક કોશનું કામ કેટલું શ્રમસાધ્ય છતાં કેટલું મહત્ત્વનું છે એ બતાવવા માટે આ વિગતો અહીં જણાવી છે (સંસ્કૃત ભાષા માટે આ પ્રકારનો કોશ રચવાના કામનો આરંભ ૧૯૪૯માં પૂનેની ડેક્કન કૉલેજ સંશોધન સંસ્થા તરફથી થયો હતો; એના સ્વરવિભાગનું મુદ્રણ હજી પૂરું થયું નથી. સેંકડો વર્ષ લાંબો ઇતિહાસ ધરાવતી અને પ્રાચીન ભારતમાં ખેડાયેલા સર્વ વિદ્યાવિષયોનું-વિપુલ સાહિત્ય ધરાવતી સંસ્કૃત જેવી ચિંતનસમૃદ્ધ અને લવચીક ભાષાનો કોશ રચવાનું કામ બહુ વિસ્તૃત છતાં સંકુલ અને સૂક્ષ્મ આયોજના માગી લે તેવું છે, પરન્તુ વિશાળ માનવસમુદાયમાં જીવનનાં બધાં ક્ષેત્રોમાં વ્યવહાર પામતી કોઈ પણ આધુનિક ભાષામાં તો કોશ રચાતો અને છપાતો હોય ત્યારે પણ નવા શબ્દો અને નવા અર્થો વિકાસ પામતા હોય છે. એટલે તેની કોશરચનાના પ્રશ્નો વળી કેટલીક રીતે જુદા પ્રકારના છે) કોશરચનાની નૂતન પદ્ધતિ પ્રમાણે, કોશ એ ભાષાના તમામ શબ્દોની માત્ર નોંધ નથી, પણ ઐતિહાસિક ક્રમે તે તે શબ્દના અર્થવિકાસની તપસીલ અને સમજૂતી છે. અત્યાર સુધીના આપણા લગભગ બધા કોશોમાં શબ્દોના અર્થો ઐતિહાસિક તો શું, તાર્કિક ક્રમે પણ ગોઠવાયેલા હોતા નથી; અર્થોનો ક્રમ ઘણુંખરું આકસ્મિક હોય છે. ખરું જોતાં પ્રત્યેક શબ્દ, પ્રત્યેક રૂપ અને પ્રત્યેક અર્થ ભાષામાં પહેલ પ્રથમ કયારે પ્રયોજાયેલો મળે છે, અને પ્રસ્તુત શબ્દ કે અર્થ પ્રયોગલુપ્ત થઈ ગયો હોય તો કયારે થયો, એની તથા એ સાથે સંબંધ ધરાવતી બીજી મહત્ત્વની બાબતોની આધારભૂત નોંધ શબ્દકોશમાં હોવી જોઈએ; એ સામગ્રીના પાયા ઉપર કોશમાંની વ્યાખ્યાઓ અને અર્થો અપાવા જોઈએ તથા જે અર્થો કાળક્રમે પહેલા હોય તેમને પહેલા મૂકવા જોઈએ. અર્થાત્ તે તે શબ્દના રૂપ અને અર્થની ઉત્ક્રાન્તિ એમાંથી સ્પષ્ટ થવી જોઈએ. ટૂંકમાં, કોશમાંના પ્રત્યેક શબ્દની સાથે તે તે શબ્દાર્થની સાહિત્યાદિનાં અવતરણોને

આધારે રચાયેલી પ્રમાણભૂત જીવનકથા આવવી જોઈએ. અવતરણોની શક્ય એટલી વ્યાપક અને બુદ્ધિયુક્ત શોધ અને સંગ્રહ તથા કોશમાં એનો શાસ્ત્રીય ક્રમબદ્ધ વિનિયોગ એ ઐતિહાસિક કોશની પહેલી અનિવાર્ય શરત છે. આ પ્રકારના કોશમાં શક્ય હોય ત્યાં વ્યુત્પત્તિ પણ આવશ્યક છે. કોઈ પણ શબ્દ જે તે ભાષાનો ભાગ બન્યો ત્યાં સુધીનો, એ શબ્દના રૂપનો ઇતિહાસ એ વ્યુત્પત્તિ છે, અને શબ્દ તથા અર્થનો ભાષાગત ઇતિહાસ આલેખવા માટેની વાસ્તવિક ભૂમિકા તે પૂરી પાડે છે. અર્થવિમર્શ અને વ્યુત્પત્તિચર્ચા કેટલીકવાર સાથોસાથ થઈ શકે છે.

આ માટે ભાષાનાં બને તેટલાં વધારે લખાણો શબ્દાર્થપ્રયોગની દૃષ્ટિએ તપાસવાં જોઈએ. કોઈ પણ ભાષાનો અથવા તેના સાહિત્યનો આરંભ ક્યારથી ગણવો એ ગાણિતિક ચોક્કસાઈથી કહી શકાય એવી વાત નથી, એટલે એમાં અંદાજી ગણતરીએ ચાલવું પડે. ઑક્સફર્ડના કોશ માટે અંગ્રેજી ભાષાનો આરંભ બારમી સદીની અધવચથી ગણવામાં આવ્યો હતો. એ સમયે પ્રયોગલુપ્ત બન્યો હોય એવો કોઈ શબ્દ કોશમાં લેવામાં આવ્યો નથી. પણ એ સમયના પહેલાં તેમ જ પછી પણ પ્રયોજિત હોય એ બધા શબ્દો લેવાયા છે. શબ્દાર્થસંગ્રહનાં અવતરણ માટે સોળમી સદીની અધવચ સુધીનું સર્વ તથા ત્યાર પછીનું બને એટલું (ખાસ કરીને મહત્ત્વના લેખકોનું તથા વિશિષ્ટ વિષયોનું) સાહિત્ય તપાસવામાં આવ્યું છે.

ગુજરાતીનો ઇતિહાસ લાંબો અને સમૃદ્ધ છે તથા એની લિખિત સાહિત્યસંપત્તિ વિપુલ છે. ગુજરાતને માટે હું માનું છું કે આચાર્ય હેમચન્દ્રનું 'સિદ્ધહૈમ' વ્યાકરણ રચાયું ત્યારથી એટલે કે લગભગ ઈ. સ. ૧૧૨૫ આ માટે અન્વેષણકાળની પૂર્વમર્યાદા લેવી જોઈએ. હેમચન્દ્રનાં અપભ્રંશ અવતરણોમાં પ્રયોજિત બધા શબ્દો કોશમાં આવે; તે ઉપરાંત, એમાં હોય અને પૂર્વકાલીન અપભ્રંશ સાહિત્યમાં પ્રયોજાયા હોય એ શબ્દો પણ આવે. ઈ. સ. ૧૧૨૫થી માંડીને દયાસમના અવસાનકાળ (ઈ. સ. ૧૮૫૩) સુધીનું બધું પ્રકાશિત સાહિત્ય તથા નિશ્ચિત ધોરણોએ ચૂંટેલું અપ્રકાશિત સાહિત્ય આ દૃષ્ટિએ તપાસવું જોઈએ તથા ત્યાર પછી વિશિષ્ટ લેખકો અને ચૂંટેલા ગ્રન્થોમાંથી અવતરણો એકત્ર કરવા જોઈએ.

ઐતિહાસિક કોશમાં શબ્દોનાં ચરિત્ર આવે એમ મેં કહ્યું. થોડાંક ઉદાહરણથી મારી વાત સ્પષ્ટ કરું. જોકે અહીં કેટલાંક અવતરણો આપી નાનકડી નોંધ રૂપે રજુઆત કરું છું; કોશમાં તો આ નિરૂપણ શબ્દકોશશાસ્ત્રની નિશ્ચિત થયેલી વૈજ્ઞાનિક પદ્ધતિએ, પર્યાપ્ત પ્રમાણો સાથે, આવે.

૧. આપણી ભાષાના 'નાતરું' અને 'નાત' શબ્દોની વાત કરું. નાનપણમાં ઉત્તર ગુજરાતમાં 'ફલાણો મારે ગામનાતરે ભાઈ થાય', 'ફલાણી ગામનાતરે સાળી થાય' એવાં વાક્યો સાંભળીને મને આશ્ચર્ય થતું, કેમ આપણી ભાષામાં 'નાતરું' શબ્દનો જે અર્થ સૌથી વધુ જાણીતો છે તે જ–અર્થાત્ પુનર્લગ્ન–મારા ધ્યાનમાં હતો. હકીકતમાં, પૂર્વોક્ત વાક્યખંડોમાં 'નાતરે'નો અર્થ 'નાતાથી–સંબંધથી' એવો થાય છે. 'નાતરું' શબ્દના જૂના પ્રયોગોનો કેટલોક અંશ જ આ અપવાદરૂપ રૂઢિપ્રયોગોમાં ચાલુ રહ્યો છે. જૂના ગુજરાતી સાહિત્યમાં 'નાતરું' શબ્દ (કુમાર અને કુમારીના) લગ્નના અર્થમાં પ્રયોજાયો છે. સં. ૧૪૧૬માં રચાયેલ અસાઇતકૃત 'હંસાઉલી' (ખંડ ૨, કડી ૫૫–૫૬ તથા ૬૪) અને સં. ૧૬૧૬માં

મધુસૂદન વ્યાસકૃત 'હંસાવતી-વિક્રમચરિત્ર વિવાહ'માં (કડી ૨૬૩, ૬૦૬) 'નાતરું' અને 'નાત્ર' શબ્દ 'નાતો-સંબંધ' અને 'લગ્ન' એ બંને અર્થોમાં છે. 'નાતરું' શબ્દનો 'નાતો' એ મૂળ અર્થ એ કરતાં યે પ્રાચીનતર ગુજરાતી સાહિત્યમાં છે. મહેન્દ્રસૂરિશિષ્ય ધર્મકૃત 'જંબુસ્વામી ચરિત' (સં. ૧૨૬૬, કડી ૨૩) તથા જગડૂકૃત 'સમ્યક્ત્વમાર્ગ ચઉપઈ'માં (સં. ૧૩૩૧ આસપાસ, કડી ૪૬) 'અરાઢ નાત્રાં'નો નિર્દેશ છે, તે એક પરંપરાગત દૃષ્ટાન્ત-કથાને અનુલક્ષીને છે. એક જ ભવમાં થયેલા વિચિત્ર સંબંધોને કારણે એક સ્ત્રીને એક બાળક જુદી જુદી અઢાર રીતે સગો થાય છે, એ તેમાં બતાવેલું છે. એ કથા અનેક ગ્રન્થો અને લોકશ્રુતિમાં મળે છે. પણ એનું જૂનામાં જૂનું સ્વરૂપ સંઘદાસગણિકૃત 'વસુદેવહિંડી'માં (પાંચમા સૈકા આસપાસ) પ્રાપ્ત થાય છે. આ કથાનક વિશે 'અરાઢ નાત્રાં ચોપાઈ' (સં. ૧૬૭૨) અને 'અરાઢ નાત્રાં સંબંધ' (સં. ૧૫૬૩ પહેલાં) જેવી સ્વતંત્ર કૃતિઓ પણ રચાયેલી છે. એમાંની પહેલી કૃતિના મંગલાચરણમાં એનો કર્તા કર્મસિંહ :

શ્રી ગૌતમ ગણધર નમી, પામી સુગુરુ પસાઉ,
અણદશ **સગપણ** તણી, કથા કહું ધરી ભાઉ.

એ રીતે 'નાતરાં'નો 'સગપણ' એવો સ્પષ્ટ અર્થ આપે છે.

લોકસાહિત્યમાં ઉજળી અને મેહના દુહામાં ઉજળી મેહને કહે છે :

વણ સગે વણ સાગવે, વણ **નાતરિયે** નેહ,
વણ માવતરે જીવશું, તુ વણ મરિયે મેહ.
(કહાનજી ધર્મસિંહ સંપાદિત 'કાઠિયાવાડી સાહિત્ય', પૃ. ૫૯).

અહીં પણ 'વણ નાતરિયે નેહ'નો અર્થ 'વિના સંબંધે સ્નેહ' એવો થાય.

આટલી ચર્ચા ઉપરથી સ્પષ્ટ થશે કે 'નાતરું' શબ્દ, અર્થ તેમ જ વ્યુત્પત્તિ બંને દૃષ્ટિએ, 'નાત' સાથે સંબંધ ધરાવે છે. 'નાત' શબ્દ સં. **જ્ઞાતિ** (ઓળખીતો, સંબંધી) ઉપરથી જૂની ગુજ. **નાતિ**, અર્વાચીન ગુજ. 'નાત્ય' દ્વારા આવ્યો છે, ત્યારે 'નાતરું' શબ્દ સં. **જ્ઞાત્ર** (ઓળખાણ, સંબંધ) ઉપરથી વ્યુત્પન્ન થયો છે. જેમ સંસ્કૃતમાં √**મા** (માપવું) ઉપરથી **માત્ર** (માપ), √**સ્ના** (નાહવું) ઉપરથી **સ્નાત્ર** (સ્નાન), √**યુજ્** (જોડવું) ઉપરથી **યોક્ત્ર** (**યોક્ત્રકમ્** < ગુજ. જોતરું). √**પા** (પીવું) ઉપરથી **પાત્ર** (**પાત્રકમ્**માંથી 'પાતરું = જૈન સાધુનું લાકડાનું વાસણ) તેમ √**જ્ઞા** (ઓળખવું, જાણવું) ઉપરથી **જ્ઞાત્ર** (ઓળખાણ) થાય. એના સ્વાર્થિક રૂપ **જ્ઞાત્રકમ્** ઉપરથી 'નાતરું'ની વ્યુત્પત્તિ સરળ છે.

ઓળખાણમાંથી સંબંધો થાય અને તેને પરિણામે જ્ઞાતિઓ બંધાય અને લગ્નો થાય, એ વસ્તુ 'નાતરું' અને 'નાત' શબ્દોના આ ઇતિહાસમાંથી ફલિત થાય છે. જાહેર રીતે કરવામાં આવેલ સંબંધ (**જ્ઞાત્ર**) તે નાતરું એટલે લગ્ન. વ્યુત્પત્તિથી જ સંબંધનો અર્થ એમાં વિવક્ષિત હોવાથી, સગપણ-સંબંધ હોવાથી તેમાં કેવળ 'સગપણ'નો અર્થ પણ ચાલુ રહ્યો અને અર્વાચીન ભાષામાં, જૂના અર્થો ભુલાઈ જતાં, મુખ્યત્વે એ જ **અર્થ** વ્યાપક

બન્યો. પરન્તુ 'પુનર્લગ્ન' વાચક 'નાતરું' અને પુનર્લગ્નોનો રૂઢિદ્વારા વિરોધ કરનાર 'નાત' એ બંનેનો ઉદ્ભવ એક જ મૂળના તેમ જ લગભગ એકાર્થક શબ્દો (ज्ञाति–ज्ञात्र)માં છે એ પણ ઐતિહાસિક દૃષ્ટિએ એક રસપ્રદ ઘટના છે.

૨. હવે આપણે એવો એક શબ્દ લઈએ, જેનાં મૂળ તાત્ત્વિક રીતે ભૂતકાળમાં હોવા છતાં જેણે વર્તમાનકાળમાં વિશિષ્ટ અર્થવિકાસ સાધ્યો છે. એ શબ્દ છે 'વિશ્વવિદ્યાલય'. એમાંનું 'વિશ્વવિદ્યા' શબ્દાંગ 'વિશ્વતોમુખી–સર્વતોમુખી વિદ્યા, વ્યાપક જ્ઞાન' એ અર્થમાં છે. (અંગ્રેજી Cosmologyના પર્યાય તરીકે અર્વાચીન ભારતીય આર્ય ભાષાઓમાં 'વિશ્વવિદ્યા' શબ્દ ઘણી વાર પ્રયોજાય છે, પણ એમાં 'વિશ્વ' એ નામ હોઈ 'વિશ્વની વિદ્યા' એવો ભિન્ન અર્થ ત્યાં થાય છે, જ્યારે 'વિશ્વવિદ્યાલય'માંના 'વિશ્વવિદ્યા'માં 'વિશ્વ' વિશેષણ તરીકે છે.) સંસ્કૃત શબ્દ 'વિશ્વ' ઘણું કરીને √विश् 'વ્યાપવું' એ ધાતુ ઉપરથી બનેલો છે. આથી વિશ્વ એટલે 'પ્રત્યેક–સર્વ', અને એટલે જ 'વિશ્વ' એટલે સમસ્ત સૃષ્ટિ. विश्वे देवाः અર્થાત્ 'સર્વ દેવો' (જો કે કેટલાકના મત મુજબ એનો અર્થ 'અમુક દેવોનો સમૂહ' થાય છે, નહિ કે 'સર્વ દેવો'), विश्वरूप એટલે 'સર્વરૂપધારી (પરમાત્મા)', विश्वकर्मन् એટલે 'પ્રત્યેક વસ્તુનું સર્જન કરનાર (સ્વર્ગીય સ્થપતિ)', विश्वजनाः એટલે 'સમગ્ર માનવજાતિ'. જેમાં આરંભે 'સર્વ' અથવા 'પ્રત્યેક'ના અર્થમાં विश्व શબ્દ આવતો હોય એવા પુષ્કળ સામાસિક શબ્દો સંસ્કૃતમાં છે. 'સર્વજ્ઞ'ના અર્થમાં विश्वविद् શબ્દ 'ઋગ્વેદ' અને 'શ્વેતાશ્વતર ઉપનિષદ'માં છે. विश्वविद् ઉપરથી विश्वविद्या શબ્દની ઘટના ઘણી સરળ છે, પણ વૈદિક સાહિત્યમાં અથવા ત્યાર પછીના જૂના સંસ્કૃત સાહિત્યમાં विश्वविद्या શબ્દનો પ્રયોગ થયો હોય એમ કોશાદિ પ્રાપ્ત સાધનો ઉપરથી જણાતું નથી. જો કે સંસ્કૃત જેવી પ્રાચીન ભાષાના વિશાળ સાહિત્ય માટે આવું વિધાન કરવું એ કદાચ સાહસ ગણાય. સંસ્કૃત માટે ઐતિહાસિક સિદ્ધાંત અનુસાર સંકલિત થતા કોશના વ્યંજન વિભાગનું મુદ્રણ પણ હજી શરૂ થયું નથી અને પ્રાચીનતર સંસ્કૃત સાહિત્યમાં વિશ્વવિદ્યાનો પ્રયોગ કદાચિત્ મળે એ અસંભવિત ન કહેવાય.

પણ ઉત્તરકાલીન સંસ્કૃત સાહિત્યમાં તો આ શબ્દ નિશ્ચિતપણે છે જ. તેરમા સૈકામાં ગુજરાતમાં થઈ ગયેલા મહામાત્ય વસ્તુપાલે પોતાના 'નરનારાયણાનંદ' મહાકાવ્યને અંતે વિદ્વાનોને વિનંતી કરતા કહ્યું છે:

उद्भास्वद्विश्वविद्यालयमयमनसः कोविदेन्द्रा वितन्द्रा
मन्त्री बद्धाञ्जलिर्वो विनयनतशिरा याचते वस्तुपालः ।
स्वल्पप्रज्ञाप्रबोधादपि सपदि मया कल्पितेऽस्मिन् प्रबन्धे
भूयो भूयोपि यूयं जनयत नयनक्षेपतो दोषमोषम् ॥

(અર્થાત્ પ્રકાશમાન એવી **વિશ્વવિદ્યાના આલય** રૂપ જેમનાં મન છે એવા હે વિતન્દ્ર કોવિદો! હાથ જોડીને, વિનયપૂર્વક શિર નમાવીને મંત્રી વસ્તુપાલ આપની પાસે યાચના કરે છે કે–પ્રજ્ઞાના અલ્પ પ્રબોધથી મેં રચેલા આ પ્રબંધમાં વારંવાર નજર નાંખીને એનો દોષ દૂર કરશો).

વસ્તુપાલના જ એક સમકાલીન તેમ જ એના સાહિત્યમંડળના સભ્ય ઉદયપ્રભસૂરિ પોતાના 'ધર્માભ્યુદય' મહાકાવ્યના મંગલાચરણમાં એક સમકાલીન વિદ્વાન નરચન્દ્રસૂરિની સ્તુતિ કરતાં કહે છે :

नरचन्द्रमुनीन्द्रस्य विश्वविद्यामयं महः ।
चतुरन्तधरित्रीशसभ्यैरभ्यर्चितं स्तुमः ॥

(અર્થાત્ ચારે દિશાના રાજાઓના સભાસદોએ જેની અભ્યર્થના કરી છે એવા નરચન્દ્ર-મુનિના **વિશ્વવિદ્યા**મય તેજની અમે સ્તુતિ કરીએ છીએ).

આ બે શ્લોકોમાં 'વિશ્વવિદ્યા' શબ્દ જે વિશિષ્ટ અર્થમાં છે, લગભગ તે જ અર્થમાં અર્વાચીન 'વિશ્વવિદ્યાલય' શબ્દના અંગભૂત વિશ્વવિદ્યા'માં છે. પણ 'વિશ્વવિદ્યાલય' એ શબ્દનો પ્રયોગ આજે આપણે અંગ્રેજી **University**ના પર્યાય તરીકે ગણીએ છીએ. એ શબ્દ પહેલવહેલો વહેતો મૂકનારને કદાચ સંસ્કૃત 'વિશ્વવિદ્યા'નો ખ્યાલ ન હોય એમ પણ બને. 'વિશ્વવિદ્યાલય' શબ્દ બંગાળીમાંથી ગુજરાતીમાં આવ્યો એવો નરસિંહરાવ દિવેટિયાનો મત છે. પણ તેઓ આ શબ્દની યોજનાને ભ્રમમૂલક ગણે છે.

University શબ્દનું મૂળ લેટિન **Universitat** કે **Univeritas**માં છે; એનો અર્થ 'આખું', 'સંપૂર્ણ', 'વિશ્વ' થાય છે. મૂળ અર્થમાં એને વિદ્યા કે શિક્ષણ સાથે કશો સંબંધ નથી. મધ્યયુગીન લેટિનમાં–મુખ્યત્વે કાયદાની પરિભાષામાં એ શબ્દ કોઈ પણ સમુદાયનો સમસ્ત નિર્દેશ કરવા માટે વપરાતો. જુદી જુદી શ્રેણિઓ કે મહાજનો માટે એ શબ્દ પ્રયોજાતો. વિદ્યાના સંદર્ભમાં પણ **Universitas Magistorumet Scholarium** (શિક્ષકો અને વિદ્યાર્થીઓનો સમસ્ત સમુદાય) એવા પ્રયોગ થતા. એવાં વિદ્યાવિષયક મંડળોનું પ્રભુત્વ વધતાં એમાંનો માત્ર **Universitas** શબ્દ, સરળતાને ખાતર, સામાન્ય રીતે બોલાવાના પરિણામે તે ઉપરથી **University** શબ્દ વ્યુત્પન્ન થયો. આપણા દેશમાં એના પર્યાય રૂપે 'વિશ્વવિદ્યાલય' શબ્દ યોજવામાં આવ્યો. પણ ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો, મૂલ કરતાં એનો ભારતીય પર્યાય વધારે સુભગ, ઔચિત્યપૂર્ણ અને અર્થવાહક છે. એની યોજના નરસિંહરાવ કહે છે તેમ, યોજક પક્ષે ભ્રમમૂલક હોય તો પણ પરિણામરમણીય છે. **University**માં વ્યુત્પત્તિની દૃષ્ટિએ માત્ર 'સમુદાય-મંડળ'નો અર્થ છે; અને 'સર્વ વિદ્યાઓનું સ્થાન' એ અર્થ પાછળથી લક્ષણાથી વિકાસ પામેલો છે, જ્યારે 'વિશ્વવિદ્યાલય' શબ્દ ઠીક ઠીક પ્રાચીનકાળથી એના વર્તમાન અર્થનો દ્યોતક છે, એટલું જ નહિ, પણ 'વિશ્વવિદ્યા' શબ્દની ઘટનાનો સહજ વિચાર માત્ર સર્વ વિદ્યાઓને પોતામાં સમાવનારી તત્ત્વવિદ્યા સુધી લઈ જાય છે. મૂલ કરતાં પર્યાયો સારા યોજાયા હોય એવા અકસ્માતો ક્વચિત્ બને છે. વસ્તુપાલ 'વિતન્દ્ર કોવિદો'ના મનને 'વિશ્વવિદ્યાલયમય' કહે છે, એ જ સાચી વસ્તુ છે એમ નથી લાગતું ?

૩. સં. **આત્મા**નાં પ્રાકૃતમાં બે રૂપો થાય છે–**अप्पा** અને **अत्ता**. **अप्पा** ઉપરથી હિન્દી અને ગુજરાતીમાં 'આપ' શબ્દ થયો. ગુજરાતીમાં 'આપ'નો અર્થ 'પોતે', 'પોતાની જાત', એટલો જ છે, અને 'આપોપું', 'આફણિયે' વગેરે જૂના ગુજરાતી શબ્દો એ સાથે સંબંધ

ધરાવે છે. પણ હું ધારું છું કે હિન્દીની અસરથી 'તમે' સર્વનામનો બહુમાનપૂર્વક અર્થ વ્યક્ત કરવા માટે 'આપ' શબ્દ વપરાતો થયો, એ અર્થ ફેરનું એક નોંધપાત્ર ઉદાહરણ છે.

आत्मा वै पुत्रनामासि એ ઉક્તિ દર્શાવે છે તે પ્રમાણે, **आत्मन्**નો એક અર્થ 'પુત્ર' પણ થઈ શકે. પ્રાકૃત **अत्ता** ઉપરથી વ્યુત્પન્ન થયેલો 'आता' શબ્દ જૂની ગુજરાતીમાં 'પુત્ર' અર્થમાં છે. (એને મળતો **आदा** શબ્દ શૌરસેની અસરવાળી જૈન પ્રાકૃતમાં છે, પણ ત્યાં એનો અર્થ 'અંતરાત્મા' જ છે). 'પુત્ર' અર્થમાં 'આતા' અને 'આતાજી'ના અનેક પ્રયોગ વિશ્વનાથ જનીકૃત 'પ્રેમપચીશી'માં છે. 'આતાભાઈ' વિશેષ નામ તરીકે ગુજરાત સૌરાષ્ટ્રમાં છે, ત્યાં પણ આત્માનો પ્રાકૃત **अत्ता** દ્વારા થયેલો તદ્ભવ છે.

૪. 'ભાત' એટલે ચોખા. એ શબ્દ સંસ્કૃત **भक्त** ઉપરથી પ્રાકૃત **भत्त** દ્વારા આવ્યો છે. સંસ્કૃતમાં 'બાફેલા ચોખા' તથા 'રાંધેલો ખોરાક' એ બંને અર્થો તેના થાય છે. જોકે હું ધારું છું કે 'બાફેલા ચોખા' અથવા 'ચોખા' એ એનો અર્થ વધારે પુરાણો હોવો જોઈએ. 'ખેતરમાં ભાત આપવા જવું' એ ગુજરાતી પ્રયોગમાં 'ભાત'નો અર્થ 'ખોરાક' એવો સામાન્ય છે. વળી નોંધપાત્ર એ છે કે સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ખેડૂતના ભાતમાં ચોખા ભાગ્યે હોય છે. 'ભતવારી' એટલે 'ભક્તહારી'–'પાણીહારી' (પાણિયારી)ની જેમ. મુસાફરીમાં લઈ જવાનો ખોરાક તે 'ભાતું'. જૈન પરિભાષામાં **भक्तपान**–'ભાતપાણી'નો અર્થ આહારપાણી અથવા ખાનપાન. જે પ્રજામાં મુખ્ય ખોરાક ચોખાનો હશે એની પાસેથી આ શબ્દ ઘઉં, બાજરી વગેરે મુખ્યત્વે ખાનાર પ્રજા પાસે આવ્યો હશે એવું અનુમાન થાય છે. સંસ્કૃતમાં પ્રશિષ્ટ કરતાં વધુ અંશે તે 'જૈન સંસ્કૃત'નો શબ્દ છે. મૂળે એ આર્યેતર શબ્દ હોય એમ પણ બને, કેમ કે કોઈ સંસ્કૃત ધાતુમાંથી એની વ્યુત્પત્તિ સાધવી મુશ્કેલ છે. જૈન સૂત્રોની પ્રાકૃત, જે મૂળે પૌરસ્ત્ય પ્રાકૃત છે એમાં મુખ્યત્વે બંગાળ, બિહાર જેવા પૂર્વના ભાષાવિસ્તારો, જ્યાં આર્યેતર અસર સારા પ્રમાણમાં હતી, ત્યાંથી એ આવ્યો હોય એ સંભવિત છે. જોકે આ વાત નિશ્ચિતપણે પુરવાર કરવા માટે વધુ સંશોધનની અપેક્ષા રહે છે. બંગાળીમાં 'धान' શબ્દ માત્ર 'ડાંગર' માટે વપરાય છે, એ અર્થવ્યાપારની દૃષ્ટિએ નોંધપાત્ર છે. 'ભાત'નો પર્યાય 'ચોખા' વળી શબ્દસંક્ષેપથી થયો છે. 'ચોખા' (સં. **चोक्ष**) એટલે 'સાફ'. છડેલા–સાફ કરેલા ભાત માટે **चोक्षाः व्रीहयः** કે **शालयः** એવો પ્રયોગ થાય. એમાંથી બોલચાલની સગવડ માટે માત્ર **चोक्षाः** અંગનો જ વ્યવહાર થતાં પ્રાકૃત **चोक्खा** દ્વારા 'ચોખા' શબ્દ 'ભાત' માટે વપરાતો થયો.

૫. અર્થવિકાસ કે અર્થસંકોચ થતાં શબ્દ વ્યુત્પત્તિમૂલક અર્થથી દૂર ચાલ્યો જાય છે. ગુજરાતીનો 'પોળ' શબ્દ સં. **प्रतोलि** ઉપરથી પ્રાકૃત **पओलि**, જૂની ગુજરાતી 'પોલિ' > 'પોળ્ય' દ્વારા વ્યુત્પન્ન થયો છે. (દેહલકૃત 'અભિવન ઉંઝણું'માં સંસ્કૃત મૂળને અનુસરતો 'પ્રોલિ' શબ્દ અનેક વાર મળે છે; કડી ૨૦૫, ૨૦૬, ૨૦૮). 'પોળ' એટલે 'દરવાજો'; રાજસ્થાનમાં 'પોળ' શબ્દ 'દરવાજ'ના અર્થમાં વપરાય છે. ગુજરાતમાં ત્રણ દરવાજાને 'ત્રિપોળિયું' કહે છે. મહોલ્લાની બહાર પોળ અથવા દરવાજો હોય, એથી એને પણ 'પોળ' કહેવા લાગ્યા. એ દરવાજાની અંદરનો ભાગ જેની બંને બાજુએ વસવાટનાં મકાનો હોય તે

'શેર' કે 'શેરી'. સમય જતાં 'પોળ' અને 'શેરી' એ બંને શબ્દો પર્યાય તરીકે વપરાવા લાગ્યા. 'શેરડો' (જેમકે 'પાણી શેરડે'–પાણી ભરવા જવાનો માર્ગ) એ 'શેર'નું સ્વાર્થિક રૂપ છે અને 'શેઢો' (બે ખેતરોની વચ્ચેનો માર્ગ) એનું સ્વરૂપાન્તર છે. સં. **प्रतोलि**માંથી પ્રનો લોપ થતાં તથા મૂળ શબ્દનું સ્ત્રીલિંગમાંથી પુંલ્લિંગમાં પરિવર્તન થતાં ગુજરાતી શબ્દ 'ટોલ્લો' (બારણાની ટોચની બંને બાજુઓ પરનું સુશોભિત લાકડું) થયો; બંગાળીમાં 'મહોલ્લા'ના અર્થમાં 'તોલા' શબ્દ આવે છે, એની પણ વ્યુત્પત્તિ આ છે. કોઈ વસ્તુ કે વાતને મુલતવી રાખવા માટે ગુજરાતીમાં 'ટોલ્લે મૂકવું' રૂઢિપ્રયોગ છે. એક જ મૂળ શબ્દનાં આ બે ભિન્ન રૂપો, મળતા ગણી શકાય એવા અર્થમાં બે ભગિનીભાષાઓમાં પ્રચલિત છે. આથી ઊલટું, એક જ શબ્દ મૂળમાં અને વ્યુત્પન્ન ભાષામાં બે ભિન્ન અર્થમાં પણ હોય છે. ઉદાહરણ તરીકે, સંસ્કૃતમાં **नील** એટલે 'ભૂરું', ગુજરાતીમાં 'લીલું' એટલે હરિયાળા રંગનું. સંસ્કૃતમાં કટુ એટલે 'તીખું' અને **तिक्त** એટલે 'કડવું', પણ ગુજરાતીમાં 'કડવું' અને 'તીખું' એ બંનેના અર્થો મૂળની તુલનાએ ઊલટપાલટ થઈ ગયા છે.

૬. પાટણ અને આસપાસના ખત્રીઓમાં પ્રચલિત 'ગોઠી' અટક સંસ્કૃત **गोष्ठिक** > પ્રાકૃત **गोट्ठिअ** સાથે સંબંધ ધરાવે છે, અને જૈન મંદિરોના પગારદાર પૂજારીઓને ગુજરાતમાં 'ગોઠી' કહે છે, એનું મૂળ પણ આ શબ્દમાં રહેલું છે. અમદાવાદમાં ખાડિયામાં એક પોળ 'ગોટીની શેરી' કહેવાય છે; એનું ખરું નામ 'ગોઠીની શેરી' છે, એમ એ પોળના રહેવાસી સદ્‌ગત સાક્ષર કેશલલાલ ધ્રુવે મને અંગત વાતચીતમાં કહેલું. ચૌલુક્ય સમયના અને ત્યાર પછીના કેટલાક અભિલેખોમાં **गोष्ठिक** અટક મળે છે. મિત્રવાચક 'ગોઠિયો' શબ્દ એમાંથી આવ્યો છે. (એનું સ્ત્રીલિંગ 'ગોઠણ' પણ થાય છે!) સંસ્કૃત 'ગોષ્ઠિ' એટલે 'સભા' અથવા 'મંડળી'. 'ગોષ્ઠિ'માં બેસે તે ગોષ્ઠિક. ગ્રામનગરોમાં અમુક સ્થાનોએ એકત્ર થતા પુરુષોનું મંડળ 'ગોષ્ઠિ' કહેવાયું અને એમાં બેસનારા 'ગોષ્ઠિક' તરીકે ઓળખાયા. ઉત્સવ પ્રસંગે યુવાનો જે પૈસા ઉઘરાવે એને હજી કેટલેક ઠેકાણે 'ગોઠ' કહેવામાં આવે છે. 'વાતચીત'ના અર્થનો મરાઠી 'ગોષ્ઠ' અને ગુજરાતી 'ગોઠડી' શબ્દ એ સાથે સંબંધ ધરાવે છે. આ બધા શબ્દોના મૂળમાં ગાયો અને બીજાં પશુઓના વાડાનો સૂચક **गोष्ठ** શબ્દ છે, એ ભાગ્યે જ ધ્યાન બહાર રહે તેમ છે. **गोष्ठ** આસપાસ 'गोष्ठि' રચાતી; પછી એનું શહેરીકરણ થયું. વાત્સ્યાયનના 'કામસૂત્ર'માં 'गोष्ठि'ના ઉલ્લેખો છે. 'વસુદેવ–હિંડી' જેવા પ્રાચીન ગ્રન્થમાં 'ललित गोष्ठि' અને 'दुर्ललित गोष्ठि'નાં વર્ણનો છે. ગુજરાતના જૈન મંદિરોનો વહીવટ પરાપૂર્વથી જુદાં જુદાં ગામ કે મહોલ્લાના 'गोष्ठिको' (અર્થાત્ મિત્રમંડળ) કરે છે, તેથી એના પૂજારીઓ પણ 'ગોઠી' કહેવાયા એવું અનુમાન થાય છે.

૭. √**पत्** 'પડવું' ઉપરથી **पत्र** ('જે પડે છે તે, પાંદડું') શબ્દ થયો. માત્ર વૃક્ષના પત્ર માટે જ નહિ, પણ એ શબ્દ પુસ્તકોનાં 'પત્ર' માટે પ્રયોજાયો, કેમ કે પુસ્તકો અમુક વૃક્ષોનાં પાંદડાં ઉપર લખાતાં હતાં. **पत्र** ઉપરથી થયું **पात्र**. પ્રારંભમાં માનવજાતે માટીનાં કે ધાતુનાં નહિ, પણ વૃક્ષના પત્રનાં 'પાત્ર'–પડિયા બનાવ્યાં હશે એમાં શંકા નથી. વળી લક્ષણા આગળ ચાલી. નાટકમાં ભૂમિકા ભજવનાર નટ માટે 'પાત્ર' શબ્દ

પ્રયોજાયો. જૂની ગુજરાતીમાં નર્તિકા માટે 'પાત્ર' શબ્દ વ્યાપક છે, જેના અપભ્રષ્ટ રૂપ 'પાતર'માં અર્થ હલકો પડી ગયો છે. વળી 'પાત્ર' શબ્દ સુયોગ્યતાનો પણ વાચક છે; દાન દેવા યોગ્ય વ્યક્તિને 'પાત્ર' અથવા 'સુપાત્ર' કહેવામાં આવે છે. આનાથી ઊલટું, 'કુપાત્ર' અને તેનો અપભ્રષ્ટ 'કપાતર' છે.

૮. ફારસીમાંથી ગુજરાતીમાં લેવાયેલા ઋણશબ્દ 'બુત'નો ઇતિહાસ રસપ્રદ છે, કેમ કે ફારસીએ સંસ્કૃત પાસેથી તે ઉછીનો લીધેલો છે. ફારસી 'બુત' (મૂર્તિ)નું મૂળ સંસ્કૃત બુદ્ધમાં છે. બૌદ્ધ ધર્મનો–વિશેષતઃ એની મહાયાન શાખાનો પ્રચાર ભારતની બહાર અનેક દેશોમાં થયો હતો, જેમાં ઈરાન અને અફઘાનિસ્તાનનો પણ સમાવેશ થાય છે. મૂર્તિભંજક આરબોએ જ્યારે ઈરાન ઉપર વિજય કર્યો ત્યારે ત્યાંનાં મંદિરોમાં એમણે મોટે ભાગે બુદ્ધની મૂર્તિઓ જોઈ, કેમ કે મહાયાનને બુદ્ધની મૂર્તિની પૂજા અભિમત હતી. સંસ્કૃત 'બુદ્ધ'નું 'બુત' એવું અપભ્રષ્ટ રૂપ ફારસીમાં પ્રચારમાં આવ્યું. 'બુતપરસ્ત' એટલે 'મૂર્તિપૂજક', 'બુતશિકન' એટલે 'મૂર્તિભંજક', 'બુતખાના' એટલે 'મન્દિર'. ફારસીમાંથી આ શબ્દ પ્રસ્તુત સાધારણીકૃત અર્થમાં ગુજરાતી સમેત અનેક ભારતીય ભાષાઓમાં પ્રચારમાં આવ્યો તે સાથે એનો પૂર્વજ 'બુદ્ધ' પણ વપરાશમાં ચાલુ રહ્યો. ફારસી 'બુત'ના 'બ'માં મહાપ્રાણના પ્રક્ષેપથી વ્યુત્પન્ન થયેલો 'ભુત' શબ્દ પદ્મનાભના 'કાન્હડદે પ્રબંધ' (ખંડ ૧, કડી ૧૧૫; ખંડ ૨, કડી ૧૮)માં સોમનાથ શિવલિંગ માટે પ્રયોજાયો છે.

આ શબ્દચર્ચા કેવળ ઉદાહરણાત્મક છે અને અહીં એનો વિશેષ વિસ્તાર બિનજરૂરી છે.

ગુજરાતી ભાષામાં બસો–પાંચસો વર્ષ જીવી ગયેલા સેંકડો પ્રયોગલુપ્ત શબ્દોની વિગતે નોંધ ઐતિહાસિક કોશે લેવી જોઈએ. એવા થોડાક શબ્દોની યાદી અહીં આપું–અલવેસર (સુન્દર), કર્ખવાર (સ્તુતિ), પુંતાર (હાથીનો મહાવત), સારસી (મત્ત હાથીની ચીસ), પાંડવ (અશ્વપાલ), પરીઅચિ (પડદો), ઘોડાની લાસ (ઘોડાનો સમુદાય), જેડી (વિલંબ), શ્રીકરી–સીકરી (ખુરશી જેવી બેઠકવાળી પાલખી), પડખ (રાહ જોવી), ખડોખલી (નાનો કુંડ), અંતેઉરિ (રાણી), ઊલગ (ગુ. 'ઓળગ', સેવા), ઊસર (સં. અવસર, નૃત્યસમારંભ), કૂચ (દાઢી), તલાર (કોટવાલ), ઊજાઈ (દોડે), બર્ઝકાર (સંગીતકાર), સઈર (શરીર), વંદરવાલ (સં. વન્દનમાલા, લીલાં તોરણ), સાંઈ (આલિંગન), ઉલોચ (ચંદરવો), વેઢિ (તકરાર), રવણુ (રમણીય), ગુડી (ધજા), ગુડવું (હાથીને પલાણવાની ક્રિયા), અરણુ (અરતિ), વાલિ (અશ્વશાલા), સાવટૂ (જરિયાન), ઓલવો (સંતાવાની જગા), કાષ્ઠ-ભક્ષણ (ચિતા ખડકીને બળી મરવું), ગંડ (રક્ષક), જમહર (જૌહર), દ્રૂણ (સોનાનો એક સિક્કો), રાળ (ચાંદીનો એક સિક્કો), પરધુ (એક નાનો રાજકર્મચારી), ફારકી (કિલ્લા ઉપરથી પથ્થર ફેંકવાનું યન્ત્ર) સઈફલું–સીફલું (મારણાન્તિક યુદ્ધ), બોડી (કોડી), મડધો (ટપાલ લઈ જનાર કાસદોનો ઉપરી), ઇત્યાદિ. અનેક વિષયોના પુષ્કળ અપરિચિત અને અલ્પપરિચિત પણ બહુશઃ પ્રયોગલુપ્ત શબ્દો માટે 'વર્ણક–સમુચ્ચય' (ભાગ ૨)ની સૂચિઓ જોવા ભલામણ છે. આવી યાદી લંબાવી શકાય, પણ પ્રયોગલુપ્ત ગુજરાતી શબ્દોનું સ્વરૂપ દર્શાવવા માટે આટલા નિર્દેશો પર્યાપ્ત થશે.

એક સમયે વ્યાપક પ્રચારમાં હોય, પણ કાલાન્તરે કેવળ વિશિષ્ટ સન્દર્ભમાં, ચોક્કસ જ્ઞાતિ ધંધા કે કારીગરીમાં–અને ઘણીવાર અર્થસંકોચ સાથે–ચાલુ રહેલા બહુસંખ્ય શબ્દોનું કેવળ સૂચન અહીં થઈ શકે. ભાષા અર્થાત્ તેના ભાષકો અર્થના વાહક શબ્દો પાસેથી કેવી કરકસરથી કામ લે છે, એનાં સેંકડો ઉદાહરણ એમાં મળશે. પણ એ વિષે ક્ષેત્રણ સામાન્ય વિધાનો અહીં કરું.

ભાષા વિચારો કરવાનું સાધન છે, પણ એ સાધન અપૂર્ણ છે. વાચક શબ્દ અને વાચ્ય વસ્તુ કે ભાવ એ બંને વચ્ચે પૂર્ણ સામંજસ્ય ભાગ્યે સાધી શકાય છે. સામાજિક, દેશિક અને વૈચારિક પરિવર્તનોની સાથે જે નવા વિચારો જન્મે છે તે સર્વને માટે ભાષામાં તેટલા પ્રમાણમાં નવા શબ્દો તૈયાર થતા નથી. શબ્દ એ વિચારનું વાહન છે, એટલે કોઈ વિશિષ્ટ ભાષા બોલનારાઓની વિચારસૃષ્ટિ જેટલું વિસ્તૃત એ ભાષાનું શબ્દભંડોળ હોવું જોઈએ અને પ્રત્યેક નવા વિચાર કે નવી વસ્તુ માટે ભાષામાં નવા શબ્દનું સર્જન થવું જોઈએ, એમ ઉપલક દૃષ્ટિએ મનાય. પણ વસ્તુતઃ એમ થતું નથી. નવા શબ્દો ઘડવાની પદ્ધતિ ઘણી વાર નવા વિચારો કે અર્થો વ્યક્ત કરવાને પૂરતી સમર્થ હોતી નથી, એટલું જ નહિ, પણ થોકબંધ નવા શબ્દોના ભાર નીચે ભાષકોની સ્મરણશક્તિ ચગદાઈ જવાનો ભય રહે છે. આથી માનવચિત્ત અર્થવ્યક્તિની એક સરળ પદ્ધતિનો ઘણી વાર આશ્રય લે છે; એક જ શબ્દને યથાસમય નવા સન્દર્ભમાં પ્રયોજીને તેમાં નવા છતાં મૂળથી સાવ ભિન્ન નહિ એવા અર્થનું તે આરોપણ કરે છે. વળી ભાષામાં જેટલું મહત્ત્વ બોલનારનું એટલું જ સાંભળનારનું છે. સાંભળનારનું ધ્યાન, પ્રસંગોપાત્ત સન્દર્ભને કારણે, શબ્દના વ્યુત્પત્તિમૂલક કે કોશગત અર્થ તરફ નહિ, પણ શબ્દની પાછળ રહેલા ભાષકના વિચાર પ્રત્યે જ સીધું જાય છે, અને એ રીતે અર્થનો સંકોચ કે વિસ્તાર થયાં કહે છે. અર્થાત્ નવા વિચારો અને ઘટનાઓ કે વસ્તુઓ વ્યક્ત કરવા માટે ભાષામાં જે નવા શબ્દોનો પ્રયોગ થાય છે તે સર્વ **રૂપદૃષ્ટિએ નવા** જ હોય એવું નથી; કેવળ **અર્થદૃષ્ટિએ નવા** હોય એવા શબ્દો પણ એ જ હેતુ સાધી શકે. ભાષા, એ રીતે, જ્યારે કોઈ નવા અર્થનું સર્જન કરે છે ત્યારે, મોટે ભાગે, ચાલુ શબ્દ ઉપર નવા અર્થનું આરોપણ કરે છે. ભાષાનું શબ્દભંડોળ રૂપદૃષ્ટિએ અસ્પૃષ્ટ રહેલું જણાય છે, પણ વસ્તુતઃ આ પ્રક્રિયાને પરિણામે એક નવો જ શબ્દ જન્મે છે; કેમકે નવો ધ્વનિ પ્રયોજવાનો આયાસ નિવારીને એક જ રૂપમાંથી અથવા તેના તદ્ભવોમાંથી અનેક અર્થો એ રીતે, નિષ્પન્ન થાય છે. કેટલીક વાર જૂના શબ્દોનો જીર્ણોદ્ધાર થાય છે અને જૂના શબ્દો નવા સન્દર્ભમાં પ્રયોજવાને પરિણામે એક પ્રકારનું અપ્રકટ લાઘવ સધાય છે. દરેક ભાષામાં આવાં અર્થસંક્રાન્તિવિષયક **દૃષ્ટાન્તરો** રજૂ કરતા પુષ્કળ શબ્દો હોય છે. અથવા વધારે સ્પષ્ટ રીતે કહીએ તો, જેના અર્થમાં નાનું મોટું પરિવર્તન થયું ન હોય એવો કોઈ શબ્દ ભાષામાં જડવો મુશ્કેલ છે. માનવચિત્તના જે વ્યાપારો ભાષાના શબ્દભંડોળ અને એના રોજ–બ–રોજના વિકાસ ઉપર અધિપત્ય ભોગવે છે તેમનો અભ્યાસ પણ એ સામગ્રીમાંથી થાય છે.

નિર્દિષ્ટ નવા અર્થો મુખ્યત્વે અર્થસંકોચને પરિણામે બને છે, અને અર્થસંકોચની પરાકાષ્ઠા વિશેષતઃ શાસ્ત્રીય વિષયોની પરિભાષામાં જણાય છે. અર્થસંકોચનો મુખ્ય આધાર બોલનારની સંવિવક્ષા (Emphasis) તથા આસપાસની પરિસ્થિતિ ઉપર છે, અને સાંભળ-

નારનું ચિત્ત એને અનુસરીને જ અર્થગ્રહણ માટે તૈયાર થાય છે. શાસ્ત્રીય વાઙ્મયમાં અર્થની ચોક્કસાઈ અને ઝીણવટ એ મુખ્ય પ્રયોજન છે, અને એ કારણે એમાં શબ્દોના અર્થને સુનિર્દિષ્ટ કરવા માટે મર્યાદિત બનાવવાનું અનિવાર્ય છે.

સામાન્ય શબ્દો, આ રીતે, શાસ્ત્રીય વાઙ્મયમાં કેવી રીતે વિશિષ્ટ અર્થો ધારણ કરે છે એનાં બેચાર સાધારણ ઉદાહરણો આપું. 'રસ' શબ્દના સામાન્ય વ્યવહારમાં સ્થૂલ અને સૂક્ષ્મ બંને અર્થો છે (જેમ કે 'ફળનો રસ' અને 'રસ લેવો'); અલંકારશાસ્ત્ર અને કાવ્યશાસ્ત્રમાં બીજો અર્થ છે અને વૈદકશાસ્ત્રમાં ત્રીજો (રસ = પારો) છે, જે ઉપરથી 'રસાયણ' બન્યું છે. 'ધાતુ' શબ્દનો સામાન્ય વ્યવહારમાં એક અર્થ છે, વ્યાકરણમાં બીજો અને વૈદ્યકમાં ત્રીજો છે. 'વિગ્રહ' શબ્દ વ્યાકરણમાં, રાજ્યશાસ્ત્રમાં અને મૂર્તિવિધાનમાં જુદી જુદી રીતે વપરાય છે. એક જ 'જાતક' શબ્દનો ફલજ્યોતિષમાં અને બૌદ્ધ શાસ્ત્રોમાં જુદો અર્થ છે. 'લગ્ન' સામાન્ય વ્યવહારમાં અને મુહૂર્તશાસ્ત્રમાં જુદી રીતે પ્રયોજાય છે. 'વિમાન'નો સામાન્ય અર્થ 'વાયુયાન' છે, પણ જૈન શાસ્ત્રોમાં સ્વર્ગના 'દેવતાઓના નિવાસસ્થાન' માટે તેનો પ્રયોગ છે; પણ સ્થાપત્યશાસ્ત્રમાં 'વિમાન' એટલે દેવમંદિરનો એ ભાગ કે જેના ઉપર મુખ્ય શિખર હોય છે. 'તાલ' શબ્દનો સામાન્ય વ્યવહારમાં, સંગીતમાં અને પ્રાચીન શિલ્પશાસ્ત્રમાં અર્થ જુદો છે. 'વ્યાકરણ' શબ્દમાં માત્ર 'સમજૂતી'નો મૂળ અર્થ રહ્યો નથી. વ્યાકરણમાં વપરાતા પ્રકૃતિ, પ્રત્યય, ગુણ, વૃદ્ધિ, ઉત્સર્ગ, અપવાદ, કારક, અભ્યાસ આદિ શબ્દો અર્થસંકોચ દ્વારા કેટલું અર્થવૈશિષ્ટ્ય અને અર્થવૈવિધ્ય સાધી શકાય એનાં ઉદાહરણ રજૂ કરે છે. શાસ્ત્ર અને વિજ્ઞાનને લગતા અનેક વિષયોમાં નવી પરિભાષા ઘડવાના પ્રયાસો આપણા દેશમાં થઈ રહ્યા છે ત્યારે જુદાં જુદાં પ્રાચીન શાસ્ત્રો અને વિજ્ઞાનોમાં પ્રયોજાયેલી પરિભાષાનો પૂરતો ઉપયોગ કરવો જોઈએ.

ઐતિહાસિક સિદ્ધાન્તાનુસારે રચાવા જોઈતા બૃહદ્ કોશના ભગીરથ કાર્ય—મહાભારત પ્રાયોજના માટે અનેક ભૂમિકારૂપ કામો થવાં જોઈએ. ગુજરાતી ભાષા પાસે છેલ્લાં લગભગ એક હજાર વર્ષમાં રચાયેલા સાહિત્યનો વારસો અવિચ્છિન્ન અને અવિકલ રૂપમાં છે. આધુનિક યુગમાં કોઈ પણ ભાષાને ગૌરવરૂપ થાય એવી ગદ્યસાહિત્ય અને ગદ્યકારોની તેમ જ કવિઓની તેજસ્વી પરંપરા આપણી પાસે છે. જૂના ગ્રન્થોની શાસ્ત્રીય વાચનાઓનાં તથા તે ગ્રન્થના અથવા વિશિષ્ટ યુગોના શબ્દકોશની રચનાનાં તેમ જ વિશિષ્ટ શબ્દો કે શબ્દસમૂહોના કાલાનુક્રમિક અધ્યયનનાં કામોનો સમાવેશ આમાં થાય. મુંબઈની પારસી પંચાયતે Collected Sanskrit Writings of the Parsees એ ગ્રન્થમાલા પ્રગટ કરી છે, તેમાં પારસી ધર્મગ્રન્થોના જૂના ગુજરાતી ગદ્યાનુવાદો પણ છે. વસ્તુતઃ આ પારસી 'બાલાવબોધો' છે અને શબ્દોના ઐતિહાસિક અભ્યાસ માટે અમૂલ્ય છે. જૂના ગુજરાતી સાહિત્યની જે કૃતિઓ સને ૧૯૪૦ પછી પુસ્તકાકારે મુદ્રિત થઈ છે તેમને અંતે નાની મોટી શબ્દસૂચિઓ છે, એ ઉત્સાહજનક છે. પણ સદીવાર પસંદ કરેલા અનેક જૂના ગુજરાતી ગદ્યપદ્ય ગ્રન્થોની, શબ્દસૂચિ સહ, શાસ્ત્રીય વાચનાઓ બનતી ત્વરાએ થવી જોઈએ.

ભાષાની અર્થાભિવ્યક્તિને ખિલવવામાં જેમણે નોંધપાત્ર ફાળો આપ્યો છે તે બધા

સાહિત્યકારો, કવિઓ, ગદ્યકારો અને ચિન્તકોની શબ્દસૂચિઓ (Index Verborum) થઈ શકે. ગુજરાતમાં ખાસ કરીને મધ્યકાળમાં સંસ્કૃતની એક પ્રાદેશિક શૈલી અસ્તિત્વમાં આવી હતી, જેને કેટલીક વાર 'જૈન સંસ્કૃત' અથવા 'પ્રાદેશિક સંસ્કૃત' (Vernacular Sanskrit) નામે ઓળખવામાં આવે છે. એમાં પ્રયોજાયેલા સેંકડો સંસ્કૃત શબ્દપ્રયોગોના વાસ્તવિક અર્થો ઉકેલવામાં જૂનું ગુજરાતી સાહિત્ય સહાયભૂત થાય છે તેમ જૂના ગુજરાતી શબ્દોના અર્થો નિશ્ચિત કરવામાં એ પ્રાદેશિક સંસ્કૃત ઉપયોગી થાય છે; એથી 'જૈન સંસ્કૃત'ના ગ્રન્થોના કોશો એક તરફ સંસ્કૃત અને બીજી તરફ ગુજરાતીનો અર્થવિકાસ સમજવા માટે અગત્યના છે. આ દિશામાં **Lexicographical Studies in Jain Sanskrit** (વડોદરા, ૧૯૬૨) એ ગ્રન્થરૂપે પ્રયત્ન મેં અને શ્રી જયંત ઠાકરે કર્યો છે; એ વિષે મારા બીજા કેટલાક લેખો અંગ્રેજીમાં વડોદરાના **Journal of the Oriental Institute**માં જરૂરી નોંધો સહ, શબ્દસૂચિ રૂપે, પ્રગટ થયા છે.

ગુજરાતની જુદી જુદી પ્રાદેશિક બોલીઓ, જાતિઓ, જ્ઞાતિઓ, વિવિધ વ્યવસાયો, હુન્નરો અને કારીગરીની પૂરી શબ્દાવલિઓ હજી થઈ નથી. જુદા જુદા ધંધાદારીઓ અને વ્યવસાયિકોની ગુપ્ત બોલી–'પારસી'ઓનો સંગ્રહ પણ ઉપયોગી છે, કેમ કે 'પારસી'ના મૂળમાં તો ચાલુ ભાષા અને ચાલુ શબ્દો જ છે. (ગુજરાતની સોએક 'પારસી'ઓનો સંગ્રહ કેટલાંક વર્ષ પહેલાં ડૉ. ભાનુપ્રસાદ ચોકસીએ કર્યો છે, જે અપ્રગટ છે.)

મદુરાના સૌરાષ્ટ્રી બ્રાહ્મણોની બોલીમાં, તામિલનાડુમાં વસેલા 'લંકાઈ વાણિયા' જેઓ ગુજરાતમાંથી લંકા જઈ પછી તામિલનાડુમાં વસ્યા હતા, તેમની બોલીમાં જૂની ગુજરાતીના શબ્દો ભરપટ્ટે છે; ઉત્તર પ્રદેશમાં વસેલા ગુજરાતી નાગરોની અને મધ્ય પ્રદેશમાં સ્થાયી થયેલા ખેડાવાળ બ્રાહ્મણોની બોલીમાં દોઢ–બે સદી પહેલાંની ગુજરાતીનો સંસ્પર્શ વરતાય છે. એ બોલીઓને પણ કોશકારે શબ્દોના રૂપ અને અર્થ બંને દૃષ્ટિએ લક્ષ્યમાં લેવી જોઈએ.

આવાં કામો થાય એની સાથેસાથ બૃહદ્ કોશની તૈયારી થવી જોઈએ. અંગ્રેજીના બૃહદ્ કોશના સંકલન અને પ્રકાશનને લાંબો સમય લાગ્યો અને ભારતમાં સંસ્કૃતના મહાકોશનું મુદ્રણ હજી પ્રારંભમાં છે, એથી અકળાઈને આવાં કામો આપણે હાથમાં જ ન લઈએ, એવું ન થવું જોઈએ. ગુજરાતીના મહાકોશ માટે સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને ભગિનીભાષાઓના અભ્યાસીઓ આપણી પાસે હોય તેમ ફારસી, અરબી, તુર્કી, પોર્ટુગીઝ, ડચ અને મુખ્ય દ્રાવિડી ભાષાઓના તથા ગુજરાત અને આસપાસના પ્રદેશોની આદિવાસી બોલીઓના જાણકારો પણ હોય. કોઈ પણ જીવંત અને વિકસતી ભાષાનું શબ્દભંડોળ એવી રીતે વૃદ્ધિ પામતું જાય છે કે જુદાં જુદાં શાસ્ત્રોના સાચા અને સ્પષ્ટ અર્થો આપવા માટે તે તે શાસ્ત્રોના નિષ્ણાતોની સેવાઓ આવશ્યક બને છે. પરન્તુ શાસ્ત્રોના પરિભાષિક શબ્દાર્થો પણ સામાન્ય વપરાશના શબ્દોના અર્થસંકોચથી કે બીજી સાદૃશ્યમૂલક પ્રક્રિયાઓથી નિષ્પન્ન થાય છે, એટલે એ સર્વ શબ્દાર્થોને યોગ્ય સંદર્ભ અને ક્રમમાં મૂકવા માટે, ભાષા, સાહિત્ય અને સાંસ્કૃતિક ઇતિહાસના નિષ્ણાતોની છેવટે જરૂર પડે.

ટૂંકામાં, પ્રતિબદ્ધ કાર્યકરોની એક 'ટીમ' ઊભી થાય તો, યુરોપીય ભાષાઓમાં પણ ઉત્તમ નમૂના રૂપ અંગ્રેજીનો મહાકોશ યશસ્વી રીતે પૂર્ણ થયો અને એમાં યથાસમય પૂર્તિ થતી

રહે છે, તેવું આપણી ભાષા માટે થઈ શકે. સંસ્કૃતના મહાકોશના પ્રશ્નો અંગ્રેજી અને ગુજરાતી જેવી બોલાતી ભાષા કરતાં ભિન્ન છે, પણ સંસ્કૃત કોશે નિદાન ત્રણ હજાર વર્ષનું સાહિત્ય અને અડાબીડ ચિન્તનસૃષ્ટિને સમાવવાની હતી; એનું કાર્ય પણ વહીવટ અને વિદ્વાનો અનેક પ્રશ્નો ઉકેલ્યા પછી સંતોષકારક રીતે આગળ વધી રહ્યું છે. મને વિશ્વાસ છે કે ગુજરાતીનો ઐતિહાસિક કોશ પણ યથાક્રમ સંપૂર્ણતા પામશે અને આપણી ભાષાના પ્રત્યેક શબ્દનો અર્થાત્ આપણી સમગ્ર સંસ્કૃતિ અને તેના વારાફેરાનો પ્રમાણોપેત અધિકૃત વૃત્તાન્ત, ઐતિહાસિક ક્રમે, તેમાંથી ઉપલબ્ધ થશે તથા આપણી ભાષાને કદાચ સૌથી મહત્ત્વનો સન્દર્ભગ્રન્થ તે દ્વારા સાંપડશે અને ગુજરાતીની અદ્યાવધિ સમગ્ર સંચિત શ્રી અને સંસ્કૃતિ તેમાં સુપેરે પ્રગટ થશે.

અંતમાં, વિલે પારલે ખાતે પરિષદને નિમંત્રીને ભાવભર્યું આતિથ્ય કરવા માટે સ્વાગત સમિતિના સર્વ હોદ્દેદારોનો, કાર્યકરોનો અને સ્વયંસેવકોનો સર્વ ડેલિગેટો વતી હું હૃદયપૂર્વક આભાર માનું છું.

સ્વાતંત્ર્યોત્તર ગુજરાતમાં ઇતિહાસ–સંશોધનનો વિકાસ

રમણલાલ ના. મહેતા, રસેશ જમીનદાર*

ઇતિહાસ એટલે કોઈ પણ સ્થળ–કાલના સંદર્ભમાં માનવકૃત કાર્યોના પરંપરિત, લિખિત કે/અને પારિભોગિક પુરાવાઓના ઉપલબ્ધ અવશેષોના આધારે ભૂતકાલીન ઘટનાઓનું વિશ્લેષણાત્મક અને અર્થઘટિત વર્ણન. આ પ્રકારનું વર્ણન અન્વેક્ષક/લેખકના દૃષ્ટિબિંદુ સાથે અનિવાર્યપણે સંકળાયેલું હોય છે. અને તેનો વ્યાવહારિક વિનિયોગ જે તે સમયના લોકાચાર ઉપર અવલંબે છે. સામાજિક આચારમાં થતા પરિવર્તનની અસર ઇતિહાસ–લેખનની બદલાતી ભાતમાં જોવી પ્રાપ્ત થાય છે અને તેથી ઇતિહાસવિદ્યાનાં અધ્યયનમાં તે રસપ્રદ સામગ્રી પૂરી પાડે છે.

ભારતમાંના બ્રિટિશ શાસનતંત્રનો ઇતિહાસ કાલચક્રના પૃથક્કરણની દૃષ્ટિએ રસપ્રદ વીગતો પૂરી પાડે છે. બાબુરીવંશનો પાદશાહ જહાંગીર જ્યારે ૧૬૧૮માં અમદાવાદમાં રહ્યો હતો ત્યારે તેણે ભારતીય વેપારને પ્રોત્સાહિત કરવાના શુભાશયથી અંગ્રેજોને ભારતમાં મુક્ત વેપાર કરવાનો પરવાનો આપ્યો હતો. અકબરના સમર્થ અનુગામીનું આ દૃષ્ટિબિંદુ ઈસ્વીસન ૧૭૦૭ સુધી સાચું પુરવાર થયું; પરંતુ મુક્ત વેપારની નીતિના સમર્થક અંગ્રેજોએ પાર્લામેન્ટના કાનૂન દ્વારા ઈંગ્લંડમાં પ્રવેશતા ભારતીય માલને સીમિત કરવાનાં પગલાં લીધાં. છતાં ય થોડા દાયકાઓ સુધી યુરોપ અને ભારતમાં આપણા માલની ગુણવત્તાએ પોતાનું પ્રભુત્વ જાળવી રાખ્યું. ભારતમાં થયેલા રાજકીય ફેરફારો અને સત્તા માટેનાં આંતરિક સંઘર્ષો વધ્યા, તેમાં અંગ્રેજો અને ફ્રેન્ચોને રાજકીય હસ્તક્ષેપ કરવાની તક પૂરી પાડી.

ભારતના દક્ષિણ–પૂર્વના છેડા પર આવેલા કર્ણાટકના નવાબોના કૌટુંબિક વિવાદમાં હસ્તક્ષેપથી પ્રારંભ થયો. આથી જહાંગીરની કલ્પનાના મુક્ત વેપારની નીતિ હવે પછીનાં સવાસો વર્ષમાં પલટાતી ચાલી. ૧૭૪૦થી શરૂ થયેલો રાજકીય હસ્તક્ષેપ ૧૮૪૮માં શિખોનો પરાભવ થયો ત્યાં સુધી વધતો રહ્યો. આમ પ્રથમ ભારતીય પ્રતિકાર અને ક્રમશઃ નિર્બળતા એકસો આઠ વર્ષ સુધી ચાલુ રહ્યાં. ભારતીયોને કાળા યુરોપિયનો બનાવવાના હેતુથી ભાષા અને શિક્ષણ સહિતનાં ભારતીય સંસ્કૃતિનાં ઘણાં પાસાંઓમાં હસ્તક્ષેપના પ્રયાસો યુરોપીય સત્તાઓએ ૧૮૩૨થી શરૂ કર્યા. આથી એકસો આઠ વર્ષના પ્રતિકારના પરિણામે જેમતેમ સત્તા પ્રાપ્ત કરનારા સામે ભારતીય મિજાજ સ્વયમ્ ભભૂકયો અને કંપનીરાજને હઠાવવાનો

'સ્વાધ્યાય', પુ. ૨૫, અંક ૧–૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૮૭–જાન્યુઆરી ૧૯૮૮, પૃ. ૩૭–૫૦.

* ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

૧૮૫૭નો સફળ પ્રયાસ પણ કર્યો આ કંપનીસરકારને હઠાવવાના સફળ પ્રયાસ પછી ભારત પર ઈંગ્લેન્ડનું સીધું રાજ્ય શરૂ થયું.

બ્રિટિશઆધિપત્ય હેઠળના વિસ્તારોમાં બ્રિટિશ રાજની આર્થિક શોષણની પરિપાટી ચાલુ રાખવા, તેને સુદૃઢ બનાવવા માટે બધી ભારતીય ચીજવસ્તુઓનું અવમૂલ્યન કર્યું, વહીવટી કાર્યોને જડબેસલાક અમલી બનાવ્યાં અને ઓગણીસમી સદીમાં ઉદ્‌ભવેલાં યુરોપીય મૂલ્યોને પ્રતિષ્ઠિત કરવા પ્રયત્ન આદર્યા. આના સજ્જડ પ્રતિભાવરૂપે સૌજન્યપૂર્ણ યુરોપીય માન્યતાના સહકારથી સક્રિય ભારતીય લાગણીએ ૧૮૮૫માં અખિલ હિન્દ રાષ્ટ્રીય મહાસભાની સ્થાપનાથી આંદોલનનો પ્રારંભ કર્યો. ભારતીય સંઘર્ષ શિક્ષિત ભારતીયોને સરકારમાં નોકરી આપોની મવાળ વિનંતીથી આરંભી તેની નિષ્ફળતામાંથી ક્રમશઃ સ્વરાજ અને સ્વદેશીના કાર્યક્રમોમાં પલટાયો; જેણે 'સ્વરાજ અમારો જન્મસિદ્ધ અધિકાર છે'ની બુલંદ ઘોષણા જગાવી. પછીના તબક્કે આંદોલનનું નેતૃત્વ મહાત્મા ગાંધીએ લીધું અને ૧૯૧૯ પછીથી આંદોલન જોર પકડતું ગયું તે અંગ્રેજોને ભારત છોડાવીને જંપ્યું. આ જંગમાં શુભનસીબે આંતરરાષ્ટ્રીય રાજકીય સ્થિતિ પણ અનુકૂળ રહી. પરિણામે ૧૯૪૭માં પંદરમી ઑગષ્ટે ભારત સ્વતંત્ર થયું અને ૧૯૫૦માં છવ્વીસમી જાન્યુઆરીએ પ્રજાસત્તાક સાર્વભૌમ રાષ્ટ્ર બન્યું. ટૂંકમાં, એકસો આઠ વર્ષમાં અંગ્રેજોએ જે સિદ્ધ કર્યું, તેના પ્રતિભાવસ્વરૂપે ભારતે માત્ર બાસઠ વર્ષના સમયગાળામાં પોતાનું સત્ત્વ એકવાર ફરી પ્રસ્થાપિત કર્યું.

રાજકીય સ્વતંત્રતાની સાથે સંસ્કાર-સ્વાતંત્ર્ય, આર્થિક સ્વરાજ અને આંતરરાષ્ટ્રીય સંબંધોનો વિકાસ ઇત્યાદિ પ્રવૃત્તિઓ ભારતમાં શરૂ થઈ. સ્વાતંત્ર્યઉન્મેષોના આ પ્રવાહમાં ઇતિહાસનું ખેડાણ અપવાદરૂપ કેમ રહી શકે ?

એમ સૂચવાય કે દૃષ્ટિબિંદુમાં આઝાદીપ્રાપ્તિથી થયેલા ફેરફારને લીધે ઐતિહાસિક સંશોધનની પ્રવૃત્તિઓમાં અને વિચારવલણોમાં પણ સ્પષ્ટ પરિવર્તન દેખાવા માંડયું; તે સાથે વિશ્વના બનાવોમાં ભારતનો ફાળો, સ્વાતંત્ર્યનો ઉત્સાહ, લાંબી સાંસ્કૃતિક પરંપરાઓ અને આપણી આઝાદીનાં મૂળ અંગે અન્વેષણના પ્રયાસો શરૂ થયાં.

ઇતિહાસ અને ઇતિહાસવિદ્યા વિશે જગતના વિવિધ ભાગોમાં શરૂ થયેલી સમકાલીન વિચારણાની વાંસોવાંસ ભારતીય વિચારણામાં પણ જાગૃતિ આવી, જેણે ૧૯૪૭ પછી આપણા ઇતિહાસલેખનના દૃષ્ટિબિંદુમાં વૈવિધ્ય આણ્યું. ભારતમાં ઇતિહાસક્ષેત્રે ઉદ્‌ભવેલા આ વૈવિધ્ય-પૂર્ણ વિચારબિંદુઓમાં ગુજરાતનું ઇતિહાસલેખન પણ અપવાદરૂપ ન હતું.

કોઈ એક દૃષ્ટિબિંદુથી ભૂતકાળમાં ઘટેલી ઘટનાઓ વિશે પ્રજાને અભિજ્ઞ કરવાનું એક મહત્ત્વનું કાર્ય ઇતિહાસનું છે. ભારતનું પ્રસ્તુત દૃષ્ટિબિંદુ ૧૯૪૭થી નિશ્ચિતપણે કાર્યાન્વિત થયું અને તેથી 'ઑંગ્લો-કેન્દ્રી' કે 'યુરો-કેન્દ્રી' દૃષ્ટિકોણથી લખાતા ઇતિહાસમાં પરિવર્તન આવ્યું. તેના વડે ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિના ખેડાણમાં અને અન્વેષણમાં કાર્યરત ચાલુ સંસ્થાઓને મજબૂત કરવામાં આવી અને બીજી સંસ્થાઓ સ્થાપવામાં આવી. આમ ભારતીય ઇતિહાસના સંશોધનનો દૃષ્ટિકોણ પરિવર્તન પામ્યો.

ભારતીય દૃષ્ટિકોણના સંદર્ભમાં જે સંસ્થાઓ ગુજરાતમાં સ્થપાઈ તેમાં વડોદરાની મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયના પ્રાચીન ભારતીય ઇતિહાસ અને પુરાવસ્તુવિદ્યા તથા ઇતિહાસના વિભાગોનો સમાવેશ થાય છે. તે સાથે ગુજરાત યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, દક્ષિણ ગુજરાત અને સરદાર પટેલ યુનિવર્સિટીમાં ઇતિહાસના વિભાગો સ્થપાયા; જ્યારે મહાત્મા ગાંધીએ સ્થાપેલી ગુજરાત વિદ્યાપીઠમાં પણ ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ સજીવન થયો.

સ્વરાજ્યપ્રાપ્તિ પૂર્વે ગુજરાત વિદ્યાપીઠના 'ગુજરાત પુરાતત્ત્વ મંદિર' મારફતે ભારતીય દૃષ્ટિબિંદુથી ભારતીય પરંપરાઓ અને ઇતિહાસનાં અભ્યાસ તથા સંશોધનો હાથ ધરવાની કામગીરી શરૂ થઈ હતી તે જ પ્રમાણે વડોદરાની મ. સ યુનિવર્સિટીમાં સમાવિષ્ટ પ્રાચ્યવિદ્યા મંદિર મારફતે પણ ભારતીય દૃષ્ટિકોણથી ઇતિહાસ-સંસ્કૃતિમાં સંશોધનપ્રયાસ લાંબા સમયથી હાથ ધરાયા હતા. શેઠ શ્રી ભોળાભાઈ જેસિંગભાઈ અધ્યયન સંશોધન વિદ્યાભવન અને લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર (બંને અમદાવાદમાં), ચૂનિલાલ ગાંધી વિદ્યાભવન (સૂરત) તથા દ્વારકાધીશ સંસ્કૃત અકાદમી (દ્વારકા) જેવી સંસ્થાઓએ પણ ઐતિહાસિક સંશોધનના મહત્ત્વના કાર્યમાં હાથ લંબાવ્યો. આ બધી સ્વાતંત્ર્યોત્તર સંસ્થાઓ સાથે અગાઉની પ્રાચ્યવિદ્યા મંદિર (વડોદરા), વડોદરા ચિત્રાલય-સંગ્રહાલય, હેમચંદ્રાચાર્ય જ્ઞાનભંડાર (પાટણ) તથા ભાવનગરની જેવી સંસ્થાઓએ પણ વિશિષ્ટ દૃષ્ટિકોણથી પોતાની પ્રવૃત્તિઓને ગોઠવી, જેથી ઇતિહાસ અને સંસ્કૃતિના ખેડાણમાં અને સંશોધનમાં ભારતીય દૃષ્ટિબિંદુ ક્રમશઃ વ્યાપક બનતું ગયું. આ કાર્યમાં અગાઉનાં અને સ્વાતંત્ર્યોત્તર સામયિકોનો ફાળો નોંધપાત્ર ગણાય.

સામયિકો દ્વારા વિશિષ્ટ અભિગમનો પાયો નંખાયો ગુજરાત વિદ્યાપીઠના 'પુરાતત્ત્વ' ત્રિમાસિક દ્વારા. આ સામયિક પાંચ વર્ષ ચાલ્યું પણ તેના વીસ અંકો દ્વારા ઇતિહાસ અને સંસ્કૃતિનાં વિવિધ ક્ષેત્રોમાં પ્રસ્તુત દૃષ્ટિકોણથી થયેલાં લખાણો આપણને પ્રાપ્ત થયાં છે. ગુજરાતના અલગ રાજકીય એકમની રચના પછીનાં સામયિકોમાં ૧૯૬૩ની સાલથી શરૂ થયેલાં ગુજરાત વિદ્યાપીઠનું દ્વિમાસિક 'વિદ્યાપીઠ' અને વડોદરાની પ્રાચ્યવિદ્યા મંદિરનું ત્રિમાસિક 'સ્વાધ્યાય' ઇતિહાસ-સંસ્કૃતિમાં થયેલા સંશોધનવિકાસનો પરિચય કરાવે છે. લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર તરફથી 'સંબોધિ' ત્રિમાસિક ૧૯૭૨થી શરૂ થયું, જેમાં અંગ્રેજી, ગુજરાતી, હિન્દી અને સંસ્કૃતમાં ઇતિહાસ અને સંસ્કૃતિના ક્ષેત્રે થયેલાં અન્વેષણોનાં પરિણામો અવારનવાર પ્રકાશિત થાય છે. ૧૯૮૪થી 'સામીપ્ય' નામનું ત્રિમાસિક ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન પ્રકાશિત કરે છે. ૧૯૬૧થી દ્વારકાથી 'શારદાપીઠ પ્રદીપ' અને અમદાવાદથી 'પથિક' સામયિકોમાં પણ ઇતિહાસવિષયક લખાણો પ્રગટ થતાં રહ્યાં છે. ગુજરાત યુનિવર્સિટીના મુખપત્ર 'વિદ્યા'માં, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મુખપત્ર 'વાફ્'માં (જે હવે બંધ થયું છે), સરદાર પટેલ યુનિવર્સિટીના મુખપત્ર 'વલ્લભવિદ્યાનગર સંશોધનપત્રિકા'માં, તથા મ. સ. યુનિવર્સિટીના સામયિકમાં ઇતિહાસ-સંશોધનનાં લખાણો યથાવકાશ પ્રસિદ્ધ થતાં હતાં. પ્રાક્-સ્વરાજકાલનાં વડોદરાના ચિત્રાલય-સંગ્રહાલયના મુખપત્રમાં, સૂરતના ચૂનિલાલ ગાંધી વિદ્યાભવનના સામયિકમાં અને ગુજરાત વિદ્યાસભાના 'બુદ્ધિપ્રકાશ'માં પણ કયારેક કયારેક ઇતિહાસના લેખો પ્રકાશિત થતા હતા. 'અખંડ આનંદ',

'કુમાર' અને 'સંસ્કૃતિ' જેવાં સામયિકોમાં અનુકૂળતાએ ઇતિહાસના લેખો પ્રગટ થતા રહ્યા છે. 'કુમાર' અને 'સંસ્કૃતિ' હવે બંધ થઈ ગયાં છે. 'વિદ્યાપીઠ'નું પ્રકાશન પણ નવે સ્વરૂપે બહાર પડશે.

ઇતિહાસના સંશોધન અને અભ્યાસના વિકાસમાં ૧૯૬૦માં સ્થપાયેલી સંસ્થા 'ગુજરાત ઇતિહાસ પરિષદ'નો ફાળો મહત્ત્વનો છે. આ સંસ્થા દ્વારા ઇતિહાસ અને સંસ્કૃતિના ખેડાણમાં લોકભાગ્યે પાસાંનો ઉમેરો થયો છે. ઇતિહાસાલેખનમાં ઉપયોગી સાધનસામગ્રીને આવરી લેતી 'ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિ' શ્રેણીનું પ્રકાશન આ સંસ્થાનું મહત્ત્વનું પ્રદાન છે. એનાં અધિવેશનો અને જ્ઞાનસત્રો મારફતે ઇતિહાસના અભ્યાસને લોકપ્રિયતા પ્રાપ્ત થઈ છે. આ સાથે 'સૌરાષ્ટ્ર–કચ્છ ઇતિહાસ સંશોધન સભા' (રાજકોટ) અને 'ગુજરાત મુદ્રા પરિષદ' (વડોદરા) મારફતે પણ ઇતિહાસ–સંસ્કૃતિમાં ખેડાણ થાય છે. જો કે આ બંને સંસ્થાઓનું વ્યક્તિત્વ હજી બંધાયું નથી.

બૃહદ મુંબઈ રાજ્યનું દ્વિભાજન થતાં ૧૯૬૦માં સ્થપાયેલ ગુજરાત રાજ્યમાં અગાઉની દફ્તરકચેરીઓને ભેળવી દેવાઈ અને ૧૯૮૦માં પૂરા સમયના નિયામકની દેખરેખ હેઠળ અલગ 'રાજ્ય દફ્તર ભંડાર'ની સ્થાપના થઈ. આ ખાતા તરફથી 'રાજદફ્તર' નામનું છ માસિક બુલેટીન ૧૯૮૬થી શરૂ થયું છે જેમાં દફ્તરો અંગેના લેખો, દફ્તરભંડારની પ્રવૃત્તિઓ વગેરેનો સમાવેશ થાય છે. રાજ્યની અલગ રચના સાથે સ્થપાયેલા રાજ્ય પુરાતત્ત્વ ખાતા તરફથી પુરાવસ્તુકીય સામગ્રીની સ્થળતપાસનાં કાર્યો હાથ ધરાતાં રહ્યાં છે પણ એણે હજી જરૂરી કાઠું ઉપસાવ્યું નથી.

આમ, આ બધી સંસ્થાઓની સ્થાપનાને લીધે તથા સામયિકોના પ્રકાશનને કારણે ઇતિહાસ–સંશોધનમાં પરિવર્તનનો પવન ફૂંકાયો. આઝાદી પૂર્વે ઇતિહાસનું ખેડાણ ઘણું ઓછું અને ઓછું થતું હતું, પણ સ્વરાજપ્રાપ્તિ પછી એમાં ફુદકે–ભૂસકે પ્રગતિનો પગથાર વિસ્તરતો ગયો.

ઐતિહાસિક સંશોધનનો પ્રારંભ ડૉ. હમેન ગોએત્ઝ, ડૉ. ઉમાકાન્ત શાહ, ડૉ. રમણલાલ ના. મહેતા, ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, ડૉ. મંજુલાલ મજમુદાર જેવા કેટલાક ઇતિહાસવિદોએ કર્યો. જો કે પ્રા. કેશવલાલ કામદાર, રત્નમણિરાવ ભીમરાવ, અમૃત વસંત પંજ્યા, શંભુપ્રસાદ દેસાઈ જેવા કેટલાક ઇતિહાસરસિકોએ ઇતિહાસનું ખેડાણ કરેલું પણ તેમાં સંશોધનપદ્ધતિ અને અર્થઘટનનો ઝોક પ્રમાણમાં ઓછો હતો અને સારું સંચયન થતું હતું. આ બધાનાં લખાણોનો નિર્દેશ કરવા વધુ જગ્યા જોઈએ. ખાસ કરીને ભૂમિમાં ભંડારાયેલા પદાર્થોના અવશેષોની તપાસનો આરંભ વડોદરા શહેર અને તેની આસપાસના વિસ્તારથી થયો, જેણે ઇતિહાસના અભ્યાસના પરિમાણમાં પરિવર્તન આણ્યું. વડોદરા નજીકના અંકોટક (અકોટા)માંથી મળેલો ધાતુનો જૈનશિલ્પોનો નિધિ આ દિશામાં નોંધપાત્ર પ્રદાન ગણાય. ઉપરાંત વડોદરાની મ. સ. વિશ્વવિદ્યાલયના પુરાવસ્તુવિદ્યા વિભાગ તરફથી હાથ ધરાયેલાં સ્થળતપાસ અને ઉત્ખનનના અહેવાલોએ પણ ઐતિહાસિક સંશોધનમાં અને વિશેષ કરીને તેની પદ્ધતિમાં ભોં ભાગવાનું કાર્ય કર્યું છે. આમ ઇતિહાસના અભ્યાસમાં પુરાવશેષોને ધ્યાનમાં લેવાનું ક્ષેત્ર વિકસ્યું.

જો કે વડોદરા રાજ્યના પુરાતત્ત્વ ખાતા અને પૂણેની ડેક્કન કૉલેજના પુરાવિદો દ્વારા આ પદ્ધતિએ સંશોધનકાર્ય થતું હતું. પંડિત ભગવાનલાલ ઇન્દ્રજી, દત્તાત્રેય બાલકૃષ્ણ ડિસકળકર જેવા વિદ્વાનોએ પ્રારંભેલ પ્રસ્તુત પ્રવૃત્તિ હવે વિકસવા લાગી. આ વિદ્વાનોનાં લખાણો બધાં અંગ્રેજીમાં હતાં, પરન્તુ એણે પુરવાર કર્યું કે ગુજરાતને પોતાનો કલાવારસો છે, દૂરસુદૂરના આંતરરાષ્ટ્રીય સંબંધો છે અને બૃહદ્-ભારતીય વિકાસમાં પ્રદાન પણ છે. વેપાર-વાણિજ્ય અને બીજી પ્રવૃત્તિઓમાં ગુજરાતનો ફાળો સુસ્પષ્ટ થયો.

પ્રાગૈતિહાસિક અને આદ્યૈતિહાસિક સમય અંગે સ્થળતપાસની પ્રવૃત્તિનો થયેલો ઝડપી વિકાસ ગુજરાતની ઐતિહાસિક વિદ્વત્તાનો મહત્ત્વનો પુરાવો છે. ૧૯૪૭માં વિશાળ ભારતનું દ્વિભાજન થતાં હડપ્પા, મોહેન્જોદડો અને સિંધુ સંસ્કૃતિની આવી અન્ય જગ્યાઓ પાકિસ્તાનમાં જતાં આ સંસ્કૃતિના અવશેષો ગુજરાતમાં શોધવા સક્રિય પ્રયાસો થયા, જેના અહેવાલો 'ઇન્ડિયન આર્કિયોલૉજી-એ રીવ્યુ'ના અંકોમાં પ્રગટ થયા છે અને ડૉ. એસ. આર. રાવ, ડૉ. ડી. આર. પોર્સલ અને અન્ય વિદ્વાનોનાં લખાણોમાં એની વીગતો મળે છે. આ પ્રયાસનું મહત્ત્વનું પરિણામ તે લોથલનું ઉત્ખનન. સંશોધનની આ દિશા ફળદાયી નીવડી અને આ સમયની સંખ્યાબંધ ગ્રામ-નગર-વસાહતો શોધી શકાઈ અને પરિણામે આ સમયના ગુજરાતના ઇતિહાસમાં વિશિષ્ટ પ્રકાશ પથરાયો.

અંગ્રેજીમાં પ્રકટ થયેલાં આ અન્વેષણનાં પરિણામોએ વિદ્વત્જગતમાં ગુજરાતની સંસ્કૃતિનાં ઐતિહાસિક પાસાંને પારદર્શક રીતે મૂકી આપ્યાં. જો કે પ્રાક્-સ્વરાજકાલની અને અનુસ્વરાજકાલની શિક્ષણસંસ્થાઓએ ગુજરાતી માધ્યમ મારફતે અધ્યાપન અને સંશોધનની પ્રવૃત્તિઓ આરંભી, જેનાં કેટલાંક દૂરગામી પરિણામો ઇતિહાસના ક્ષેત્રમાં જોવાં પ્રાપ્ત થયાં. આપણા દેશમાં અન્ય રાજ્યોની જેમ ગુજરાતમાં શિક્ષણનું માધ્યમ ગુજરાતી હોઈ મોટા ભાગના વિદ્યાર્થીઓ, જે ઇતિહાસ જેવા સમાજવિદ્યાના વિષયો ભણે છે, તે ગુજરાતી માધ્યમ સ્વીકારે છે. આ વૃત્તિને કારણે ઇતિહાસના ગ્રંથો ગુજરાતીમાં ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓ માટે લખાવા લાગ્યા. ખાનગી પ્રકાશકો, વિશ્વવિદ્યાલયો અને યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ તરફથી ઇતિહાસ-સંસ્કૃતિના ગ્રંથો ગુજરાતીમાં પ્રગટ થવા લાગ્યા. ગ્રંથનિર્માણ બૉર્ડ તરફથી આશરે પચાસ પાઠ્યપુસ્તક ગ્રંથો પ્રગટ થયા છે. પ્રાચ્યવિદ્યા મંદિર અને ગુજરાત યુનિવર્સિટી તરફથી પણ આ વિષયનાં પુસ્તકો પ્રગટ થયાં છે. વલ્લભવિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીએ 'જ્ઞાનગંગોત્રી' નામની લોકભોગ્ય શ્રેણી પ્રગટ કરી છે, તેમાં પણ આ વિષયના કેટલાક ગ્રંથો પ્રસિદ્ધ થયા છે. ગુજરાત વિદ્યાપીઠના ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ તરફથી છેલ્લા દોઢ દાયકા દરમ્યાન પ્રસ્તુત વિષયમાં અન્વેષણ કક્ષાનાં પાયાનાં પુસ્તકોનું પ્રકાશન થયું છે. ખાનગી પ્રકાશકો સ્થાનિક લેખકોને આશ્રય આપી પાઠ્યપુસ્તકો તૈયાર કરાવી પ્રસિદ્ધ કરે છે. આ લેખકો મુખ્યત્વે કૉલેજશિક્ષકો હોય છે. પુસ્તકના વ્યાપક પ્રચાર માટે જુદી જુદી કૉલેજોના ચાર-પાંચ લેખકો ભેગા મળીને એક પુસ્તક લખે છે અને પ્રકાશક તે છાપે છે. કયારેક આવા સહકારી પ્રયાસથી પુસ્તકની ગુણવત્તા થોડી વધે છે. આ પુસ્તકો માટેના અભ્યાસક્રમ દરેક યુનિવર્સિટીની અભ્યાસસમિતિઓ તૈયાર કરે છે. સમિતિમાંના કેટલાક અધ્યાપકો લેખકો તરીકે પ્રકાશકો સાથે સંકળાયેલા હોય છે.

વિષયના વિકાસ માટે અધ્યયન અને અધ્યાપનની કક્ષા ઊંચી લાવવા માટે થતી ચર્ચાઓ આવકાર્ય બની છે, જેથી પણ આ વિષયના સંશોધનમાં જરૂરી ફેરફારો અમલી બન્યા છે. બ્રિટિશ ઇતિહાસ અને બ્રિટિશ બંધારણના અધ્યાપન વિના ઇતિહાસ શીખવાય જ નહીં એ મનોવૃત્તિમાં હવે પરિવર્તન આવ્યું છે અને ઇતિહાસની વિભાવના વિશેષ વ્યાપક બની છે. ગુજરાતનાં વિશ્વવિદ્યાલયોના ઇતિહાસ અને સંસ્કૃતિ વિષયોના અભ્યાસક્રમોના તુલનાત્મક અવલોકનથી આ બાબતની પ્રતીતિ થાય છે. કેટલાક વિષયોનું વિશિષ્ટ અધ્યયન પણ અમલી બન્યું છે. મ. સ. વિશ્વવિદ્યાલયના ઇતિહાસ વિભાગે કૃષિચળવળ, ખેડૂતઆંદોલનો, મહેસૂલ અને વેપાર જેવા મુદ્દાઓને અભ્યાસક્રમમાં આમેજ કર્યા છે. આ મુદ્દાઓ સોળમી સદીથી આવરી લેવાયા છે. ગુજરાત યુનિવર્સિટીના ઇતિહાસ વિભાગે સામાજિક અને આર્થિક ઇતિહાસ ઉપર વિશેષ ઝોક આપ્યો છે. ગુજરાત વિદ્યાપીઠનો ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ હિન્દી સ્વાતંત્ર્યસંગ્રામ અને ગામ–નગરોના સાંસ્કૃતિક અભ્યાસ તથા દફ્તરોના અભ્યાસ તરફ વિશેષ ધ્યાન આપે છે. ગુજરાત વિદ્યાપીઠ હવે દફ્તરવિદ્યાનો પૂર્ણ સ્વરૂપનો તાલીમી અભ્યાસક્રમ પણ ૧૯૮૨થી શીખવે છે.

એશિયા, આફ્રિકા, અમેરિકા જેવા ખંડો અને રશિયા ચીન જપાન તથા અન્ય રાષ્ટ્રોના ઇતિહાસ અભ્યાસક્રમના ભાગ બન્યા છે અને પરિણામે આ વિશે પાઠ્યપુસ્તકો ગુજરાતીમાં પ્રગટ થયાં છે. ધ્યાનાર્હ મુદ્દો એ છે કે ભારતીય ઇતિહાસનું શિક્ષણ હવે વ્યાપક બન્યું છે. આથી ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિના વિવિધ સમયખંડોને આવરી લેતા પાઠ્યક્રમો યુનિવર્સિટીઓમાં અમલી બન્યા છે અને તેથી તે તે કાલખંડોમાં સંશોધનો કરવા તરફ અધ્યેતાઓનું ધ્યાન કેન્દ્રિત થયું છે.

આમ એક તરફ ઇતિહાસના અભ્યાસમાં પરિવર્તન શરૂ થયું છે જે પ્રોત્સાહક છે તો બીજી તરફ આ ફેરફારનો સક્રિય વિરોધ નિરાશા ઉપજાવે છે. મુખ્યત્વે વિરોધી બળો છે પ્રકાશકો અને એમના આશ્રિત લેખકો. આ વિરોધનું અને એની ધારી અસરનું એક કારણ એ છે કે મોટાભાગની ઇતિહાસવિષયક અભ્યાસસમિતિઓમાં આવા લેખકો સભ્યપદે છે જેઓ પરિવર્તનને આવકારતા નથી. આથી ઇતિહાસનિરૂપણમાં કેટલાક પ્રવાહો સ્પષ્ટ જોવા મળે છે.

સ્વાભાવિક છે કે જ્યારે કોઈ વિષય અભ્યાસક્રમમાં આમેજ કરાય છે ત્યારે જરૂરિયાતને પહોંચી વળવા અંગ્રેજી કે હિન્દીમાંથી ગુજરાતીમાં અનુવાદની પ્રવૃત્તિ શરૂ થાય છે. આ પ્રવૃત્તિ પાઠ્યપુસ્તકો માટે હોઈ તેનું લખાણ અભ્યાસક્રમકેન્દ્રી હોય છે અને માહિતીપ્રધાન હોય છે. ઐતિહાસિક વિચારણાને કે સંશોધનને એમાં અવકાશ હોતો નથી. તેનો એક માત્ર હેતુ પરીક્ષા માટે વિદ્યાર્થીઓને કેવળ સહાયરૂપ થવાનો છે. ખાસ કરીને ખાનગી પ્રકાશકોના ગ્રંથોમાં આ લક્ષણ સવિશેષ જોવા મળે છે. આ ગ્રંથો પાઠ્યપુસ્તકો અને માર્ગદર્શિકાઓનું સ્વરૂપ ધારણ કરે છે!

પરીક્ષાકેન્દ્રી વિદ્યાર્થીઓનું હિત સાચવવાનું બંને પ્રકારનું ધ્યેય હોય છે. પાઠ્યપુસ્તકોમાં અભ્યાસક્રમના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને પ્રકરણોનું આયોજન કર્યું હોય છે, ક્યારેક પેટાશીર્ષકો જોવા મળે છે. પાદનોંધ જવલ્લેજ જોવી પ્રાપ્ત થાય છે. સંદર્ભગ્રંથો પણ જોવા મળતા નથી.

વિશેષવાચન માટે પુસ્તકોની અવ્યવસ્થિત સૂચિ સામેલ હોય છે. જો કે આ સૂચિ શોભા પૂરતી હોય છે; કારણ કે વિદ્યાર્થીઓ એ સૂચિમાંથી ભાગ્યે જ કોઈ પુસ્તક વાંચતા હોય છે. ઘણીવાર તો લેખક-લેખકો આ વાચનસામગ્રીના વિષયવસ્તુથી અનભિજ્ઞ હોય છે.

ખાનગી પ્રકાશકોનાં પુસ્તકોની સરખામણીએ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડના ગ્રંથોનું ચિત્ર પ્રમાણમાં સારું હોય છે; કારણ બોર્ડ દ્વારા લેખકને જે તે વિષય ઉપર ગ્રંથ લખવા નિમંત્રણ અપાય છે. એની પાસે રૂપરેખા મંગાવાય, જેને વિષયનિષ્ણાત ચકાસી સૂચનો કરે છે, તે પછી લેખક ગ્રંથ તૈયાર કરે છે, જેને પરામર્શક તપાસે છે અને તેમની સૂચના મુજબ જરૂરી ફેરફાર પછી લખાણ પ્રગટ થાય છે. બોર્ડના ગ્રંથો રાજ્યની બધી યુનિવર્સિટીઓના અભ્યાસ-ક્રમને આવરી લેતા હોઈ એનું લખાણ વિશદ બને છે અને વધુ મુદ્દાઓ આમેજ થાય છે. કેન્દ્ર સરકારની સહાયથી આ ગ્રંથો પ્રકાશિત થતા હોઈ ઓછા મૂલ્યે પ્રમાણમાં ગુણવત્તાવાળાં પુસ્તકો તૈયાર થાય છે. યુનિવર્સિટીઓ તરફથી પ્રગટ થતા ગ્રંથો માટે પણ લગભગ આ પદ્ધતિ હોઈ તેનું ધોરણ પણ ઊંચું હોય છે. બોર્ડના ગ્રંથોનો આશય પાઠ્યપુસ્તક તૈયાર કરવાનો હોય છે, જ્યારે યુનિવર્સિટીના ગ્રંથો સંશોધન કક્ષાના હોય છે.

જો કે વ્યવહારમાં પરિસ્થિતિ એ છે કે બોર્ડ અને યુનિવર્સિટીના ગ્રંથો બજારની પરિસ્થિતિમાં હરીફાઈ કરી શકતા નથી. ગામડાંઓમાં મુખ્યત્વે ખાનગી પ્રકાશકો પ્રભુત્વ ધરાવતા હોય છે તથા ગ્રંથલેખકો જે તે કૉલેજમાં પોતાનાં પુસ્તકોની જ હિમાયત કરે છે. આથી પ્રચારના અભાવે તથા કિંમતને કારણે બોર્ડ અને યુનિવર્સિટીના ગ્રંથોનું વેચાણ ઓછું રહે છે. પરિણામે ગ્રંથોનો ભરાવો થાય છે અને તેથી બીજા ગ્રંથો પ્રગટ થતા નથી.

અનુસ્નાતક અને અન્વેષણ કક્ષાએ ઇતિહાસના અભ્યાસક્રમ અને અભિગમમાં ઠીક ઠીક પરિવર્તન આવ્યું હોઈ ગ્રંથપ્રકાશન પણ ઊંચી ગુણવત્તાવાળું અને વૈવિધ્યવાળું થતું જાય છે. અનુસ્નાતક કક્ષાએ પણ અભ્યાસસમિતિઓ અભ્યાસક્રમ તૈયાર કરતી હોઈ સ્વહિત જોનારા સભ્યો મારફતે પરિવર્તનનો વિરોધ થતો રહે છે. જ્યારે સંશોધન કક્ષાએ વ્યક્તિગત પ્રભાવ વિશેષ હોઈ પરિવર્તન અને વિશિષ્ટતા બંનેમાં નોંધપાત્ર ફેરફારો જોઈ શકાય છે. આ કક્ષાએ નિરૂપણ માટે મૂળ સાધનો તપાસવા માટેનો ઝોક વધતો જાય છે. ઇતિહાસના અન્વેક્ષિત લેખોનું અવલોકન કરતાં આ બાબતની પ્રતીતિ થાય છે. ઇતિહાસના નામે કેવળ કથાઓના સંગ્રહની મનોવૃત્તિમાંથી બહાર આવી વધુને વધુ ઇતિહાસજ્ઞો મૂળ સામગ્રીના વિનિયોગ તરફ વળ્યા છે. ગુજરાત ઇતિહાસ પરિષદનાં અધિવેશનમાં રજૂ થતા નિબંધોમાં આનો પ્રત્યય થાય છે. અર્થાત્ મૂળ સાધનોની ઉપયોગી ઐતિહાસિક સમજ કેળવવા એનું અર્થઘટિત મૂલ્યાંકન હવે થતું જોવા મળે છે. જો કે આ એક આશાયેશ આપતો પ્રવાહ હોવા છતાં મૂળ સાધનોને તપાસવાની અણ-આવડત અથવા તાલીમના અને જૂની ભાષાની જાણકારીના અભાવે કે પુરાવસ્તુઓ રૂપી સામગ્રીના અધ્યયનના અભાવે નિરૂપણનું ધોરણ ઉપસતું નથી. આ ખોટને લીધે ઇતિહાસના અભ્યાસ માટેના વિષયો અઢારમી-ઓગણીસમી સદીથી પસંદગી પામે છે. તે સમય પહેલાંની ઘટનાઓ અન્વેષણ તરીકે હાથ ધરાતી નથી. મૂળભૂત સાધનોને ઉપયોગવાની અશક્તિને કારણે શોધ-નિબંધો પણ મુખ્યત્વે અઢારમી સદી પૂર્વેના સમય વિશે ખાસ તૈયાર થતા નથી. અધિવેશનોમાં

પૂર્વકાલના વિષયોને આવરી લેતા નિબંધોનું પ્રમાણ ઓછું હોય છે. પરિસંવાદોમાં પણ તેથી આધુનિક સમયના વિષયો ચર્ચા માટે પસંદ થાય છે. અલબત્ત આ બંને તબક્કે રજૂ થતા નિબંધો ઊંચી ગુણવત્તા ધરાવે છે અને કેટલાક કિસ્સાઓમાં તો નિબંધોનું નિરૂપણ દેશના કોઈ ભાગમાં થતાં નિરૂપણોથી જરાય ઉતરતું હોતું નથી. અપવાદરૂપ નિબંધો તો આંતરરાષ્ટ્રીય સ્તરના હોય છે. આ એક તંદુરસ્ત પ્રણાલિકા છે, જે દ્વારા વિષયના ઊંડાણનું ચિત્ર ઉપસે છે. અર્થાત્ સ્થળ–કાલના સંદર્ભે સીમિત વિષયોની પસંદગીથી સંશોધનનું સ્તર ઊંડાણવાળું થતું જાય છે. પરિણામે લઘુઅભ્યાસો,–જેવા કે ઘટના કે પ્રસંગકેન્દ્રો, સમાજ–ધર્મ–સુધારણાના પ્રયાસ પરત્વે, કોઈ વસાહત વિશે કે એકાદ શિલ્પ કે ઈમારત કે પુરાવસ્તુકીય સ્થળ વિશે,–વધુ પ્રમાણમાં તૈયાર થવા માંડ્યા છે. આ પ્રવૃત્તિ નાના–મોટા નિબંધસ્વરૂપે, મોનોગ્રાફ તરીકે કે ક્યારેક અખબારો દ્વારા પ્રજાપ્રત્યક્ષ થતી હોય છે. ઇતિહાસની સમજણ વિશેની જાગરૂકતા આવી પ્રવૃત્તિમાં જોવા મળે છે. ગુજરાત ઇતિહાસ પરિષદની સંદર્ભસૂચિ ગ્રંથ ૮માં સંગૃહીત લેખસૂચિના અવલોકનથી આ સ્પષ્ટ થાય છે.

ઇતિહાસની સમજણને વ્યાપક રૂપ આપવામાં કે ઇતિહાસનાં અન્વેષણોને પ્રજાપ્રત્યક્ષ કરવામાં પ્રચારમાધ્યમો બે બાબતે ઊણાં ઉતરે છે : એક તો, એમને ઇતિહાસના અન્વેષણને સમાચારરૂપે કે વિશિષ્ટ લેખરૂપે રજૂ કરવામાં રસ નથી. અને બીજું જ્યારે ઇતિહાસની બાબતો તેઓ રજૂ કરે છે ત્યારે છેલ્લામાં છેલ્લાં અન્વેષણો કે અભિગમો કે પ્રવાહોને ધ્યાનમાં લીધા વિના રજૂ કરે છે. આથી અન્વેષણનાં અંતિમ પરિણામો અને સમાજમાં ઇતિહાસના પ્રચાર વચ્ચે મોટી ખાઈ જોવા મળે છે. અન્વેક્ષકો, પ્રાધ્યાપકો અને અન્વેષણસંસ્થાઓ તરફથી ઇતિહાસના મોટા ગ્રંથો પ્રસિદ્ધ થાય છે ત્યારે એનું અવલોકન સૂચવે છે કે તેમાં વિષયવૈવિધ્ય ઘણું જોવું પ્રાપ્ત થાય છે.

અધ્યાપન અને અન્વેષણ માટે હવે રાજકીય ઇતિહાસ કે રાજવંશોના અભ્યાસનું મહત્ત્વ ઝડપથી ઘટી રહ્યું છે. તેને સ્થાને આઝાદીની લડતનાં વિવિધ અંગો વિશેના અભ્યાસો વ્યાપક બનવા લાગ્યા છે. પ્રસ્તુત વિષયોનાં શોધપરિણામો લેખો, પુસ્તિકાઓ, શોધનિબંધો અને મોટા ગ્રંથો મારફતે આપણને ઝડપથી મળવા લાગ્યાં છે. ઉપરાંત મોટા પ્રકલ્પ પણ આ વિષયોમાં હાથ ધરાય છે. બધાની યાદી શક્ય નથી પરન્તુ થોડાકનો નિર્દેશ કરીએ. ડૉ. મકરન્દ મહેતાનો 'રણછોડલાલ છોટાલાલ અને અમદાવાદ કાપડઉદ્યોગ–પ્રયોજકીય ઇતિહાસના સંદર્ભે–એક અધ્યયન' પીએચ.ડી.નો શોધનિબંધ; ડૉ. શિરિન મહેતાનો 'બારડોલી સત્યાગ્રહ–રાષ્ટ્રીય આંદોલનના સંદર્ભમાં ખેડૂતચળવળનું અધ્યયન' વિશે પીએચ.ડી.નો શોધનિબંધ; 'ગુજરાતમાં શ્રી સ્વામિનારાયણપ્રબોધિત સામાજિક ધોરણો અને નૈતિક મૂલ્યો' વિશેનો ડૉ. રસેશ જમીનદારનો લેખ, 'વડોદરા રાજ્ય પ્રજામંડળ' વિશે ડૉ. પંકજકુમાર દેસાઈનો વિદ્યાવાચસ્પતિનો શોધનિબંધ, 'આરઝી હકૂમત' વિશેના ડૉ. શશિન જાની અને જયસુખભાઈ સોઢાના શોધનિબંધો, 'લીંબડી રાજ્યનો ઇતિહાસ' નામનો ડૉ. મુગટલાલ બાવીસીનો શોધનિબંધ; 'સાબરકાંઠા જિલ્લાનું સ્વાતંત્ર્યસંગ્રામમાં પ્રદાન' નામનો ડૉ. મહેશચંદ્ર પંડ્યાનો વિદ્યાવાચસ્પતિનો શોધનિબંધ આધુનિક ભારતીય ઇતિહાસમાં થયેલાં સંશોધનોના થોડા નમૂના

માત્ર છે. ગાંધીજીસ્થાપિત નવજીવન સંસ્થાએ અંગ્રેજી, હિન્દી અને ગુજરાતીમાં 'ગાંધીજીના અક્ષરદેહ'ના સંખ્યાબંધ ગ્રંથો પ્રકાશિત કર્યા છે. રાજ્ય સરકારના માહિતી ખાતા તરફથી પણ ગુજરાતના સત્યાગ્રહો વિશેની લોકપ્રિય પુસ્તિકાઓ પ્રકાશિત થઈ છે. સૂરત સંગ્રામસમિતિએ આઝાદીની લડત અંગે એક ગ્રંથશ્રેણીનું પ્રકાશન કર્યું છે. ગુજરાત વિદ્યાપીઠનો ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ વિદ્યાર્થીઓ પાસે રાષ્ટ્રીય સ્વાતંત્ર્યસંગ્રામના શોધનિબંધો તૈયાર કરાવે છે. રાજ્ય દફ્તર ભંડાર અને ગુજરાત યુનિવર્સિટીના ઇતિહાસ વિભાગ તરફથી 'ઓરલ હિસ્ટરી' પ્રોજેક્ટ હેઠળ સ્વાતંત્ર્યસેનાનીઓનાં સંસ્મરણો ધ્વનિમુદ્રિત થાય છે.

આઝાદીની લડત ઉપરાંત ઇતિહાસજ્ઞોનું ધ્યાન વધારે આકર્ષાયું છે તે છે સમાજ-પરિવર્તન. ઓગણીસમી-વીસમી સદી દરમ્યાનના બદલાતી સામાજિક વર્તન-વલણની ભાતનું દફ્તરોમાંથી પ્રાપ્ત ચિત્રનું સંશોધન વિશેષરૂપે રસપ્રદ બન્યું છે. આ પ્રકારનાં સંશોધનોમાં જ્ઞાતિબંધારણ જ્ઞાતિઓના પરસ્પર સંબંધો, સ્ત્રીઓનો સામાજિક દરજ્જો અને તેમની સ્થિતિ, જાહેર જીવનના કાર્યક્રમોમાં સ્ત્રીઓની ભાગીદારી જેવી બાબતોનો સમાવેશ થાય છે. સતીપ્રથા, દૂધપીતી કરવાનો રિવાજ, વિધવાવિવાહ જેવાં દૂષણોનું અધ્યયન પણ થવું શરૂ થયું છે. ગુજરાતનાં વિશ્વવિદ્યાલયોના ઇતિહાસ વિભાગના અનુપારંગત અને વિદ્યાવાચસ્પતિના શોધ-નિબંધોની સૂચિ આ પરત્વે રસપ્રદ માહિતી પૂરી પાડશે.

ધ્યાનાર્હ બાબત તો એ છે કે સમાજશાસ્ત્ર, આદિવાસી જેવી બાબતો અંગેના તત્કાલીન-સમકાલીન અભ્યાસો હવે ઐતિહાસિક અને બહુકાલીન સંશોધન તરફ વળ્યાં છે. આ પરિવર્તનથી ઇતિહાસવિદ્યાનું ક્ષેત્ર વિસ્તર્યું છે અથવા સામાજિક સંશોધનોમાં ઐતિહાસિક અભિગમ હવે અંતરંગ પાસું બનવા લાગ્યું છે. પ્રજાઓનાં સ્થળાંતરો અને તેમની વર્તમાન સ્થિતિ વિશે ઐતિહાસિક દૃષ્ટિએ સંશોધન થવું શરૂ થયું છે. કુંભારો વિષેના આવા અભ્યાસોથી પુરવાર થયું છે કે ગ્રામકક્ષાએ પણ સમાજની હેરાફેરી મોટા પાયે હતી. આવા અભ્યાસો સૂચવે છે કે ભારતીય સમાજના સ્થિતિચુસ્ત માળખા વિશે સંશોધન થવાં જોઈએ. ગુજરાત વિદ્યાપીઠના આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના ઉપક્રમે ઐતિહાસિક અભિગમવાળા અભ્યાસો હાથ ધરાયા છે. ભારતના વિવિધ વિભાગોમાં સમાજના માળખાના અભ્યાસ માટે ગતિશીલ નમૂનાના ઉપયોગને આવરીને સંશોધન હાથ ધરવાં જોઈએ.

સમાજની બદલાતી રૂખના સંદર્ભમાં વહીવટી ફેરફારો, જમીનમહેસૂલમાં સુધારા જેવા વિષયો હવે અન્વેષણક્ષેત્રમાં આવ્યા છે. આ પ્રકારના અભ્યાસો ઇતિહાસ અને સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓ હાથમાં લે છે. વેપાર, વાણિજ્ય, બૅંક, નાણાંકીય પદ્ધતિ વિશે પણ સંશોધન થવાં શરૂ થયાં છે. ઐતિહાસિક અન્વેષણમાં આ વિશિષ્ટ અભિગમો છે. આ પ્રયાસમાં ઉદ્યોગગૃહો, યુરોપીય કંપનીઓ અને સરકારી દફ્તરોનો વિનિયોગ થાય છે. અભ્યાસના આ ક્ષેત્રમાં સ્થાનિક ઉદ્યોગગૃહો અને વેપારી સાહસોના પ્રદાનનો સમાવેશ થાય છે. ગુજરાત યુનિવર્સિટી અને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ઇતિહાસ વિભાગો આ વિષયો ઉપર વિશેષરૂપે ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. ગુજરાત વિદ્યાપીઠના ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગે ૧૯૭૯માં 'છેલ્લા ચાર સૈકા દરમ્યાન પશ્ચિમ ભારતમાં સામાજિક અને આર્થિક ઇતિહાસ'

વિશે એક અખિલ ભારતીય પરિસંવાદનું આયોજન કર્યું હતું. આ પ્રકારના અભ્યાસો મુખ્યત્વે છેલ્લી બેત્રણ સદીના સમયગાળાને આવરી લેતા જોવા મળે છે. એની પૂર્વેના કાલને અવગણવામાં આવે છે. સમયનો એ તકાજો છે કે સોળમી–સત્તરમી સદી પૂર્વેના સમયના સામાજિક–આર્થિક ઇતિહાસ વિશે ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે.

બે દૃષ્ટિએ ઐતિહાસિક અન્વેષણ આંતરવિદ્યાકીય અભિગમ તરફ વળ્યું છે: (૧) ઇતિહાસજ્ઞોએ અન્ય વિદ્યાશાખાઓનો અર્થાત્ અન્ય વિષયોનો સહયોગ લેવા માંડ્યો છે– દા. ત. સાહિત્ય, ધર્મ, સમાજશાસ્ત્ર, લોકસાહિત્ય, ભૌતિકવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, ભૂસ્તરવિદ્યા વગેરે. (૨) જ્યારે અન્ય સમાજવિદ્યાઓ અને વિજ્ઞાનો હવે ઐતિહાસિક પદ્ધતિના વિનિયોગ તરફ વળ્યાં છે; ખાસ કરીને જે તે વિદ્યા પોતાના ભૂતકાળને જાણવા સારુ. આ પરસ્પરનો સહયોગ હવે ઘણા વિષયોમાં વિદ્વાનો લેતા જણાય છે. અન્ય વિદ્યાઓ જૂના દસ્તાવેજો શોધતા જણાય છે અને ઐતિહાસિક સંશોધન તરફ વળે છે અને ઘણીવાર ઇતિહાસજ્ઞોના સહકાર સાથે પોતાના વિષયમાં શોધ કરે છે. પદ્ધતિઓને પરિશુદ્ધ કરવામાં અને વિચારોને સમૃદ્ધ કરવામાં આ બંને પ્રવાહો ફળદાયી સાબિત થયા છે. પ્રસ્તુત અભિગમનું મહત્ત્વ સ્વીકારીને ગૂજરાત વિદ્યાપીઠના ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગે ૧૯૮૫ના ઑક્ટોબરમાં યોજેલા અખિલ ભારતીય પરિસંવાદમાં 'સમાજવિજ્ઞાનોમાં વિકસેલા વિચારોના સંદર્ભમાં ઇતિહાસનું તત્ત્વજ્ઞાન' વિશે ચર્ચા થઈ. આનો ગ્રંથ તૈયાર થઈ ગયો છે: 'ન્યુ પર્સ્પેક્ટિવ્ઝ ઑફ હિસ્ટરી' (૧૯૮૬).

ઇતિહાસસંશોધનના ક્ષેત્રે નોંધપાત્ર ફેરફાર જોવા મળે છે તે છે નગરવિકાસ અને તેના પ્રશ્નો અંગેની ઐતિહાસિક વિચારણા. આ હેતુ અન્વયે એકાદ કાલખંડ પસંદ કરીને અભ્યાસ થાય છે અથવા તો એકાદ નગર પસંદ કરીને તેનું અધ્યયન થાય છે. આ પ્રકારના સંશોધનમાં મુખ્યત્વે લિખિત સામગ્રીનો ઉપયોગ થાય છે; પણ પુરાવસ્તુવિદ્યાની તાલીમના અભાવે તે સામગ્રીનો ઉપયોગ થતો નથી. વિવિધ નગરોનાં અધ્યયન એમના વિકાસનાં વિવિધ દૃષ્ટિબિંદુઓ સૂચવે છે. ગુજરાત યુનિવર્સિટીના ઇતિહાસ વિભાગે ૧૯૮૫માં 'નગરવિકાસ અને પશ્ચિમ ભારતમાં નગરીકરણ' અંગે એક પરિસંવાદ યોજ્યો હતો. સૂરત, વડોદરા, અમદાવાદ જેવાં નગરો વિશે આવી ચર્ચાસભાઓ થઈ છે જે આ ક્ષેત્રમાં ઉદ્ભવેલા રસનું દ્યોતક ઉદાહરણ છે. ગૂજરાત વિદ્યાપીઠના ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગે આવાં અધ્યયનને ઉપયોગી થાય એવું એક પ્રકાશન હમણાં કર્યું છે: 'ભારતીય વસવાટ' (૧૯૮૭).

આ પ્રકારના અભ્યાસો મહદ્ અંશે એક નગરને કેન્દ્રમાં રાખીને થતા હોય છે અને તેની ઐતિહાસિક ઘટનાઓને સમજવાનો હેતુ હોય છે. અર્થાત્ પસંદ કરેલા નગરનો ઉદ્ભવ, એનો વિકાસ, એની પડતી, એનું પુનરુત્થાન અને વસાહતનાં અન્ય પાસાંઓનું અધ્યયન થાય છે. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના પુરાવસ્તુવિદ્યા વિભાગે 'વડોદરા ધ્રુ ધ એજિઝ', 'ચાંપાનેર એક અધ્યયન' જેવા ગ્રંથો અને શામળાજી, નગરા ચંદ્રાવતી જેવાં સ્થળોના ઉત્ખનન-અહેવાલો પ્રકાશિત કરીને આ પ્રકારના અભ્યાસમાં વિશિષ્ટ અભિગમનો માર્ગ સૂચવ્યો છે. ઈશ્વરલાલ ઇચ્છારામ દેસાઈના 'સૂરત સોનાની મૂરત' કે નર્મદાશંકર ભટ્ટના 'ખંભાતનો સાંસ્કૃતિક ઇતિહાસ' જેવા ગ્રંથો અગાઉ આ દિશામાં થયેલા પ્રયાસોનું સૂચન કરે છે.

નગરવિકાસના અધ્યયનમાં ક્ષેત્રકાર્ય દ્વારા તેની પુરાવસ્તુકીય ક્ષમતા તપાસીને તથા સાહિત્યિક લખાણોને ફંફોળીને અને તેનાં સ્થળનામોનો અભ્યાસ કરીને સંશોધન કરવા તરફ ખાસ ધ્યાન કેન્દ્રિત થયું નથી. ગૂજરાત વિદ્યાપીઠના ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગે પ્રાધ્યાપક રમણલાલ નાગરજી મહેતા અને પ્રાધ્યાપક રસેશ જમીનદાર મારફતે અમદાવાદ નગરનો નવેસરથી ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાનો પ્રયાસ આરંભ્યો છે અને તે અન્વયે અમદાવાદ શહેરનાં સ્થળનામો અને પુરાવસ્તુઓનો અભ્યાસ પૂરો કર્યો છે. હવે સાહિત્યમાં નિર્દિષ્ટ વિગતો એકઠી કરવાનું કામ ચાલે છે.

વિદ્યમાન અને નાશ પામેલાં નગરોનાં ત્રિવિધ દૃષ્ટિએ થયેલાં અધ્યયનો તે તે સ્થળની ઐતિહાસિક વિકાસગાથાને સમજવામાં વધારે ફળદાયી અને અસરકારક પુરવાર થયાં છે. આવા નગરપરિચય આપતા અભ્યાસો ખૂબ જ કીમતી પુરવાર થયા છે અને તે મારફતે પદ્ધતિઓને પ્રસ્થાપિત કરવામાં ઉપયોગી બન્યા છે. આ ક્ષેત્રસંદર્ભે પરિસંવાદો થવા જરૂરી છે.

ઐતિહાસિક અન્વેષણમાં વિકાસની બીજી દિશા જોવી પ્રાપ્ત થાય છે સંસ્કૃત-પ્રાકૃતમાં લખાયેલા કોઈ એક ગ્રંથનો ઇતિહાસ અને સંસ્કૃતિના સંદર્ભમાં ઊંડાણથી અભ્યાસ કરવો. આ બાબતે રામાયણ, વિષ્ણુપુરાણ કે કલ્કીપુરાણ જેવા ગ્રંથનો વ્યવસ્થિત અભ્યાસ હાથ ધરાયો છે. આ પ્રકારનો હસ્તપ્રતનો અભ્યાસ અધિકૃત હોઈ ગ્રંથવિવેચનના સંશોધનમાં સિદ્ધાન્તો પ્રસ્થાપિત કરે છે. આ રીતે હસ્તપ્રતનું સંપાદન કરીને એનો વ્યવસ્થિત પાઠ તૈયાર કરીને ગ્રંથસ્વરૂપ આપવાના પ્રયાસની સાથે આવી હસ્તપ્રતોમાં નિરૂપિત ઐતિહાસિક અને સાંસ્કૃતિક વિગતોને પૃથક્કૃત કરીને અભ્યાસ કરવાના પ્રયત્નો પણ થાય છે, દા. ત. નૈષધીયચરિત, મત્સ્ય-પુરાણ, ભરત નાટ્યશાસ્ત્ર, કલ્કીપુરાણ વગેરે. આ દિશામાં વધુ એક પ્રયાસ પુરાણગ્રંથોનો પુરાવસ્તુવિદ્યાની દૃષ્ટિએ અભ્યાસ કરવાનો છે. અને તે સંદર્ભે ખંભાત, વડનગર, દેલમાલ, શ્રીમાલ અને બીજાં નગરોની વસાહતોની ભાતને સમજવામાં આવો અભ્યાસ અમલી બનાવાયો છે. લોકસાહિત્યના અભ્યાસમાં આ પદ્ધતિ ઘણી સક્ષમ પુરવાર થઈ છે. ઇતિહાસની દૃષ્ટિએ કેટલીક લોકકથાઓનો આ પદ્ધતિએ અભ્યાસ થયો અને કેટલાક કિસ્સાઓમાં એમની ઐતિહાસિકતા સાબિત કરી શકાઈ જ્યારે કેટલાક કિસ્સાઓમાં એમાં કશું ઇતિહાસ-તત્ત્વ નથી એવું પણ જાણવા મળ્યું. અભ્યાસની આ દિશા સૂચવે છે કે લોકસાહિત્યના અધ્યયનમાં એ ઉપયોગી થઈ પડે.

નષ્ટ થયેલી વસાહતોના જીવનને સમજવામાં વ્યવસ્થિત સ્વરૂપની સ્થળતપાસ અસરકારક સાધન છે અર્થાત્ આવાં નગરોનું અધ્યયન પુરાવસ્તુકીય પદ્ધતિના ઉપયોગથી સારી રીતે થઈ શકે છે, દા. ત. ચાંપાનેર, ચંદ્રાવતી. આ ઉપરાંત નિસ્તારે પુરાવસ્તુના અભ્યાસની પદ્ધતિ પણ વિશેષ ઉપકારક સાબિત થઈ છે. આ દૃષ્ટિએ અમદાવાદ, ખંભાત, વડોદરા, સૂરત, નવસારી જેવાં નગરોનાં અધ્યયન થયાં છે.

અન્વેષણના ક્ષેત્રમાંની વિવિધતા સાથે સાથે જ્ઞાત માહિતીના સંકલનના પ્રયાસો હાથ ધરાયા છે, જેને પરિણામે 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ'ના નવ ગ્રંથો અને

'જ્ઞાનગંગોત્રી' શ્રેણી અંતર્ગત ઇતિહાસના ગ્રંથોનો નિર્દેશ કરી શકાય. 'પુરાણોમાં ગૂજરાત', 'જૈન આગમ સાહિત્યમાં ગૂજરાત' પણ આ દિશામાં તૈયાર થયેલાં પુસ્તકો છે. આ બધાં સારાં અને વ્યવસ્થિત સંપાદનો છે, જેનો ઉપયોગ તત્કાલ સંદર્ભ સાહિત્ય તરીકે થઈ શકે. આ દિશામાં ગૂજરાત ઇતિહાસ પરિષદપ્રકાશિત ગૂજરાત ઇતિહાસ સંદર્ભસૂચિની આઠ પુસ્તિકાઓનો નિર્દેશ થાય છે. આ પ્રકારનાં પ્રકાશનો સંશોધકો માટે આરંભના તબક્કે માર્ગદર્શક બની રહે છે. મ. સ. યુનિવર્સિટી તરફથી 'ક્રોનોલૉજી ઑફ ગૂજરાત'ની શ્રેણીનું આયોજન થયું હતું પણ કમનસીબે આ શ્રેણીમાં એક જ ગ્રંથ બહાર પડ્યો છે. આવી રીતે ગૂજરાત વિદ્યાપીઠના ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ તરફથી 'ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં વીસમી સદીનું ભારત' ગ્રંથશ્રેણીનું પણ આયોજન થયું હતું, પણ તેમાં ય એક જ ગ્રંથ પ્રકાશિત થયો.

ઇતિહાસ અને સંસ્કૃતિના ક્ષેત્રે ગુજરાતમાં થયેલી વિવિધ પ્રવૃત્તિઓની વહી વાંચવાનો આ પ્રયાસ ઉપકારક ગણાય. પણ આ ક્ષેત્રના વધુ વિકાસ માટે વ્યવસ્થિત આયોજન જરૂરી છે. આ આયોજનના ભાગરૂપે પરિસંવાદ થાય અને તેના અહેવાલનું પ્રકાશન થાય તે મહત્ત્વનું છે. 'કન્સેપ્ટ ઑફ ઈન્ડોલોજી' અને 'ન્યૂ પર્સ્પેક્ટીવ્ઝ ઑફ હિસ્ટરી' આ પ્રકારનાં પ્રકાશનો છે. આ ગ્રંથો ગૂજરાત વિદ્યાપીઠના ઇતિહાસ અને સંસ્કૃતિવિભાગે યોજેલા પરિસંવાદના પરિણામ-સ્વરૂપ છે. ગુજરાતની યુનિવર્સિટીઓના ઇતિહાસવિભાગે અને કેટલીક કૉલેજોના ઇતિહાસ-વિભાગે વિવિધ વિષયો અંગે યોજેલા આ પ્રકારના પરિસંવાદો ગુજરાતમાં ઇતિહાસ અને સંસ્કૃતિક્ષેત્રે થયેલા વિકાસ અને વલણોનાં દ્યોતક ઉદાહરણો છે, દા. ત. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઇતિહાસવિભાગે 'સામાજિક અને આર્થિક ઇતિહાસ સૌરાષ્ટ્રના સંદર્ભમાં' અને 'બધા તબક્કે ઇતિહાસનું અધ્યાપન' એમ બે પરિસંવાદો ગુજરાત કક્ષાના આયોજ્યા હતા. મ. સ. યુનિવર્સિટીના ઇતિહાસવિભાગે યુ. જી સી.ની ભલામણોના આધારે 'ગુજરાતના ઇતિહાસ' વિશે ૧૯૭૪માં એક કાર્યશિબિરનું આયોજન કર્યું હતું. વલ્લભવિદ્યાનગરની નલિની ઍન્ડ અરવિંદ આર્ટ્સ કૉલેજના ઇતિહાસવિભાગે ૧૯૮૦માં 'ઇતિહાસનાં સાધનો અને સમીક્ષા' વિશે એક દિવસીય પરિસંવાદ યોજ્યો હતો. આણંદ આર્ટ્સ કૉલેજના ઇતિહાસવિભાગે ૧૯૮૩માં અને અમદાવાદની હ. કા. આર્ટ્સ કૉલેજના ઇતિહાસવિભાગે 'આઝાદીની લડત' વિશે એક એક દિવસના પરિસંવાદો યોજ્યા હતા. સૂરતની એમ. ટી. બી. કૉલેજના ઇતિહાસવિભાગે 'ઇતિહાસના શિક્ષણ' વિશે ચર્ચા ગોઠવી હતી. આ શહેરમાં સ્થિત સેન્ટર ફૉર સોશ્યલ સ્ટડીઝના ઉપક્રમે ૧૯૮૫માં 'સાહિત્ય અને પરિવર્તન પામતી સામાજિક સભાનતા' અંગે પરિસંવાદ યોજ્યો હતો. મ. સ. યુનિવર્સિટીના ઇતિહાસ વિભાગે 'સમાજ, સાહિત્ય અને ઇતિહાસ' વિશે એક પરિસંવાદ યોજ્યો હતો.

ઇતિહાસક્ષેત્રે થયેલા પ્રયાસોનું આ સરવૈયું એક બાબત સૂચિત કરે છે કે ઇતિહાસનું તત્ત્વજ્ઞાન અને વર્તમાને તેનું મહત્ત્વ પ્રસ્થાપિત થવાની દિશામાં ખાસ કશું થયું નથી. ગૂજરાત વિદ્યાપીઠના ઇતિહાસ અને સંસ્કૃતિવિભાગે આ દિશામાં ભોંય ભાગી છે અને પ્રા. ર. ના. મહેતાનાં આ વિષય ઉપર વ્યાખ્યાનો ગોઠવી 'ઇતિહાસની વિભાવના' અને 'પુરાવસ્તુવિદ્યાની વિભાવના' જેવા ગ્રંથો પ્રકાશિત કર્યા છે. ઉપરાંત ગામો અને નગરોના પદ્ધતિસરના અભ્યાસને

વિકસાવવા અને ઉપયોગી થવા [illegible] 'સ્થાનીય તવારીખ' પુસ્તક વિદ્યાપીઠે તાજેતરમાં પ્રકાશિત કર્યું છે. તો દસ્તાવેજો કેવી રીતે વાંચવા તે માટે ડૉ. ઝેડ. એ. દેસાઈ લિખિત એક પુસ્તક 'દસ્તાવેજ-વાચન અને મુશ્કેલીઓ' પ્રકાશિત કર્યું છે. રસેશ જમીનદારનું 'ઇતિહાસસંશોધન' અને ર. છો. પરીખનું 'ઇતિહાસ-સ્વરૂપ અને પદ્ધતિ' આ બે ગ્રંથો પણ ઇતિહાસના તત્ત્વજ્ઞાનના પ્રશ્નને આવરી લે છે.

આમ સ્વાતંત્ર્યોત્તર ગુજરાતમાં ઐતિહાસિક સંશોધન અને તે વિષયની લોકપ્રિયતા વધારવામાં થયેલા વિવિધ પ્રયાસોના પરિણામની એક ઝલક અહીં પ્રસ્તુત છે. ગુજરાતની કેટલીક શિક્ષણસંસ્થાઓ અને કેટલાક સરકારી વિભાગો ઇતિહાસસંશોધનની પાયાની સામગ્રી સમાં હસ્તપ્રતો, દસ્તાવેજો, દફ્તરો, સિક્કાઓ, પુરાવસ્તુઓ સંગ્રહીત કરે છે અને વિવિધ દૃષ્ટિકોણથી આ સામગ્રીનો અભ્યાસ કરે છે. આ પ્રવાહ દર્શાવે છે કે ગુજરાતમાં ઐતિહાસિક વિદ્વત્તાના ક્ષેત્રે ઠીક ઠીક પ્રગતિ થઈ રહી છે.

પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

		રૂા. પૈ.
૧	**પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઇપ	૧૦=૫૦
	વિદ્યાર્થી આવૃત્તિ, ગુજરાતી ટાઇપ	૬=૫૦
૨	**વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ**—સં. : ડૉ. ભો. જ. સાંડેસરા	૯=૫૦
૩	**ભાલણકૃત નલાખ્યાન** (ત્રીજી આવૃત્તિ)—સં. : પ્રો. કે. કા. શાસ્ત્રી	૧૧=૫૦
૪	**ઉદયભાનુકૃતવિક્રમચરિત્રરાસ**—સંપાદક : સ્વ. પ્રો. બ. ક. ઠાકોર	૨=૫૦
૫	**ભાલણ : એક અધ્યયન**—લેખક : પ્રો. કે. કા. શાસ્ત્રી (૧૯૭૧)	૮=૦૦
૬	**વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા	૧૦=૫૦
૭	**પંચાખ્યાન બાલાવબોધ, ભાગ ૧**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ	૨૪=૦૦
૮	**સિંહાસનબત્રીસી**—સં. ડૉ. રણજિત મો. પટેલ	૧૫=૫૦
૯	**હમ્મીરપ્રબન્ધ**—સં. : ડૉ. ભો. જ. સાંડેસરા અને ડૉ. સો. પારેખ	૬=૦૦
૧૦	**પંચદંડની વાર્તા**—સં. ડૉ. સોમાભાઈ ધૂ. પારેખ (૧૯૭૪)	૩૧=૦૦
૧૧	**વાગ્ભટાલંકાર બાલાવબોધ**—સં. ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા	૧૨=૦૦

સ્વ. પ્રૉ. બ. ક. ઠાકોર ગ્રન્થમાળા

૧	**વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧**	૨=૫૦
૨	,, ,, ,, ૨	૨=૫૦
૩	,, ,, ,, ૩	૬=૫૦
૪	**નિરુક્તમા**	૨=૫૦
૫	**વિક્રમોર્વશી**—(અનુવાદ : મનનિકા સહિત)	૨=૫૦
૬	**પ્રવેશકો, ગુચ્છ પહેલો**	૪=૫૦
૭	**પ્રવેશકો, ગુચ્છ બીજો**	૩=૦૦
૮	**અંબડ વિદ્યાધર રાસ**	૪=૦૦
૯	**મ્હારાં સૉનેટ** (બીજી આવૃત્તિ : બીજું પુનર્મુદ્રણ)	૪=૦૦
૧૦	**આપણી કવિતાસમૃદ્ધિ** (બીજી આવૃત્તિ; છ્ઠું પુનર્મુદ્રણ)	૪=૦૦
૧૧	**નવીન કવિતા વિષે વ્યાખ્યાનો** (પ્રથમ આવૃત્તિ; પહેલું પુનર્મુદ્રણ)	૪=૦૦
૧૨	**પ્રો. બ. ક. ઠાકોર ડાયરી, ભાગ ૧**—સંપાદક : ડૉ. હર્ષદ મ. ત્રિવેદી	૨=૦૦
૧૩	**પ્રો. બ. ક. ઠાકોર અધ્યયન ગ્રન્થ**	૧૫=૫૦
૧૪	**પ્રો. બ. ક. ઠાકોરની ડાયરી, ભાગ ૨**—સંપાદક : ડૉ. હર્ષદ ત્રિવેદી	૬=૭૫
૧૫	**વિવેચક**—પ્રો. બલવન્તરાય ઠાકોર	૨૫=૦૦

પ્રાપ્તિસ્થાન : **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,
રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦ ૦૦૧

વ્યક્તિત્વનું ચિંતન

હરસિદ્ધ મ. જોશી*

આધુનિક યુગમાં વ્યક્તિત્વ (Personality)નો વિષય સીમાપ્રાંતીય બન્યો છે. આ વિષયના સંશોધનમાં વિવિધ વિષયો જેવા કે મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, તબીબીવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિ ખેડાણ કરે છે અને પોતાનાં તથ્યો, મૂલ્યો અને સ્પષ્ટીકરણો રજૂ કરે છે. પ્રસ્તુત લેખમાં આ અભ્યાસોનાં સંશોધન, દૃષ્ટિકોણ અને ફલિતોને લક્ષમાં રાખીને સમગ્ર વિભાવના વિચારવામાં આવી છે. ઓગણીસમી સદીમાં મનોવિજ્ઞાનની જુદી જુદી શાખાઓએ 'વ્યક્તિ', તેના 'વર્તન', તેનું 'માનસબંધારણ', વૈજ્ઞાનિક પરિમાણોનો આલેખ આપ્યો, પરંતુ તેનાં દૃષ્ટિબિંદુઓ વ્યાવર્તક જણાયાં અને પરિણામે નવીન તથ્યાત્મક પ્રતિક્રિયા ઉદ્ભવી. વર્તમાન સદીના આરંભના દાયકાઓમાં નૈસર્ગિક વિજ્ઞાન અને વ્યાવહારિક વિજ્ઞાન જેવાં કે તબીબીશાસ્ત્ર દ્વારા સહભાગી અભ્યાસ થયો. આ વિદ્યાક્ષેત્રોના સંલગ્ન સંશોધનથી નૂતન પદ્ધતિ અને તથ્યો પ્રાપ્ત થયાં. આમ છતાં આ અભ્યાસ તેનાં વિભક્ત પદ્ધતિ અને અભિગમથી મુક્ત થયો નથી. વ્યક્તિત્વના અભ્યાસમાં તાત્ત્વિક સમજૂતી અને દૃષ્ટિકોણ અનિવાર્ય બન્યાં છે.

ઐતિહાસિક ભૂમિકા :

ભારતમાં તેમ જ ગ્રીસમાં વ્યક્તિત્વના સ્વરૂપ વિશે વ્યાપક દૃષ્ટિએ સૂચનો થયાં છે એ પ્રાચીન ઉપનિષદો, હિપોક્રેટીસ, પ્લેટો અને એરિસ્ટોટલના ચિંતનાત્મક સંવાદો અને લખાણમાંથી જાણી શકાય છે. મનુષ્યના આત્મતત્ત્વમાં પાંચ કોષ રહ્યા છે. અન્ન, પ્રાણ, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય કોષો છે એમ ઉપનિષદનું ચિંતન નિરૂપે છે. હિપોક્રેટીસ શારીરિક બંધારણ, મેદ, રક્ત પરથી વ્યક્તિનો સ્વભાવ (Humour) કેવો છે તેનું અનુમાન સૂચવે છે. પ્લેટો માનવસ્વભાવ અને આત્મતત્ત્વને તર્ક, શૌર્ય અને વાસના તેમ જ ક્ષુધાની અવસ્થાઓમાં પૃથક્કૃત કરે છે. એરિસ્ટોટલ મનુષ્યને સામાજિક, વિકાસશીલ અને ટેવપ્રધાન લેખે છે.

જ્ઞાનોદય અને ધર્મસુધારણાના યુગમાં આ પ્રાચીન પરંપરા અને ખ્યાલોને શંકાની નજરે વિચારવામાં આવ્યા. 'મન', 'આત્મા', 'પ્રાણ' અને 'અંતરનિરીક્ષણ' જેવાં દ્રવ્ય અને ક્રિયાને મનોવૈજ્ઞાનિકો અને સમાજશાસ્ત્રીઓએ આવકાર્યાં નહિ. ભૌતિક અને નૈસર્ગિક વિજ્ઞાનોનો વિચાર અને લોકસમુદાય પર ભારે પ્રભાવ પડ્યો. પરિણામે એમ વિચારવા લાગ્યું કે જે પ્રત્યક્ષ છે અથવા જેમાં ઇન્દ્રિય અનુભવ મેળવવાની ક્ષમતા છે તે જ આવકારદાયક છે. જે ઇન્દ્રિયાતીત છે એ કલ્પનાશીલ છે. એ બિનવૈજ્ઞાનિક છે એવી માન્યતા સર્જાઈ. અલબત્ત, યુરોપમાં ઓગણીસમી

'સ્વાધ્યાય', પુ. ૨૫, અંક ૧-૨, દ્વીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૮૭-જાન્યુઆરી ૧૯૮૮, પૃ. ૫૧-૬૮.

* તત્ત્વજ્ઞાન વિભાગ, ફૅકલ્ટી ઑફ આર્ટ્સ, મ. સ. યુનિવર્સિટી, વડોદરા-૩૯૦ ૦૦૨.

સદીમાં સંમોહનવાદની સંકલ્પના પ્રચાર પામી હતી. મનુષ્ય સૂચનવશ પ્રાણી છે તેથી વિવિધ પ્રકારે વૈદ્ય કે અન્ય મોટેરા દ્વારા સૂચનો આપવામાં આવે છે તેની વિધાયક અસર ચિત્ત પર પડે છે. એ દ્વારા માનવ વ્યાધિ, બિમારી અને અચેતન ગ્રંથીઓને નિવારી શકે છે.

વર્તનવાદનું વલણ :

માનવવ્યક્તિત્વમાં કોઈ નિત્ય લક્ષણો છે, તેનું ચારિત્ર્ય સદ્‌ગુણી છે એવા મંતવ્યનો વૈજ્ઞાનિક માનસશાસ્ત્રે વિરોધ કર્યો. જે. બી. વૉટ્સને અમેરિકામાં વર્તનવાદની વિચારશાખા સ્થાપિત કરી અને મનુષ્ય અન્ય પ્રાણી જેવો છે, ફક્ત તેનું મસ્તિષ્ક વધુ જટિલ છે એ બાબતને પુરવાર કરવા પ્રયત્ન કર્યો. રશિયામાં પાવલોવે કૂતરા પર પ્રયોગો કરીને એ દર્શાવ્યું કે કહેવાતું માનવચિત્ત અભિસંધિત પ્રતિક્રિયા (Conditioned Reflex) સિવાય કશું નથી. જેમ ખોરાકની હાજરી વિના ફક્ત ઘંટ વગાડવાથી ચોક્કસ સમયે કૂતરાના મોંમાં લાળ ઉત્પન્ન કરી શકાય છે તેમ માનવવર્તન પણ બાહ્ય ઉદ્દીપનો સાથે અભિસંધિત કરી શકાય છે. એ કેવળ ટેવયુક્ત વર્તન છે.

એક તબક્કે વર્તનવાદ આત્યંતિક બની ગયો અને પ્રતિભા, સ્મૃતિ, ચેતના અને અંતર-નિરીક્ષણનાં તથ્યોને તેણે નકાર્યાં. તેનું પદ્ધતિશાસ્ત્ર કેવળ ભૌતિકવાદી બની ગયું. હલ અને બી. એફ. સ્કીનરે આવા ચુસ્ત ભૌતિક વર્તનવાદમાં ગણનાપાત્ર સુધારાઓ કર્યા. 'આંતરિક માહિતી' 'સમજૂતી', 'આંતરિક કથન', 'ધ્યેયલક્ષી સ્મૃતિ', 'અંતર્દૃષ્ટિ' જેવી બાબતોને સ્વીકારવામાં આવી. જેમ ઉદ્દીપન સાથે અભિસંધાન શક્ય છે તેમ ઉદ્દીપનમાંથી મુક્તિ પણ શક્ય છે એ પ્રદત્ત (Datum)ને સ્થાન મળ્યું. વિએનામાં સિગ્મંડ ફ્રૉઇડે તદ્દન નવીન તથ્યો રજૂ કર્યાં. પરિણામે અપ્રત્યક્ષ એવા અચેતન માનસની નોંધ વૈજ્ઞાનિકો, તબીબીશાસ્ત્રીઓ અને ચિંતકો માટે અનિવાર્ય બની ગઈ. દર્દીઓ સાથેના સંપર્કદ્વારા ફ્રૉઇડે જાણ્યું કે તેમની બિમારી અચેતન માનસનાં દબાણ, વ્યાપારો અને અતૃપ્ત બનાવો દ્વારા નિર્ધારિત થાય છે. જે પ્રદત્ત ભારતીય મનોવિજ્ઞાનમાં 'સંસ્કાર' તરીકે સ્થાપિત થયું હતું એ ગઈ સદીમાં યુરોપમાં મનોવિશ્લેષણના વિચારપ્રવાહમાં અચેતન માનસ તરીકે દર્શાવવામાં આવ્યું.

વર્તનવાદ સામે આ મહત્ત્વનો પ્રતીકાર હતો. જે બાબત જોઈ શકાતી નથી તેમ છતાં વ્યક્તિત્વના ઘડતરનું નિર્માણ કરે છે એ તથ્યને વૈજ્ઞાનિકો અને તબીબીશાસ્ત્રીઓ આવકારતા થયા જો કે વર્તનવાદના સઘળા નિષ્કર્ષો હાલ સ્વીકારાયા નથી છતાં વ્યક્તિત્વ એ બાહ્ય વર્તન દ્વારા, અમુક નિશ્ચિત ધોરણોથી સ્પષ્ટ લક્ષણો (Traits) દ્વારા વર્ણવી શકાય છે એ બાબત મનો-વિજ્ઞાનમાં સામેલ થઈ છે. આપણે જોઈશું તેમ વ્યક્તિત્વનો વ્યાપ અને તેનું ફલક ધાર્યા કરતાં વિશાળ છે જે બાહ્ય સપાટીથી જોઈ શકાય છે, જેનું અનુમાન થઈ શકે છે. નિત્ય ટેવ દ્વારા એકરૂપ તત્ત્વ તરીકે બંધાય છે તે જ વ્યક્તિત્વ નથી. જે છુપાયેલું છે, ચેતન–અચેતનના યુગ્મમાં વ્યક્ત થાય છે એ પણ વ્યક્તિત્વની પરિપાટી છે. વ્યક્તિત્વ એ ફક્ત વાતાવરણ, શિક્ષણ, સંજોગો કે નૈસર્ગિક પરિબળોથી જ નિર્મિત થાય છે તે નથી પરંતુ જે થવું જોઈએ, 'ધ્યેય તરીકે નિશ્ચિત બને છે' 'આદર્શ' તરીકે વ્યક્તિ સંકલ્પ કરે છે એ પણ વ્યક્તિત્વના પરીઘમાં સામેલ છે એ બાબત ધ્યાન બહાર ન જવી જોઈએ. જે ગ્રીક શબ્દ 'મુરખો' (Mask) છે–Persona–એ તેની ભીતર વ્યક્તિત્વનું સૂક્ષ્મ સ્વરૂપ રહ્યું છે એ સૂચવે છે એ મૂળ અર્થ ભૂલાવો ન જોઈએ.

મનોવિશ્લેષણનું અર્થઘટન :

સિગ્મંડ ફ્રોઈડે (૧૮૫૬–૧૯૩૯) માનવચિત્તનાં ત્રણ પાસાંઓ દર્શાવ્યાં : (૧) જાતીય ઇચ્છા, (૨) અતૃપ્ત વાસનાઓ અને (૩) અહમ્ તત્ત્વ. પ્રત્યેક મનુષ્યમાં આ ઉપરાંત સામાજિક સંબંધોની દૃષ્ટિએ 'અતિ અહમ્' (Super Ego) છે જે મનુષ્યને સામાજિક રીતરિવાજો, બંધનો અને વિધિનિષેધોના અંકુશમાં રાખે છે. દર્દીઓનાં સ્વપ્નોને નોંધી, તેનું અર્થઘટન કરી ફ્રોઈડે એવું તારણ રજૂ કર્યું કે જે બાબતો પ્રગટ રીતે બોલી કે આચરી શકાતી નથી એ સ્વપ્નોમાં મનગમતા રૂપે વ્યક્ત થાય છે. એ દબાયલી વાસનાઓ, વિચારો અને ઇચ્છાઓ દર્દીના વ્યક્તિત્વમાં હળવી મનોવિકૃતિઓ તરીકે રહે છે. ફ્રોઈડના મતાનુસાર પ્રત્યેક વ્યક્તિ હળવી રીતે વિકૃત (Neurotic) છે. સુસભ્ય બનવું એટલે કશાકનો ત્યાગ કરવો, ત્યાગ કરવો એટલે અંગત ઇચ્છા વિરુદ્ધ કાર્ય કરવું. આ દબાયલી ઇચ્છા ગ્રંથી તરીકે અજ્ઞાગૃત ચિત્તમાં ધકેલાય છે. પરિણામે વ્યક્તિ વિકૃત બને છે. આનો અર્થ એ કે વ્યક્તિ સામાન્ય, સમધારણ, પૂર્ણ અનુકૂલન પામેલી હોવી અશક્ય છે.

અજ્ઞાગૃત માનસને જાણવા માટે વૈદ્યે કે તબીબીચિકિત્સકે દર્દીની વારંવાર મુલાકાત લેવી, તેને મુક્ત સાહચર્યની પદ્ધતિ દ્વારા બોલવાની અને વર્તન કરવાની છૂટ આપવી, ઊંઘ દરમ્યાન અનુભવાતાં સ્વપ્નોને વિવિધ સંકેતો અને ગુપ્ત અર્થ દ્વારા સમજવાં જોઈએ. જેમ ભૌતિક જગતમાં કારણ–પરિણામનું નિર્ધારણ છે તેમ માનસિક જગતમાં પ્રસૂતિની વેદનાથી શરૂ કરીને પુખ્ત ઉંમર સુધી પ્રત્યેક તબક્કામાં ભૂતકાળના પ્રસંગો પછીથી આવતા પ્રસંગનું નિર્ધારણ કરે છે. દરેક મનુષ્યને સુખ જોઈએ છે, એ સર્વોપરી સિદ્ધાંત છે. તેથી વ્યક્તિગત વૃદ્ધિ દરમ્યાન જ્યારે તેનો વિરોધ કે નકાર થાય છે ત્યારે બાળક કે પુખ્ત ઉંમરની વ્યક્તિ અજ્ઞાગૃત દમન અને સ્થાનાપન્ન (Substitute) તરફ વળે છે. સ્વસ્થ વ્યક્તિત્વ આ દમનનું ઊર્ધ્વગમન કરવામાં સફળ થાય છે. જાતીય વાસનાનું દમન કરનાર વ્યક્તિ કલાકાર, ચિત્રકાર, કવિ કે ઊર્મિશીલ વ્યક્તિ બને છે અને તેનાં ચિત્રો, કાવ્યો અને આવિષ્કારોમાં આ વાસનાને ઊર્ધ્વીકૃત કરે છે. પરંતુ શું આ કૃત્રિમ ઊર્ધ્વીકરણ (Sublimation) છે કે સ્વેચ્છાએ કરેલું છે? ફ્રોઈડ એમ માને છે કે આ થોડા સમય પૂરતું છે. મનુષ્યમાં જાતીય વાસના અને સુખ ભોગવવાની અદમ્ય વૃત્તિ છે. અલબત્ત મૂળભૂતવૃત્તિની દૃષ્ટિએ ઉત્તરાવસ્થામાં ફ્રાઈડે પોતાના ખ્યાલોમાં ફેરફાર કર્યો હતો. તેમણે છેલ્લે એમ વિચાર્યું કે જિજીવિષા અને નાશ કરવાની ઇચ્છા એ આખરે માનવજીવનમાં સાર્વભૌમ છે.

વ્યક્તિત્વની દૃષ્ટિએ ફ્રોઈડની દૃષ્ટિ 'વ્યક્તિ' એકલવાઈ હોય, સમાજ તેનો વિરોધી હોય અને જીવંત એકમ કાર્ય–કારણની મનોવૈજ્ઞાનિક શૃંખલાથી નિર્ધારિત છે એમ જણાય છે. એ સમયના વિજ્ઞેનાની પ્રજ્ઞા, તેમનો વર્તાવ અને પ્રચલિત રીતો ફ્રોઈડ પર એવી અસર કરે છે કે જાતીય વાસના માનવજીવનમાં મોખરે હોય એવું માનવા પ્રેરે છે. આલફ્રેડ એડલર, કાર્લ ગુસ્તાવ યુંગ, કેરેન હોરને અને સલ્લીવન ફ્રાઈડની ઉપરોક્ત માન્યતાથી જુદા પડે છે. 'અચેતન' માનસ છે એ બાબતમાં તેઓ સંમત છે પરંતુ શું એ વ્યક્તિગત જ છે? કે સમાજના ચિત્ત પર તેની અસર રહે છે? સામાજિક, સામૂહિક અચેતન પણ છે જે સાહિત્ય, રીતભાત, વિચાર-શૈલી અને લોકકથા, માનસ પર અસર પહોંચાડે છે. આ ઉપરાંત સુખ–દુઃખ, રચના–ખંડન,

નર–માદા, અહમ્–વિષય એ દ્વંદ્વો વ્યક્તિ અને તેની બહારના વાતાવરણ વચ્ચે રહે છે કે વ્યક્તિના આંતરિક બંધારણમાં ચેતનરૂપે છે? આ પ્રશ્ન વિશે સી. જી. યુંગ ફ્રોઈડથી જુદા પડે છે. ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યના નિર્ધારણ અંગે ફ્રોઈડ, એડલર અને યુંગ ત્રણે જુદાં મંતવ્યો વ્યક્ત કરે છે. હેઈડબ્રેડર કહે છે કે "ફ્રોઈડ વ્યક્તિના વ્યક્તિત્વ પર ભૂતકાળને જવાબદાર લેખે છે, એડલર વર્તમાનને નિર્ધારણ કરનાર પરિબળ લેખે છે, ત્યારે યુંગ માને છે કે વ્યક્તિ પોતાનું વર્તન અને માનસ ઘડવામાં ભવિષ્યને ધ્યાનમાં રાખે છે."[1] અચેતન માનસ ચેતન પર અસર કરે છે અને મનુષ્ય વિકૃતિનો ભોગ બને છે. શારીરિક, માનસિક બિમારીઓને સર્જે છે એ ફ્રોઈડનું મંતવ્ય વ્યક્તિને સમાજનો વિરોધી કરી મૂકે છે. વાસ્તવમાં જો વ્યક્તિ પોતાના વાતાવરણ, સામાજિક મિત્રો અને પરિચિતોમાં સંવાદિતા, સમાધાન અને સ્વસ્થતા જાળવે તો આ વિકૃતિઓ કે અનિચ્છનીય નિર્ધારણમાંથી મુક્તિ મેળવી શકે છે.

ચિકિત્સા–નિદાન પદ્ધતિ જે મનોવિશ્લેષણ દ્વારા સૂચવામાં આવી છે એની મુખ્ય ત્રુટી એ છે કે જે મુલાકાત લેનાર વૈદ કે મનોચિકિત્સક છે એ સ્વયં ગ્રંથીઓ કે અજ્ઞાત દમનમાંથી મુક્ત હોવો જોઈએ. જો એ સ્વયં દર્દીના કે મુલાકાતીના માનસ પર પોતાની ગ્રંથીઓનું પ્રક્ષેપણ (Projection) કરે તો નિખાલસ અને પૂર્વગ્રહમાંથી મુક્ત પરીક્ષણ તથા નિદાન થઈ શકતું નથી. સંમોહન પદ્ધતિમાં પણ આવી ત્રુટી રહે છે. જો સંમોહનકારક (Operator) વ્યક્તિ પર તેની નબળાઈનો લાભ લઈ પોતાના સંકલ્પ અને સૂચનોનું આરોપણ કરે તો વ્યક્તિ વધુ નિર્બળ બનવાનો સંભવ છે.

એડલર અને યુંગ :

આલ્ફ્રેડ એડલર આરંભમાં ફ્રોઈડને તેના મનોવિશ્લેષણના સૈદ્ધાંતિક અને વ્યવહારલક્ષી કાર્યમાં મદદ કરતા હતા પરંતુ ૧૯૦૫માં પોતાના પરિપૂર્તિના (Compensation) સિદ્ધાંતને લીધે જુદા પડ્યા. જેમ જીવંત એકમ અનુકૂલન સાધવામાં પોતાના અવયવોને વિસ્તૃત કરે છે, જોડકા અવયવો હોય, દા. ત. ફેફસાં, હાથ, ત્યાં એકની ગેરહાજરીમાં બીજું વધુ પડતું કાર્યદક્ષ રહે છે તેમ વ્યક્તિ અન્ય સાથે અનુકૂલન પ્રાપ્ત કરવામાં આત્મ–વિકાસ સાધે છે અને પોતાની ક્ષતિઓને પૂરવા પ્રયત્નશીલ રહે છે. શિશુઅવસ્થામાં માતાપિતા અને મોટેરાંનું રક્ષણ, વર્તાવ અને સંભાળ બાળકના વ્યક્તિત્વનું નિર્માણ કરે છે. લઘુતાગ્રંથી કે ગૌરવગ્રંથી એ બાળક કુટુંબમાં પ્રથમ કે દ્વિતીય કે છેલ્લું બાળક છે તેના પર આધારિત છે. માતાપિતાનું પ્રથમ બાળક ગૌરવગ્રંથી ભોગવે છે. તેની જીવન–શૈલી (Life–style) અન્યને માર્ગદર્શન આપવું, નેતાગીરી લેવી અને પોતાનો અન્ય પર પ્રભાવ વિસ્તારવાની છે. કુટુંબનું છેલ્લું બાળક અન્ય પર વધુ પડતો આધાર રાખે છે. અલબત્ત તેને પૂરતો પ્રેમ મળે છે. પરંતુ તેનો અહમ્ ત્રુટીયુક્ત રહે છે. ઓડીપસ કે ઇલેકટ્રા ગ્રંથી વિશે એડલર એમ અર્થઘટન કરે છે કે એ કર્તવ્ય કે જવાબદારીમાંથી છટકી જવાની યુક્તિ છે. પુત્ર માતાને ચાહે છે અને પિતાનો વિરોધ કરે છે તેનો એ ભાવાર્થ છે કે પુત્ર પિતા દ્વારા સોંપાયલી જવાબદારીને ત્યજવા પ્રયત્ન કરે છે.

---

1 Heidbredder, J. Seven Psychologies: Chapman and Hall Ltd. London, 1930, P. 249.

કાર્લ ગુસ્તાવ યુંગ (૧૮૭૫-૧૯૬૧) અચેતનને પ્રજ્ઞાના વિચાર, સાહિત્ય, સામાજિક ઉત્સવો અને લોકકથાઓમાં સુપ્તપણે રહેતા તત્ત્વ તરીકે વિચારે છે. અંતઃસ્ફુરણા, ખ્યાલ, લાગણી અને ઇન્દ્રિયસુખ એ વિવિધ ચાર ઉગમોમાં મનુષ્ય કોઈ એક કે બે ઉગમોને અભિરુચિ મુજબ વિકસાવે છે. એ અનુસાર તેનું વ્યક્તિત્વ આકાર લે છે. તેના સ્વભાવમાં અંતર્મુખીપણું કે બહિર્મુખીપણું ઘડાય છે. અમુક ઉભયમુખી પણ હોય છે. વ્યક્તિત્વના આ પ્રકાર એ દર્શાવે છે કે મનુષ્યના ચિત્તમાં અચેતન અને ચેતન લક્ષણોનો વિકાસ થાય છે. જાતીય વાસનાનું દમન થાય છે એ જે ફ્રોઈડની માન્યતા છે તેનો યુંગ એવો અર્થ ઘટાવે છે કે જ્યારે વ્યક્તિ જાતીય વાસના દ્વારા પ્રાપ્ય વિષય કે પ્રવૃત્તિને હાથ ધરે છે ત્યારે એ ખંત અને ઉત્સાહપૂર્વક ભવિષ્યના ધ્યેયને પહોંચી વળવા પ્રયત્નશીલ રહે છે. જે પ્રતીકોને ફ્રોઈડ જાતીય વાસના સાથે સંકળાયલ લેખે છે તેને યુંગ માનવચેતના, ધ્યેય અને જીવનના આદર્શ સાથે સંબંધિત છે એમ ઘટાવે છે. એક યુવાનના સ્વપ્નનું અર્થઘટન આ ઉદાહરણ પરથી જાણી શકાશે. "એક યુવાન પોતાની બ્હેન અને માતા સાથે દાદરાના પગથિયાં ચડે છે. આ સ્વપ્નમાં એ પગથિયાં ચડીને ઉપર અગાશી પર આવે છે. ત્યાં પોતાની બ્હેનને પ્રસૂતિ આવે છે અને બાળકનો જન્મ થાય છે."[૨] આનું અર્થઘટન ફ્રોઈડ જાતીય વાસના અને તેની તૃપ્તિના સંદર્ભમાં કરશે. પરંતુ યુંગ પ્રસૂતિનો અર્થ ભવિષ્યમાં જે નવી ક્ષિતિજ ખૂલવાની છે તે તેમાં દર્શાવાયું છે એમ કહે છે.

આદિમરૂપ અને વ્યક્તિત્વ :

અચેતન એ વ્યક્તિગત અને સામૂહિક એમ બંને પ્રકારનું છે. સામૂહિક અચેતન જૂથ જાતિ અને સમાજ એમ વ્યાપક રીતે લોકોના માનસમાં અનુસ્યૂત છે. સામૂહિક અચેતન તેના પ્રત્યાયન અને વહનનાં માધ્યમો જેવાં કે વાર્તાઓ, કાવ્યો, ચિત્રો, શિલ્પો, માન્યતાઓ અને વિચારમાળખાંઓ દ્વારા વ્યક્તિના ચિત્તમાં આદિમરૂપ (Archetype) તરીકે નિશ્ચિત બંધારણ ધારણ કરે છે. આના ઉદાહરણ તરીકે માતાનો ગર્ભ વિશિષ્ટ અવયવ કે ભૌતિક અંશ લઈ શકાય. યુંગ તેને વૈશ્વિક કે સાર્વત્રિક યોનિ અને ગર્ભના અંશ તરીકે ઘટાવે છે. એ બધા જીવંત એકમોની માતા છે. એ આદિમરૂપ છે. એ વિશિષ્ટ ઉદાહરણમાં આવિષ્કૃત થાય છે. પિતાની પ્રતિમાની ભીતરમાં જગતનો પિતા એ તેનું આદિમરૂપ છે. એ રીતે જાતીય અવયવ કે વાસનાની ભૂમિકા તરીકે સાર્વત્રિક સર્જનશીલ આત્મતત્ત્વ (Spirit) રહ્યો છે. પ્રથમ તત્ત્વને કથાઓમાં, પરંપરા અને લોકવાર્તાઓમાં કલ્પનાપ્રધાનરૂપે આલેખવામાં આવે છે. પ્રારંભમાં એ કપોળકલ્પિત તત્ત્વ તરીકે લખાણો, ચિત્રો, પ્રતિમાઓ અને કાવ્યોમાં વ્યક્ત થાય છે. ત્યારબાદ માન્યતા, બુદ્ધિપદાર્થ કે વલણના વિષય તરીકે વિશિષ્ટ મનુષ્યમાં સ્થિર થાય છે.

આ ઉપરાંત વ્યક્તિત્વમાં આત્મતત્ત્વના કેન્દ્રની આસપાસ જોડકારૂપે વિરોધો ગતિશીલ છે. જેમ કે પ્રત્યેક વ્યક્તિમાં પુરુષ (Anima) અને સ્ત્રી (Animus)નાં પૂરક તત્ત્વો છે. પુરુષ એ સંપૂર્ણ પુરુષ જ છે એમ લેખવું યોગ્ય નથી. તેમાં સ્ત્રીનાં તત્ત્વો પણ સામેલ છે. એ રીતે આત્મગૌરવ અને આત્મ-સમર્પણ, સ્થાપન અને ત્યાગ, અહમ્ અને વિષય જેવા વિરોધો

2 Woodworth, R. S., Contemporary Schools of Psychology: Mcgraw Hill Book Co. Inc. New York, 1940, Second Edition, P. 129.

આત્મતત્ત્વના કેન્દ્રની આસપાસ ઘૂમે છે. જે વિરોધો બાહ્ય જગતમાં અને સમાજમાં પ્રચલિત છે એ વ્યક્તિના ચિત્તમાં પણ ગતિ કરે છે. આ વિરોધોની વિશિષ્ટતા એ છે કે એ વિસંવાદિતા કે વિષમતામાં જ પરિણમતા નથી પરંતુ પ્રત્યેક વ્યક્તિમાં "સંવાદિતા કે પૂર્ણતા (Wholeness) પ્રત્યે ઝંખના રહી છે. સમકાલીન મનોવિજ્ઞાનમાં યુંગનું આ પ્રદાન અગ્રગણ્ય છે. વ્યક્તિ પોતાના વ્યક્તિત્વને વિચ્છિન્ન બનવા દેતી નથી પરંતુ એ સમતુલિત અને સમગ્રરૂપ ધારણ કરે તેની વ્યક્તિ સ્વયં કાળજી લે છે એ શોધ મહત્ત્વની છે. તબીબીશાસ્ત્ર અને ચિકિત્સાપદ્ધતિમાં આ શોધને લીધે પરિવર્તન આવ્યું છે. અમેરિકામાં કેટલાક મનો-ચિકિત્સકો 'અમે મનો-વિશ્લેષકો નથી' એમ કહેવા લાગ્યા છે તેનું કારણ એ જાણી શકાય છે કે આરંભનું મનો-વિશ્લેષણ અને તેની પદ્ધતિ વ્યક્તિની અંદર રહેતા વિરોધો, વિસંવાદિતા અને કૃત્રિમ દમનને દર્શાવીને પોતાના કાર્યની સમાપ્તિ કરતું હતું ત્યારે યુંગનું મનો-વિશ્લેષણ વ્યક્તિને તેના 'આદિમ-રૂપ'ને શોધવા કટિબદ્ધ કરે છે અને વ્યક્તિત્વના કેન્દ્રીય ચેતનતત્ત્વને પ્રાપ્ત કરવા સક્ષમ છે એવી સભાનતા દર્શાવે છે. યુંગની શાસ્ત્રીય ટીકા એ થાય છે કે અચેતન અને ચેતન વચ્ચેનો ભેદ વ્યક્તિના વ્યક્તિત્વમાં નિત્ય છે. એ કેન્દ્રીય આત્મતત્ત્વની આસપાસ રહે છે. આ કેન્દ્રીય તત્ત્વ સ્વયં ચેતનતત્ત્વ કે શુદ્ધ ચૈતન્ય રહેવા પામતું નથી કારણ કે એ વિરોધથી ખરડાયલું રહે છે.

ભારતના અને તિબેટના તંત્રસાહિત્યના યુંગ અભ્યાસી હતા. સ્વપ્નો, ચિત્રો, છબીઓ અને કલાત્મક દૃશ્યોના અહેવાલોના અભ્યાસ તથા સંશોધન પછી યુંગે એમ તારવ્યું કે વ્યક્તિના અંતસ્તત્ત્વમાં સમગ્રતાની એષણા રહી છે. આવાં સ્વપ્નોને યુંગે 'મંડલ' (Mandala) નામ આપ્યું. યુંગ દ્વારા ચિકિત્સાપદ્ધતિ અને શાસ્ત્રમાં જે પરિવર્તન આવ્યું તેને પરિણામે મનો-ચિકિત્સાએ 'ધર્મ'નું રૂપ લીધું છે. જો કે યુંગે વ્યક્તિત્વમાં રહેલા એકત્રિત પરિબળને નિરૂપિત કર્યું છે તેમ છતાં એ વેદાંતના આત્મતત્ત્વથી ભિન્ન છે. એ આપણે પછીથી જોઈશું.

બહાર વાસ્તવિક જીવનના પ્રશ્નો ધીમે ધીમે વ્યક્તિ પોતાના અંગત જીવનમાં અનુભવવા લાગે છે. યુંગ કહે છે કે વ્યક્તિના ચિત્તમાં એ સામૂહિક અચેતનની પ્રતિમા તરીકે વ્યક્ત થાય છે. આ પ્રતિમા આદિમ છે. આ પ્રતિમાઓનું યોગ્ય પૃથક્કરણ કરવામાં આવે તો તેમાં વિરોધોને સંકલિત તથા સમન્વયિત કરતાં સૂચનો રહ્યાં હોય છે. સમાજની પરંપરામાં સેંકડો વર્ષોમાં પરિપાકરૂપે જે અનુભવ અને ફલશ્રુતિ પ્રાપ્ત થાય છે એ વ્યક્તિના ચિત્તમાં પ્રતિમારૂપે પ્રતિબિંબિત થાય છે. જે અંશે મનુષ્ય આત્મ-સભાન બને છે તે અંશે વ્યક્તિ પોતાની અંતર-ચેતનામાં તેનું પ્રત્યક્ષીકરણ કરી શકે છે. જો વ્યક્તિ આંધળું જીવન જીવે અને પોતાની સ્વ-ચેતનાને પ્રતીત કરવા પ્રયત્ન ન કરે તો જીવનના સંઘર્ષ અને મૂંઝવણોના ઉકેલ તેને મળતા નથી.

એરીક ફ્રોમનું ચિંતન :

વ્યક્તિત્વના ઘડતરમાં સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિઓ અને પરિબળો ભાગ ભજવે છે એ ફ્રોમના સામાજિક ચિંતનમાં વ્યક્ત થાય છે. અગાઉના મનોવૈજ્ઞાનિકોએ જૈવિક, રાસાયણિક અને વ્યક્તિલક્ષી ઘટકોને નિર્ણાયકારી લેખ્યા હતા. ત્યારે પછીના મનોવૈજ્ઞાનિકો જેવા કે કેરેન હોરને, સલ્લીવાન અને ફ્રોમ વસ્તુલક્ષી, સામાજિક અને

સાંસ્કૃતિક બાબતોની નોંધ લે છે અને દર્શાવે છે કે વ્યક્તિત્વ એ જટિલ સાંસ્કૃતિક એકમ છે. એરીક ફ્રોમ બર્લીનમાં ૧૯૪૦માં મનો-ચિકિત્સાના વ્યવસાયમાં હતા. પછી એ સમાજશાસ્ત્રના અધ્યાપક હતા. સાંસ્કૃતિક દૃષ્ટિએ વ્યક્તિત્વનું નિર્માણ ઐતિહાસિક પરંપરા, રૂઢિ, મૂલ્યો અને માન્યતાઓ દ્વારા થાય છે. મનોવિશ્લેષણ પદ્ધતિના આરંભમાં એમ માનવામાં આવ્યું હતું કે અમુક વર્તન અસામાન્ય છે. ત્યારે અમુક સાર્વત્રિક સ્વસ્થ તથા સામાન્ય મનોવિજ્ઞાન છે. પરંતુ કેરેન હોરનેએ એ દર્શાવ્યું કે આ ખ્યાલ યોગ્ય નથી. જે એક સંસ્કૃતિમાં સામાન્ય લેખવામાં આવે છે એ બીજી સંસ્કૃતિમાં અસામાન્ય (**Abnormal**) લેખાય છે. મનુષ્ય અને સમાજ એકબીજાના વિરોધી નથી પરંતુ મનુષ્ય સાંસ્કૃતિક અને સામાજિક પરંપરાનો અનુયાયી છે. સમાજ ગતિવિહીન સમુદાય કે સંસ્થા નથી પરંતુ વ્યક્તિ અને તેના અન્ય સાથેના સંબંધોમાંથી ઉત્પન્ન થતી પ્રવૃત્તિશીલ અને સક્રિય (**Dynamic**) રચના છે.

ફ્રોમ સમાજને માલિક-કર્મચારી, સંગ્રાહક-ખરીદનાર, અમલદાર-સેવક, જમીનદાર અને સાથીના સહકારી સંબંધોના માળખા તરીકે વિચારે છે. માનવવ્યક્તિત્વ સામાજિક નિષેધ, વિરોધ અને વ્યાવર્તક સંબંધથી ઘડાતું નથી પરંતુ સહકાર, સમાધાન, સંઘર્ષ અને સ્પર્ધાની આંતરક્રિયાઓથી આકાર લે છે. વ્યક્તિનું ચેતનતંત્ર અને જીવંત એકમ કંઈ હંમેશને માટે સુસજ્જ હોતું નથી કે બહારના 'સમાજ' 'માર્કેટ'માંથી પોતાને ક્રિયાશીલ રાખવા સામગ્રી લાવે. જેમ વ્યક્તિ બહાર સમાજ પાસે જાય છે તેમ સમાજની રચના અને ક્રિયા વ્યક્તિ પર અસર પહોંચાડે છે. એ એકપક્ષી ક્રિયા નથી પરંતુ દ્વિપક્ષી છે. વ્યક્તિના વ્યક્તિત્વ અને માનસની સમસ્યા એ કોઈ મૂળભૂતવૃત્તિની અતૃપ્તિ, ભગ્નાશ દશા નથી પરંતુ વ્યક્તિનો જગત સાથે વિશિષ્ટ સંબંધ, તેનો પ્રકાર અને તેની વિધાયકતા પર આધારિત છે. ફ્રોમ માને છે કે મનુષ્ય અને સમાજ વચ્ચેના સંબંધો 'સ્થિર' નથી પરંતુ પરિવર્તનશીલ રહે છે. મનુષ્યના ચિત્તમાં ઇન્દ્રિયસુખ, પ્રેમ, તિરસ્કાર, સત્ત્વની ઇચ્છા, શરણાગતિની ભાવના સુપ્ત રીતે રહ્યાં છે. તેમાં વ્યક્તિગત ભિન્નતા રહી છે, પરંતુ એ સામાજિક પ્રક્રિયાથી ઉત્પન્ન થાય છે. જેમ સમાજ તેનું દમન કરે છે તેમ સમાજ તેનું સર્જન પણ કરે છે. આપણે જેને 'માનવસ્વભાવ' તરીકે ઓળખીએ છીએ એ સંસ્કૃતિની નિપજ છે. એ જૈવિક લક્ષણો અને પ્રકૃતિથી મર્યાદિત બને એ સંભવિત છે પરંતુ પ્રકૃતિથી જૈવિક લક્ષણો સંપૂર્ણપણે સમજાવી શકાય નહિ.

ફ્રોમ એમ દલીલ કરે છે કે મનુષ્યે 'માનવપ્રકૃતિ'નું સર્જન કર્યું છે. આ સર્જનની પ્રક્રિયા યોગ્ય રીતે સમજવી હોય તો ઇતિહાસના વિવિધ તબક્કાઓનો આપણે અભ્યાસ કરવો જોઈએ. એ પ્રશ્ન પૂછે છે કે ઇતિહાસના અમુક વિશિષ્ટ તબક્કાએ જ શા માટે માનવસ્વભાવમાં ફેરફાર જણાયો છે? મધ્યયુગ કરતાં શા માટે જ્ઞાનોદય (**Renaissance**)નું રૂપ તદ્દન જુદું છે? સામાજિક પ્રક્રિયા દ્વારા એષણા, ઇચ્છા, વ્યગ્રતા, ફેરફાર અને વિકાસ જન્મે છે એ જેટલું સાચું છે તેટલું જ માનવશક્તિ આર્થિક ઉત્પાદન, સામાજિક પરિવર્તન અને સાંસ્કૃતિક સંજોગોને ઘડે છે એ સાચું છે. "મનુષ્ય ફક્ત ઇતિહાસથી ઘડાય છે એમ નહિ પરંતુ ઇતિહાસ પણ મનુષ્યથી રચાય છે." અન્ય પ્રાણીઓ અને મનુષ્યમાં કેટલીક મૂળભૂત વૃત્તિ, જાતીય વાસના, ક્રોધ, ભય સામાન્ય છે. પરંતુ જે રીતે માનવસ્વભાવમાં એ વ્યક્ત થાય છે એ

સાંસ્કૃતિક અને સામાજિક રીતે નિર્ધારિત થઈ હોય છે "લોકો પોતાની માન્યતાઓ માટે અન્ન, જળનો ત્યાગ કરે છે, ફાંસીને માચડે ચડે છે, દેશાભિમાન અને ધાર્મિક શ્રદ્ધાને ખાતર બલિદાન આપે છે એની સમજૂતી જૈવિક સિદ્ધાંત-કલ્પનાથી આપી શકાય નહીં."[૩] એ સમાજ અને સંસ્કૃતિના સંદર્ભમાં જ આપી શકાય.

અસ્તિત્વની વિષમતાઓ, વિરોધો અને સંદિગ્ધતાઓ એ ઇતિહાસની હકીકતો દ્વારા માનવસ્વભાવ સમક્ષ રજૂ થાય છે. તેની પસંદગી પર પ્રકૃતિ દ્વારા કાપ મૂકવામાં આવે છે. જીવનના ટૂંકા ગાળામાં પોતાની શક્તિઓની ખીલવણી કરવી અનિવાર્ય બને છે. મનુષ્ય જ્યારે આ વિષયતાઓને ઓળંગી જાય છે. ત્યારે એ એમ અનુભવે છે કે ઇતિહાસનો એ આવશ્યક ભાગ છે. સમાજમાંથી વિસંવાદોને દૂર કરવા એ માનવબુદ્ધિને માટે મહત્ત્વનો પડકાર છે. જેમ વ્યક્તમાં 'તાર્કિકતા' રહી છે તેમ સમાજમાં પણ વિવાદ, વિરોધ અને વિસંગતિઓ છે. વ્યક્તિનું ચિત્ત તેને દૂર કરવા અને સુસંગતતા સ્થાપવા કટિબદ્ધ બને છે. જીવનના ગતિશીલ પ્રવાહમાં મનુષ્ય જગત સાથે બે રીતે સંબંધિત થાય છે : (૧) વસ્તુઓને સંગ્રહિત કરીને, (૨) પોતાની તેમ જ અન્ય સાથે સંબંધો પ્રાપ્ત કરીને. પ્રચલિત સમાજ કાં તો સમાનતા કે આપખુદશાહી દ્વારા સ્વતંત્રતા કે અન્યાયના ધોરણે વિકાસ કરતો હોય. જે રીતે વ્યક્તિ સમાજ સાથે અનુકૂલન (Adjustment) પ્રાપ્ત કરે છે એ અનુકૂલનની શૈલી તેના ચારિત્ર્યનું નિર્માણ કરે છે. આ શૈલીના ઘટકોમાં પ્રેમ, આત્મપીડનવૃત્તિ, પરપીડનવૃત્તિ (Sadism), વિનાશવૃત્તિ અને વફાદારીનો સમાવેશ થાય છે. જેમ સંબંધની આ પાંચ પદ્ધતિઓ છે તેમ એકત્રીકરણની પાંચ પદ્ધતિઓ છે એ સંવેદનશીલ આવકાર, શોષણ કરવું, સંગ્રહખોર, લેવડદેવડ કરનાર અને ઉત્પાદક એ પાંચ ખાસિયતવાળા માનવસ્વભાવ છે. ફ્રોમ માને છે કે સામાજીકરણ અને એકત્રીકરણની પ્રક્રિયામાં જે રીતે માનવશક્તિ વિકેન્દ્રિત થાય છે એને ચારિત્ર્ય કહેવાય છે.

જેમ મનોવિશ્લેષણ પદ્ધતિ અને વિચારશાખામાં પરિવર્તન આવ્યું અને યુંગે સમગ્ર ચૈતસિક કેન્દ્રના મહત્ત્વને પ્રતિપાદિત કર્યું તેમ પ્રવર્તમાન અસ્તિત્વવાદી અને જેસ્ટાલ્ટ પ્રવાહોમાં માનવવ્યક્તિત્વ વિશે સર્વાંગી તેમ જ અખિલાર્પરક દૃષ્ટિકોણની હિમાયત કરવામાં આવી છે. ગાર્ડનર મરફીએ 'વ્યક્તિત્વ' પરના ગ્રંથમાં આ બાબત અંગે ધ્યાન ખેંચ્યું છે. કર્ટ ગોલ્ડ-સ્ટીન, પ્રેસકોટ લેકી, રોજર્સ, આલપોર્ટ અને અબ્રાહમ મેસલો દ્વારા જે સિદ્ધાંતો રજૂ થયા છે તેમાં વ્યક્તિના આત્મ-મૂર્તિકરણ, યથાર્થીકરણ, સંકલન અને સંગઠનની પ્રવૃત્તિ તથા શક્તિને સૂચવવામાં આવ્યાં છે. અમેરીકામાં સર્વાંગી વ્યક્તિત્વના ખ્યાલની કેન વીલબરે હિમાયત કરી છે. જેને સામાન્ય વ્યક્તિત્વ કહેવામાં આવે છે તેનાથી અતિરિક્ત ચેતનાનાં સોપાનો રહ્યાં છે. એ માનવવ્યક્તિત્વના નિર્ણાયક ઘટકો બની રહે છે. શરીર, પ્રાણતત્ત્વ મન, આત્મા (Soul) અને આત્મતત્ત્વ (Spirit) એમ પાંચ ઘટકોનો ઉલ્લેખ કરે છે. તેમાં સમગ્રતા તેનો સંચાલન-કર્તા છે. મેસલો 'કેન્દ્રવર્તી અનુભૂતિ'ઓ વિશે કથન કરે છે અને વ્યક્તિત્વના ખંધારણમાં આ અનુભૂતિ મુખ્ય પ્રદાન કરે છે એ મંતવ્ય આલેખે છે.

---

3 Erich Fromm, Man for Himself : Rinchert and Co. Inc New York, 1947, P. 47.

અસ્તિત્વવાદી પૃથક્કરણ :

પાશ્ચાત્ય અસ્તિત્વવાદ મનુષ્યના એકાંગી અને તર્કલક્ષી અર્થઘટન સામે પ્રતિકાર તરીકે ઉદય પામ્યો. મનુષ્ય એ તેનું વૈચારિક હાર્દ નથી પરંતુ મૂર્તિમંત અને નક્કર જીવન તથા અસ્તિત્વ છે. જીવનનાં નક્કર દ્વંદ્વો જેવાં કે સુખ-દુઃખ, પ્રગતિ-વિનાશ, વિજય-ભગ્નાશ, અહમ્-લઘુતા તેને નિમ્ન કક્ષાએ ધકેલી દે છે અને મનુષ્ય વિભાજિત ચૈતન્યનો ભોગ બની જાય છે. વૈચારિક આદર્શોને સાકાર કરવા એ કદી પ્રતિબદ્ધ થઈ શકતો નથી. એક તરફ પરંપરાના ખ્યાલો જીર્ણ થતા જણાય છે તો બીજી તરફ નવીન મૂલ્યોનું સર્જન હજુ અપરિપક્વ દશામાં છે. શો સંકલ્પ કરવો અને વિકલ્પ પસંદ કરવો તે અંગે મનુષ્ય દ્વિધામાં રહી જાય છે. બુદ્ધિ બાહ્ય વસ્તુઓને અર્થનું પ્રદાન કરે છે પરંતુ તેને શી રીતે 'સ્વ' (I) કે 'અહમ્' તત્ત્વ સાથે જોડવા એ મૂંઝવણ ઉત્પન્ન થાય છે. એ અનુભવ કરે છે કે 'સ્વ' અન્ય વસ્તુઓ, બનાવો અને પદાર્થોથી ભિન્ન તથા પર છે. પરંતુ તેનું આત્મ-જ્ઞાન એ તેના માટે સરળ નથી. ફક્ત 'સમજૂતી'થી આ સભાનતા કે સ્વ-પ્રતીતિ સંભવિત નથી એમ તેને લાગે છે.

જ્યાં પોલ સાર્ત્ર વ્યક્તિત્વને જડ અને ચેતનતત્ત્વમાં વિભાજિત કરે છે. વસ્તુલક્ષી વિભાજન મનુષ્યના વ્યક્તિત્વમાં વિચ્છિન્નતાને સર્જે છે. જીવનમાં એ નિષેધકતાનો અનુભવ કરે છે. વ્યક્તિત્વના આરોહણનાં પગથિયાં સિદ્ધ કરવામાં આ 'નિષેધ' વિઘ્નરૂપ બને છે. તેનું ચૈતન્ય શારીરિક અને સભાનલક્ષી વિષયોનું મધ્યસ્થી બની જાય છે. ચૈતન્ય પોતાનું સ્વ-સ્થાપન કરી શકતું નથી. એ જાણે છે કે પોતે 'તાદાત્મ્ય'નો ગુણ ધરાવે છે પરંતુ વાસ્તવિક પરિસ્થિતિમાં એ વિભાજન, દ્વૈત અને વસ્તુલક્ષિતા નિહાળે છે. એ સ્વ-પ્રતીતિનું આકલન કરી શકતો નથી. વસ્તુલક્ષી પરિસ્થિતિ તેમ જ વિષયો સાથે સંબંધ જોડવામાં સ્વ-તત્ત્વ પોતાનું ચૈતન્ય ગુમાવે છે. સાર્ત્ર આ અંગે 'આત્મ-પ્રપંચ' (Bad Faith)નો ખ્યાલ રજૂ કરે છે. મનુષ્ય સમાજમાં 'કામગીરી' (Role) ભજવે છે પરંતુ એમાં પોતાનું સ્વ-તત્ત્વ સામેલ થતું નથી. સમાજ, રાજ્ય અને સંસ્થાઓના હોદ્દેદારો આવી કામગીરી બજાવે છે. એ 'સ્વ' (I) હોવા છતાં વિષયમાં પરિવર્તિત થઈ જાય છે અને પરિણામે 'બીનઅધિકૃત' (Inauthentic) વર્તન કરે છે. આ વ્યક્તિને પોતાને પસંદ નથી. વ્યક્તિ માનસિક, બૌદ્ધિક અને સાંસ્કૃતિક હોવાથી શા માટે યાંત્રિક, વાર્તનિક અને જૈવિક એકરૂપતાને તાબે થાય એ મૂંઝવણ થાય છે. 'સ્વ' ને 'તે' કે 'અન્ય' વ્યક્તિના સંબંધમાં ફેરવી શકાતું નથી એમ માર્ટીન બ્યુલર વિચારે છે.

દૃશ્યાનુભવમીમાંસા :

ગઈ સદીમાં વ્યક્તિ એ 'આશય' (Intention)નો સંપુટ છે અને એ જગતને 'અર્થ'ની વિભાવના દ્વારા સમજે છે એ દૃષ્ટિકોણ યુરોપમાં રજૂ કરાયો. અલબત્ત, ભારતમાં વૈશેષિક, સાંખ્ય અને વેદાંતદર્શનમાં આવો અભિગમ રજૂ થયો હતો પરંતુ ભારતીય તાત્ત્વિક વિચારધારામાં અર્થ ઉપરાંત સઘન અનુભૂતિ અને વ્યક્તિમત્તાને (Individuality) વિશેષ અગત્ય આપવામાં આવી છે. હુસેર્લના (૧૮૫૯-૧૯૩૮) ચિંતન અનુસાર આશય વ્યક્તિના અહમ્ને નિર્ધારિત કરે છે. આંતરિક અને બાહ્ય વિષય-અનુભવના કેન્દ્ર તરીકે અહમ્ તત્ત્વ રહ્યું

છે. આ અહમ્ તત્ત્વના ત્રણ પ્રકાર છે : (૧) જગત સાથે સંલગ્ન અહમ્, (૨) પારગામી અહમ્ અને (૩) અલિપ્ત દૃષ્ટા અહમ્. હુસેર્લ વ્યક્તિગત માનવ અસ્તિત્વ પર વધુ ભાર મૂકતા નથી તેમ છતાં અહમ્ની ચેતના વાતાવરણ, જ્ઞાનાત્મક અવસ્થા અને સંકલ્પને ઘડવામાં ક્રિયાશીલ છે એમ સૂચવે છે. માર્લો પોન્તીના મતાનુસાર આપણી આજુબાજુનું જગત છે તેની સાથે સાથે હકીકત ઉપરાંત "સાંસ્કૃતિક જગત" પણ છે. જ્યારે વ્યક્તિ તથ્ય-જગતને આદર્શ અને મૂલ્યની દૃષ્ટિએ જુએ છે ત્યારે તેના માટે એ સાંસ્કૃતિક બની જાય છે. અન્ય વ્યક્તિઓને પોતાના કાર્યમાં સહભાગી સમજે છે ત્યારે એ સામાજિક કાર્ય બને છે.

આપણે જોયું કે ભારતીય તાત્ત્વિક દૃષ્ટિકોણ પણ દૃશ્યાનુભવલક્ષી છે. એ વ્યક્તિ, જગત અને અનુભવના વિવિધ પ્રદત્તો (Data)ને અભ્યાસમાં લે છે. તેથી માનવશરીર, જૈવિક એષણા, ઇચ્છાઓ, બુદ્ધિ અને આંતરિક આત્મતત્ત્વ જેવા વિવિધ પ્રદત્તોને સમજૂતી માટે ગણનામાં લેવામાં આવે છે. સમકાલીન ભારતીય શૈક્ષણિક અને તાત્ત્વિક ચિંતનમાં રવીન્દ્રનાથ ટાગોર, ગાંધીજી અને શ્રી અરવિંદ મહત્ત્વનાં અર્થઘટનો અને સિદ્ધાંતો રજૂ કરે છે. તેમાં મનોવિશ્લેષણ, સર્વાંગીપણું, પ્રકૃતિની આશયલક્ષિતા અને માનવપ્રગતિના દૃષ્ટિકોણોનો સમાવેશ થાય છે. ટાગોર (૧૮૬૧-૧૯૪૧) વ્યક્તિત્વ વિશે લખે છે કે "વ્યક્તિત્વ જીવંત એકમનો આત્મ-સભાન સિદ્ધાંત છે. જે મારું જ્ઞાન, મારી લાગણી, એષણા કે સંકલ્પ છે. સ્મૃતિ, અભિલાષા, પ્રેમ કે પ્રવૃત્તિઓ છે એ સઘળી તથ્યાત્મક વિગતોથી પર જઈને સઘળાનું સંકલન કરે છે..." પોતાની સર્જનાત્મક અભિવ્યક્તિમાં મનુષ્ય સમગ્રપણે પ્રવેશે છે અને પ્રગટ થાય છે. જાપાનમાં ટાગોરે 'વ્યક્તિત્વ' અંગે કેટલાંક વ્યાખ્યાનો આપ્યાં તેમાં વ્યક્તિત્વ, કેળવણી, સ્વતંત્રતા, આંતરિક અભિરુચિ, કલાત્મક જીવન અને આત્મતત્ત્વની સમગ્રતાનાં લક્ષણો વિશે વિશદ ચર્ચા કરી છે. શિશુ અવસ્થાથી માંડીને પુખ્ત ઉંમર સુધી વ્યક્તિ જે શિક્ષણ પ્રાપ્ત કરે છે તેમાં પ્રકૃતિ સાથેનું તાદાત્મ્ય, બહારનું વાતાવરણ, જીવન સાથેના સંબંધો અને આંતરિક અભિરુચિની સ્વતંત્ર કેળવણી મુખ્ય ભાગ ભજવે તેની હિમાયત કરી છે. કલા, સૌંદર્ય, સંવાદિતા અને માનવઘડતર એ વિભક્ત અંગો નથી. ભારતીય સાહિત્ય અ। બાબતને સરળતાથી સ્પષ્ટ કરે છે. મનુષ્ય અને પ્રકૃતિ સાથે રહીને વિકાસ સાધે છે. પ્રકૃતિ એ બાહ્ય વિષય કે રચના નથી પરંતુ માનવવ્યક્તિત્વ અને વિકાસનું અનિવાર્ય અંગ છે. જેમ રૂસોએ પ્રકૃતિ સાથેની એકતા દ્વારા કેળવણીની યોજના સૂચવી તેમ ભારતીય કેળવણીકારોએ તપોવન અને પ્રકૃતિના સાન્નિધ્યને શિક્ષણ, તાલીમ અને વ્યક્તિત્વના સુગઠનમાં મહત્ત્વ આપ્યું છે.

વ્યક્તિત્વ વિશે ટાગોર :

વ્યક્તિત્વને ટાગોર એક સર્વાંગી અને સમગ્ર નિર્ધારક તત્ત્વ લેખે છે જે વ્યક્તિના અંતસ્તત્ત્વમાં જે ઉદ્ભવે છે તેને રસાયણની માફક પરિવર્તિત કરી નાંખે છે. ટાગોરના મતાનુસાર વ્યક્તિત્વના વિનિમયમાં જીવનનો ઉત્તર પુરુષાર્થ પ્રગટ થાય છે. વાસ્તવિક સત્ત્વ પ્રત્યે કલા એ સૂક્ષ્મ અને અખિલ પ્રતિક્રિયા છે. એ વ્યક્તિનું વાસ્તવિકતાને રજૂ કરવાનું ઉત્તમ માધ્યમ છે. મનુષ્ય સ્વભાવથી કલાકાર છે. ટાગોર માને છે કે મનુષ્યમાં આનંદતત્ત્વ મૂળભૂત રહ્યું છે તેથી જ્યારે એ આનંદતત્ત્વ દ્વારા 'સ્વ'ને વ્યક્ત કરે છે ત્યારે પોતાની સમગ્રતાને વિષયમાં

આવિર્ભૂત કરે છે. જાણે કે બહારનાં તથ્યો અને વસ્તુલક્ષી પદાર્થો અંતર્લક્ષી પ્રતિમાઓમાં પરિવર્તિત થતાં હોય એવી નિત્યવૃત્ત મનુષ્યના સ્વભાવમાં છે એમ ટાગોર વિચારે છે. જેમ વાસ્તવિકતા, આંતરિક સર્જનશીલતા ફેરવાઈ છે તેમ સમાજની ગતિશીલતા સંવાદ અને લયબદ્ધ પ્રમાણમાં બદલાય છે. વ્યક્તિમાં મૂળભૂત રીતે સંવેદનશીલતા રહી છે. દરેક વ્યક્તિએ જીવનના જુદા જુદા વ્યવહારમાં આ સંવેદનશીલતાને વિકસાવવા તક આપવી જોઈએ. તેથી જ આનંદ એ નિત્ય રસાયણ છે જે આ સંવેદનશીલતાને રસમય તથા વિવેકશીલ બનાવે છે. એ ભારતીય સંસ્કૃતિનો સનાતન અંશ છે. તેના શિક્ષણ, સૌંદર્ય, સત્યસંશોધન અને જીવન-મીમાંસામાં ઓતપ્રોત રહ્યું છે.

મનુષ્ય કલ્પનાપ્રધાન છે એ તેની વિશિષ્ટ સંપત્તિ છે. પરંતુ આ કલ્પના સમગ્ર વાસ્તવિક વિશ્વ અને આંતરિક સત્ય તથા સૌંદર્યને અનુરૂપ બને ત્યારે એ વિવિધ સંબંધોને સુસંકલિત કરે છે. ટાગોર મનુષ્ય અને બાહ્ય જગતના 'સંબંધો'ને મૂલ્યવાન સમજે છે. એ જગતની બહુવિધતાને આવકારે છે. તેમના દર્શનમાં સત્ય એ કલાકારનું સત્ય છે. સત્ય અને સૌંદર્ય એ કીટ્સની માફક આંતરિક એકરૂપતા ધરાવે છે. આમ માનવસત્ય કે મૂલ્ય નિરાકાર કે અમૂર્ત નથી પરંતુ સઘન અને ભાવનાયુક્ત છે. વ્યક્તિત્વના સઘન વિકાસને માટે ટાગોરે પ્રયોગલક્ષી દૃષ્ટિએ કેળવણીનું ક્ષેત્ર હાથ ધર્યું. શાંતિનિકેતનની સંસ્થા સ્થાપિત કરી. તેમાં બાળકથી શરૂ કરીને મોટેરાંઓને કુદરત, એકતા, પ્રેમ, ભ્રાતૃત્વ, સ્વતંત્રતા, કલાત્મક વાતાવરણ અને જ્ઞાન સંપાદિત કરવા માટે તદ્દન ખુલ્લા અને અનૌપચારિક પરિવેશમાં શિક્ષણ અને કેળવણીની સુવિધા પાર પાડી. ફ્રોબેલ, પેસ્તાલોજી, હરબાર્ટ, જહોન ડયૂર્ઇ જે કેળવણી વિશે પ્રાકૃતિક તાદાત્મ્ય, કર્તૃત્વશક્તિ, પ્રેરણાલક્ષી સામેલગીરી, હેતુલક્ષી આયોજન અને વ્યાવહારિક ખ્યાલનાં અંગો હોવાં જોઈએ એ ધોરણોની હિમાયત કરતા હતા એ ટાગોરે વિવિધલક્ષી સંસ્થાનું નિર્માણ કરીને સિદ્ધ કરી બતાવ્યું. યથાર્થ શિક્ષણ એ છે જે મનુષ્યના આંતરિક ગુણોની પ્રતીતિ કરાવે છે. એ બાહ્ય જગતને માનવજીવન સાથે સંવાદિત બનાવે છે. જ્યારે વ્યક્તિની પ્રગતિ તેની ઉત્તમ કક્ષાએ પહોંચે છે ત્યારે એ આ સંવાદિતા પ્રાપ્ત કરે છે.

ટાગોરની માફક સમકાલીન સદીમાં મહાત્મા ગાંધીજીએ (૧૮૬૯–૧૯૪૮) પોતાના શૈક્ષણિક પ્રયોગોનો આરંભ દક્ષિણ આફ્રિકામાં કર્યો. એ પણ ટાગોરની જેમ ઉપનિષદોથી પ્રભાવિત થયા હતા. ઈંગ્લેંડમાં રહીને જે પુસ્તકો વાંચ્યાં, 'અનટુ ધીસ લાસ્ટ', 'કિંગ્ડમ ઑફ ગોડ ઇઝ વિધીન યુ' તેનો પણ પ્રભાવ પડ્યો અને પછીથી સત્યના પ્રયોગો તરીકે ફિનિક્સ આશ્રમ, સાબરમતી, વર્ધામાં રહીને ગાંધીજીએ તેને ફક્ત વ્યક્તિમાં નહિ પરંતુ સમૂહમાં ચરિતાર્થ કરવા પ્રયાસ કર્યો. ભારતીય વિચારધારાની આ વિશેષતા છે કે તેમાં વ્યક્તિત્વને કેવળ રચનાલક્ષી એકમ લેખવામાં આવ્યું નથી પરંતુ કેળવણી, પુરુષાર્થ અને વ્યવહારલક્ષી પ્રવૃત્તિથી તેને વ્યક્તિગત અને સમૂહમાં પ્રયોજિત કરવામાં આવ્યું છે. ગાંધીજીએ સ્વાશ્રય સર્વોદય, સર્વાંગી અને વ્રતલક્ષી કેળવણીને પ્રતિપાદિત કરી અને સમાજ તથા રાષ્ટ્રના વિકાસમાં તેનું પ્રયોજન દર્શાવ્યું, 'હિંદ સ્વરાજ'ની પુસ્તિકામાં ગાંધીજીએ લખ્યું કે જો ભારતને પરિવર્તિત કરવું હશે તો પ્રત્યેક વ્યક્તિએ આંતરિક રીતે પરિવર્તિત થવું પડશે. સ્વતંત્રતાનો અર્થ

'સ્વ-નિર્માણ' છે. વ્યક્તિ જાતે જ યોગ્ય નિયમો ઘડીને જાતે 'ઇષ્ટ'ને કે 'શુભ'ને વરે. અન્યના દોષો કાઢતા પહેલાં વ્યક્તિએ જાતે જ પરિશુદ્ધ બનવું ઈચ્છવા યોગ્ય છે.

વ્યક્તિત્વ વિશે ગાંધીજીનું દૃષ્ટિબિંદુ :

ઓગણીસમી સદીના અંતભાગમાં અને વર્તમાન સદીના આરંભમાં સામાજિક ચિંતન પરત્વે બે પ્રવાહો ક્રિયાશીલ હતા સાધ્યો અંગે નૈતિક સાધનોનો ઉપયોગ કરવો જોઈએ અને જગતમાં સંપૂર્ણ શાંતિ સ્થાપવા અહિંસાનો અમલ થવો જોઈએ. કારલાઈલ, ઇમરસન, રસ્કીન અને ટોલ્સ્ટોય આ સાધનો અને સિદ્ધાંતની રજૂઆત કરતા હતા. આ બે દૃષ્ટિકોણને લક્ષમાં રાખીને ગાંધીજીએ પોતાનો મધ્યમમાર્ગ પ્રતિપાદિત કર્યો. વ્યક્તિત્વના વિકાસમાં ગાંધીજીને સંપૂર્ણ વિશ્વાસ હતો. વ્યક્તિ સ્વસ્થ જીવન જીવી શકે છે. જો એ સત્યને પોતાના જીવનના આદર્શ તરીકે પસંદ કરે તો ફકત વ્યક્તિગત રીતે જ નહિ પરંતુ સામૂહિક જીવનમાં તેને મૂર્તિમંત કરી શકે છે. અલબત્ત, ગાંધીજી મનુષ્યને દોષિત સમજે છે. મનુષ્ય અનેક નબળાઈઓને વશ થાય છે. પરિણામે એ સત્ય અને અહિંસાના પાલનમાં તેની ક્ષતિઓ જોવા મળે છે.

વ્યક્તિત્વના આંતરિક અને બાહ્ય પરિમાણોમાં સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક એવા ચુસ્ત વિભાગો પાડવા કૃત્રિમ છે. એ સમાજનો અનિવાર્ય અંશ છે એ સાચું છે, પરંતુ તાકિક અગ્રીમતાની દૃષ્ટિએ વ્યક્તિની વ્યક્તિમત્તા (Individuality) પ્રથમ છે. વ્યક્તિ યોગ્ય અને સંવાદિત સમાજમાં રહેવા ઈચ્છે છે. તેથી વ્યક્તિનો પુરુષાર્થ અહમ્‌થી પર જઈ સામાજિક અભ્યુદય, સર્વોદય અને ઉચ્ચ સંસ્કારિતા પ્રતિ નિર્ધારિત થયો છે. મનુષ્ય વ્યક્તિગત અહમ્‌થી પર જઈ શકે છે એ તથ્યને સ્વીકારીને ગાંધીજી કર્તવ્યના સિદ્ધાંતને વ્યક્તિત્વના સંગઠન અને ઘડતર માટે સૂચવે છે. કર્તવ્ય એ લોકોના કલ્યાણ અને વિકાસ માટેની આહુતિ છે. કર્તવ્ય એ વ્યક્તિને સમાજની વિષમતાઓ અને તેનાં અનિષ્ટો વિરુદ્ધ સામનો કરવાની શક્તિ આપે છે. જેમ ટાગોરના ચિંતનમાં 'માનવસંબંધો' ને આવકારદાયક લેખવામાં આવ્યા છે તેમ ગાંધીજી માનવપ્રેમને વિધાયક તત્ત્વ તરીકે લેખે છે. ગાંધીજી માનવતાવાદી (Humanist) હતા અને પ્રેમમાં માનવજાતિને એકત્રિત કરવાની ક્ષમતા છે એ વિશ્વાસ ભારપૂર્વક મૂકે છે. એરિક ફ્રોમની માફક ગાંધીજી ભયના સંવેગની વિરુદ્ધ પ્રેમના સ્થાયીભાવને વ્યક્તિત્વના વિકાસ માટે મહત્ત્વનું ઘટક લેખે છે.

શિક્ષણ એ માહિતી આપે છે પરંતુ કેળવણી એ મન અને ચારિત્ર્યને ઘડે છે. કિશોરલાલ મશરૂવાળાએ આ ભેદ દર્શાવ્યો છે. ભારતીય શિક્ષણની વિચારધારા કેળવણીને હેતુલક્ષી માનીને વ્યક્તિને માનવમૂલ્યને પ્રતીત કરવા કટિબદ્ધ બનાવે છે. જ્યારે કેળવણીને રાષ્ટ્રીય કેળવણી બનાવવા માટે શ્રી અરવિંદ, લોકમાન્ય તિલક અને રવીન્દ્રનાથ ટાગોર ભગીરથ પ્રયત્ન કરી રહ્યા હતા ત્યારે કેળવણી ફકત જીવનનિર્વાહ, માહિતી કે પરિસ્થિતિના અનુકૂલન માટે નથી પરંતુ વ્યક્તિત્વની સમગ્ર ખીલવણી માટે છે એ વિભાવના પાંગરવા માંડી. શ્રી અરવિંદ ૧૯૧૪-૨૧ દરમ્યાન "આર્ય" સામયિકમાં ભારતીય સંસ્કૃતિ, માનવએકતાનો આદર્શ, માનવ-વિકાસચક્ર, દિવ્ય જીવન અને યોગનો સમન્વય એ વિષય પર વિસ્તારપૂર્વક લખ્યું. શ્રી અરવિંદે

(૧૮૭૨–૧૯૫૦) જીવન, કેળવણી અને યોગ વચ્ચે એકતા દર્શાવી. સમગ્ર જીવન એ યોગ છે અને કેળવણીનું પૂર્ણવિરામ જીવનના વિરામ સાથે સંકળાયેલું છે. આમ કેળવણી સ્વયં નિત્ય વ્યક્તિત્વ અને જીવનને રૂપાંતરિત કરતી પ્રક્રિયા છે. વ્યક્તિત્વના આંતરિક વિકાસમાં આંતરિક તત્ત્વ સ્વયં સક્રિય બને છે અને માનવશરીર, પ્રાણ અને મનને રૂપાંતરિત કરવામાં મદદરૂપ થાય છે. મનુષ્યમાં અસત્ અને સત્તત્ત્વ બન્ને રહ્યાં છે. એષણારૂપ આત્મા (Desire Soul) અને ચૈત્ય પુરુષ (Psychic Being) એવા બન્ને આત્માઓ છે. એક પ્રાણતત્ત્વની સઘળી ઇચ્છાઓ અને વાસનાઓને સંતોષવામાં મગ્ન રહે છે તો બીજી તરફ વ્યક્તિત્વની ભીતરમાં રહેલો ચૈત્ય પુરુષ તેને અભીપ્સા, આનંદ અને યથાર્થ સમગ્રતામાં પરિવર્તિત કરી નાખે છે.

વ્યક્તિત્વ વિશે શ્રી અરવિંદ :

ભારતીય તત્ત્વચિંતનની પરંપરામાં આત્મતત્ત્વ વિશે સામાન્ય રીતે એમ જણાવવામાં આવ્યું છે કે એ નિત્ય, અવિનાશી, અવિચલ અને અમર છે. અદ્વૈત વેદાંત દ્વારા પછીથી આ માન્યતાને વધુ પુષ્ટિ મળી છે. પરંતુ સમકાલીન તત્ત્વચિંતનમાં શ્રી અરવિંદ આત્મતત્ત્વ (Self) અને આત્મા (Soul) વચ્ચે ભેદ દર્શાવે છે અને પ્રતિપાદિત કરે છે કે માનવજીવનને સુસંકલિત, સુગઠિત, સર્વાંગી અને જ્ઞાન અને દિવ્યતા પ્રત્યે દોરી જનાર આત્મા કે ચૈત્ય પુરુષ છે. ઉપનિષદો,[૪] ગીતા,[૫] તંત્ર અને ભક્તિસાહિત્યમાં ચૈત્ય પુરુષને સૂચવવામાં આવ્યો છે. શ્રી અરવિંદના મતાનુસાર ચૈત્ય પુરુષ શિશુ અવસ્થામાં પ્રગટ હોય છે પરંતુ પછીથી અન્ય જૈવિક, માનસિક અને સંવેગલક્ષી વ્યાપારો તેને દાબી દે છે. યથાર્થ શિક્ષણ અને તાલીમ દ્વારા તેને બહાર લાવી શકાય છે. કેળવણી એ યોગ છે અને આ યોગ દ્વારા મનુષ્ય સક્રિય આત્માને સંચાલક તરીકે પ્રયોજિત કરી વ્યક્તિત્વનું સ્વસ્થ રીતે ઘડતર અને રૂપાંતર કરી શકે છે.

સામાન્ય રીતે અચેતન એ ચેતન પર પોતાની છૂપી અસર પહોંચાડે છે. પરંતુ આ એ ધારણા હેઠળ બને છે કે ચેતન, અહમ્ અને સામાજિક-અહમ્ સર્વોપરી અને આખરી નિયામક છે. સામાન્ય ચૈતન્ય આ માટે શક્તિશાળી નથી. ચેતનતત્ત્વનાં અનેક આવરણો છે. જેમ જેમ મનુષ્ય વિકાસ સાધે છે અને પ્રગતિનાં સોપાનો સિદ્ધ કરે છે તેમ એ ચેતનતત્ત્વનાં નૂતન સ્તરોને નિહાળે છે. મન અને અહમ્તત્ત્વ વ્યક્તિને વાસ્તવિકતા તેમ જ આંતરલાક્ષતાથી દૂર રાખે છે પરંતુ મન એ અજ્ઞાનનું જ સાધન છે એમ નથી. એ યથાર્થ ચૈતન્ય અને મનનું પણ સાધન બની શકે છે. જેમ સ્થૂળતત્ત્વની ભીતરમાં સૂક્ષ્મતત્ત્વ રહ્યું છે તેમ શરીર, પ્રાણ અને મનતત્ત્વના આભાસી આવિષ્કારોની આંતરિક ભૂમિકામાં યથાર્થ સૂક્ષ્મ શારીરિક, સૂક્ષ્મ પ્રાણતત્ત્વ અને શુદ્ધ મનતત્ત્વ રહ્યાં છે. સર્વેના નિયામક તથા સંચાલક તરીકે ચૈત્ય પુરુષ છે.

જીવનના ઉદાત્ત અને ઉત્તમ પ્રસંગોમાં ચૈત્ય પુરુષ વ્યક્ત થાય છે પરંતુ મનુષ્ય તે વિશે સભાન અને આત્મજ્ઞાન ન હોવાને લીધે તેને વધુ વ્યક્ત થવાની અને વિકાસ કરવાની તક આપતો નથી. એ તેને અતિપ્રાકૃતિક કે 'ચમત્કારિક' સમજીને આકસ્મિક લેખે છે અને દાબી દે છે. હિંમત, શૌર્ય, સૌંદર્ય, કરુણા, ઉદારતા, માનવતા, પ્રેમ, સત્ય અને શુભના અનેક કાર્યોમાં

૪ તૈત્તિરીય ઉપનિષદ: ભૃગુવલ્લી, ૬–૮.

૫ ભગવદ્ગીતા: અ. ૧૫, શ્લોક ૭.

ચૈત્ય પુરુષ પોતાને દર્શાવે છે. એ વ્યક્તિત્વને આપોઆપ ઊર્ધ્વ જ્ઞાન અને સમન્વય સમીપ લાવે છે. તેનું જ્ઞાન એ તાદાત્મ્યનું જ્ઞાન છે. એ સ્વયં આનંદતત્ત્વને પ્રગટ કરે છે. સામાન્ય રીતે સત્ય, મૂલ્ય અને આદર્શ વ્યક્તિને ત્યાગ અને વૈરાગ્યાભિમુખ કરે છે. પરંતુ ચૈત્ય પુરુષ આનંદ તત્ત્વનો અંશ હોવાને લીધે વ્યક્તિ સ્વેચ્છાએ અને સ્વતંત્રતાથી તેને અનુસરે છે.

સામાન્ય રીતે મનુષ્ય પોતાના સ્વ-લક્ષી અને અન્ય-લક્ષી કાર્યો અહમ્‌તત્ત્વને કેન્દ્રમાં રાખીને કરે છે. નૈતિક કાર્યો પણ એ સાત્ત્વિક અહમ્ દ્વારા આચરી શકે છે. એ સંપૂર્ણ ઓગળી જાય અને તેની જગ્યાએ શુદ્ધ ચેતનતત્ત્વ આકાર લે કે સ્થપાય એ સમય અને પુરુષાર્થ માગી લે છે. આ યોગની પ્રક્રિયા છે. શ્રી અરવિંદ માને છે કે શરીર, પ્રાણ અને મનના યોગ્ય શિક્ષણ તથા તેની કેળવણીથી મનુષ્ય ચૈત્ય પુરુષને આ પ્રવૃત્તિના સંચાલક તરીકે મૂકી શકે છે. શ્રી અરવિંદનો યોગ એ પૂર્ણ અને સર્વાંગી યોગ છે તેથી એ મનુષ્યના વિવિધલક્ષી સ્તરો પર થતી પ્રગતિમાં સહાયક થઈ શકે છે. પ્રકૃતિ સ્વયં આ વિકાસ-સાધના કરે છે. તેનો સંકલ્પ આ સોપાનોને મનુષ્યના બૌદ્ધિક અને ચૈતસિક સ્તરો પર રજૂ કરવાનો છે. તેથી મનુષ્ય અને પ્રકૃતિ એકબીજાનાં વિરોધી નથી. વાસ્તવમાં મનુષ્યે પ્રકૃતિને સહાયરૂપ થવાનું છે. શિક્ષણમાં આ બાબતને ધ્યાનમાં લેવાઈ છે અને પરિણામે બાળકોને પ્રકૃતિ-કેન્દ્રી શિક્ષણ અપાય છે. મનુષ્યનું કાર્ય પ્રકૃતિના આ સંકલ્પને ઉત્તેજન અને સહકાર આપવાનું છે જેથી એ પોતાના હેતુલક્ષી આયોજનને સાકાર કરી શકે.

ચૈત્ય-પુરુષમાં સાહજિક રીતે અભીપ્સા, સમર્પણ અને સમગ્રતા રહ્યાં છે. તેથી એ માનવ-મૂલ્યોને તેના યોગ્ય પરિવેશમાં સંકલિત કરે છે અને વ્યક્ત તેમ જ બાહ્ય પરિસ્થિતિમાં તેને વ્યક્ત કરવા અવકાશ કરી આપે છે. એ બાહ્ય પરિસ્થિતિ તેમ જ આંતરિક સંઘર્ષને ત્યજી દેતું નથી પરંતુ તેને આંતરિક ઋજુતા, સંવાદિતા અને સંવેદનશીલતામાં રૂપાંતરિત કરી દે છે. તેમાં સાહજિકપણે આનંદતત્ત્વ પ્રગટ થતું હોવાને લીધે એ આંતરિક દ્વંદ્વોને, સુખદુઃખ, પ્રેમ-તિરસ્કાર, આત્મ-પ્રેમ, આત્મ-ત્યાગ, આવિષ્કાર, વિલીનીકરણને દૂર કરે છે અને સમન્વય સ્થાપે છે. મનુષ્ય અને બાહ્ય જગત વચ્ચે સેતુબંધ છે કારણ કે જગતની ઉત્ક્રાંતિના એક તબક્કા તરીકે માનવઉત્ક્રાંતિ ઉદ્‌ભવે છે અને શ્રી અરવિંદ આશાવાદી છે કે આ માનવમાંથી પૂર્ણમાનવ ભવિષ્યમાં આકાર લેશે. આમ છતાં ચૈત્ય પુરુષ સીધી રીતે મનુષ્યમાં પ્રગટ થાય છે તેથી મનુષ્યમાં પૂર્ણતાની ક્ષમતા રહી છે. ઉત્ક્રાંતિના ભાગ તરીકે એ વિવિધ તબક્કામાંથી પસાર થાય છે છતાં એ ચૈત્ય પુરુષની જાગૃતિ દ્વારા સીધી રીતે સભાનતા અને મૂલ્યોની પ્રતીતિ પ્રાપ્ત કરી શકે છે.

કર્મ અને પુનર્જન્મના સિદ્ધાંતને આધારિત માન્યતામાંથી એ બાબત નિષ્પન્ન થાય છે કે કર્મના હાર્દનું કોઈ સાતત્ય વ્યક્તિત્વના બંધારણમાં જળવાય છે અને તે હાર્દ પછીના જન્મમાં લઈ જવાય છે. શ્રી અરવિંદ આ વિશે ખુલાસો કરતાં કહે છે કે ચૈત્ય વ્યક્તિત્વ અને પુરુષ આ કર્મના હાર્દને લઈ જાય છે અને એ પોતાની અભીપ્સા અનુસાર અનુભૂતિને પ્રાપ્ત કરવા ઝંખે છે. આત્મતત્ત્વ જન્મ લેતું નથી પરંતુ ચૈત્ય પુરુષ નવીન જન્મ લે છે.

ભારતીય તત્ત્વચિંતમાં સામાન્ય રીતે 'કર્મના સિદ્ધાંત'ને શિક્ષા અને ચુસ્ત નિર્ધારણના અર્થમાં સમજવામાં આવ્યો છે. શ્રી અરવિંદ તેને 'પુણ્ય અને પાપ'ના સંદર્ભમાં ગ્રહણ

કરતા નથી; પરંતુ કર્મનું 'હાર્દ' કયું છે એ વ્યક્તિને સ્પર્શે છે. એ હાર્દ અનુસાર એ પોતાના ભાવિને ઘડે છે. એ વત્તેઓછે અંશે ચૈત્ય પુરુષની જાગૃતિને અસર કરે છે. ચૈત્ય પુરુષ સ્વયં સ્વતંત્ર છે. તેમાં નિહિત અભીપ્સાને લીધે એ ભવિષ્યના ઉચ્ચ હેતનું નિર્માણ કરે છે અને મનુષ્યને નવીન ક્ષિતિજ તરફ દોરી જાય છે. એ નિર્ધારિત સંબંધોમાં મૂલ્યોની પ્રતીતિ કરાવે છે. પુનર્જન્મની પસંદગીમાં ચૈત્ય પુરુષ નવા વ્યક્તિત્વને પસંદ કરે છે. નવીન જન્મ અને વ્યક્તિત્વનું પુનર્ગઠન એ ચૈત્ય પુરુષને માટે બોજો નથી પરંતુ એ આનંદનો અવિર્ભાવ છે. એ મુક્ત હોવાને લીધે આનંદને પ્રગટ કરવા સમર્થ છે.

આલોચના અને નિષ્કર્ષ :

આધુનિક મનોવિજ્ઞાન અને ચિંતનમાં 'વ્યક્તિત્વ' જેવું કોઈ નિત્ય તત્ત્વ છે તેનો સામાન્ય રીતે નકાર થયો છે. નૈસર્ગિક વિજ્ઞાનના વિકાસ હેઠળ વ્યક્તિત્વનો વિગતવાર અભ્યાસ થયો છે. શારીરિક ક્ષુધા, પ્રતિક્ષિપ્ત ક્રિયા, મજ્જાસંસ્થા, સ્નાયુજન્ય બંધારણ અને અવયવોને આખરી લેખીને મનોવૈજ્ઞાનિકોએ વ્યક્તિત્વનું શારીરિક વિશ્લેષણ કર્યું, પરંતુ એ નૂતન વર્તનવાદી, સંવાદિતાલક્ષી અને મનોવિશ્લેષકોએ સ્વીકાર્યું નહિ. માનવવર્તન કેવળ અભિસંધિત પ્રતિક્રિયાઓનું જટિલ બંધારણ છે એ વિચારપ્રવાહ યુરોપ અને અમેરીકામાં પ્રબળપણે વિસ્તર્યો પરંતુ વિલીયમ જેમ્સ, બી. એફ. સ્કીનર અને કોહલરે તેનો વિરોધ કર્યો. માનવવ્યક્તિત્વનો વધુ ક્રિયાશીલ, અંતરલક્ષી અને ઊંડાણપૂર્વકનો દૃષ્ટિકોણ રજૂ થયો.

મનોવિશ્લેષણનો અભિગમ ચિત્ત અને વ્યક્તિત્વ વિશે નવા પ્રદત્તો રજૂ કરે છે અને એણે મનો-ચિકિત્સાના ક્ષેત્રમાં પરિવર્તન કર્યું. બિમારી અને રોગ ફક્ત શારીરિક નથી પરંતુ માનસિક હોય છે એ સમજૂતી મનોવિશ્લેષણના સિદ્ધાંતે વ્યકત કરી. અચેતન મન એ વ્યક્તિત્વનો અનિવાર્ય અંશ છે એ આધારવાકયને ગ્રહિત કરીને મુલાકાતપદ્ધતિ, મુક્ત સાહચર્ય, સ્વપ્નનું અર્થઘટન અને સુખના સિદ્ધાંતને પ્રયોજિત કરીને વ્યક્તિત્વનો પૃથક્કરણાત્મક ખ્યાલ ધર્યો. આ સિદ્ધાંત અને પદ્ધતિ આખરે જાગૃત ચિત્તના પરિપ્રેક્ષ્યમાં અધૂરી કરી. અચેતન માનસને યુંગે વ્યકિત પૂરતું મર્યાદિત ન રાખી સામૂહિક અચેતનના નવીન પ્રદત્તને ઉમેર્યું. જાતીય ઇચ્છા અને વાસના કેન્દ્રીય અને પ્રધાનવર્તી છે એ માન્યતાનો ફ્રોઈડ પછીના મનોવિશ્લેષકોએ ત્યાગ કર્યો. આમ છતાં મનોચિકિત્સાપદ્ધતિએ ધર્મનું રૂપ ધારણ કર્યું. હાલ યુરોપ, અમેરીકા અને અમુક અંશે ભારતમાં પણ મનોચિકિત્સાએ પ્રયોજિત ધર્મનો દરજ્જો પ્રાપ્ત કર્યો છે. વ્યક્તિત્વ એ આત્મપીડત, પરપીડત પ્રવૃત્તિમાં વ્યસ્ત હોય છે અને સ્વસ્થચિત્ત કેવળ ચિંતનનો આદર્શ છે એમ સમજવામાં આવે છે. વ્યકિતમાં 'આત્મતત્ત્વનું કેન્દ્ર' (Centre of Self) એ યુંગ દ્વારા વિશિષ્ટ પ્રતિપાદન થયું. એ દ્વારા સાહિત્ય, કથા, ચિત્રકામ, લોકકલા અને આચારમાં નવેસરથી અર્થઘટન થયું. વ્યક્તિત્વમાં આંતરિક રીતે સંવેગ, વિચાર અને લાગણીનાં દ્વંદ્વો ક્રિયાશીલ રહે છે અને આખરે એ સંકલન તરફ દોરી જાય છે તેનો સ્વીકાર થયો. વ્યક્તિત્વમાં સમન્વય અને અખિલાર્થને પ્રાપ્ત કરવાની ઝંખના છે. ફ્રોઈડે જે બે મૂળભૂત વૃત્તિઓ જણાવી હતી ત્યાં યુંગ વ્યક્તિમાં સમગ્રતાને મેળવવા આંતરિક અભીપ્સા છે એ બાબતને આલેખે છે. 'હોલીઝમ'ની વિચારશાખા આને પુષ્ટિ આપે છે. એ તથ્ય, વૃત્તિ અને વ્યક્તિત્વનાં

પરિમાણોને સર્વાંગી રીતે પ્રત્યક્ષ કરવા, સમજવા અને સંકલિત કરવા સૂચન કરે છે. એકસૂત્રિત વ્યક્તિત્વ રચવાના ખ્યાલ સાથે તેના સામાજિક, સાંસ્કૃતિક અને પરિસ્થિતિજન્ય ઘટકોને ધ્યાનમાં લેવાના છે. એરીક ફ્રોમે મનુષ્યના સાંસ્કૃતિક આયામ પર ભાર મૂક્યો છે. ભારતીય દૃષ્ટિકોણને આથી સમર્થન પ્રાપ્ત થાય છે.

ભારતીય દૃષ્ટિકોણ કેળવણી અને વ્યક્તિત્વને સંકળાયલાં માને છે. શ્રી અરવિંદ તેને યોગ લેખે છે. એ ચૈત્ય પુરુષની અભિવ્યક્તિ છે. ટાગોરે અને શ્રી અરવિંદે વ્યક્તિત્વની ખીલવણીમાં આનંદ તત્ત્વને મહત્ત્વ આપ્યું છે. વ્યક્તિત્વનો વિકાસ એ બહારથી લાદવાની બાબત નથી પરંતુ એ આંતરિક સમજૂતી અને સંકલ્પની બાબત છે. તૈત્તિરીય ઉપનિષદમાં[૬] આત્મતત્ત્વના પાંચ 'કોષ' દર્શાવવામાં આવ્યા છે તેમાં ઉત્તમ એ 'આનંદમય કોષ' છે. કેન વિલ્બર સમકાલીન મનોવિજ્ઞાનમાં ચૈતન્યના આ ઉત્તમ સ્તરોને નિરૂપે છે અને આત્મતત્ત્વ એ વ્યક્તિત્વનું આધારપૃષ્ઠ છે એમ આલેખે છે. વ્યક્તિત્વ અને વ્યક્તિમત્તા (Individuality) એ ભિન્ન છે. વ્યક્તિમત્તામાં તેની સામાજિક તાકિક અને તાત્ત્વિક ત્રણે શરતો સામેલ છે. આને લીધે માનવતાલક્ષી મૂલ્યો જેવાં કે શારીરિક, જૈવિક, બૌદ્ધિક, સાંસ્કૃતિક, સામાજિક અને આનંદલક્ષી મૂલ્યોને પ્રગટ કરાય છે. માનવતાવાદ માનવલક્ષી મૂલ્યોની જાળવણી અને પ્રગટીકરણને વિસ્તારે છે. વ્યક્તિત્વનો ભારતીય અભિગમ 'સર્વાંગી વ્યક્તિત્વ'ને પોષે છે અને 'સમગ્ર કેળવણી'માં તેનું પ્રયોજન દર્શાવે છે.

સંદર્ભગ્રન્થો

૧ મશરૂવાળા કિશોરલાલ, સંસાર અને ધર્મ : નવજીવન પ્રકાશન, અમદાવાદ, ૧૯૪૬.

2 Sook and Ghose (Edit.) The century Book of Tagore : Granthan, Prakash chandra Saha, Calcutta, 1961.

3 Roubicryek Paul, Existentialism For and Against : University Press, Cambridge, 1964.

4 Brown J. A. C., Freud and Post-Freudians : Pelican Edition : Reprinted, 1962.

5 Cenker William : Hindu Personality in Education, Manohar Book Service, Delhi, 1976.

6 Megda B. Arnold and John A. Gasson, Human Person–An approach to an integral theory of Personality : Ronalp Press co., New york, 1954.

---

૬ તૈત્તિરીય ઉપનિષદ : બ્રહ્મવલ્લી, ૨-૮.

7- Shastri Kokileshwar, Introduction to Advaita Philosophy : University of Calcutta, 1926.

8 Chaudhary Haridas, and Frederick speiclberg : Integral Philosophy of Sri Aurobindo : George Allen & Unwin, London, 1960.

9 Ira Pingoff, Jung's Psychology and its Social meaning : Routledge & Kegan Paul Ltd., London, 1953.

10 Sri Aurobindo, Life Divine : Sri Aurobindo Internationalcentre of Education, Pondicherry, 1955.

11 Matin W. Peek, Meaning of Prycho-Analysis : Perma Books, New york, 1950.

12 Viswanath Sahai Mathur (Edit.) Gandhiji as an Educationist, A Symposium : Metropolitan Book co. Ltd., Delhi, 1951.

THE GAEKWAD'S ORIENTAL SERIES

GOS. Nos.

30 TATTVASAṄGRAHA—Vol. I (Sanskrit Text)—Edited by Pandit Embar Krishnamacharya (Reprinted; 1984) Rs. 65.00

156 GAṄGADĀSA-PRATĀPAVILĀSA-NĀṬAKAM—by Gaṅgādhara—Edited by B. J. Sandesara and Pandit Amritlal M. Bhojak (1973) Rs. 12.00

157 ZAFAR UL WĀLIH BI MUZAFFAR WA ĀLIHI—An Arabic History of Gujarat Vol. II—by Abdullāh Muhammad Al-Makki Al-Āṣafi Al-Ulughkhāni Ḥajji Ad-Dabir, Translated into English by M. F. Lokhandwala (1974) Rs. 50.00

158 A DESCRIPTIVE BIBLIOGRAPHY OF THE PRINTED TEXTS OF THE PĀÑCARĀTRĀGAMA, Vol. I—by Daniel Smith (1975) Rs. 50.00

159 SATYASIDDHIŚĀSTRA—of Harivarman, Vol. I—Sanskrit Text from Chinese translation by N. A. Sastri (1976) Rs. 65.00

160 ĀGAMAPRĀMĀṆYA—of Yāmunācārya—Edited by M. Narasimhachary (1976) Rs. 18.00

161 SMṚTICINTĀMAṆI—of Gaṅgāditya—Edited by Ludo Rocher (1976) Rs. 26.00

162 VṚDDHAYAVANAJĀTAKA—of Mīnarāja, Vol. I—Edited by David Pingree (1976) Rs. 94.00

163 VṚDDHAYAVANAJĀTAKA—of Mīnarāja, Vol. II—Edited by David Pingree (1977) Rs. 64.00

164 SOḌHALA-NIGHAṆṬU (Nāmasaṅgraha and Guṇasaṅgraha) of Vaidyācārya Soḍhala—Edited by Priya Vrat Sharma (1978) Rs. 53.00

165 SATYASIDDHI ŚĀSTRA—of Harivarman—Vol. II (English translation)—by N. A. Sastri (1978) Rs. 92.00

166 ŚAKTISAṄGAMA TANTRA—Vol. IV : CHINNAMASTĀ KHAṆḌA—Edited by Late B. Bhattacharyya & Pandit Vrajavallabha Dvivedi (1978) Rs. 49.00

167 KṚTYAKALPATARU—of Bhaṭṭa Laxmīdhara : PRATIṢṬHĀKĀṆḌA Vol. IX—Edited by Late K. V. Rangaswami Aiyangar (1979) Rs. 53.00

168 A DESCRIPTIVE BIBLIOGRAPHY OF THE PRINTED TEXTS OF THE PĀÑCARĀTRĀGAMA—Vol. II—AN ANNOTATED INDEX TO SELECTED TOPICS by H. Daniel Smith (1980) Rs. 41.00

169 NYĀYĀLAṄKĀRA—of Abhayatilaka Upādhyāya Edited by A. L. Thakur & Late J S. Jetly (1981) Rs. 143.00

170 TṚCABHĀSKARA by Bhāskararāya Edited by R. G. Sathe (1982) Rs. 53.00

171 ŚRĪ GAṆEŚAVIJAYAKĀVYAM Edited by B. N. Bhatt Rs. 46.00

Can be had of :

MANAGER, UNIVERSITY PUBLICATIONS SALES UNIT, University Press Premises, Near Palace Gate, Palace Road, Baroda-390 001, Gujarat, India.

કુંભારિયાનાં જૈનમંદિરોના પ્રતિમાલેખો

નવીનચન્દ્ર આચાર્ય*

ઉત્તર ગુજરાતમાં તીર્થધામ અંબાજી નજીક આવેલ કુંભારિયા જૈનોનું એક નોંધપાત્ર તીર્થધામ છે. તે અંબાજીથી લગભગ ૩ કિ.મિ. દૂર આવેલ છે. અહીં નજીકમાં આરસની ખાણો હોવાથી આ સ્થળ પ્રાચીનકાલથી આરાસણા નામે ઓળખાતું હોય તેમ લાગે છે. અહીંના ઉપલબ્ધ લેખોમાંથી 'આરાસણા' આરાસણાકર, આરાસણ, આરાસર્ણનગર, આરાસણપુર, વગેરે નામો મળે છે.[૧] કુંભારિયા તીર્થનું પ્રાચીન નામ આરાસણા હોવાનો ઉલ્લેખ પુરાતન પ્રબંધ સંગ્રહમાં જોવા મળે છે.[૨] આ વિશે અનુશ્રુતિ પ્રમાણે જાણવા મળે છે કે "પ્રાચીનકાલમાં પાસિલ નામના એક ધનિકને અંબિકાની કૃપાથી આ સ્થળ નજીક ધાતુની ખાણ મળી આવતાં તે ખૂબ ધનાઢ્ય બન્યો. તેણે આ સ્થળે એક ભવ્ય મંદિર બંધાવી આ સ્થળનું નામ 'આરાસણા' પાડયું. આ વિશે કોઈ ઐતિહાસિક પ્રમાણ મળતું નથી. સમય જતાં આ સ્થળનું નામ કુંભારિયા પડયું.

કુંભારિયા નામ વિશે વિદ્વાનો માં જુદા જુદા મત પ્રવર્તે છે. શ્રી ફાર્બસ માને છે કે 'ચિત્તોડના રાણા કુંભાએ આ સ્થળ વસાવ્યું હોવાથી તે કુંભારિયા તરીકે ઓળખાય છે. રાણા કુંભાનો સમય ઈ. સ. ૧૪૩૩ થી ૧૪૬૮નો મનાય છે.[૩] અહીંથી મળતા વિ. સં. ૧૬૭૫ના લેખમાં 'આરાસન' નામનો ઉલ્લેખ છે.[૪]

બીજો એક મત એવો છે કે મુઘલકાલ દરમ્યાન મેવાડના કોઈ કુંભા નામના રજપૂતે આ સ્થળ ઉપર સત્તા જમાવી પોતાના નામ પરથી આ સ્થળનું નામ કુંભારિયા પાડયું હોય[૫] આ વિશે કોઈ ઐતિહાસિક પ્રમાણ મળતું નથી.

'સ્વાધ્યાય', પુ. ૨૫, અંક ૧-૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૮૭-જાન્યુઆરી ૧૯૮૮, પૃ. ૬૯-૭૪.

* ૪૫૧ જેઠાભાઈની પોળ, નાની પોળ, ગોડિયાવાળા ખાંચા, ખાડિયા, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

૧ મુનિ શ્રી વિશાલવિજયજી, કુંભારિયાજી તીર્થ, પ્રકાશક : બાલાભાઈ વીરચંદ દેસાઈ, માનદમંત્રી, યશોવિજય જૈન ગ્રંથમાળા, ગાંધીચોક, ભાવનગર, ૧૯૬૧, પૃ. ૭.

૨ મુનિ જિનવિજયજી, (સં.) પુરાતન પ્રબંધ, પ્રકાશક : બહાદુરસિંહજી સિંધી, સિંધી જૈન ગ્રંથમાળા, સિંધી સદન, ૪૮, ગરિયાહાટ રોડ, કલકત્તા ૧૯૨૭, પૃ. ૩૦, ૩૧.

3 Majumdar, R. C. (Gen. Ed.) The Delhi Sultanate, Bharatiya Vidya Bhavan's–History and Culture of the Indian people, Vol. VI, Bombay, 1967.

૪ કું. તી., લેખ નં. ૬૦, પૃ. ૧૧૮.

૫ ભાંડારકર, (ડૉ.) આર્કયૉલૉજીકલ સર્વે ઑફ ઇન્ડિયા, વેસ્ટર્ન સર્કલ, ૧૯૦૫-૬નો રીપોર્ટ, પૂના, ૧૯૦૬.

આ સ્થળનામ વિશે શ્રી ક. ભા. દવે જણાવે છે કે "આરાસણ નામ કયારે પ્રચારમાં આવ્યું તેનું કોઈ ચોક્કસ પ્રમાણ ઉપલબ્ધ નથી. પણ તેનો સહુ પહેલો ઉલ્લેખ કુંભારિયાના શાંતિનાથના મંદિરના વિ. સં. ૧૦૮૭ના લેખમાંથી મળે છે.[૬] આ લેખમાં ગુર્જરેશ્વર ભીમદેવનો ઉલ્લેખ છે. આ ઉપરથી આ નામ દસમી અગિયારમી સદીમાં પ્રચલિત હતું એમ ફલિત થાય છે.

સંભવ છે કે આ સ્થળ બાદશાહ અલ્લાદ્દીન ખલજીના ગુજરાત પરના આક્રમણ વખતે નાશ પામ્યું હોય અને પાછળથી મેવાડના રાણા કુંભાએ તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો હોય અને તેથી કુંભારિયા નામ પડયું હોય પણ તેના માટે કોઈ ઐતિહાસિક પ્રમાણ નથી. લગભગ સોળમી સદી સુધી કુંભારિયા નામને બદલે આરાસણ નામ પ્રચલિત હોવાના આભિલેખિક પુરાવા મળે છે. આથી મુઘલકાલ દરમ્યાન કોઈ કુંભા નામના રજપૂતે આ સ્થળ પર સત્તા જમાવી તેને પોતાના નામ પરથી કુંભારિયા નામ આપ્યું હોવાનો મત વધુ સંભવિત લાગે છે.

અહીં શિલ્પ અને સ્થાપત્યની સુંદર કલાકૃતિઓ સમાં અનુક્રમે નેમિનાથ, પાર્શ્વનાથ, શાંતિનાથ, સંભવનાથ, મહાવીર વગેરે તીર્થંકરોના નામે ઓળખાતાં પાંચ સોલંકીકાલીન મંદિરો આવેલાં છે. આ મંદિરો સોલંકીરાજવી ભીમદેવ ૧લાના સમયથી શરૂ કરી કુમારપાલના સમય સુધીમાં જુદા જુદા સમયે બંધાયાં હોવાનું મનાય છે. આ સર્વ મંદિરો આરસનાં છે. અહીંની તીર્થંકરોની પ્રતિમાઓ ઉપર જુદા જુદા સમયના લેખ કંડારેલા છે. આ પ્રતિમાઓ ઉપરથી વિ. સં. ૧૦૮૭ થી ૧૬૭૫ (ઈ. સ. ૧૦૩૧ થી ૧૬૧૯) સુધીના પ્રતિમાલેખો મળે છે. કેટલાક લેખો ખંડિત છે. કેટલાક લેખો મિતિ વગરના છે. કેટલાક મંદિરની આસપાસ આવેલ દેવકુલિકાઓની પ્રતિમા ઉપર જોવા મળે છે. કેટલાક લેખો મંદિરના સ્થંભો ઉપર દેખાય છે. કેટલાક લેખો મંદિરોની બહાર આસપાસ પડેલ પ્રતિમાઓ ઉપરથી મળે છે. આ બહારથી મળતા લેખો હિંદુધર્મને લગતા તેમ જ લેખમાં જણાવેલ આજ્ઞાના પાલનને લગતા છે. અહીં સ્થળ-સંકોચને કારણે અમુક જ લેખોનો ઉલ્લેખ અને અભ્યાસ કરેલો છે. પાંચે મંદિરોના બધા મળીને કુલ ૧૬૧ લેખો છે. તેમાં ઘણા તૂટક હોવાથી તેમ જ કેટલા મિતિ વગરના હોવાથી છોડી દીધેલ છે. અભ્યાસ હેઠળના લેખોની કુલ સંખ્યા ૩૨ની છે. તેમાં વિ. સં. ૧૦૮૭ થી ૧૬૭૫ સુધીના જુદાં જુદાં મંદિરોમાંથી મળેલા ૨૮ લેખો તથા મંદિર બહારથી મળેલા ૪ લેખોનો સમાવેશ થાય છે. આ સર્વની યાદી લેખને અંતે આપેલ છે. આ સર્વ લેખો ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસના અભ્યાસ માટે મહત્ત્વની વિગતો પૂરી પાડે છે.

લેખોનો અભ્યાસ કરતાં તેમાંથી તીર્થંકરો, સૂરિઓ, ગચ્છો, જૈન સમાજની પ્રચલિત જ્ઞાતિઓ, અટકો તથા સ્ત્રી–પુરુષોના વિવિધ નામો વગેરેને લગતી વિગતો મળે છે. આ ઉપરથી ગુજરાતના મધ્યકાલના જૈન સમાજનું એક સુંદર ચિત્ર ઉપસી આવે છે. લોકોની ધર્મ-ભાવનાનો ખ્યાલ આવે છે. આ સમયે જૈન સમાજમાં નેમિનાથ તીર્થંકર પ્રત્યે સવિશેષ ભક્તિભાવ હોય તેમ જણાય છે. ઘણા લેખોમાં પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવનાર સૂરિનું નામ મળતું હોવાથી તેમનો સમય નક્કી થઈ શકે છે.

---

૬ કું. તી., પૃ. ૨૩૯, લેખ નં. ૧–૧૨૧.

કુંભારિયાના મંદિરોના પ્રતિમાલેખોમાંથી અભ્યાસ હેઠળ આવરી લેવાયેલા લેખોમાં અગિયારમી સદીનો ૧, બારમી સદીના ૮, તેરમી સદીના ૯, ચૌદમી સદીના ૧૦, પંદરમી સદીનો ૧ અને સોળમી સદીના ૩ લેખોનો સમાવેશ થાય છે. આ સર્વ લેખોનો અભ્યાસ કરતાં સાંસ્કૃતિક ઇતિહાસને લગતી નીચેની વિગતો મળે છે.

તીર્થંકરો :

અભ્યાસ હેઠળના લેખોમાંથી નીચેના તીર્થંકરોનાં નામ મળે છે. (જમણી બાજુએ સાથેની પ્રતિમાલેખની યાદીના નંબરો આપેલા છે.)

આદિનાથ ૨૭.
શાંતિનાથ ૧, ૧/૧, ૨, ૧૯, ૨૨.
નેમિનાથ ૨૬.
પાર્શ્વનાથ ૭, ૮, ૧૨, ૧૭.
મહાવીર ૫, ૧૫, ૨૫.
સુવિધિનાથ ૪.
શીતલનાથ ૩, ૬.
સુમતિનાથ ૯, ૧૩.
વાસૂપૂજ્ય ૧૦, ૨૧.
સંભવનાથ ૧૧.
સુવ્રતસ્વામી ૧૪, ૨૦.
અજિતનાથ ૧૬, ૧૮.

સૂરિઓનાં નામ :

અભ્યાસ હેઠળના લેખોમાં પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવનાર તરીકે નીચેના જુદા જુદા સૂરિઓનાં નામ મળે છે.

(૧) સર્વદેવસૂરિ,[૭] (૨) વિજયસિંહસૂરિ,[૮] (૩) દેવાચાર્ય, (૪) ધર્મઘોષસૂરિ,

---

૭ આ સૂરિ નન્નાચાર્ય ગચ્છના હતા. ચંદ્રગચ્છના સર્વદેવસૂરિના જયસિંહસૂરિ શિષ્ય હતા, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ ૪, સોલંકીકાલ, પરીખ ર. છા. અને શાસ્ત્રી, (ડૉ.) હ. ગં. (સંપાદકો) : પ્રકાશક : ડૉ. હ. ગં. શાસ્ત્રી, અધ્યક્ષ; ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદ-૯, ઈ. સ. ૧૯૭૬.

૮ આ સૂરિ સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાલના રાજ્યમાં વિદ્યમાન હતા. તેમણે વિ. સં. ૧૧૮૩ (ઈ. સ. ૧૧૨૭)માં શ્રાવક પ્રતિક્રમણ સૂત્ર ઉપર ૪૫૦૦ શ્લોકની ચૂર્ણિની રચના કરી હતી. એજન, પૃ. ૨૯૬.

(૫) રત્નપ્રભસૂરિ,[૯] (૬) પરમાનંદસૂરિ,[૧૦] (૭) વર્ધમાનસૂરિ,[૧૧] (૮) વિજયદેવસૂરિ.[૧૨]

ગચ્છ :

આ સમયે મધ્યકાલીન ગુજરાતનો જૈનસમાજ શ્વેતાંબર સંપ્રદાયનો અનુયાયી હતો. સમાજ વિવિધ ગચ્છોમાં વહેંચાયેલ જોવા મળે છે. અભ્યાસ હેઠળના લેખોમાંથી વિવિધ ગચ્છો જેવા કે નન્નાચાર્યગચ્છ,[૧૩] શ્રી વટપાલગચ્છ,[૧૪] થારાપદ્રિયગચ્છ,[૧૫] શ્રી ચંદ્રબૃહદ્ગચ્છ,[૧૬] શ્રી બૃહદ્ગચ્છ,[૧૭] ચંદ્રગચ્છ,[૧૮] તપાગચ્છ,[૧૯] વગેરેના ઉલ્લેખો મળે છે. નોંધપાત્ર વસ્તુ એ છે કે અહીં કોઈ દિગંબર સંપ્રદાયના ગચ્છના ઉલ્લેખો મળતા નથી.

જ્ઞાતિઓ અને અટકો :

આ સમયે જૈન સમાજમાં વિવિધ જ્ઞાતિઓ અસ્તિત્વમાં હતી. અભ્યાસ હેઠળના લેખોમાંથી પોરવાડ, (પ્રાગ્વાટ) ગુર્જર, ઉકેશ, શ્રીમાલ, વગેરેનો ઉલ્લેખ મળે છે. અટકોમાં શ્રેષ્ઠી, શ્રાવકબુહરા (વુહરા–વોરા)[૨૦] વગેરેનો ઉલ્લેખ છે. રાજકીય તેમ જ અન્ય કારણોસર કેટલાક લોકો મારવાડથી ગુજરાતમાં આવ્યા. આથી કેટલીક જ્ઞાતિઓ તેમનાં મૂળ સ્થાનો પરથી ઓળખાવા લાગી જેમ કે શ્રીમાલ ઉપરથી શ્રીમાલી. શ્રીમાલના પૂર્વ ભાગમાં વસતી જ્ઞાતિના લોકો ગુજરાતમાં પ્રાગ્વાટ–(પોરવાડ)ના નામે ઓળખાવા લાગ્યા. શ્રીમાલી જ્ઞાતિ ગુજરાતમાં જૈન તેમજ જૈનેતર સમાજના વણિકોમાં તથા બ્રાહ્મણોમાં નજરે પડે છે. લેખોમાંથી મળતી અટકોમાં શ્રેષ્ઠી, શ્રાવક વગેરે નામ ઔપચારિક જણાય છે. 'વુહરા' વેપારીના અર્થમાં વપરાતી

---

૯ આ એ જ સૂરિ હોવાનો સંભવ છે કે જેમણે સં. ૧૩૦૦ (ઈ. સ. ૧૨૪૪)માં ઉદ્યોતનસૂરિની પ્રાકૃત કુવલયમાલાના આધારે સંસ્કૃતમાં કુવલયમાલા નામનો ગ્રંથ રચ્યો. તેઓ પરમાનંદસૂરિના શિષ્ય હતા. એજન, પૃ. ૩૨૧.

૧૦ તેઓ બૃહદ્ગચ્છના હતા, અને દેવાનંદસૂરિના શિષ્ય હતા. એજન, પૃ. ૩૨૧.

૧૧ આ એજ સૂરિ હોવા સંભવ છે કે જેમણે દંડનાયક આહ્લાદનની વિનંતીથી ૫૫૦૦ શ્લોકપ્રમાણ વાસુપૂજ્યચરિતનું સંસ્કૃતમાં સં. ૧૨૯૯ (ઈ. સ. ૧૨૪૩)માં આહ્લાદનાંક કાવ્ય રચ્યું હતું. એજન, પૃ. ૩૨૦.

૧૨ આ એ જ સૂરિ હોવા જોઈએ કે જેમની સ્તુતિરૂપે શ્રી વલ્લભ પાઠકે સં. ૧૬૯૯માં ૧૯ સર્ગોમાં વિજયદેવસૂરિમાહાત્મ્ય રચ્યું હતું. આ સૂરિ હીરવિજયસૂરિના પટ્ટધર હતા. ગુ. રા. સાં. ઈ. ગ્રંથ ૬, મુધલકાલ, અમદાવાદ, ૧૯૭૯, પૃ. ૨૯૩.

૧૩ કું. તી., લે. નં. ૧.

૧૪ એજન, લે. નં. ૨૬.

૧૫ એજન, ૧–૨૪, પૃ. ૪૭.

૧૬ એજન, લે. નં. ૩.

૧૭ એજન, લે. નં. ૧૧.

૧૮ એજન, લે. નં. ૨૪, પૃ. ૯૮.

૧૯ એજન, લે. નં. ૫૬, પૃ. ૧૧૬.

૨૦ એજન, લે. નં. ૫૬, પૃ. ૧૧૬.

હોય તેમ લાગે છે. શ્રેષ્ઠી શબ્દ ગુપ્તોના અભિલેખોમાં ગામના શ્રીમંત વર્ગ માટે પ્રયોજાયેલ જોવા મળે છે. તેઓ વેપાર ઉપરાંત નાણાંધીરધારનો ધંધો કરતા. આ પ્રણાલિકાને અનુસરતી વ્યક્તિ માટે ગુજરાતમાં પણ 'શ્રેષ્ઠી' શબ્દ પ્રયોજાતો હોય તેમ લાગે છે. વર્તમાન સમયમાં સમાજમાં પ્રચલિત અટક 'શેઠ' તે શ્રેષ્ઠીનું રૂપાંતર હોય તેમ લાગે છે. કેટલાક લેખોમાં 'મહા'–શબ્દ નામની આગળ પ્રયોજાયેલ જોવા મળે છે. આ મહા શબ્દ મહાજન, મહામાત્ય વગેરેનું સંક્ષેપ રૂપ હોવાનો સંભવ છે. ઠક્કુર શબ્દ ચૌલુક્યકાલીન અભિલેખોમાં સહુ પ્રથમ દેખાય છે. 'ઠક્કુર' શબ્દ સ્પષ્ટતઃ ગામના મુખી કે જાગીરદાર માટે વપરાતો. શરૂઆતમાં તે નાના અને ગૌણ અધિકારી માટે વપરાતો હોવાનું માલૂમ પડે છે. હાલમાં ગુજરાતમાં લોહાણા અને ભાટિયા કોમમાં આ અટક સર્વમાન્ય થઈ પડેલ છે.

વિનિમય :

વિ. સં. ૧૩૪૪ (ઈ. સ. ૧૨૮૮)ના લેખમાંથી વીસલપ્રિય ચાંદીના દ્રમનો ઉલ્લેખ મળે છે. આ વખતે વ્યાજનો દર મહીને ૩ દ્રમ લેવાતો હોવાનું લેખમાં જણાવેલ છે.[૨૧] સં. ૧૩૪૪માં વાઘેલા સોલંકી રાજવી સારંગદેવનું ગુજરાતમાં રાજ્ય હતું, સારંગદેવના સમયા કોઈ સિક્કાનો અત્રે ઉલ્લેખ નથી પણ તેના પૂર્વજ વીસલદેવ વાઘેલાના નામના સિક્કાનો અત્રે ઉલ્લેખ છે એ ઉપરથી વીસલદેવના નામના સિક્કા તે સમયે પણ પ્રચલિત હોય તેમ લાગે છે. આ વીસલદેવનો રાજ્યકાલ વિ. સં. ૧૩૦૦ થી ૧૩૧૮ સુધીનો મનાય છે.

આ સમયે લેવાતો વ્યાજનો દર પ્રમાણમાં ઘણો જ વધારે કહેવાય. સલ્તનતકાલ દરમ્યાન લખાયેલા દ્રવ્યપરીક્ષા નામના ગ્રંથમાં ૧ દ્રમ = ૫ રૂઆ (રૂપક) હોવાનું જણાવેલ છે. રૂઆ એ રૂપિયાનું નામ હોય તેમ જણાય છે.[૨૨]

સ્થાપત્ય :

પોરવાડવંશના શ્રેષ્ઠી બાહડે પાદપરા ગામમાં ઉદેરવસહિકા નામનું મંદિર બંધાવ્યાનો ઉલ્લેખ લેખમાંથી મળે છે.[૨૩] આ પાદપરા ગામ હાલમાં ક્યાં આવ્યું તેના વિશે કોઈ માહિતી મળતી નથી.

સ્થળનામો :

અભ્યાસ હેઠળના લેખોમાંથી આરાસણા, નાહાણાકર[૨૪] ચંદ્રાવતી, પાટણ, નંદી-ગ્રામ,[૨૫] પાદપરા વગેરેના ઉલ્લેખો મળે છે. આ સર્વમાં ચંદ્રાવતી આબુ પાસે આવેલ

---

૨૧ કું. તી., લેખ ૧૬, પૃ. ૩૨.
૨૨ ગુ. રા. સાં. ઈ., ગ્રંથ ૪, પૃ. ૨૪૬.
૨૩ કું. તી., લેખ નં. ૧૨, પૃ. ૨૮.
૨૪ એજન, લેખ નં. ૯, પૃ. ૨૫.
૨૫ એજન, લે. નં. ૨૧, પૃ. ૩૫.

હતું. અહીં ધારાવર્ષ દેવનું રાજ્ય હતું.[૨૬] નંદીગ્રામ નાહાણુાકર, પાદપરા વગેરે હાલમાં કયાં આવ્યાં તે જાણવા મળતું નથી.

મનુષ્યનામો :

આ પ્રતિમાલેખોમાં મધ્યકાલીન ગુજરાતના વણિકવર્ગની વ્યક્તિઓનાં જે નામ મળે છે, તેનાં વર્ગીકરણો પરથી સ્પષ્ટ થાય છે કે સ્ત્રી–પુરુષોનાં ઘણાં સંસ્કૃત નામો મિશ્ર–સંસ્કૃતમાં (Non–Sanskrit)માં રૂપાંતર પામ્યાં છે. વળી, તેમાંનાં કેટલાંક પ્રાકૃતમાંથી ઊતરી આવેલાં જણાય છે. તો કેટલાંક વિકૃત થયાં છે. સામાન્યતઃ આપણે આ નામોને ચાર વિભાગમાં વહેંચી શકીએ : (૧) શુદ્ધ સંસ્કૃત, (૨) અર્ધ કે મિશ્ર સંસ્કૃત, (૩) શુદ્ધ પ્રાકૃત, (૪) અર્ધ કે મિશ્ર પ્રાકૃત.[૨૭]

નાગપાલ, નરસિંહ, શ્રીધર, પૂર્ણ દેવ, પદ્મસિંહ, ધનપાલ, સહદેવ, વિજયસેન, વર્ધમાન, મંદોદરી વગેરે નામો શુદ્ધ સંસ્કૃત રૂપે જોવા મળે છે. તો સજ્જન, ગાંગદેવ, વીરચંદ, વીરમ, જસદેવ, વીરક, અમૃતસા વગેરે મિશ્ર કે અર્ધ સંસ્કૃત સ્વરૂપ ધારણ કરે છે. પાસડ, ધાંધલ, આમીગ, ઝાંઝણ, સુહડાદેવી, લોલી, પાસદેવ, સોહડ, કડુઆ વગેરે નામો શુદ્ધ તેમ જ મિશ્ર પ્રાકૃત સ્વરૂપનાં દૃગોચર થાય છે.

જે નામોને અંતે સિંહ, પાલ, દેવ, દેવી કે વતી શબ્દ આવે છે તે બહુધા તત્સમ સ્વરૂપ જાળવી રહ્યાં છે, દા. ત. પદ્મસિંહ, ધનપાલ, લૂણદેવી, પદ્માવતી વગેરે. પણ ક્યારેક આવાં નામોની પૂર્વે આવેલ સ્વરૂપ વિકૃત પણ થયાં છે, દા. ત. પાસદેવ, સહજલદેવી, લખમસિંહ આ વિકૃત તત્સમો છે. અહીં તદ્ભવ નામો 'લ' (દા. ત. કાકલ, આસલ) 'આ' (સાંગા, રત્ના,) 'તા' (જયતા) 'ડ' (પાસડ, આહડ,)[૨૮] 'ણ' (સાંગણ) વગેરે પ્રત્યયો લઈ રૂપ-વિધાન સાધતાં જણાય છે.

---

૨૬ ગુ. રા. સાં. ઈ., ગ્રંથ ૪, સોલંકીકાલ, પ્ર. પાદટીપ ૭ મુજબ, ઈ. સં. ૧૯૭૬, પૃ. ૧૬૧.
આચાર્ય ગિ. વ. (સં.) ગુજરાતના ઐતિહાસિક લેખો ભાગ ૨, પ્રકાશક : ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ, ૧૯૩૫, લે. ૧૬૭.

૨૭ મનુષ્ય નામોની સંખ્યા વિશેષ હોવાથી સ્થળસંકોચને લીધે અહીં યાદી આપી નથી. આ માટે મુનિ વિશાલવિજયજીકૃત, 'કુંભારિયાજી તીર્થ', જોવા વિનંતી છે.

૨૮ ડૉ. કત્રે 'ડ' અંતવાળાં નામો બહુધા શક કે ગુર્જર જાતિવાચક હોવાનું સૂચવે છે. ડૉ. સાંકળિયા તેમના મતને અનુમોદન આપતાં જણાવે છે કે પ્રાગ્વાટ, ઓસવાલ તેમ જ ધરકર્કટ જૈનોમાં તે સામાન્ય હોય છે. વિખ્યાત પેથડશાહ રાજસ્થાનની ગુર્જર જાતિમાંથી ઉતરી આવ્યા હતા. ગુર્જરો મધ્ય એશિયામાંથી પંજાબમાં પ્રથમ સ્થિર થયા અને તે પછી ઉત્તરોત્તર તેઓએ રાજસ્થાન અને ગુજરાતમાં સ્થળાંતર કર્યું. સોલંકીકાલ દરમ્યાન તેઓ ગુજરાતમાં પ્રતિષ્ઠિત બન્યા. આ પરદેશી જાતિએ ભારતમાં સ્થિર થયા પછી ભારતના ઇતરધર્મોની માફક જૈનધર્મ પણ અંગીકાર કર્યો હોવાનો સંભવ છે.
સાંકળિયા, (ડૉ.) એચ. ડી., સ્ટડીઝ ઈન હિસ્ટોરિકલ એન્ડ કલ્ચરલ જ્યોગ્રોફી એન્ડ ઇથનોગ્રાફી ઑફ ગુજરાત, પ્રકાશક : ડેક્કન કૉલેજ, પૂના, ૧૯૪૯, પૃ. ૧૪૦.

ગુજરાતમાં સમકાલીન રામાયણપરંપરા*

દેવદત્ત જોશી*

ગુજરાતમાં કૃષ્ણભક્તિનું પ્રાબલ્ય અને કૃષ્ણભક્તિસાહિત્યની વિપુલતા છતાં રામભક્તિ અને રામભક્તિસાહિત્યનો એક નાનકડો પ્રવાહ છેક મધ્યકાલથી આજ પર્યંત સમાંતર વહેતો રહ્યો છે.

મધ્યકાલથી તે આજ પર્યંત રામાયણનો પ્રભાવ ગુજરાતી જનસમાજમાં પ્રવર્તતો રહેલો જણાય છે. હજી પણ રામાયણની કથાઓ થાય છે. રામાયણના સુંદરકાંડનો નિત્યપાઠ કરનાર એક વર્ગ છે. રામજીમંદિરો અને હનુમાનની દહેરીઓ ઠેરઠેર બંધાતી જ જાય છે, નવા નવા અર્થઘટન સાથે રામાયણવિષયક પુસ્તકો લખાયે જ જાય છે. રામલીલાઓ અને ભવાઇ અવારનવાર થતી રહે છે. આ બધાના વિહંગદર્શનરૂપે એટલું કહી શકાય કે ગુજરાતમાં રામાયણ-પરંપરા છેક મધ્યકાલથી અદ્યાપિપર્યંત જીવંત રહી છે.

'ગુજરાતમાં સમકાલીન રામાયણપરંપરા' એ વિષયના આ પેપર દ્વારા મૌખિક, સાહિત્યિક અને Performed art એમ રામાયણકેન્દ્રી વિભિન્ન પ્રવૃત્તિઓની આછી રૂપરેખા આપી રામાયણનું ગુજરાતના સાંસ્કૃતિક જીવનમાં અને સાહિત્યમાં શું સ્થાન છે તે દર્શાવવા ધાર્યું છે.

ગુજરાતમાં કથ્યપરંપરા અને સાથે સાથે વિકસેલી સાહિત્યપરંપરા તથા લોકકલા-પરંપરાએ લોકજીવનને મુસ્લિમશાસને સર્જેલી તત્કાલીન સાંસ્કૃતિક વિષમ પરિસ્થિતિમાં ધારક-પોષક બળ પૂરું પાડ્યું હતું. પ્રજાએ પરધર્મના આક્રમણ સામે સાહજિક આંતરપ્રેરણાથી કાચબાની માફક જાત સંકોચી લઈ નાતો, મહાજનો ને પંચાયતોના વાડામાં ભરાઈ જઈ પોતાનું જીવન પૂર્વવત્ શરૂ કરી દીધું હતું અને એમ થતાં ધર્મબોધ આપતું સાહિત્ય પણ જન્માવવા માંડ્યું એ એક સુખદ ઘટના બની. આ સાહિત્ય ગોવર્ધનરામ કહે છે તેમ ઘરોમાં, મંદિરોમાં અને નગરો ને ગામડાના ધાર્મિક-સામાજિક ઉત્સવો ને મેળાઓમાં રચાયું.[૧] આવી સાહિત્યિક પ્રવૃત્તિએ એકંદરે તો ગુજરાતનું આંતરજીવન લગભગ અક્ષુબ્ધ ને સ્વસ્થ રાખ્યું છે. ધર્મવૃત્ત

'સ્વાધ્યાય', પુ. ૨૫, અંક ૧-૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૮૭-જાન્યુઆરી ૧૯૮૮, પૃ. ૭૫-૯૪.

★ તા. ૨૦-૨૪, સપ્ટેમ્બર ૧૯૮૭, દરમ્યાન પશ્ચિમ જર્મનીમાં બૉન ખાતે યોજાયેલ 'સમકાલીન રામાયણ પરંપરા' એ વિષયના આંતરરાષ્ટ્રીય પરિસંવાદમાં રૂબરૂમાં રજૂ કરેલ શોધપત્ર.

* ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યુટ, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા.

૧ રાવળ અનંતરાય, ગુજરાતીસાહિત્ય-મધ્યકાલીન પ્ર. મૅકમિલન, મુંબઈ, ૧૯૬૩, આ. ૨, પૃ. ૧૭.

સંતોષાય તે રીતે પ્રજા પોતાના નિત્યના ધર્મધ્યાનમાં, પૂજાપાઠમાં, દેવદર્શનમાં, વ્રતો ને ઉત્સવમાં, ભજનકીર્તનની મંડળીઓમાં, પુરાણીઓની કથાઓ અને આખ્યાનકારોનાં આખ્યાનોમાં, એના સંતો અને ભગતોની વાણીમાં અને તીર્થયાત્રામાં પરોવાતી રહી. સાથે આ ધર્મોપદેશ મનોરંજનપૂર્વક મળી રહે તેવી સ્વાભાવિક વૃત્તિમાંથી તે જમાનામાં અખો ઉલ્લેખે છે તેવા કઠપૂતળીના નાચ, ચામખેડાના ખેલ, બજાણિયાના ખેલ, ભવાઈના વેશો, મેળાઓ અને જૈન સાધુઓની વાર્તાઓ અને ભાટચારણોની વીરગાથાઓ તેમ જ શામળ જેવા વાર્તાકારોની અદ્‌ભુતરસિક વાર્તાઓ રચાઈ હશે. આ બધાંએ ગુજરાતના લોકજીવનમાં આનંદ અને વૈવિધ્ય પૂર્યાં.[૨] આમ, કથ્ય, સાહિત્ય અને કલાપરંપરા સમાંતરે ચાલતી રહી જણાય છે.

ગુજરાતમાં રામાયણની કથા મૌખિક રીતે તેરમી સદીમાં કહેવાતી હતી એટલી તો એ પરંપરા જૂની છે જ. ગુજરાતના ઐતિહાસિક પ્રબંધોમાં તેરમી સદીમાં થયેલા ચાચરિયાક નામે એક બ્રાહ્મણ વિદ્વાનના શિષ્ય હરદેવે રામોયણની કથા સંભળાવીને અત્યારના અમદાવાદ પાસેના આશાપલ્લીના લોકોને મુગ્ધ કરી દીધા હતા એવો ઉલ્લેખ મળે છે. મહારાષ્ટ્રથી આવેલા ગોવિંદ ચાચરિયાક અને એની વચ્ચે સ્પર્ધા થઈ હતી. ચાચરિયાક નામ એ વિશેષનામ નહિ પણ સામાન્ય નામ છે. સંસ્કૃત ચત્વર, પ્રાકૃત ચચ્ચર એ ઉપરથી ચાચર. ચોગાનમાં કથા કરે તે, કથાવ્યાસ એવો એનો અર્થ છે.[૩] એ ઉપરથી તેરમા સૈકામાં અને સંભવતઃ તેથીયે પહેલાં લોકભાષામાં રામકથાનું ગાન કરનારા નિષ્ણાત કથકો ગુજરાતમાં હતા અને એમને સાંભળવાને મોટી જનમેદની એકત્ર થતી.[૪]

આમ ઓછામાં ઓછા તેરમા સૈકાથી કથ્ય પરંપરા ગુજરાતના જનજીવનમાં સંસ્કાર-સિંચનનું કાર્ય કરતી આવી છે. એ પરંપરામાં કથાકારો સૌથી બહોળા પ્રમાણમાં છે. પ્રત્યેક ગામમાં પોતાનો એક કથાકાર તો હોવાનો જ. એનો પોતાનો એક શ્રોતાવર્ગ છે. નાના ગામડામાં કર્મકાંડી બ્રાહ્મણ તે કથાકાર પણ છે. વારતહેવારે જે તે વ્રતની કથા લોકોને કહી સંભળાવે છે. ચોમાસાના ચાર મહિનાનું ધાર્મિક મહત્ત્વ ઘણું હોવાથી રામાયણ-મહાભારત કે કોઈ એક પુરાણની કથા ગામડાં કે શહેરમાં મંડાય છે. ગામડામાં મોટેભાગે મંદિરમાં અને શહેરમાં સભાગૃહો કે ખાસ બાંધેલા શમિયાનામાં કથા થાય છે. કેટલીકવાર ગામડામાં મંદિરનો પૂજારી પણ સાંજે સાંજે કોઈને કોઈ પુરાણની કથા કે રામાયણ-મહાભારતનાં આખ્યાનો કહેતો હોય છે. એવા નાના શ્રોતાવર્ગના નાના કથાકારો માટે અમુક પુરાણ કે રામાયણ જેવા ગહનગ્રંથના Specialisationની જરૂર હોતી નથી. એક પુરાણની કથા કહી શકે તે બીજા પુરાણની પણ કહી શકે. એની કથા-શૈલી જ મહત્ત્વની બની રહે છે. પુરાણોની કથા કહેનાર પુરાણી કહેવાય છે. માત્ર ભાગવતની જ

---

૨ એજન, પૃ. ૧૮, ૨૦, ૨૩.

૩ જિનવિજયમુનિ, (સં.) પુરાતનપ્રબંધસંગ્રહ, પ્ર. અધિષ્ઠાતા, સિંઘી જૈન જ્ઞાનપીઠ, કલકત્તા, ૧૯૩૬, આ. ૧, પૃ. ૭૮.

૪ વાલ્મીકિ રામાયણના બાલકાંડનો સમશ્લોકી સંક્ષિપ્ત અનુવાદ (હંસા મહેતા) પ્રવેશક સાંડેસરા (ડૉ.) બી. જે., પ્ર. એન. એમ. ત્રિપાઠી, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨, બાલકાંડ પ્રકાશન-વર્ષ ૧૯૫૨, આ. ૧.

કથામાં Specialisation હોય તેને ભાગવતી કે ભાગવતકથાકાર અને રામાયણનું જ Specialisation હોય તેને રામાયણકથાકાર કે રામાયણી જેવું સર્વસામાન્ય નામ અપાય છે. હાલમાં ગુજરાતમાં દત્તાત્રેયભક્તિપરંપરાના સંતશ્રી રંગ અવધૂતરચિત દત્તાત્રેયની લીલાઓને વર્ણવતા પદ્યગ્રંથ 'શ્રી ગુરુલીલામૃત'ની કથાઓ પણ મંડાય છે.

અહીં આપણે મુખ્ય મુખ્ય રામાયણ-કથાકારોની વાત કરીશું. આ કથાકારો વાલ્મીકિ-રામાયણ અથવા રામચરિતમાનસનો મુખ્ય આધાર લઈને કથાતંતુ વિકસાવે છે. એમાં અધ્યાત્મરામાયણ, યોગવાસિષ્ઠ, હનુમન્નાટક, પદ્મપુરાણ, ભાગવત, આનંદરામાયણ, ભક્તમાળની પ્રિયદાસકૃત ટીકા, દેવીભાગવતના કથાપ્રસંગોને વણી લે છે. કેટલીકવાર કથાના એ મૂળસ્રોતમાં પણ પોતાની રીતે ફેરફાર કરતા હોય છે. ટૂંકમાં, કથાનું સ્વરૂપ **नानापुराणनिगमागमसंमतं यद्, रामायणेनिगदितं क्वचिदन्यतो वा**નું જ હોય છે. કથાને રોચક બનાવવાનું વલણ એ મુખ્ય હોય છે. કથારસમાં શ્રોતાઓ તરબોળ બનેલા જોઈ કથાકાર હળવેથી સમાજની ભૂલો તરફ નિર્દેશ કરી પ્રવર્તમાન પરિસ્થિતિની ટીકા કરી લે છે, કટાક્ષ પણ કરે છે. વ્યક્તિ અને સમાજજીવનના કથાકારના સૂક્ષ્મ અવલોકનનો લાભ શ્રોતાઓને મળે છે. વિવિધ અર્થઘટનો બૌદ્ધિક આનંદ આપે છે. આદર્શ સ્થિતિ દર્શાવવા અને પ્રવર્તમાન સ્થિતિમાં સુધારો સૂચવવા બનેલાં કે કલ્પિત દૃષ્ટાંતો, સંતોના જીવનપ્રસંગો, અન્ય સ્વાનુભવના પ્રસંગો વણી લે છે. રમૂજી પ્રસંગો દ્વારા શ્રોતાઓને હસાવીને **sugar quoted quinine** જેવો જેને મમ્મટ કાન્તાસંમિત ઉપદેશ કહે છે તેવો ઉપદેશ આપે છે. વ્યક્તિ અને તે દ્વારા સામાજિક મૂલ્યોનું જતન એ તેનું લક્ષ્ય હોય છે. રામાયણકાલીન પરિસ્થિતિ દર્શાવીને બદલાયેલી પરિસ્થિતિમાં રામાયણના આદર્શો કઈ રીતે જીવી શકાય તે દર્શાવે છે. ભક્તોએ રચેલાં ભજનો, લોકગીતો, હરિનામસંકીર્તન ગાઈ-ગવાડી શ્રોતાઓનું Participation ઊભું કરી ભક્તિરસનું વાતાવરણ સર્જે છે. આ બધાં કારણોને લઈને કથા અપૂર્ણ રહી જવાનું પણ બને છે.

કૃષ્ણશંકર શાસ્ત્રી : 'ભાગવતમાર્તંડ' તરીકે ખ્યાતનામ શ્રી. શાસ્ત્રીએ અમદાવાદ પાસે સોલામાં ભાગવત વિદ્યાપીઠ સ્થાપી છે. સમગ્ર ભાગવત આરસમાં કોતરીને ભાગવતનાં ચિત્રો સાથે એને જાળવ્યું છે. અહીં વેદઉપનિષદથી માંડીને બધાં શાસ્ત્રોનું જ્ઞાન અપાય છે. ભારતીય વિદ્યાનું આ કેન્દ્ર સ્થાપનાર શાસ્ત્રીની રામાયણસપ્તાહકથાની વાણીનું સંપાદનસંકલન **'રામાયણનવનીત'** રૂપે મળે છે. રામાયણનું આધ્યાત્મિક રહસ્ય એમાં સમજાવ્યું છે. દશ માથાંવાળી દશ ઇન્દ્રિયોનો મોહ તે રાવણ, રામાયણની ભૂગોળના ચૌદ પર્વત તે ચૌદ ઇન્દ્રિયો છે, વગેરે. પોતાના દીકરાને રામમાં રસ છે કે રાજ્યમાં તે અંગે કસોટી કરતી કૈકેયી ભરતને ગાદીએ બેસવા કહે છે. તેને ખાતરી થાય છે કે ભરતને રામમાં રસ છે તેથી તે પોતાને ધન્ય માને છે. એ કસોટી કરતાં તે સમતોલવૃત્તિ બતાવે છે. કૈકેયીની આ ગજબશક્તિને પલટી વિશ્વના ઉપયોગમાં લેવાનો રામને વિચાર આવે છે, એવું કૈકેયીના વર્તનનું અર્થઘટન કર્યું છે.

ડોંગરે મહારાજ : વડોદરાના વતની શ્રી રામચંદ્ર ડોંગરે શાસ્ત્રી પણ મૂળે તો ભાગવતકથાકાર છે. એમની કથા પીડિતસેવા માટે બની રહે એવી ભાવના એમણે સદૈવ રાખી છે. ૧૧૫ જેટલી ભાગવતકથા કરી ચૂકેલા શાસ્ત્રીજીની કથામાં બે ત્રણ લાખ જેટલા શ્રોતાઓ હોય છે.

ભાગવતકથાકાર હોવા છતાં અવારનવાર રામાયણકથા પણ કરે છે. એમની કથાના સંકલન-સંપાદન 'તત્ત્વાર્થરામાયણ'માં મુખ્ય આધાર રામચરિતમાનસનો છે. એ સાથે અધ્યાત્મ-રામાયણ, ભાવાર્થરામાયણ, વાલ્મીકિરામાયણ, યોગવાસિષ્ઠનો આધાર પણ લીધો છે. ભાગવત-કથાકર હોઈને એમણે રામ અને કૃષ્ણની સરખામણી કરી છે. રામે જયંતની આંખ ફોડી તેનું અર્થઘટન એમ આપે છે કે બધાંને એક આંખથી જુઓ. બધાંને ઈશ્વરદૃષ્ટિથી જુઓ. ગર્ગસંહિતાની રાધાના વ્રતની વાત વણી લઈ રાધાને મળવા ગયેલા કૃષ્ણ સ્ત્રીવેષે મહેલમાં ગયેલા તે પ્રસંગ કહી પ્રભુનાં અનેક સ્વરૂપો તત્ત્વતઃ એક જ છે એ સમજાવે છે. પ્રભુ સાડી પહેરે તો માતાજી કહેવાય એવું અર્થઘટન કરે છે. એમણે નિરૂપેલા કેટલાક પ્રસંગો આ પ્રમાણે છે.

લક્ષ્મણ-ઇન્દ્રજિતનું યુદ્ધ ઊર્મિલા અને સુલોચના વચ્ચેનું યુદ્ધ હતું. સુલોચનાના પતિએ પરસ્ત્રીમાં કુભાવ રાખનારનો પક્ષ લીધો. ઊર્મિલાના પતિએ પરસ્ત્રીમાં માતૃભાવ રાખનારનો પક્ષ લીધો એટલે ઊર્મિલાની જીત થઈ.

રામનામથી પથ્થર તર્યા અને સેતુ બંધાયો. રામને થયું કે મારા નામથી પથ્થર તરે છે. તો હું મારા હાથે પથ્થર ફેંકું. છાનામાના પથ્થર ફેંકે છે. પથ્થરો ડૂબી જાય છે. હનુમાન આ જોઈ જાય છે. એનો ખુલાસો એ રામને આપે છે કે આપ જેને હાથમાં રાખો તે તરે, જેને આપ ફેંકી દો તે તો ડૂબે જ.

આકાશમાર્ગે ઊડતાં મોટો મંડપ જોઈ જનકને ત્યાં જાનકીસ્વયંવરની વાત જાણી જનકે પત્રિકા ન લખી પોતાનું અપમાન કર્યું છે માની રાવણ વગર આમંત્રણે ત્યાં પહોંચી જાય છે. પોતાને ત્યાં પત્રિકા કેમ નથી લખી તે પૂછતાં જનક મંત્રીને સૂચના કરી હતી કહી છૂટી જાય છે. મંત્રી સિપાઈ પર જવાબદારી ઓઢાડે છે. સિપાઈને પૂછતાં તે કહે છે કે પત્રિકા તમારે ત્યાં જ પહેલાં આપવા આવ્યો હતો. સમુદ્રકિનારે આવ્યો ત્યારે બીજા દેવોની જેમ સમુદ્ર તમારો નોકર હશે એમ માની તમારી પત્રિકા તમને પહોંચાડવા દરિયાને આપી આવેલો. તમારે દરિયા સાથે લડવું જોઈએ. રાવણ લડવાનું માંડી વાળે છે. આ પ્રસંગ કલ્પિત લાગે છે. કેવટપ્રસંગમાં લોકકવિ દુલાભાયા કાગના લોકપ્રિય ભજન "પગ મને ધોવા દ્યો રઘુરાય"નો આધાર લઈ પ્રસંગને રસમય બનાવ્યો છે.

મોરારીબાપુ : ગુજરાતમાં સૌરાષ્ટ્રમાં તલગાજરડામાં જન્મેલા આ કથાકારનું કુટુંબ વૈષ્ણવસાધુનું એટલે રામાયણના સંસ્કારો બાળપણથી જ. મહુવામાં એકહજાર આઠ રામ-પારાયણો કર્યાં ત્યારે છેલ્લે દિવસે રામાયણની આરતી ઉતારવા હરિજન ભાઈ બેનોને ઊભાં કર્યાં, તેમની લઘુતાગ્રંથી દૂર કરવા. લંડન, અમેરિકામાં કથા કરી આવેલા એમની કથામાં પાંચેકલાખ શ્રોતા હોય છે. યુવાનવર્ગમાં અત્યંત લોકપ્રિય એવા આ કથાકારની તુલસીદાસના રામચરિત-માનસને આધારે કરેલી કથાનું સંકલન **'અમૃતરામાયણ'** રૂપે મળે છે. એમાં કેટલાક ફેરફારો આપણા ધ્યાનમાં આવે છે.

સીતા તો એટલું મહાન પાત્ર છે કે એને જન્મ આપનારી કોઈ માતા ન મળી એટલે ધરતીમાંથી જન્માવવી પડી.

શૂર્પનખા અને મંથરાનું રા.ચ.મા.માં મોત નથી દેખાડયું કેમકે એ લોકો હજી જીવે છે.

ઊર્મિલા એટલે ઊર–મિલા, લક્ષ્મણ સાથે હૃદય મળી ગયું છે તે. કેટલાક નિરૂપિત પ્રસંગોનો આધાર મળે છે—

ધનુષ રામના હાથે ભાંગે તો ૧૪ વર્ષ વનમાં રહી ભજન કરવાની સીતાએ શિવજીની બાધા લીધેલી તેથી સીતાની એ માનતા ફળવા માટે કૈકેયીના મુખમાંથી ૧૪ વર્ષ શબ્દ નીકળી ગયો. એને કર્મ્ય રામાયણનો તથા વસિષ્ઠ–કૈકેયીએ વનવાસનું નક્કી કરાવી રાક્ષસોનો વધ અને સંસ્કૃતિના ઉદ્ધારનું કાર્ય કરાવ્યું અને ૧૪ દિવસને બદલે ૧૪ વર્ષ કૈકેયીથી બોલાઈ ગયું એને ભાસના પ્રતિમા નાટકનો આધાર છે.

કેવટે રામને ચરણ ધોવા દેવાની અથવા પાણી ઓછું હોય ત્યાંથી જાતે ચાલીને જવાની વાતને તુલસીનાં 'ગીતાવલી' અને 'કવિતાવલી'નો આધાર છે.

શબરીને મતંગ ઋષિ શિષ્યા તરીકે અપનાવે છે. તેમના શિષ્યો અપનાવતા નથી ત્યારે પંપાસરોવરમાં પાણીને બદલે રક્ત જુએ છે. શબરીના ચરણનું જળ એ પાણીમાં નાંખવાથી જળ શુદ્ધ થવાની વાતને ૧૮મી સદીના ભક્તમાળની પ્રિયદાસકૃત ટીકાનો આધાર છે. કેટલાક પ્રસંગોનો આધાર મળતો નથી.

દશરથે મરતી વખતે કહેલું કે મારા મૃતદેહને બધા સ્પર્શે, કૈકેયી ન સ્પર્શે.

રામે જટાયુ પાછળ ભંડારો કરવાનું વચન આપેલું. લંકાની લડાઈમાં ગીધોને જમાડવાની તક મળી. લંકાના પાદરમાં પ્રહસ્તે ગીધોની મીટીંગ જોઈ. એ મીટીંગમાં ઠરાવો થયા કે એક–બીજાના ખોરાકમાં ચાંચ મારવી નહિ. લક્ષ્મણજી જેને બાણ મારે તે રાક્ષસનું માંસ યુવાનોએ ખાવું. હનુમાન જેને ગદા મારે તે બધાને ધરડા ગીધ માટે રાખવાનું. રામ જેને બાણ મારે તે બધાએ ખાવાનું કેમ કે એ પ્રસાદ કહેવાય. રાવણના લોહીમાં કોઈએ ચાંચ બોળવી નહી કેમ કે એનું લોહી પીવાથી બુદ્ધિ બગડી જાય.

લક્ષ્મણજીએ શબરીનાં બોર ખાધેલાં નહિ. નાંખી દીધેલાં. પવન અને પાણીના પ્રહારથી એ બોરનાં બીજ છેક દ્રોણાચલ સુધી ગયેલાં. વરસાદ પડતાં એમાંથી જે ઔષધિ ઉત્પન્ન થઈ તેનું નામ સંજીવની, જેનાથી મૂર્ચ્છા વખતે લક્ષ્મણને જીવતદાન મળ્યું. બોરડીમાંથી સંજીવની થાય? એ બોરડીનું બીજ શબરીની જીભે અડેલું હતું. જે જીભે કરોડોવાર રામનામનો જપ કર્યો છે એ જીભના ઉપર જે અડે તે સંજીવની ન બને?

પાંડુરંગ વૈજનાથ આઠવલે : રોહાના વતની વર્ષોથી મુંબઈમાં નિવાસ કરતા શાસ્ત્રીજીએ તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ સ્થાપીને ગામે ગામ સ્વાધ્યાયપ્રવૃત્તિ પ્રેરી છે. ગંભીર વિચારક અને નિઃસ્પૃહ વક્તા મુંબઈ માધવબાગમાં નિયમિત ૧૫૦૦ જેટલા શ્રોતાઓ સમક્ષ પ્રવચનો આપે છે. સ્વાધ્યાયી ભાઈબેનો ગામેગામ નિઃસ્પૃહભાવે સ્વાધ્યાય માટે જાય છે વયસ્થ-સંચલન અને Divine Brain Trust જેવી પ્રવૃત્તિ દ્વારા યુવાનોમાં વૈજ્ઞાનિક ધાર્મિક દૃષ્ટિ ખીલવવામાં આવે છે.

સર્વધર્મસમન્વય નહિ પણ સર્વધર્મસ્વીકારના આદર્શવાળા શાસ્ત્રીએ આપેલાં આ પ્રવચનો '**શ્રી વાલ્મીકિ રામાયણ દર્શન**' રૂપે મળે છે જેમાં રામાયણકાલીન શાસન-વ્યવસ્થા, અર્થવ્યવસ્થા, સમાજવ્યવસ્થા, કુટુંબવ્યવસ્થા, શિક્ષણવ્યવસ્થા, ઉપરાંત રામ, સીતા, દશરથ વ. સોળ પાત્રોનું ચરિત્રચિત્રણ છે. એમાંનાં નીચે જણાવેલાં કેટલાંક મંતવ્યોમાં આદર્શ રાજ્યની વિભાવના, અર્થ, ધર્મ અને સમાજનો પરસ્પર સંબંધ, સાચા શિક્ષણનો આદર્શ ફલિત થાય છે તે સાથે કેટલાંક પાત્રોને નવેસરથી સમજવાનો ઉપક્રમ દેખાય છે.

રામરાજ્ય Royal Democratic State હતું. રામના રાજ્યાભિષેક અંગે પૌરજનપદનો મત લેવામાં આવ્યો છે. અષ્ટઋષિમંડળ રાજાને સલાહ આપે છે, રાજ્યનું નિયમન કરે છે. Republicમાં પ્લેટોએ Guardian સંસ્થાની જે કલ્પના કરી છે તેવી રામાયણમાં છે. રામાયણે અર્થવ્યવસ્થામાં જરૂરી એવી જાતિવ્યવસ્થા માન્ય કરી અયોગ્ય સ્પર્ધા ટાળી છે, (આજના અર્થશાસ્ત્રીઓ કરતાં જુદો અભિપ્રાય આપ્યો છે કે) There is a very fine relation between Economics and Ethics. સમાજરચના પર રાજ્યસત્તાનું નહિ પણ ધર્મનું વર્ચસ્વ હોવું જોઈએ. વર્ણાશ્રમવ્યવસ્થા વિના સમાજ ટકી શકશે નહિ. વાલ્મીકિએ સમાજના National Characterનું ચિત્રણ કર્યું છે. આદર્શ ગૃહસ્થાશ્રમનું કારણ નિષ્ઠા હતી. રામકાળમાં પ્રાથમિક શિક્ષણ શાલીન કુટુંબોમાં અને ઉચ્ચ શિક્ષણ તપોવનમાં મફત મળતું. ગરીબશ્રીમંતના અભેદ સાથે વિદ્યાર્થીમાં રહેલાં ગુણ-શક્તિને જાગ્રત કરવામાં આવતાં. કૈકેયીનું ચરિત્ર એક બાલીશ છોકરી જેવું છે. રણભૂમિ પર ધણીનું રક્ષણ કરનાર આ વીરાંગના ભરતે ભૂલ બતાવ્યા પછી રામને પાછા બોલાવવા ગઈ એટલી તે સરળ છે. હનુમાને કરેલું લંકાદહન એ મર્કટલીલા નહિ પણ લંકાની પ્રજાનો આત્મપ્રત્યય ખલાસ કરનાર રાજકારણવિશારદનું એ કૃત્ય હતું.

સ્વામીશ્રી સચ્ચિદાનંદજી : સંસારરામાયણ :

આ પુસ્તકને ગુજરાતી સાહિત્ય પરિષદનું ૧૯૮૫નું શ્રી અરવિંદ પારિતોષિક મળ્યું છે. સ્વામીજીનો ભક્તિનિકેતન આશ્રમના દંતાલી (જિ. ખેડા)માં છે. આશ્રમના મંદિરના પૂજારી તરીકે હરિજનને સ્થાન આપ્યું છે.

રામાયણને ઐતિહાસિક નહિ પણ સાહિત્યિક ગ્રંથ, દૈવીગ્રંથ નહિ પણ સાંસારિક ગ્રંથ ગણતા સ્વામીનાં આ રામચરિતમાનસઆધારિત વ્યાખ્યાનો છે. રામાયણકથાને નિમિત્ત બનાવી સ્વામીજીએ નવા પ્રશ્નો-પરિસ્થિતિ પરત્વે પોતાનો દૃષ્ટિકોણ રજૂ કરી પ્રશ્નોનો નિવેડો લાવવાનો પ્રયત્ન કર્યો છે. "ચમત્કારો વિના પણ ચમત્કારિક જીવન જીવી શકાતું હોય છે." (પૃ. ૭). એમ કહેતા સ્વામીના આ પુસ્તકમાં ચમત્કારોને સ્થાન ન આપતાં પ્રત્યેક ઘટનાને સાંસારિક વાસ્તવિકતાના પરિપ્રેક્ષ્યમાં જોવાનો પ્રયત્ન છે. રામકથાનિમિત્તે સંસારના એકેએક પ્રશ્નનો પરામર્શ કર્યો છે.

રામાયણકથાનો મૂળસ્રોત બતાવતાં કહે છે :

રામાયણની ઘટનાનું મૂળ સાંભળવા પ્રમાણે ગુપ્તવંશીય એક રાજા છે. તેને પિતાની આજ્ઞાથી વન જવું પડેલું. આદર્શનિષ્ઠ તે રાજાએ વન ભોગવેલું. ત્યાંથી તેની પત્નીનું

ગાંધી હરીસિંહની વાડી, અમદાવાદ

અપહરણ થયેલું અને તે સ્ત્રીને પાછી મેળવવા તેણે યુદ્ધ કરેલું, અને [illegible] ફરી પાછો તે ગાદી ઉપર બેઠેલો વગેરે. (પૃ. ૮).

અગ્નિપરીક્ષા સ્ત્રીઓની જ કેમ, પુરુષોની કેમ નહિ? જો માત્ર સીતાઓને જ અગ્નિમાં ચડાવી દેવાની હોય તો આદર્શ રામરાજ્ય ન કહેવાય. કન્યાઓનો સ્વયંવર તો વરનો કેમ નહિ? જેવું અર્વાચીન માનસ ધરાવતા આ ધર્માચાર્યે સાધુઓએ સેવેલા વૈરાગ્યને બહાને માનવતાની ઘોર અવગણના કરેલી છે તેની ટીકા કરી છે, ત્યાગ વિષે વિસ્તૃત વાર્ત્તિક છે. મારિચપ્રસંગે મોજશોખ માટે, શૃંગાર માટે પક્ષીઓનાં પીછાં, પશુઓના ચર્મ માટે તેમની હિંસા થાય છે એવું તેમનું મનનીય નિરીક્ષણ છે તે સાથે વધુ પડતા અહિંસાભાવથી ભારતમાં ઉંદરો, વાનરો, માખી, મચ્છરો ઉભરાઈ રહ્યાં છે એવી ટકોર કરી છે (પૃ. ૩૪૯). ગોદાન-સંકલ્પ વિષે કટાક્ષ કરતાં ગાયોને ધાર્મિક મહત્ત્વ અપાયું છે અને તેથી ગાયો રખડતી હાડપિંજર બની ગઈ છે, એમ કહે છે. પંપાસરોવર તરફ જતા રામની વાત કરતાં હિંદુસંસ્કૃતિ જળપ્રધાન છે પણ સ્વચ્છતા, નિર્મળતાના જળના ગુણ ન હોય તો જળપ્રધાન સંસ્કૃતિ કયાં રહી? એમ ટકોર કરી છે. તીર્થોમાં જળની સ્વચ્છતા રહી નથી કહેનાર સ્વામીજી આજનો પ્રાણપ્રશ્ન pollutionને સ્પર્શતા જણાય છે.

રામાયણનો સંદેશ શું? એ પ્રશ્નના જવાબરૂપે કહે છે કે સારામાં સારી વસ્તુ પણ જો મર્યાદા વિનાની થઈ જાય તો અકલ્યાણકારી થઈ શકે છે (પૃ. ૨૬). રામાયણે બ્રાહ્મણોને માન્યતા આપીને પણ શૂદ્રોને અન્યાય કર્યો નથી. તેમને પણ માન્યતા આપી છે એ શબરીના ઉદાહરણ દ્વારા પ્રતિપાદિત કરતા લેખકને વર્ણાશ્રમધર્મનો વિષમતાભર્યો ઘોર અન્યાય ધર્મોના જડ કર્મકાંડ અને અંધશ્રદ્ધાને વહેમોના નામે સમાજનો અમાનવીય વ્યવહાર ઘણો કઠે છે. અસ્પૃશ્યતા તેમને મન હિંદુસમાજનું ઘોર કલંક છે.

કેવટપ્રસંગનો વિસ્તાર લોકકવિ દુલાભાયા કાગના ભજન "પગ મને ધોવા દ્યો રઘુરાય"ને આધારે છે.

રામરાજ્યાભિષેકપ્રસંગે ભરતની અનુપસ્થિતિ કેમ? એમ પ્રશ્ન મૂકી દશરથ-કૈકેયી મિલનનો પ્રસંગ રજૂ કર્યો છે. દશરથ શિકારે ગયા હતા ત્યારે સિંહને બાણ મારીને પાડ્યો. પોતાના માણસોને શિકાર લઈ લેવા કહેતાં તો એક સ્ત્રીનો પડકાર ફેંકતો અવાજ આવ્યો, ખબરદાર! શિકાર મારો છે. પુરુષશિકારીના વેષમાં ધનુષબાણ સાથે રૂપાળી સ્ત્રીને જોઈ દશરથને આશ્ચર્ય થાય છે. તે સ્ત્રીએ કહ્યું, તમારું તીર સિંહની પીઠ પર લાગ્યું છે, મારું તીર, કાળજાની આરપાર લાગ્યું છે, જુઓ. દશરથને આકર્ષણ થાય છે કે જો આવી સ્ત્રી પત્ની થાય તો જે સંતાન થાય તે અપરિમિત વીરપુરુષ થાય (પૃ. ૨૫૮-૯). કૈકેયીને પરિચિત છે કે કેમ તે પૂછતાં તેની સખીએ પરિચય આપ્યો. લગ્નના પ્રસ્તાવની વાત દશરથના સરદારોએ ઉપાડી લીધી. વિગતે વાત કરી કે એ લગ્ન પછી રાજગાદી દીપાવે તેવું કોઈ નથી. કૈકેયીએ સંમતિ સાથે શરત મૂકી કે મારું સંતાન જ રાજગાદીનું હકદાર થશે. રાજાએ સ્વીકાર કર્યો (પૃ. ૨૬૧).

શબરીપ્રસંગનું નિરૂપણ આ પ્રમાણે છે. રામનું સ્વાગત કરવા સૌ ઉત્સુક છે. પંડિતો, રાજાઓ, દરબારો, શેઠિયાઓ રામનું સ્વાગત કરવાનો પહેલો હક પોતાનો છે એમ કહે છે. દ્વિવેદી, ત્રિવેદી પછી દરબાર પોતાનો હક જાહેર કરે છે. એ પછી જે વધુ નાણાં બોલે તેનો હક એમ જાહેર થતાં શેઠની વરણી થાય છે. દરબાર તલવાર બતાવી બધાંને ચૂપ કરી દઈ પોતાનો રામસ્વાગતનો પહેલો હક જાહેર કરે છે. સભાભંગ થાય છે. દૂર બેઠી બેઠી જોતી શબરી વિચારે છે કે આ બધામાં રામ મારે ત્યાં આવે જ શાના? રામ તેને ત્યાં જ આવ્યા (પૃ. ૩૭૯). લેખક કહે છે કે રામે બોર જ ખાધેલાં. જો માત્ર બોર જ ખાધાં એવું હોય તો પ્રસંગ ફિક્કો પડી જાય. શબરી ચાખી ચાખીને બોર બદલાવે છે એ જોઈ પંડિતો અને લોકોને ઠળાહળ કળિયુગ આવેલો દેખાય છે. રામને ભીલડીને ઘેર જવાથી કઈ આપત્તિ આવશે તેની ભીતિ બતાવવા લાગ્યા અને રામ પ્રત્યે લાગણીવાળા પ્રાયશ્ચિત કરાવવાની વાત કરવા માંડ્યા (પૃ. ૩૮૫).

કિષ્કિન્ધાનગરીમાં મહાદાનવ ચઢી આવેલો તે કહેતાં કૌંસમાં લખે છે. કે મેક્સિકોમાં મયસંસ્કૃતિના અંશો આજે પણ જોવા મળે છે. રાવણનું મોસાળ મેક્સિકોમાં હતું અને તેથી તેનો જન્મ મોસાળમાં મેક્સિકોમાં થયો હતો એવા એક મતને સ્પર્શે છે.[૫] હનુમાન લંકામાં ઊડીને નહી પણ તરીને અથવા નાવ લઈને ગયા હતા (પૃ. ૪૧૫). ખરેખર તો હનુમાન વ. વાનર ન હતા પણ આદિવાસી પ્રજા જ હતી. દ્રાવિડ દેશોના પર્વતોમાં વનોમાં વસેલી પ્રજા આજે પણ છે. આવી વનવાસી પ્રજાઓમાં પશુપક્ષીઓનાં જુદાં જુદાં અંગોને પોતાના કુલ-કુટુંબનું પ્રતીક બનાવવાની પ્રથા આજે પણ છે. આ આદિવાસી પ્રજા વાનરની મુખાકૃતિવાળું મહોરું પહેરતી, પાછળ પૂછડું બાંધતી (પૃ. ૪૬૭).[૬] એ અંગે બીજી સંભાવના દર્શાવતાં લેખક કહે છે કે હજારો વર્ષ પહેલાં યુરોપમાંથી કેટલાક સાગરખેડુઓ સાહસ કરીને પૂર્વ તરફ નીકળતા રહ્યા છે. આ સાહસિકોમાંથી ઘણાખરાને ઠેઠ ન્યૂગીનીથી માંડીને ભારત સુધીના ભાગોમાં અનિવાર્યરૂપે વસી જવું પડ્યું હતું. કારણ કે પાછા ફરવા માટે નાવડાં ના રહ્યાં હોય, દિશાનું નિશ્ચિત જ્ઞાન ના રહ્યું હોય, ઋતુની પ્રતિકૂળતા થઈ હોય તથા માંદગી વ. કારણો આવ્યાં હોય. આવાં કારણોસર દૂરની ગોરી પ્રજાને અહીં ફરજિયાત સ્થાયી વસવું પડ્યું હોય. આ બળવાન પ્રજાનો ધીરે ધીરે વંશવેલો વધ્યો હોય. આ પ્રજાને બીજી પ્રજા વાનર કહી બોલવતી હોય. વાલી-સુગ્રીવ, હનુમાનનાં વર્ણન ગૌર પ્રજાને મળતાં દેખાય છે. હનુમાન શબ્દના મૂળમાં કદાચ Hair Man વાળવાળો પુરુષ હોય. તેમના શરીરે પુષ્કળ વાળ બતાવાયા છે. વધુ વાળ હોવાથી પણ કદાચ વાનર કહેવાયા હોય. આજે પણ ગુજરાતમાં હનુમાન શબ્દને લોકો હરમાન કહે છે. પાછળથી આ શબ્દનું સંસ્કૃતિકરણ થઈ સંસ્કૃતરૂપ થયું હોય

---

૫ જન્મભૂમિ પંચાંગ-વિ. સં. ૨૦૪૩ (સં. જ્યોતિષ્મન ભટ્ટ, જન્મભૂમિભવન ઘોઘાસ્ટ્રીટ, ફ્રેર્સ્ટ, મુંબઈ-૧) એમાં પુષ્કરભાઈ ગોકાણીનો લેખ છે. 'સ્થાનફેર દ્વારા ગ્રહાનુકૂળતા' તેમાં પણ આ મત પ્રગટ થયો છે.

૬ ગુજરાતના ખ્યાતનામ વિદ્વાન પદ્મભૂષણ પંડિત શ્રીપાદ દામોદર સાતવળેકરે 'બાલકાંડકી સમાલોચના' અને 'યુદ્ધકાંડકી સમાલોચના'માં આવા પ્રશ્નો વિષેનું વિસ્તૃત સંશોધન પ્રગટ કર્યું છે પણ તેમણે બહુજનહિતાય હિન્દીમાં લખ્યું હોવાથી અહીં તેમનો ઉલ્લેખ કરી લઉં છું.

હનુમાન. હનુમાન એટલે દાઢીવાળો માણસ. આ સંભાવના છે. સંશોધન કરનારાને માત્ર દિશાસૂચન છે (પૃ. ૪૩૮).

સીતા ઉપર જે ઘોર આળ ચડાવવામાં આવ્યું છે તે રામના ચરિત્રને જેમ આપે તેવું ન હોવાથી લેખકે બદલ્યું છે. રામ સીતાને મળવા અશોકવાટિકામાં જાય છે. સીતા લોકનિંદાનો વિચાર કરવા રામને કહે છે. લોકનિંદાનો ભય પોતે જ બતાવે છે. સીતાની શુદ્ધિ માટેની પોતાની નિઃશંકતા પ્રગટ કરી રામ કહે છે કે સ્ત્રીની શુદ્ધતા તેની નિષ્ઠામાં છે. બળજબરીથી તનની અશુદ્ધિ એ અશુદ્ધિ નથી. સ્ત્રીના શરીરની રચના જ એવી છે કે પ્રબળ વિરોધ છતાં તેણે ઘણીવાર બળાત્કારનો ભોગ થવું પડતું હોય છે (પૃ. ૪૮૦). સીતાના સતીત્વને, રામના ઉદાર-ચરિતને અને તેમના યશોજ્જ્વલ દામ્પત્યને સુસંગત બની રહે તે રીતે ફેરફાર કરેલો છે. રામ કહે છે કે સીતા! જો તારી અગ્નિપરીક્ષા હોય તો મારી કેમ ન હોય? સીતા! મને મારી શુદ્ધિ વિષે જેટલી દૃઢતા છે. તેટલી જ તારી શુદ્ધિ વિષે પણ છે. જો તું શુદ્ધ ના રહી હોત તો હું પણ ના રહી શકયો હોત. સીતા મારે તારી અગ્નિપરીક્ષા નથી લેવી. સ્વામીજીની વાણીની આ અનુકંપા અને માનવતાભરી કરુણાં સમ્યક્ અર્વાચીન વલણની પરાકાષ્ઠારૂપે છે. અગ્નિપરીક્ષા ન લેવાનું બીજું કારણ રામ કહે છે કે કળિયુગમાં મારું નામ વટાવી ખાનારા ધર્મગુરુઓ, રાજ-નેતાઓ મારા નામે કેટલીયે સ્ત્રીઓની અગ્નિપરીક્ષા કરાવીને જીવતી બાળી મૂકશે. રામરાજ્યની સ્થાપના માટે રામની માફક સીતાની અગ્નિપરીક્ષા કરશે (પૃ. ૪૮૨).

રામે સીતાને લોકનિંદાની વાત કરી ત્યારે સીતાએ પોતાનો ત્યાગ ન કરવા વિનંતી કરી. એ પછી રામના વંશને ચાલુ રાખવા સીતાની ત્યાગભાવના તરી આવે છે. સ્વેચ્છાએ દિવસ ઊગતા પહેલાં લક્ષ્મણ સાથે અયોધ્યા છોડી વનમાં જતી રહે છે. સીતાનો ત્યાગ નહિ પણ સીતાએ સ્વેચ્છાએ સ્વીકારેલો ત્યાગ એવું સીતાત્યાગનું નવું અર્થઘટન જોવા મળે છે.

ભીલોડી રામાયણ : આદિવાસી પ્રજાનાં લોકગીતોમાં રામની કથા પણ વિવિધરૂપે મળે છે. આ લોકસાહિત્યનો રચનાકાળ અજ્ઞાત હોય છે પણ આજે પણ તે ગવાતું હોઈ સમકાલીન ગણ્યું છે. પંચમહાલના ભીલોની બોલીમાં ભીલોરી ગીતોના ઢાળમાં સત્તર ગીતોનું આ રામાયણ છે, જેમાં દરેક ગીતમાં રામની કથા આગળ ચાલે છે. સીતા રામ સાથે વન જવા તૈયાર થઈ છે. તે કહે છે :

"સીતા જરી ની માને કે સાંયા હું તમારી રે,
સોડીને હું તમુને. રામ આંઈ કેમ રહું રે."

દુબળાઓના પવાડામાં રામકથા : ગુજરાતના દુબળાઓ દિવાળીમાં દાંડિયા, છત્રી, રૂમાલ સાથે 'ઘેર' રમે છે. ગીત, રાસ, ભજન, પવાડા (સં. **પ્રવૃદ્ધ પ્રા.** પવડ્ઢ? હિં. પવાડા–વીરનું પ્રશસ્તિ કાવ્ય) ગાય છે. લોકશબ્દાવલીમાં, લોકપરિવેશમાં રામ સીતાના વિવાહનું વર્ણન છે.

લોકરામાયણ : બનાસકાંઠા વિસ્તારમાં 'આંજણા' તરીકે કોરસમાં ગવાતાં રામાયણના બે પ્રસંગોનાં ગીતોમાં રામવનવાસ દરમ્યાન રામ–સીતા વૃક્ષોને ઉછેરે છે અને સુખમાં

રહે છે. પછી રાવણ દ્વારા સીતાનું હરણ થાય છે તે પ્રસંગનું ગીત "રામા, કેમ મૂંઝાણી તારી મતિ ?" અને બીજું ગીત બાર વર્ષ બ્રહ્મચર્ય, આહાર, નિદ્રાનો ત્યાગ કરેલો માણસ ઈન્દ્રજિતને મારી શકે એ લાયકાત લક્ષ્મણમાં હતી એમ બોલીને લક્ષ્મણની મૂર્ચ્છાવસ્થામાં રામ રુદન કરે છે તે પ્રસંગનું ગીત "રામ લખમણ પૂછે રે, લખમણ બાળા જતિ, રામ હરિ".

સૌરાષ્ટ્રમાં બેડુતો લગ્નપ્રસંગે 'શલોકા' બોલે છે જેમાં રામાયણના પ્રસંગો વણાયેલા હોય છે.

ડાંગી રામાયણ : વલસાડ જિલ્લામાં ગીરા નદીને કાંઠે બરડીપાડા ગામમાં આદિવાસી પ્રજામાં ભીલુકુમાર પોવાર રાત્રીએ રામાયણકથા કહે છે. આદિવાસીઓની આ સ્વતંત્ર રામાયણકથા બે રાત્રિ અને એક દિવસ સુધી ચાલે છે. થાળીમાં મીણ ચોંટાડી તેમાં એક લીસી લાકડી ચોંટાડી તેના પર પોલી મુઠ્ઠીઓ ફેરવવાથી વાયોલીન જેવા સૂર નીકળે છે. એવા વાદ્ય સાથે વક્તાના આરોહ-અવરોહની મિલાવટ થાય છે. રામાયણનાં પાત્રો વતી જ બોલતા હોય એવા આ વક્તાને વાકયે વાકયે બીજો આદિવાસી હોંકારો પૂરે છે. એનાથી પર ડાંગના અંદરના ભાગને જે આદિવાસીઓ દંડકારણ્ય માને છે તે લોકો પણ રામાયણકથા કરે છે. ડાંગી બોલીમાં થતી આ કથા ટેપ કરી એ દૃશ્યની ફિલ્મ ઉતારી જાળવવાની જરૂર છે. ડાંગી બોલીમાંથી એનો અનુવાદ થવાની જરૂર છે એમ લોકરામાયણોની સ્વાનુભવને આધારે મને માહિતી આપનાર શ્રી જયંતીલાલ દવે (અડાલજ, જિ. અમદાવાદ)નું માનવું છે.[૭]

આ સાથે જ **રામાયણની વાર્તા કહેનારાઓની પરંપરા** જે અદ્યાપિ ચાલુ રહી છે તેની વાત કરી લઈએ.

સ્વ. શ્રી. મંજુલાલ મજમુદાર કહે છે "સંસ્કૃતયુગની પડતીને પરિણામે દેશી ભાષાઓનો ઉત્કર્ષકાળ થયો ત્યારે દેશભરમાં જે પૌરાણિક ઉદ્બોધન થવા માંડયું તેને અંગે સંસ્કૃત સાહિત્યથી અજાણ્યા લોકસમૂહને સંસ્કૃત ગ્રંથોની ખૂબી બતાવવા માટે કવિઓએ અનુવાદ કરવા માંડયા.[૮]

ચોમાસાના ચાર મહિનામાં જ્યારે ગામના લોકોથી ખેતરોમાં કામ કરી શકાય એવું ન હોય તેવા દિવસોમાં ગામમાં એકાદ બે ભણેલા હોય તે આ લોકપ્રિય કાવ્યોના હસ્તલિખિત ચોપડા કાઢીને વાંચતા અને પડોશીઓ એકઠા બેસીને નિવૃત્તિથી તે સાંભળતા. આમ આ પ્રાચીનકાળના વાંચનનું અને જ્ઞાનપ્રચારનું લક્ષ્ય તેમ જ ધ્યેય જુદા પ્રકારનું હોવાથી તે પરિસ્થિતિને અનુકૂલ થઈ પડે તેવું પદ્યમય કથાસાહિત્ય ઉત્પન્ન થતું હતું. તે કાલનું વાંચન કેવલ આત્મતૃપ્તિનું ન હતું પરંતુ પરપ્રસન્નતાનું-સભારંજનનું હતું. તેથી જ પદ્યાત્મક વાર્તાઓ અસ્તિત્વમાં આવી.[૯]

---

૭ એમનો હું આભારી છું.

૮ ગુજરાતી સાહિત્ય-મધ્યકાળનો સાહિત્યપ્રવાહ, પ્રયોજક, સાહિત્યસંસદ, સામાન્ય સંપા. કે. એમ. મુનશી, સહસંપાદક જયોતીન્દ્ર દવે, પ્ર. ધ સાહિત્ય પ્રકાશક કંપની લિ. મુંબઈ, ૧૯૨૯, પૃ. ૪૦૦.

૯ એજન, પૃ. ૪૫૧.

આ વાર્તાઓ કહેનારો વર્ગ ધીમે ધીમે અસ્તિત્વમાં આવ્યો તેમાં ગૂજરાતમાં ભાટચારણો, ગઢવીઓ વાર્તા કહેનારા તરીક સૌકાઓથી સુપ્રસિદ્ધ છે. રાજાઓ યુદ્ધમાં જાય ત્યારે તેને શૂરાતન ચડાવવા માટે ભાટચારણો લડાઈના મેદાનમાં જતા અને રામાયણ–મહાભારતના અને બીજા અનેક શૂરવીરોની ગાથા ગાઈ ને રાજાનું તથા સેનાનું નૈતિક બળ ટકાવી રાખતા. શ્રાવ્ય–કથ્ય પરંપરાની આ વાર્તાનો ઉપાડ આજનાં વાર્તા–નવલકથાની માફક અધવચથી નહિ પણ અમુક નગરી હતી, તેનો અમુક રાજા હતો એ રીતે સીધા આરંભથી થતો અને સમગ્ર વાર્તામાં સીધી કથનશૈલીનો આશ્રય લેવાતો. ઘટનાઓની આનુપૂર્વી સચવાતી. પાત્ર સાથે વાર્તાકથક તદ્રૂપતા સાધી પાત્રમય બની, એના પ્રસંગો પ્રમાણેના હાવભાવ પ્રગટ કરતો અને વાર્તાના પ્રવાહમાં શ્રોતાને ખેંચી જતો. આખી વાર્તાની સૃષ્ટિ એ એકલો ખડી કરતો. એ one man show એ મધ્યકાલમાં પ્રજાની સંસ્કારિતા જાળવવા સાથે મનરંજન પણ કર્યું છે.

મધ્યકાલીન કથ્ય વાર્તાશૈલીએ રામાયણવિષયક વાર્તા કહેનારા કલાકારો–દરબારશ્રી પૂંજાવાળા (સાણથલી) લાખાભાઈ ગઢવી (જાંબુડા) લાખાભાઈ ગઢવી–નાના (જૂનાગઢ) નટુભાઈ જોષી (ગોપાલગામ–ચલાલા પાસે, જિ. અમરેલી) શ્રી રામભાઈ રામનામવાળા, તખતદાન રોહડિયા (નાગેશ્રી, વાયા જાફરાબાદ) કવિશ્રી 'દાદ' (ધૂનાના) પિંગળશીભાઈ ગઢવી (જામનગર).[૧૦]

આ વાર્તાકથકોમાં પદ્મશ્રી દુલા કાગ પણ હતા. એમના 'કાગવાણી ભા. ૧–૪'માં રામાયણવિષયક 'રાવણની રાજનીતિ' 'પાંચ વાત મનમાં રહી' 'રાવણનો પત્ર' 'રામને ઋણી રાખ્યા' જેવાં અનેક ભજનો મળે છે. આમ તો રામાયણના પ્રસંગો પર અનેક કવિઓએ ભજનો લખ્યાં છે પરંતુ ગંગાપાર કરતી વખતના કેવટપ્રસંગના દુલાભાયાના "પગ મને ધોવા દો રઘુરાય" ભજને લોકહૈયાંને એ પ્રસંગમાં રહેલા ભક્તિરસમાં જેટલાં તરબોળ કર્યાં છે એટલાં બીજા કોઈ એ કર્યાં નથી. એ ભજન ગુજરાતમાં ઘેરઘેર જાણીતું છે. કેવટપ્રસંગની કથામાં આ ભજનના ભાવનો જ મોટાભાગના કથાકારો વિસ્તાર કરી કથાને રસમય બનાવે છે. કેવટ કહે છે કે તમારી ચરણરજ કામણગારી છે. એ જોને અડે તે સ્ત્રી થઈ જાય એમ સાંભળ્યું છે. (શલ્યામાંથી પ્રગટેલી અહલ્યા) માટે તમારા પગ ધોઈ લેવા દો. આ નાવ જો સ્ત્રી થઈ જાય તો મારી આજિવિકા જાય. નાવમાંથી ઉતર્યા પછી રામ ઉતારવાનું ભાડું પૂછે છે. ત્યારે કેવટ કહે છે કે જેમ હજામ પાસેથી હજામ ફી લેતો નથી તેમ આપણે ધંધાભાઈ છીએ. ખારવો ખારવા પાસેથી ઉતરાઈ લે નહિ. હું નદી પાર ઉતારનારો અને તમે ભવસાગર પાર ઉતારનારા છો એમ એનો કહેવાનો ભાવાર્થ છે.

કથ્ય પરંપરામાં ગુજરાતની જ મૌલિક એવી પરંપરા માણભટ્ટની છે. એ પરંપરાના હાલના પ્રવર્તક શ્રી.ધાર્મિકલાલ પંડ્યા વડોદરાના છે. તેમના પિતાશ્રી ચુનીલાલ વ્યાસ પાસેથી આ કલા હસ્તગત કરી છે. સંગીતવિશારદ એવા શ્રી પંડ્યાએ ભારતમાં અને બહાર ઈંગ્લેન્ડ, ઝામ્બિયામાં માણકથાના કાર્યક્રમો આપ્યા છે. રેડિયો–ટીવી. પર કાર્યક્રમ આપી આ

---

૧૦ વાર્તાકથકોના નામની આ યાદી પ્રો. ડૉ. બળવંત જાની (સૌરાષ્ટ્ર યુનિ.)નો આભારી છું.

કલાત્મક સંસ્કારપરંપરાને ફરીથી લોકપ્રિય બનાવી રહ્યા છે. આ પરંપરા લુપ્ત ન થઈ જાય માટે પોતાના પુત્ર પ્રદ્યુમ્નને તાલીમ આપી છે. બીજા યુવાનોને આ કીર્તનપરંપરાની તાલીમ નિઃશુલ્ક રીતે આપવા '૮૦ની સાલથી વડોદરામાં કેન્દ્ર શરૂ કર્યું છે. શ્રી પંડ્યાને '૮૦માં ગુજરાત રાજ્ય સંગીત નૃત્ય નાટ્ય અકાદમીનો, ૮૩માં ગૌરવ પુરસ્કાર, એ જ વર્ષે ભારત સરકારનો સંગીત નાટ્ય અકાદમી એવોર્ડ, ૮૪માં વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનનો એવોર્ડ પ્રાપ્ત થયો છે. એમણે 'સંગીત ભાગવત', 'સંગીત હરિવંશપુરાણ' લખ્યાં છે.

મધ્યકાલીન કૃતિને આધારે ચાલતી આ પરંપરા અદ્યાપિ પ્રવર્તમાન હોવાથી એને સમકાલીન ગણી છે.

શ્રી. પંડ્યા પ્રેમાનંદરચિત આખ્યાનો માણ સાથે રજૂ કરે છે. પ્રેમાનંદ આશરે ઈ. સ. ૧૬૩૬થી ૧૭૨૪માં વડોદરામાં થઈ ગયા.

આખ્યાનકાવ્ય એ આખ્યાન અને કાવ્ય બન્ને છે. આખ્યાનં પૂર્વવૃત્તોક્તિઃ એવું એનું લક્ષણ આલંકારિકોએ સમજાવ્યું છે. પૂર્વે બની ગયેલા કોઈપણ બનાવનું કથન. એ કથન ગદ્યમાં હોય કે પદ્યમાં પણ હોય. 'આખ્યાન' શબ્દ આસમંતાત્ ખ્યાનં એટલે સર્વ રીતે વિસ્તારીને કથન કરવું એવા અર્થના આ + ખ્યા ધાતુ ઉપરથી સિદ્ધ થયો છે. 'આખ્યાન' શબ્દ 'ઉપાખ્યાન'ના સંદર્ભમાં સમજવાનો છે કારણ કે મુખ્ય વસ્તુના અનુસંધાનમાં જે માત્ર આડકથા અથવા અવાંતરપ્રસંગ જેટલું મહત્ત્વ ધરાવે છે–તે જ નાના વસ્તુને વિસ્તારીને નવેસર રસભરી વાણીમાં તેને પલ્લવિત કરવું એ આખ્યાનનું મુખ્ય ધ્યેય હોય છે.

આખ્યાન સવિશેષ શ્રાવ્ય કથાસ્વરૂપ છે. શ્રોતાઓ સમક્ષ આખ્યાન સંભળાવવાનું હોવાથી તેમાં પ્રત્યક્ષ કથનશૈલીનાં તત્ત્વો અનુભવાય છે. શ્રવણ કરાવવામાં આખ્યાનની ગેયતા ખૂબ મદદ કરે છે. તેને લીધે જે રસ જામે છે. તેથી કદાચ વસ્તુ નબળું હોય તો તે ઊણપ પણ ઢંકાઈ જાય છે. આખ્યાનનો વિષય લોકખ્યાત હોય છે. શ્રોતાઓને એ પૂર્વવૃત્તની અથવા પ્રસંગની રૂપરેખાઓ પરિચિત હોવાથી તેમને વર્ણ્યવિષયમાં પ્રવેશ કરતાં વાર લાગતી નથી.

આ પરંપરામાં વાચિક અભિનેયતાનો કથાકાર પૂરો કસ કાઢતો હોય છે તેથી જુદા જુદા પ્રસંગોની, પાત્રોની ભાવસ્થિતિ શ્રોતાઓ અનુભવે છે. અને એ રીતે અવસ્થાનુકૃતિર્નાટ્યમ્ પ્રમાણે તે તે પાત્રની અવસ્થાનું વર્ણન આખ્યાનમાં નાટ્યનાં લક્ષણો દર્શાવે છે.

આખ્યાનનું વસ્તુ ખ્યાત વસ્તુ હોવા છતાં આખ્યાકાર અને આખ્યાનકથાકાર કેવળ મૂળકથાનું જ વફાદાર નિરૂપણ કરીને બેસી રહેતો નથી પરંતુ તેના પોતાના જમાનાના રંગઢંગ, સ્વભાવાલેખન વગેરેની ફૂલગૂંથણી એ ઉમેરે છે.

શ્રી પંજા પ્રેમાનંદે ઈ. સ. ૧૬૯૦માં રચેલા આખ્યાન 'રણયજ્ઞ'ની કથા માણ સાથે રજૂ કરે છે. 'રણયજ્ઞ' રામ–રાવણ યુદ્ધના વસ્તુ પર આધારિત છે જેમાં પ્રેમાનંદે રણયજ્ઞનું રૂપક આપ્યું છે.

યજ્ઞમાં જેમ યજ્ઞસ્તંભ રોપાય છે, આચાર્ય નીમાય છે, યજમાન દીક્ષા લે છે, ઉપહાર–ભેટ અને હોમવાની સામગ્રી સંબંધીઓ તરફથી આવે છે, સરવા વડે ઘી હોમાય છે, કંદમૂળની આહુતિઓ અપાય છે, પશુ–મહિષ અને અજનાં બલિદાન દેવાય છે, મનુષ્યહોમ થાય છે, યજ્ઞ-કુંડમાં અગ્નિ સ્થપાય છે, તેની જ્વાલાઓ ઊઠે છે, અને પવનથી તે અગ્નિ પ્રજ્વલિત થાય છે, શ્રીફળથી પૂર્ણાહુતિ થાય છે અને છેવટે કામના પરિપૂર્ણ થાય છે તેમ અહીં 'રણયજ્ઞ'માં રણસ્તંભ તે યજ્ઞસ્તંભ, રણભૂમિ' તે વેદિ, રામ તે આચાર્ય, વિભીષણ તે દીક્ષિત યજમાન, હનુમાન તે ઉપહાર લાવનાર સંબંધી, બાણ તે સરવા, રાક્ષસપરિવાર તે ઘી, મંત્રી તે કંદમૂળ, રાવણપુત્રો તે તલજવ, કુંભકર્ણ અને અતિકાય તે મહિષ અને અજ, ઇંદ્રજિત તે હોમવાનો પુરુષ, ક્રોધ તે અગ્નિ, બધું બાળી નાખતી જ્વાળા તે જનકી અને મદદ કરનાર પવન તે લક્ષ્મણ, રાવણનું દશશીશ તે શ્રીફળ અને યજ્ઞના ફળરૂપ છેવટની પૂર્ણ થવાની કામના તે દેવનું કાર્ય–ભૂમિ ઉપરનો પાપનો ભાર ઓછો કરવાના રામના અવતારનો હેતુ એમ રૂપકપરંપરા અહીં કવિએ ગોઠવી છે.

રાવણના ચરિત્રમાં કવિએ ફેરફાર કરેલો છે. કુંભકર્ણ એને સમજાવે છે કે તારાથી સીતા નથી જીતાતી તો રામ કેમ જીતાશે ? રાવણ કહે છે કે જ્યારે સીતાને જોઉં છું ત્યારે જાણે એ આપણી માતા હોય એમ મને લાગે છે. તો પછી સીતા પાછી કેમ નથી આપતો ? મંદોદરીને એ જવાબ આપે છે. સુંદરી ! તારે મન હું ઘેલો છું પણ મેં જ્ઞાનવિચાર કરેલો છે.

રામ પર બ્રહ્મ છે, મને મારવા મનુષ્યદેહ ધારણ કરેલો છે. મારું મન રાજ્યના સુખથી ભાંગ્યું છે. એટલે હવે રામના હાથે મરણ માગું છું. આ ફેરફારથી ખલપાત્ર પ્રત્યેનો રોષ જતો રહે છે.

માણભટ્ટ ગાગરભટ્ટ પણ કહેવાય છે. માણ–ગાગર પહેલાં માટીનું વાદ્ય ગણાતું. માણભટ્ટ પોતાની દશે આંગળિયે વેઢ પહેરી તાલબદ્ધ રીતે બાંધવી કથા કરતા, પ્રેમાનંદ પહેલાં પણ માણભટ્ટો હતા છતાં પ્રેમાનંદનાં આખ્યાનો સૌથી વધુ લોકપ્રિય છે. એક કથા એક સ્થળ પર આશરે ત્રણેક માસ ચાલતી. કથા દરમ્યાન અને કથાને અંતે આ માણમાંજ લોકો સીધુંસામાન અને પૈસા નાંખતા. એનાથી માણભટ્ટની આજિવિકા ચાલતી.

આ ઉપરાંત અમરદાસજી ખારાવાળા (અમરેલી) પ્રો. માધવદાસ ખારાવાળા (અમરેલી) રામકૃષ્ણ કુંઢેલીવાળા (છોટે મોરારી બાપુ) રમેશભાઈ ઓઝા, જેવા કથાકારો, સ્વ. કવિશ્રી કરસનદાસ માણેક (મુંબઈ) દેવેન્દ્રવિજયજી (મુંબઈ) જેવા કીર્તનકારો, પૂ. શ્રી. વલકુબાપુ (મહંતશ્રી ચલાલા) પૂ. શ્રી. અમરાબાપુ (મહંતશ્રી પાળિયાદ) સાધુ માધવપ્રિયદાસજી (સ્વામિનારાયણમંદિર, રાજકોટ), જેવા સંતો, ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી. મોરારજી દેસાઈ જેવા પ્રવચનકારોનો રામાયણની મૌખિક પરંપરા જાળવવામાં બહુમૂલ્ય ફાળો છે.

જેઓ મોટા કથાકાર કે પ્રવચનકાર નથી પણ રામકથા તળપદી જનતાની વચ્ચે જનતાની રુચિ પ્રમાણે વાંચે છે એવા પછાત જ્ઞાતિના સાધુબાવા જાતિના, તળપદી પરંપરા જાળવનારા ભાવનગરમાં જોવા મળે છે, જેમાં ભાનુદાસ, રઘુરામ ગોંડલિયા, રઘુરામ દેશાણી, શિવારામ, મંછારામ, કાન્તિ લશ્કરી, જીવરામ મુખ્ય છે.[૧૧]

૧૧ આ યાદી માટે શ્રી. ખોડીદાસ પરમારનો આભારી છું.

સાહિત્યિક પરંપરા :

શ્રી રમણલાલ દેસાઈએ યોગ્ય જ કહ્યું છે કે "કેટલાક ઇતિહાસપ્રસંગો અમર આદર્શો અને અમૃતભરી કલ્પનાઓ બની જાય છે અને હજારો વર્ષ સુધી પ્રજાસંસ્કારોને ઘડે છે. કેટલીક કલ્પનાઓ અને કેટલાક આદર્શો મૂર્ત સ્વરૂપ ધારણ કરી પ્રજાની અમર ઇતિહાસમૂર્તિઓ બની જાય છે અને યુગે યુગે વિવિધતા ધારણ કરતા સંસ્કારભાવનાઓને પ્રેરણા પાયે જાય છે. રામ, સીતા અને રાવણ એ આમ આદર્શ અને ઇતિહાસ બન્નેએ મળી રચેલી આપણી કલ્પનામૂર્તિઓ. વાલ્મીકિ, ભવભૂતિ, તુલસીદાસ અને આપણા ગુજરાતી ગિરધરે સમસ્ત હિંદુઓના હૃદયમાં રમતી એ ઐતિહાસિક કલ્પનાત્રિમૂર્તિમાંથી પોતપોતાના યુગે ખીલવેલા સંસ્કારને અનુસરતા એના આકાર ઘડ્યા છે."[૧૨]

કથ્થપરંપરામાં જેટલું વ્યક્તિનું મહત્ત્વ છે તેટલું સાહિત્યપરંપરામાં વ્યક્તિને મુકાબલે કૃતિનું મહત્ત્વ અંકાય છે. તેથી અહીં રામાયણની સાહિત્યપરંપરાની વાત કરતાં કર્તા પરિચયને ગૌણ ગણ્યો છે.

રુચિરારામાયણ : જગજીવનદાસ મોદી : વડોદરાના આ સાક્ષરે રુચિરા ઢાળમાં લખેલ સંક્ષિપ્તરામાયણમાં વાલ્મીકિરામાયણ, તુલસીરામાયણ, ગિરધરરામાયણ, અધ્યાત્મ-રામાયણ, યોગવાસિષ્ઠ, પદ્મપુરાણ, અગ્નિપુરાણ, ભાગવત, રઘુવંશ, હનુમન્નાટક વ.નો આધાર લીધો છે. રાવણના ત્રાસનું વર્ણન કરતાં અનાજ પણ આપે તેટલું ખાવાનું, આખી રાત અંધારે બીકમાં બેસી રહેવું પડે તેવી પરિસ્થિતિ દર્શાવી છે. રામને પાર ઉતારતા ગૂહને મજૂરી પૂછતાં ધંધાભાઈ તરીકે કંઈ લેવાય નહિ કહેતો ગૂહ કહે છે :

"હજામ પાસે હજામ ના લે, પૈસા ધોબી ધોબી કને,
મેં નદીપાર ઉતાર્યા તમને, ઉતારજો ભવપાર મને."

કાગડાના સ્વરૂપમાં ઇન્દ્રપુત્ર જયંતની રામે આંખ ફોડી ત્યારથી બધા કાગડા કાણા છે એવી લોકમાન્યતા વણી લીધી છે. સ્વર્ગમાં જતાં રામ ક્રીડાથી ખદબદતા શ્વાનને દિવ્યદેહ આપી તેની આવી ગતિનું કારણ પૂછે છે. તેના જવાબરૂપે પોતે ધર્મગુરુ હતો અને લોકોનું ધન હરવા સિવાય કંઈ કર્યું નહિ એ કારણ કહેતાં જે ચિત્ર આપ્યું છે તેમાં સમકાલીન રંગો છે જેવા કે પગ ધોવાના; કંઠી બાંધવાના; પધરામણીના પૈસા લીધા, રાસલીલા અને નાટક-ચેટકમાં લોકોને રોકેલા રાખ્યા વગેરે.

પુનિત રામાયણ : શ્રી પુનિત મહારાજ : કર્તા અમદાવાદના એક ભજનિક હતા. એમનાં ભજનો અને પ્રવચનોથી ગામેગામ એમના અનુયાયી ભક્તોનો એક સમૂહ ઊભો થયો છે, જે પુનિત સેવાપીઠના આશ્રયે અનેક ધાર્મિક, સામાજિક પ્રવૃત્તિઓ કરે છે. સેવાપીઠનું મુખપત્ર 'જનકલ્યાણ' ધાર્મિક માસિક ગુજરાતમાં સૌથી વધુ ફેલાવો ધરાવે છે.

---

૧૨ કિશનસિંહ ચાવડારચિત નવલકથા 'ધરતીની પુત્રી'નો પ્રવેશક 'વિરાટ અશ્રુછોળ'. પ્ર. તારાચંદ રત્નાણી, અમદાવાદ, ૧૯૫૫, આ. ૨.

૧૯૫૦ થી ૧૯૫૯ના ગાળામાં આ રામાયણ રચવામાં આવ્યું છે. 'રામચરિતમાનસ'ના મુખ્ય આધાર સાથે આનંદ રામાયણ, દેવી ભાગવત, ભક્તમાળની પ્રિયદાસકૃત ટીકા, દંતકથા, ગિરધર રામાયણને આધારે રચાયેલ આ સચિત્ર ગ્રંથમાં ૧૫૦૦ જેટલાં ભજનો વણાયેલાં છે, જેમાંનાં બહુધા પુનિતનાં રચેલાં છે. ક્ષેપક ગણાતો લવકુશકાંડ છોડી દીધો છે.

ગદ્યપદ્યાત્મક આ કૃતિમાં આનંદરામાયણની કથામાં થોડો ફેરફાર કરી દશરથકૌશલ્યાના લગ્નની વાત કહી છે. દશરથ પાસેથી કર માંગતા રાવણને દશરથ કહે છે કે પોતાના બળ વડે મારા નગરનાં કમાડ ઉઘાડે તો કર આપું. રાવણ કમાડ ઉઘાડી શકતો નથી તેથી બળ વધારવા તપ કરે છે. બ્રહ્મા પ્રસન્ન થતાં દશરથના અંશથી પુત્રોત્પત્તિ ન થાય એવું વરદાન માંગે છે. બ્રહ્મા મૂંઝાઈને વરદાન આપે છે. કૌશલપુર પર ચઢાઈ કરી કૌશલ્યાની ચોરી કરાવી તેને સમુદ્રના એક મચ્છને સોંપી રાવણ ઘેર ગયો. બ્રહ્મા રાવણનું રૂપ લઈ મચ્છ પાસેથી કૌશલ્યાને પાછી માગી લઈ પેટીમાં પૂરી બ્રહ્મલોકમાં જતા રહે છે. પેટીમાં રુદન કરતી કૌશલ્યાનો અવાજ દશરથનો પ્રધાન સુમંત્ર સાંભળે છે, પેટી ખોલતાં બાળા નીકળતાં તે પોતાના પિતાને ત્યાં લઈ જવા કહે છે. કૌશલપુર પહોંચાડતાં તેનો પરિચય દશરથના પ્રધાન તરીકે મળતાં રાજાએ દશરથ સાથે કન્યા પરણાવી.

રામબાળલીલાના આ બે પ્રસંગો મૌલિક છે. ચારે ય ભાઈઓ રાજભવનના આંગણામાં મદારીનો ખેલ જુએ છે. ખેલમાં નાથિયા ને રતનડોશી (ગુજરાતમાં મદારીના માંકડાંનાં સર્વસામાન્ય નામ)ને નાચતા જોઈ રામ આવો વાંદરો લાવી આપવા હઠ કરે છે. અનેક વાંદરાં બતાવવા છતાં કોઈને પસંદ ન કરતાં વસિષ્ઠ પંપાપુરમાંથી હનુમાન નામે વાનર લાવવાનું સૂચન કરે છે. સુગ્રીવને સંદેશો પાઠવીને હનુમાનને લાવવામાં આવે છે. હનુમાન અને રામ આમ બાલમિત્રો બને છે

એક દિવસ પતંગ ઊડાડતાં રામનો પતંગ ઇન્દ્રલોકમાં પહોંચે છે. ઇન્દ્રની પુત્રવધૂ તે પકડે છે. રામની આજ્ઞાથી પતંગ કોણે પકડ્યો છે તેની તપાસ હનુમાન કરે છે. ઇન્દ્રની પુત્રવધૂને પતંગ પકડવાનું કારણ પૂછતાં તે કહે છે કે, જેનો પતંગ આટલો સુંદર છે તો તેનો ચગાવનારો કેવો હશે? મારે તેનાં દર્શન કરવાં છે. રામને હનુમાને વાત કરતાં રામ કહે છે કે ત્યાં નહિ પણ ચિત્રકૂટમાં મનમાન્યું દર્શન થશે. આ વાત હનુમાને જઈને કહેતાં તેણે પતંગ મૂકી દીધો.

શબરીની આ કથામાં દંતકથાનું મિશ્રણ છે. શબરી પૂર્વજન્મમાં બ્રાહ્મણપત્ની હતી. પતિસેવાનો ગર્વ આવી જતાં એક દિવસ સ્ત્રીધર્મમાં હોવા છતાં ભગવાનને ભોગ ધરાવ્યો. ઘર ભ્રષ્ટ થવાથી તેના પતિએ ભીલ માબાપને ત્યાં જન્મ થવાનો શ્રાપ આપ્યો. સંતસેવાથી મોક્ષ થશે એમ નિવારણ કહ્યું. શબરીએ સ્વેચ્છાએ દેહત્યાગ કરી શબરને ઘેર જન્મી. એના લગ્નના પ્રસંગે પિતાએ જમણવારમાં ઘેટાંબકરાંના માંસની યોજના કરી હતી. પૂર્વજન્મના બ્રાહ્મણના સંસ્કારને લીધે તેને નિર્દોષ પશુઓની હત્યા થાય એ કરતાં ઘર છોડવાનું યોગ્ય લાગતાં ભાગી જઈ પંપાસરોવરે આવે છે.

અશોકવાટિકામાં ઇન્દ્ર દ્વારા સીતાને ખીરના પ્રાશનના પ્રસંગને દેવી ભાગવત અને

આનંદરામાયણનો, શબરીએ પોતાનાં ચરણ ધોળતાં પંપાસરોવરનું જળ શુદ્ધ થયાની વાતને ભક્તમાળની પ્રિયદાસકૃત ટીકાનો આધાર છે. જીવતર એટલે જીવન. એનો અર્થ જીવ–તર. જીવન જીવ અને ભવસાગર તરી જા જેવી લૌકિક વ્યુત્પત્તિઓ આપી છે. "ભક્તો મોટા કે પછી મોટા ભગવાન છે?" જેવાં ભજનો છે. રામસીતાના લગ્નપ્રસંગે નાક ખેંચવું, વધાવવું જેવા રીતરિવાજોમાં, પહેરામણીમાં ગુજરાતીતા જોવા મળે છે.

અભિનવરામાયણ : સંતબાલ : ગાંધીજીના અનુયાયીના આ પુસ્તકમાં ઠેક-ઠેકાણે ગાંધીયુગની હવાનો સ્પર્શ છે.

રાજ્યતંત્રની સ્થિરતાના પાયા સમ ચાર બળો સામ, દામ, દંડ અને ભેદ નવા સ્વરૂપે આપણી સામે આવે છે. સામ એટલે આત્મીયતા સાથે પ્રજાનો સંપર્ક, દામ એટલે એકબાજુ રાજકર્મચારીઓને સુયોગ્ય વેતન આપવું અને બીજી બાજુ આમવર્ગને કઠે નહિ એવા પ્રકારના ઓછા કરવેરાથી શાસન ચલાવવું. દંડ એટલે પ્રજાને હાનિ કરનારા માર્ગમાં અજ્ઞાનતા કે ભૂલથી ચડી ગયેલા લોકોને પશ્ચાત્તાપ થાય એવી પરિસ્થિતિ ઊભી કરવી. આમ છતાં કેટલાક એવા માણસો રહે તો તેવા માણસોને સમાજથી અલગ પાડીને રાખવા અને સુધરવાની તક આપવી, એ ભેદ.

વસિષ્ઠ રામને પ્રજાહૃદયમાં સૌથી વધુ સ્થાન મેળવવા બદલ રાજગાદી સોંપવાનો દશરથનો વિચાર જણાવે છે ત્યારે એવા માણસોને તો સત્તાનાં આસનોથી અલગ રાખવા જ સારા એમ રામ કહે છે (સ્વરાજ્ય પછી ગાંધીજીએ સત્તા સ્વીકારી ન હતી તેનું સ્મરણ થાય છે) વનવાસ સેવતા રામને મળી રાજગાદી પાછી સ્વીકારવા વસિષ્ઠ કહે છે ત્યારે કૈકેયી વધુ રાજી થાય છે. કોણ કહે છે માનવી સદાકાળ પાપી છે? પાપ પર નફરત કરો, પાપી પર નહિ. રામ વતી ભરત રાજ્ય ચલાવે એમાં ટ્રસ્ટીશીપની ભાવના છે. ગામડાના ગરીબ આદિવાસીઓમાં વસિષ્ઠને શહેરના માણસ કરતાં વધુ પ્રેમળતા દેખાય છે કે જેમની કાળી મજૂરીથી આપણે નભીએ છીએ. પડેલા વાલીનું મસ્તક રામ ખોળામાં લઈ લે છે, વ્યક્તિ સામે નહિ પણ ખોટી નીતિરીતે સામે વિરોધ છે. કુશ કાયરની અહિંસા કરતાં યુદ્ધમાં મરવું બહેતર ગણે છે

રામાયણદર્શન : ઈશ્વર પેટલીકર : નવલકથાકાર, નવલિકાકાર, સમાજસેવક, ચિંતક એવા લેખકે આ પુસ્તકમાં રામ–રાવણસંઘર્ષમાં આર્ય–અનાર્ય સંસ્કૃતિના સંઘર્ષને દર્શાવીને રામને એ બન્ને સંસ્કૃતિનો સમન્વય કરનાર તરીકે દર્શાવ્યા છે. લેખક લક્ષ્મણ–ભરતની સમર્પણભાવના દર્શાવતાં ગાંધીજીના સેક્રેટરી મહાદેવભાઈનું ઉદાહરણ આપે છે, અને સમર્પણમાં વ્યક્તિત્વનો હ્રાસ નથી પણ ખીલવણી છે એમ પ્રતિપાદિત કરે છે. રાવણનું દ્રવિડસંસ્કૃતિ માટેનું અભિમાન, આર્ય સંસ્કૃતિનો પગપેસારો સહી ન લેનારું એનું વલણ આજના યુગમાં કોંગ્રેસ અને મુસ્લિમ લીગના આઝાદી પૂર્વેના સંગ્રામ સાથે સરખાવે છે. રામ દક્ષિણમાં ગયા તે સમયની સ્થિતિને ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારતમાં આવ્યા તે સાથે સરખાવે છે. કોંગ્રેસનું કાર્ય એમણે જનતા સુધી પહોંચાડયું અને યુગપુરુષ તરીકે ઓળખાયા. દક્ષિણમાં અગસ્ત્ય વગેરે ઋષિઓ ગયેલા પણ યુગકાર્ય જનતા સુધી પહોચી શક્યું નહતું. રામે વનવાસી બની, રાજવીનો

વેષ છોડી, લોકહૈયાં જીતી લીધાં અને યુગકાર્ય જનતા સુધી પહોંચાડયું. સીતાત્યાગવખતે રાજધર્મ અને પ્રેમધર્મની ચર્ચા કરતાં એડવર્ડ આઠમાએ પ્રેમધર્મને સ્થાન આપ્યું તેની સાથે સરખાવી રામ એકપત્નીવ્રત ચાલુ રાખે છે એમાં સીતા પ્રત્યેનો પ્રેમ જ છે એમ પ્રતિપાદિત કરે છે.

રામાયણની અંતરયાત્રા : નગીનદાસ સંઘવી : ૧૯૮૫માં 'રામાયણની રામાયણ' મુંબઈના 'સમકાલીન' વડોદરાના 'લોકસત્તા' અમદાવાદના 'જનસત્તા' છાપાંઓની રવીવારીય સાપ્તાહિક પૂર્તિમાં પ્રસિદ્ધ થતાં દોઢ માસના ગાળામાં ઉગ્ર ઊહાપોહ થયેલો. લેખકનો ઉદ્દેશ મૂળકથાની સાચી અને સાધાર રજૂઆતનો છે. વાલ્મીકિ રામાયણની સીધારેખાની બહાર નહિ જવાનું લેખકે નક્કી કર્યું છે. રામાયણનો સંશોધિત પાઠ હજી જોઈએ એ તેટલો સ્વીકારયો નથી. દૂષિત પાઠને આધારે જ કથાકારો, પ્રકાશકો, સાહિત્યકારો, ધર્મપ્રચારકો ચાલે છે એમ લેખક કહે છે. એમણે પ્રગટ કરેલાં ઊહાપોહાત્મક મંતવ્યો આ પ્રમાણે છે.

રાવણ બળાત્કાર કરી ન શકયો એ માટે જાતજાતની શાપકથાઓ ઉપજાવી કાઢવામાં આવી તેમાં કંઈ ઢંગધડો નથી. શાપ સાચોસાચ લાગે તો એક જ વખત પહેલા શાપથી જ રાવણ મરી ગયો હોય. રાવણ જેવા મહારાક્ષસનો પત્તો લગાવવાનો માર્ગ કબંધ જેવા મહાભયંકર (હોરર ફિલ્મ બનાવી શકાય એવો) રાક્ષસ બતાવે છે એ મોટો કવિવ્યંગ્ય છે. અહલ્યા, શ્રવણ, શબરીની કથાઓને મુખ્ય કથાપ્રવાહ સાથે કશો સંબંધ નથી. શ્રવણપ્રસંગનો દશરથના પુત્ર-વિયોગના પ્રસંગ સાથે દૂરનો સંબંધ જોડી શકાય પણ અહલ્યા–શબરીને તો રામના જીવન કે પરાક્રમ સાથે કશો જ સંબંધ નથી. રામ અને ઋષિઓના ખોરાક તરીકે માંસનો, દારૂનો વપરાશ થયાના ઉલ્લેખોને મારીમચડીને વનસ્પતિ કે ફળ તરીકે ઘટાવવા સંસ્કૃત ટીકાકારોએ જે પ્રયત્ન કર્યા છે તે સંસ્કૃત ભાષા પરનો ઘાતકી બળાત્કાર છે. હિંદુઓની વર્ણવ્યવસ્થા અને આશ્રમો અંગે જુદી જુદી સ્મૃતિઓમાં જે લખાયું છે તેવો સમાજ ભારતમાં કોઈ કાળે સ્થપાયો જ નથી. સ્મૃતિગ્રંથો વાસ્તવિકતાનું નહિ પણ આદર્શ કે ઈચ્છનીય સમાજનું ચિત્ર રજૂ કરે છે. વાલીવધ–સીતાદહન–સીતાત્યાગ–શંબૂકવધ એ રામની પ્રતિભાને ઝાંખી પાડનાર અપપ્રસંગો છે. કૈકેયી મંથરાના રૂપ અને શારીરિક અંગઉપાંગોનું વર્ણન કરે છે તેમાં કૈકેયીની નજર સ્વજાતિસંભોગીની છે (પૃ. ૧૮૪). વાલ્મીકિનો હનુમાન બ્રહ્મચારી નથી. રામ આવ્યાની વધામણી ખાતા તેને ભરત સોળ કન્યાઓ ભેટ આપે છે (યુ. કાં. સર્ગ ૧૨૫ શ્લોક ૪૪). હનુમાન માટે બ્રહ્મચારી, અવિવાહિત જેવો શબ્દ પ્રયોજાયો નથી. ભરત સામે હોવા છતાં તાપસજીવન જીવે છે તેથી માંડવીની દશા ઊર્મિલા કરતાં વધુ બદતર છે. રામાયણ એ રાજકથા છે અને યુદ્ધ એ આખા કથાનો પ્રધાન સૂર છે (પૃ. ૨૩૪). રામ અને પ્રજાજનોનો સરયૂમાં વિલીન થવાનો પ્રસંગ એ સામૂહિક આપઘાત છે. હનુમાન અને વાનરસેનાએ લંકામાં વિના કારણ લગાડેલ બે વખતની આગમાં નિર્દોષ પ્રજાજનોની તારાજીને આજે કોઈ સારો માણસ વખાણે નહિ. વાલ્મીકિ રાજાશાહી સિવાય અન્ય કોઈ રાજતંત્ર અંગે અજાણ છે. વાલ્મીકીએ આદર્શ રાજ્યતંત્ર, વહીવટી કે રાજકીય કાર્યપદ્ધતિ અંગે અક્ષરે કહ્યો નથી પણ આદર્શ રાજ્યવ્યવસ્થાનાં પરિણામોનું વર્ણન કર્યું છે તે અતિશયોક્તિભર્યું છે. દશરથે રૂઠેલી રાણીને રીઝવવા નિર્દોષનો વધ કરવા અને કોઈપણ શ્રીમંતને લૂંટી લેવાની તૈયારી બતાવી એ અંધેરીનગરીનો વહીવટ ગણાય. સીતાના ત્યાગ પછી સુવાવડ અંગે, કુશળતા કે જીવાઈ અંગે, તેનાં બાળકોના ઉછેર–અભ્યાસ અંગે, રોગદોગની

બાબતમાં આ બાઈના ધણીએ, દેરદેરાણીઓએ કે સાસુઓએ કશો જ રસ દાખવ્યો નથી એ તો ઘાતકીપણાની હદ આવી રહી કહેવાય. ગમે તેવી અફવાઓ ફેલાવીને એક નિર્દોષ બાઈ અને તેનાં ગભરૂ બચ્ચાંઓને જંગલમાં હડસેલી દઈ શકાતાં હોય એ સમાજ કે રાજ્યને આદર્શ રાજ્ય કેવી રીતે કહી શકાય ? (પૃ. ૩૪૩). આવા અનેક પ્રશ્નોની ચર્ચા આ પુસ્તકમાં છે. લેખકે વાલ્મીકિ રામાયણનાં અવતરણો સહિત વાત કરી હોવાથી ગ્રંથચર્ચામાં શાસ્ત્રીયતા દેખાવા છતાં અભિગમોની એકવાક્યતા નથી. એમનાં વિધાનો ચિંત્ય બની રહે છે.

કેટલાક મંતવ્યો પ્રશંસાત્મક છે. સુગ્રીવ અને તેના સાથીદારોનું આલેખન કરી વાલ્મીકિએ ઉત્તમ બાળકવિ તરીકેની સિદ્ધિ દર્શાવી છે (પૃ. ૨૪૫). માનવ–અતિમાનવ–વાંદરાં તરીકેના વ્યક્તિત્વની સેળભેળ બાળમાનસ માટે આકર્ષક છે. રામનું છેલ્લું ચિત્ર, સીતાને વિલુપ્ત થતી જોનારનું, કોઈપણ ઉત્કૃષ્ટ કવિ માટે કસોટીરૂપ છે.

લંકાનો સ્થળવિચાર : ભાઈલાલભાઈ ડી. પટેલ : સરદાર પટેલ યુનિ.ની ટાઉનશીપ વલ્લભવિદ્યાનગરના વિશ્વકર્મા શ્રી. પટેલ ઇન્જિનિયર હતા, એમણે લંકાના Location અંગે T. paramasiva Iyerના મતનું સમર્થન કરતાં અત્યારનું સિલોન એ લંકા નથી પણ લંકા મધ્યપ્રદેશમાં છે એમ પ્રતિપાદિત કર્યું છે, જબલપુરથી દમોહ તરફ જતી સડક પર કટંગી શહેર છે. ત્યાંથી પૂર્વ તરફ કૈમૂરતક તે જ રામાયણનો મહેન્દ્રપર્વત, અને વિંધ્યાચળનો દક્ષિણ છેડો જ્યાં એ પહાડનો એકદમ અંત આવે છે અને નીચે સપાટ જમીન છે ત્યાંથી દક્ષિણ દિશાએ ઇન્દ્રાણા નામનો પહાડ છે તે જ ત્રિકૂટ પર્વત. એના ઉપર લંકાનગરી હતી.

પુરાતત્ત્વ અને રામાયણ : ડૉ. હસમુખ સાંકળિયા : ડેક્કન કૉલેજ, પૂનાના વિખ્યાત પુરાતત્ત્વવિદનો રામાયણને પુરાતત્ત્વની દૃષ્ટિએ જોવાનો આ પ્રયત્ન છે. રામાયણમાં આવતાં ગોદાવરી, જનસ્થાન, કિષ્કિંધા, લંકા જેવાં સ્થળોની, રામનામાંકિત વીંટીની, સેતુની, લડાઈની વ્યૂહરચનાની, અસ્ત્રશસ્ત્રોની, વસ્ત્રોઆભૂષણોની, ખાવાપીવાના પદાર્થોની, પ્રેતકર્મ અને મરણોત્તર ક્રિયાની તેમજ નગરો, ગોપુરો, થાંભલા આદિની કંઈક વિગતે ચર્ચા કરી છે. ઉપયોગી ચિત્રો, નકશાઓ આપ્યાં છે. લેખકે રામાયણને જ પુરાતત્ત્વની દૃષ્ટિએ જોવા ધાર્યું છે, રામના જીવનને નહિ. એટલે રામે ચઢાઈ કરી તે લંકા અને વાલ્મીકિની લંકા જુદી જુદી હોવાનો સંભવ દર્શાવ્યો છે. તાંબાની કુહાડી ઉપલબ્ધ થઈ તેના આધારે હથિયારો બનાવવા માટે ભારત પાશ્ચાત્ય દેશો કરતાં પછાત હતું અને જે વર્ણનો પુરાણોમાં આવે છે તેનો ઉપલબ્ધ થતી વસ્તુઓ સાથે કંઈ મેળ બેસતો નથી એમ લેખક કહે છે (પૃ. ૬). નગરોનો વિસ્તાર તેમજ એનાં વર્ણનોમાં લેખકે કલ્પનાનો અંશ જોયો છે. રામવનવાસની વાત સાંભળતાં કૌશલ્યા બેભાન થઈ જમીન પર પડ્યાં અને ધૂળથી છવાઈ ગયાં **पांशुगुण्ठितसर्वाङ्गीं विममर्श च पाणिना** (૨.૧૧.૧૮) એ દૃષ્ટાંત ઉપરથી લેખક માને છે કે કૌશલ્યા રહેતાં હતાં તે માટીનાં મકાનો હતાં અને ફરસબંધી લીંપીને બનાવી હતી (પૃ. ૩૨). લંકાનું અરણ્ય, કિષ્કિંધા, સુંદર અને યુદ્ધકાંડમાં વર્ણન છે. તે લંકા સમુદ્રમાં એક દ્વીપમાં ટેકરી પર નિર્માણ થઈ હતી. સમુદ્રમાં હોવા છતાં એની ચારે તરફ કોટ અને ખાઈ હતાં. કોટ ટેકરી પર બાંધી શકાય, ખાઈ કરવી સહેલી નથી. લંકાની અભેદ્યતા બતાવવામાં કવિએ વાસ્તવિકતાનો ખ્યાલ રાખ્યો નથી એમ લેખક કહે છે (પૃ. ૩૬).

આદિરામાયણ કે રામકથાની લંકા મધ્યપ્રદેશના પૂર્વભાગમાં હોવી જોઈએ (પૃ. ૪૯). વિન્ધ્ય-પર્વતની પાસે જ લંકા હતી કે જ્યાં નાનામોટાં સરોવરો હતાં, હજુ પણ જબલપુરની પાસે કેટલાંય તળાવો આપણે જોઈ શકીએ છીએ. આવા એક તળાવમાં ટેકરી પર લંકા હતી જ્યાં રાવણ રહેતો હતો (પૃ. ૪૪). રાક્ષસો હનુમાનની પૂંછડીને શણના દોરા કે વસ્ત્રપટ (શણવસ્ત્ર) અને દ્રુમવલ્કલથી બાંધે છે **शणवल्कैश्च द्रुमचरैश्च संहतैः** (સુ. કાં. ૫.૪૬.૪૪.). શણ સિલોનમાં ઊગતું નથી પરંતુ છોટાનાગપુરના પ્રદેશમાં જ ઊગતું હોવાથી એમ કહી શકાય કે અસલ લંકા આ પ્રદેશમાં જ હતી. શસ્ત્રોના અભ્યાસ પરથી રામાયણની કથાનું મૂળ અને સંપાદિત આવૃત્તિ લોહયુગનાં છે (ઈ. સ. પૂર્વે ૧૫૦૦–૧૦૦૦). આવાં વિધાનો આ પુસ્તકમાં જોવા મળે છે.

વાલ્મીકિ રામાયણ : (સમશ્લોકી સંક્ષિપ્ત અનુવાદ) હંસા મહેતા : વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીનાં વાઈસ–ચાન્સેલરપદે હતાં ત્યારે સમીક્ષિત આવૃત્તિમાં ક્રોલેશનનો પહેલો શ્લોક લખીને ઉદ્‌ઘાટન કરનાર અનુવાદિકાએ સમીક્ષિત આવૃત્તિ બહાર પડે તે પહેલાં ગુજરાતી અનુવાદમાં રામની સળંગકથા કહેવાનો આગ્રહ રાખી પ્રક્ષેપોને બાદ કર્યા છે. એ ઉપરાંત પુનરાવર્તનો, સુરુચિ ભંગ કરે તેવાં વર્ણનો, અસંબદ્ધ, અસંગત, અસંભવિત, અનુષ્ટુપછંદ સિવાયનું, અતિશયોક્તિપૂર્ણ જે કંઈ છે તે છોડી દીધું છે. એ રીતે ઘણા સર્ગો અને શ્લોકો બાદ કર્યા છે પરંતુ નવું કશું ઉમેર્યું નથી. ગુજરાતી ભાષા સંસ્કૃતોત્થ છે અને સંસ્કૃત શબ્દભંડોળને વિપુલ પ્રમાણમાં સ્વીકારતી હોઈને આ અનુવાદમાં પૌરાણિક કવિતાનો રંગ ગુજરાતીમાં ઉતારવામાં અનુવાદિકાને સફળતા મળી છે. એક શ્લોક જોઈએ :

सुलभाः पुरुषा राजन् सततं प्रियवादिनः ।
अप्रियस्य च पथ्यस्य वक्ता श्रोता च दुर्लभाः ॥

अरण्य. स. ३७, श्लोक २.

સુલભ્ય પુરુષો રાજન્ ! પ્રિયવાદી સદૈવ જે,
અપ્રિય પથ્યના કિંતુ વક્તા શ્રોતા ય દુર્લભ.

રામાયણ (સમશ્લોકી અનુવાદ) સુરેશા મજમુદાર : આ અનુવાદને ગુજરાતી સાહિત્ય પરિષદનું પારિતોષિક મળ્યું છે. કવયિત્રી અનુવાદિકાએ કશું છોડયું કે ઉમેર્યું નથી. સંસ્કૃત જેવી સમાસપ્રચુર અને અર્થઘન ભાષાની એક કે બે કાવ્યપંક્તિનો અનુવાદ, અર્થ વિસ્તારીને કહેવાની જરૂર જણાઈ છે ત્યાં બે ને બદલે ત્રણ પંક્તિમાં કરીને અનુવાદિકાએ સરલ રીતે અર્થ સાચવી લીધો છે. એક શ્લોક જોઈએ :

एषा धर्मपरिक्लिष्टा नववारिपरिप्लुता ।
सीतेव शोकसंतप्ता मही बाष्पं विमुञ्चति ॥

किष्किन्धा. स. २८, श्लोक ७.

જે રીતે શોકસંતપ્ત જાનકી અશ્રુ ઢાળતાં,
તેવી રીત થકી ભૂમિ કાઢે બાફ બહાર ત્યાં,
તપીને સૂર્યના તેજે નવાં કૈં જળયોગથી.

ગુજરાતી સંગીત રામાયણ : છગનલાલ વસાવડા : રામચરિતમાનસનો આ સંગીતમય અનુવાદ છે. ગુજરાતી આખ્યાનોમાં પ્રયોજિત પ્રચલિત ઢાળો, સંસ્કૃત છંદો, રામાયણની ચોપાઈના રાગ, મધ્યકાલીન-અર્વાચીન ભજનોના રાગ, લોકગીતોના ઢાળ અને કોઈકવાર શાસ્ત્રીય રાગનો પ્રયોગ કર્યો છે. સીતાનો હનુમાન દ્વારા રામને સંદેશ 'ઓધવજી સંદેશો કહેજો સ્યામને' એ અતિ લોકપ્રિય રાગમાં છે.

કહેહુ તાત બસ મોર પ્રનામા, સબપ્રકાર પ્રભુ પૂરનકામા

દીનદયાલ બિરિદુ સંભારી, હરહુ નાથ મમ સંકટ ભારી.

(સુ. કાં. દોહા ૨૬, ચો. ૨).

હે હનુમંત કહેજો પ્યારા રામને,
તમ વિરહે આ દાસી અતિ અકળાય જો,
'દીનદયાળુ' બીરદ તમારું કયાં ગયું ?
આવી તરત કરજો પ્રભુ મ્હારી સ્હાય જો.

(ક્રમશઃ)

દાંડીકૂચવિષયક ગુજરાતી કાવ્યો*

ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ)*

મીઠાના અન્યાયી ને જુલ્મી કરનો સામનો કરવા ગાંધીજીએ ૧૨ માર્ચ ૧૯૩૦ના રોજ દાંડીકૂચની સર્વપ્રથમ મહાન આઝાદીલડત આરંભી અને પડકાર કર્યો: "મીઠાનો કર હરગીઝ નહિ મળે. મીઠું પાણીનું બને અને પાણીના તો પૈસા પડતા હશે? જોઉં છું તમે કેવા લો છો? ચેતવું હોય તો ચેતી જજો અને માનવું હોય તો માની જાઓ. અમે બધા પાણીમાંથી મીઠું પકાવીશું. પાણીના ને મીઠાના પૈસા નહિ મળે. કરવું હોય તે કરી લેજો." આમ કહી પોતાના ચુનંદા ૮૦ સત્યાગ્રહીઓ સાથે દાંડીકૂચના 'મહા ધર્મયુદ્ધ'ને 'મહાવ્યાપક યજ્ઞ'નું મંડાણ કર્યું જેનું ખરું અંતિમ ધામ સ્વતંત્રતાદેવી હતું.

મીઠાનો કાયદો તોડવા મંડાયેલા એ આઝાદીસંગ્રામની અસર સંવેદનપટુ સર્જકો પર સુપેરે થઈ અને પરિણામે તદ્વિષયક ચિત્રો, છબીઓ, શિલ્પો ને સાહિત્ય સરજાવા પામ્યાં. એ પૈકી સાહિત્યમાં કાવ્યગીતો વધારે પ્રમાણમાં મળ્યાં. એને સંગ્રામગીતો–કૂચગીતો, લોકગીતો, પ્રગટ કાવ્યગીતો તથા અપ્રગટ કાવ્યગીતોના ચાર વિભાગમાં વહેંચી શકાય ને કુલ આઠસો જેટલી રચનાઓ મળે છે.

લડતને વેગ આપવા અને લોકોમાં ચેતન તથા જુસ્સો પ્રગટાવવા ને ટકાવવા જ્ઞાત–અજ્ઞાત કવિઓનાં લડતગીતો ત્યારે પ્રભાતફેરીમાં ગવાતાં. એમાં શૌર્યનું ઉદ્બોધન, ઊછળતો ઉત્સાહ, આવેશ, સરળ સુબોધ ભાષા, સરસ ગેયતા અને વિવિધ રાગનાં લક્ષણો સમેત ગાંધીમહિમા, સ્વરાજ્યભાવના, સંપમહિમા, આઝાદીપ્રેમ, સ્વાર્પણની લગની, પરાધીનતાની પીડા, સરકાર તરફની નફરત, વિજયની આસ્થા, જન્મભૂમિવાત્સલ્ય, રાષ્ટ્રધ્વજનું ગૌરવ, કુરબાનીની ખુમારી, વિદેશી માલનો બહિષ્કાર અને અનિષ્ટોનો ત્યાગ જેવા વિષયોનું ગાન થયું છે, પણ કાચી અધીરાઈ, અસંયમી ઉકળાટ વિચારની વિવિધતા ને કલાત્મક વાણીસંયમનો અભાવ એમાં કયાંક નજરે પડે છે.

એવાં કેટલાંક નોંધપાત્ર લડત–ગીતોની પહેલી પંક્તિ નોંધીએ તો ડંકો વાગ્યો લડવૈયા થરા જાગજો રે, અમે ડરતા નથી સરકારથી રે, વાગે છે રે વાગે છે મારા બાપુની વીરહાક

'સ્વાધ્યાય', પુ. ૨૫, અંક ૧–૨, દીપોત્સદી અંક અને વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૮૭–જાન્યુઆરી ૧૯૮૮, પૃ. ૯૫–૧૧૬.

★ ૧૯૬૯માં નવી દિલ્હીના યુ.જી.સી.નો સંશોધન એવોર્ડ મળ્યે સોંપેલ સ્વાધ્યાય-સંશોધનનો સંક્ષેપ તથા અમદાવાદ–વડોદરાના આકાશવાણી પરથી આપેલ વાર્તાલાપ-સુધારાવધારા સાથે.

* સી./૮૭૫, કેસુરમામા ચકલા, સાંકડી શેરી પાસે, ભરૂચ-૩૯૨ ૦૦૧.

વાગે છે, નહિ નમશે નહિ નમશે નિશાનભૂમિ ભારતનું, "નહિ હઠશે નહિ હઠશે બહાદુરો પાછા નહિ હઠશે, ગડગડે છે મોતડંકા હિંદની સરકારના, વાગ્યા રણશીંગા સૈનિકો શૂરા જાગજો રે, સતનો માંડ્યો છે સંગ્રામ, કદી નથી હારવું હવે નથી હારવું ભલે જનમલ જાય, યારો ફનાના પંથ પર આગેકદમ, માંડ્યો સંગ્રામ સાત મુક્તિનો, પરદેશી તું પાછો જા, અમે સત્યાગ્રહી વીરા ખુશીથી જેલમાં જાશું, યુદ્ધમાં યુદ્ધમાં યુદ્ધમાં રે નહિ સરકાર ફાવે યુદ્ધમાં, સત્યના સંગ્રામ મહીં ઝૂકજો ઓ હિંદીઓ, તમે સૌ હિંદના જાયા વિદેશી વસ્તુઓ ત્યાગો, જ્યાં લગી હિંદ સ્વરાજ લીધે નહિ ત્યાં લગી વાતડી સર્વ જૂઠી–આદિ વાતાવરણપોષક પરોક્ષ છે તો ઢોલ વાગે ધરાસણા ઉપરે રે શૂરા હોમી દેજો તમ જાન, દાંડીકિનારે આવી સખા મનમોહન મીઠું પકાવે છે, દાંડીતણા કિનારે મોહન મીઠું પકાવે, સાબરમતીથી સૈન્ય નિસર્યું જેના ગાંધી સરદાર, બન્યા ગાંધી ગુરુજીના અમે સત્યાગ્રહી ચેલા, તોડશું તોડશું તોડશું રે અમે મીઠાનો કાયદો તોડશું, મીઠાનો કાયદો તોડવા અમે જાશું દાંડીગામ, આવી આવી સ્વરાજ્યની સવારી રે, મીઠાના ચોર માંડે મોરચા, સતની સમશેરે મારો ગાંધીબાપુ ઝૂઝતા જી, કાનૂન મીઠાના તોડીને જેલો ભરી દઈશું અમે, આજે ઉત્સવ રાષ્ટ્રદેવનો, આજની ઘડી રળિયામણી હોજી લૂણ લૂંટી લાવ્યાની વધામણી જેવાં પ્રત્યક્ષ દાંડીકૂચ–લડતગીતો મુખ્ય છે. એ લડતની વિશિષ્ટતા દર્શાવતી પંક્તિઓ :

અમારી આ લડતમાંહે નીડરતા મુખ્ય વસ્તુ છે,
અમારી આ લડતમાંહે અહિંસા મુખ્ય વસ્તુ છે.
અમલદારો બની જુલ્મી ભલેને જુલ્મ આચરતા,
અમલદારો પ્રજાદ્રોહી ભલેને થાય તે કરતા.

મુકુંદ પારાશર્ય લડતની અનન્યતા આલેખે છે :

અમે જંજીર જાતે નાખશું તોડી વછોડી,
ઝીલીશું સામી છાતીએ અમે બંદૂકગોળી,
મરીશું તો પરાધીનતા–દુઃખોથી તો છૂટીશું,
પરંતુ આ સ્થિતિથી ના પરાજય કોઈ સ્હેશું:
અમારા ખડગમાં ચમકાર તીખો સત્ય કેરો,
અમારે મૃત્યુમાં વિશ્વાસ છે સ્વાતંત્ર્ય કેરો,
જ્યારે ધ્વજ ચડાવીશું અમે જગશાંતિ કેરો.

કલ્યાણજી મહેતા એ લડતમાંનો સત્યનો મહિમા સમજાવે છે :

છે યુદ્ધ આદરેલું તે સત્યને સહારે
તે સત્યતુંબી પાત્રે તરવો સમુદ્ર ભારે
છે દિવ્ય મંત્ર સમતા ને પ્રેમ ને અહિંસા
જો આચર્યા જીવનમાં તો છે વિજય સમરમાં.

× × ×

અમે તો હિંદના બંદા, ઉઠાવ્યા સત્યના ઝંડા
જુલ્મ અન્યાયની સામા, અમારાં શિર છે ઊંચાં
સીતમ છો આભથી વરસે, ભલે ખંજર હૃદય ચીરે
ખ્વાબી ખલ્કની પરવા તજી પ્યારા વતન માટે.

× × ×

મરીશું સત્યથી લડતાં, ઉઘાડાં દ્વાર જન્નતનાં
જીવીશું જીતશું અંતે, જૂઠાનું સ્થાન દોજખમાં
ધડૂકતી તોપ બંદૂકો જશે થંભી અનાયાસે
અને જંજીર તો તૂટશે અમારાં સત્ય–તપ–તેજે.

× × ×

સૂતેલા જાગજો સિંહો, મરેલા ઊઠજો મર્દો
પકડજો સત્યનાં શસ્ત્રો, તમારા દેશને માટે
ઝૂઝો જંગે કમર બાંધી, પ્રભુ છે સત્યનો સાથી
હવે છે ઊજળું ભાવિ, તમારા દેશને માટે.

× × ×

ગરો સેનાપતિ ગાંધી, અમારો સત્યનો કિલ્લો;
અટલ શ્રધ્ધા અમારી છે, તૂટે ના તોપથી તૂટ્યો.
જગતનાં આસુરી શસ્ત્રો, થશે જૂઠાં પડી હેઠાં;
છૂટ્યાં જ્યાં સત્યનાં બાણો, અમારાં રામનાં છોડ્યાં.
ધરા આખી ધ્રુજી જાશે, સૂણી સત્યાગ્રહી ટંકાર;
ઊતરશે દેવ સ્વર્ગેથી, લઈને હાથમાં જયમાળ.

'વસંતવિહારી'ની 'સમશેર સારી ખલ્કની અમને નહિ તાજે કરે'.

ગીત પંક્તિમાં સત્યાગ્રહીની વીરતા ને ખુમારી છે, વળી–

સરકાર સામે માંગ્યા મીઠાના અમે મોરચા,
પ્રાણ જતાં પાછા નહીં હઠનાર રે.

× × ×

જાગ્યા છે જોદ્ધા જુવાનો, ઓ સરકાર, ઓ સરકાર,
લાવ્યા છે સળરસ જુવાનો, ઓ સરકાર, ઓ સરકાર,
ચલાવ તારી ડાયરશાહી, ઓ સરકાર, ઓ સરકાર,
ચલાવ તારી ગુંડાશાહી, ઓ સરકાર, ઓ સરકાર.

× × ×

ડંકો વાગ્યો ને દિલ્હી ધમધમી રે લોલ
અંગ્રેજોના અંગે લાગી હાય હાય
માનવટોળાં મળીને એકઠાં રે લોલ
ધરાસણાના અગર ઉપર ધાય ધાય.

× × ×

ચાલજો ધરાસણા ધાડ પાડવા
લૂણના ઢગલા લૂંટીને લાવવા.

× × ×

કાનૂન તારા તોડીને જેલો ભરી દઈશું અમે
મીઠાની ડીપો ઉપરે હલ્લો લઈ જઈશું અમે.

× × ×

મોહનીઆ તું નર છે બંકો રે
વાગ્યો તારા નામનો ડંકો રે
દાંડીના દરિયાકિનારે કર્યો કાયદાનો ભંગ
હાક વાગી હિંદ માંહી સુણીને
ઠેર ઠેર જામ્યા જંગ.

× × ×

લઈશું સ્વરાજ નિરધાર હાં રે,
સાગરને કાંઠડે મીઠું પકાવતી
હિંદી વીરાંગનાઓ આજ
અહિંસાના યુદ્ધથી ધરતી ધ્રુજાવતી.

જેવાં લડતગીતો અને "અગાડી ચલે રામરાજ, પીછાડી સંતનકી ફૌજ", 'ગોરમાનો વર કેસરિયો સ્વરાજ લેવા જાય રે ગોરમા', એકડે એક ગાંધીની રાખો ટેક, મારા બંધુ સ્વરાજ લેવું સહેલ છે', 'જુલ્મી સરકારના કાયદા તોડતો તોડતો જાય રે ગોરમા', 'હું ધરાસણામાં ગઈતી બહેન, અચકો મચકો કારેલી' જેવી પંક્તિવાળાં લોકગીતોમાં દાંડીકૂચ-લડતનું આલેખન છે. આવી ૫૦૦ જેટલી રચનાઓ મળે છે.

પ્રગટ પરોક્ષ કાવ્યોમાં ઝવેરચંદ મેઘાણી ગાંધીજીને 'પહાડ શિખરથી ધૂધવતા જતા જળધોધ સમા સદા નિજપંથે ધસતા સત્યતણા શોધક' કહે છે, ગાંધીજી ને ખબરદાર 'રણમાંનું અમીઝરણું', શ્રીધરાણી 'કુદરતની કરુણા'ને 'માતાની દાહભરી આંખોનું ટપકેલું આંસું', પૂજાલાલ 'ધ્રુવપગલે પૂરપાટ ધપનાર', રાયચુરા 'નિર્ભયતાને સત્યની દીક્ષા આપનાર', પારાશર્ય 'એકાકીલા રણરણ સ્વસ્થડગે ધસનાર', દેશળજી પરમાર 'બુદ્ધ શા સત્ત્વ', 'સ્નેહરશ્મિ' 'સત્યાગ્રહયજ્ઞમાં સ્વાર્પણ માટે હાકલ કરનાર' અને ઉમાશંકર જોશી-

અંગો બધાં સંયમથી રસેલાં
કંગાલની હાયથકી ભીંજેલાં
લંગોટીમાં કાય લર્ઇ લપેટી
ચાલે પ્રભુપ્રેરિત પ્રેમમૂર્તિ
પગમાં પુણ્યનું જોર, ઉરે માનવતા વસી
ધૈર્યદંડે તનુધારી જો કેવો જાય છે ધસી.

જેવી પંક્તિઓમાં ગાંધીજીનું સરસ ચિત્રાંકન આપે છે. 'પતીલ'એ લડતના જમાનાને કમાલનો ગણાવી "દે ફેંકા સનદો ને લુટાવી ખિતાબ દે"ની હાકલ કરે છે.

પ્રત્યક્ષ કાવ્યોમાં મેઘાણી 'કોઈનો લાડકવાયો'ની 'રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે' પંક્તિઓમાં દાંડીકૂચના ઘાયલ સત્યાગ્રહીનું સુરેખ ને કરુણ ચિત્ર આપે છે. ગજાનન પાઠક રણસંગ્રામનું ચિત્ર આપે છે. 'મધુપ' સત્યાગ્રહીઓને ભીષ્મઅર્જુનના વીરવંશજો કહે છે. મંજુલાલ મજમુદાર દાંડીકૂચને 'રાષ્ટ્રદેવનો ઉત્સવ' અને જ્યોત્સ્ના શુકલ 'પુનિત ઉત્સવ' કહે છે. અજ્ઞાત કવિ એમાં ઘૂમતી વીરાંગનાઓને વીજળીની વેલ શી કહે છે. ભીખુભાઈ મિસ્ત્રી ગાંધીજીને ભારતભૂમિના શણગાર કહે છે. રમેશ ભટ્ટ દાંડીકૂચમાં પ્રકૃતિનો સહકાર હોવાનું કલ્પે છે. રમણલાલ સોની દૂબળા દેહના ગાંધીજીની વિરાટતાથી સત્તાસિંહાસન ડોલ્યાનું કહી ગાય છે :

સખી ! બારસને બુધવારે ગાંધીજી જુદ્ધે ચઢ્યા રે !
એંશી સૈનિકોની સાથ, બાપુજી જુદ્ધે ચઢ્યા રે !

(સાખી)

સાબરનો એ સંતજન દાંડી તીરે જાય,
દુખિયાનાં દુઃખ ફેડતાં, એની કાય ઘણી કષ્ટાય,
બાપુજી જુદ્ધે ચઢ્યા રે.
તોડ્યા જુલ્મી કાયદા ને થથરાવી સરકાર
ગામેગામ ઘરેઘરે, એણે દાખ્યો સ્વરાજનો સાર.
બાપુજી જુદ્ધે ચઢ્યા રે.
સતના આ સંગ્રામમાં, સતની હાક છવાઈ
દુનિયાભરના દેવની, તમે ગાઓને આજ વધાઈ.
બાપુજી જુદ્ધે ચઢ્યા રે.

રતિલાલ અધ્વર્યુ દાંડીકૂચને ભારતની સ્વાધીનતાનો ભાણ કહી એના સત્યાગ્રહીઓનું આછું ચિત્ર આપે છે :

પહેરી પોતડી ધોળાં ઝભ્ભાં,
ખભે લટકાવી ઝોળી ઊભા,
હથિયારે ત્યાં તકલી ઝાલી,
રઘુપતિ રાઘવ ધૂનો ચાલી.

જમનાદાસ મહેતા એ સત્યાગ્રહીઓને સજ્જન લૂંટારા કહે છે. જેઠાલાલ ત્રિવેદી ગાંધીજીની તપશ્ચર્યાનો મહિમા ગાય છે. 'મધુપંખી' સત્યરસસંગ્રામમાં અબળાઓની વિશિષ્ટ વીરતા દર્શાવે છે :

ઘરમાં છુપાતી હતી ઘૂંઘટડે જે નાર,
એ રણ મેદાને પડી ઘર છોડી ઘરબાર.

શ્રીધરાણી 'દાંડીકૂચ'ને મુક્તિનો શંખનાદ અને દાંડીને રાષ્ટ્રનો માનદંડ કહી માટીમાંથી માનવ સર્જનાર આશ્રમવાસી ગાંધીજીનું દાંડીકૂચસમયની પ્રાર્થનાવેળાનું શબ્દચિત્ર સરસ આપે છે :

સળેકડા સમું શરીરઃ આંખમાં ભર્યા અમી
વિદગ્ધ તોય છે સુહાસઃ રામમાં રહ્યા રમી.
પોતડી ટૂંકી, વીંટેલ ઉત્તરીય છાતીએ.

અને ગાંધીજીની ત્યારની પ્રતિજ્ઞા :

આવવું ન આશ્રમે–મળે નહિ સ્વતંત્રતા !
જંપવું નથી લગીર–જ્યે નહિ સ્વતંત્રતા !
સ્નેહ, સૌખ્ય સૌ હરામ–ના મળે સ્વતંત્રતા !
જીવવું મર્યા સમાન–ના યદિ સ્વતંત્રતા !

પુત્ર–દાર :

જન્મ મૃત્યુના જુહાર !
જંપવું ન, જલીમો ય જંપશે ન, સૌ ખુવાર !
મૃત્યુ કે સ્વતંત્રતાઃ લખી ન આ લલાટ હાર !
મોખરે ધપે હસી હસી જવાન ડોસલો !
સર્વ સાથ–કોઈ ના–બધું સમાન–એકલો.

× × ×

અને કવિએ આપેલું દાંડી–ચિત્ર :

ભર્યા કદમ ભૂમિમાં નવજવાન શા ડોસલે,
સુવર્ણ ધૂળની શી ! ધન્ય પગલે–અડી પારસે.

× × ×

સુવર્ણ ઇતિહાસના પ્રથમ ગાન તારા તીરે.

એ દાંડીકૂચના લોકપ્રભાવનો કવિએ આપેલો ખ્યાલ :

સુણ્યો આજે મહત બજતો મુક્તિનો શંખનાદ,
હૈયાં જાગ્યાં હણુહણી ઊઠ્યાં.

× × ×

ગાજી ઊઠે અખિલ નભમાં મેઘનો જેમ નાદ,
સાતે સિંધુ ઉપર ફફડે કોઈ તોફાન સાદ;
એવા એના રણુ-રમણુ-આહલેકનાં ગાન ગાજ્યાં
ચૌટે, ચોરે, પુર, નગરમાં, ગામડે લોક જાગ્યાં.
બિડાયેલા કમલદલમાં જેમ વર્ષે તુષાર,
મૃત્યુબીડ્યા નયનકમલે અમૃતી છંટકાર;
એવા એના જનસકળનાં દુઃખથી આર્ત નેને,
દૈવી દીપ્તિ અકળ પ્રગટી, લોકઉત્સાહ-હેણે!
લોઢામાંથી ઘન પ્રગટતું પારસી સ્પર્શ થાતાં!
માટીમાંથી અમર વચને, માનવી ઊભરાતાં.

અને દાંડીકૂચટાણે વ્યથિત ગાંધીજીનું કવિનું શબ્દચિત્રાંકન :

જાગી ઊઠ્યો ઝબક નમણાં નેનમાં દુઃખ થીજ્યાં,
ચારે બાજુ નજર કરતો, એકલો, ગાલ ભીંજ્યાં,
અંગે અંગે હૃદય વદને આંખમાં દાહ જાગ્યો!
માતાનાં એ ઝળહળ થતાં આંસુનું રૂપ પામ્યો.

ત્યારનું કવિચિંતન :

મુક્તિ વિનાનું જીવવું શાનું?
મુક્તિ વિના શાં બીજાં ગાન?
મુક્તિને કારણ સર્વ સહીશું
સ્વાતંત્ર્યથી શું સૌખ્ય મહાન?

'સુંદરમ' સત્યાગ્રહી યોદ્ધાઓનું ચિત્રાંકન કરે છે :

ચઢ્યા નવજવાનિયા અડગ, ધીર ને સંયમી
દરેક કૃતનિશ્ચયી દિલ સ્વતંત્રતાને ભરી
અમોઘ ધરી શસ્ત્ર એ વિજયપંથ દળ ઉમટ્યું!

× × ×

સૂતેલા આજ જાગે, નયનથી નીરખ્યા જાગતા લોક દોડે,
દોડેલા ત્યાં ઝઝૂમે, અડગ કદમ ત્યાં ઝૂઝેલા સિદ્ધિ પામે.
વિદ્યુતવેગે મુમુક્ષા અણુ અણુ પ્રસરે લોક આબાલવૃદ્ધઃ
વ્હાલાંનાં વ્હાલ, તાજાં તનુ જ કુસુમ શાં ચિત્તની કૈં મહેચ્છા,
સિદ્ધિઓ જિંદગીની રજરજ કરીને સંચિયા દ્રવ્યઓઘો,
પ્રાણો ઉત્કર્ષશોખી ધસી ધસી જનનીઅંચળે આવી પૂગે.

'ઉશનસ્' 'દાંડીતટે'માં પૃથ્વીને પ્રબળતમ પ્રેમે ચાહનાર અતિમાનવ ગાંધીજીને અંજલિ આપે છે. 'ગિરીશ' ગાંધીજીનું 'સૂકું' શરીર જાણે લાકડી રે, માંહે જોરાવર છે જીવ' પંક્તિમાં શબ્દચિત્ર આંકે છે. સોમાભાઈ ભાવસાર

મહાસભાની સેના ઉપડે કૂચ કદમ કરતી
એના નાદે ગાજી ઊઠે ધમધમ ધમ ધરતી.
ચૌટાં ગાજે, ચકલાં ગાજે
શેરી ગાજે, ફળિયાં ગાજે
ગામો ઉપર ગામો ગાજે,
મહાસભાની હાકલ જ્યાં સૌને કાને પડતી
નરનારી સૌ દોડી આવે જાણે ઘરઘરથી.
નાનાં આવે, મોટાં આવે,
રાજા આવે રંક આવે,
જોગી આવે ભોગી આવે
મહાસભાની ખાતર સર્વે ભાઈબહેન તૈયાર
સ્વરાજ લેશું, માથા દેશું, કરો કરો નિરધાર.

માં 'દાંડીકૂચ'નો પ્રભાવ આલેખે છે. દામોદરદાસ ત્રિપાઠી દાંડીકૂચને 'મહાપ્રયાણ'ને 'ગાંધી, એવા ઈશુ શો, સબરસ દીનને આપવાને જતો 'તો' કહીને વર્ણવે છે :

જાણે જાતો જગત જીતવા કોઈ રાજાધિરાજ,
સાથે સેના અગણિત લઈ પૃથ્વીને વાટ આજ;
એ જોવાને મનુકુલતણી મેદની ત્યાં મળેલી
વાજંત્રોના વરદ સૂર ને હર્ષનાદે ભરેલી.
અથવા બૌદ્ધભિક્ષુ જો વિહારે કોઈ વિહરે
વળાવા જ્ઞાનની દીક્ષા લેવા લોક પૂંઠે પળે.

ભૂધરજી જોશી સાચના સંગાથી ગાંધીજીની અડગતા વર્ણવે છે :

વાળ્યો વળે નહિ, સમજાયો ના સમજે જો
દાઝભર્યો જાય દાંડી.

'યુવકજનમાં' પુરાતા પાયાના ચણતરમાંહીં પથ્થર થવું, અમર ઇતિહાસે ભમી જવું'ની ભાવના ગાનાર દેશળજી પરમાર ધરાસણાને ઈશની ચક્ષુશી શાંત,

પ્રભુની કલાશી પુણ્યદર્શના અને ધર્મભૂમિ કહી લડતમાં થયેલા રક્તપાતને 'વિષ્ણુની આંગળી શું કપાઈ નિર્દોષ ચાલી અતિરક્તધારા' પંક્તિમાં વર્ણવી બ્રહ્મના એ અદ્વૈતસંધ' શા દાંડીકૂચના સત્યાગ્રહીનું શબ્દચિત્ર આપે છે :

સત્યૂરો મનધીર હૃદયનો વજ્જ વિધાયક
ધપતો ધરણીપૂત રહે રમવા અજરામર !
કંઠે ગીતામંત્ર, કરે ધ્વજ પૂર્ણ વિનાયક
અંતર ચેતન ધર્મ જગતનો જીવનરસધર.
નિર્મોહી નિષ્કામ પરમહેતુમય સુંદર
અંગે ઝીલે ઘાવ વહે ત્યાં શોણિત નિર્મળ
ને લોચન નિષ્પાપ જોડલી નીરખે અદ્ધર
પ્રાર્થે ઢળતા ભોંય વિશુધ સત્તા જે પ્રેમળ.

જ્યોત્સ્નાએ શુકલ દાંડીકૂચને મંગલજંગ અને સ્વરાજ્યનું મંગલસૂત્ર કહી વર્ણવે છે :

નમાવી કાયાને નમક તણી એ મુઠ્ઠી ભરતો
કુંળા રશ્મિરૂપે દિનમણિય ત્યાં સાખ પૂરતો
નહોતું આ પૂર્વે કદીય દીઠું કોયે જગતમાં
મીઠાની મુઠ્ઠીને લડતનું મહાશસ્ત્ર બનતાં !
× × ×
દાંડી તણો એ દરિયાકિનારો
એ દિનથી લોકઉરે જડાયો
સ્વાતંત્ર્યનો અમરલેખ અહીં લખાયો
સામ્રાજ્યનો વિલય ભાખી રહ્યો કિનારો.

ચુનીલાલ મોદી ગાંધીજીના આશ્રમત્યાગને રામવનવાસ ને દાંડીના વડને બોધિવૃક્ષ કહી વર્ણવે છે :

સાબરમતીનો આશ્રમ છોડી, શરૂ થઈ જ્યાં દાંડીકૂચ
ભારતની આઝાદી કાજે, લીધી પ્રતિજ્ઞા હૈયે દુઃખ.
"કાગડા કૂતરાના મોતે મરીશ પણ આવું પાછો ના;
આવીશ હું આઝાદી લઈને, નહિતર આશ્રમ અલવિદા !"
ઉપર વ્યોમ ને નીચે ધરતી, ડોસો દાંડી ચાલ્યો જય.

વિજયશંકર કામદાર 'ધરાસણાના ધર્મક્ષેત્રે'માં વર્ણવે છે :

ધરાસણાના સમરાંગણે જ્યાં
શૂરોતણી ઊભી કતાર સામટી
"માર્યા વિના માત્ર મરી જવાને".
જે મુક્તિની બાજી રહી જ ભેટી,
ને રુદ્રનું આ ડમરું બજી રહે
ત્યાં વીર ને રમ્ય વીરાંગનાઓ
રણાંગણે આતુર અર્ઘ્ય થાવા.

ત્યારે થયેલું દમન :

છૂટ્યા તહીં સૈનિક એ અસુરના
નિઃશસ્ત્ર ગાંધીદળને વીંટી વળ્યા
હુતાશને ધાણી ફુટી રહે યથા
ફોડી રહ્યા મસ્તક માનવીનાં.

પણ સત્યાગ્રહીઓની અડગતા જુઓ :

ન કોઈ સામા કરને ઉગામતા,
ન કોઈ જિહ્વા કટુવા ઉચારતી,
ન પીઠ વાળી અબળા ય ભાગતી
ના અંગના આ, રણચંડીઓ મહા.
કાયાને મનવાણીથી અહિંસા ધર્મને વરી
સપૂતો હિંદના ઊભા મુક્તિજંગે ખપી જવા.

નોરસિંહ કવિ ભુજંગી છંદ ને લોકભોગ્ય ભાષામાં લખેલ ૨૪૭ પંક્તિના '**દાંડીકૂચ**' કાવ્યમાં આલેખે છે :

મહામોલ છે ગાંધીનો શિર એવો
નથી દુશ્મનોને હણી લ્હાવ લેવો.
નથી મારવા આજ તો માર ખાવા
સહુ દેશ જોશે રૂડા યુદ્ધ આવા.
બીજા જંગમાં વેરના રંગ જામે
અહીં જંગમાં વૈરના ઝેર વામે.

એના સૈનિકોની વિશિષ્ટતા જુઓ :

નથી તોપ તલવાર બંદૂક બેડી
કટારી બીછુવા નથી ઢાલ એડી.
નથી મારવા હાથથી બોંબ ઝાલી
લડે શસ્ત્ર વિના મહા સત્યધારી.
સરિતાતીરે આવીને હાક દીધી
થયો મોખરે નેષ્ટિકા હાથ લીધી
કીધું સૈન્ય આજે મહાધીર વીરે
મીઠાકાય દો તોડવા દાંડીતીરે.
ચાલ્યા સૈનિકો સાઠને વીસ પૂરા
થશે મૃત્યુના આજ ઉમંગ પૂરા.

અને એ સમયે થયેલ અત્યાચારનું કવિઆલેખન :

છૂટ્યા સોલ્જરોએ બહુ માર દીધા
ઘણા વીરના સિધુને હાથ કીધા,
લૂંટી થેલીઓ ને દીધા માર ઝાઝા
હકૂમત તણી ના રહી આજ માઝા.
ગુંદ્યા પાયથી લાત લાઠી જ મારે
રંગી ભૂમિકા વીર રુધિર ધારે,
તૂટે પાય હસ્તો ફૂટે ગુંડ શિરો
જરા ના લગારે હઠે હિંદવીરો.
ચલાવ્યા તુરંગો બહુ નારઅંગે,
કરે ત્રાસ ને રક્તથી ભોમ રંગે.

× × ×

મીઠા કાજ કંઈ વીરનાં શીશ ફોડ્યાં,
કંઈ વીરના હાથ ને પેર તોડ્યા
પડ્યાં મારથી ભૂતળે કૈંક શૂરા
થયા કૈંક પૂરા, રહ્યા ના અધૂરા.

સ્વામી શ્રી ભગવદાચાર્ય મહારાજે ૧૮ સર્ગને ૨૭૧૮ પંક્તિના સંસ્કૃતમય અસંસ્કૃત ઢબના મહાકાવ્ય 'ભારતભાસ્કરોદય'માં દાંડીકૂચને યુદ્ધોત્તમ ને ધર્મયજ્ઞ કહી સેનાપતિ ગાંધીજીનું ટૂંકું શબ્દચિત્ર આપ્યું છે :

હતી બાપુહસ્તે તુ હ્રસ્વૈક યષ્ટિ
હતી સ્કંધમાં શોભતી એ થેલી.
ફાટી સી હતી એક ધોતી શરીરે
નહીં શસ્ત્ર, નિર્શસ્ત્ર સેનાપતિ ત્યાં.

× × ×

કાયા પર નથી વસ્ત્રો પદત્રા ન પગે મહીં
સૈનિકો ન યુવા સર્વ લજ્જા તારા જ હાથમાં.

મીઠાના અન્યાયી કર માટે કવિવાણી છે :

જે હિંદુ મુસલમાન ચાર આનાનું સૈંધવ
લેઈને રૂપિયો એક કર દે તેની મૂર્ખતા.
અદ્યયાવત્ તુ મીઠાનો મૂખતાથી ભર્યો કર
દેશ પ્રત્યે હતી એવ અમારી આ કૃતઘ્નતા.
આ છ કરોડ મુદ્રાનો કર નાશાર્થ આજ આ,
મુદ્દ છે, તે કયો હિંદી જે સહમત ના થશે.

ત્યારે પ્રચલિત જનતાનુ માનસ કવિના શબ્દોમાં જોઈએ:

સહૂના હૃદયે ગાંધી સહુના વચને તથા,
સહૂના નેત્રજલજે ગાંધીજી રાજતા હતા
યથા સર્વત્ર જોવે છે બ્રહ્મ બ્રહ્મ-ઉપાસક
તથૈવ તે ક્ષણે સર્વ ગાંધીમય થયા હતા.

અને કવિની શ્રદ્ધા જુઓ :

આ યુદ્ધ દીન-જનના-સુખને વધારી
કાપી તથા સકલ દુઃખદ પારતંત્ર્ય
સૌને સ્વતંત્ર કરશે, નહિ અત્ર શંકા
સૌ યે કરો પરમ ઈશ્વર-કીર્તિ ગાન.
આ પંથા સર્વ તીર્થોમાં શ્રેષ્ઠ તીર્થ થશે કદી
આજ તો તીર્થનિર્માણ-કાર્ય દુષ્કર છે જ તો.
ધર્મયુદ્ધીય આ માર્ગ ધર્મયુદ્ધીય આ ધરા
ધર્મયુદ્ધ ધરા વીરો પથિકો આજ છે અહીં

જુગતરામ દવે 'મારા બાપુનો સંધ, મારા બાપુનો સંધ ચાલ્યો સ્વરાજ ઘેર આણવા' પંક્તિવાળા ગીતમાં એ શાંત અહિંસક જંગનો મહિમા ગાય છે. ગોકુલદાસ રાયચુરા ગાંધીજીને મનમોહન, શૂરસૈન્યસરદાર, નૂતન યુગ ઘડનાર ને દૈવી તેજચમકાર કહી નવાજે છે. કવિ ન્હાનાલાલ લડતમાં સાચની તલવાર, સવાઈ, લડાઈ, લડવૈયા હોઈ કહે છે-"સાચ અમારા લડવૈયા, તે લડશે સાચ લડાઈ, સુણો અમારા બ્યૂગલ વાગે, સાચની હાક છવાઈ, અમે સાચના સિપાઈ." એક અજ્ઞાત કવિ 'એક પડે ત્યાં લાખ ઘસે છે, કેદો દેખી મર્દ હસે છે, બંદૂક દેખી છાતી ધરે છે, ખાખ બને છે પાપી રાજ'માં બલિદાનની લગની આલેખે છે. સવિતાલક્ષ્મી ઝુચ-

સાગરને કાંઠડે મીઠું પકાવતી
હિંદી વીરાંગનાઓ આજ,
અહિંસાના યુદ્ધથી ધરતી ધ્રુજાવતી
જગની જગદંબાઓ આજ
જુલ્મીનું જોસ હણી રણમાંહે ઘૂમતી
કેસરિયો એનો છે સાજ
ઘરની સુખછાંય, બાળ, વૈભવને ત્યાગતી
વેઠી લાઠી ને જેલવાસ.
લઈશું સ્વરાજ્ય નિરધાર

—માં સ્ત્રીઓની વીરતા આલેખે છે. નગીનદાસ પારેખ ગાંધીજીને જગદ્‌ગુરુ કહી ગાય છે:

લૂણ લૂંટચે હવે કોઈની લાજ,
જતાં નથી જાણી રે.
ઠેકઠેકાણે લૂણની લૂંટ
કરી સહુ લોકે રે.
હવે ઘેર બેસી સરકાર
રુએ છે પોતે રે.
આવો લૂણ લૂંટવાનો લ્હાવો
લવણ સહુ લૂંટો રે.
લૂણ લૂંટચે તૂટે સરકાર
લેવા લૂણ લૂંટો રે.

કેશવ હ. શેઠ 'ચંડી શા ઉગ્ર સ્વરૂપે લોચન ઝરતે અંગાર', વાળા 'વિશ્વસંઘ સરદારની અહિંસક જ્વાળામાં પાર્થિવ તલવાર પીગળતી' આલેખે છે. સ્નેહરશ્મિ 'રણચંડી જો જાગે'માં 'બ્યૂગલ ભેરી વાગે, રક્તતણી સરિતાઓ વહેતી, લૂંટાયાં ઘરબાર'. પંક્તિઓમાં લડતની વીરતાનો ખ્યાલ આપે છે. કરસનદાસ માણેક લડતની યાદ આપે છે:

એ નેતા, એ વાણી, એ વીરો અટંકી
એ આઝાદીપ્યાસી જ્વાંમર્દી જંગી
એ મૃત્યુની મહેફિલ જીવનરકતરંગી
થયા સૌ સદાના પ્રાણ-પ્રાણ સંગી
ઉરે ઉર ખોડાઈ ગઈ એની ખાંભી
ગુલામીએ દીઠું એક સપનું ગુલાબી.

જ્યોત્સ્ના શુકલ 'માનું તેડું'માં લડત માટે હાકલ કરે છે:

ફૂલશૈયા છોડીને આજે,
શરશૈયા પર સૂવા કાજે;
મુક્તિપથ પર ચઢવા માટે
માતા તમને તેડે રે
યુવા-યુવતી ચાલો.

રતુભાઈ દેસાઈ 'આદર્શોના ગગનપટમાં ઊડતા સંત ગાંધી'ને બિરદાવી 'ધન્ય દાંડી-કિનારો' કાવ્યમાં 'આવ્યા બાપુ, પદ ધસડતો સંઘ, દાંડીકિનારે'નું આલેખન કરી ગાય છે:

લીધા વીણ્યા સબરસ કણો મુષ્ટિમાં પ્રાણ પ્રેરે
દાંડીકેરા ઉદધિતટ ઓ! ધન્ય હો! ભાગ્ય તારાં!
વર્ષો જાશે, યુગયુગ જશે, વીતશે કલ્પ વા કૈં,
લોકો ગાશે અમિત મહિમા તાહરો ધન્યભાવે.

—વળી એ જ કવિ 'ધર્મભૂમિ ધરાસણાને'માં એને 'પવિત્રતા નીતરની પ્રતિમા' 'વીરસ્થાન, અવેરની અખંડ જ્યોતિ'ને 'તીર્થ યાત્રાભૂમિ કહી આલેખે છે :

ઊભી જ્યહીં ભૂમિ ધરાસણા ત્યાં
નિઃશસ્ત્રને મુક્ત અવેર ભાવે
ઊભા યુધિષ્ઠિર સમા શૂરા એઃ
ઊભા જ્યહીં નિમકના પહાડો
મચ્યાં ત્યહીં યુદ્ધ સ્વતંત્રતાનાં:
અહીં કૂટ્યાં શીર્ષ શૂરા જનોનાં
અહીં વહી વીરની રક્તધારા.
દીઠા જગે જુદ્ધ અતિ પુરાણાં,
પરસ્પરે પાશવી શક્તિ કેરાં;
નવીન દીક્ષા દીધ તેં અનેરી,
ધરાસણા ! ઓ ! અમ વીરભૂમિ !
રચાઈ તે દાનવ દુષ્ટ લીલા,
મૂઆ ! જીવ્યા ! કાંઈક દ્વાર તારે;
બધી તવારીખ હજીય તાજી
છે લોહીના અક્ષરથી લખેલી.

જહાંગીર દેસાઈ 'ભારતનો મુક્તિસંગ્રામ'માં 'મોહનવીરે ફૂંકયો મંત્ર' કહી ગાંધીજીનું ગુણશબ્દચિત્ર આપે છે :

ગાંધી જેવો થાશે કયાંયે
સાબરમતિ કાંઠે કુટિર
અડગ, નીડર શુચિ શ્રદ્ધાળુ
બાળકસમ અંતર ફૂંફાળુ
સૌ દેશબંધુ પર મમતાળું
પરદુઃખે નિશદિન દિલગીર !

અને કવિ એ લડતનો ખ્યાલ આપે છે :

સ્વરાજી વાગ્યા રણડંકા
મોહનવીર ! મોહનવીર !
હિમાચલથી દૂર દૂર લંકા
સ્વરાજી વાગ્યા રણડંકા
જાગ્યા કુલ રાયા ને રંકા:
ધન્ય ધન્ય ધીરવીરગંભીર !

× × ×

અને લડતના સત્યાગ્રહીઓ વિશેનું કવિનિરૂપણ :

તોપ જમૈયા કૃપાણ, ભાલા
સ્વયંસેવક કમન ફૂલમાળા
આત્માની જ્યાં જળતી જ્વાલા—
છો પડ્યાં બંદૂક ને તીર !

રસિકલાલ પરીખ "મૂસિકાર" ગાંધીજીને સંબોધીને લખેલા "વિશુદ્ધાત્મા" કાવ્યમાં લડતનું ચિત્રાંકન કરે છે :

જુવાનો ભોળા એ ! હૃદય રસ વીરે થનગને !
અધીરા હોમે એ તૃણસમ તનુ કાલમુખમાં
નિહાળી આ હાનિ, પ્રભુમય કરી ધ્યાન હૃદયે
મહાત્માએ ભાળી અનુપમ નવી વીરસરણી !

× × ×

કદી પૂર્વે આવું સત—અસતનું યુદ્ધ લહિયું ?
વિશુદ્ધાત્મા આવો હૃદયબળિયો નાયક દીઠો ?

ઉમાશંકર જોશી 'આશ્રમદ્વારે' કાવ્યમાં 'દાંડીકૂચ'ને વણઆથમતા સૂરજવાળા સામ્રાજ્ય સામે બાથ ભીડવા નીકળેલ સાથ કહી એ સત્યાગ્રહીઓનું ચિત્ર આપે છે :

ખાલી હાથ પણ હૃદય ભર્યું ભર્યું, મહીં રામનામનો શોર
હિમાદ્રિના ઉરમાંથી જેવો ઝરો કોઈ ધસમસે,
આશ્રમના સંચિત તપમાંથી વીરત્વ ધસતું હસે.
ભાથામાં લઈ રામનામ સહુ વેગે સંચરિયા.

અને ગાંધીજીનું કવિચિત્ર જુઓ :

એકસઠ વર્ષતણા આ વૃદ્ધા બાપુ જશે પગપાળા
વાળી કાછડી, હાથ લાકડી ગળે સૂતરની માળા.
કંકુ લલાટે, ટટારછાતી, પગમાં શી સ્ફૂર્તિ !
પગલે પગલે ધરતી પાવન કરે તપોમૂર્તિ.

× × ×

ઇતિહાસે સેનાધિપતિઓની કંઈ કૂચ નિહાળી
આજ સાધુ આ નીકળ્યા તેની જોડ કયાંય ન ભાળી.

× × ×

એ કૂચની અનન્યતા કવિશબ્દોમાં :

સાબરમતીથી શક્તિ અહિંસક પ્રગટી ફરી આજે
હૈયે હૈયાં દળાય એવી જામી જનમેદની
કૂચ અપૂર્વ આ જોઈ લાખો આંખો ધન્ય બની.
માટીમાંથી મર્દ સર્જંતી ફરી વળી વિદ્યુત્વેશે
વજ્રશક્તિ અહિંસક શાંતિમય પ્રતિકારની દેશે.

બીજા 'શૂરસંમેલન' કાવ્યમાં પણ 'મુખે સમરગાન હો ! પ્રિય સ્વતંત્રતા પ્રાણ હો !' પંક્તિ સાથે આ જ કવિ હૂબહૂ લડતચિત્ર આપે છે :

મહાદળ દળાય ને તુમુલ જુદ્ધ ગર્જી ઊઠે,
ફૂટે ગગન ચાટતી જટિલઝાળ જ્વાળામુખી.
ઘણા યુગથી ઘોરતા વિકટ કાળ ત્રાડી રૂઠે,
કરાલ ક્રૂર દંષ્ટ્રમાં ઝડપી વેર જાતો ભખી.
દવાનલ જ્વલે, પલેપલ હલે ધરા ત્રાટકી
ઢળે અચલશૃંગ; ભૈરવ સહુય ધૂમી રહે,–
ફૂટે શિર, તૂટે રજો, સતત રક્તધારા વહે–
દીસે ચળકતી કથા રુધિરઆંકી પૃથ્વીપટે.
ડૂબે નીરવ વેદના સમરભેરીના નાદમાં
અને અડગ બંકડા ઊછળતા રહે ખેલને.

મણિલાલ દેસાઈએ દલપત શૈલીના ૧૦૨૮ પંક્તિના 'દાંડીકૂચ; મીઠાનો રણસંગ્રામ યા કુટિલનીતિ' લાંબા કાવ્યમાં દાંડીકૂચને 'પુનિતસંગ્રામ', 'સ્વરાજ્ય સવારી'ને 'રણયજ્ઞ' કહી એ કૂચવેળાની મોટી જનમેદનીનું વર્ણન કર્યું છે :

જન અગણિત પામ્યા પીડ, પ્રભાવ પ્રસર્યો રે
દોશી, જોષી ને વટેમાર્ગુ ગાંધી નીસર્યો રે.
ચાલ્યા સર્વે છોડી બાગ, પ્રભાવ પ્રસર્યો રે
ચાલ્યા કણિયાને કંદોઈ ગાંધી નીસર્યો રે.
ન કોઈ કોની જુએ રાહ, પ્રભાવ પ્રસર્યો રે,
પારેખ સુખડિયા સોનાર ગાંધી નીસર્યો રે
આવ્યા ઉઘાડી રહી દુકાન, પ્રભાવ પ્રસર્યો રે.

ધવાયેલ સત્યાગ્રહીઓની સારવાર કરતી સાગરકાંઠાની કોળણોનું કવિએ 'કોઈનો લાડકવાયો'ના ઢાળમાં આપેલું શબ્દચિત્ર :

શોણિતભીના વીરને નીરખી કોલણ આંસુભરતી
કાચતણા પ્યાલામાં ભરીને પાણી આગળ ધરતી
આંખથી આંસુડાં પડતાં
કઠણ જે ક્વચિત જ રડતાં.
દૂર દેશના સૈનિક તેની, નહીં સગી નહીં વહાલી
પણ શુશ્રૂષા કરવા માટે દૂરથી કાંઠાવાળી
આવી લઈ પાણી બેડાં
કરીને પાડોશણ તેડાં.

ગોરી અંગ્રેજ સત્તાના અમાનુષી જુલ્મો જોનાર મિસસ્લેડ (મીરાંબાઈ)ના ઉદ્‌ગારોનું કવિકથન :

માર્યા માર નિઃશસ્ત્રને, વિના વાંક શું કામ?
ધિક્કા પડો એ ધર્મને, લજવ્યું ઈશુનું નામ.
તમે સહુ અનુયાયીઓ લજવ્યો બાઈબલ ગ્રંથ
ગ્રંથતણા ઉપદેશથી ચાલો વિપરિત પંથ.

જયકૃષ્ણ સૂરતી (મસ્તમયૂરે) ૩૨ પાંદડી ને ૧૦૬૦ પંક્તિના 'મહાભિનિષ્ક્રમણ' કાવ્યમાં દાંડીકુચને આત્મશક્તિની વિજયયાત્રાનું કહી તેનું ભાવાત્મક પ્રસંગકીર્તન કરી ગાંધીજીનું વિશિષ્ટ શબ્દચિત્ર આપ્યું છે :

મુદ્રા પ્રસિદ્ધ સુશાંભવી છે–
નેત્રે !–ન શંભુ વિણ સિદ્ધ કોને !
આ જાનબાહુ સમ્રાટ જેવા
અને વિલક્ષણ કર્ણ એનાં !
અનિલવેગી દ્વય ચર્ણ જેનાં !
અડે ધરાએ ન અનંતગામી !
રે, તેં બધાથી નવલું કર્યું છે
આ હિંદ તારા બળથી તર્યું છે !
તું ઈસુ જાણે પ્રણુયાર્દ્ર મૂર્તિ
કે બુદ્ધ જાણે, તું પ્રબુદ્ધ શાંતિ
તેં રામરાજ્યે પગલાં દીધાં'તાં
સિદ્ધાંત ગીતા જીવને વણ્યા'તા.
રે પ્રેમઅંશી ! સત–સૂર્યવંશી
સાચી વગાડી સતમંત્ર બંશી !
બુટ્ટી સૂંઘાડી વસુધા જગાડી
ગાંધી અગાડી ! દુનિયા પછાડી.

દાંડીકૂચનું કવિએ કરેલું વર્ણન :

આલમ આખી કાલે લડી, આજે લડે બાપુ !
નિઃશસ્ત્ર આ સંગ્રામના સરદાર છે બાપુ !
સ્વાતંત્ર્યયુદ્ધે ઘૂમતા પાકી વયે બાપુ !
તલવાર-બંદૂક-તોપને પડકારતા બાપુ !
ધરડા છતાં જુવાન જેવા વિચરે બાપુ !
દૈવપ્રેષિત દૂત શા અદ્‌ભુત દીપે બાપુ !

અને થયેલા અત્યાચારો સામે સત્યાગ્રહીઓની અડગતાનો કવિએ આપેલો ખ્યાલ :

કરમાં ધજા લઈ જાય છે જો રોકવા જુલ્મો !
નિઃશસ્ત્ર યોદ્ધા જાય સ્હેવા શસ્ત્રના જુલ્મો !
આશા અમારા દેશની છૂંદી રહ્યા જુલ્મો !
શિક્ષિતને શોભે અહો શું પાશવી જુલ્મો !
લાખો જુવાનો જાય છે જો રોકવા જુલ્મો !
સિંહણસુતો તો બોલતા "આમીન" હો ! જુલ્મો !

દાંડીકૂચના સત્યાગ્રહી એવા કવિ તનસુખ ભટ્ટકૃત મુક્તક શૈલીની ૧૨૫ કડીને મંદાક્રાન્તા છંદમાં 'મેઘદૂત'ની છાયાવાળા સરસ કવિત્વમય વર્ણનવાળા ખંડકાવ્ય 'દાંડીયાત્રા'માં ગાંધીજીની પ્રતિજ્ઞાને ભીષ્મપ્રતિજ્ઞા ને અંગ્રેજ સલ્તનત ઉખેડવા જનાર તેમને પરશુરામ કહ્યા છે. દાંડી-સત્યાગ્રહનું કવિકથન કહે છે :

કીધું હૈયે પ્રભુસ્મરણ ને મેદની હર્ષઘોષે
બાપુ ઝૂક્યા લવણકણના શર્કરાખંડ વીણ્યા,
વીણ્યા પુંજે ક્ષિતિતલ થકી શ્રેષ્ઠ સામ્રાજ્ય લૂંટ્યું
કિંવા લૂંટ્યું વિતત સમરે લભ્ય સ્વાતંત્ર્ય મોંઘું.

અને ત્યાં થયેલ અત્યાચારોનું કવિવર્ણન :

આંગ્લામાત્યે શુધબુધ ભુલી બાપુનો દેહ પૂર્યો
શીર્ષો ભાંગ્યાં સુભટજનનાં સૌનિકોને હણ્યા કે
પૈશાચી શી પ્રકૃતિ ધરતા આતતાયી ઉતાર્યા
એ ધોળેરા, વિરમપુર એ, એ જલાલ્પોર મધ્યે.
ને એ કૂચો લવણ-ડગલે ક્ષેત્ર ધરાસણાને
કૂંગોળાયાં સુભટતનડાં ને હિણાયાં પિટાયાં,
ખેલાયું જ્યાં પ્રતિદિન ખરું યુદ્ધ રે રોમહર્ષ
વીરશ્રીનો પ્રથમ પરચો દાખવ્યો ગુર્જરોએ.

ને બ્રહ્માસ્ત્ર પ્રતિહત નથી કો દિ સત્યાગ્રહીનું
જ્યાં સેનાની પ્રતિપળ ઊઠે એક જ્યાં અનેક
નિર્દાતા જ્યાં સકલ પગલે શાસકો હીન હિંસ્ર
વંદાતા આહુતિ–મિષ થકી શાંત સત્યાગ્રહીઓ.

અપ્રગટ કાવ્યોમાં પ્રાણુજીવન દેશાઈ ગાંધીજીને નિઃશસ્ત્રે રાજ્ય અપાવનાર પ્રથમ પુણ્યશ્લોક નરોત્તમ કહે છે. 'પરાગ' સત્યના પંથે ખેલાયેલા એ મુક્તિજંગમાં જનતા રણચંડી બનેલી કથે છે. બિપિન મેશિયા એને રૂક્ષ શોષણથંભ જડમૂળથી હલાવનાર લડત કહે છે. જયંતી પરમાર એને મીઠાની વિરાટ કૂચવાળી સ્વાતંત્ર્યની વિજયસવારી ગણાવે છે. નગીનદાસ સારોદવાલા એને અન્નેડ પવિત્ર લડત કહે છે. "સુલભ" એને મુક્તિની ભૂખ ને દુનિયાની આંખ ઉઘાડનાર કહી ચિત્ર આપે છે :

સ્વતંત્રતાના ચાહક સર્વે દોટ મૂકે છે આંગણથી
મુક્તિના સોપાન પીધેલી છાતી લાખ ઉઘાડી છે
ગામ ગામ ને નગર નગરમાં એક જ સાદ પડે કાને
ઊઠો બંધુ, ઊઠો બહેનો દાંડી–વાટ ઉઘાડી છે.

'મધુપંખી' દાંડીને 'મંગળક્ષેત્ર'ને ગાંધીજીને 'હિંદના ઇંદુ' કહી ખુમારીથી કહે છે :

સાબરમતીના સંતનો સંગ્રામ જોવા આવજો
સત્યાગ્રહીના યુદ્ધનો સંગ્રામ જોવા આવજો,
મીઠું પકાવે મરણિયા પાણી ભરી લ્યાં આવજો
વેચાય એ વિણમૂલથી એ કર્મ જોવા આવજો.

'પ્રકાશમ્' ગાંધીજીને 'યાહોમ કરી જંગે ચડનાર નરદેવ' કહી ટૂંકું ચિત્ર આપે છે :

આજ સકલ દેશના શૂર લડતા અહો
શિર મૂકી વીર લડે જુલ્મ સામે
આ સંતના જગતમાં તેજ તપતો, જુઓ !
સત્યના તેજથી જુલ્મી નાસે.

પ્રાગજી ઠાકર ધર્મયુદ્ધ શી દાંડીકૂચમાં દ્રૌપદી શી જનતા સામે સરકાર દુઃશાસન જેવી નિર્દય બન્યાનું કહી દાંડીને ગંગા–યમુનાથી વધુ પવિત્ર ગણાવી બ્રિટનમાં સ્વપ્ન આવ્યાની સરસ કલ્પના કરે છે :

કૂચ છે જોરાની હિંદમાંથી, નથી કૂચ આ દાંડી કિનારાની જાણો
લાકડી ફાંકડી હાથ લઈ સહુ સૌનિક સાથમાં ગાંધી પ્રમાણો
વાંકડી વાટમાં મોખરે સંત છે, મેદની ઊલટી દાંડી ઓવારે
મેમ કહે સુણો સાહેબ આજ તો દાંડીને મારગ ગાંધી પધારે.

× × ×

બાળક વૃદ્ધ યુવાન નારી નર છાંડીને કામ સૌ દાંડીકિનારે :
સાધુ ને સંત ફકીર અમીર સૌ, દેશી વિદેશી આ કૂચની હારે,
જ્ઞાતિ ને ધર્મનો ભેદ નથી.....

હરિત દેરાસરી ગાંધીજીને યુગપુરુષ ભારતભૂષણ ને દધીચિ કહી એમનું સરસ શબ્દ-ચિત્ર આપે છે :

એ સૂક્ષ્મદેહી દિવ્યદૃષ્ટા, જ્યેષ્ટિકા સહ દોડતા
ચાલીસ કોટી પ્રાણને મુક્તિતણો પથ પ્રેરતા.
લટકે ઘડી, લોલક સમી, શું કાળને પડકારતી
યક્ષ્મા પુરાણાં બાપુના એ દીનનાં દુઃખ પેખતા
ધૂમ્યા સકલ એ ગ્રામ ભારત, તૂટેલ ચંપલપાયના
હરદમ ફના એ કર્મયોગી, મુક્તિને મહેકાવવા.

અને એ લડતનું ચિત્ર :

નાકર લડત મંડાણુની કૂચ દાંડીની જયઘોષણા
બાપૂ રહ્યા કૂચ મોખરે એંસી અહિંસક સાથમાં
દાંડી પ્રતિ સૌ દોડતા સબરસ તણો કર તોડવા
જંગ જામ્યો રાષ્ટ્રભરમાં જાગૃતિ પળવારમાં.
સત્કાર ગામેગામ ત્યાં મુખીઓ ફગાવે નોકરી
સરકારને પડકારવા સૌ જોમ રોમે રોમમાં.

ત્યારે થયેલ જુલ્મોનું કવિકથન :

સૈનિકો ત્યાં સતત ધસતા મુક્તિને જે વરેલા
સામે જુલ્મી, જુલમ ઝીંકતો, પાશવી ક્રૂર હિંસા
મીઠું મુઠ્ઠીનું નવ છૂટે, છો વહે રક્તધારા.
સમૃદ્ધિ એ જનમભૂમિની, કો શકે શું ઝુંટાવી ?

× × ×

માથાં કૂટ્યાં, શતશત વહી, વીરની રક્તગંગા
હાર્યા ના તે, અભય વીરલા, અશ્વપાયે છૂંદાતા.
આગે દોડે, પડી ફરી ધસે, શીલ સ્વાતંત્ર્યવીરો.

ઉમિયાશંકર ઠાકર ગાંધીજીને "યુગમૂર્તિ, યુગપ્રવર્તક, દેવદૂત"ને "કોટિ કમલના સૂરજ" કહી એમનું તાદૃશ ટૂંકું ચિત્રાંકન કરે છે :

સાબરમતીનો સંત પનોતો–પુત્ર માતનો કહાવે
ટૂંકી પોતડી, લાકડી લઈને, નવલ રાહમાં જે જાયે.

× × ×

વિજયદદામો વાજે આજે, રણશૂરવીરને રાહે;
શૂરાતનમાં સ્નાન કરીને, શૂરા આગે વાધે,
અગ્નાઓંશી શૂરનો સ્વામી, ગાંધી ગુણનિધિ જાયે
આશ્રમત્યાગી દાંડીકૂચને પંથે ધસમસતો જે.

× × ×

(મંદાક્રાંતા)

ટૂંકે વસ્ત્રે કૃશતનુમહીં, દિવ્ય આત્મે ઝગેલી
આહા ! કાયા અનિલ ઝડપે ઉજ્જવલી શી વધંતી !

(દૂહો–સોરઠો)

સાબરમતીનો સંત, સત્યાગ્રહને સાધને
આંતર–ઉર–નૂર થકી ચાલ્યો પ્રચંડ પાવકે.

(હરિગીત)

ચાર કૂટની જ્યેષ્ટિકા દે સાથ દક્ષિણ હસ્તથી,
ઉપવસ્ત્રના અંશો લચેલા ફરફરે રસમસ્તીથી.
મંદ સૂર કૈં કંઈ નીકળે ચંપલ રજે પથપર ધર્યે
શી ચાલ દૃઢતાથી ભરી, હા, નીરખી નિજ લોચને.

(અનુષ્ટુપ)

બુદ્ધનો અનુગામી કો ચાલ્યો મહાન યાત્રી શો
ધૈર્ય ને સત્યનો સંગી, ચતુર્વર્ણી વિરાટ શો.

અને એ યાત્રાનું વર્ણન :

(મંદાક્રાંતા)

આવ્યાં ગ્રામો કંઈ કંઈ નવાં, સંતના રાહ માંહી;
તીખી તેજી, મૃદુરસભરી વાણીનો રંગ જ્યાંહી,
આવી રેવા, મૃદુરસભરી હોડલી–માર્ગ સાધ્યો
કૈં નેતાનાં મિલન મળતાં, રંગનો સંગ જામ્યો.

અને એ કૃત્યમાં કવિને શ્રદ્ધા છે :

(અનુષ્ટુપ)

તપસ્વીની તપશ્ચર્યા, સૂક્ષ્મતા પ્રકટાવતી
સત્યનો જય છે નિશ્ચે, ભાવના જ દૃઢાવતી.

આવી છે દાંડીકૃત્ય કાવ્યોની સમૃદ્ધિ. ભારતની બધી આઝાદીલડતોમાં આ લડત પર સંખ્યામાં સૌથી વધુ અને ગુણવત્તામાંય ચડિયાતાં કાવ્યો મળે છે. એમાં પ્રસંગકથનની દૃષ્ટિએ નૈરસિંહ કવિકૃત 'દાંડીકૃત્ય', કાવ્યાત્મકતાની દૃષ્ટિએ તનસુખ ભટ્ટ કૃત 'દાંડીયાત્રા', ચિંતનની દૃષ્ટિએ "મસ્તમયૂર" કૃત 'મહાભિનિષ્ક્રમણ' અને વર્ણનની દૃષ્ટિએ મણિલાલ દેસાઈ કૃત 'દાંડીકૃત્ય' કાવ્ય ઉત્તમ છે.

ભારતીય વેદાન્તદર્શનમાં જીવાત્માસ્વરૂપવિચાર

પુનિતા નાગરજી દેસાઈ*

આપણી સંસ્કૃતિ અને સભ્યતાનો મૂળગ્રંથ વેદ મનાય છે. વેદો, બ્રાહ્મણગ્રંથો, આરણ્યકસાહિત્ય અને ઉપનિષદોના જે વિભાગોમાં વિધિપૂર્વક યજ્ઞ કરીને સ્વર્ગપ્રાપ્તિનો માર્ગ બતાવ્યો છે, તેને કર્મકાંડ કહે છે. જે વિભાગોમાં કઠિન માનસિક, શારીરિક, નૈતિક તેમ જ આધ્યાત્મિક સાધનો દ્વારા પરમ તત્ત્વ કે બ્રહ્મની પ્રાપ્તિનો ઉપાય બતાવ્યો છે, તેને જ્ઞાનકાંડ કહે છે, જે 'વેદાન્ત' તરીકે પણ પ્રસિદ્ધ છે.

'વેદાન્ત' શબ્દની વિવિધ સમજૂતી આપી છે, જેમ કે: **'वेदशब्दश्च ज्ञानवाचको ग्रन्थविशेषे रूढ इति वेदस्य (ज्ञानस्य) अन्तः (चरमविकासः) यत्र दृश्यते स वेदान्तः ।'** વળી **'वेदस्य सर्वमान्यप्रामाणिकग्रन्थस्य अन्तः सारभागः वा वेदान्तः ।'** તેમ જ **'वेदानामन्तः'** વેદોને અંતે આવેલાં હોવાથી ઉપનિષદોને પણ વેદાંત કહેવામાં આવે છે. ઉપનિષદો વેદ યા જ્ઞાનનો અન્ત કે ચરસસીમા છે, જેમાં વૈદિક રહસ્યના સિદ્ધાંતોનું પ્રતિપાદન કરેલું છે, આથી વેદાંત શબ્દનો પ્રયોગ યોગ્ય જ લાગે છે.

શ્રુતિઓમાં પણ કહ્યું છે કે: **"वेदान्ते परमं गुह्यम् ।"**[૧] **"वेदान्तविज्ञान-विनिश्चितार्थाः"**[૨] **"यो वेदादौ स्वरः प्रोक्तो वेदान्ते च प्रतिष्ठितः ।"**[૩]

ઉપનિષદોના પરસ્પર વિરુદ્ધ લાગતા અર્થોનો સમન્વય કરવામાં આવ્યો હોવાથી બ્રહ્મસૂત્ર કે ઉત્તરમીમાંસાને તેમજ શ્રીમદ્ભગવદ્ગીતાને પણ વેદાંત કહેવાય છે. આમ વેદાન્તના વિપુલ સાહિત્યમાં ઉપનિષદ, બ્રહ્મસૂત્ર અને ભગવદ્ગીતા એ ત્રણ સ્રોત અથવા પ્રસ્થાનનો સમાવેશ થાય છે, જે 'પ્રસ્થાનત્રયી' તરીકે પ્રસિદ્ધ છે. વેદ અથવા શ્રુતિનાં અવિચ્છેદ્ય અંગ કે અંશ હોવાથી ઉપનિષદોને શ્રુતિપ્રસ્થાન કહ્યાં છે. સ્મૃતિઓમાં પરિગણિત હોવાથી ભગવદ્ગીતાને સ્મૃતિપ્રસ્થાન અને ઉપનિષદોના સિદ્ધાંતોનું સુસંગત તથા સુવ્યવસ્થિત નિરૂપણ કરવામાં આવેલું હોવાથી બ્રહ્મસૂત્રને ન્યાયપ્રસ્થાન કહેવામાં આવે છે.

ભારતીય દર્શનનું કેન્દ્ર મનુષ્ય છે. સમસ્ત માનવજાતિનાં સર્વદુઃખોને દૂર કરીને અક્ષય સુખ અને શાન્તિની પ્રાપ્તિ કરવી એ જ ભારતીય દાર્શનિકો તથા વિચારકોનો પ્રયાસ રહ્યો છે. આ પ્રયાસના ફૂલસ્વરૂપ જે સર્વશ્રેષ્ઠ દર્શન અસ્તિત્વમાં આવ્યું તે જ વેદાંત છે. સર્વદર્શનોમાં

'સ્વાધ્યાય', પુ. ૨૫, અંક ૧-૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૮૭-જાન્યુઆરી ૧૯૮૮, પૃ. ૧૧૭-૧૨૨.

* શ્રીમતી જે. પી. શ્રોફ, આર્ટ્સ કૉલેજ, વલસાડ.

૧ શ્વે. ઉ. ૬-૨૨, ૨ મું. ઉ. ૩-૨-૬, ૩ મહા. ના. ૧૦-૯.

વેદાંત મૂર્ધન્ય દર્શન ગણાય છે, કેમ કે વેદાન્તનો દૃષ્ટિકોણ જ ભારતીય પરંપરા, રાજનીતિ, અર્થનીતિ ઇત્યાદિનો બૌદ્ધિક આધાર છે. મુક્તિકોપનિષદના આધારે પોતાના ગ્રંથ "ભારતીય દર્શન ભા. ૨"માં ડૉ. રાધાકૃષ્ણને સાચું જ કહ્યું છે કે: 'तिलेषु तैलवद् वेदे वेदान्ताः सुप्रतिष्ठिताः ।' ભારતીય ચિન્તનધારાની ચરમ પરિણતિ વેદાન્તમાં થઈ છે. માનવસમસ્યાને પોતાનો વિષય બનાવીને જ ભારતીય દર્શન આગેકૂચ કરે છે, એ જ એની વિશિષ્ટતા છે.

ભારતીય દર્શનમાં વેદાંત સર્વોપરિ દર્શન મનાતું હોવાથી દરેક આચાર્ય પોતાના દાર્શનિક તથા ધાર્મિક મતોનો પ્રચાર કે નિરૂપણ પ્રસ્થાનત્રયી દ્વારા અનુમોદિત છે, એમ પ્રસ્થાપિત કરવા માટે આ ત્રણે પ્રસ્થાનો પર ભાષ્યો રચે છે, જેથી તેમનો મત સર્વજનગ્રાહ્ય તથા પ્રામાણિત છે, એમ અન્ય દ્વારા સ્વીકૃત થાય છે. આ રીતે વેદાન્તના વિકાસક્રમમાં અનેક સંપ્રદાયો પ્રચલિત થયા છે અને તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં કેવલાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, શુદ્ધાદ્વૈત જેવા અનેક સંપ્રદાયો અસ્તિત્વમાં આવ્યા છે.

વેદાન્તમાં બ્રહ્મ, જીવ, જગત તથા અન્ય આનુષંગિક વિષયો પર નિશ્ચિત મત આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે, જેનું પ્રતિબિંબ આચાર્યોના ભાષ્યોમાં પણ પડયું છે. આ સર્વ વેદાંતસાહિત્યનો આધાર લઈને પ્રસ્તુત લેખમાં જીવાત્માના સ્વરૂપનો વિચાર કરવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે. જો કે વેદાન્તગ્રંથોમાં વિવિધ વિચારસરણી હોવાથી એના તત્ત્વજ્ઞાન વિશે નિશ્ચયપૂર્વક નિર્ણય કરવો દુષ્કર તો છે જ.

પરમતત્ત્વ એક જ છે એ વિશે તત્ત્વચિંતકોમાં ઝાઝો મતભેદ નથી, અર્થાત્ એમાં અદ્વૈત-મતનું પ્રતિપાદન થયેલું છે. તે જ પ્રમાણે વેદાંતમાં આત્મા અને બ્રહ્મના અભેદ કે અદ્વૈતનો પણ સ્વીકાર કરવામાં આવ્યો છે. જેમ કે: 'अयमात्मा ब्रह्म ।'[૧] 'अहं ब्रह्मास्मि'[૨] 'तत्त्वमसि ।'[૩] 'यत्साक्षादपरोक्षाद् ब्रह्म य आत्मा सर्वान्तरः ।'[૪]

છાંદોગ્ય ઉપનિષદ્[૫] ઉપરના શાંકરભાષ્યમાં કહ્યું છે કે: 'आत्माब्रह्मशब्दयोरितरेतर-विशेषण-विशेष्यत्वम् । ब्रह्मेत्यध्यात्मपरिच्छिन्नमात्मानं निवर्तयत्यात्मेति चात्मन्यतिरिक्तस्यादित्यादिब्रह्मण उपास्यत्वं निवर्तयति । अभेदेनात्मैव ब्रह्म ब्रह्मैवात्मेत्येवं सर्वात्मा वैश्वानरो ब्रह्म स आत्मेत्येतत्सिद्धं भवति ।' આમ આત્મા અને બ્રહ્મનો અભેદ હોવાથી આત્મા જ બ્રહ્મ છે અને બ્રહ્મ જ આત્મા છે. તેમ જ સર્વાત્મા વૈશ્વાનર બ્રહ્મ છે અને તે જ આત્મા છે, એ સિદ્ધ થાય છે. અન્ય શ્રુતિઓમાં પણ બંનેનું અભેદત્વ બતાવ્યું છે, જેમ કે: 'ब्रह्म एव सन् ब्रह्म अप्येति ।'[૬] 'तत् सृष्ट्वा तदेवानुप्राविशत् ।'[૭] 'अनेन जीवेनात्मनाऽनुप्रविश्य नामरूपे व्याकरवाणि ।'[૮]

જીવ બ્રહ્મથી વિભક્ત વિકાર છે એમ કહી શકાય નહિ. કેમ કે શ્રુતિમાં સ્પષ્ટ જ કહ્યું છે કે જે પ્રમાણે આકાશનો વિભાગ ઘટાકાશ સાથે તે જ પ્રમાણે બુદ્ધિ આદિ ઉપાધિ સંબંધથી જીવ પ્રવિભક્ત હોય એમ લાગે છે. તેમ જ: 'एको देवः सर्वभूतेषु गूढः सर्वव्यापी

---

૧ માં. ઉ. ૨, ૨ બૃ. ઉ. ૧-૪-૧૦, ૩ છાં. ઉ. ૬-૮-૭, ૪ બૃ. ઉ. ૩-૪-૧, ૫ છાં. ઉ. ૫-૧૧-૧, ૬ બૃ. ઉ. ૪-૪-૬, ૭ તૈ. ઉ. ૩-૬-૧, ૮ છાં. ઉ. ૬-૩-૨.

सर्वंभूतान्तरात्मा ।'[૧] 'स वा अयमात्मा ब्रह्म विज्ञानमयो मनोमयः प्राणमयश्चक्षुर्मयः श्रोत्रमयः ।'[૨] ઇત્યાદિ શ્રુતિઓમાં પણ બ્રહ્મ અને આત્માના અભેદનું કથન છે. ભગવદ્ગીતામાં પરમાત્માને જીવાત્માનો મિત્ર અને સખા કહીને, એ બંને કરતાં પણ એકતામાં ચઢિયાતો એવો પ્રિયતમ–પ્રિયતમાનો સંબંધ[૩] કહ્યો છે, જે અર્જૂન પ્રાર્થે છે. વળી 'क्षेत्रज्ञं चापि मां विद्धि'।[૪] 'तथा जीवभूता पराप्रकृति ।'[૫] આદિ વચનોમાં પણ બંનેનું અભેદત્વ સમજાય છે.

જીવના નિત્યત્વનું પ્રતિપાદન પણ શ્રુતિઓમાં કર્યું છે, જેમ કે: 'अयमात्मा अजरः अमरः ।'[૬] 'न जायते म्रियते वा कदाचित् ।'[૭] 'अत्र आत्मा स्वयंज्योतिर्भवति ।'[૮] 'न जीवो म्रियते ।'[૯] ઇત્યાદિ. ભગવદ્ગીતામાં પણ જીવના નિત્યત્વનું સમર્થન કરતાં કહ્યું છે કે: "નિત્ય, અવિનાશી અને અપ્રમેય શરીરધારી (આત્મા)નાં આ શરીરો નાશવંત છે."[૧૦] તેમ જ 'नायं हन्ति न हन्यते ।'[૧૧] તથા 'न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः । अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥'[૧૨] "આ આત્મા અવિનાશી, નિત્ય, અજન્મા અને અવિકારી છે".[૧૩] "આ આત્માને શસ્ત્રો છેદતાં નથી, અગ્નિ બાળતો નથી, પાણી ભીંજવતું નથી કે પવન સૂકવતો નથી."[૧૪] "સર્વનાં શરીરમાં રહેલો આ દેહધારી (આત્મા) નિત્ય અવધ્ય છે."[૧૫] સૂત્રકારે પણ બ્રહ્મસૂત્રમાં 'ज्ञोऽत एव'।[૧૬]માં આત્માને નિત્ય ચૈતન્ય કહ્યો છે.

આ રીતે જીવનું નિત્યત્વ દર્શાવ્યું હોવાથી કહી શકાય કે જીવની ઉત્પત્તિ થતી નથી. પરંતુ કેટલીક શ્રુતિઓમાં જીવાત્માની ઉત્પત્તિ અને પ્રલય વિશે કહ્યું છે. એક અને અદ્વિતીય બ્રહ્મ લીલાર્થે અગણિતરૂપે આત્માને વ્યક્ત કરે છે. પરમાત્મા એ એકાકી ક્રીડા કરવાની ઇચ્છા ન રાખી અને બીજાની ઇચ્છા કરી. જેમ કે: 'एकाकी न रमते स द्वितीयमैच्छत् ।'[૧૭] તેમ જ 'तदेतत्सत्यं यथा सुदीप्तात्पावकाद्विस्फुलिंगाः सहस्रशः प्रभवन्ते सरूपाः । तथाऽक्षराद्विविधाः सोम्य भावाः प्रजायन्ते तत्र चैवापियन्ति ।'[૧૮] આ રીતે અગ્નિવિસ્ફુલ્લિંગોની જેમ જીવાત્માની પરબ્રહ્મથી ઉત્પત્તિ શ્રવણ કરાય છે. તેમ જ જેમ અગ્નિમાંથી ક્ષુદ્ર વિસ્ફુલ્લિંગો ઊંચે ચઢે છે તેમ આ આત્મામાંથી સર્વ પ્રાણો નીકળે છે. બૃહદારણ્યકોપનિષદમાં[૧૯] પણ એનું સમર્થન કરવામાં આવ્યું છે.

પ્રસ્થાનત્રયીમાં જીવને બ્રહ્મનો અંશ ગણાવતાં કહ્યું છે કે: 'ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।'[૨૦] 'अंशो नानाव्यपदेशात् ।'[૨૧] તેમ જ 'पादोऽस्य विश्वा भूतानि।'[૨૨] આ રીતે જ જીવને બ્રહ્માંશ કહેનારાં પર્યાપ્ત પ્રમાણો પ્રાપ્ત થાય છે. જીવને બ્રહ્મનો અંશ માનવાથી બ્રહ્મ જીવનાં દૂષણોથી દૂષિત થતો નથી.[૨૩] કેમ કે જીવનાં સુખઃદુખાદિ બ્રહ્મને

---

૧ શ્વે. ઉ. ૬-૧૧, ૨ બૃ. ઉ. ૪-૪-૫, ૩ ભ. ગી. ૧૧-૪૪, ૪ ભ. ગી. ૧૩-૩, ૫ ભ. ગી. ૭-૫, ૬ બૃ. ઉ. ૪-૪-૨૫, ૭ ક. ઉ. ૨-૧૮, ૮ બૃ. ઉ. ૪-૩-૯, ૯ છાં. ઉ. ૬-૧૧-૩, ૧૦ ભ. ગી. ૨-૧૮, ૧૧ ભ. ગી. ૨-૧૯, ૧૨ ભ. ગી. ૨-૨૦, ૧૩ ભ. ગી. ૨-૨૧, ૧૪ ભ. ગી. ૨-૨૩, ૧૫ ભ. ગી. ૨-૩૦, ૧૬ બ્ર. સૂ. ૨-૩-૧૮, ૧૭ બૃ. ઉ. ૧-૪-૩, ૧૮ મું. ઉ. ૨-૧-૧, ૧૯ બૃ. ઉ. ૪-૩-૮, ૨૦ ભ. ગી. ૧૫-૭, ૨૧ બ્ર. સૂ. ૨-૩-૪૩, ૨૨ ઋ. ૧૦-૯૦-૩, ૨૩ બ્ર. સૂ. ૨-૩-૪૬.

સ્પર્શતાં નથી એમ પણ વેદાંતમાં જ કહ્યું છે: 'एकस्तथा सर्वभूतान्तरात्मा न लिप्यते लोकदुःखेन बाह्यः ।'[૧] 'अनश्नन् अन्यः अभिचाकशीति ।'[૨] તેમ જ 'कर्मात्मा तु अपरो योऽसौ मोक्षबन्धैः स युज्यते ।'[૩]

સર્વજીવોને બ્રહ્માંશ સ્વીકારવાથી જીવોમાં પરસ્પર વ્યક્તિગત ભેદ ન રહેવાથી સ્વામી–સેવક વગેરેની જેમ સમાન સ્થિતિ થઈ જવાની શંકા કરવાની જરૂર નથી, કારણ કે સર્વે જીવાત્માઓ સમાન હોવા છતાં તેમનો સંબંધ ભિન્નભિન્ન શરીરો સાથે રહેલો છે. સંસારી અવસ્થામાં આ જીવોને પોતપોતાની ઉપાધિ, મર્યાદા, અનુજ્ઞા, નિષેધ આદિ હોય છે, એમ બ્રહ્મસૂત્રમાં[૪] કહ્યું જ છે. દરેક દેહમાં રહેલા જીવનાં કાર્યો પણ પરસ્પર ભિન્ન છે. વળી કોઈ વ્યક્તિને હાથ–પગ વગેરે અવયવોમાં પીડા થાય તો તે જીવ કષ્ટ અનુભવે છે તે પ્રમાણે બ્રહ્મ પણ કષ્ટ અનુભવશે એમ પણ નથી, કેમ કે અગ્નિ અન્યને બાળે છે, કિન્તુ તેની દાહકશક્તિનો તેના પોતાના પર કોઈ પ્રભાવ પડતો નથી અને પ્રકાશ જે વસ્તુઓને પ્રકાશિત કરે છે તે વસ્તુઓનો કોઈ પ્રભાવ પ્રકાશ પર પડતો નથી, તે જ પ્રમાણે જીવાત્માનાં સુખદુઃખોની અસર પરમાત્મા પર થશે નહિ. આમ જીવાત્માનું પોતાનું વ્યક્તિત્વ અલગ રહે ત્યાં સુધી તે પરમાત્માનો અંશ છે, પરંતુ મુક્તિની અવસ્થામાં તે બ્રહ્મ સાથે એકાકાર થઈ જાય છે.

વેદાંતવચનોને આધારે જીવાત્મા સ્વયં કર્તા અને ભોક્તા છે કે કેમ, તેમ જ આ કર્તૃત્વ–ભોકતૃત્વ પરમાત્મપ્રેરિત છે કે, પરમાત્મા જીવાત્માકૃત કર્મની અપેક્ષા રાખે છે, તેનો નિર્ણય કરવાનો પ્રયત્ન પણ થયો છે. પરમાત્મા અચિન્ત્યૈશ્વર્યસંપન્ન છે. શ્રુતિ પરમાત્માને જ સર્વફલદાતા તરીકે પ્રતિપાદિત કરે છે. 'पराभिध्यानात्'માં[૫] સૂત્રકાર કહે છે કે પરમાત્માની ઇચ્છાથી જ જીવાત્મામાં પરમાત્મત્વ તિરોહિત થાય છે.

'लोकवत्तु लीलाकैवल्यम् ।'[૬] સૂત્ર પ્રમાણે કેવલ સ્વલીલાર્થે બ્રહ્મ સ્વેચ્છાથી આત્માને સર્જે છે. તેથી પોતાના અંશ એવા જીવાત્માનો પરમાત્મા અધિપતિ છે. 'परात्तु तच्छ्रुतेः ।'[૭] તેમ જ 'कृतप्रयत्नापेक्षस्तु विहितप्रतिषिद्धावैयर्थ्यादिभ्यः ।'[૮] એ બંને સૂત્રો દ્વારા પણ સમજાય છે કે જીવાત્મા કર્તા છે તથાપિ તે કર્તૃત્વ બ્રહ્મ પાસેથી પ્રાપ્ત કરે છે, અર્થાત્ જીવાત્માનું કર્તૃત્વ બ્રહ્માધીન છે. શ્રુતિઓમાં પણ કહ્યું છે કે–'अन्तःप्रविष्टः शास्ता जनानाम् ।'[૯] 'एष एव साधु कर्म कारयति ।'[૧૦] તેમ જ 'य आत्मनि तिष्ठन् आत्मनोऽन्तरो यमात्मा न वेद यस्य आत्मा शरीरं यमात्मानमन्तरो यमयति स न आत्मा अन्तर्याम्यमृतः ।'[૧૧]

આ જીવરૂપી અંશ કર્મફલભોક્તા હોવા છતાં તે પોતાના બ્રહ્મસ્વરૂપે સદૈવ પાણીમાં રહેલા પદ્મપત્રની જેમ નિર્મલ અને નિર્લિપ્ત છે. 'न अन्यः अतः कर्त्ता न अन्यः अतो द्रष्टा ।' ઇત્યાદિ શ્રુતિવચનો જીવના કર્તૃત્વનો અભાવ કહેતાં નથી પરંતુ જીવનું કર્તૃત્વ બ્રહ્મહેતુક છે એમ કહે છે. જડપ્રધાનનાં કર્તૃત્વનો સાંખ્યનો સિદ્ધાંત સૂત્રકારને ગ્રાહ્ય હોય એમ લાગતું નથી, કેમ કે

---

૧ ક. ઉ. ૫–૧૧, ૨ મું. ઉ. ૩–૧–૧ અને શ્વે. ઉ. ૪–૬, ૩ મ. શાન્તિ. ૩૬૧–૧૪–૧૫, ૪ બ્ર. સૂ. ૨–૩–૪૮, ૫ બ્ર. સૂ. ૩–૨–૫, ૬ બ્ર. સૂ. ૨–૧–૩૩, ૭ બ્ર. સૂ. ૨–૩–૪૧, ૮ બ્ર. સૂ. ૨–૩–૪૨, ૯ તૈ. આ. ૩–૧૧ ૧૦ કૌ. ઉ. ૩૮, ૧૧ બૃ. ઉ. ૩–૭.

સૂત્રકાર તો ચેતનતત્ત્વમાં જ કર્તાપણું સ્વીકારે છે. સૂત્રકારના પ્રસ્તુત મત સાથે ભાષ્યકારો મહદંશે સંમત છે. છતાં પણ ડૉ. બેલ્વલ્કરના મત પ્રમાણે બ્રહ્મસૂત્રનું ૨–૩–૪૦મું સૂત્ર ભાષ્યકારો સ્પષ્ટ રીતે સમજાવી શક્યા નથી. સંસારી અવસ્થામાં જીવની પ્રવૃત્તિ અને મોક્ષાવસ્થામાં નિવૃત્તિ વિશે કહેવામાં આવ્યું છે. કારણ કે મુક્તાવસ્થામાં જીવ કર્તૃત્વ ત્યજી દે છે.

હવે જો પરમાત્મા જ જીવાત્મા પાસે સર્વે કર્મો કરાવે તો સર્વ જીવોમાં સુખદુઃખરૂપ તે તે કર્મનું અને ફળનું વૈષમ્ય કેવી રીતે પ્રાપ્ત થાય, એનું નિરાકરણ કરવાનો પ્રયત્ન પણ વેદાંતમાં થયો છે. જેમ કે : **'वैषम्यनैर्घृण्ये न सापेक्षत्वात्तथा हि दर्शयति ।'**[1] તેમ જ અન્યત્ર[2] પણ કહ્યું છે કે જીવે કરેલા ધર્મ અને અધર્મના વૈષમ્યની અપેક્ષાવાળો જ પરમાત્મા જીવોને પૂર્વકર્માનુસાર ફલ આપે છે, જેથી કેટલાક જીવો પર અતિદયાળુત્વ અને કેટલાક પર અતિ-ક્રૂરત્વનો દોષ પરમાત્માને લાગુ પડી શકે નહિ. આથી જ **'કૃતપ્રયત્નાપેક્ષ'** અર્થાત્ 'જીવકૃત-પ્રયત્નાપેક્ષ' એમ અર્થ કરીને અનાદિ સંસારમાં જીવકૃત કર્મપ્રવાહ પણ અનાદિકાળથી પ્રવર્તમાન છે, એવો સ્વીકાર કરવો જોઈએ.

જીવાત્મા કોઈ પણ કાર્ય કરવા ન ઇચ્છે તો પણ અવશ બનીને તેને તે કર્મ કરવું પડે છે, એ મંતવ્યને સમર્થન આપતાં ગીતામાં[3] કહ્યું છે કે–"કોઈ પણ ક્ષણવાર કર્મ કર્યા વિના કદી રહેતું જ નથી, કારણ કે પ્રકૃતિથી જન્મેલા ગુણો સર્વને પરવશ બનાવી કર્મ કરાવે છે. આ જ ગ્રંથમાં અન્યત્ર પણ કહ્યું છે કે : **'कर्तुं नेच्छसि यन्मोहात्करिष्यस्यवशोऽपि तत् ॥'**[4] તથા **'भ्रामयन्सर्वभूतानि यन्त्रारूढानि मायया ।'**[5] આમ સર્વે જીવો પરમાત્માને અધીન છે. પરમાત્મા સર્વના હૃદયમાં પ્રતિષ્ઠિત હોવા છતાં તે જીવની જેમ સુખદુઃખાદિથી અભિભૂત થતો નથી.

જીવાત્મા વિભુપરિમાણ છે કે અણુપરિમાણ એ વિષે પણ વેદાંતમાં નિશ્ચિત મત આપવાનો પ્રયત્ન દૃષ્ટિગોચર થાય છે. કેટલીક શ્રુતિઓમાં જીવનું વિભુત્વ પ્રતિપાદિત કરતાં કહ્યું છે કે– **'सर्वव्यापी सर्वभूतान्तरात्मा ।'**[6] **'स वा एष महानज आत्मा ।'**[7] તથા **'आकाशवत्सर्वगतश्च नित्यः ।"**[8] અન્ય શ્રુતિઓમાં જીવનું અણુત્વ નિરૂપવામાં આવ્યું છે, જેમ કે–**'एषोऽणुरात्मा चेतसा वेदितव्यः ।'**[9] તેમ જ **'स्वयं विहृत्य स्वयं निर्माय ॥'**[10] શ્વેતાશ્વતર ઉપનિષદમાં પણ કહ્યું છે કે–"વાળના અગ્રભાગના દશહજારમા ભાગ જેટલો જીવાત્મા છે એમ જાણવું."[11]

સૂત્રકાર પણ કહે છે કે, **'नाणुरतच्छ्रुतेरिति चेन्नेतराधिकारात् ।'**[12] વળી "જીવના ઉત્ક્રમણ, ગમન અને આગમનનું શ્રવણ છે તેથી જીવ પરિચ્છિન્ન અર્થાત્ ધર્યત્તા વિશિષ્ટ કે અણુપરિમાણ છે."[13] વળી **'स्वात्मना चोत्तरयोः ॥'**[14] આ સૂત્રમાં કર્તા સાથે સંબંધથી જીવ અણુમાપ છે. તેમ જ **'गुहां प्रविष्टौ आत्मानौ ।'**[15] અર્થાત્ (હૃદયાકાશરૂપી) ગુહાની અંદર જીવાત્મા અને પરમાત્મા રહેલા છે, એમ કહી જીવનું અણુપરિમાણ સિદ્ધ કરવામાં

---

૧ બ્ર. સૂ. ૨–૧–૩૪, ૨ બ્ર. સૂ. ૨–૩–૪૨, ૩ ભ. ગી. ૩–૫, ૪ ભ. ગી. ૧૮–૬૦, ૫ ભ. ગી. ૧૮–૬૧, ૬ શ્વે. ઉ. ૬–૧૧, ૭ બૃ. ઉ. ૪–૪–૨૨, ૮ તૈ. ઉ. ૨–૧–૧, ૯ મું. ઉ. ૩–૧–૯, ૧૦ બૃ. ઉ. ૪–૩–૯, ૧૧ શ્વે. ઉ. ૫–૯, ૧૨ બ્ર. સૂ. ૨–૩–૨૧, ૧૩ બ્ર. સૂ. ૨–૩–૧૯, ૧૪ બ્ર. સૂ. ૨–૩–૨૦, ૧૫ બ્ર. સૂ. ૧–૨–૧૧,

આવ્યું છે. જો કે ડૉ. બેલ્વલ્કરના મંતવ્ય પ્રમાણે 'જીવ અણુ છે' એવા વૈશેષિકોના સિદ્ધાંતનું ખંડન કર્યું હોવાથી, માત્ર વ્યાવહારિક દૃષ્ટિએ જ જીવને અણુ તરીકે સ્વીકાર્યો હશે એમ કહી શકાય. રામાનુજાચાર્ય અને વલ્લભાચાર્ય મુક્તાવસ્થામાં પણ જીવને અણુપરિમાણ જ કહે છે. જો કે વલ્લભાચાર્યના મત મુજબ અણુરૂપ હોવા છતાં જીવ બ્રહ્મના સ્વરૂપ જેવો જ છે અને તેથી બ્રહ્મથી અભિન્ન છે.

'अधिकं तु भेदनिर्देशात् ।'[૧] તથા 'सम्भोगप्राप्तिरिति चेन्न वैशेष्यात् ।'[૨] ઇત્યાદિ વચનોમાં જીવાત્મા કરતાં પરમાત્મા અત્યન્ત વૈશિષ્ટ્ય ધરાવે છે એમ કહ્યું છે. "ભગવાનની ઇચ્છાથી જ જીવના ઐશ્વર્યાદિ ગુણો તિરોહિત થઈ ગયા છે, અને તેથી જ જીવને બંધ અને વિપર્યય થાય છે."[૩] એમ કહી બ્રહ્મને જીવથી અધિક કહ્યું છે. બ્રહ્મસૂત્રમાં જીવને બ્રહ્મનો આભાસ પણ કહ્યો છે, કેમ કે તેમાં બ્રહ્મની સર્વ દિવ્યશક્તિઓ તિરોહિત થાય છે. અનન્ત બ્રહ્મની સ્વલ્પાતિસ્વલ્પ અભિવ્યક્તિ જીવાત્મા દ્વારા થાય છે. બ્રહ્મના ઐશ્વર્યના તિરોભાવથી જ જીવ દુઃખભાગી બને છે અને જન્માદિ સર્વઆપત્તિઓ પ્રાપ્ત કરે છે. આમ વેદાંતદર્શનમાં જીવાત્માના સ્વરૂપ વિશે વિવિધ રીતે મીમાંસા કરવામાં આવી છે.

---

૧ બ્ર. સૂ. ૨-૧-૨૨, ૨ બ્ર. સૂ. ૧-૨-૮, ૩ બ્ર. સૂ. ૩-૨-૫.

લલિતાસહસ્રનામ અને શંકરાચાર્યકૃત સૌન્દર્ય–લહરીમાં કુંડલિનીવર્ણન–તુલનાત્મક અધ્યયન*

લાભશંકર એમ. જોશી*

તન્ત્રદર્શનના ગ્રન્થોમાં પરમશક્તિ (દેવી)નાં જુદા જુદાં સ્વરૂપો વર્ણવવામાં આવ્યાં છે. કેટલાક ગ્રન્થોમાં સ્થૂળ, સૂક્ષ્મ અને પર એમ ત્રણ સ્વરૂપો વર્ણવવામાં આવેલ છે, જે પૈકી સ્થૂળ વર્ણનમાં શારીરિક વર્ણન આવે છે. સૂક્ષ્મસ્વરૂપમાં મન્ત્રાત્મક સ્વરૂપ અથવા કુંડલિની સ્વરૂપનું વર્ણન જોવા મળે છે. જ્યારે પર સ્વરૂપને વેદાન્તમાં વર્ણવેલ નિર્ગુણ બ્રહ્મની જેમ વર્ણવવામાં આવેલ છે. બ્રહ્માંડપુરાણાન્તર્ગત લલિતાસહસ્રનામ (લ.સ.)માં વધારે વિસ્તારથી આ સ્વરૂપનું વર્ણન છે. અહીં પાંચ સ્વરૂપમાં તેનું વિભાજન દૃશ્યમાન થાય છે. (૧) સ્થૂળ: જેમાં શારીરિક વર્ણન છે. સૂક્ષ્મ આ સ્વરૂપને સૂક્ષ્મ, સૂક્ષ્મતર તથા સૂક્ષ્મતમ એમ ત્રણ સ્વરૂપમાં વિભાજિત કરેલ છે. સૂક્ષ્મસ્વરૂપ એટલે પંચદશાક્ષરી મન્ત્રસ્વરૂપ, સૂક્ષ્મતરસ્વરૂપ એટલે કામકલા અને સૂક્ષ્મતમસ્વરૂપ એટલે કુંડલિની. પાંચમું સ્વરૂપ પર સ્વરૂપ (નિર્ગુણ સ્વરૂપ) આમ લ.સ. લલિતાદેવીનાં સહસ્રનામોમાં ઉપરોકત સર્વ સ્વરૂપોનું વર્ણન જોવા મળે છે. સાથે સાથે તન્ત્રદર્શનના મહત્ત્વના સિદ્ધાન્તોનું પણ નિરૂપણ લ.સ.માં કરેલ છે. અને તેથી જ તન્ત્રસાહિત્યમાં આગવું અને મહત્ત્વનું સ્થાન પામેલ છે.

લ.સ.માં આવતાં લલિતાદેવી (મહાત્રિપુરસુન્દરી)નાં સહસ્રનામોમાં મૂલાધારચક્રમાં સાડાત્રણવૃત્તમાં સર્પાકારે રહેલી કુંડલિનીશક્તિ (દેવીનું સૂક્ષ્મતમ સ્વરૂપ)નું ખૂબ જ ઝીણવટભર્યું વર્ણન કર્યું છે. સહસ્રનામ ક્રમાંક ૯૦ થી ૧૧૧ અને અન્ય નામોમાં, જે વર્ણન છે તે નીચે મુજબ છે.

કુંડલિની એ મહાશક્તિ છે (૧૦૯),[1] એ કમળનાળના સૂક્ષ્મતંતુ જેવી પાતળી અને સુંવાળી છે (૧૧૧), તે સુષુમ્ણામાર્ગના અંતમાં રહેલી છે (૯૩), અને તેથી જ કૌલિની તેમ જ કુલયોગિની કહેવાય છે (૯૪, ૯૫). આ કુંડલિની મૂલાધારચક્રમાં રહેલી છે (૯૦), જે કુલકુંડ તરીકે ઓળખાય છે (૪૪૦), તે સહસ્રારમાં રહેલા પર શિવના સંયોગ માટે સદાય તત્પર રહે છે (૯૮), તે અકુલા છે (૯૬), ષટ્ચક્રમાં તે ભિન્ન ભિન્ન નામથી અધિષ્ઠાત્રી

'સ્વાધ્યાય', પુ. ૨૫, અંક ૧-૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૮૭-જાન્યુઆરી ૧૯૮૮, પૃ. ૧૨૩-૧૨૬.

★ ગુજરાત રાજય યુનિવર્સિટી અને કૉલેજ સંસ્કૃત અધ્યાપક મંડળના વડોદરા મુકામે, (મ. સ. યુનિ. દ્વારા) યોજાયેલા ૧૧મા અધિવેશનમાં વાંચવામાં આવેલ શોધપત્ર.

* સંસ્કૃત, પાલિ અને પ્રાકૃત વિભાગ, ફેકલ્ટી ઑફ આર્ટ્સ, વડોદરા.

૧ કૌંસમાં આપેલ ક્રમાંક સહસ્રનામમાં આવતાં નામનો ક્રમાંક છે.

તરીકે રહેલી છે. તેથી જ તે કુલેશ્વરી (૪૩૦) છે, તે જાગૃત થાય છે ત્યારે બ્રહ્મગ્રન્થિ (૧૦૦)નું છેદન કરી મણિપૂરચક્રમાં આવે છે (૧૦૧), ત્યારબાદ વિષ્ણુગ્રન્થિનું ભેદન કરી (૧૦૨), આજ્ઞાચક્રમાં આવે છે (૧૦૩), અને છેલ્લી ગ્રન્થિ રુદ્રગ્રન્થિનું ભેદન કરી (૧૦૪), સહસ્રારમાં આવે છે (૧૦૫), ત્યાં આવીને તે અમૃતધોધ વહાવે છે જેનો સ્વાદ કુંડલિનીને ખૂબ જ પ્રિય છે (૯૦). આમ ષટ્ચક્રો (૧૦૬)ની ટોચ ઉપર આરૂઢ તે વીજળીની જેમ કાંતિમય લાગે છે (૧૦૭), આ કુંડલિની (૧૦૮), કુલમાર્ગનિવાસિની કહેવાય છે (૯૨), છતાં તે આ માર્ગ (સુષુમ્ણામાર્ગ)નાં સઘળા સંકેતો તથા રહસ્યને ગુપ્ત રાખે છે (૯૧).

આમ કુંડલિનીઉત્થાન તથા આરોહણમાર્ગનું ક્રમશ: વર્ણન અહીં કરેલ છે. મુખ્યત્વે ત્રણગ્રન્થિ અને ષટ્ચક્રો પૈકી ચાર ચક્રોનો વાચ્ય ઉલ્લેખ કર્યા બાદ ફરી એકવાર ૪૭૫ થી ૫૩૪ નામોમાં કુંડલિનીયોગનું વિસ્તૃત વર્ણન લ.સ.માં જોવા મળે છે જે આબેહૂબ લાગે છે. અહીં દેવીના કુંડલિનીસ્વરૂપને વિવિધચક્રોમાં વિવિધ યોગિનીરૂપે દર્શાવેલ છે, જે મનુષ્યદેહની સપ્તધાતુઓ ઉપર પ્રભુત્વ ધરાવે છે. આ નામોમાં વર્ણન આ મુજબ છે.

કુંડલિની વિશુદ્ધિચક્રમાં ડાકિની નામની યોગિનીસ્વરૂપે રહે છે. તેનો વર્ણ ગુલાબી છે. તે ત્રણ આંખોવાળી અને એક મુખવાળી છે. શરીરમાં ત્વચા ઉપર પ્રભુત્વ ધરાવનારી આ યોગિનીને દૂધમિશ્રિત નૈવેદ્ય પ્રિય છે. આ યોગિની ખટ્વાંગ, ખંગ, ત્રિશિખ અને મહાચર્મ આમ ચાર આયુધોથી સજ્જ એવી અજ્ઞાનીઓને ડરાવનારી છે અને અહીં તે અમૃતાદિ ૧૬ માતૃકાઓથી આવૃત્ત થઈ બિરાજે છે.

આમ અનાહત, મણિપૂર, સ્વાધિષ્ઠાન, મૂલાધાર, આજ્ઞા અને સહસ્રારચક્રમાં ક્રમે કરીને રાકિની, લાકિની, કાકિની, સાકિની, હાકિની તથા યાકિની નામની યોગિનીસ્વરૂપે કુંડલિની વિરાજે છે તથા તેનાં વર્ણ, આયુધ, મુખ, પ્રિયાન્ન, માતૃકાશક્તિઓ અને સ્વરૂપનું વર્ણન લ.સ.માં કરેલ છે. જેનું પ્રથમ દૃષ્ટિપાતથી જ સંપૂર્ણ જ્ઞાન મળે તે હેતુસર અત્રે એક કોષ્ટક રજૂ કરેલ છે.[1]

આમ લ. સ.માં કુંડલિનીયોગનું વર્ણન અન્ય તંત્રગ્રન્થોમાં ઉપલબ્ધ થતાં વર્ણનો કરતાં વિશદ, વિસ્તૃત અને આબેહૂબ છે.

શંકરાચાર્યવિરચિત સૌન્દર્યલહરીમાં કુંડલિનીવર્ણન આ મુજબ જોવા મળે છે. કુંડલિનીશક્તિ પૃથ્વીતત્ત્વને મૂલાધારમાં, જળતત્ત્વને મણિપૂરમાં, અગ્નિતત્ત્વને સ્વાધિષ્ઠાનમાં, વાયુતત્ત્વને હૃદયમાં (એટલે કે અનાહતચક્રમાં) અને આકાશતત્ત્વને ભ્રૂમધ્યમાં (આજ્ઞાચક્રમાં) આમ સકલ કુલમાર્ગને ભેદીને સહસ્રારપદ્મમાં ઈશ્વર સાથે (શિવ સાથે) એકાંતમાં અથવા તો ગુપ્ત રીતે વિહાર કરે છે.[2]

---

૧ જુઓ, આ લેખને અંતે.

૨ **महीं मूलाधारे कमपि मणिपूरे हुतवहं स्थितं स्वाधिष्ठाने हृदिमरुतमाकाशमुपरि ।**
मनोऽपि भ्रूमध्ये सकलमपि भित्त्वा कुलपथं सहस्रारे पद्मे सह रहसि पत्या विहरसे ॥
सौन्दर्यलहरी. श्लोक नं. ९.

આમ કુંડલિની ષટ્ચક્રને ભેદી આરોહણ કર્યા બાદ અવરોહણ કરે છે. જેમ કે[૧] પોતાના ચરણયુગલોમાંથી સુધારસને વહાવતી અને સમગ્ર પ્રપञ્ચ ૭૨૦૦૦ નાડીના માર્ગ[૨] ઉપર સિંચન કરતી તે સહસ્રારના ચંદ્રથી છૂટી પડીને ફરીને પોતાના નિવાસમાં આવી સર્પાકારે સાડાત્રણ વૃત્તમાં પોતાના સ્વરૂપને ફેરવી કુલકુંડ ગુહામાં[૩] નિદ્રાન્વિત થાય છે.

આમ આ બન્ને શ્લોકમાં કુંડલિનીનો આરોહણક્રમ, સહસ્રારમાં શિવ સાથેનો દિવ્ય-સંયોગ તેમ જ અવરોહણ કર્યા બાદ તેની સુષુપ્તાવસ્થા વર્ણવી છે. આ જ ગ્રંથમાં શ્લોક ૩૬ થી ૪૧માં ષટ્ચક્રનું વર્ણન પુનઃ પ્રાપ્ત થાય છે. ત્યાં ષટ્ચક્રનો ઉલ્લેખ કરીને વિવિધ ચક્રોમાં માત્ર શક્તિને મહત્ત્વ ન આપતાં શિવશક્તિને સરખું મહત્ત્વ આપ્યું છે. બન્નેનું પંચવિધ સામ્ય[૪] દર્શાવવામાં આવ્યું છે.

સૌન્દર્યલહરીમાં ષટ્ચક્રનો સામાન્ય ક્રમ પ્રાપ્ત થાય છે તેમાં થોડું ઉલ્લંઘન શ્લોક-૯માં જોવા મળે છે. મૂલાધાર કે જે કરોડરજ્જુના મૂળમાં રહેલું ચક્ર છે. ત્યારબાદ તેની ઉપર સ્વાધિષ્ટાનચક્રનું વર્ણન (સર્વમાન્યક્રમ પ્રમાણે) હોવું જોઈએ પરન્તુ સૌ.લ.માં "**महीं मूलाधारे कमपि मणिपूरे हुतवहं स्थितं स्वाधिष्ठाने**" એમ વર્ણવી **મૂલાધાર** પછી **મણિપૂર**નો નિર્દેશ છે. આમ થવાનું કારણ આકાશાદિ તત્ત્વોત્પત્તિના ક્રમને અનુસરવાનું હોઈ શકે. કારણ **મૂલાધાર**માં પૃથ્વીતત્ત્વ છે. મણિપૂરમાં જળતત્ત્વ છે. શ્રુતિ પણ કહે છે : "**आत्मनः आकाशः सम्भूतः आकाशात्वायुः वायोरग्निः, अग्नेरापः, अद्भ्यः पृथिवी ।**" આમ અહીં શંકરાચાર્યને શ્રુતિનો પંચમહાભૂતોત્પત્તિક્રમ અભિમત હોય તેમ જણાય છે.

લલિતાસહસ્રનામમાં કુંડલિનીયોગવર્ણનમાં દેવીને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. જ્યારે સૌ.લ.માં ષટ્ચક્રનિરૂપણમાં શિવ-શક્તિને સમાન પ્રાધાન્ય[૫] આપ્યું છે, જે ખાસ કરીને સમયાચારને અનુસરતું વર્ણન હોય તેમ લાગે છે. શ્લોક ૯નો વર્ણનક્રમ પણ સમયમત વેદમાર્ગને અનુસરનાર છે તે દર્શાવવા જ સ્વીકારવામાં આવેલ છે. લલિતાસહસ્રનામમાં કુંડલિનીવર્ણન પરથી જણાય છે કે ખાસ કરીને કૌલમત (વામાચાર)ને અનુસરીને વર્ણન કરવામાં આવ્યું હોય.

---

૧ સૌંદર્યલહરી શ્લોક-૧૦.

सुधाधारासारैश्चरणयुगलान्तर्विगलितैः
प्रपञ्चं सिञ्चन्ती पुनरपि रसाम्नायमहसः ।
अवाप्य स्वां भूमिं भुजगनिभमध्युष्टवलयं
स्वमात्मानं कृत्वा स्वपिषि कुलकुण्डे कुहरिणि ॥

૨ જુઓ, લક્ષ્મીધરની સૌંદર્યલહરી ઉપરની ટીકા:

'प्रपञ्चंद्विसप्ततिसहस्रसंख्यानाडीमार्गम्'

૩ સુષુમ્ણામાર્ગના મૂળમાં (મૂલાધારચક્રમાં).

૪ પંચવિધસામ્ય : (૧) અધિષ્ઠાનસામ્ય, (૨) અવસ્થાનસામ્ય, (૩) અનુષ્ઠાનસામ્ય, (૪) રૂપસામ્ય, (૫) નામસામ્ય.

૫ સૌન્દર્યલહરીનો પ્રથમ શ્લોક જ આનું પ્રમાણ છે :

शिवः शक्त्यायुक्तो यदि भवति शक्तः प्रभवितुम् ।

સામાન્ય રીતે ષટ્ચક્ર કે કુંડલિનીયોગનું વર્ણન મૂલાધારથી શરૂ થવું જોઈએ. તે પ્રમાણે મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપૂર, અનાહત, વિશુદ્ધિ, આજ્ઞા અને સહસ્રાર એમ વર્ણન થવું જોઈએ પરન્તુ અહીં (લ.સ.માં) પણ સર્વમાન્ય ક્રમ કરતાં જુદો ક્રમ જોવા મળે છે. લ.સ.માં વિશુદ્ધિ ચક્રથી[૧] કુંડલિનીયોગના વર્ણનનો આરંભ થાય છે. ત્યારબાદ અનાહત મણિપૂર, સ્વાધિષ્ઠાન, મૂલાધાર, આજ્ઞા અને સહસ્રાર આ પ્રમાણે છે. આ પ્રકારનો વ્યુત્ક્રમ કરવાનાં કારણો નીચે જણાવ્યા મુજબનાં હોવાં જોઈએ.

(૧) દેવી (મહાત્રિપુરસુંદરી = લલિતા)ને વિશુદ્ધિચક્રમાં એક મુખવાળી[૨] વર્ણવી છે. અનાહતમાં બે મુખવાળી, મણિપુરમાં ત્રણ મુખવાળી, આમ આ ક્રમ જાળવવા વિશુદ્ધિ-ચક્રથી આરંભ કર્યો હોય.

(૨) વળી એમ પણ જોવા મળે છે કે લ. સ.માં ષટ્ચક્રોનું વર્ણન માતૃકાઓને લક્ષમાં રાખી તેના વિભાગ પ્રમાણે કર્યું હોય; જેમ કે વિશુદ્ધિચક્રમાં ષોડશદલ હોઈ સોળ સ્વરોને[૩] ૧૬ પાંખડીઓમાં મૂકવામાં આવ્યા છે અને તેથી જ વિશુદ્ધિચક્રથી આરંભ કર્યો હોય.

(૩) બીજું એમ પણ જણાય છે કે ષટ્ચક્ર અને સહસ્રારમાં ક્રમે કરીને સપ્તયોગિની ડાકિની, રાકિની, લાકિની, કાકિની, સાકિની, હાકિની અને યાકિનીનું વર્ણન છે, જે મનુષ્ય દેહની સપ્તધાતુઓ, ત્વક્, રુધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર ઉપર ક્રમે કરીને પ્રભુત્વ ધરાવે છે[૪] આ એ દર્શાવે છે કે કવિ આ સપ્તધાતુઓના ઉત્પત્તિક્રમને ચક્રવર્ણનમાં અનુસર્યા હોય. આમ ત્રણ ક્રમને એક સાથે અનુસરવા વિશુદ્ધિક્રમથી વર્ણન કર્યું છે તેમ જણાય છે.

લલિતાસહસ્રનામમાં આગળ જણાવ્યા પ્રમાણે કુંડલિની તથા કુંડલિનીયોગનું જે વિસ્તૃત, સાંગોપાંગ અને આબેહૂબ વર્ણન પ્રાપ્ત થાય છે તે બીજા કોઈ પણ ગ્રન્થોમાં ઉપલબ્ધ થતું નથી.

---

૧ લલિતાસહસ્રનામ શ્લોક નં. ૧૪૯.
વિશુદ્ધિચક્રનિલયાऽऽરક્તવર્ણા ત્રિલોચના । વગેરે.

૨ આના માટે જુઓ, કુંડલિનીયોગકોષક.

૩ જુઓ, કુંડલિનીયોગનું કોષક.

૪ જુઓ, એજન.

तत्त्वं सालंकारस्य काव्यता

અલકા તન્ના*

આચાર્ય કુંતકની આ પંક્તિ કાવ્યમાં અલંકારના સ્થાન અંગેની મૌલિક વિચારધારાની પરિચાયક બની રહે છે. અલંકારો કાવ્યમાં આવશ્યક છે કે અનિવાર્ય, કાવ્યનાં સ્વરૂપાધાયક છે કે ઉત્કર્ષાધાયક એવા વિવાદોને સ્થાને કાવ્યને અલંકારના સાહજિક અવિનાભાવિ સાયુજ્યને દર્શાવી અલંકારના ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કરતી આ પંક્તિ મનનીય બની રહે છે. ટીકાકાર કે. કૃષ્ણમૂર્તિ આ પંક્તિની પરિભાષા કરતાં **'सालंकारस्यालंकरणसहितस्य सकलस्य निरस्तावयवस्य सतः काव्यता कविकर्मत्वम् । तेनालंकृतस्य, काव्यत्वमिति स्थितिः न पुनः काव्यस्यालंकारयोगः इति ।**[1] ટીકાનો **'निरस्तावयवस्य'** એ શબ્દ ન્યાયના સમવાયી કાર્ય–કારણ તરીકે રહેલા અવયવ–અવયવીના સંબંધની યાદ અપાવે છે. જેમ સમવાય સંબંધે રહેલા અવયવ–અવયવી કે જે એકબીજાનાં કાર્ય–કારણ છે, તેમનો પરસ્પરથી સદંતર વિચ્છેદ શક્ય નથી, તેમ કાવ્ય ને અલંકાર જે મૂળભૂત રૂપે અવયવહીન–સમગ્ર હોવા છતાં વિવેચન વખતે બંનેને અલગ પાડીએ[2] ત્યારે પણ તેમનો સદંતર વિશ્લેષ શક્ય નથી, એકમેકને તદ્દન અલગ પાડી શકાતા નથી, એવો સંકેત મળે છે.

આ પંક્તિના વિવેચનના સંદર્ભમાં કુંતકના પૂર્વવર્તી ને પરવર્તી આચાર્યોના અલંકાર-વિષયક મતોનો નિર્દેશ અસ્થાને નહિ લેખાય! અગ્નિપુરાણકાર કાવ્યને **'स्फुरदलंकारं'**[3] કહીને, હેમચંદ્ર **सालंकारौ**[4] કહીને તો દંડી ને વામન ક્રમશઃ **'काव्यशोभाकरा'**[5] ને

'સ્વાધ્યાય', પુ. ૨૫, અંક ૧–૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૮૭–જાન્યુઆરી ૧૯૮૮, પૃ. ૧૨૭–૧૩૦.

* ૧૦૬૮/૧૨૭૧, ધીરજ હાઉસિંગ સોસાયટી, મણિનગર પૂર્વ, અમદાવાદ–૩૮૦ ૦૦૮.

1 K. Krishanmoorthy, Vakrokti—Jivita of Kuntaka, F. E., 1977, Karnatak University, Dharwad, P. 6.

૨ **'अलंकृतिरलंकार्यमपोद्धृत्य विवेच्यते ।**
तदुपायतया तत्त्वं सालंकारस्य काव्यता' ॥

વક્રોક્તિજીવિત ૧/૬.

૩ **'काव्यं स्फुरदलंकारं गुणवद्दोषवर्जितम्'** ।

અગ્નિપુરાણ ૩૩૭/૭.

૪ **'अदोषौ सगुणौ सालङ्कारौ च शब्दार्थौ काव्यम्'** ।

કાવ્યાનુશાસન ૧/૧૧.

૫ **'काव्यशोभाकरान् धर्मान् अलंकारान् प्रचक्षते'** ।

કાવ્યાદર્શ ૨/૧.

अतिशयहेतवः[૧] કહીને અલંકારોને કાવ્યથી માત્ર અલગ જ નહિ પણ અતિરિક્ત ધર્મ પણ માને છે. આનંદવર્ધન પણ **'अंगाश्रिताः'**[૨] કહીને ઉપરોક્ત સત્યનું જ પ્રતિપાદન કરે છે. પરવર્તી આચાર્યોમાં વિશ્વનાથ ને મમ્મટ ક્રમશઃ **'उत्कर्षहेतवः'**[૩] ને **'कचचितु स्फुटालंकार-विरहत्वेऽपि न काव्यत्वहानिः'**[૪] એમ કહીને દોષાભાવ, ગુણયુક્તતા જેવી કાવ્યની વિશેષતાઓના સંદર્ભમાં અલંકારની ગૌણતા સ્વીકારીને પરંપરાગત મતોને જ અનુસરતા જણાય છે.

આમ ચિરપ્રચલિત અલંકારવિષયક રૂઢ મતોનું નિરસન કરતી હોવાથી જ પ્રસ્તુત પંક્તિનું ખાસ મહત્ત્વ છે. પંક્તિના **'अलंकार'** શબ્દનાં દ્વિવિધ અર્થઘટન સાહિત્યશાસ્ત્રમાં સાંપડે છે જે નોંધનીય છે.

(૧) **वैचित्र्यमलंकार** : અલંકાર એટલે વૈચિત્ર્ય, ઉક્તિ–વક્રતા, ચમત્કૃતિ વગેરે અને (૨) **सौन्दर्यमलंकार** : અલંકાર એટલે સૌંદર્ય–કાવ્યાનુભાવનથી નિષ્પન્ન થતો અભૂતપૂર્વ આહ્લાદ, પરનિર્વૃતિ. આ પૈકી પ્રથમ અર્થ દર્શાવતાં મહિમભટ્ટ લખે છે: **प्रसिद्धं मार्गमुत्सृज्य यश्च वैचित्र्यसिद्धये । अन्यथैवोच्यते सोऽर्थः सा वक्रोक्तिरुदाहृता**[૫] ।

વિશ્વનાથદેવરચિત સાહિત્યસુધાસિન્ધુમાં **वक्रोक्तिश्च चमत्कारकारिण्युक्तिः**[૬] એવા શબ્દો જોવા મળે છે. જગન્નાથના રસગંગાધરમાં **'रमणीयार्थप्रतिपादकशब्दः काव्यम्'**[૭] એવી જે કાવ્યની પરિભાષા જોવા મળે છે તેના વિવરણરૂપે **'चमत्कारत्वत्त्वमेव या काव्यत्वमिति फलितम्'**[૮] એવું જે અર્થઘટન રજૂ થયું છે તે પણ ઉપરોક્ત અર્થને આશ્રયે જ થયું છે એમ માનવામાં જરાપણ અતિશયોક્તિ નથી જ ! કુંતક પણ **'उभावेतावलंकार्यौ तयोः पुनरलंकृतिः । वक्रोक्तिरेव वैदग्ध्यभंगीभणितिरुच्यते'**[૯] અહીં સ્પષ્ટ રીતે વક્રોક્તિજન્ય–વિદગ્ધકથનપૂર્વકની વિચ્છિત્તિ–વૈચિત્ર્યને જ અલંકાર માન્યો છે; જેમાં **'वैचित्र्यमलंकारः'** એવા અર્થઘટનનો સ્વીકાર જોવા મળે છે. ભામહ **'वाचां वक्रार्थशब्दोक्तिरलंकाराय कल्पते'**[૧૦] એમ કહીને સ્પષ્ટ રીતે વિચિત્ર કથનને જ અલંકાર માને છે.

---

૧ **'तदतिशयहेतवस्त्वलंकाराः'** ।
કાવ્યાલંકારસૂત્રવૃત્તિ ૩/૧/૨.

૨ **'अङ्गाश्रितास्त्वलंकाराः मन्तव्याः कटकादिवत्'** ।
ધ્વન્યાલોક ૨/૨૯.

૩ **'उत्कर्षहेतवः प्रोक्ता गुणालङ्काररीतयः'** ।
સાહિત્યદર્પણ ૧/૩.

૪ કાવ્યપ્રકાશ ૧/૪ની વૃત્તિ.

૫ વ્યક્તિવિવેક ૧/૬૯.

૬ વેદાલંકાર, રામપ્રતાપ **साहित्यसुधासिन्धुः** । પ્ર. ભારતીય વિદ્યા પ્રકાશન, દિલ્હી, પ્ર. સં., ૧૯૭૮, પૃ. ૨૧.

૭ રસગંગાધર ૧/૧.

૮ ઝા. (પં.) બદરીનાથ (સંપા.) **'रसगंगाधरः'** ચૌખંબા વિદ્યાભવન બનારસ, ૧૯૫૫, પૃ. ૧૧.

૯ વક્રોક્તિજીવિત ૧/૧૦.

૧૦ કાવ્યાલંકાર ૫/૬૬.

'सौंदर्य'ने अलंकारनुं हार्द माननाराओ पण ओछा नथी. आचार्य वामने 'सौन्दर्यमलंकारः'[१] एवी अलंकारनी व्याख्या आपीने आ मतने पुरस्कृत कर्यो छे. क्षेमेन्द्र 'उचितस्थानविन्यासादलंकृतिरलंकृतिः'[२] कथनथी 'अलंकार'नो अर्थ सौंदर्य-शोभाजनकता-लावण्यवृद्धित्व वगेरे ज स्वीकारे छे.

दंडी काव्यादर्शमां 'इष्टार्थव्यवच्छिन्ना पदावलिः'[३] एवी काव्यनी व्याख्या आपे छे, जेनुं अर्थघटन करतां पंडित रंगाचार्यशास्त्री 'इष्टत्वं च साहित्यशास्त्रे चमत्कारपूर्वकवर्णनाभिलाषः। चमत्कारश्च लोकोत्तराह्लादः।'[४] एम लखे छे, जेमां अलंकार=चमत्कार=लोकोत्तर आनंद=काव्यगत सौंदर्य एम परंपरागत रीते अलंकार एटले सौंदर्य एम स्वीकारे छे.

अर्थविच्छित्ति ने सौंदर्य बंने अर्थोमां काव्य साथे अलंकार वणाई गया होय एवां उदाहरण अहीं अस्थाने नहि लेखाय. कादंबरीना महाश्वेतावृत्तांतमां महाश्वेताना यौवन-प्रवेश माटे योजायेली रशनोपमा उल्लेखनीय छे. 'क्रमेण च कृतं मे वपुषि वसन्त इव मधुमासेन, मधुमास इव नवपल्लवेन, नवपल्लव इव कुसुमेन कुसुम इव मधुकरेण, मधुकर इव मदेन नवयौवनेन पदम्।' अहीं वसंतना प्राकृतिक आविर्भावने महाश्वेताना यौवन-प्रवेश साथे सरखावीने प्रत्येक उपमा द्वारा यौवनना क्रमिक प्रकर्ष तेम ज यौवनजन्य ताजगी, मृदुता, विलासिता, सौंदर्यप्रियता ने मादकता जेवा गुणोनो संकेत अहीं थयो छे; तेम ज यौवनना मानवदेह परना स्वाभाविक आविर्भावने शब्ददेह आप्यो छे. अहीं 'चारुता-सौंदर्य' ओ अर्थमां अलंकारनो काव्य साथेनो सहभाव जणाय छे. आथी विरुद्ध देखाती रीते सुंदर उपमा होवां छतां ओ काव्यथी अलिप्त रही होय एनुं निदर्शन बुद्धचरितनो आ श्लोक बनी शके एम छे:

'विषमौ करलग्नवेणुरन्या स्तनविस्रस्तसितांशुका शयाना। ऋजुषट्पदपंक्तिजुष्टपद्मा जलफेनप्रहसत्तदा नदीव'॥[५]

आमां 'स्तनविस्रस्तसितांशुका' ओ उपमेयनी साथे 'जलफेनप्रहसत्तदा' ओ उपमाननी संगति थती नथी. कारण के मात्र सरी पडेला वस्त्रनी श्वेतताने आधारे तेने कविओ जळना फीणथी हसती नदीनी उपमा आपी छे. पण सरी पडेला वस्त्रवाळा स्तनने जळना फीणने लीधे हसता कांठा ओ बे बाबतो तुलनानी दृष्टिओ संगत थती नथी. तेथी वर्ण्यविषय-सूतेली स्त्रीना लावण्यनो उत्कर्ष अहीं यथेष्ट मात्रामां अलंकार द्वारा सिद्ध थतो नथी.

विच्छित्ति के चमत्कारना अर्थमां साल्ंकृत काव्यता-बीजा शब्दोमां कहीओ तो काव्यने अलंकारनो अविनाभावि सहभाव थयो होय एवुं निदर्शन पुंडरीकना वर्णनमां मळे छे. ओना

---

१ काव्यालंकारसूत्रवृत्ति १/१/२.
२ औचित्यविचारचर्चा, श्लोक ६.
३ काव्यादर्श १/१०.
४ मिश्र (पं.) रामचंद्र, (संपादक) 'काव्यादर्शः' वि. सं. २०१५, पृ. १०.
५ बुद्धचरित ५/४९.

મુખના વર્ણનમાં બાણભટ્ટ કહે છે–' **मन्ये च सकलजगन्नयनानन्दकरं शशिबिम्बं विरचयता लक्ष्मी-लीलावासभवनानि कमलानि सृजता प्रजापतिना प्रथममेतदाननाकारकरणकौशलाभ्यास एव कृतः। अन्यथा किमिव हि सदृशवस्तुविरचनायां कारणम्** ' । અહીં પુંડરીકના મુખની અદ્વિતીયતા દર્શાવવા વક્રોક્તિ થયેલી છે. ચંદ્રબિંબ માટે ' **सकलजगन्नथनानन्दकरं** ' એ વિશેષણ કાવ્યત્વની નિષ્પત્તિની દૃષ્ટિએ આકર્ષક ન હોવા છતાં વર્ણ્યવિષય–પુંડરીકના મુખનો સાતિશય ઉત્કર્ષ દર્શાવવા પર્યાપ્ત હોવાથી તેનો સંનિવેશ થયો છે. આખા ય વિશ્વને હર્ષકારક વસ્તુ–ચંદ્રબિંબનું સર્જન પણ આના મુખસૌંદર્યના **સર્જન**ની અપેક્ષાએ એક પૂર્વવર્તી અભ્યાસ જ છે, આ હકીકતના પ્રગટીકરણથી ચંદ્રબિંબની અપેક્ષાએ મુખના સૌંદર્યની ઉત્કૃષ્ટતા ધ્વનિત થાય છે. અર્થવિચ્છિત્તિરૂપે રજૂ થયેલો **અલંકાર** જે અસત્યભાવારોપણ–વાસ્તવિકતાથી વિમુખ કલ્પના પર આધારિત હોવાથી રજૂ થયેલી વિગત કાવ્યથી વિચ્છિન્ન થયેલા **અલંકાર**નું દૃષ્ટાંત બની રહે છે, તે ' **अलीकं चेदं यथा किल सकलाः कलावतो बहुलपक्षे क्षीयमाणस्य सुषुम्णनाम्ना रश्मिना रविरापिबतीति । ताः खल्वस्य गभस्तयः समस्ताः वपुरिदमाविशन्तीति । कुतोऽन्यथा रुपापहारिणी क्लेशबहुले तपसि वर्तमानस्येदं लावण्यम्** ' । અહીં તપક્લિષ્ટ એવા પુંડરીકના શરીરમાં પણ લાવણ્ય હોવા અંગે જે વક્રોક્તિ કરી છે તેથી તેની નિરાલંકૃત કાવ્યતા જ સિદ્ધ થાય છે.

ઉપસર્ગો થકી ઉપનયનસંસ્કાર

અરુણા કે. પટેલ*

પ્રાચીન કાળમાં બાળકને વિદ્યાભ્યાસ અર્થે ગુરુ પાસે મોકલતાં પહેલાં તેના ઉપનયન-સંસ્કાર કરવામાં આવતા. ઉપનયનસંસ્કાર, એ તેના જન્મથી માંડીને તેને અપાતા મુખ્ય સોળ સંસ્કારો પૈકીનો એક અતિ મહત્ત્વનો સંસ્કાર છે. ઉપનયનસંસ્કાર પછી જ બાળક જ્ઞાનપ્રાપ્તિ માટેનો અધિકારી થતો. ઉપનયન શબ્દ नी ધાતુને उप ઉપસર્ગ લાગીને બનેલું નામ છે. 'ઉપ' ઉપસર્ગનો એક અર્થ પાસે એવો પણ થાય છે. જે ગુરુની પાસે કે જ્ઞાનની સમીપ લઈ જાય છે, તે ઉપનયન સંસ્કાર છે, એમ આપણે કહી શકીએ. ભાષામાં ઉપસર્ગો ઉપનયનસંસ્કાર જેવા જણાય છે. કારણ કે ભાષાને ઘડવાનું, તેને સંસ્કારવાનું કાર્ય ઉપસર્ગોનું છે. ઉપસર્ગ શબ્દ મૂળ 'સર્ગ' શબ્દને 'ઉપ' ઉપસર્ગ લાગીને બન્યો છે. સર્ગ એટલે નિર્માણ, રચના કે સૃષ્ટિ (Creation). ઉપસર્ગો આપણને વિલક્ષણ એવી શબ્દસૃષ્ટિની સમીપ લઈ જાય છે. ઈશ્વરની લીલારૂપ આ વિશ્વની પેઠે ઉપસર્ગોની લીલારૂપ શબ્દસૃષ્ટિમાં ડોકિયું કરીએ ત્યારે નવી જ, અદ્‌ભુત સૃષ્ટિને નિહાળવાનો અપૂર્વ આનંદ થાય છે.

ઉપસર્ગો લાગીને રચાયેલા શબ્દોની નૂતન અર્થચ્છટાઓ નિહાળવા પંડિતરાજ જગન્નાથનું એક પદ્ય લઈએ :

"निधानं धर्माणां किमपि च विधानं नवमुदां
प्रधानं तीर्थानाममलपरिधानं त्रिजगतः ।
समाधानं बुद्धेरथ खलु तिरोधानमघियां
श्रियामाधानं नः परिहरतु तापं तव वपुः" ॥[१]

પદ્યમાં ગંગાની સ્તુતિ છે. પરંતુ ધ્યાનકર્ષક બાબત એ છે કે ઉપસર્ગોથી સર્જાતી અર્થચમત્કૃતિ પરત્વે કવિ સભાન જણાય છે. પદ્યમાંના ઘણા શબ્દો સોપસર્ગ છે પરંતુ ખૂબીની વાત એ છે કે અહીં निधान (ભંડાર), विधान (રચના) प्रधान परिधान, समाधान तिरोधान (આચ્છાદન) आधान (નિવાસસ્થાન) જેવા શબ્દોના મૂળમાં धा ધાતુ છે અને તેનો અર્થ ધારણ કરવું એવો થતો હોવા છતાં વિવિધ ઉપસર્ગોના સંસર્ગથી નવા નવા અર્થોન્મેષો પ્રગટ થયા છે. ઉપસર્ગોની સૃષ્ટિમાં धा ધાતુ પરથી अभिधान, संधान, उपधान (ઓશીકું) समाधान,

---

'સ્વાધ્યાય', પુ. ૨૫, અંક ૧-૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૮૭-જાન્યુઆરી ૧૯૮૮, પૃ. ૧૩૧-૧૩૬.

* દત્તમન્દિર સામે, ચિત્તલ રોડ, અમરેલી-૩૬૪ ૬૦૧.

૧ જગન્નાથ-ગંગાલહરી અને પ્રાસ્તાવિક વિલાસ, સં. એસ. એસ. નાન્દી, મહાજન પબ્લીશીંગ હાઉસ, ગાંધી રોડ, અમદાવાદ, ૧૯૫૬, ગંગાલહરી શ્લોક ૧૮.

નિધાન, વિધાન, આધાન, પરિધાન, પ્રધાન, અંતર્ધાન, અવધાન, સાવધાન, તિરોધાન, અતિ-સંધાન, અનુસંધાન, વ્યવધાન (અંતરાય), સન્નિધાન જેવા શબ્દો ઉપલબ્ધ થાય છે, અને મૂળ ધાતુ નવાં નવાં શબ્દરૂપો ધારણ કરી, અર્થવૈવિધ્ય પ્રગટ કરે છે.

ઉપસર્ગો આમ તો ધાતુને લાગે છે. પરંતુ ધાતુ પરથી નામ કે વિશેષણ બનતાં તેને પણ લાગે છે. ભાષાને ઓજસ્વતી બનાવતા પ્ર, પરા, અપ, સમ, અનુ, અવ, નિસ, નિર્, દુસ્, દુર્, વિ, આ, નિ, અતિ, અભિ, પરિ, પ્રતિ, ઉદ્ વગેરે ચોવીસેક જેટલા ઉપસર્ગો ભાષાને સંસ્કારે છે. નામ કે વિશેષણને ઉપસર્ગો લાગીને મૂળ ભાવની ઉત્કટતા, તીવ્રતા કે અતિશયતાને પણ વ્યક્ત કરે છે. જેમ કે 'કોપ 'ના સ્થાને 'પ્રકોપ' શબ્દ કોપની તીવ્રતા દર્શાવે છે. 'મોદ 'ના સ્થાને 'પ્રમોદ' શબ્દ આનંદની અતિશયતા વ્યંજિત કરે છે, તો ઉત્ક્રાંતિ શબ્દમાં ઉત્ ઉપસર્ગ ક્રાંતિની ઉત્કટતા સૂચવે છે. એક જ અર્થ વ્યક્ત કરતા જુદા જુદા ઉપસર્ગો લાગીને બનતા શબ્દોમાં પણ સૂક્ષ્મ ભેદ તો છે જ, જેમ કે અભિમુખ, ઉન્મુખ અને સન્મુખ તેમ જ વિમુખ અને પરાઙ્મુખ જેવા શબ્દોમાં સૂક્ષ્મ અર્થભેદ છે. મૂળ 'નેતા' શબ્દને બે ઉપસર્ગોથી સંસ્કારીને જોઈએ તો પ્રણેતા અને અભિનેતા એ બે શબ્દોમાં અર્થભેદનું પાર્થક્ય છે, તે જ રીતે આવાસ, નિર્વાસ, પ્રવાસ, ઉપવાસ, અધિવાસ જેવા શબ્દોમાં અર્થોની ભિન્નતાનું નિમિત્ત ઉપસર્ગો છે. ઉચ્છ્વાસ, નિશ્વાસ, અને વિશ્વાસ જુદા જુદા અર્થોના દ્યોતક છે.

ઉપસર્ગોનું એ સામર્થ્ય છે કે તે મૂળ ધાતુના સંપર્કમાં આવે છે, ત્યારે ધાતુમાં નિહિત અનેક અર્થોનું પ્રકટીકરણ કરે છે. ઉદાહરણ તરીકે મૂળ चर ધાતુનો સીધો-સરળ અર્થ ચાલવું એવો થાય છે. પરંતું चर ધાતુ સોપસર્ગ થતાં પ્રચાર, સંચાર, આચાર, વિચાર, ઉપચાર, અભિચાર, ઉચ્ચાર, પરિચાર, અપચાર, અનુચર, દુશ્ચર, દુરાચાર, સમાચાર, અત્યાચાર, વ્યભિચાર જેવા વિભિન્ન અર્થો દર્શાવતા શબ્દો પ્રાપ્ત થાય છે. પ્રત્યેક ઉપસર્ગે શબ્દ નવલું રૂપ ધારણ કરે છે અને મૂળ ધાતુના નવા નવા અર્થોન્મેષો અસ્તિત્વમાં આવે છે. કયારેક મૂળ ધાતુનો અર્થ નામશેષ પણ થઈ જાય છે, તો ક્વચિત્ એક જ ધાતુને એકથી વધારે ઉપસર્ગો લાગ્યા છે જેમ કે સમાચાર, દુરાચાર, અત્યાચાર, વ્યભિચાર શબ્દોને બે બે ઉપસર્ગો લાગ્યા છે. વળી, અત્યાચાર શબ્દમાં 'અતિ' ઉપસર્ગ અતિશયતાને બદલે દુષ્ટતાને વ્યક્ત કરે છે. તે જ રીતે વ્યભિચાર શબ્દમાં 'વિ' અને 'અભિ' કોઈ વિશિષ્ટતા વ્યક્ત કરતા નથી બલ્કે ધૃષ્ટતાને, કૃત્સિતપણાને વ્યક્ત કરે છે. આ જ રીતે हृ ધાતુનો લઈ જવું, હરણ કરી જવું, એવો પ્રસિદ્ધ અર્થ ઉપસર્ગો લાગતાં પ્રાયઃ વિલીન થઈ જાય છે અને આપણને-

આહાર, વિહાર, ઉપહાર, સંહાર, વ્યવહાર, પરિહાર, ઉપાહાર, સમાહાર, પ્રહાર, ઉધ્ધાર, ઉદાહરણ, ઉધ્ધરણ, અભ્યવહાર, અનુહરણ, અપહરણ વગેરે શબ્દો પ્રાપ્ત થાય છે અને એક જ ધાત્વર્થની નવી નવી છાયાઓ સમા, નવા નવા અર્થો આપતા શબ્દોની સૃષ્ટિ સર્જાય છે. ईक्ष् ધાતુ જોવું એવો અર્થ આપે છે અને ઉપસર્ગોના સંયોગથી આપણે-

પ્રતીક્ષા, ઉપેક્ષા, અપેક્ષા, પરીક્ષા, ઉત્પ્રેક્ષા, સમીક્ષા, નિરીક્ષા (નિરીક્ષણ) અવેક્ષણ, અધીક્ષક, પરીક્ષક, સમીક્ષક, ઇત્યાદિ શબ્દપ્રયોગો કરીએ છીએ.

नी (નય) ધાતુ લઈ જવું એ અર્થમાં પ્રયુક્ત થવા છતાંયે ઉપસર્ગોના સંસર્ગથી–

નિર્ણય, પ્રણય, પરિણય, વિનય, અનુનય, અભિનય, ઉપનયન, ઉન્નયન, અપનયન, પ્રણીત જેવા શબ્દો પ્રચલિત બન્યા છે.

क्रम् ધાતુનો અર્થ 'ચાલવું' થાય છે. તેના પરથી–

આક્રમણ, પ્રતિક્રમણ, નિષ્ક્રમણ, અતિક્રમણ, પરિક્રમણ, સંક્રમણ, વિક્રમ, ઉપક્રમ, અપક્રાન્ત, સંક્રાન્તિ, ઉત્ક્રાંતિ, પરાક્રમ, પ્રક્રમ, વ્યુતિક્રમ, વ્યત્ક્રમ, વગેરે શબ્દો ઉપલબ્ધ થાય છે અને શબ્દો મૂળ ધાત્વર્થનું અતિક્રમણ કરી જાય છે.

બોલવું એવો અર્થ આપનાર वद् ધાતુ સોપસર્ગ થતાં સંવાદ, વિવાદ, પ્રવાદ (નિંદા) અપવાદ, પ્રતિવાદ, અનુવાદ, પરિવાદ, વિસંવાદ, પરિસંવાદ, અભિવાદન, નિવેદન, જેવા શબ્દો સર્જાય છે. આ શબ્દો પૈકીના કેટલાકમાં ધાત્વર્થ પરાણે ખેંચી કાઢવામાં આવે છે, જેમ કે સત્કારાર્થે પ્રયોજાતો અભિવાદન. શબ્દ. नय् ધાતુ પણ બોલવું એવો અર્થ આપે છે. અને ઉપસર્ગોની દુનિયામાં–

આલાપ, વિલાપ, પ્રલાપ, સંલાપ, અપલાપ વગેરે શબ્દો મળે છે. 'આલાપ'ની મધુર સુરાવલી સાથે વિલાપ, પ્રલાપ અને અપલાપ શબ્દો તદ્દન વિરોધી અર્થ આપે છે.

रुध् એટલે રોકવું તેના પરથી–

વિરોધ, અનુરોધ, ઉપરોધ, પ્રતિરોધ, અવરોધ, અને નિરોધ શબ્દો બને છે. અહીં મહદંશે ઉપસર્ગો ધાતુના મૂળ અર્થમાં વધારો કરે છે.

પડી જવું એવો અર્થ દર્શાવનાર पत् ધાતુ પરથી–

પ્રત્યુપાત, ઉત્પાત, આપાત, નિપાત, વિનિપાત, સન્નિપાત વગેરે શબ્દો બને છે અને મોટેભાગે ધાત્વર્થનું સમર્થન કરે છે. ज्ञा ધાતુ જાણવું એવા અર્થમાં પ્રયુક્ત થાય છે. આમ છતાં તેને ઉપસર્ગો લાગીને રચાતી શબ્દસૃષ્ટિ અવનવી અર્થચ્છટાઓ પ્રગટ કરે છે.

પ્રજ્ઞા (પ્રજ્ઞાન) અનુજ્ઞા, અવજ્ઞા, પ્રતિજ્ઞા, સંજ્ઞા, આજ્ઞા, સુજ્ઞ, વિજ્ઞાન, અભિજ્ઞાન, પ્રત્યભિજ્ઞાન, વિજ્ઞ, વિજ્ઞપ્તિ, વિજ્ઞાપન, વગેરે શબ્દો બુદ્ધિની તીવ્રતા જ્ઞ, અવગણના ચોક્કસ નિર્ણય, ભાન, હુકમ વગેરે જુદા જુદા અર્થો આપે છે.

कृ ધાતુ કરવું એવો અર્થ આપે છે. તેના પરથી બનેલા–

સંસ્કાર, પરિષ્કાર, પ્રકાર, આકાર, વિકાર, આવિષ્કાર, પુરસ્કાર, ઉપકાર, અપકાર, અનુકાર (નટ), પ્રતિકાર, અધિકાર, અલંકાર, નમસ્કાર, તિરસ્કાર, નિરાકાર,

સાકાર, સુકર, દુષ્કર, સંકર, સંસ્કરણ, વિકરણ, નિરાકરણ, વ્યાકરણ, વગેરે શબ્દો વિવિધ અર્થો આપીને ભાષાને સમૃદ્ધ બનાવે છે.

ઉપસર્ગોનો યથાસ્થાને, સમ્યક્ પ્રકારે પ્રયોગ વક્તવ્યને ચોટદાર અને ચમત્કારક બનાવે છે. સોપસર્ગ શબ્દો વાક્યમાં અને વિશેષતઃ પદ્યમાં પ્રયુક્ત થાય છે, ત્યારે જ તેની ઉપાદેયતા સમજાય છે. ઉપસર્ગોના સંસર્ગથી ઉક્તિ કેવી રમ્ય અને મનોહારી બની જાય છે, તેનાં બે ત્રણ ઉદાહરણો પર્યાપ્ત થઈ રહેશે.

કવિ અમરુકનું નીચેનું પદ્ય જોઈએ :

"शून्यं वासगृहं विलोक्य शयनादुत्थाय किञ्चिच्छनै-
निर्द्राव्याजमुपागतस्य सुचिरं निर्वर्ण्य पत्युर्मुखम् ।
विस्रब्धं परिचुम्ब्य जातपुलकामालोक्य गण्डस्थलीं
लज्जानम्रमुखी प्रियेण हसता बाला चिरं चुम्बिता" ॥[૨]

અહીં वि, उत, उप, आ, निस्, परि, सु વગેરે ઉપસર્ગોનું નિબંધન થયું છે. પ્રત્યેક ઉપસર્ગ તે તે શબ્દને ચોટદાર બનાવે છે. નાયિકાનું ઘરમાં ચોતરફ વિલોકન, સુદીર્ઘ કાળ સુધી પતિના મુખને નિહાળ્યા કરવું અને સૂઈ ગયો છે તેમ માનીને પરિચુંબન કરવું વગેરે ભાવો ઉપસર્ગોને કારણે યથાતથ આલેખન પામ્યા છે. પ્રણયના વિવિધ ભાવો સંપૂર્ણપણે ઉઠાવ પામ્યા છે. વિશેષમાં, વિશાખદત્તરચિત 'મુદ્રારાક્ષસ' નાટકનું નીચેનું પદ્ય જોઈએ :

"केनोत्तुङ्गशिखाकलापकपिलो बद्धः पटान्ते शिखी
पाशैः केन सदागतेरगतिता सद्यः समासादिता ।
केनानेकपदानवासितसटः सिंहोऽर्पितः पञ्जरे
भीमः केन च नैकनक्रमकरो दोर्भ्यां प्रतीर्णोर्णवः" ॥[૩]

ચાણક્યની આ ઉક્તિમાં તેણે રાક્ષસને જીતી લઈ સિદ્ધ કરેલા ભગીરથ કાર્યની યશોગાથા છે. પદ્યમાંના ચાણક્યના પ્રશ્નોમાં उत्, आ, सम, અને प्र ઉપસર્ગોના પ્રયોગથી ભાવોની તીવ્રતા વ્યંજિત થઈ છે. ઉત્તુંગ શિખાકલાપયુક્ત મોરને વસ્ત્રમાં બાંધી દેવો, પાશ વડે પવનની ગતિને ચોમેરથી રોકી લેવી, વિશાળ યાળ ધરાવતા કેસરીને પિંજરામાં પૂરી દેવો અને અનેક મગરોથી ભરપૂર ભયાનક સમુદ્રને બે હાથ વડે જ પાર કરી જવો, આવા દુષ્કર કાર્ય પરનો પ્રચંડ વિજયટંકાર ઉપસર્ગોના માધ્યમથી વ્યક્ત થયો છે. કવિ ક્ષેમેન્દ્રનું 'મુનિમતમીમાંસા'નું એક અન્ય પદ્ય લઈએ :

---

૨ અમરુક-अमरुशतकम्-સં. નારાયણરામ આચાર્ય, નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ, ૧૯૫૯, શ્લોક ૮૨.

૩ વિશાખદત્ત-मुद्राराक्षसम्-સં. ગૌતમ પટેલ, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, ૧૯૭૨, ૭. ૬.

"आचारं भजते त्यजत्यपि मदं वैराग्यमालम्बते
कर्तुं वाञ्छति सङ्गभङ्गगलितोत्तुङ्गाभिमानं तपः ।
दैवन्यस्तविपर्ययैः सुखशिखाभ्रष्टः प्रणष्टो जनः
प्रायस्तापविलीनलोहसदृशीमायाति कर्मण्यताम् ॥"[४]

પદ્યમાં, આ, ઉત્, પ્ર અને વિ ઉપસર્ગો છે. દુર્યોધનની ઘોષયાત્રાપ્રસંગે ગંધર્વોથી પરાભવ પામીને અત્યંત શરમીંદા બની ગયેલા દુર્યોધનના બદલાયેલા વર્તનનું વર્ણન છે. દુર્યોધન તેના ગર્વિષ્ઠ સ્વભાવ માટે પ્રસિદ્ધ છે. તેથી उत् ઉપસર્ગપૂર્વક "उत्तुङ्गाभिमान" શબ્દથી તેના અભિમાનની પરાકાષ્ઠા દર્શાવીને, પછી, તે અભિમાનના ચૂરેચૂરા થઈ ગયા છે તેમ કવિ વર્ણવે છે. વળી, તે સુખોના શિખર પરથી ગબડી પડ્યો છે, તેના વૈભવનો સર્વનાશ प्रणष्टः થયો છે. પરિણામે તે સદાચાર ગ્રહણ કરવા લાગ્યો છે અને વૈરાગ્યનું શરણ (आलम्बते)લે છે. આમ, ઉપસર્ગો વસ્તુસ્થિતિને વધારે અસરકારક રીતે વર્ણવવામાં ઉપયોગી થયા છે.

આચાર્ય ક્ષેમેન્દ્રે ઉપસર્ગોની ઉપાદેયતા અંગે જણાવ્યું છે કે :

"योग्योपसर्गसंसर्गैर्निरर्गलगुणोचिता ।
सूक्तिर्विवर्धते सम्पत्सन्मार्गगमनैरिव" ॥[५]

અર્થાત્,

"સંપત્તિનો સન્માર્ગે ઉપયોગ કરવાથી તે વિશેષ ઉન્નતિ પામે છે, તેમ કાવ્ય અન્ય ગુણોથી યુક્ત હોવા છતાં યોગ્ય ઉપસર્ગોના સંસર્ગથી વિશેષ રમણીય બને છે." આમ, ભાષાનું નાનકડું જણાતું અંગ–ઉપસર્ગો ભાષાને અપૂર્વ વૈભવ અર્પે છે, શબ્દમાં પડેલા ગૂઢ અર્થને સુવ્યક્ત કરે છે. ઉપસર્ગો અર્થોના દ્યોતક હોવાથી તેના સવિશેષ અને સમુચિત પ્રયોગથી ભાષા પરિષ્કૃત અને પરિમાર્જિત બને છે. જો કે ઉપસર્ગોનો દુરુપયોગ કરનાર એટલે કે અહેતુક, નિષ્કારણ, અનુચિત, સ્થાને ઉપસર્ગો યોજનાર હાંસીપાત્ર પણ બને છે. જેમ કે અભિજ્ઞ અને અનભિજ્ઞ શબ્દોમાં ઉપસર્ગોની ભિન્નતાને કારણે થતા અર્થપરિવર્તનથી અજ્ઞ વ્યક્તિ ઉપહાસને પાત્ર બની બેસે છે. ક્વચિત્ કવિઓ પણ છંદોને ઉપકારક લાગવાથી અનુચિત સ્થાને ઉપસર્ગો યોજે છે. કુમારદાસનું નીચેનું પદ્ય તેના ઉદાહરણરૂપ છે :

"अयि विजहीहि दृढोपगूहनं
त्यज नवसङ्गमभीरु वल्लभम् ।
अरुणकरोद्गम एष वर्तते वरतनु,
सम्प्रबदन्ति कुक्कुटाः" ॥[६]

---

૪ ક્ષેમેન્દ્ર–ઔચિત્યવિચારચર્ચા–સં. વ્રજમોહન ઝા, ચૌખમ્બા વિદ્યાભવન, વારાણસી, ૧૯૬૪, પૃ. ૧૩૭.

૫ ક્ષેમેન્દ્ર, એજન, પૃ. ૧૩૬.

૬ કુમારદાસ, એજન, પૃ. ૧૩૬.

પદ્યમાં વિ, ઉપ, અને પ્ર ઉપસર્ગો છે, તે બધા જ નિરર્થક જણાય છે. કેમ કે વિજહીહિ ને બદલે જહીહિ કહ્યું હોત, તોપણ ચાલત. ઉપસર્ગો લગાડવાથી અર્થમાં જરાપણ ફરક પડ્યો નથી. વદન્તિ શબ્દને કવિએ બે બે ઉપસર્ગો લગાડ્યા હોવા છતાં સમ્પ્રવદન્તિ શબ્દનો ખાસ કંઈ જ પ્રભાવ જણાતો નથી. આમ, સીધી-સાદી વાતને કહેવા માટે કવિ ઉપસર્ગોનો છૂટે હાથ પ્રયોગ કરે, તે અનુચિત પણ લાગે. અહીં તો ઉપસર્ગો કેવળ પાદપૂરણ માટે જ પ્રયોજ્યા લાગે છે, તેથી તે નિરર્થક જણાય છે. પરંતુ, સહેતુક, અર્થવૈશિષ્ટ્ય પ્રદર્શિત કરવા માટે ઉપસર્ગોનો પ્રયોગ ચમત્કારક અવશ્ય લાગે છે. ઉપસર્ગોનો યથાસ્થાને સમ્યક્ પ્રયોગ કરીને આપણે ભાષાને ઉપસર્ગો થકી ઉપનયન સંસ્કાર કરીને સમૃદ્ધ બનાવી શકીએ.

મહુવાનાં જૈન શિલ્પો

પુષ્પકાંત વિ. ધોળકિયા*

સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લાના ભાવનગરથી નૈઋત્ય દિશાએ ૮૫ કિ.મી. દૂર મહુવા આવેલ છે. આ બંદર પણ છે, જેનું પ્રાચીન નામ 'મોહેરક' હતું. કનકસેન ચાવડા રાજ્ય કરતો હતો. દંતકથા પ્રમાણે રાજા વિક્રમે મહુવા ગામ જૈન શેઠ ભાવડશાહને ઈનામમાં આપેલું. ઈ. સ. ૧૪૦૦ના લેખોમાં મહુવાનું સંસ્કૃત નામ 'મધુમાવતી' દર્શાવેલ છે. મહુવાના લક્ષ્મીનારાયણ મંદિરના સંવત ૧૫૦૦ (ઈ. સ. ૧૪૪૪)ના લેખમાં–સત્યયુગમાં ધર્મારણ્ય, દ્વાપરમાં સત્યમંદિર, ત્રેતામાં વેદભુવન, કલિયુગમાં મોહેરક–નામ દર્શાવેલ છે. આ જ લેખમાં મધુમાવતી પણ આવેલ છે, જે સરિતા વહે છે, તેનું નામ માલણ છે.[૧]

આપણે મહુવાનો પ્રાચીન ઇતિહાસ ઉખેળવો નથી પરંતુ આ પ્રાચીનનગરી 'મહુવા'ના દરબારગઢના નગરપાલિકાના વેપારકેન્દ્ર (શૉપીંગ સેન્ટર)ના પાયાના ખોદકામ દરમ્યાન લગભગ ૭ થી ૮ ફુટ નીચેથી તા. ૧–૧–'૮૬ના રોજ કેટલાંક શિલ્પો મળી આવ્યાં, જે 'ટ્રેઝર ટ્રોવ એક્ટ' હેઠળ પ્રાપ્ત કરી તા. ૧૦–૧–'૮૬ના બાર્ટન મ્યૂઝિયમ–ભાવનગરમાં[૨] લાવવામાં આવેલ છે, જ્યાં હાલ સંગ્રહિત કરવામાં આવેલ છે, તે તરફ અંગુલીનિર્દેશ કરવાનો છે.

૧ ચામરધારી : માપ : લંબાઈ ૧૯, પહોળાઈ ૭, ઉડાઈ ૫ (સે.મી.માં), નોંધણી નંબર : બા. મ્યૂ. ૯૭.

ત્રિભંગમાં સ્થિત ચામરધારીના જમણા હાથમાં ચામર છે. જ્યારે ડાબો હસ્ત કટિથી જરા નીચે આવેલ છે. કર્ણમાં કુંડળ, મસ્તક ઉપર જટામુકુટ, પગ સુધી વનમાળા, સુંદર વસ્ત્ર તથા અલંકરણ છે. બંને બાજુ થાંભલી છે, જેની બહાર નીચે નમસ્કારમુદ્રામાં સેવક, તેની ઉપરના ભાગે મકરમુખ છે (ચિત્ર ૧.૧, એમ. ૯૭).

૨ ચામરધારી : માપ : લંબાઈ ૨૪, પહોળાઈ ૧૦, જાડાઈ ૬ સે.મી., નોંધણી નંબર : બા. મ્યૂ. ૯૮.

'સ્વાધ્યાય', પુ. ૨૫, અંક ૧–૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૮૭–જાન્યુઆરી–૧૯૮૮, પૃ. ૧૩૭–૧૪૨.

* ક્યૂરેટરની કચેરી, દરબાર હૉલ, મ્યૂઝિયમ, જનતા ચૉક, જૂનાગઢ.

૧ કર્નલ જે. ડબલ્યુ. વોટ્સન, કાઠિયાવાડ સર્વસંગ્રહ–ગુજરાતી ભાષાંતર, એજ્યુકેશન સોસાયટી પ્રેસ, મુંબઈ, ૧૮૮૬, પૃષ્ઠ ૫૨૭–૨૮.

૨ આ શિલ્પસંગ્રહના અભ્યાસ માટે જરૂરી સુવિધા પૂરી પાડવા માટે બાર્ટન મ્યૂઝિયમ ભાવનગરના ક્યૂરેટર શ્રી મનહર સોલંકી તથા ગેલેરી આસિસ્ટંટ શ્રી વીરેશ રેશાઈનો આભારી છું.

બંને બાજુ સ્તંભિકા, તેના ઉપર ત્રણ પત્તીઓની ભાત કંડારી ગોખ બનાવેલ છે, જેની અંદર ત્રિભંગમાં ચામરધારી છે, જેના ડાબા હાથમાં દીર્ઘદાંડીવાળી ચામર, જમણા હસ્તમાં ટકોરી છે. કર્ણમાં કુંડળ, કંઠમાળા, દીર્ઘવનમાળા પગ સુધી પહોંચે છે, તેવું સુંદર અલંકરણ છે. ગોખની બહાર નીચે નમસ્કારમુદ્રામાં સેવક, તેની ઉપરના ભાગે ગજમુખ અને સૌથી ઉપરના ભાગમાં કીર્તિમુખ છે (ચિત્ર ૧.૨, બી. એમ. ૯૮).

૩ **કાયોત્સર્ગ :** માપ : લંબાઈ ૨૦.૫, પહોળાઈ ૬.૫, જાડાઈ ૬.૫ સે.મી., નોંધણી નંબર : બા. મ્યૂ. ૯૯.

બંને બાજુ સ્તંભિકા અને ઉપર છત્રાવટ કંડારી ગોખ બનાવેલ છે, જેમાં સમભંગમાં તીર્થંકર, કમળ ઉપર સ્થિત છે. દીર્ઘકર્ણ, લંબહસ્ત આવેલ છે. સુંદર પારદર્શક ધોતી ધારણ કરેલ છે.

ગોખની બહાર નીચે ચામરધારી, તેની ઉપર મકરમુખ અને કીર્તિમુખ કંડારાયેલ છે (ચિત્ર ૧, બી. એમ. ૯૯).

૪ **કાયોત્સર્ગ :** માપ : લંબાઈ ૧૯, પહોળાઈ ૭.૫, જાડાઈ ૪.૫ સે.મી., નોંધણી નંબર : ૧૦૮. વર્ણન ૩ પ્રમાણે (ચિત્ર ૨, બી. એમ. ૧૦૮).

૫ **ચામરધારી :** માપ : લંબાઈ ૨૪, પહોળાઈ ૮.૫, જાડાઈ ૬ સે.મી., નોંધણી નંબર : બા. મ્યૂ. ૧૦૯.

બંને બાજુ સ્તંભિકા, તેના એકમાં ઉપરના ભાગમાં ચોરસમાં સપ્તરપારાની ભાત અને બાજુમાં શિખર અને ત્રણ અર્ધ વર્તુળાકારથી સુંદર ગોળ બનાવેલ છે. જેમાં ત્રિભંગમાં જમણા કોણીથી ઊર્ધ્વ કરેલ હસ્તમાં કળશ અને ડાબામાં દીર્ઘ દાંડીવાળી ચામર સ્કંધ ઉપર ટેકાવી દીધી છે, તેવો ચામરધારી છે, જેના મસ્તકે જટામુકુટ, કંઠમાં અલંકરણ, કટિમેખલા અને સ્કંધ પાછળથી પસાર થયેલી વનમાળા પગના ગોઠણ સુધી પહોંચે છે, કમળપીઠ ઉપર ઊભેલ છે, બહારની ડાબી બાજુ મકરમુખ, સેવક હશે, જે શિલ્પ ખંડિત થયેલ છે, જેનો થોડો ભાગ દૃષ્ટિગોચર થઈ રહ્યો છે (ચિત્ર ૨, બી. એમ. ૨૦૯).

૬ **ચામરધારી :** માપ : લંબાઈ ૧૮.૫, પહોળાઈ ૮, જાડાઈ ૭ સે.મી., બા. મ્યૂ. નં. ૧૧૦.

આ ચામરધારી શિલ્પ ક્રમ ૧ જેવું જ છે. જે તફાવત દૃષ્ટિગોચર થાય છે, તે દિશા-ફેરના કારણે છે. જમણો હસ્ત કટિથી જરા નીચે રહેલ છે, જ્યારે ડાબા હસ્તમાં ચામર છે (ચિત્ર ૨, બી. એમ. ૧૧૦).

૭ **જૈનદેવી :** માપ : લંબાઈ ૧૧, પહોળાઈ ૮, જાડાઈ ૫ સે.મી., બા. મ્યૂ. નં. ૯૪.

ગોખમાં જૈન દેવી અર્ધપર્યંક આસનમાં ચતુર્ભુજ છે, જેનાં આયુધો સ્પષ્ટ નથી તથા નીચેનો ભાગ પણ ખંડિત છે (ચિત્ર ૩, બી. એમ. ૯૪).

૮ ચામરધારી : માપ : લંબાઈ ૧૮.૫, પહોળાઈ ૬.૫, જાડાઈ ૫.૫ સે.મી., બા. મ્યૂ. નં. ૯૫.

બે સ્તંભિકા ઉપર અર્ધગોળાકાર બનાવી ગોખ કંડારી તેમાં ત્રિભંગમાં જમણા હસ્તમાં ચામર ઊર્ધ્વ કરી ડાબો હસ્ત કટિથી થોડો નીચે રહેલ છે. તેવો ચામરધારી ઉપર્યુક્ત ચામરધારી જેવો અલંકૃત નથી (ચિત્ર ૩, બી. એમ. ૯૫).

૯ કાયોત્સર્ગ : માપ : લંબાઈ ૨૪, પહોળાઈ ૧૦.૫, જાડાઈ ૫ સે.મી., બા. મ્યૂ. નં. ૯૬.

બંને બાજુ સ્તંભિકા ઉપર ચોરસમાં સક્કરપારાની ભાત, તેની ઉપર છત્રાવટ અને ઉપર અર્ધવર્તુળાકાર ભાતમાં પુષ્પપાંખડી બોલેલી દર્શાવી કમાન બનાવી છે. તેવો ગોખ બનાવી તેની મધ્યમાં સમભંગમાં દીર્ઘકર્ણ, લંબહસ્ત, પારદર્શક વસ્ત્ર–ધોતી ધારણ કરેલ તીર્થંકર છે, તેની બહાર ડાબી બાજુ ત્રિભંગમાં અલંકૃત નથી તેવો ચામરધારી, મકરમુખ અને કીર્તિમુખ આવેલ છે (ચિત્ર ૩, બી. એમ. ૯૬).

૧૦ પાર્શ્વનાથ : માપ : લંબાઈ ૧૬.૫, પહોળાઈ ૮.૫, જાડાઈ ૭ સે.મી., બા. મ્યૂ. નં. ૧૦૨.

પદ્માસનમાં સ્થિત તીર્થંકરને પાર્શ્વમાં સમફણા નાગમસ્તક ઉપર છત્રની જેમ આવેલ છે. તેથી આ તીર્થંકર પાર્શ્વનાથ છે. નીચેની પાટલીમાં આકૃતિ જેવું તથા દેવનાગરી અક્ષરો પણ છે. પણ સ્પષ્ટ ન હોવાથી ઉકેલી શકાતા નથી (ચિત્ર ૪, બી. એમ. ૧૦૨).

૧૧ સપરિકર તીર્થંકર : માપ : લંબાઈ ૧૯.૫, પહોળાઈ ૧૪, જાડાઈ ૬ સે.મી., બા. મ્યૂ. નં. ૧૦૩.

સપરિકર તીર્થંકર ધ્યાનમુદ્રામાં છે, તેની પાટલી–પીઠિકામાં બંને છેડા ઉપર ઉત્કટાસનમાં દ્વિભુજ દેવી છે. તેના પછી બંને છેડે સિંહ અને ગજ, જ્યારે મધ્યમાં અર્ધપર્યંકાસનમાં દેવ (?) છે તેની નીચે મધ્યમાં આવેલ ચિહ્ન સ્પષ્ટ થતું નથી.

બંને બાજુ આજાનબાહુ કાયોત્સર્ગ ગોખમાં આવેલ છે, જેની ઉપર શિખરયુક્ત ગોખમાં પદ્માસનમાં તીર્થંકર છે. જેની બહાર બંને બાજુ માલાધર છે, જે માળાના બે છેડા ભેગા થાય છે. ત્યાં મધ્યમાં છત્ર આવેલ છે. તેની ઉપર ગજ તથા ગણ આવેલ છે. જેનાથી પરિકરને શોભાયુક્ત બનાવેલ છે. સંભવત : આ પાર્શ્વનાથ હોઈ શકે (ચિત્ર ૪, બી. એમ. ૧૦૩).

૧૨ તીર્થંકર : માપ : લંબાઈ ૧૪ સે.મી., પહોળાઈ ૧૦ સે.મી., જાડાઈ ૫ સે.મી., બા. મ્યૂ. નં. ૧૦૪.

પદ્માસનસ્થિત તીર્થંકર ધ્યાનસ્થ અવસ્થામાં છે, જેની બંને બાજુ થાંભલી અને શિર ઉપર છત્રાવટ છે. નીચે પાટલી–પીઠિકા–માં દેવનાગરી લિપિમાં श्रिवः साभाभ्र सुतातन लयो कन જેવું વંચાય છે, જે કદાચ પ્રતિમાસ્થાપન કરાવનારનું નામ હોવાની શક્યતા નકારી શકાય નહિ (ચિત્ર ૪, બી. એમ. ૧૦૪).

૧૩ તીર્થંકર : માપ : લંબાઈ ૧૫.૫, પહોળાઈ ૧૧.૫, જાડાઈ ૭.૫ સે.મી., બા. મ્યૂ. નં. ૧૦૦.

ધ્યાનસ્થ મુદ્રામાં પદ્માસનમાં તીર્થંકર છે, છાતી ઉપર શ્રીવત્સ ચિહ્ન છે. શિલ્પ ખંડિત છે (ચિત્ર ૫).

૧૪ પ્રતિમાની બેસણી-પાટલી : માપ : લંબાઈ ૧૪, પહોળાઈ ૩૯, જાડાઈ ૮ સે.મી., બા. મ્યૂ. નં. ૧૦૫.

આ શિલ્પ જૈનપ્રતિમાની બેસણી-પાટલીનું છે, જેના ઉપરના ભાગે તીર્થંકરની પ્રતિમા આવેલ હશે, પરિકર પણ હશે. બેસણીના બંને છેડે અર્ધપર્યંકાસનમાં દ્વિભુજ દેવ છે, જ્યારે ત્યારપછી બંને બાજુ સિંહ, ત્યારબાદ ગજ અને મધ્યમાં અર્ધપર્યંકાસનમાં દેવી છે, જેની નીચે મધ્યમાં બંને બાજુ હરણ બેઠેલ છે. વચમાં ધર્મચક્ર આવેલ છે.

બેસણીના નીચેના ભાગે છ ભાગ કરી તેના ઉપર સંવત ૧૩૪૧નો દેવનાગરી લિપિમાં લખાયેલ સંસ્કૃત ભાષાનો લેખ કોતરવામાં આવેલ છે, જેમાં શ્રી પાર્શ્વનાથનું બિંબ (પ્રતિમા) સ્થાપન કરાવ્યું તેવી નોંધ છે (ચિત્ર ૬).

૧૫ જૈનદંપતી : માપ : લંબાઈ ૧૪, પહોળાઈ ૧૧, જાડાઈ ૪ સે.મી., બા. મ્યૂ. નં. ૧૦૧.

સમભંગમાં નમસ્કારમુદ્રામાં નયનો મુદિત કરી દંપતી આવેલ છે. પુરુષે જટા અને દાઢી બાંધેલી છે. જૈન શિલ્પની વિશિષ્ટતા મુજબ લંબકર્ણ આવેલ છે. બાવડા ઉપર પહોંચાસાંકળી છે. કેડ ઉપરનું ઉપવસ્ત્ર ગોઠણ સુધી અને બે પગ વચ્ચે ગોઠવીને સુંદર રીતે ધારણ કરેલ છે. પાછળનું વસ્ત્ર ઊડી રહ્યું છે.

પુરુષની પત્નીએ પણ સુંદર કેશગોઠવણી કરી છે. તેના બાવડા ઉપર પણ પહોંચાસાંકળી તથા માળા ધારણ કરેલ છે. વસ્ત્ર ગોઠણ સુધી પહોંચે છે. ઉપરના ભાગે તીર્થંકરની નાની પ્રતિમા કંડારાયેલી છે. પગ પાસે નમસ્કારમુદ્રામાં અર્ધઆસનમાં સેવક બેઠેલ છે. જિનાલયમાં સત્કાર્ય કરી જિનપ્રભુના શુભાશીર્વાદ માંગતા હોય તેમ જણાય છે (ચિત્ર ૭).

૧૬ જૈન દાતાદંપતી : માપ : લંબાઈ ૩૦ સે.મી., પહોળાઈ ૧૮.૫, જાડાઈ ૧૦.૫, બા. મ્યૂ. નં. ૧૦૬ (ચિત્ર ૮).

આ પ્રતિમાની અંદર પુરુષને દાતા તરીકે દર્શાવેલ છે, જેના બંને હાથમાં ધનની લાંબી કલાત્મક થેલી પકડેલ દર્શાવેલ છે, જ્યારે બાજુની સ્ત્રીપ્રતિમા ધરની દેવતા ગૃહલક્ષ્મી તરીકે દર્શાવેલ છે, જે દ્વિભંગમાં બે હસ્તમાં સુંદર ઢબથી કળશ પકડીને ઊભેલ છે. તેઓએ ધારણ કરેલ વસ્ત્રો, કેશગુંફન પરથી જણાય છે કે, તેઓ સુખી અને સમૃદ્ધ પરિણીત યુગલ છે. પુરુષનું કેશગુંફન અને દાઢીની શૈલી વિશિષ્ટ છે. યજ્ઞોપવીત પણ કલાત્મક ધારણ કરેલ છે. કલાત્મક દ્રવ્યથેલી બે હસ્ત વડે પકડેલ છે, જે દ્વારા સ્પષ્ટ જણાય છે કે તે ધનવાન છે.

સ્ત્રીએ પહોંચાસાંકળી, બાવડે બાજુબંધ, કર્ણમાં કુંડળ, કંઠમાં મૌક્તિકમાળા ધારણ કરેલ છે. દંપતીએ વસ્ત્રો પણ સુંદર ધારણ કરેલ છે. ઉપવસ્ત્ર પાર્શ્વમાં લટકી રહ્યું છે. બેસણીમાં દેવનાગરીમાં અક્ષરો લખેલ છે, જે સંભવત: આ દાતાદંપતીનાં નામ હોવાની શક્યતા રહેલ છે. ખરેખર આ શિલ્પમાં કંડારાયેલ સ્ત્રીપુરુષ એકબીજા માટે જ સર્જન પામ્યાં હશે તેમ લાગે છે.

ઉપર્યુક્ત શિલ્પો શ્વેત આરસમાં કંડારાયેલ છે. માત્ર ક્રમ નં. ૧૩, પીળા રેતિયા પથ્થરમાં કોતરાયેલ છે.

આ શિલ્પાંકનનમૂનાઓ એક જગ્યાએથી એક સાથે મળેલા છે, તેની સાથે બીજી વસ્તુઓ મળી નથી. કેટલાંક શિલ્પોનું વ્યવસ્થિત ખંડન કરવામાં આવ્યું હોય તેમ જણાય છે, જેથી તેનું મૂળસ્થાન બીજું હોઈ શકે. શિલ્પો જોતાં જણાય છે કે, તે પરિકરના ભાગ હશે. પરંતુ આ શિલ્પોની કોતરણી ક્રમ પ્રમાણે ગોઠવણી કરતાં તથા તેની શૈલી જોતાં તે એક જ પરિકરના ભાગ હોવાનું જણાતું નથી. વિવિધ-એક કરતાં વધારે પરિકરના ખંડિત ભાગો છે.

સમયાંકન કરીએ, ક્રમ ૧ થી ૧૨ તથા ૧૪ સમકાલીન જણાય છે. આ શિલ્પની તક્ષણ-કલા ઉપરથી તે પ્રાય: ૧૩મી શતાબ્દીનાં હોવાનું અનુમાની શકાય છે. તદુપરાંત ક્રમ ૧૪-પ્રતિમાની બેસણી સંવત ૧૩૪૧ની સલેખ છે. તેથી તે પણ આ અનુમાનની પુષ્ટિ કરે છે.

ક્રમ ૧૩ તથા ૧૫ ઉપર્યુક્ત શિલ્પો કરતાં ઉત્કૃષ્ટ જણાતાં નથી. ક્રમ ૧૫ ક્રમ ૧૬ કરતાં પણ ઉત્કૃષ્ટ નથી. તે અલંકૃત નથી. એટલે પાછળના સમયમાં જે અલંકારિતા ઓછી થવા લાગી હતી તેની સ્પષ્ટ અસર જણાય છે. તેની તક્ષણકલા પણ ઘણી સાદી છે એટલે તે પ્રાય: ૧૪મી શતાબ્દીનાં હોવાનું અનુમાની શકાય છે.

ક્રમ ૧૬ દાતાદંપતી તેનો વૈભવ પ્રગટ કરે છે. તેની તક્ષણકલા આ સર્વેમાં ઉત્તમ જણાય છે. જૂનાગઢ મ્યૂઝિયમ-જૂનાગઢમાં પણ દાતાદંપતી સંગ્રહાયેલ છે (ચિત્ર ક્રમ ૯ પ્ર. વ. ૨. ક્રમ ૧૮/૮૨ જૂના.) જેનો સમય શ્રી. છો. મ. અમી[3] એ ૧૨મી શતાબ્દીનો પ્રારંભ દર્શાવેલ છે. જૂનાગઢ મ્યૂઝિયમનાં દંપતી કરતાં આ ક્રમ ૧૬નાં દાતાદંપતીનું સુંદર મુખારવિંદ, સુડોળ દેહાકૃતિ, અલંકૃત છે તેથી આગળ ન લઈ જાય તો પણ તેની સમકાલીન થવામાં જરા પણ ઉતરતી કક્ષાની નથી તેથી તે પણ ૧૨મીના પ્રારંભની કહી શકાય.

વર્તમાનમાં જૈનમંદિર આવેલ હોય પણ તેમાં સમયે સમયે ફેરફાર થયા હોય તે સ્વાભાવિક છે, તેથી તેના ઉપરથી આ શિલ્પનું સમયાંકન થઈ શકે નહિ પરંતુ મહુવામાં વિજિત-સ્વામીના મંદિરમાં મહાવીર ભગવાનની એક પ્રાચીન પ્રતિમા હોવાનું નોંધાયેલ છે,[4] સંવત ૧૫૦૦ની સાલનાં કેટલાંક જૈન મંદિરો આવેલાં છે, તેવો પણ ઉલ્લેખ મળે છે.[5] જૈનસંપ્રદાયની

---

3 Atri, C. M., A collection of some jain stone-images from Mount Girnar-Bulletin of the Museum and picture Gallery-Baroda vol. xxl. p. no. 52.

૪ દવે, ક. ભા., ગુજરાતનું મૂર્તિવિધાન-ગુજરાત વિદ્યાસભા-અમદાવાદ, ૧૯૬૩, પૃષ્ઠ નં. ૪૬૪.

૫ ૧ મુજબ, પૃષ્ઠ ૫૨૮.

વધારે પ્રાચીનતાની વાત કરીએ તો જૈન પરંપરાના ઇતિહાસમાં પણ ઉલ્લેખ મળે છે, તે પ્રમાણે 'An event recorded in the jain tradition is associated with Mahuva in this district when yakshadev III who attained the status of suri in vira samvat 585 (i. e. vikram year 115) was at Mahuva, the Mlechchhas plundered the city and took him captive along with 500 other monks of the creed. But a Mlechchha, who was originally a sravaka, got the suri released and sent him to khatu. There he was offered eleven boys for **Diksha**, so that the jain church may survive. From khatu the suri went to **Ahada** where, too he received some boys for **Diksha**. This event is dated about V. S. 95 (38–39 A. D.).[૬]

આ ઉલ્લેખો પરથી સ્પષ્ટ થાય છે કે, મહુવામાં જૈનસંપ્રદાય સારી રીતે ફૂલ્યોફાલ્યો હશે, જેના પરિણામસ્વરૂપ જિનાલયો બંધાયાં હશે, જે કાળક્રમે નાશ પામ્યાં હશે, જેમાંથી કેટલાંક આકસ્મિક સંજોગોમાં પ્રાપ્ત થયાં છે, જે આપણા ઉલ્લેખોને વધારે મજબુત બનાવે છે.

બાર્ટન મ્યૂઝિયમ, ભાવનગરના સંગ્રહમાં આ શિલ્પોના ઉમેરાથી આ મ્યૂઝિયમોનો શિલ્પસંગ્રહ વધારે સમૃદ્ધ બન્યો છે, જે માટે મ્યૂઝિયમ ક્યૂરેટર ધન્યવાદના અધિકારી છે.*

---

6 Gazetteer of India–Gujarat state–Bhavnagar–District, Ahmedabad 1969, page no. 46.

* તસ્વીરો :—નિયામક શ્રી સંગ્રહાલય ખાતું, ગુજરાત રાજ્ય, વડોદરાના સૌજન્યથી.



ચિત્ર નં. ૧
ચામરધારી તથા કાયોત્સર્ગ



ચિત્ર નં. ૨
કાયોત્સર્ગ તથા ચામરધારી



ચિત્ર નં. ૭

જૈન દંપતી

સંસ્કૃત નાટચશાસ્ત્રમાં ગણિકા

એમ. પી. કાકડિયા*

સંસ્કૃત કાવ્ય તેમ જ નાટચશાસ્ત્રમાં નાયિકાનિરૂપણ અત્યંત પ્રિય વિષય રહ્યો છે. પરિણામે નાયક કરતાં પણ અધિક વિશાળ ફલક પર નાયિકાને આલેખવામાં આવી છે. સંસ્કૃત નાટચશાસ્ત્ર આ માટે વિશેષરૂપથી સામાજિક પરિપ્રેક્ષ્યમાં વિચારે છે. સમાજમાં બધી સ્ત્રીઓને સરખો દરજ્જો પ્રાપ્ત થયો નથી. સામાજિક સ્થિતિ, અવસ્થા, પ્રકૃતિ, આચરણ વગેરેના માપદંડથી સ્ત્રીઓની અનેકવિધ ભૂમિકાઓ જોવા મળે છે. આચરણના માપદંડથી વિચારતી વખતે અત્યંત હેય દૃષ્ટિથી જોવામાં આવતી ગણિકા આપણું વિશેષ ધ્યાન ખેંચે છે. આ વર્ગની સ્ત્રીને સમાજે કયારેય જાહેરમાં ગૌરવ પ્રદાન કર્યું નથી. તેમના પ્રણયને હંમેશા શંકાની નજરે જોવામાં આવ્યો છે. સ્ત્રીસહજ અનુરાગની સંભાવનાનો ઇન્કાર થતો રહ્યો છે. સમાજ દ્વારા નિંદનીય આ પાત્ર સંસ્કૃત નાટચશાસ્ત્રની પરંપરામાં પણ વિશેષ સહાનુભૂતિભર્યો સ્પર્શ પામવામાં નિષ્ફળ રહેલ છે. સમાજ દ્વારા થઈ રહેલ ગણિકા તરફના અનાદરની અસર નાટચ-શાસ્ત્રમાં પણ વર્તાય છે. આમ છતાં સમાજ કે નાટક વગેરેમાં તેની ભૂમિકાનો ઇન્કાર થઈ શકે તેમ નથી. સંસ્કૃત નાટક, પ્રકરણ વગેરેના સંદર્ભમાં વિચારતાં દુઃખકલેશ પ્રધાન દરિદ્ર ચારુદત્ત કે મૃચ્છકટિકના નાયક ચારુદત્તના જીવનમાં ગણિકાનો પ્રવેશ અભિનંદનીય રહ્યો છે. વાસ્તવમાં નાયિકા વસંતસેના ગણિકા હોવા છતાં માન-સન્માનને યોગ્ય રહી છે. તો પણ સમાજનાં સ્થાપિત મૂલ્યો ગણિકાના અનુરાગની સહજ સ્વીકૃતિની તરફેણમાં નથી. સંસ્કૃત નાટચશાસ્ત્ર પણ ગણિકાની શાસ્ત્રીય સંકલ્પના સામાજિક માન્યતા આધારે તૈયાર કરતું હોઈ આ પાત્રને ગૌરવ આપી શકેલ નથી. પરિણામે આ નાયિકાનો પ્રણયવ્યવહાર સમાજ તેમ જ નાટક વગેરેમાં આશંકાભર્યો માની લેવાયો. અલબત્ત સામાજિક મૂલ્યોની શિથિલતા સાથે સંસ્કૃત નાટચશાસ્ત્રનો આ અભિગમ સ્થિર રૂપ ધારણ કરી શકયો નથી.

ગણિકાના સ્વરૂપ અંગે સંસ્કૃત નાટચશાસ્ત્રમાં પર્યાપ્ત વિચાર થયો છે. ધનંજય માને છે કે સાધારણ સ્ત્રી વેશ્યા હોય છે. તે કલાચતુર, પ્રગલ્ભા અને ધૂર્ત હોય છે.[1] તેઓ વિશેષમાં ઉમેરે છે કે જે લોકો છૂપાઈને કામતૃપ્તિની ઇચ્છા રાખે છે, જેની પાસેથી સરળતાપૂવક પૈસા કઢાવી શકાય છે, જે ખેવકૂફ, સ્વચ્છંદી, ધમંડી કે નપુસંક છે એવા લોકો સાથે આ સ્ત્રી (નાયિકા) એવો વ્યવહાર કરે છે કે જાણે તે તેઓને ખરેખરો પ્રેમ કરે છે. તેને જેવો ખ્યાલ

'સ્વાધ્યાય', પુ. ૨૫, અંક ૧-૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, ઑકટોબર ૧૯૮૭-જાન્યુઆરી ૧૯૮૮, પૃ. ૧૪૩-૧૪૮.

* સંસ્કૃત વિભાગ, શ્રી એ કે. દોશી મહિલા કૉલેજ, જામનગર.

૧ વ્યાસ, (ડૉ.) ભોલાશંકર (સં.), ધનંજય-દશરૂપકમ્—૨.૨૧, પ્ર. ચૌખમ્બા વિદ્યાભવન, વારાણસી, ત્રીજી આવૃત્તિ, ૧૯૬૭.

આવે છે કે તે નિર્ધન થઈ ગયો છે કે તુરત તેને માતા દ્વારા ઘરમાંથી બહાર કઢાવી મૂકે છે.[૧] વિશ્વનાથ ધનંજયથી એક ડગલું આગળ વધી એમ કહે છે કે ઘર બહાર કાઢી મૂકવા માટે માતાનો આશ્રય લેવાનું કારણ એ છે કે જો તે ધનિક બને તો ફરીથી ચાહી શકવામાં કોઈ બાધ ન આવે.[૨] વાસ્તવમાં અહીં નિરૂપાતું ગણિકાનું શાસ્ત્રીય સ્વરૂપ સામાજિક માન્યતા સાથે બંધબેસતું છે. સમાજ અને શાસ્ત્ર ગણિકાના શબ્દચિત્રને અત્યંત હેય દૃષ્ટિથી દોરે છે. આથી સમાજમાં માનભર્યું સ્થાન પામવામાં નિષ્ફળ રહેલ ગણિકાની દશા સંસ્કૃત નાટ્યશાસ્ત્રમાં વિશેષ આવકાર્ય બની શકી નહિ. પરંતુ એ હકીકતનો ઈન્કાર થઈ શકે તેમ નથી કે રૂપકમાં તેને કોઈ ને કોઈ રૂપમાં મહત્ત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત થયું છે. નાટક વગેરેમાં કેટલાક વિધિનિષેધો સાથે તે મુખ્ય કે ગૌણ નાયિકા બનવાને સક્ષમ માનવામાં આવી છે. ગણિકાનું નિરૂપણ કરતી વખતે એ બાબતનું ધ્યાન રાખવાનું રહે છે કે નાયક દિવ્ય અથવા રાજા હોય તેવાં રૂપકોમાં તેને મુખ્ય નાયિકાની ભૂમિકા સોંપી શકાય નહિ.[૩] અલબત્ત, ગણિકા દિવ્ય સ્ત્રી હોય તો આ નિષેધ લાગુ પડતો નથી. આ મતની પાછળ વિક્રમોર્વશીયની ઉર્વશી રહેલી જણાય છે. દિવ્ય કે રાજચરિતવાળાં રૂપકોમાં દિવ્યા ન હોય તેવી મર્ત્યકોટિની ગણિકાનું નિરૂપણ કરી શકાય છે; પરંતુ ત્યાં તેને ગૌણ નાયિકાનો દરજ્જો જ આપી શકાય છે. માલવિકાગ્નિમિત્રમાં રાજા અગ્નિમિત્રની રાણી ઈરાવતી આનું ઉદાહરણ છે. વાસ્તવમાં સાહિત્યિક પ્રવૃત્તિમાં ગણિકાને સોંપાયેલી ભૂમિકા વડે જે ન્યાય અપાયો છે તે શાસ્ત્રીય સંકલ્પનાથી ઘણો ઉદાર છે. સંભવતઃ સાહિત્યક પ્રવૃત્તિના પ્રભાવ હેઠળ ધનંજય અને રામચંદ્ર-ગુણચંદ્ર એક મહત્ત્વની વાત કરે છે કે પ્રહસન સિવાયનાં રૂપકોમાં ગણિકા નાયિકા તરીકે રહેલી હોય તો તેને નાયક તરફ અનુરાગ ધરાવતી દર્શાવવી જોઈએ.[૪] શાસ્ત્ર દ્વારા મૂકવામાં આવેલી આ પૂર્વશરત નાટક વગેરેના અવલોકનનું પરિણામ છે અને તેના પાલનમાં શાસ્ત્રની સિદ્ધિ પણ સમાયેલી છે. સાથોસાથ ગણિકા મુખ્ય કે ગૌણ નાયિકા તરીકેની મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરી શકે છે તેમાં તેનું ગૌરવ પણ જળવાયું છે.

નાટક વગેરેમાં નિરૂપાતી ગણિકા માટે એ આવશ્યક છે કે તે નાયક તરફ અનુરાગ ધરાવે; પરંતુ ગણિકા અને તેનામાં નાયક પ્રત્યે અનુરાગ હોવો એ બાબતે કેટલાક આચાર્યોને વિશ્વાસ નથી. સંસ્કૃત નાટ્યલક્ષણકારોએ ગણિકાનું આપેલું શબ્દચિત્ર પણ આ તરફનો જ સંકેત કરી જાય છે. આપણે આગળ જોયું તેમ ધનંજયે ગણિકાના પ્રેમને માત્ર ધનલાભ સાથે જોડી દીધો છે. ધનપ્રાપ્તિના બદલામાં અને દેખાવ પુરતા પ્રેમને અનુરાગની કક્ષાએ મૂકી શકાય નહિ. ખરું

---

૧ छन्नकामसुखार्थाज्ञस्वतन्त्राहयुपपण्डकान् ।
रक्तेव रञ्जयेदाढयान्निः स्वान्मात्रा विवासयेत् ॥ એજન ૨-૨૨.

૨ मात्रा निष्कासयेदेषा पुनः संधानकाङ्क्षया ।
વિશ્વનાથ-સાહિત્યદર્પણમ્—૩.૬૯, સં. શાસ્ત્રી, શાલગ્રામ, પ્ર. મોતીલાલ બનારસીદાસ, ૭મું સંસ્કરણ, ૧૯૭૩.

૩ વ્યાસ, (ડૉ.) ભોલાશંકર (સં.) ધનંજય-દશરૂપકમ્—૨.૨૩, પ્ર. ચૌખમ્બા વિદ્યાભવન, વારાણસી, ત્રીજી આવૃત્તિ, ૧૯૬૭.

૪ એજન ૨.૨૩, તથા રામચંદ્ર ગુણચંદ્ર-નાટ્યદર્પણમ્—(સં. ડૉ. નગેન્દ્ર વગેરે), પ્ર. દિલ્હી વિશ્વવિદ્યાલય, દિલ્હી, પ્રથમ આવૃત્તિ, ૧૯૬૧, પૃ. ૩૭૬.

જોતાં આવા સંજોગોમાં અનુરાગની પ્રાપ્તિ દુર્લભ બની રહે છે. વિશ્વનાથે પણ ગણિકામાં અનુરાગનો ઇન્કાર કર્યો છે. તેઓ સ્પષ્ટ કહે છે કે ગણિકા ન તો ગુણહીન પુરુષોમાં દ્વેષ બતાવે છે અને ન તો ગુણી લોકોને પ્રેમ કરે છે. તે કેવળ ધન જોઈને ઉપર ઉપરથી પ્રેમ દર્શાવે છે.[૧] કઈક આવો જ અભિપ્રાય કાવ્યાલંકારના પ્રણેતા રુદ્રટનો રહ્યો છે. તેમની દૃષ્ટિએ ગણિકાને નિર્ગુણ નાયક પ્રત્યે દ્વેષ હોતો નથી અને ગુણવાન નાયક પ્રત્યે પ્રેમ હોતો નથી.[૨] રસમંજરીકાર ભાનુદત્ત તો ભારપૂર્વક એ ઠસાવવા પ્રયત્ન કરે છે કે ગણિકામાં અનુરાગનાં દર્શન જ શકય નથી. તે માત્ર બતાવવા ખાતરનો પ્રેમ કરે છે અને તે પણ ધનલાલસાથી.[૩] માલવિકાગ્નિમિત્રમાં રાજા અગ્નિમિત્રની રાણી ઈરાવતીના નાયક તરફના પ્રણયમાં તેમણે ધનલાભને જ કારણભૂત ગણેલ છે. જો કે તેમણે મૃચ્છકટિકની નાયિકા વસંતસેનાની અપવાદરૂપ ગણિકામાં પરિગણના કરી છે. તો પણ તેઓ એવું કહેવાનું ચૂકતા નથી કે આનાથી પોતે તારવેલ સિદ્ધાંતમાં કોઈ દોષ આવતો નથી.[૪] અહીં જોઈ શકાય છે કે આ લક્ષણકારો ગણિકાના હૃદયમાં નાયક તરફ અનુરાગ ઉત્પન્ન થવાની સંભાવનામાં જ વિશ્વાસ ધરાવતા નથી. જો ખરેખર ગણિકાનો પ્રેમ આ કક્ષાનો જ માનવામાં આવે તો નાટક વગેરેમાં તેનું નિરૂપણ આવકાર્ય લેખી શકાય નહિ. વળી ઉચ્ચ આદર્શને સિદ્ધ કરવા મથતું કલાનું પોત પણ અવશ્ય નબળું પડી જાય. આનાથી પણ વિશેષ સત્ય એ છે કે નાયક સાથેની પ્રણયવંચના રસચર્વણામાં મોટી બાધા ઉત્પન્ન કરશે. શૃંગારતિલક, ભાવપ્રકાશ અને રસાર્ણવસુધાકરમાં યોગ્ય રીતે જ આવા પ્રસંગે શૃંગારરસાભાસનો પ્રશ્ન આગળ કરાયો છે. શૃંગારતિલકકાર સ્પષ્ટ માને છે કે નાટક વગેરેમાં નિરૂપાતી ગણિકાના અનુરાગમાં વિશ્વાસ ન કરવાથી શૃંગારરસાભાસનો દોષ આવશે. તેઓ સૌ પ્રથમ કાવ્યાલંકાર (રુદ્રટ)નો ઉતારો આપે છે કે સામાન્યા સ્ત્રી વેશ્યા હોય છે, જે વધુ ને વધુ દ્રવ્યની ઇચ્છા રાખે છે. ગુણહીન નાયક તરફ તેને દ્વેષ હોતો નથી કે ગુણવાન નાયક તરફ અનુરાગ હોતો નથી. આટલી હકીકત ઉતાર્યા પછી શૃંગારતિલકકાર પોતાનો મત આપતાં કહે છે કે આમ થવાથી કયારેય પણ શૃંગારરસ થશે નહિ, પરંતુ શૃંગારરસાભાસ થશે.[૫] શારદાતનય અને શિંગભૂપાલ પોતપોતાના ગ્રંથમાં શૃંગારતિલકના મતને ઉતારી આવા પ્રસંગને શૃંગારરસાભાસના ક્ષેત્રમાં ગણવાની હિમાયત કરે છે.[૬] વાસ્તવમાં ગણિકાના નાયક તરફના અનુરાગના અભાવે શૃંગારરસની નિષ્પતિ શકય

---

૧ વિશ્વનાથ–साहित्यदर्पणम्—૩.૬૮, (સં. શાલગ્રામ શાસ્ત્રી), પ્ર. મોતીલાલ બનારસીદાસ, દિલ્હી, ૭મું સંસ્કરણ, ૧૯૭૩.

૨ રુદ્રટ–काव्यालङ्कार—૧૨.૩૯ (સં. રામદેવ શુકલ), પ્ર. ચૌખમ્બા વિદ્યાભવન, વારાણસી, પ્રથમ આવૃત્તિ, ૧૯૬૬.

૩ ભાનુદત્ત–રસમંજરી—(સં. ગોપાલશાસ્ત્રી નેને), પ્ર. શ્રી હરિકૃષ્ણ નિબંધ ભવન, વારાણસી, ત્રીજી આવૃત્તિ, ૧૯૭૮, પૃ. ૧૧૧.

૪ એજન, પૃ. ૧૧૫.

૫ રુદ્રટ–शृङ्गारतिलक—૧.૧૨૨ (સં. ડૉ. આર. પિશલ) પ્ર. પ્રાચ્ય પ્રકાશન, વારાણસી, પ્રથમ આવૃત્તિ, ૧૯૬૮.

૬ શારદાતનય–भावप्रकाशनम्—(સં. યદુગિરિ યતિરાજ સ્વામી તથા કે. એસ. રામસ્વામી શાસ્ત્રી), પ્ર. ગાયકવાડ ઓરિએન્ટલ સીરીઝ, બરોડા, બીજી આવૃત્તિ, ૧૯૬૮, પૃ. ૯૫, લીટી ૧૭–૨૦.

તથા શિંગભૂપાલ–રસાર્ણવસુધાકર :—૧.૧૧૬ સં. ટી. વેંકટાચાર્ય, પ્ર. અડયાર લાયબ્રેરી, મદ્રાસ, ૧૯૭૯.

નથી. વળી રસ એ તો નાટ્યનો પ્રાણ મનાયો છે. આ સંજોગોમાં લક્ષણકારોના દૃષ્ટિકોણથી જોતાં ગણિકામાં અનુરાગ-યોજના સમસ્યારૂપ બને છે. સંભવતઃ રસાભાસના ક્ષેત્રમાંથી ઉગરવા આચાર્યોએ નાયક તરફના અનુરાગની યોજના કરવાનું વિધાન કર્યું છે.

નાટક વગેરેમાં અનુરાગવતી ગણિકાનું નિરૂપણ થવું જોઈએ, પરંતુ આગળ કહ્યું તેમ કેટલાક આચાર્યો ગણિકામાં અનુરાગની કલ્પના કરતા નથી. વિશ્વનાથનું તો વચન છે કે **રતમસ્યાં સુદુર્લભમ્** ।[1] વળી અનુરાગ થવો એ કોઈ સામાન્ય દશા નથી. શિંગભૂપાલના જ શબ્દોમાં કહીએ તો પ્રેમ, માન, પ્રણય, સ્નેહ અને રાગ દશા સુધી પહોંચેલી રતિ અનુરાગનું સ્થાન લે છે.[2] અનુરાગ એ પ્રેમની ઉત્તરોત્તર વિકાસ અવસ્થાનું અંતિમ સોપાન છે. ત્યાં હવે છળ, કપટ, વંચના વગેરેની શકયતા જ રહેતી નથી. એક તરફ ગણિકામાં અનુરાગ દર્શાવવાનો આગ્રહ રાખવો અને બીજી તરફ તેનામાં અનુરાગ દુર્લભ માનવો એ ખરેખર તો વદતોવ્યાઘાત છે. શાસ્ત્ર અને સાહિત્યની **પ્રવૃત્તિ** એક એવી સ્થિતિનું નિર્માણ કરે છે, જ્યાં બંને વચ્ચે વિસંવાદ ઊભો થાય છે. ખરેખર તો ગણિકાના સ્વરૂપનિર્દેશથી જ આ વિસંવાદ જન્મે છે. આથી તેનું સમાધાન પણ ત્યાંથી જ શોધવું રહ્યું. આ સંદર્ભમાં શિંગભૂપાલે અપનાવેલ અભિગમ વિશેષ ઉપયોગી થઈ પડે છે. તેમણે સૌ પ્રથમ ગણિકાના રક્તા અને વિરક્તા એવા બે ભેદ નોંધ્યા છે.[3] આમાંની વિરક્તા ગણિકા પ્રહસનને યોગ્ય છે જ્યારે રક્તા ગણિકા પ્રહસન સિવાયનાં રૂપકોમાં મુખ્ય અથવા ગૌણ નાયિકા તરીકે નિરૂપી શકાય છે. ધનંજય વગેરેએ ગણિકાનું જે સ્વરૂપ આપ્યું તેને શિંગભૂપાલે માત્ર વિરક્તા ગણિકા માટે સ્થિર કરી આપ્યું અને રક્તા ગણિકાનો તેનાથી ભેદ પાડી આપ્યો. સર્વ તો નહિ પરંતુ કેટલીક ગણિકાઓમાં અનુરાગનો સર્વથા ઇન્કાર કરવો યોગ્ય નથી. પરિણામે વિરક્તા ગણિકાથી ભિન્ન અનુરાગવતી રક્તા ગણિકાની સંકલ્પના આકાર પામી. વિરક્તા ગણિકામાં અનુરાગ દુર્લભ હોઈ શકે છે પરંતુ રક્તા ગણિકા માટે તે સહજ છે.

ગણિકાના રક્તા અને વિરક્તા એવા ભેદોની ઉદ્‌ભાવનાનું શ્રેય ભરતના ફાળે જાય છે. ભરત નાટ્યશાસ્ત્રમાં આ બે ભેદો સ્પષ્ટ નોંધે છે.[4] આ ઉપરાંત ભરતે આચરણના માપદંડથી આભ્યન્તરા ઉપરાંત બાહ્યા અને બાહ્યાભ્યન્તરા એવા સ્ત્રીઓના ત્રણ ભેદો ગણાવ્યા છે. આમાં આભ્યન્તરા કુલીન સ્ત્રી છે, બાહ્યા વેશ્યાના સ્થાને છે અને બાહ્યાભ્યન્તરા વેશ્યા હોવા છતાં આચરણથી પવિત્ર હોય છે.[5] શિંગભૂપાલે ગણાવેલ રક્તા અને વિરક્તા ભેદને અનુક્રમે ભરતના

---

૧ વિશ્વનાથ-સાહિત્યદર્પણમ્—૩.૭૧ (સં. શાલગ્રામ શાસ્ત્રી), પ્ર. મોતીલાલ બનારસીદાસ, દિલ્હી, ૭મું સંસ્કરણ, ૧૯૭૩.

૨ શિંગભૂપાલ-રસાર્ણવસુધાકરઃ—૨.૧૧૧ (સં. ટી. વેંકટાચાર્ય), પ્ર. અડયાર લાયબ્રેરી, મદ્રાસ, ૧૯૭૯.

૩ શિંગભૂપાલ-રસાર્ણવસુધાકરઃ—૧.૧૧૧, (સં. ટી. વેંકટાચાર્ય), પ્ર. અડયાર લાયબ્રેરી, ૧૯૭૯.

૪ ભરત-નાટ્યશાસ્ત્રમ્—૨૫.૧૮, (સં. બટુકનાથ શર્મા અને બલદેવ ઉપાધ્યાય), પ્ર. ચૌખમ્બા સંસ્કૃત સંસ્થાન, વારાણસી, બીજી આવૃત્તિ, ૧૯૮૦.

૫ **કુલિનાભ્યન્તરા જ્ઞેયા બાહ્યા વેશ્યાઙ્ગના સ્મૃતા ।**
કૃતશૌચા ચ યા નારી સા બાહ્યાભ્યન્તરા સ્મૃતા ॥ એજન, ૨૪.૧૪૩-૪૪.

બાહ્યાભ્યન્તરા અને બાહ્યાના સ્થાને મૂકી શકાય. ગમે તેમ પણ ધનંજય, વિશ્વનાથ, શારદાતનય વગેરે નાટ્યશાસ્ત્રમાં બીજરૂપે રહેલ આ સંકલ્પનાને વિકસાવવામાં પોતાનો ફાળો આપતા નથી. ગણિકાના સંદર્ભમાં સંસ્કૃત નાટ્યશાસ્ત્રમાં રહેલ વિસંવાદિતા ઉકેલવામાં શિંગભૂપાલનું યોગદાન નોંધપાત્ર છે. નાટક વગેરેમાં ગણિકાની ભૂમિકાને સાનુકૂળ બનાવવા માટે અન્ય આચાર્યોની સાથે રહી શિંગભૂપાલ એવું પ્રતિપાદિત કરે છે કે ગણિકાના હૃદયમાં પ્રેમાનુબંધની યોજના થવી જોઈએ.[૧] અલબત્ત, રક્તા ગણિકાની સંકલ્પના સ્વીકારાયા પછી અનુરાગ કલ્પવામાં કોઈ બાધ આવતો નથી. શૃંગારતિલકકારે તો વાસ્તવિકતાનો સ્વીકાર કરી ગણિકાની રતિને કામતૃપ્તિની દૃષ્ટિએ કુલસ્ત્રી અને પરાંગનાથી પણ ઉત્કૃષ્ટ માની છે. તેઓ કહે છે કે કુલાંગનાઓ (સ્વીયા નાયિકા)માં નાયક પ્રત્યે ઈર્ષા હોતી નથી અને પરાંગનાઓ (પરકીયા)માં નિઃશંક કામક્રીડા હોતી નથી, પરંતુ વેશ્યાઓમાં આ બંને હોય છે. અરે ! એ તો કામદેવનું સર્વસ્વ હોય છે.[૨]

ગણિકાના સંદર્ભમાં અંતે એટલું કહી શકાય કે સંસ્કૃત નાટ્યશાસ્ત્રમાં આ પાત્રને નાટક વગેરેમાં મળેલા સ્થાનને નિયમિત કરી આપવાનો જ પ્રયત્ન થયો હોવાનું જણાય છે. રક્તા ગણિકાની સંકલ્પના ભરતના નાટ્યશાસ્ત્રમાં મળતી હોવા છતાં તેનું મૂર્ત સ્વરૂપ પ્રમાણમાં ઘણું મોડું એટલે કે ૧૪મી સદીમાં પ્રાપ્ત થયું. રક્તા ગણિકાની સ્પષ્ટ સ્વીકૃતિ દ્વારા નાટક વગેરેમાં તેના નિરૂપણને નિયમિત કરી આપવા ઉપરાંત માનવીય સ્પર્શ પણ અપાયો. ખરેખર તો શિંગભૂપાલ અને સંસ્કૃત કવિઓએ ગણિકા માટે અપનાવેલ ઉદાર દૃષ્ટિકોણ આજના સમાજ માટે એક પડકાર છે. સમાજનો અમુક વર્ગ ગણિકા સાથેની છૂપી પ્રણયલીલાઓને આવકારે છે પરંતુ જાહેરમાં નિંદા કરવાનું ચૂકતો નથી. વાસ્તવમાં ગણિકાઓનું પણ સ્ત્રીસુલભ અભિલાષાઓ લઈ સંસારમાં જન્મે છે. સર્વ ગણિકાઓમાં ખરા હૃદયના પ્રેમની સંભાવના એકી સાથે સર્વથા નકારી કાઢવી એ યોગ્ય પણ નથી. સંભવતઃ આથી જ શિંગભૂપાલે ગણિકામાં, વિશેષતઃ રક્તા ગણિકામાં અનુરાગનું સમર્થન કરી યોગ્ય ગૌરવ પ્રદાન કર્યું છે.

---

૧ શિંગભૂપાલ–રસાર્ણવસુધાકર :—૧.૧૧૯-૨૦, (સં. ટી. વેંકટાચાર્ય), પ્ર. અડયાર લાયબ્રેરી, ૧૯૭૯.

૨ ईर्ष्या कुलस्त्रीषु न नायकस्य निःशङ्ककेलिर्न पराङ्गनासु ।
वेश्यासु चैतद् द्वितयं प्ररूढं सर्वंस्वमेतास्तदहो स्मरस्य ॥

રુદ્રટ–શૃઙ્ગારતિલકમ્—૧.૧૨૮, (સં. ડૉ. આર. પિશલ), પ્ર. પ્રાચ્ય પ્રકાશન, વારાણસી, પ્રથમ આવૃત્તિ, ૧૯૬૮.

OUR NEW RELEASES

	Rs.
Discipline : The Canonical Buddhism of the Vinayapitaka—John C. Holt	50
Encyclopedia of Indian Philosophies—Karl H. Potter	
Vol. I : Bibliography 2nd rev. edn.	250
Vol. II : Introduction to the Philosophy of Nyaya Vaisesika	150
Vol. III : Advaita Vedanta. Part I	175
Fragments from Dinnaga—H. N. Randle	40
Fullness of the Void—Rohit Mehta	85 (Cloth) 60 (Paper)
Global History of Philosophy 3 Vols—John C Plott.	195
Hindu Philosophy—Theos Bernard	50 (Cloth) 30 (Paper)
History and the Doctrines of the Ajivikas—A. L. Basham	75
History of the Dvaita School of Vedanta—B. N. K. Sharma	200
History of Indian Literature Vol. I—M. Winternitz	100
History of Pre-Buddhistic Indian Philosophy—B. Barua	125
Indian Sculpture—Stella Kramrisch	60
J. Krishnamurti and the Nameless Experience—Rohit Mehta	55 (Cloth) 45 (Paper)
Language and Society-Michael C. Shapiro and Harold F. Schiffman	130
Life of Eknath—Justin E. Abbott.	50 (Cloth) 35 (Paper)
Madhyamaka Buddhism: A Comparative Study—Mark Macdowell	50
Nyaya Sutras of Gotama—Tr. by Nand Lal Sinha	80
Peacock Throne : The Drama of Mogul India—Waldemar Hansen	120
Philosophy of Nagarjuna—K. D. Prithipaul	65
Prapancasara Tantra—Ed. by Arthur Avalon	100 (Cloth) 75 (Paper)
Select Inscriptions. Vol. II—D. C. Sircar	200
Serindia 5 Vols—Sir Aurel Stein	3000
Sexual Metaphors and Animal Symbols in Indian Mythology—Wendy Doniger O'Flaherty	100
Siksha Samuccaya : A Compendium of Buddhist Doctrine—Cecil Bendall & W.H.D. Rouse	60
Suresvara on Yajnavalkya—Maitreyi Dialogue (Brhadaranyako-panisad 2 : 4 and 4 : 5)—Shoun Hino	125
Tantraraja Tantra—Ed. by Arthur Avalon & Lakshaman Shastri	120 (Cloth) 100 (Paper)
Vedic Mythology, 2 Vols—Alfred Hillebrandt; tr. by Sreeramula Rajeswara Sarma	220

For Detailed Catalogue, please write to :—

MOTILAL BANARSIDASS

Bungalow Road, Jawahar Nagar, Delhi-110007 (India)

શ્યામજી કૃષ્ણવર્મા: જીવન અને કાર્ય

મુગટલાલ પો. બાવીસી*

શ્યામજી કૃષ્ણવર્મા માત્ર ભારતના જ નહિ પરંતુ જગતના મહાન ક્રાંતિકારી હતા. તેઓ એક વહીવટકર્તા, વિચારક અને વિદ્વાન પણ હતા. મહામાનવ કહી શકાય એવી વ્યક્તિઓમાં જ આવા સદ્‌ગુણો એક સાથે જોવા મળે છે. વૈભવી જીવન જીવી શકાય એવી તમામ સગવડો ઉપલબ્ધ હોવા છતાં તેનો ત્યાગ કરીને પોતાના આદર્શ ખાતર ઝઝૂમનાર અને તેની પાછળ જીવન સમર્પી દેનાર બહુ ઓછા વિરલા જોવા મળે છે. શ્યામજી કૃષ્ણવર્મા એમાંના એક હતા.

ગુજરાતનું એ સદ્‌ભાગ્ય છે કે એણે અહિંસક ચળવળના પ્રણેતા ગાંધીજી અને ક્રાંતિકારી ચળવળના પ્રણેતા શ્યામજી કૃષ્ણવર્મા આપ્યા. ગુજરાતની અહિંસાપ્રિયતા જોતાં અહીં ગાંધીજી પાકે એમાં બહુ આશ્ચર્ય નથી. પરંતુ શ્યામજી જેવા અઠંગ ક્રાંતિકારી પાકે એ જરૂર આશ્ચર્યજનક ગણાય. ભારતમાં ક્રાંતિની મશાલ સ્વામી દયાનંદ સરસ્વતીએ પ્રગટાવી અને શ્યામજીએ એનો પ્રકાશ યુરોપ સુધી રેલાવ્યો એ ઘટના જેટલી આશ્ચર્યજનક છે એટલી જ આનંદદાયક છે.

બાળપણ અને અભ્યાસ :

આવા સમર્થ અને સિદ્ધાંતનિષ્ઠ શ્યામજીનો જન્મ કચ્છના માંડવી ગામના ભણસાળી કુટુંબમાં તા. ૪ ઑક્ટોબર, ૧૮૫૭ના રોજ થયો હતો.[૧] ભારતના ઇતિહાસના ક્રાંતિકારી વર્ષમાં જ ભારતના પ્રથમ ક્રાંતિકારીનો જન્મ થયો એને ઇતિહાસનો એક સુયોગ ગણી શકાય. ૧૮૫૭માં લોકવિપ્લવ તો થયો જ હતો. ઉપરાંત મુંબઈ, મદ્રાસ અને કલકત્તાની વિદ્યાપીઠો પણ સ્થપાઈ હતી. આમ, ક્રાંતિ અને વિદ્યાની દૃષ્ટિએ સીમાચિહ્ન ગણાતા વર્ષમાં જ એક વિદ્વાન અને ક્રાંતિકારીનો જન્મ થયો એ બાબત નોંધનીય છે.

ગરીબીને કારણે શ્યામજીના પિતા મુંબઈમાં સ્થિર થયા હતા. પૂરતી આવકના અભાવે તેમણે પોતાના કુટુંબને માંડવીમાં જ રાખ્યું હતું. શ્યામજીને શરૂમાં માંડવીની

'સ્વાધ્યાય', પુ. ૨૫, અંક ૧-૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૮૭-જાન્યુઆરી ૧૯૮૮, પૃ. ૧૪૯-૧૬૦.

* ૪/૪, શ્રી સાંઈ એપાર્ટમેન્ટસ, હવાડિયા ચકલા પાછળ, સૂરત-૩૯૫ ૦૦૩.

૧ માંડવી ગામ પ્રાચીન અને ઐતિહાસિક છે. પ્રાચીન સમયમાં ત્યાં 'રિયાણપત્તન' નામનું ગામ વસેલું હતું. એ પછી તે 'રાયપુર' તરીકે ઓળખાયું અને ઈ. સ. ૧૫૮૦ આસપાસ તે 'માંડવી' તરીકે પ્રસિદ્ધ બન્યું. ત્યાં ઉત્તમ પ્રકારનાં વહાણો બનતાં હતાં. (રાઠોડ રામસિંહજી, 'કચ્છનું સંસ્કૃતિદર્શન', પ્ર. રાયસિંહજી કે. રાઠોડ, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ, ૧૯૫૯, આ. ૧, પૃ. ૧૬૪).

પ્રાથમિક શાળામાં અને તે પછી તેમની અભ્યાસનિષ્ઠા અને તેજસ્વિતાને કારણે ભૂજની અંગ્રેજી શાળામાં દાખલ કરવામાં આવ્યા હતા. ઈ. સ. ૧૮૬૭માં દસ વર્ષની ઉમરે તેમની માતાનું અવસાન થતાં તેમના ઉછેરની જવાબદારી તેમની માતામહીએ ઉપાડી લીધી. તેથી ભૂજમાંનો તેમનો અભ્યાસ ચાલુ રહી શકયો.

આ સમય દરમિયાન તેમનું ભાગ્ય તેમને મુંબઈ લઈ ગયું. મુંબઈના એક શ્રીમંત ભાટિયા મથુરાદાસ લવજીએ શ્યામજીને મુંબઈ લાવી તેમને વધારે અભ્યાસ કરાવવાનું નક્કી કર્યું. તેઓ ૧૮૭૦માં આ બાળક અને તેની માતામહીને પોતાની સાથે કચ્છથી મુંબઈ લેતા આવ્યા તથા તેમના રહેવાની અને ખર્ચની વ્યવસ્થા કરી. શ્યામજીને મુંબઈની વિલ્સન હાઈસ્કૂલમાં દાખલ કરવામાં આવ્યા. સાથે સાથે તેમને સંસ્કૃત પાઠશાળામાં પણ દાખલ કરાયા. કચ્છના વિશ્વનાથ શાસ્ત્રી આ પાઠશાળા ચલાવતા હતા. શ્યામજીએ આ પાઠશાળામાં સંસ્કૃત ભાષા, સાહિત્ય અને શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. દિવસે તેઓ હાઈસ્કૂલમાં જતા અને સાંજે પાઠશાળામાં અભ્યાસ કરતા.

૧૮૭૫ સુધીમાં તેમણે અંગ્રેજી અને સંસ્કૃતનું એટલું સરસ જ્ઞાન મેળવ્યું કે મુંબઈના વિદ્વાનો અને સુધારકો પણ તેમની પ્રશંસા કરતા થયા. વિલ્સન હાઈસ્કૂલમાં તેમની તેજસ્વી કારકિર્દીને કારણે તેમને ગોકુલદાસ કહાનદાસ પારેખ શિષ્યવૃત્તિ મળી તેમજ એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાં દાખલ થવાની તક મળી. એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાં તે સમયે શ્રીમંત કુટુંબનાં સંતાનો ભણતાં હતાં. અભ્યાસનિષ્ઠાને કારણે શ્યામજીએ આ શાળામાં પણ તેજસ્વી અને શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરી.

શ્યામજીના જીવનમાં ફરીથી નસીબે ચમત્કાર સર્જ્યો. તે સમયે મુંબઈના અતિ શ્રીમંત શેઠ છબીલદાસ લલ્લુભાઈ નો પુત્ર રામદાસ શ્યામજીનો સહાધ્યાયી હતો. રામદાસની મિત્રતાને કારણે શ્યામજીનો આ પરિવાર સાથે સંબંધ બંધાયો. એ પછી તેઓ અનેકવાર આ કુટુંબના ઘરે જતા. શેઠ છબીલદાસને આ યુવક પસંદ પડ્યો. તેમણે પોતાની પુત્રી ભાનુમતીનાં લગ્ન આ યુવક સાથે કરવાનું નક્કી કર્યું. આમ, ૧૮૭૫માં ૧૮ વર્ષની ઉમરે શ્યામજીનાં લગ્ન મુંબઈના અતિ ધનાઢય શેઠની પુત્રી સાથે થયાં.

એ સમયે મુંબઈમાં સામાજિક સુધારકોનું એક વર્તુળ ઊભું થયું હતું. શેઠ મથુરાદાસ લવજીએ એ વર્તુળ સાથે શ્યામજીનો પરિચય કરાવ્યો. તે વખતે રૂઢિચુસ્ત પંડિતો સાથે ચર્ચા કરીને કુરૂઢિઓનું ખંડન કરી શકે અને સામાજિક સુધારાને શાસ્ત્રમાન્ય ગણાવી શકે તેવા સંસ્કૃતના વિદ્વાનની સુધારકોને જરૂર હતી. એ ખોટ શ્યામજીએ પૂરી કરી.

૧૮૭૫ સુધીમાં શ્યામજીએ સંસ્કૃતના વિદ્વાન તરીકેની ખ્યાતિ મેળવી લીધી હતી. તેથી ઑકસફર્ડ યુનિવર્સિટીના સંસ્કૃતના પ્રોફેસર મોનિયર વિલિયમ્સ જ્યારે મુંબઈ આવ્યા ત્યારે શ્યામજીનો તેમની સાથે પરિચય કરાવવામાં આવ્યો. મોનિયર વિલિયમ્સ શ્યામજીના જ્ઞાન અને વિદ્વત્તાથી એટલા પ્રભાવિત થયા કે તેમણે શ્યામજીને પોતાના મદદનીશ તરીકે લેવાની તૈયારી બતાવી. તેથી શ્યામજીના મનમાં ઑકસફર્ડ જવાની મહેચ્છા પ્રગટી.

ક્રાંતિગુરુ સ્વામી દયાનંદ સરસ્વતી ૧૮૭૪ના ઑકટોબરમાં મુંબઈ આવ્યા. એ પછી ગુજરાત–સૌરાષ્ટ્રની મુલાકાત લઈને તેઓ ફરીથી મુંબઈ આવ્યા અને ત્યાં તા. ૧૦ એપ્રિલ, ૧૮૭૫ના રોજ તેમણે આર્યસમાજની સ્થાપના કરી. આ સમય દરમિયાન શ્યામજી સ્વામી દયાનંદના પરિચયમાં આવ્યા એટલું જ નહિ પરંતુ તેમના વિચારોથી પ્રભાવિત થયા. તેમણે આર્યસમાજના સભ્ય થઈને તેનો પ્રચાર કર્યો. શ્યામજી કૃષ્ણવર્માને ક્રાંતિકારી બનાવવામાં સ્વામી દયાનંદના સંસર્ગે બીજનું કામ કર્યું હતું.

આ અરસામાં તેમના જીવનમાં એક નિરાશાજનક બનાવ બન્યો. આંખની તકલીફને કારણે વાંચી નહિ શકવાથી ૧૮૭૬ની મેટ્રિકની પરીક્ષામાં તેઓ નપાસ થયા. છતાં શ્યામજીએ હિંમત હાર્યા વગર વધારે ઉજ્જવળ કારકિર્દી તરફ કદમ ઉઠાવ્યાં. ૧૮૭૫–૭૬માં તેમણે પત્રો દ્વારા સ્વામી દયાનંદ અને આર્યસમાજના અન્ય નેતાઓ સાથે નિકટના સંબંધો સ્થાપ્યા. ૧૮૭૭માં સામાજિક અને ધાર્મિક સુધારાના પ્રચાર માટે ભારતનાં અગત્યનાં સ્થળોનો પ્રવાસ કરવાનું તેમણે નક્કી કર્યું. એ દ્વારા વિદ્વાન તરીકે ખ્યાતિ મેળવીને અને ઈંગ્લેંડના પ્રોફેસર મોનિયર વિલિયમ્સ ઉપર પ્રભાવ પાડીને તેઓ ઑકસફર્ડ જવા ઇચ્છતા હતા. આ સમયે તેમને ઑકસફર્ડનું ઘણું આકર્ષણ જાગ્યું હતું.

કારકિર્દીની શરૂઆત :

૧૮૭૭ના માર્ચમાં તેઓ પ્રથમ નાસિક ગયા અને ત્યાં સામાજિક તથા ધાર્મિક સુધારા વિશે સંસ્કૃત ભાષામાં બે પ્રવચનો આપ્યાં. તેનાથી રાવબહાદુર ગોપાલ હરિ દેશમુખ ઘણા પ્રભાવિત થયા અને તેમણે મોનિયર વિલિયમ્સને શ્યામજીની વિદ્વત્તા વિશે ખૂબ ઊંચો અભિપ્રાય દર્શાવતો પત્ર લખ્યો. મે માસના પ્રથમ સપ્તાહમાં તેમણે પૂનાની અને છેલ્લા સપ્તાહમાં અમદાવાદની મુલાકાત લઈ સામાજિક સુધારા વિશે પ્રવચનો આપ્યાં. અમદાવાદ પછી તેઓ વડોદરા, ભરૂચ, સૂરત અને બનારસ ગયા. આ બધાં સ્થળોએ તેઓ સંસ્કૃતના વિદ્વાન અને ઊંડા અભ્યાસી તરીકે પ્રશંસા પામ્યા. મુંબઈના પ્રો. કુંટે, જી. વી. જોશી, કૃષ્ણશાસ્ત્રી ચિપલુનકર, પ્રો. કાથવટે, મહાદેવ ગોવિંદ રાનડે, વગેરેએ તેમને સંસ્કૃતના જ્ઞાન માટે સુંદર પ્રમાણપત્રો આપ્યાં.[૨]

વિવિધ સ્થળોએ શ્યામજીનાં વિદ્વત્તાભર્યાં છટાદાર પ્રવચનોને લીધે તેમને વર્તમાન-પત્રોમાં ઘણી પ્રસિદ્ધિ મળી. તેમણે ઑકસફર્ડ જવા માટે નાણાંકીય જોગવાઈ કરવાના પ્રયાસો શરૂ કર્યા. કચ્છ રાજ્ય પાસેથી સહાય મળવાની આશા હતી. પરંતુ તેમાં નિષ્ફળતા મળી. ડૉ. મોનિયર વિલિયમ્સે તેમને ૧૮૭૭ના અંતમાં કે ૧૮૭૮ની શરૂઆતમાં ઑકસફર્ડ આવવા આમંત્રણ આપ્યું હતું. પરંતુ નાણાંની જોગવાઈ કરવામાં એ મુદત વીતી ગઈ. તેથી તેમણે પોતાના ખર્ચે ઈંગ્લેંડ જવું પડે તેવી સ્થિતિ ઊભી થઈ. અંતે તેઓ ઉછીનાં નાણાં લઈને માર્ચ, ૧૮૭૯માં ઈંગ્લેંડ પહોંચ્યા.

---

2 Yajnik Indulal, 'Shyamji Krishnavarma', Lakshmi Publications, 43 Tamarind Lane, fort, Bombay–1, 1950, first Edition, P. 23.

ઑક્સફર્ડમાં :

ડૉ. મોનિયરને પોતાના કાર્યથી સંતોષ આપીને એક અઠવાડિયામાં જ તેમના મદદનીશ તરીકેની નિમણૂક તેમણે મેળવી. ઉપરાંત પ્રવેશપરીક્ષા આપીને ઑક્સફર્ડની બલીઅલ કૉલેજ (Balliol College)માં વિદ્યાર્થી તરીકે પ્રવેશ મેળવી લીધો. ડૉ. મોનિયરે શ્યામજીની મદદથી ઑક્સફર્ડમાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ અૅન્ડ લાયબ્રેરી શરૂ કરી. છ માસ પછી સપ્ટેમ્બર, ૧૮૭૯માં ડૉ. મોનિયરે મુંબઈના ગવર્નર સર રિચાર્ડ ટેમ્પલને તેમની નવી સંસ્થાની કમિટિના સભ્ય થવા પત્ર લખ્યો અને તેમાં શ્યામજીને કચ્છ રાજ્ય તરફથી નાણાંકીય મદદ મળે તે માટે પ્રયાસ કરવા જણાવ્યું. સર રિચાર્ડ ટેમ્પલના પ્રયાસથી શ્યામજીને કચ્છ રાજ્ય તરફથી દર વર્ષે ૧૦૦ પાઉંડની ત્રણ વર્ષ માટે શિષ્યવૃત્તિ મળી. પરિણામે શ્યામજીની આર્થિક ચિન્તા ઓછી થઈ.

શ્યામજીએ હવે ખંત અને નિષ્ઠાપૂર્વક અભ્યાસ શરૂ કર્યો. નવી ભાષાઓ ગ્રીક અને લેટિન સારી રીતે શીખી લીધી. ચાર વર્ષે ઈ. સ. ૧૮૮૨માં તેમણે બી. એ.ની પરીક્ષા વિશેષ યોગ્યતા (Distinction) સાથે, પસાર કરી. ૧૮૮૩માં તેઓ એમ. એ. થઈને કૉલેજના ફેલો બન્યા. એ પછી સંસ્કૃત, મરાઠી અને ગુજરાતીના વ્યાખ્યાતા તરીકે તેમની નિમણૂક થઈ. આ સમય દરમિયાન તેમને પ્રતિષ્ઠિત સંસ્થાઓ તરફથી નિબંધવાચન માટે આમંત્રણ મળવા માંડ્યાં. ૧૮૮૧માં તેમને રૉયલ એશિયાટિક સોસાયટી તરફથી "ભારતમાં લેખનની શરૂઆત" વિષય પર નિબંધ રજૂ કરવા આમંત્રણ મળ્યું. એ નિબંધથી પ્રભાવિત થઈને એ સંસ્થાએ તેમને માનદ સભ્યપદ આપ્યું. એ જ વર્ષમાં બર્લિન કૉંગ્રેસ ઑફ ઓરીએન્ટાલિસ્ટ્સમાં ભારતમંત્રી (Secretary of State for India) દ્વારા તેમને ભારતના પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવ્યા અને ત્યાં તેમણે "સંસ્કૃત–ભારતની જીવંત ભાષા" (Sanskrit as a Living Language in India) વિષય પર વિદ્વત્તાપૂર્ણ નિબંધ રજૂ કર્યો. ૧૮૮૨માં તેમને એમ્પાયર કલબના માનદ્ સભ્ય બનાવવામાં આવ્યા. ૧૮૮૩માં લીટનમાં યોજાયેલ કૉંગ્રેસ ઑફ ઓરીએન્ટાલિસ્ટ્સમાં પણ તેમને ભારતના પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવ્યા.

એમ. એ. થયા પછી શ્યામજીની ઇચ્છા ઑક્સફર્ડ કે લંડન યુનિવર્સિટીમાં સંસ્કૃતના પ્રોફેસરની જગ્યા મેળવવાની હતી. પરંતુ તેમાં નિષ્ફળતા મળતાં તેમણે ૧૮૮૩ના અંતમાં હિંદ આવવાનું નક્કી કર્યું. હિંદમાં ઊંચી સરકારી નોકરી મળે તે માટે તેમણે પ્રોફેસર મેક્ષમૂલર, ઑક્સફર્ડ યુનિવર્સિટીના ઉપકુલપતિ બી. જોવેટ, વગેરેનાં પ્રમાણપત્રો મેળવ્યાં હતાં. ૧૮૮૩ના અંતમાં શ્યામજી હિંદ આવ્યા અને ફરી ૧૮૮૪ના માર્ચમાં કાયદાના અભ્યાસની છેલ્લી પરીક્ષા આપવા ઇંગ્લેંડ ગયા. આ વખતે તેઓ પોતાનાં પત્નીને પણ સાથે લઈ ગયા. ત્યાં બૅરિસ્ટરની ડીગ્રી મેળવીને તેઓ જાન્યુઆરી, ૧૮૮૫માં હિંદ પરત આવ્યા.

દીવાન તરીકે :

હિંદ આવીને શ્યામજીએ મુંબઈ હાઈકોર્ટમાં વકીલાત શરૂ કરી. પરંતુ તેમની ઇચ્છા કોઈ દેશી રાજ્યમાં દીવાન તરીકે નિમણૂક મેળવવાની હતી. તેમાં સારો પગાર, મોભો અને વિશાળ સત્તાઓ મળે તેમ હતાં. તેમની એ ઇચ્છા ટૂંકા સમયમાં જ પૂર્ણ થઈ.

૧૯ ફેબ્રુઆરી, ૧૮૮૫ના રોજ રતલામ રાજ્યના દીવાન તરીકે માસિક રૂા. ૭૦૦/–ના પગારથી તેમની નિમણૂક થઈ. તે સમયે તેમની વય માત્ર ૨૮ વર્ષની હતી.

ખરાબ તબિયતને કારણે તેમને રતલામની નોકરી ૧૮૮૮ના મે માસમાં છોડવી પડી. તેઓ થોડા સમય માટે મુંબઈ આવ્યા અને ત્યાંથી અજમેર જઈ ત્યાં વકીલાત શરૂ કરી. અજમેરના જાહેર જીવનમાં રસ લઈને ત્યાંની નગરપાલિકાના સભ્ય બન્યા. ૧૮૯૩માં તેઓ ઉદયપુર રાજ્યના દીવાન તરીકે નિમાયા અને ત્યાંથી ફેબ્રુઆરી, ૧૮૯૫માં તેઓ જૂનાગઢ રાજ્યના દીવાન તરીકે માસિક રૂા. ૧૫૦૦/–ના પગારથી નિયુક્ત થયા.

જૂનાગઢમાં તેઓ છ મહીના રહ્યા એ દરમિયાન તેમના જીવનમાં એક કલેશયુક્ત અને તેમની કારકિર્દીને નુકસાન કરનાર પ્રસંગ બન્યો. તેઓ જૂનાગઢ ગયા પછી તેમના ઑકસફર્ડના એક અંગ્રેજ મિત્ર એ. એફ. મેકોનોકીએ પોતાને જૂનાગઢમાં સારી નોકરી મળે તે માટે પ્રયાસ કરવા તેમને જણાવ્યું. શ્યામજીના પ્રયાસોથી તેને નોકરી મળી. પરંતુ તેણે ધમંડપૂર્વક અતિ ખર્ચાળ માગણીઓ કરવા માંડી. બે વર્ષ સુધી ભયંકર ખટપટ અને કાવાદાવા ચાલ્યા. અંતે દોષનો ટોપલો શ્યામજીના માથે નાખવામાં આવ્યો અને તેમને જૂનાગઢની નોકરીમાંથી છૂટા કરવામાં આવ્યા. મેકોનોકીએ શ્યામજીને દગો દઈને એ સમાચાર અંગ્રેજ સરકારના બધા ખાતાના ઉચ્ચ અધિકારીઓને મોકલ્યા તથા વર્તમાનપત્રોમાં છપાવ્યા. પરિણામે શ્યામજીનું મન ઊઠી ગયું. અંગ્રેજ અધિકારીઓ તરફ તેમને નફરત પેદા થઈ.

ઈંગ્લેંડમાં વસવાટ :

શ્યામજીએ ધાર્યું હોત તો તેઓ મુંબઈમાં કે અન્ય કોઈ સ્થળે વકીલાત કરીને સારી આવક મેળવી શકત. એ સમયે હિંદનું રાજકીય વાતાવરણ ઘણું ક્ષુબ્ધ હતું. લોકમાન્ય તિલકને અઢાર માસની કેદની સજા થઈ હતી. પરિણામે તેઓ એવા નિર્ણય પર આવ્યા કે અંગ્રેજ સરકાર સામે યોગ્ય રીતે ઝુંબેશ ચલાવવી હોય તો ઈંગ્લેંડમાં રહીને જ સારી રીતે ચલાવી શકાય. આથી ૧૮૯૭માં તેમણે કાયમ માટે ઈંગ્લેંડમાં સ્થિર થવાનું નક્કી કર્યું. ત્રણ માસમાં બધી વ્યવસ્થા કરીને તેઓ એ વર્ષમાં પત્ની સાથે ઈંગ્લેંડ ગયા. એ પછીનાં ૩૩ વર્ષના જીવનકાળ દરમિયાન એમણે એક પણ વખત હિંદની મુલાકાત લીધી ન હતી.

૧૮૯૭ થી ૧૯૦૩ સુધી તેમણે અંગ્રેજ વિચારક અને બૌદ્ધિક સ્વાતંત્ર્યના હિમાયતી હર્બર્ટ સ્પેન્સરનાં પુસ્તકોનો અભ્યાસ કર્યો. સ્પેન્સરનાં "એજ્યુકેશન" અને "ધી સ્ટડી ઑફ સોશ્યોલૉજી" નામનાં પુસ્તકો ઘણાં લોકપ્રિય બન્યાં હતાં. શ્યામજી ઉપર સ્પેન્સરની રાજકીય વિચારસરણીનો ગાઢ પ્રભાવ પડ્યો. તેમના ઈનર ટેમ્પલના મકાનમાં હિંદી મિત્રો વચ્ચે આ અંગે ઘણી ચર્ચા થતી. આ મિત્રોમાં સરદારસિંહ રાણા, વીરચંદ ગાંધી, જે. એમ. પરીખ વગેરેનો સમાવેશ થતો.

૧૯૦૩ની ૧૪મી ડિસેમ્બરે હર્બર્ટ સ્પેન્સરનું અવસાન થયું ત્યારે તેમની અંતિમ ક્રિયામાં તેમણે ભાગ લીધો. સ્પેન્સરને અંજલિ અર્પવા માટે યોજાયેલી શોકસભામાં તેમણે બધાના સ્વા ૨૦

આશ્ચર્ય વચ્ચે મહત્ત્વની જાહેરાત કરતાં જણાવ્યું, "માનવજાત ઉપર ઉપકાર કરનાર આ મહામાનવ તરફ માનની લાગણીના પ્રતીક તરીકે તેમની સ્મૃતિમાં હું ૧૦૦૦ પાઉંડનું દાન આપવાની જાહેરાત કરું છું. ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં સ્પેન્સર સ્મારક વ્યાખ્યાનમાળા શરૂ કરવાની હું દરખાસ્ત કરું છું." તેમની આ દરખાસ્ત ઑક્સફર્ડ યુનિવર્સિટીએ સ્વીકારીને સ્પેન્સર વ્યાખ્યાનમાળા શરૂ કરી તથા પ્રથમ વ્યાખ્યાતા તરીકે સ્પેન્સરના ઊંડા અભ્યાસી ફ્રેડરિક હેરિસનને પસંદ કર્યા હતા.

સ્પેન્સરના અવસાનના એક વર્ષ પછી શ્યામજીએ રૂા. ૨૦૦૦/–નાં એક એવી પાંચ હર્બર્ટ સ્પેન્સર ઇન્ડિયન ફેલોશીપ જાહેર કરી, જે દ્વારા હિંદના વિદ્યાર્થીઓ ઇંગ્લેંડ જઈને અભ્યાસ કરી શકે.[૩] આ ઉપરાંત તેમણે સ્વામી દયાનંદ સરસ્વતીની સ્મૃતિમાં પણ વધારાની ફેલોશીપ જાહેર કરી. આ બધી ફેલોશીપ ત્રણ વર્ષ માટે હતી અને જો આ યોજના સફળ થાય તો તેને કાયમી સ્વરૂપ આપવાનું હતું. આ ફેલોશીપ માટે એમણે એવી શરત મૂકી હતી કે આ યોજના નીચે અભ્યાસ કરનાર વિદ્યાર્થી અભ્યાસ પૂરો કરીને હિંદમાં અંગ્રેજ સરકારની નોકરી સ્વીકારી શકશે નહિ. શિક્ષણને લગતી આવી ઉદાર સખાવતોથી શ્યામજીને હિંદમાં અને ઇંગ્લેંડમાં ઘણી નામના મળી.

૧૯૦૫માં રશિયા સામે જાપાનના વિજયથી સમગ્ર એશિયામાં નવી આશા અને ઉત્સાહનું મોજું ફરી વળ્યું હતું. લોર્ડ કર્ઝનના અમલ દરમિયાન અન્યાય અને દમનને કારણે ચારે તરફ અસંતોષ, વિરોધ અને ઉશ્કેરાટની લાગણી ફેલાઈ હતી. કૉંગ્રેસમાં પણ તિલકની આગેવાની નીચે ઉગ્રવાદીઓનું એક જૂથ અસ્તિત્વમાં આવ્યું. શ્યામજી વિનીતોને નહિ પરંતુ તિલક અને લજપતરાય જેવા ઉગ્રવાદીઓને પ્રોત્સાહન આપતા હતા. જો કે કૉંગ્રેસની હિંદમાંની કે ઇંગ્લેંડમાંની કોઈ પણ પ્રવૃત્તિ સાથે સીધી રીતે સંકળાવાથી તે દૂર રહ્યા હતા. તેમણે અનુયાયી નહિ પરંતુ અગ્રયાયી તરીકે જ દરેક પ્રવૃત્તિ ચલાવી હતી.

ક્રાંતિકારી પ્રવૃત્તિઓ :

બંગાળના ભાગલાથી હિંદમાં જે વાતાવરણ ઊભું થયું તેનાથી શ્યામજી અલિપ્ત ન રહી શક્યા. તેમણે ૧૯૦૫માં, સક્રિય અને ક્રાંતિકારી રાજકારણમાં પૂરી તાકાત સાથે ઝંપલાવ્યું. એ વર્ષના જાન્યુઆરી માસથી તેમણે "ધિ ઇન્ડિયન સોશ્યોલૉજિસ્ટ" નામનું માસિક લંડનથી શરૂ કર્યું. એનો આદર્શ "સ્વાતંત્ર્ય અને રાજકીય, સામાજિક તથા ધાર્મિક સુધારા"નો હતો. ચાર પૃષ્ઠના પ્રથમ અંકમાં જ શ્યામજીએ પોતાના પત્રનો ઉદ્દેશ સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું, "હિંદી પ્રજાની યાતનાઓ, માગણીઓ અને મહેચ્છાઓ વિશે બ્રિટિશ પ્રજાને માહિતગાર કરવા અત્યાર સુધીમાં હિંદીઓ દ્વારા વ્યવસ્થિત પ્રયાસ થયો હોય તેવું અમારી જાણમાં નથી. તેથી ગ્રેટ બ્રિટન અને આયરલેન્ડની પ્રજા સમક્ષ હિંદ અને તેના

૩ આ અરસામાં સરદારસિંહ રાણાએ પણ રાણા પ્રતાપ અને શિવાજીની સ્મૃતિમાં આવી ફેલોશીપ જાહેર કરી હતી. આવી ફેલોશીપ દ્વારા તેઓ નવા ક્રાંતિકારીઓ તૈયાર કરવા ઈચ્છતા હતા.

કરોડો લોકોવતી રજૂઆત કરવી એ અમારું મુખ્ય કર્તવ્ય રહેશે."[૪] આમ હિંદીઓ વતી હિંદની સ્થિતિ વિશે બ્રિટનમાં રજૂઆત કરવી એ એમનું મુખ્ય ધ્યેય હતું. "આક્રમણનો પ્રતિકાર એ માત્ર ન્યાયપૂર્ણ નહિ પરંતુ આવશ્યક છે (Resistance to aggression is not simply justifiable but imperative)" એ તેમનું પ્રિય સૂત્ર હતું.

તેમનું પત્ર હિંદમાં, બ્રિટનમાં અને અન્યત્ર ઘણું લોકપ્રિય બન્યું. તે સરકાર સામે માત્ર વિરોધ નહિ પરંતુ ક્રાંતિ અને વિપ્લવની તરફેણ કરતું હતું. આ પત્રને વધારે બળ આપવા માટે તેમણે લંડનમાં ૧૮ ફેબ્રુઆરી, ૧૯૦૫ના રોજ "ધી ઇન્ડિયન હોમરૂલ સોસાયટી"ની સ્થાપના કરી.[૫] એ માટે તેમના હાઇગેટ વિસ્તારના નવા મકાનમાં યોજાયેલી સભામાં ૨૦ હિંદીઓ હાજર રહ્યા હતા, જેમાં ડૉ. સી. મુથુ, જે. એમ. પરીખ, ડૉ. ડી. ઈ. પરેરા, સુહરાવર્દી, જે. સી. મુકરજી, એમ. આર. જયકર, વગેરેનો સમાવેશ થતો હતો. નવી સંસ્થાના પ્રમુખ તરીકે શ્યામજી કૃષ્ણવર્મા, ઉપપ્રમુખ તરીકે જે. સી. પરીખ, સરદારસિંહ રાણા, ગોદરેજ તથા સુહરાવર્દીની અને માનદ મંત્રી તરીકે જે. સી. મુકરજીની વરણી કરવામાં આવી. આ સંસ્થાના મુખ્ય ઉદ્દેશો નીચે પ્રમાણે હતા:

(૧) હિંદમાં સ્વરાજ (હોમરૂલ) પ્રાપ્ત કરવું.

(૨) એ ધ્યેયને સિદ્ધ કરવા ઇંગ્લેંડમાં સર્વ સાધનો દ્વારા પ્રચાર કરવો.

(૩) હિંદની પ્રજાને સ્વાતંત્ર્ય અને રાષ્ટ્રિય એકતાના લાભ સમજાવવા.

૧૯૦૫ના જુલાઈમાં લંડનમાં "ઇન્ડિયા હાઉસ" શરૂ કરવામાં આવ્યું. શ્યામજીએ જાહેર કરેલી ફેલોશીપ લઈને જે વિદ્યાર્થીઓ ઇંગ્લેંડ આવે તેમને રહેવા માટેનું આ છાત્રાલય હતું. એ પછી તે ક્રાંતિકારીઓના અડ્ડામાં ફેરવાઈ ગયું હતું. તેમાં વ્યાખ્યાનખંડ, પુસ્તકાલય તથા વાચનખંડની વ્યવસ્થા હતી. ઉપરાંત ટેનિસ કોર્ટ અને વ્યાયામગૃહની પણ સગવડ હતી. તેમાં એક સાથે ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે એવી જોગવાઈ હતી.

આમ, ૧૯૦૫નું વર્ષ શ્યામજીના જીવનમાં અતિ મહત્ત્વનું હતું. આ વર્ષમાં તેમણે "ધી ઇન્ડિયન સોશિયોલૉજિસ્ટ", "ધી ઇન્ડિયન હોમરૂલ સોસાયટી" અને "ઇન્ડિયા હાઉસ"ની સ્થાપના કરીને યુરોપીય ઢબના આંતરરાષ્ટ્રિય ક્રાંતિકારી તરીકેની કારકિર્દીની શરૂઆત કરી. ૧૯૦૫માં શરૂ કરેલું સામયિક ૧૯૧૪ સુધી ચાલ્યું. તેમાં ઉગ્ર, બંડખોર અને ક્રાંતિકારી વિચારો પ્રગટ થતા હતા. ઉપરાંત હિંદના અને જગતના રાજકીય બનાવોની સમીક્ષા પ્રગટ થતી હતી. તેમાં બ્રિટીશ શાહીવાદની ભયંકર ટીકા થતી હતી તથા હિંદમાંની જહાલ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન અપાતું હતું. શ્યામજીએ તેમના જીવનકાળ દરમિયાન કોઈ સળંગ પુસ્તક લખ્યું ન હતું, પરંતુ "ઇન્ડિયન સોશ્યોલૉજિસ્ટ"ના અંકો દ્વારા તેમની રાજકીય ફિલસૂફી

---

4 Yajnik Indulal, 'Shyamji Krishnavarma', P. 123.

૫ તે સમયે આયરલેન્ડમાં 'હોમ રૂલ'ની ઉગ્ર ઝુંબેશ ચાલતી હતી. તેથી શ્યામજીએ આ શબ્દો પસંદ કર્યા હતા.

અને વિચારો રજૂ કર્યા હતા. શ્યામજી હિંદી રાષ્ટ્રિય મહાસભાની મવાલ નીતિના સખ્ત વિરોધી અને સંપૂર્ણ આઝાદીના હિમાયતી હતા. તેથી તેઓ બ્રિટનની સરકાર માટે અળખામણા બન્યા હતા. તેમનું પત્ર સમગ્ર હિંદ ઉપરાંત યુરોપ અને એશિયાના ઘણા દેશોમાં જતું હતું.

હિંદમાં હિંસક અને ક્રાંતિકારી પ્રવૃત્તિઓ વધતી જતી હતી. તેથી અંગ્રેજ સરકારે ૧૯૦૭ના મે માસમાં લાલા લજપતરાયની ધરપકડ કરી. લજપતરાયની ધરપકડથી શ્યામજી ઘણા અકળાયા અને ઉશ્કેરાયા. તેમણે ફ્રાંસની ક્રાંતિ સમયના પ્રેરણાગીત અને પછીથી ફ્રાંસના રાષ્ટ્રગીત "લા માર્સેઇલ્સ"નું સંસ્કૃત, અંગ્રેજી, હિંદી, ઉર્દૂ, ગુજરાતી, મરાઠી અને બંગાળી ભાષામાં ભાષાંતર કરીને એ ભાષાંતરો પોતાના પત્રમાં પ્રગટ કર્યાં, જેથી ભારતની દરેક ભાષા બોલતી પ્રજા તેમાંથી પ્રેરણા લઈ શકે. ૧૯૦૭ના ફેબ્રુઆરીમાં તેમણે "સોસાયટી ઑફ પોલિટિકલ મિશનરીઝ ઈન ઇન્ડિયા" નામની સંસ્થા સ્થાપવા રૂા. ૧૦,૦૦૦/–ની રકમ આપી હતી.

લંડનથી પેરિસ :

પોતાની આ બધી પ્રવૃત્તિઓથી શ્યામજીને લાગવા માંડ્યું કે તેઓ બ્રિટનમાં સલામત નથી. બ્રિટિશ સરકાર ગમે ત્યારે તેમની ધરપકડ કરશે. તેથી તેમણે ચેતી જઈને તાત્કાલિક લંડનથી પેરિસ જઈને ત્યાં સ્થિર થવાનું નક્કી કર્યું. તેમનો સિદ્ધાંત હતો કે પગને કાદવવાળા થવા દઈને પછી ધોવા તેના કરતાં પગને કાદવથી દૂર રાખવામાં વધુ ડહાપણ છે. આ જ સિદ્ધાંતને અનુસરીને તેઓ ૧૮૯૭માં હિંદથી લંડન, ૧૯૦૭માં લંડનથી પેરિસ અને ૧૯૧૪માં પેરિસથી જીનિવા ગયા હતા.

પેરિસમાં રહીને તેમણે ક્રાંતિકારી પ્રવૃત્તિઓ ચાલુ રાખી. ત્યાં સરદારસિંહ રાણા અને મેડમ ભીખાઈજી રૂસ્તમ કે. આર. કામા તેમના મુખ્ય સાથીદારો હતાં. મેડમ કામાને "ભારતીય ક્રાંતિની માતા" તરીકે બિરદાવવામાં આવતાં હતાં. શ્યામજી આયરલેન્ડ, ચીન, જાપાન, ઈજીપ્ત, રશિયા, ઈટલી, જર્મની, દક્ષિણ આફ્રિકા, વગેરે દેશોના ક્રાંતિકારીઓ અને તેમની પ્રવૃત્તિઓથી પરિચિત રહેતા હતા તથા તેમના પત્રમાં તે વિશે ચર્ચા કરતા હતા. શ્યામજીના વિચારો અને અભિપ્રાયોને સમગ્ર જગતમાં બહોળી પ્રસિદ્ધિ મળતી હતી.

તેમણે લંડનમાં જે ઇન્ડિયા હાઉસની સ્થાપના કરી હતી તેમાં મદનલાલ ધીંગરા અને વિનાયક સાવરકર નામના બે ઉગ્ર ક્રાંતિકારીઓ જોડાયા હતા. તેમાંના મદનલાલે લંડનમાં કર્નલ વાયલીનું ખૂન કર્યું હતું. જ્યારે વિનાયક સાવરકરે મોકલેલી પિસ્તોલથી તેના ભાઈ ગણેશ સાવરકરના સાથીઓએ નાસિકના જિલ્લા ન્યાયાધીશ જેકશનનું ખૂન કર્યું હતું.[૬] એ પછી અંગ્રેજ સરકારે લંડનનું ઇન્ડિયા હાઉસ બંધ કરાવ્યું અને ક્રાંતિકારીઓ ઉપરની ભીંસમાં વધારો કર્યો.

---

૬ સાવરકરે હિંદમાં 'અભિનવ ભારત' નામની સંસ્થા સ્થાપી હતી, જેની શાખા વડોદરામાં પણ હતી. (રાજગોર શિવપ્રસાદ, 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ', પ્ર. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ–૬, ૧૯૭૪, આ. ૧, પૃ. ૧૪૫.

શ્યામજીની પ્રેરણાથી સરદારસિંહ રાણા અને મેડમ કામાએ જર્મનીના સ્ટટગાર્ટમાં તા. ૧૮ ઓગષ્ટ, ૧૯૦૭ના રોજ યોજાયેલી આંતરરાષ્ટ્રિય સમાજવાદી પરિષદમાં હિંદના પ્રતિનિધિ તરીકે ભાગ લીધો. એ પરિષદમાં મેડમ કામાએ ભારતનો પ્રથમ રાષ્ટ્રિય ત્રિરંગો ધ્વજ ફરકાવ્યો. ૧૯૦૮નીં ૧૦મી મેએ લંડનમાં ૧૮૫૭ના વિપ્લવનો ૫૧મો વાર્ષિક દિન ઉજવવામાં આવ્યો, જેના પ્રમુખ તરીકે સરદારસિંહ રાણા હતા. એ સમારંભમાં લગભગ ૧૦૦ હિંદીઓએ ભાગ લીધો. એમાં "રે, શહીદો!" શીર્ષકવાળી પત્રિકા વહેંચવામાં આવી હતી, જેમાં ૧૮૫૭ના શહીદોને અંજલિ આપી ભારતના લોકોને ક્રાંતિ કરવાની ઉગ્ર ભાષામાં પ્રેરણા આપવામાં આવી હતી. આ પત્રિકા હિંદનાં બધાં વર્તમાનપત્રોને મોકલવામાં આવી હતી. આ ઉજવણીનું આયોજન વિનાયક સાવરકરે કર્યું હતું.

શ્યામજીએ ૧૯૦૭ના અંતમાં આઝાદી માટે અંગ્રેજ સરકારનો બહિષ્કાર કરવા નીચેના આઠ મુદ્દાઓનો કાર્યક્રમ રજૂ કર્યો.

(૧) બ્રિટીશ સરકારની કોઈ પણ યોજનામાં નાણાં રોકવાં નહિ. (૨) હિંદી પ્રજાએ રાષ્ટ્રિય દેવાની જવાબદારીનો અસ્વીકાર કરવો. (૩) ભારતીઓએ બ્રિટિશ સરકારની સનદી અને લશ્કરી બધી જ નોકરીઓમાં જોડાવાનો ઈન્કાર કરવો અને જે લોકો એ નોકરીમાં હોય તેમણે તે છોડી દેવી. (૪) હિંદમાં જાહેર હડતાળને પ્રોત્સાહન આપવું. (૫) અંગ્રેજી શાળાઓ તથા કૉલેજોનો બહિષ્કાર કરી રાષ્ટ્રિય સંસ્થાઓમાં શિક્ષણ લેવું. (૬) હિંદના વકીલો અને બૅરિસ્ટરોએ બ્રિટિશ અદાલતોનો બહિષ્કાર કરી રાષ્ટ્રિય અદાલતોને પ્રાધાન્ય આપવું. (૭) હિંદના હિતને નુકસાન કરનાર એંગ્લો-ઇન્ડિયન અખબારોનો બહિષ્કાર કરવો. (૮) હિંદના લોકોમાં આઝાદી માટે પ્રેમ જાગૃત કરવો તથા એવી લાગણી ઊભી કરવી કે વિદેશી શાસન ચાલુ રહે તેમાં કોઈ પણ રીતે મદદ કરવી તે શરમજનક છે.૭

શ્યામજી વિશે એવો પ્રચાર થતો હતો કે તેઓ આલિશાન મકાનમાં રહીને માત્ર ક્રાંતિની વાતો કરે છે, પરંતુ તેને અમલમાં મૂકવા પ્રયાસ કરતા નથી. એના જવાબમાં તેમણે સ્પષ્ટ કર્યું હતું કે તેમનું મુખ્ય કાર્ય ક્રાંતિકારી વિચારો અને આદર્શોનો પ્રચાર કરવાનું છે, તેનો અમલ કરવાનું નહિ. તેમ છતાં તેઓ સમગ્ર ક્રાંતિકારી ચળવળના મૂળમાં હતા અને તે કારણે તેમને ઘણો ભોગ પણ આપવો પડ્યો હતો. ઈંગ્લેંડમાં તથા હિંદમાં વકીલોના રજીસ્ટરમાંથી તેમનું નામ રદ કરવામાં આવ્યું હતું તથા રૉયલ એશિયાટિક સોસાયટીએ તેમને આપેલું માનદ સભ્યપદ પાછું ખેંચી લીધું હતું. એ ઉપરાંત પોતાના વતનનો ત્યાગ કરી વિદેશમાં વસવાટ કરવાની તેમને ફરજ પડી હતી.

પેરિસમાં શ્યામજી ૧૯૦૭ થી ૧૯૧૪ સુધી રહ્યા. એ દરમિયાન તેઓ દેશના અને વિદેશના અનેક ક્રાંતિકારીઓના પરિચયમાં આવ્યા. હિંદથી યુરોપ જનાર લગભગ બધા જ નેતાઓ તેમની મુલાકાત લેતા. તેઓ તેમનું પત્ર તો ચલાવતા જ હતા. ઉપરાંત તેમના સાથી

---

૭ ગાંધીજીએ ૧૯૨૦ના અસહકારના કાર્યક્રમમાં આ મુદ્દાઓમાંથી ઘણા મુદ્દાઓનો સમાવેશ કર્યો હતો. એ દૃષ્ટિએ ગાંધીજી ઉપર શ્યામજીની અસરની નોંધ લેવી જોઈએ.

ક્રાંતિકારીઓએ હવે "વન્દે માતરમ્" અને "મદન તલવાર" નામનાં બે અંગ્રેજી સામયિકો શરૂ કર્યાં હતાં. ઈ. સ. ૧૯૧૧ના એપ્રિલમાં તેમણે અમેરિકાના પ્રમુખ ટાફ્ટને પત્ર લખી બ્રિટન સાથે સંધિ કરવા સામે ચેતવ્યા હતા. ૧૯૧૨ની ૨૮ ઑક્ટોબરે રશિયાના મહાન લેખક મેકસીમ ગોર્કીએ તેમને "હિંદના મઝીની" તરીકે બિરદાવ્યા હતા.[૮] મઝીની ઇટલીનો મહાન વિચારક, આદર્શવાદી અને ક્રાંતિકારી હતો. ઈ. સ. ૧૮૦૫ થી ૧૮૭૨ સુધીના જીવનકાળ દરમિયાન તેણે અનેક સંકટો વેઠી ઇટલીની આઝાદી અને એકતા માટે ચળવળો ચલાવી હતી.[૯] મઝીની અને શ્યામજીની પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર સામ્ય હતું.

પેરિસથી જીનિવા :

૧૯૧૪ના એપ્રિલમાં બ્રિટન અને ફ્રાન્સ વચ્ચે સંધિ થતાં શ્યામજી મુશ્કેલીમાં મુકાવાનો સંભવ હતો. તેથી શ્યામજીએ તરત જ પેરિસથી જીનિવા જવાનો નિર્ણય લઈને તેને અમલમાં મૂક્યો. જીનિવામાંથી પત્ર ચલાવવાની તેમણે તૈયારી કરી. પરંતુ સ્વીટ્ઝરલેન્ડ પોતાની રાજકીય તટસ્થતા જાળવી રાખવા ઇચ્છતું હતું. એટલે તેણે કોઈ પણ દેશ વિરુદ્ધની રાજકીય પ્રવૃત્તિ પર અંકુશો મૂક્યા. પરિણામે શ્યામજીને પોતાનું પત્ર બંધ કરવાની ફરજ પડી.

પ્રથમ વિશ્વયુદ્ધના અંત પછી ૧૯૨૦ થી ૧૯૨૨ સુધી તેમણે ફરીથી એ પત્ર જીનિવામાંથી ચલાવ્યું હતું. પરંતુ હવે તેમની શક્તિ અને સાહસિકતા ક્ષીણ થયાં હતાં. પ્રમુખ વિલ્સનની સ્મૃતિમાં વ્યાખ્યાનમાળા યોજવા માટે ૧૦,૦૦૦ ફ્રેન્કનું દાન આપવાની તેમની દરખાસ્તનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો. એવી જ રીતે તેમણે તિલકની સ્મૃતિમાં વ્યાખ્યાનમાળા યોજવા રૂા. ૧૦,૦૦૦/–નું દાન આપવા અને ત્રણ વર્ષ માટે ગાંધીજીને તેની વ્યવસ્થા સોંપવા તૈયારી બતાવી હતી. પરંતુ તેમની એ દરખાસ્તનો પણ અસ્વીકાર થયો હતો.

ગૌરવપૂર્ણ અંત :

હવે શ્યામજીને વૃદ્ધત્વની અસર વરતાતી હતી. તબિયત કથળતી હતી. જીવન અસ્ત તરફ ગતિ કરતું હતું. અંતે તા. ૩૧ માર્ચ, ૧૯૩૦ના રોજ સાંજના સમયે જીનિવામાં ૭૩ વર્ષની વયે તેમનો જીવનદીપ બૂઝાયો.[૧૦] તેમના જીવનના દરેક તબક્કામાં તેમનાં પત્ની ભાનુમતી તેમની સાથે હતાં. કરોડપતિની પુત્રી હોવા છતાં તેઓ પતિની છાયા માફક તેમની સાથે રહ્યાં હતાં. તેમનું દાંપત્યજીવન સુખી અને સંવાદિતાયુક્ત હતું. અંતે તા. ૨૨ ઑગસ્ટ, ૧૯૩૩ના રોજ જીનિવામાં તેમનું પણ અવસાન થયું.[૧૧] તેમને કોઈ સંતાન ન હતું એટલે

---

૮ ઓઝા ધનવંત, 'શ્યામજી કૃષ્ણવર્મા', પ્ર. રવાણી પ્રકાશન ગૃહ, ટિળક માર્ગ, અમદાવાદ–૧, ૧૯૬૪, આ. ૧, પૃ. ૩૪–૩૫.

૯ બાવીસી મુગટલાલ, 'અર્વાચીન યુરોપની મહાન પ્રતિભાઓ,' પ્ર. વોરા એન્ડ કંપની, ગાંધી માર્ગ, અમદાવાદ–૧, ૧૯૭૬, આ. ૧, પૃ. ૨૭–૩૦.

૧૦ એ સમયે ગાંધીજીની પ્રસિદ્ધ દાંડીકૂચ ચાલી રહી હતી અને હિંદમાં પ્રચંડ રાજકીય જાગૃતિનું મોજું ફેલાઈ રહ્યું હતું.

11 Yajnik Indulal, 'Shyamji Krishnavarma', P. 335.

તેમણે પોતાની બધી મિલ્કત (જે વીસ લાખ ફ્રેન્ક જેટલી હતી) વિવિધ સંસ્થાઓને દાનમાં આપી હતી. શ્યામજીનાં પુસ્તકો પણ જીનિવાના ગ્રંથાલયને દાનમાં અપાયાં હતાં.

સમાપન :

આમ, શ્યામજીનું નામ હિંદના રાજકીય આકાશમાં પ્રથમ, અને સાથે સાથે પ્રચંડ, ક્રાંતિકારી તરીકે ઝળહળે છે. સ્વામી દયાનંદ જેવા ક્રાંતિગુરુ પાસેથી તેમણે ક્રાંતિની દીક્ષા લીધી એટલું જ નહિ પરંતુ સરદારસિંહ રાણા, મેડમ કામા, મદનલાલ ધીંગરા, વિનાયક સાવરકર, લાલા હરદયાલ, લાલા લજપતરાય, લોકમાન્ય તિલક, બિપિનચંદ્ર પાલ, જેવા શક્તિશાળી ક્રાંતિકારીઓની પેઢી તૈયાર કરી. હિંદી રાષ્ટ્રિય મહાસભા જ્યારે માત્ર રાજકીય સુધારાની માગણી કરતી હતી ત્યારે તેમણે સંપૂર્ણ આઝાદીનું ધ્યેય જાહેર કર્યું હતું. દીવાન તરીકે તેમણે સંસારનાં સર્વ સુખ, સત્તા અને વૈભવ માણ્યાં હતાં. તે છતાં શાંતિમય જીવન પસંદ કરવાને બદલે અતિ પ્રવૃત્તિશીલ જીવન તેમણે પસંદ કર્યું. જોડી ખીણમાંથી તેઓ ઉન્નત શિખરે પહોંચ્યા. તેમને ભારતમાં ક્રાંતિના દ્રષ્ટા અને પ્રણેતા ગણી શકાય. ૧૯૩૦માં એક મહાન ગુજરાતી જીનિવામાં જ્યારે સ્વર્ગ તરફ પ્રયાણ કરી રહ્યા હતા ત્યારે બીજા મહાન ગુજરાતી દેશને જગાડવા અમદાવાદથી દાંડી તરફ કૂચ કરી રહ્યા હતા. ગુજરાતને માટે એ ગૌરવપ્રદ સુયોગ ગણી શકાય.

શ્યામજીએ તેમના જીવન અને કાર્ય દ્વારા માત્ર ભારતમાં જ નહિ પરંતુ જગતમાં ગુજરાતનું નામ રોશન કર્યું છે.

OUR LATEST MONUMENTAL PUBLICATIONS

RAJPUT PAINTING : 2 Vols.—ANAND K. COOMARASWAMY,
—with a Foreword by KARL J. KHANDALAVALA
pp. 108 *text.* 7 *Multi-coloured plates,* 96 *plates, Delhi,* 1976 *Cloth Rs.* 500
A valuable guide to understand Rajput Painting of the 14th Century A.D.; the book portrays the popular religious motifs and offers information on Hindu Customs, Cstumes and Architecture.

A HISTORY OF INDIAN PHILOSOPHY : 5 Vols.—S. N. DASGUPTA
pp. 2,500: *Delhi,* 1975: *Rs.* 200
A comprehensive study of Philosophy in its historical perspective. The author traces the origin and development of Indian Philosophy to the very beginnings, from Buddhism and Jainism, through monistic dualistic and pluralistic systems that have found expression in the religions of India.

THE HINDU TEMPLE : 2 Vols.—STELLA KRAMRISCH
pp. 308, 170 (*text*) + 81 *plates, Delhi,* 1976, *Cloth Rs.* 250
The work explains the types of the spiritual significance of the Hindu Temple architecture, traces the origin and development of the same from the Vedic fire altar to the latest forms, discusses the superstructure, measurement, proportion and other matters related to temple architecture.

TAXILA : 3 Vols.—SIR JOHN MARSHALL
pp. 420, 516, 246 *plates, Delhi,* 1975, *Cloth Rs.* 400
The book records the political and cultural history of N. W. India (500 B.C.—A.D. 500), the development of Buddhism, the rise and fall of political powers—Aryans, Greeks, Sakas etc. and illustrates the archaeological remains by 246 photographs.

JAIN AGAMAS : Volume 1 Acaranga and Sutrakrtanga (Complete)
Ed. by MUNI JAMBU VIJAYAJI, *pp.* 786: *Delhi,* 1978, *Cloth Rs.* 120
The volume contains the Prakrit Text of the two agamas, Exposition by Bhadrabahu in Prakrit, the Sanskrit Commentary by Śilāṅka, Introduction Appendices etc. by Muni Jambu Vijayaji Maharaja.

ANCIENT INDIAN TRADITION AND MYTHOLOGY (in English translation) (Mahāpurāṇas)—General Editor: PROF. J. L. SHASTRI. *App. In Fifty Volumes Each Vol. Rs.* 50 *Postage Extras pp.* 400 *to* 500 *each Vol.: Clothbound with Gold Letters and Plastic Cover.*
In this series 12 Vols. have been published: Clothbound with Gold letters. Vols. 1-4 Śiva Purāṇa; Vols. 5-6 Liṅga Purāṇa, Vols. 7-11 Bhāgavata Purāṇa, Vol. 12 Garuda Purāṇa (Part I).

INDIA AND INDOLOGY: Collected Papers of PROF. W. NORMAN BROWN—Ed. by PROF. ROSANE ROCHER: *pp.* 38 + 304, *Cloth Rs.* 190
The book contains important contributions of Prof. W. Norman Brown to Indology: Vedic Studies and Religion, fiction and folklore, art and philology, the book contains a biographical sketch of Prof. Norman Brown and a bibliography of his writings.

ENCYCLOPAEDIA OF INDIAN PHILOSOPHIES: Ed. KARL H. POTTER *Vol. I Bibliography. pp.* 811, *Rs.* 80, *Vol. II Nyāya Vaiśeṣika, pp.* 752, *Rs.* 150
This is an attempt by an international team of scholars to present the contents of Indian Philosophical texts to a wider public. Vol. I contains the Bibliography of the works on Indian Philosophies. Vol. II gives a historical resume, nature of a philosophical system and summaries of works beginning from Kāṇāda.

SERINDIA : *Demy Quarto, Vols. I-III Text, Appendices, Indices, Illustrations* 545, (*pp.* 1-1580): *Vol. IV Plates* 175, *Vol. V Maps* 94 (Shortly)
This book is based on a report of explorations carried out by Sir Aurel Stein in Central Asia and Western most China and contains scholarly analysis of the finds by experts in their respective fields.

PLEASE WRITE FOR OUR DETAILED CATALOGUE

MOTILAL BANARSIDASS

Indological Publishers and Booksellers

Bungalow Road, Jawahar Nagar, DELHI-110007 (INDIA

સમાજસુધારક શ્રીકૃષ્ણ

માલતી જે. જોશી*

શ્રીકૃષ્ણના જીવનનાં તમામ પાસાંઓ એમની પૂર્ણતાની પ્રતીતિ કરાવી એમને પૂર્ણ પુરુષોત્તમ બનાવે છે. સમાજસુધારણામાં પણ તેમનો અગ્રક્રમ જ રહ્યો છે. સર્વસમૃદ્ધ સમાજરચનામાં આવતાં તમામ પરિબળોને કૃષ્ણે પોતાની આગવી લાક્ષણિકતાથી આવિષ્કૃત કરી લોકસંગ્રહાર્થે કાર્ય કરીને સમાજસુધારણાનું કાર્ય પણ કર્યું છે. જેમાં કુટુંબ સમાજ–જ્ઞાતિ, નીતિ, રીતરિવાજો, રાજકારણ, કલા, અર્થતંત્ર, વિજ્ઞાન, શિક્ષણ ઇત્યાદિ સંસ્કૃતિનાં તત્ત્વો સમાવી શકાય.

કુટુંબ :—સહજ આત્મીય એવા કૃષ્ણે પાલક માતા–પિતા નંદ–યશોદાને બાળલીલાથી ધન્ય બનાવી, ધર્મભગિની દ્રૌપદી સાથેનો ભ્રાતૃભગિની ભાવ જીવનપર્યંત જાળવી રાખી ગોપગોપીઓના પ્રેમને બાળલીલાથી જીતી લઈ લોહીના સંબંધ કરતાં ધર્મનો સંબંધ જરા ય ઉતરતો નથી એની ખાત્રી કરાવી. ૧૬૧૦૮ પત્ની હોવા છતાં દરેકના પ્રિયતમ બની રહ્યા. અતિ પ્રવૃત્તિશીલ મહાન રાજનેતા કૃષ્ણ વસુદેવ–દેવકીના લાડકવાયા આદર્શ પુત્ર જ રહ્યા. એક લાખ એકસઠ હજાર, એંસી પુત્રોના પિતા કૃષ્ણે બાળકોના સર્વાંગી વિકાસમાં પૂરતી કાળજી રાખી છે. ઉદ્ધવ–અક્રુર જેવા અન્ય સંબંધીઓ સાથેનો સુમેળભર્યો સંબંધ આદર્શ કુટુંબ-વ્યવસ્થાને દૃઢ કરવામાં મોટો ફાળો આપે છે.

જ્ઞાતિ–સમાજ :—ગોપગ્વાલનો ગરીબ ગ્રામ્ય સમાજ હોય કે યાદવકુળ જેવો સમૃદ્ધ વિશાળ સમાજ હોય, જે તે પરિસ્થિતિમાં સહજ ઓતપ્રોત થઈ પ્રેમ અને ઉત્સાહ દ્વારા નિરપેક્ષ ભાવે કાર્યરત રહી નિર્મમત્વની ચાવી કૃષ્ણે બતાવી. પુતનાવધથી માંડી રાસલીલાસહિત અનેક લીલાપ્રસંગોથી નંદ–યશોદા સહ વ્રજજનોને ઘેલાં કીધાં. ઉગ્રસેનને રાજ્ય આપવાથી માંડી યાદવાસ્થળી સુધીના અનેક સારામાઠા પ્રસંગોના ઉપભોક્તા, કર્તા અને સાક્ષી બનીને છેવટે સર્પ જેમ કાંચળી ઊતારે તેમ અલિપ્તભાવે વ્રજ અને આ ધામ છોડ્યાં.

નીતિ :—કૃષ્ણની નીતિ હંમેશ પ્રેમપ્રધાન, શ્રેયપ્રધાન, ન્યાયપ્રધાન અને હિતપ્રધાન રહી છે. પછી તે સમાજ, ધર્મ વ્યક્તિ કે સમષ્ટિગત હોય. જીવનમાં કૃષ્ણે ઋત સત્યને પ્રાધાન્ય આપ્યું તેમાં વ્યવહાર અને સમાધાનનું વલણ રાખવાનો આગ્રહ રાખ્યો પરંતુ ઉદારતા કે ક્ષમાને બહાને કાયરતા ને પોષણ તો નહીં જ. અહિંસામાં શ્રદ્ધા હોવા છતાં અન્યાય અને શોષણથી

'સ્વાધ્યાય', પુ. ૨૫, અંક ૧–૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૮૭–જાન્યુઆરી ૧૯૮૮, પૃ. ૧૬૧–૧૬૪.

* આર્ટ્સ કૉલેજ, ચીખલી.

છેતરવાનો પ્રસંગ આવે તો હિંસામાં ખચકાટ પણ નહિ. આત્મલક્ષી કૃષ્ણ હંમેશ અન્યની દૃષ્ટિ, ભાવ અને ઇચ્છા ધ્યાનમાં રાખી તે પૂર્ણ કરવા પ્રયત્નશીલ રહ્યા છે. અનેક અસુરોનો વધ છતાં તેનો ઉદ્ધાર; જરાસંધ સાથે યુદ્ધ કર્યું છતાં આદરભાવે રાજસૂયયજ્ઞપ્રસંગે તેમની ઇચ્છા મુજબ યુદ્ધની માગણી; ભીષ્મ સામે પ્રહાર કરવા રથચક્ર ઉપાડયું છતાં દ્વેષરહિતતા; અર્જુન પ્રિય સખા છતાં દુર્યોધનને માગણીમાં અગ્રક્રમ; માતા-પિતાસહિત સર્વને ત્રાસ આપનાર મામા કંસનો વધ; દુર્યોધન સાથે સંધિના અનેક પ્રયાસો છતાં છેવટે યુદ્ધનો સહર્ષ સ્વીકાર; યુદ્ધસમયે સ્વજનોને જોઈ વિષાદમગ્ન અર્જુનને આપેલો ઉપદેશ; દ્રોણવધપ્રસંગે યુધિષ્ઠિરને 'નરો વા કુંજરો વા' બોલવાની આપેલી પ્રેરણા, સ્વપુત્રોને કારણે પૃથ્વી પર ભાર વધ્યો છે એમ લાગતાં યાદવાસ્થળીના સાક્ષી બન્યાનો પ્રસંગ ઇત્યાદિ એમની માનવકલ્યાણપ્રેમની નીતિનાં દ્યોતક છે. કૃષ્ણની નીતિ હંમેશ સેવા, ત્યાગ અને સમર્પણની રહી છે. આથી જ યોગેશ્વર કહેવાયા. યુદ્ધમાં કૃષ્ણે વિજયશૃંખલા રચી પોતે સત્તાથી પર રહ્યા. કાર્યકૌશલ કૃષ્ણનું પોતાનું હોવા છતાં યશ પાંડવો, ઉદ્ધવ, અક્રૂર, બલરામ જેવાને આપ્યો.

રીતરિવાજો :—ઋતૂત્સવો કે કોઈપણ પર્વની ઉત્સાહપૂર્ણ ઉજવણીને પ્રોત્સાહન આપ્યું. વ્રજમાં તો પ્રગટ થયા ત્યારથી તે વ્રજ છોડયું ત્યાં સુધી ઉત્સવ જ ઉજવાતો રહ્યો. મથુરા, દ્વારિકા કે જ્યાં જ્યાં એમનાં પગલાં પડ્યાં ત્યાં સારા કે નરસા તમામ પ્રસંગો ઉત્સવમાં જ પરિણમવા લાગ્યા. માનવઘડતરમાં ચણતર બનતા વ્રત, પૂજા, નામકરણ વગેરે સંસ્કાર જેવા રીતરિવાજો; તીર્થયાત્રા, યજ્ઞ, મંદિરમાં પૂજા જેવાં કાર્યોમાં ઉત્સાહપૂર્વક સહકાર; ગુરુભક્તિ, માતાપિતાની સેવા, વડીલોનો આદર જેવા ગુણોને પ્રોત્સાહન આપ્યું. સુદામા જેવા મિત્રને પ્રેમથી આવકારી સાચી મૈત્રી કોને કહેવાય તેનાં દર્શન કરાવ્યાં; તો દાન લેનારને પણ ખબર ન પડે એવા ગુપ્ત દાનનો માર્ગ ચીંધ્યો, સીધી સુદામાને ઘરે સમૃદ્ધિ છલકાવીને ! યજ્ઞકાર્ય જેવા ધર્મમાં શ્રદ્ધા ખરી, પણ પિતાને ઇન્દ્રના યજ્ઞમાં જતા રોકીને ઇન્દ્રને પ્રસન્ન કરવામાં ન આવે તો એ અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિની આપત્તિના ભોગ બનાવશે એવાં ભય અને અંધશ્રદ્ધા તરફ લાલબત્તી ધરી.

કલા :—ભૌતિક સમૃદ્ધિ સાથે આંતરિક આત્મિક સમૃદ્ધિના વિકાસની અગત્ય પણ કૃષ્ણે સ્વીકારી છે. જે માનવની સંવેદનાને સંકોરે, ખીલવે અને પ્રસારે છે. કૃષ્ણે લોકહિત માટે તમામ કલાઓ સાધ્ય કરી.

બાળપણથી નાગદમન, રાસલીલા, બંસીવાદન દ્વારા વાદ્ય સંગીત, નૃત્યકલાનું પ્રાવીણ્ય પ્રગટ કર્યું. અનેક પ્રકારની ક્રીડા થકી ખેલકૂદ, અનેક અસુરો ચાણૂર મુષ્ટિક જેવાના વધથી મલ્લયુદ્ધ, ધનુષ્ય, ચક્ર વગેરે અનેક અસ્ત્રવિદ્યાકલાની પારંગતતા કૃષ્ણ યુદ્ધકલાવિશારદ હોવાની ખાત્રી કરાવે છે. કૌરવો સામે યુધ્ધે ચઢતા પહેલાં પાંડવોને પ્રત્યેક યુદ્ધકલામાં પારંગત બનાવ્યા. કયું શસ્ત્ર કોણ જાણે છે, કોનો કયારે ઉપયોગ થઈ શકે બધું જ કૃષ્ણ જાણતા. એટલું જ નહીં વાયવાસ્ત્ર, અગ્નેયાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર જેવાં અણુશસ્ત્રોના પણ તેઓ જ્ઞાતા હોવા ઉપરાંત કોનો કયારે ઉપયોગ કરી શકાય, પાછા કેમ વળાય તે વિવેક અને જ્ઞાન પણ તેઓ ધરાવતા.

પ્રસાધનકલાના રસિયા કૃષ્ણ રસરાજ કહેવાયા. વૃન્દાવનવિહારી, ઘનશ્યામ, મયૂરપિચ્છ વૈજયંતીમાલા અને બંસી ધારણ કરનાર, કર્ણનાં કૂલનાં કુંડલ ધારણ કરનાર, કાળી કામળી ખભે

નાખી લાકડીથી શોભતા એ જ વસુદેવનંદન દ્વારિકાધીશ પીતાંબરધારી મરકત-મણિયુક્ત કિરીટ-કુંડળધારી અને કૌસ્તુભ મણિથી સુશોભિત અનેક રાજવીઓ મધ્યે અલૌકિક પ્રભાવ પાડે છે. મથુરા છોડી તો સમુદ્ર મધ્યે સુરક્ષિત કિલ્લાઓવાળી ભવ્ય દ્વારિકાનગરીનું નિર્માણ, ઇન્દ્રપ્રસ્થમાં મયદાનવ પાસે રચાવેલું ભવ્ય સભાગૃહ કૃષ્ણની સ્થાપત્યકલાની સાક્ષી પૂરે છે. તો ભીમની આજેહૂબ સુવર્ણની પ્રતિમા શિલ્પકલાનાં દર્શન કરાવે છે. માખણચોર કનૈયાની ચૌર્યકલા તો અવિસ્મરણીય છે. એથીય વિશેષ જીવન માણવા માટે છે એ ધ્યેય અને ગમે તેવી પરિસ્થિતિમાં પ્રસન્નતાની જાળવણી, સર્વમાંથી સદ્‌ગુણનું ગ્રહણ કરવાની સિદ્ધિ તો કૃષ્ણનું પુરુષોત્તમનું બિરુદ સાર્થક કરે છે.

અર્થતંત્ર :—બાળપણથી જ કૃષ્ણમાં અર્થશાસ્ત્રીની ખૂબી જોવા મળે છે. સંગ્રહ કરે તો મૂડીવાદ પાંગરે, ફુગાવો થાય એ ધ્યાન હોવું જોઈએ એથી જ શીંકા પર સંતાડીને લટકાવેલાં દહીં, માખણ, છાશ સૌને વહેંચી દેતા, વાસણો ફોડી નાખતા. મહી વેચવા મથુરા જતી ગોપી પાસે દાણ માગી કૃષ્ણે આવકવેરાની પ્રેરણા આપી. પોતાના રાજ્ય કે રાષ્ટ્રના લોકોની જરૂરી વસ્તુ માત્ર સંબંધ ખાતર કે ભયને લીધે, સ્વજનોના સુખના ભોગે અન્યને અપાતી હોય તો તે અટકાવી; દા. ત. ઇન્દ્રયજ્ઞમાં લઈ જવાતી ભેટનો ઉપયોગ ગાય, બ્રાહ્મણો અને ગ્રામવાસીના કલ્યાણ માટે કરવાનું સૂચન કર્યું. પાંડવોનો રાજસૂયયજ્ઞનો પ્રસંગ કૃષ્ણનો રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રહિતની ભાવનાની પ્રબળતા વ્યક્ત કરે છે. એમણે જીતેલા પ્રદેશો, રાજાઓની વિશેષતા અને પ્રદેશોની સમૃદ્ધિનો ઉપયોગ પાંડવોના યજ્ઞમાં અને તેમના રાજ્યના લોકોના હિત માટે કર્યો. સોનાની દ્વારકા અને અતિ સમૃદ્ધ પાંડવોના રાજ્યનાં વર્ણનો કૃષ્ણની ઉત્તમ અર્થવ્યવસ્થાના નમૂના છે.

વિજ્ઞાન :—સમૃદ્ધ સમાજ માટે વિજ્ઞાનનો ઉપયોગ કરવાનું પણ કૃષ્ણ ચૂક્યા નથી. નાગદમન દ્વારા યમુનાજળનું શુદ્ધિકરણ, દાવાગ્નિનું પાન, વનસ્પતિનું જ્ઞાન અને વનરક્ષણ-સંવર્ધન, ગોપાલન અને ખેતી જેવી પ્રાકૃતિક કલાવિજ્ઞાનની પારંગતતા ઉપરાંત પાણીમાં બાંધકામ, ભૂમાર્ગો, જળમાર્ગ, હવાઈ માર્ગોનાં સાધનોનો ઉપયોગ વગેરે આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ કૃષ્ણે પણ કર્યો હોવો જોઈએ એવી પ્રતીતિ થાય છે.

મનોવિજ્ઞાન :—કૃષ્ણ મોટા માનસશાસ્ત્રી તો ખરા જ, તો જ વ્રજને ઘેલું કર્યું. મથુરાવાસીઓને મુગ્ધ કર્યા. મહાન પરાક્રમી રાજાઓ અને પંડિતોને આશ્ચર્યમાં ગરકાવ કરી સર્વને વશ કર્યા. સામાના માનસને કળવામાં, મનોવ્યથા દૂર કરવામાં, મનને દૃઢ કરવામાં કૃષ્ણનું કૌશલ્ય અમાપ છે. ગોવર્ધન ધારણ કર્યો ત્યારે ગોપોનું આંગળી નમાવી અભિમાન ઉતાર્યું. રાસલીલા પ્રસંગે ગોપી વચ્ચેથી સંતાઈ ગયા. વસુદેવ-દેવકીનાં બંધન છોડ્યાં ત્યારે પ્રાર્થના કરતાં માતાપિતા પાસે પ્રેમની ભિક્ષા માગી. ગુરુપત્નીને મૃત પુત્રો દક્ષિણારૂપે આપી ગુરુનો સંપાદન કરેલ પ્રેમ, સત્રાજિતના મિથ્યા આરોપને સ્યમંતકમણિ ભરીસભામાં વૃત્તાંતનિવેદન સહ તેને અર્પણ કરી શંકાનું નિરસન કર્યું. ઉદ્ધવને આપેલું જ્ઞાન અને તેના દ્વારા નંદ-યશોદા, ગોપગોપીને આપેલ આશ્વાસન વગેરે અનેક પ્રસંગો કૃષ્ણને મનોવૈજ્ઞાનિક ચિકિત્સક તરીકે પુરવાર કરે છે.

અધ્યાત્મજ્ઞાન :—કૃષ્ણનું ખરું સ્વરૂપ તો આધ્યાત્મિક હતું. જીવન એક નાટક છે; પોતે શ્રેષ્ઠ રીતે પાત્ર જ ભજવવાનું છે એ નટવર સારી રીતે જાણતા હોવાથી પ્રત્યેક કાર્ય કુશળતા-

પૂર્વક પાર પામ્યા છતાં પોતે એનાથી પર અલિપ્ત જ રહ્યા. આ નિરપેક્ષ ભાવના. અલિપ્તતા અને સ્થિતપ્રજ્ઞતા એમના રાસલીલા, મથુરાગમન, પરલોકગમન જેવા પ્રસંગે પ્રત્યક્ષ થઈ છે.

શિક્ષણ :—પોતાના વિચારો વક્તવ્યથી સામાના અંતરમાં ઉતારી સર્વાંગી વિકાસ થાય એવું શિક્ષણ આપે તે શિક્ષક. આવી વ્યાખ્યા શ્રીકૃષ્ણે યથાર્થ ઠેરવી છે. કેળવણીના આદર્શનો અમલ કરીને પોતે જીવનપર્યંત જ્ઞાનપિયાસુ રહી માતા-પિતા, સ્વજન, મિત્રો, સર્વને કાર્ય દ્વારા, આચરણ દ્વારા, આશ્વાસન કે ઉપદેશ દ્વારા શિક્ષણ આપતા રહ્યા છે. રાસલીલા, ગોવર્ધનલીલા, વેણુગીત, યજ્ઞ, ભ્રમરગીત, મથુરાપ્રવેશ, મહાભારતનું યુદ્ધ, વસુદેવદેવકી-ઉદ્ધવ-અર્જુન સાથેનો વાર્તાલાપ કે યાદવો તેમજ અન્ય રાજાઓ અને લોકો સાથેનો વ્યવહાર આદર્શ શિક્ષણ કેવા પ્રકારનું હોય તે સમજાવે છે.

સમગ્રતયા કૃષ્ણનું વ્યક્તિત્વ પૂર્ણ માનવરૂપે પ્રતિબિંબિત થાય છે. કૃષ્ણે કુટુંબ, સમાજ, રાજ્ય, રાષ્ટ્ર અને વિશ્વને સર્વાંગસમૃદ્ધ બનાવવા માનવજીવનને સ્પર્શતા પ્રત્યેક ક્ષેત્રે કંઈક નવું પ્રદાન કર્યું છે. તેઓ સર્વોત્કૃષ્ટ સમાજના શ્રેષ્ઠ ઘડવૈયા તરીકે આજે પણ સહુના પ્રેરણાસ્રોત બની રહ્યા છે.

नृसिंहचम्पू—એક અધ્યયન*

અરુણ શા. જોષી*

નવરસરુચિર કાવ્યસૃષ્ટિ અનેક સ્વરૂપે સહૃદય વાચકને બ્રહ્માનંદસહોદર આનંદ આપતી રહી છે. તેનું એક સ્વરૂપ 'ચંપૂ' તરીકે પ્રખ્યાત છે. આ પ્રબંધાત્મક ગદ્યપદ્યમય કાવ્ય-પ્રકારનો સમાવેશ શ્રાવ્યકાવ્યમાં થાય છે. **चुरादिगण**ના ગત્યર્થક '**चपि**' ધાતુને '**उ**' **प्रत्यय** લગાડવાથી **चम्पयति इति चम्पूः** । એવી વ્યુત્પત્તિજન્ય વ્યાખ્યા '**चम्पू**' માટે આપવામાં આવે છે. સહૃદયને ચમત્કૃત, વિસ્મિત, પવિત્ર અને **प्रसन्न** કરવાની તેની ક્ષમતાને લીધે હરિદાસજી ભટ્ટાચાર્યે '**चमत्कृत्य पुनाति सहृदयान् विस्मयीकृत्य प्रसादयति इति चम्पूः** । એમ કહીને '**चम्पू**' શબ્દની વ્યાખ્યા આપી છે.[૧] વિશ્વનાથે **गद्यपद्यमयं काव्यं चम्पूः इत्यभिधीयते** । એમ જણાવીને તેની ગદ્યપદ્યમયતાનો ખ્યાલ આપ્યો છે.[૨] તદનુસાર જ એમ. કૃષ્ણમાચારીએ પણ '**चम्पू**'ની વ્યાખ્યા આપી છે.[૩] વર્ણનાત્મક વિષયોને ગદ્યમાં અને ભાવાત્મક વિષયોને પદ્યમાં આલેખવામાં સરળતા રહે એવા કોઈક ખ્યાલથી આ પ્રકાર અસ્તિત્વમાં આવ્યો હશે એમ માની શકાય જો કે આવો કોઈ નિયમ ઉપલબ્ધ **चम्पू** ગ્રંથોમાં જોવા મળતો નથી.[૪]

લગભગ એકસો ત્રીસ જેટલાં ચંપૂ કાવ્યો પ્રકાશિત તથા અપ્રકાશિત રૂપે અસ્તિત્વમાં છે. તેમાંનાં કેટલાંક પુરાણો પર આધારિત છે. કેટલાંક રામાયણ-મહાભારત ઉપર આધારિત છે તો કેટલાંક સંતો અને ઐતિહાસિક વ્યક્તિઓનાં જીવન પર આધારિત છે.[૫] ઉદાહરણ તરીકે

'**स्वाध्याय**', પુ. ૨૫, અંક ૧-૨, દ્વીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૮૭-જાન્યુઆરી ૧૯૮૮, પૃ. ૧૬૫-૧૭૦.

★ તા. ૨૪-૨૫, ડીસેમ્બર ૧૯૮૫ના રોજ મ. સ. યુનિવર્સિટી, વડોદરાના ઉપક્રમે યોજાયેલા ગુજરાત રાજ્ય યુનિ. અને કૉલેજ સંસ્કૃત અધ્યાપક મંડળના ૧૧મા અધિવેશનમાં રજૂ થયેલ લેખ.

* સંસ્કૃત વિભાગ, શામળદાસ કૉલેજ, ભાવનગર.

૧ **छविनाथ त्रिपाठी कृत चम्पूकाव्यका आलोचनात्मक एवं ऐतिहासिक अध्ययन** । પૃ. ૨૭.

૨ **साहित्यदर्पण** । ૬.૩૩૬.

3 "A narrative in mixed prose and verse has been called champu"—History of Classical Sanskrit Literature by M. Krishna Machariar-Madras page 496.

૪ **બલદેવ ઉપાધ્યાય-સં. સા. કા. ઇતિહાસ** । પૃ. ૪૪૬.

5 The subject is drawn from legendary sources, although in some later champus miscellaneous subjects find a place—A History of Sanskrit Literature (vol. 1) by S. N. Dasgupta, University of Calcutta, 1947, Chapter-Champu, Page 1-2-3 (493-495).

નૃસિંહચમ્પૂ, રામચન્દ્રચમ્પૂ, ભારતચમ્પૂ, આનન્દકન્દચમ્પૂ, પ્રતાપચમ્પૂ વગેરેનો ઉલ્લેખ કરી શકાય. કેશવભટ્ટ, નારાયણ, દૈવજ્ઞસૂર્ય અને સંકર્ષણ નામના ચાર ભિન્ન ભિન્ન લેખકોએ નૃસિંહચમ્પૂ નામનાં ચાર ચંપૂકાવ્યો રચ્યાં છે[૧] તેમાંથી દૈવજ્ઞસૂર્યપ્રણીત 'નૃસિંહચમ્પૂ' પ્રસ્તુત અધ્યયનનો વિષય છે અને તેનો ટૂંક કથાસાર નીચે મુજબ છે.

પ્રથમ ઉચ્છવાસ :—દશ શ્લોકોમાં વિષ્ણુલોકના દિવ્ય મૃગરાજની સ્તુતિથી મંગળ પ્રારંભ કરીને, ભગવાન નૃસિંહનું સ્મરણ કરવામાં આવ્યું છે. જ્ઞાનરાજનો પુત્ર સૂર્ય, મરણધર્મા હોવા છતાં, પરબ્રહ્મના વર્ણનમાં તત્પર થયો છે એ કાર્ય લવણનિર્મિત હોડીથી સમુદ્ર તરવા જેવું છે એમ જણાવી લેખક દૈવજ્ઞસૂર્યે કાલિદાસાનુસારી નમ્રતાનું પ્રદર્શન કરેલ છે.[૨] આ ગ્રંથમાં નવે રસનું આલેખન કરવામાં આવ્યું છે એમ પણ લેખકે જણાવ્યું છે.

દ્વિતીય ઉચ્છવાસ :—હિરણ્યકશિપુએ પ્રહ્લાદને ઈશ્વર-વિરોધી સિદ્ધાંતોનું શિક્ષણ આપેલું છતાં પ્રહ્લાદે વિષ્ણુનામ સિવાય બીજા કશાનું ગ્રહણ કરેલું નહિ તેથી તેનો વિનાશ કરવાની આજ્ઞા દૈત્યરાજ હિરણ્યકશિપુએ આપી. અનેક પ્રયત્નો છતાં પ્રહ્લાદનો વાળ પણ વાંકો થયો નહિ અને તેણે તો વિષ્ણુભક્તિનો જ પ્રચાર કર્યો. પિતાપુત્ર વચ્ચે ઘણો વાદવિવાદ થયો પણ પ્રહ્લાદે પ્રભુભક્તિમાં ઓટ ન આવવા દીધી અને જણાવ્યું કે પ્રભુનું અસ્તિત્વ સર્વત્ર છે.

તૃતીય ઉચ્છવાસ :—થાંભલો ફાટતાં જ ભયાનક રૂપવાળા હરિનું દર્શન થતાં અસરગ્રસ્ત બનેલા દૈત્યરાજે પોતાની નીડરતા વ્યક્ત કરી પણ ભગવાને તેનો નાશ કર્યો. આ ઉચ્છવાસમાં રૌદ્ર રસ અને બીભત્સ રસનું આલેખન થયું છે.

ચતુર્થ ઉચ્છવાસ :—સંસારના પ્રલયકાળનો ખ્યાલ આપે તેવા હાહાકારને સાંભળી ભૂતળ ઉપર આવી પહોંચેલા દેવો દૈત્યેન્દ્રના દેહને વિદીર્ણ થયેલો જોઈ રૌદ્ર સ્વરૂપધારી વિષ્ણુના ક્રોધને દૂર કરવા માટે લક્ષ્મીને વિનવવા લાગ્યા. લક્ષ્મીએ પણ નર અને સિંહનું મિશ્રિત રૂપ જોઈ આશ્ચર્ય પ્રકટ કર્યું અને પોતે નિરૂપાય છે એમ જણાવ્યું. અહીં અદ્‌ભુત રસનું આલેખન થયું છે. ત્યારબાદ ઉંદર ઉપર આરૂઢ થયેલા ગણપતિને દડી જતા જોઈ ભગવાનને હસતા દર્શાવીને કવિએ રૌદ્રની માત્રા ઘટતી દેખાડી છે અને હાસ્યરસનું આલેખન કરેલું છે. ત્યારબાદ વિષ્ણુએ પ્રહ્લાદને જણાવ્યું કે તું દીર્ઘાયુ થા, પરાક્રમી થા, યશસ્વી થા અને પ્રશમયુક્ત પરમાનંદને પ્રાપ્ત કર.

પંચમ ઉચ્છવાસ :—પ્રસન્ન નૃસિંહને અંતર્ધ્યાન થતા દર્શાવીને કવિએ અન્ય રસોનું આલેખન કરેલું છે.

પ્રસ્તુત રચનામાં વિષ્ણુના નૃસિંહ અવતારનું વર્ણન કરવામાં આવ્યું છે. અધર્મ ફેલાય છે ત્યારે તેનો નાશ કરવા માટે પ્રભુ અવતાર ધારણ કરે છે.[૩] ભૂમિનો ભાર ઉતારવા માટે[૪] તથા

---

૧ નૃસિંહચમ્પૂ :-ચૌખમ્બા વિદ્યાભવન વારાણસી, પ્રથમ સંસ્કરણ। સંવત ૨૦૧૬, પૃ. ૨.

૨ રઘુવંશ। (૧, ૨).

૩ ભગવદ્‌ગીતા। ૪.૭.

૪ ભાગવત। ૧૦.૨૭.૨૧.

ભૂતોનાં ક્ષેમ અને આબાદી[૧] માટે ભગવાન અવતાર લે છે એમ આપણી ભારતીય સંસ્કૃતિ દૃઢ રીતે માને છે. વિષ્ણુવિરોધી વાતાવરણ પ્રચુર બન્યું ત્યારે નૃસિંહસ્વરૂપે ભગવાને અવતાર ધારણ કર્યો હતો. શ્રીમદ્ ભાગવતમાં સાતમા સ્કંધમાં પ્રથમ દશ અધ્યાયોમાં વર્ણવવામાં આવેલ આ પ્રસંગને આધારે દૈવજ્ઞ સૂર્યે પ્રસ્તુત ચંપૂની રચના કરી છે. લેખકે કરેલા ફેરફારોનો ખ્યાલ આવે તે માટે ભાગવતમાં વર્ણવેલ આ કથાનકને ટૂંકમાં જોઈએ :

જય અને વિજય શ્રી હરિના દ્વારપાળો હતા અને બ્રહ્માના પુત્ર એવા સનકાદિ મુનિઓનું તેમણે અપમાન કર્યું તેથી મુનિઓના શાપથી બંને હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ તરીકે દાનવકુળમાં જન્મ્યા. હિરણ્યાક્ષના ત્રાસથી ભયભીત માનવોને બચાવવા શ્રી હરિએ વરાહનું રૂપ લઈ તેનો નાશ કર્યો તેથી અજેય બનવા માટે હિરણ્યકશિપુએ તપ કરીને બ્રહ્મા પાસેથી વરદાન મેળવ્યું જેથી દિવસે કે રાત્રે, કોઈ હથિયાર દ્વારા ભૂમિ પર કે આકાશમાં, દેવોથી કે અસુરોથી કે સર્પો કે બ્રહ્માએ સર્જેલ કોઈ પ્રાણીથી તેનું મૃત્યુ ન થાય. પોતાના ભાઈનો વધ[૨] શ્રી હરિએ કરેલો તેથી વેર લેવા માટે તે શ્રી હરિનો દ્વેષ કરવા લાગ્યો. પોતાનો પુત્ર પ્રહ્લાદ પણ પોતાને જ અનુસરે અને વિષ્ણુપક્ષના માણસોનો તેના પર કોઈ પ્રભાવ[૩] ન પડે તે માટે તેણે શંડ અને અમર્ક દ્વારા પ્રહ્લાદને કેળવણી આપવા માટે પ્રબંધ કર્યો. પણ પરિણામ અણધાર્યું આવ્યું તેથી દિગ્ગજ, સર્પ, મલીનપ્રયોગ, શિખર પરથી પાતન જેવા પ્રયોગોથી પ્રહ્લાદનો નાશ કરવા હિરણ્યકશિપુએ પ્રયત્નો કર્યા. છેવટે પ્રહ્લાદની ભક્તિથી તુષ્ટ થયેલા ભગવાને થાંભલામાંથી નૃસિંહ રૂપે પ્રકટ થઈ પોતાના નખાંકુરોથી હિરણ્યકશિપુના હૃદયને વિદારી નાખ્યું. બ્રહ્મા, રુદ્ર, ઇન્દ્ર, ઋષિઓ, ગંધર્વો વગેરેએ ભગવાનની સ્તુતિ કરી. શ્રીહરિએ પ્રહ્લાદને વરદાન માગવા જણાવ્યું પણ પ્રહ્લાદે તો નિષ્કામ ભક્તિને જ પસંદ કરી. ખૂબ કહેવામાં આવ્યું ત્યારે તેણે પોતાના પિતા પાપમુક્ત થાય એવી અભિલાષા વ્યક્ત કરી.[૪] ત્યારબાદ તેનો રાજ્યાભિષેક થયો.

ભાગવતની આ કથાને 'નૃસિંહચમ્પૂ'માં ગદ્ય તથા પદ્ય દ્વારા રજૂ કરવામાં આવી છે. દૈવજ્ઞસૂર્યે જે મહત્ત્વનાં પરિવર્તનો કર્યાં છે તે નીચે મુજબ છે :

(૧) જય અને વિજયનો આ ચંપૂમાં ઉલ્લેખ નથી.

(૨) હિરણ્યાક્ષના વધને કારણે હિરણ્યકશિપુ શ્રીહરિનો દ્વેષ કરતો હતો તે અહીં ઉલ્લેખવામાં આવ્યું નથી.

(૩) શંડ અને અમર્કનો અહીં ઉલ્લેખ નથી.

પ્રહ્લાદનું આખ્યાન ભાગવતપુરાણ ઉપરાંત 'પદ્મપુરાણ'માં પણ આપવામાં આવ્યું છે, જેમાં હિરણ્યકશિપુ શંકરનો ભક્ત હતો એમ કહેવામાં આવ્યું છે. કથાનકની દૃષ્ટિએ બીજો કોઈ ખાસ ભેદ જોવા મળતો નથી. અન્ય પુરાણોના પરિશીલન દ્વારા જાણવા મળે છે કે

---

૧ ભાગવત । ૧.૧.૧૩.

૨ ભ્રાતુર્વધમનુસ્મરન્–ભાગવત । ૭.૪.૪.

૩ વિષ્ણુપક્ષૈઃ પ્રતિચ્છન્નૈઃ ન ભિદ્યેતાસ્ય ધીઃ । એજન, પૃ. ૭.૫.૭.

૪ ભાગવત, ૭.૧૦.૧૫ થી ૧૭.

નૃસિંહઅવતાર હિરણ્યકશિપુના નાશ માટે થયો હતો પરંતુ પ્રહ્લાદનું આખ્યાન કંઈ બધાં પુરાણોમાં જોવા મળતું નથી. 'બ્રહ્મપુરાણ'માં હિરણ્યકશિપુના ત્રાસને કારણે નૃસિંહઅવતાર થયો હતો એ વાતનું નિરૂપણ છે પણ તેમાં પ્રહ્લાદની વિષ્ણુભક્તિનો ઉલ્લેખ નથી.[૧] 'સ્કંદપુરાણ'માં પણ પ્રહ્લાદનો ઉલ્લેખ નથી[૨] 'બ્રહ્માંડ' અને 'વાયુપુરાણ'માં મૂળ કથા ઉપરાંત પ્રહ્લાદનો નામોલ્લેખ થયેલો જોવા મળે છે[૩] 'કૂર્મપુરાણ'માં તો સર્વપ્રથમ પ્રહ્લાદ નૃસિંહ સાથે યુદ્ધ કરે છે અને પછી પરાસ્ત થઈ તેનો ભક્ત બને છે એવી કથા આપવામાં આવી છે.[૪] 'મત્સ્યપુરાણ'માં ભગવાનના વિરાટ સ્વરૂપનું પ્રહ્લાદને દર્શન થાય છે એમ જણાવવામાં આવ્યું છે.[૫] પ્રહ્લાદને ભક્ત તરીકે આલેખતાં પદ્મ અને ભાગવતપુરાણ કાલગણનાની રીતે અન્ય પુરાણો પછી રચાયાં લાગે છે[૬] કારણ કે આ બંનેમાં પ્રહ્લાદનું પાત્ર એક ભક્ત તરીકે આવેલ છે.[૭] તેથી 'પદ્મ' અને 'ભાગવત' એ બંને પુરાણો ભક્તિમાર્ગનો ઉદ્‌ભવ થયા બાદનાં છે એમ આ આખ્યાન પરથી લાગે છે.

ઉપર જણાવ્યા મુજબ 'નૃસિંહચમ્પૂ'ની રચના અન્ય ત્રણ કવિઓએ પણ કરી છે તેમાંથી કેશવભટ્ટરચિત કૃતિ પ્રકાશિત થયેલ છે. તેના છ સ્તબકોમાં નૃસિંહઅવતારની કથા નિરૂપવામાં આવી છે પણ રચના સાધારણ કક્ષાની જણાય છે. તેમાં પ્રહ્લાદના પિતાનું નામ **ઉત્તમપાદ** આપવામાં આવ્યું છે એ હકીકત નોંધપાત્ર છે.

પ્રસ્તુત કૃતિની શૈલી ક્યાંક અતિસરળ તો ક્યાંક દુર્બોધ પણ જણાય છે. સરળ વૈદર્ભી શૈલી ઉપર કવિની હથોટી કેટલી સફળ રહી હતી તેનો ખ્યાલ નીચેનું ગદ્યલખાણ આપે છે :[૮]

अहो सचिवाः । साम्प्रतं विपक्षपक्षमाश्रितः पुत्राधमोऽयमुदरोत्पन्नो व्याधिरिव, तरूसङ्घट्ट-समुत्पन्नो दावाग्निरिव, अस्मन्नाशहेतुः कुलघूमकेतुरिव, उदितः आस्ते । तस्मादयमग्नौ दाह्यः सलिले क्लेदनीयः शस्त्रैर्घातनीयः शैलतटात् पातनीयः तथा यथा दुःशीलतामसून् वा जह्यात् ।

કવિએ પ્રયોજેલ ગૌડી શૈલીનો ખ્યાલ નીચેનું ગદ્યલખાણ આપે છે :[૯]

ततः संक्षोभोद्‌भूतनैष्ठुर्यवशात् दंष्ट्राखादनजात कर्कशरवेण तर्जयन्नेव लोचनार्चिषा दहन्निव श्वासपवनैः शोषयन्निव उच्छ्वाससमीरणैराकर्षयन्निव कुलकल्लोलरसनया ग्रसन्निव चिरतररचिता-पराधं दैत्याधमं खरतरनखरैर्दारितवान् ।

---

૧ બ્રહ્મપુરાણ, (૨, ૩) શ્લોકો ૪૩ થી ૫૬.
૨ સ્કંદપુરાણ, (૫, ૬૬) શ્લોકો ૧ થી ૨૧.
૩ બ્રહ્માંડપુરાણ, (૨, ૫) ૧ થી ૧૬ અને વાયુપુરાણ, (૨, ૬) ૪૬ થી ૭૦.
૪ કૂર્મપુરાણ, ૧૬મો અધ્યાય.
૫ મત્સ્યપુરાણ, ૧૬૧મો અધ્યાય.
૬ દુર્ગાશંકર શાસ્ત્રી રચિત 'પુરાણવિવેચન', પૃ. ૧૫૧.
૭ શ્રવણં કીર્તનં વિષ્ણોઃ સ્મરણં ઈ. નવધા ભક્તિનો ઉલ્લેખ ૭.૫.૨૩માં મળે છે.
૮ નૃસિંહચમ્પૂઃ, ચૌખમ્બા વિદ્યાભવન, વારાણસી, પૃ. ૧૨. (દ્વિતીય ઉચ્છ્વાસ)
૯ એજન, પૃ. ૪૫ (તૃતીય ઉચ્છ્વાસ).

ગદ્યલખાણ ઉપરાંત કવિએ પદ્યમાં પણ વૈદર્ભી તથા ગૌડી શૈલીનો સુંદર રીતે પ્રયોગ કર્યો છે. ઉદાહરણ તરીકે અનુક્રમે :

कुतो रसनिरूपणं त्रिघटिकावतारः कुतः
ततो मम मतिः क्व च चरितं जगत्स्वामिनः ।
कुतः प्रविततार्णवः लवणनिर्मिता नौः कुतः
तथापि मम चापलं कविजनाः क्षमध्वं क्षणम् ॥ १.५

અને सान्द्रानन्दं यदन्तः स्फुरति यदुदये दृश्यधीरस्तमेतिः
स्वप्नो यद्वत्प्रबोधि विलसति च यदज्ञानतो विश्वमेतत् ।
रज्ज्वज्ञानादिवाहिर्यदपि सवितृवत् साक्षितां यातमेवः
ज्योतिर्नारायणाख्यं तदनु भगवतो नित्यमन्तः स्मरामि ॥ (२.१५)

સ્રગ્ધરા, આર્યા, વસન્તતિલકા વગેરે છંદોનો કવિએ પદ્યોમાં પ્રયોગ કર્યો છે અને વિષમ, ઉપમા, રૂપક જેવા અલંકારોનો પણ યોગ્ય રીતે વિનિયોગ કર્યો છે એ તો ખરું, પણ આ ચંપૂમાં નવે રસનાં ઉદાહરણો આપીને કવિએ પોતાની કૃતિને शब्दशः नवरसरुचिर બનાવી છે જે નીચેની વીગત પરથી જણાશે :

૧	શૃંગારરસ	(પંચમ	ઉચ્છ્વાસમાં	સાત	શ્લોકો).
૨	હાસ્યરસ	(ચતુર્થ	”	ચાર	”).
૩	કરુણરસ	(”	”	સાત	”).
૪	વીરરસ	(તૃતીય	”	પાંચ	”).
૫	રૌદ્રરસ	(”	”	ચાર	”).
૬	ભયાનકરસ	(”	”	ત્રણ	”).
૭	બીભત્સરસ	(”	”	ત્રણ	”).
૮	અદ્‌ભુતરસ	(ચતુર્થ	”	ચાર	”).
૯	શાંતરસ	(પંચમ	”	ત્રણ	”).

સંગીતાગમકાવ્યનાટકપટુ દૈવજ્ઞસૂર્યે આ કૃતિની રચના કરી છે. કૃતિના અંતમાં સ્વયં કવિએ પોતાનો પરિચય આપતાં જણાવ્યું છે કે ગોદાતટવર્તી વાર્ધા નામના નગરમાં ભારદ્વાજ-કુલોત્પન્ન નાગનાથના પૌત્ર અને જ્ઞાનરાજના પુત્ર તરીકે તેમનો જન્મ થયો હતો. 'लीलावती' નામના ગણિતના ગ્રંથ ઉપર તેમણે ટીકા લખી છે અને તેનો રચનાકાળ ઈ. સ. ૧૫૪૧ છે તેથી કવિનો સમય સોળમી સદીનો માની શકાય.

Journal of the M. S. University of Baroda

The Journal is published every year in three parts. These parts are devoted respectively to topics relating to (1) Humanities, (2) Social Sciences and (3) Science.

Advertisement tariff will be sent on request.

Communications pertaining to the Journal should be addressed to:

The Editor (Humanities/Social Sciences/Science)
Journal of the M. S. University of Baroda
Faculty of Arts Compound
Baroda-390 002 (India)

બારમીથી ચૌદમી સદીનાં સંસ્કૃત પ્રહસનો*

અંજના એમ. રામી*

અગિયારમી સદીમાં રચાયેલ 'ભગવદ્જ્જુકીય' પ્રહસન પછી કવિ શંખધરરચિત 'લટકમેલકમ્' પ્રહસન પ્રાપ્ત થાય છે, જે બારમી સદીમાં રચાયેલું અત્યંત લોકપ્રિય પ્રહસન હશે. કારણ કે સંકીર્ણ પ્રહસનના નિરૂપણપ્રસંગે ઉદાહરણ તરીકે સાહિત્યદર્પણકારે 'લટકમેલકમ્'નું નામ આપ્યું છે[1] કનોજના રાજા ગોવિંદદેવના આદેશથી વસંતસમયે આ પ્રહસન ભજવાયાનો ઉલ્લેખ પ્રસ્તાવનામાં મળે છે.[2]

આ પ્રહસનની કથા બે દૃશ્યોમાં વહેંચાઈ છે. 'લજ્જાવિક્રય' નામના પ્રથમ દૃશ્યમાં દંતુરાની યુવાન પુત્રી મદનમંજરીના પ્રેમને પામવા માટે પડાપડી કરતા ધૂર્તોનું ઉપહાસાત્મક નિરૂપણ છે. મદનમંજરીના ગળામાં માછલીનો કાંટો ભરાયેલો તે કાઢવા માટેનો વૈદ્યરાજ જંતુકેતુનો ઉપચાર હાસ્ય ઉપજાવે છે. 'દંતુરાપરિણય' નામના બીજા દૃશ્યમાં કામાતુર દિગમ્બર જટાસુર 'નવાણું વર્ષની યુવતી' દંતુરા સાથે વિવાહ કરવા તૈયાર થાય છે અને શાકતમતના અનુયાયી સભાસલિ મદનમંજરીને અંતમાં મેળવે છે.

આ પ્રહસનમાં કટાક્ષનાં બે કેન્દ્રો છે. વિવિધ ધર્મના આચાર્યોની કામલોલુપતા અને ભટવૈદ્યોનું અજ્ઞાન તેમજ તેમના અજ્ઞાનમૂલક ઈલાજો. ધૂર્તમંડળીમાં વ્યવહારકુશળ એવા આચાર્ય સભાસલિને કલહપ્રિયા નામની પત્ની હોવા છતાં તે મદનમંજરીમાં આસક્ત છે:

> वामागमाचारविदां वरिष्ठः परोपकारव्यसनैकनिष्ठः ।
> अयं स वेदार्थपथप्रतीपः सभासलिः कौलकुलप्रदीपः ॥[3]

દંતુરાની તિમિરાકુલ આંખો જોઈ શકતી નથી. તેના ઉપચાર જંતુકેતુ વૈદ્ય બતાવે છે:

'સ્વાધ્યાય', પુ. ૨૫, અંક ૧-૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૮૭-જાન્યુઆરી ૧૯૮૮, પૃ. ૧૭૧-૧૭૬.

★ તા. ૨૪-૨૫ ડીસેમ્બર, ૧૯૮૫ના રોજ વડોદરા મુકામે યોજાયેલ ગુજરાત રાજ્ય યુનિ. અને કૉલેજ સંસ્કૃત અધ્યાપક મંડળના અગિયારમા અધિવેશનમાં રજૂ કરેલ શોધપત્ર.

* *સંસ્કૃત વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦.*

૧ સત્યવ્રતસિંહ, (ડૉ.) વ્યા. साहित्यदर्पण: षष्ठः परिच्छेदः, प्रकाशक: चौखम्बा विद्याभवन, वाराणसी, १९५०, पृ. ५३१.

૨ कपिलदेवगिरि, संपादक: लटकमेलकम्, चौखम्बा विद्याभवन, वाराणसी, प्रथम आवृत्ति । १९६२, पृ. ३.

૩ वही: पृ. ८, श्लोक १३.

चक्षूरोग समुत्पन्ने तप्तकालं गुदे न्यसेत् ।
तदा नेत्रोद्भवां पीडां मनसापि न संस्मरेत् ॥[४]

વ્યસનાકર બૌદ્ધને લાગે છે "મોટી જાંઘવાળી ધોબણ વિના રાત્રિએ આ ભવન ઉજ્જડ ભંડારવાળા સ્થાન જેવું લાગે છે :

यूथुजघनया रजकया विना रजन्यां समुत्खातनिधानस्थानमिव विभाति भवनम् ।[५]

હાસ્યમાં વ્યંગ્યનું રૂપ આ પ્રહસનમાં અધિક તીવ્ર અને પ્રભાવશાળી છે. શાક્તોના સામાજિક દુરાચાર, બૌદ્ધ સંન્યાસીઓના મિથ્યાવિહાર, દાર્શનિકોનું અભિમાન અને વૈદ્યોની અલ્પજ્ઞતાનું સ્પષ્ટ વર્ણન કલાપૂર્ણ રીતે 'લટકમેલકમ્'માં થયું છે.

તેના પછી તેરમી સદીના આરંભમાં કવિ વત્સરાજે રચેલ 'હાસ્યચૂડામણિ' પ્રહસન મળી આવે છે. કવિ વત્સરાજ કાલંજરનરેશ પરમર્દિદેવના મંત્રી હતા. નીલકંઠયાત્રા-મહોત્સવના અવસર પર આ પ્રહસનનો અભિનય સૌ પ્રથમ રાજા પરમર્દિદેવે કરાવેલો.

આ ડિઅંકી પ્રહસનમાં કપટકેલિ નામની વૃદ્ધા ધન ચોરાઈ જવાથી કેવલીવિદ્યાના જ્ઞાતા જ્ઞાનરાશિ પાસે જાય છે. જ્ઞાનરાશી કેવલીગ્રંથની પૂજા કરવાને બહાને તેની વીંટી પડાવી લે છે. અને તેના નોકરો પર ચોરીનો આક્ષેપ મૂકે છે. બંને નોકરો જ્ઞાનરાશિને અશ્વત્થવૃક્ષ પર લટકાવે છે. શિષ્ય કૌણ્ડિન્યના પ્રયત્નથી ગુરુ બચી જાય છે. કપટકેલિની યુવાન પુત્રી મદનસુંદરીને મેળવવા માટે જ્ઞાનરાશિ અને કૌણ્ડિન્યનો પ્રયત્ન અને ત્યાં ભેગા થયેલાં દાસ-દાસીઓનું કટાક્ષાત્મક નિરૂપણ થયું છે.

અહીં જ્ઞાનરાશિના ભ્રષ્ટ આચરણથી મુખ્યત્વે હાસ્ય પેદા થયું છે. મદનસુંદરીના રૂપ સૌન્દર્ય પર જ્ઞાનરાશિ આકર્ષાય છે :

लावण्यवीचिनिचयैस्तरलायताक्षी
प्रक्षाल्य निष्ठुरविवेकदुरक्षराणि ।
कन्दर्पदैवतमियं सहसोपदेश-
माविष्करोति हृदि संयमिनो ममापि ॥[६]

સમાજમાં સાધુતાના સ્વાંગ સજી, જ્ઞાની હોવાનો ડોળ કરી ભૌતિક તૃષ્ણાઓમાં અનુરક્ત

---

૪ वही: पृ. १९, श्लोक २५.

૫ कपिलदेवगिरि, संपादक: लटकमेलकम्, चौखम्बा विद्याभवन, वाराणसी, १९५०, प्रथम आवृत्ति, पृ. ४३.

૬ त्रिपाठी जयशंकर, संपादक: हास्यचूडामणि, चौखम्बा प्रकाशन, वाराणसी, संवत् २०२७, प्रथम आवृत्ति, श्लोक २, पृ. २१, द्वितीयोऽङ्कः ।

રહેતા આચાર્ય લેખકના વ્યંગ્યના પાત્ર બની ગયા છે. લોકોની અંધશ્રદ્ધા, ધનલોલુપતા અને કપટી સંન્યાસીઓ તરફનો વ્યંગ્ય પ્રહસનમાં કલામય રીતે ગૂંથાયો છે.

હાસ્યચૂડામણિ પછી મિથિલાના રાજા હરિસિંહદેવના રાજકવિ જ્યોતિરીશ્વર ઠાકુર-રચિત 'ધૂર્તસમાગમ' પ્રહસન મળી આવે છે. આ પ્રહસનની પ્રસ્તાવનામાંથી લેખકની વંશાવલીનો પરિચય મળે છે.[૭] ચૌદમી સદીના આરંભમાં આ પ્રહસન રચાયું છે.

આ પ્રહસન બે વિભાગમાં વહેંચાયેલું છે. પ્રથમ ભાગમાં વૈષ્ણવસંપ્રદાયના ધર્માચાર્ય વિશ્વલગર અને તેનો શિષ્ય દુરાચાર બંને અનંગસેના નામક સુંદરીને મેળવવા ઇચ્છે છે. બંને અન્યોન્ય કલહ કરતાં અસજ્જનતિમિશ્ર પાસે ઝઘડો પતાવવા પહોંચે છે. બીજા ભાગમાં અસજ્જનતિમિશ્ર જાહેર કરે છે કે તમારા જય-પરાજય વચ્ચે હું ઊભો છું તેથી મારું સ્થાન નૃપતિ જેવું છે એટલે મારી બાજુમાં બેઠેલી અનંગસેના મારી છે. અસજ્જનતિમિશ્ર વિદૂષકની સલાહ પૂછે છે ત્યારે વિદૂષક પોતે જ તેને મેળવવાની કોશિષ કરે છે. અનંગસેના પાસે લેણાના પૈસા માગતો હજ્જમ અસજ્જનતિને બાંધી દે છે. અંતમાં વિદૂષક દ્વારા તે છૂટે છે.

અહીં આચાર્ય વિશ્વલગર, તેનો શિષ્ય, અસજ્જનતિમિશ્ર અને વિદૂષકની કામલોલુપતા ઉપહાસનાં કેન્દ્રો છે. અનંગસેનાને મેળવવા માટે સો પાત્રોનો સંઘર્ષ પ્રધાન બની જાય છે. ન્યાયાધીશ અસજ્જનતિમિશ્રનું કામી ચિત્ત હાસ્યાસ્પદ છે :

त्रैलोक्ये भोजनं श्रेष्ठं
ततोपि सुरतोत्सवं ।
भोजनं वास्तु वामास्तु
जीवनं न रतिं विना ॥[૮]

પ્રહસનકારે ઉચ્ચ વર્ગનાં પાત્રોને સ્થાન આપી તેમને હાસ્યના આલંબન વિભાવ બનાવ્યાં છે. અહીં સમાજની વિષમતાઓ હાસ્ય અને વ્યંગ્ય દ્વારા રજૂ થઈ છે. લેખક પોતે શૈવધર્મના અનુયાયી હોવાથી વૈષ્ણવધર્મના આચાર્ય પર સરળતાથી કટાક્ષ કરી શક્યા છે.

'ધૂર્તસમાગમ' પછી ચૌદમી સદીના આરંભમાં 'ગૌરીદિગમ્બર' પ્રહસન મળી આવે છે, જેના રચયિતા શંકરમિશ્ર છે. કવિ કાલિદાસના 'કુમારસંભવ' મહાકાવ્યમાં આવતી શિવ-પાર્વતી પરિણયની કથાને ઉપહાસપાત્ર બનાવી શંકરમિશ્રે મનોરંજક પ્રહસન સર્જ્યું છે. શિવ-પાર્વતીના વિવાહની વાત મુખ્ય કથાવસ્તુ છે. કવિએ દૈવી પાત્રોનું માનુષીકરણ કરી તેમને હાસ્યનું લક્ષ્ય બનાવ્યા છે. પ્રહસનનાં મુખ્ય પાત્રો ગૌરી અને દિગમ્બર ઉપરથી પ્રહસનનું શીર્ષક 'ગૌરીદિગમ્બર' આપ્યું છે. પાત્રો ગૌરી અને દિગમ્બર હાસ્યનો વિષય બને છે. ગૌરીના બેનમૂન સૌન્દર્ય પાસે દિગમ્બરનું ચિત્ત હાસ્યાસ્પદ છે :

---

૭ ચેટર્જી સુનીતિકુમાર, સંપાદક: ધૂર્તસમાગમ, એશિયાટિક સોસાયટી, ૧૯૪૦, પૃષ્ઠ ૨, ૩.

૮ એજન.

उरसि भुजंगपङ्क्तिः स्फारफूत्कारघोरा
शितिभवति च कण्ठे मुण्डमाला विशाला ।
ज्वलति महति नेत्रे वीतिहोत्रः पवित्रः
क्वचिदपि जगतिदृग्दृष्टपूर्वो व दृष्टः ॥[૯]

અહીં નિરૂપાયેલ હાસ્યમાં ઉપહાસ નથી, પરન્તુ ભક્તિ છે અને અંતે તો શિવની મહત્તા જ સૂચવાઈ છે તેમ કહી શકાય.

'લટકમેલકમ્' થી 'ગૌરીદિગમ્બર' સુધીનાં પ્રહસનોનો અભ્યાસ કરતાં પ્રતીત થાય છે કે આ સમયગાળાનાં પ્રહસનો માત્ર એકાંકી ન રહેતાં દ્વિઅંકી થયાં છે. 'લટકમેલકમ્' અને 'ધૂર્તસમાગમ' બંનેનું કથાવસ્તુ લગભગ એકસરખું છે, જ્યારે 'હાસ્યચૂડામણિ'માં સુરેખ કથાવસ્તુ છે. ખોવાયેલ ધનની પ્રાપ્તિ, તે માટેનો ગણિકાનો પ્રયાસ, સાધુના જ્ઞાનનો આડંબર અને લોલુપતા વર્ણ્યવિષય છે, જ્યારે ગૌરીદિગમ્બરમાં ભિન્ન કથાવસ્તુ છે. શંકરમિશ્ર પોતે શૈવધર્મી હોવા છતાં આટલી હદે શંકરની હાંસી ઉડાવવા પ્રહસનની રચના કરે, એ ઉચિત લાગતું નથી. આનંદવર્ધને તો દેવ-દેવીઓના શૃંગારના વર્ણનને પણ અનુચિત ગણ્યું છે. ઉપરનાં ત્રણ પ્રહસનોમાં વર્ણવાયેલ દંભી ધર્માચાર્યોના લંપટ પ્રેમને સ્થાને 'ગૌરીદિગમ્બર'માં શિવ-પાર્વતીનો એકનિષ્ઠ પ્રેમ નિરૂપાયો છે.

સંસ્કૃત નાટકોમાં નાટકકાર વિદૂષકનું પાત્ર પ્રયોજે છે. 'ધૂર્તસમાગમ' પ્રહસનના લેખકે 'બંધુવંચક' નામના વિદૂષકનો આશ્રય લઈને સૌ પ્રથમવાર વિદૂષક દ્વારા હાસ્ય સર્જ્યું છે. મોટાભાગનાં પ્રહસનોમાં પાત્રોનાં નામાભિધાન તેમના સ્વભાવનાં દ્યોતક હોય છે. આ સદીનાં પ્રહસનોમાં પણ દન્તુરા, મૂલનાશક, દુરાચાર, અજ્ઞાનરાશિ, બંધુવંચક આદિ હાસ્યાસ્પદ નામો મળી આવે છે.

સામાજિક સ્તરના પ્રશ્નો સ્વાભાવિક રીતે પોતાનાં પ્રહસનોમાં ગૂંથી લેવાનો લેખકે પ્રયાસ કર્યો છે. પાત્રોના વ્યવહારોમાંથી હાસ્ય સતત પ્રગટ થયા કરે છે. જે સિદ્ધાન્તો અને આદર્શોનો સ્વીકાર કરી આ પાત્રો વર્તન કરે છે એ સિદ્ધાન્તો અને આદર્શો કટાક્ષના ભોગ બને છે. પાત્રોની સરખામણીમાં પ્રેક્ષકો જાણે ઉચ્ચભૂમિકા પર હોય તેવું લાગે છે. પાત્રોના વેષ અને વ્યવહાર વચ્ચે રહેલું અનૌચિત્ય તેઓની મૂર્ખતા અને કૃત્રિમતાને ઉઘાડાં પાડે છે. આમ આ સદીનાં પ્રહસનોમાં સમકાલીન જીવનનું ચિત્ત ઉપસી આવ્યું છે.

ચોથાથી અગયારમી સદીનાં દામક, મત્તવિલાસ અને ભગવદજ્જુકીય ત્રણેય પ્રહસનો સુરુચિપૂર્ણ અને સ્વચ્છ હાસ્યની નિષ્પત્તિ કરે છે, જ્યારે બારમીથી ચૌદમી સદીનાં પ્રહસનો આગળનાં પ્રહસનોની સરખામણીમાં કંઈક ઉતરતી કોટિનાં લાગે તે નિઃશંક છે. કારણ કે અશ્લીલતા અને અસભ્યતા આ સદીનાં પ્રહસનોમાં પ્રવેશ્યાં હોવાથી તેમાંથી પ્રગટ થતું હાસ્ય

---

૯ ઝા, તારિણિશ, સંપાદક: **गौरीदिगम्बर**, चौखम्बा विद्याभवन, वाराणसी, प्रथम संस्करण । संवत् २०२६, श्लोक १३, पृ. १३.

તંદુરસ્ત ન રહ્યું. પ્રહસનકારો અશ્લીલતા અને અસભ્યતાનો આશ્રય લઈને સર્જન કરતા હોવાથી તે કૃતિઓમાં ઘટનાઓની અતિશયોક્તિ અને અસ્વાભાવિકતા પ્રગટ થાય છે. કોઈપણ લક્ષ્યથી પ્રહસનો રચાય છતાં તેમાં અસંગતિ, અનૌચિત્ય અને અતિશયોક્તિ સાધારણતત્ત્વ હોય છે.

અનૌચિત્યમાંથી જન્મતું હાસ્ય એ પ્રહસનની લાક્ષણિકતા બની રહે છે. 'લટકમેલકમ્' પ્રહસનમાં નવ્વાણું વર્ષની વૃદ્ધા દંતુરાના સલજ્જવદને દિગમ્બર સાથેના લગ્નમાં બંને વચ્ચે વયનું અનૌચિત્ય હાસ્ય નિષ્પન્ન કરે છે. 'હાસ્યચૂડામણિ' પ્રહસનમાં પાખંડી જ્ઞાનરાશિનું અનુચિત આચરણ હાસ્યાસ્પદ છે. 'ધૂર્તસમાગમ'માં શિષ્યના પ્રણયપાત્ર પર ગુરુની તરાપ મારવાની વૃત્તિમાં વયનું અનૌચિત્ય હાસ્ય સ્ફુટ કરે છે. ન્યાયાધીશ અસજ્જનતિમિશ્ર તટસ્થપણે ન્યાય આપવાને બદલે પોતે જ અનંગસેના પ્રત્યે આસક્ત થાય છે. તેની અનુચિત વૃત્તિ હાસ્યાસ્પદ બને છે. 'ગૌરીદિગમ્બર'માં લેખક દેવ-દેવીને હાસ્યરસના આલંબન વિભાવ બનાવે તેમાં ઔચિત્યભંગ અનુભવાય છે. આમ આપણે કહી શકીએ કે અનૌચિત્યને કારણે રસભંગ થવાને બદલે પ્રહસનમાં હાસ્યરસની નિષ્પત્તિ થાય છે. પ્રહસનોમાં વર્ણવાયેલ અનુચિત શૃંગાર હાસ્ય જન્માવે છે.

કૃત્રિમતા કે આડંબર વિના મનુષ્યની વૃત્તિઓનું નિખાલસ વર્ણન કરતાં આ પ્રહસનો સર્વજનસંવેદ્ય બની રહે છે. બારમીથી ચૌદમી સદીનાં પ્રહસનો પાત્રવૈવિધ્ય ધરાવતાં, દંભનું પ્રગટીકરણ કરતાં અને તત્કાલીન વિકૃત અને વિલાસી જીવનનું પ્રતિબિંબ પાડતાં હોવાથી તેને આપણે ફાર્સ (Farce) કહી શકીએ.

સંદર્ભગ્રંથસૂચિ

૧ गौरीदिगम्बर, शङ्करमिश्र, संपा. तारिणिश झा, चौखम्बा प्रकाशन, वाराणसी, संवत्-२०२६, प्रथम संस्करण ।

૨ धूर्तसमागम, ज्योतिरीश्वर, संपा. सुनीतिकुमार चेटर्जी, एशियाटिक सोसायटी, १९४०.

૩ भारतीय नाट्यशास्त्र और रंगमंच, डॉ. रामसागर त्रिपाठी, अशोक प्रकाशन, दिल्ली, १९७८.

૪ लटकमेलकम्-कविवर शङ्खधर, श्री कपिलदेवगिरि, चौखम्बा विद्याभवन, वाराणसी, प्रथम आवृत्ति, १९६२.

૫ संस्कृतमें एकांकी रूपक, डॉ. वीरबाला शर्मा, मध्यप्रदेश हिन्दीग्रन्थअकादमी, भोपाल, प्रथम आवृत्ति, १९७२.

૬ संस्कृत साहित्यका नवीन इतिहास-कृष्णचैतन्य, अनु. विनयकुमार राय, चौखम्बा विद्याभवन, वाराणसी, प्रथम आवृत्ति, १९६५.

૭ हास्यचूडामणि, वत्सराज, जयशङ्कर त्रिपाठी. चौखम्बा प्रकाशन, वाराणसी, प्रथम आवृत्ति.

૮ हिन्दी नाटचदर्पण, श्री रामचन्द्र गुणचन्द्र, डॉ. नगेन्द्र, हिन्दी विभाग, दिल्ली विश्वविद्यालय, दिल्ली, प्रथम आवृत्ति, १९५१.

9 The Types of Sanskrit Drama, D. R. Mankad, Urmi Prakashan Mandir, Karanchi, 1936.

10 Sanskrit dramas of Twentieth Century–Usha Satyav Mehrchand Lachhmandas, Delhi, First edition, 1971.

જૈન ઇતિહાસનો એક લુપ્ત દસ્તાવેજી શિલાલેખ

પં. શ્રી શીલચન્દ્ર વિજયજીગણિ*

પ્રત્યેક ધર્મશાસનની જેમ, જૈન ધર્મશાસનના પણ બે પક્ષ છે: ધર્મ પક્ષ અને દર્શન પક્ષ; આ બન્ને મળીને બને છે: જૈન ધર્મ-દર્શન. જૈન દર્શનનો આધારસ્તંભ અને-કાંતવાદનો સિદ્ધાંત છે, તો જૈન ધર્મની આધારશિલા છે-ત્યાગ અને અહિંસા. તપ અને સંયમનો સમાવેશ ત્યાગમાં થઈ શકે તેમ છે, એટલે જ્યાં ત્યાગ અને અહિંસા હોય ત્યાં આચારની શુદ્ધિ હોવાની જ. જૈન ધર્મે કઠોર અને તે પણ સુવિશુદ્ધ આચારપાલન ઉપર સૌથી વધુ ભાર મૂક્યો છે. ત્યાગ-અહિંસાના પાયા ઉપર ઊભેલી આચારશુદ્ધિને કારણે જ, આજે પણ મુઠ્ઠીભર જૈન સાધુઓ અને નાનકડો જૈન સમાજ, કાળગ્રસ્ત બનવાની દહેશત વિના, અડીખમ અને ઉન્નત માથે ટકી રહ્યા છે.

મનુષ્યની સહજ પ્રકૃતિ રહી છે કે તેના પર જેટલાં વધુ અને કઠોર નિયમનો લાદવામાં આવે, પછી તે તેણે સ્વયમેવ પણ સ્વીકાર્યાં હોય અથવા તેના પર લદાયાં પણ હોય, પણ તે નિયમનોના બંધનમાં મૂકાયા પછી, તે નિયમનોને અણીશુદ્ધ વળગી રહેવાની આંતરિક તીવ્ર અભિરુચિ જો મોળી પડે તો, તેમાંથી છીંડાં શોધી કાઢ્યા વિના ન જ રહે. આ છીંડાંઓ ક્રમે ક્રમે વકરતાં જઈ, આચારશુદ્ધિની ઇમારતમાં મોટાં ગાબડાં પાડતાં પાડતાં છેવટે શિથિલાચારનું રૂપ ધારણ કરી લે છે. પછી એક વખત એવો આવે છે કે કઠોર આચાર-નિયમોની જગ્યા એ શિથિલાચાર કે સડો જ પચાવી પાડે છે, અને એ, વ્યાપક બનતો જઈ શુદ્ધ આચારપાલનની પણ હાંસી કરવા માંડે છે.

આવા સડાને દૂર કરવો અને આચારશુદ્ધિને એના મૂળ સ્થાને પુનઃ પ્રતિષ્ઠિત કરવી, એનું જ નામ ક્રાંતિ-એમ, આથી, કહી શકાય. ક્રાંતિ એટલે શું? એક વિશુદ્ધ વ્યવસ્થામાં કાલાંતરે પ્રવેશેલા સડાને અને તેથી પ્રવર્તેલી અવ્યવસ્થાને નાબૂદ કરી, પેલી નિર્દોષ વ્યવસ્થાનું પુનઃ સ્થાપન એ જ તો ક્રાંતિ છે. એ ખરું કે પછી એ સડો જેટલે અંશે નાબૂદ થઈ શકે અને નિર્દોષ વ્યવસ્થાની જેટલી હદે પુનઃ પ્રતિષ્ઠા થઈ શકે તેટલી હદે જ એને ક્રાંતિકારી પરિવર્તન ગણાય.

કઠોર આચારપાલન, વ્રતનિયમો અને તપ-ત્યાગની બુનિયાદ ઉપર રચાયેલો જૈન ધર્મ, મુખ્યત્વે, આ બધાયનું પરિપાલન કરતાં, ધર્મસમર્પિત જૈન સાધુઓના પ્રતાપે જ ઉછર્યો, વિકસ્યો

'સ્વાધ્યાય', પુ. ૨૫, અંક ૧-૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૮૭-જાન્યુઆરી ૧૯૮૮, પૃ. ૧૭૭-૧૯૮.

* જૈન ઉપાશ્રય, લાડવાડો, ખંભાત-૩૮૮ ૬૨૦.

અને સૈકાઓ પર્યંત એની ધારા અક્ષુણ્ણ રહી. પરંતુ, આ ધર્માચરણને જ જીવનસર્વસ્વ માનનારા સાધુવર્ગમાં પણ, એક તબક્કે, પોતાના કઠોર આચારપાલન પરત્વે ઉદાસીનતા પ્રગટી જતાં, તેઓ શિથિલાચારના શિકાર બન્યા હતા, અને તેની વીગતો તપાસીએ તો જૈન ધર્મની ચડતી-પડતીનો ઇતિહાસ આપણને મળી આવે ખરો.

વિક્રમના-સંભવત :—ચોથા સૈકામાં આ સાધુવર્ગમાં આચાર શૈથિલ્યનો પગપેસારો શરૂ થઈ ગયો હતો, અને તે વધતો વધતો દશમા, અને અંશતઃ તો એ પછી-બારમા સૈકા સુધી પણ, પ્રવર્તતો રહ્યો હતો. આ સ્થિતિને જૈન ઇતિહાસમાં " ચૈત્યવાસ " તરીકે ઓળખાવવામાં આવી છે. ચૈત્ય એટલે જૈન મંદિર; તેમાં સાધુથી રહેવાય નહિ કે સાધુથી તેના પર માલિકી ભોગવાય નહિ, એવા નિયમનો લોપ કરી, ચૈત્યમાં રહેવાથી માંડીને તેની માલિકી, તેનો વહીવટ, તે માટે લેવડદેવડ વગેરે તમામ ગૃહસ્થજનોચિત કાર્યવાહી એ સાધુઓએ કરવા માંડી, તેથી તેઓ " ચૈત્યવાસી " તરીકે ઓળખાયા. અને આ એક મુખ્ય દૂષણના અનુસંધાનમાં પછી તો એટલાં બધાં દૂષણો પેદા થઈ ગયાં કે જે સાધુઓને આવું દૂષિત જીવન પસંદ ન હતું, તેમણે આ ચૈત્યવાસી સાધુવર્ગથી પોતાને જુદા તારવવા માટે થઈને, પોતાના માટે ' વિહરુક ' કે ' વેહારુક ' (ઉદ્યત વિહારી અર્થાત્ શાસ્ત્રવર્ણિત આચારશુદ્ધ જીવન જીવનારા સાધુ) એવું વિશેષણ લગાડવું પડયું. ચૈત્યવાસી વર્ગમાં પ્રવેશેલાં દૂષણોની મોટી યાદી આ. શ્રીહરિભદ્રસૂરિકૃત **સંબોધપ્રકરણ** નામે ગ્રંથમાં આપવામાં આવી છે.[૧]

આ વર્ગમાં, એક તરફ, સંયમીને ન શોભે તેવાં દૂષણો પેઠાં જરૂર, પરંતુ બીજી તરફ, એ વર્ગમાં વિદ્યાની સંપત્તિ અદ્‌ભુત અને અનન્ય હતી. ત્યાં સુધી કે વિહરુક વર્ગના સાધુઓએ પણ, પોતાના રચેલા ગ્રંથોને શુદ્ધ અને પ્રમાણિત કરવા માટે, એ ચૈત્યવાસી આચાર્યોની સહાય લેવી પડતી. પોતાની આ વિદ્વત્તાની તથા બીજી પણ પ્રભાવક શક્તિઓના જોરે તેમણે સમકાલીન રાજા અને પ્રજાઓ ઉપર પોતાનો જબરો પ્રભાવ પાથર્યો હતો. વનરાજ ચાવડાના કુલગુરુ આ. શીલગુણસૂરિ એક પ્રભાવશાળી જૈનાચાર્ય હતા, પણ તેઓ પણ ચૈત્યવાસી જ હતા. એમના કાળમાં વનરાજનો એવો આદેશ હતો કે ચૈત્યવાસી ન હોય તેવા કોઈ જૈનાચાર્યે કે સાધુએ પાટણમાં આવવું નહિ.[૨] આ આદેશ છેક સોલંકી રાજા દુર્લભરાજના શાસનકાળ સુધી અમલમાં રહ્યો હતો.[૩]

આમ, શાસનનો આશ્રય મળવાને કારણે ચૈત્યવાસ અને તેમાં પોષાતાં દૂષણોને છૂટો દોર મળી ગયો, અને ગૂજરાતમાં, ખાસ કરીને પાટણ પ્રદેશમાં કોઈ શુદ્ધ સાધુ રહેવા ન પામ્યો.

પરંતુ આથી તો ચૈત્યવાસનાં દૂષણોએ માઝા મૂકી દીધી. સંભવતઃ, સાધુજીવનના પ્રાણભૂત બ્રહ્મચર્ય વ્રતમાં પણ છૂટછાટ લેવાવા માંડી હોય. એવા સમયે, આ સાધુતાના હ્રાસની સ્થિતિથી ત્રાસી ગયેલા વિહરુક વર્ગના એક આચાર્યે, ચૈત્યવાસીઓના એકચક્રી શાસનને

---

૧ જૈપઈ. ભા. ૧, પૃ. ૪૦૦-૪૦૧.
૨ જૈસાસંઈ. પૃ. ૧૭૪.
૩ જૈસાસંઈ. પૃ. ૨૦૭.

તોડવાનું જાણે કે બીડું ઝડપ્યું હોય તેમ, દુર્લભરાજના પાટણમાં, અને પછી તેના રાજદરબારમાં, યેન કેન પ્રકારેણ પ્રવેશ મેળવ્યો અને પોતાના જ્ઞાન-સામર્થ્યથી તથા આચારની પવિત્રતાથી રાજા-પ્રજાને પ્રભાવિત કરીને પાટણમાં પ્રવેશનો તથા રહેવાનો નિષેધ કરતો આદેશ રદ્દ કરાવ્યો.[૪] સ્થિર-શુદ્ધ વ્યવસ્થામાં પ્રવેશેલા સડાને દૂર કરવાની દિશામાં આ પહેલું અને ક્રાંતિકારી ડગ હતું. આની સાથે જ ચૈત્યવાસના શિથિલાચારો ઉપર જોરદાર પ્રહારો શરૂ થઈ ગયા. આના અનિવાર્ય પરિણામરૂપે બન્ને વર્ગમાં થોડેક અંશે વૈમનસ્ય અને શત્રુભાવ જોકે જરૂર થયો, પરંતુ આચારશુદ્ધિને રાજા-પ્રજામાં સર્વત્ર વધુ ને વધુ આવકાર પ્રાપ્ત થવા લાગતાં ચૈત્યવાસનું જોર તૂટવા માંડ્યું. રાજા કર્ણદેવના વખતમાં, સાધુઓની જેના પર પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈ પણ જાતની પકડ-માલિકી ન હોય તેવું, શાસ્ત્રીય નીતિનિયમોને અનુસરતું 'વિધિચૈત્ય'[૫] પાટણમાં બન્યું. અને સતત ચાલવા માંડેલી આ પ્રક્રિયાની પરાકાષ્ઠા તો ત્યારે આવી કે જ્યારે પરમાર્હત રાજા કુમારપાળની પ્રેરણાથી ઉપકેશગચ્છના આ. કક્કસૂરિએ ક્રિયાહીન ચૈત્યવાસીઓને ગચ્છ બહાર મૂકી દીધા.'[૬] ક્રાંતિની ચેતના કેટલીબધી વ્યાપક બની ગઈ હશે, તે આ બનાવથી કલ્પી શકાય છે.

આ બધા ઉપરથી તેરમા સૈકામાં ચૈત્યવાસ અને ચૈત્યવાસીઓની પ્રવૃત્તિ મહદંશે પાંગળી અને નિર્બળ બની ગઈ હશે એમ સમજાય છે. જો કે ચૈત્યવાસ સર્વથા નામશેષ તો ન જ થયો, પરંતુ સમગ્ર જૈન સંઘને કલંકિત કરનારી તેમ જ ખુદ ચૈત્યવાસીઓને માટે પણ ભારે શરમજનક બની જનારી શિથિલતાઓ એ તો સંકેલો કરી જ લીધો હોવો જોઈએ, એવું આ લેખમાં રજૂ થયેલા દસ્તાવેજી લેખને જોયા પછી માની શકાય. વસ્તુતઃ કયાંક કયાંક, ખૂણેખાંચરે અને રડીખડી પ્રવર્તમાન, મોટા કલંકરૂપ ગણી શકાય તેવી આચારભ્રષ્ટતાને, તે ફરી કયારેય ઉછળે કે વકરે નહિ તે રીતે દબાવી-શમાવી દેવાના આશયથી જ, તત્કાલીન ચૈત્યવાસી અને વસતિવાસી (વિહરુક) આગેવાન આચાર્યોએ જે આદેશાત્મક નિર્ણય કે ઠરાવ કર્યો, તેનો આલેખ પ્રસ્તુત દસ્તાવેજી લેખમાં જોવા મળે છે. સાધુવર્ગમાં વ્યાપેલી આચાર-શિથિલતાને નાબૂદ કરવાના મહત્ત્વના કાર્યમાં, તત્કાલીન આગેવાન શ્રાવક ગૃહસ્થો પણ કેટલો રસપૂર્વક, ચીવટભર્યો અને મહાજન તરીકેની પોતાની જવાબદારીને દીપાવે તેવો ભાગ લેતા હશે, તેનો ખ્યાલ આ દસ્તાવેજમાં વાંચવા મળતાં મંત્રી તેજપાળ વગેરે શ્રાવકોનાં નામો જોતાં આવી શકે છે.

આ લેખમાં રજૂ કરાતા શિલાલેખમાં રજૂ થયેલા મુદ્દાનો સંદર્ભ સમજવા માટે આટલી ભૂમિકા પર્યાપ્ત છે. હવે આ દસ્તાવેજી શિલાલેખની ઐતિહાસિકતા અને સત્યતા તપાસવી જોઈએ.

ભાવનગરની શ્રી જૈન આત્માનંદ સભાના ગ્રંથસંગ્રહમાં ત્રણ પાનાની, "પ્રશસ્તિ શ્રી

---

૪ જૈસાસંઈ. પૃ. ૨૦૭.

૫ જૈસાસંઈ. પૃ. ૨૩૦-૩૧.

૬ જૈસાસંઈ. પૃ. ૨૬૩.

સિદ્ધાચલની "એ નામે તેના લીસ્ટમાં નોંધાયેલી[૭] હસ્તપ્રતિ છે. એ પ્રતિના નામથી જિજ્ઞાસા જાગતાં તેને જોવાનુ બન્યું, ત્યારે ઝીણવટથી જોતાં તેમાંનું લખાણ ઐતિહાસિક મહત્ત્વ ધરાવતું જણાઈ આવ્યું. જોકે આ પ્રતિ કોણે અને કયારે લખી, તેનો કોઈ જ અણસાર એમાં મળતો નથી, પરંતુ પ્રતિની લિપિ જોતાં તે સત્તરમા સૈકાના પશ્ચાર્ધમાં કયારેક લખાઈ હશે તેમ અનુમાન થાય છે. પ્રતિમાં છેવાડે "**श्रीशत्रुंजयमहातीर्थे द्वाविंशतिलेप्यजिनानां प्रथमप्रवेशे लिखितास्ति**" એવું લખાણ છે તે અનુસાર, શત્રુંજય ઉપરના દેરાસરના પ્રથમ પ્રવેશદ્વાર પાસે જ-જ્યાં ૨૨ જિનની લેપ્યપ્રતિમાઓ હશે ત્યાં-શિલાલેખરૂપે આ પ્રતિગત લેખ કોતરાયેલો હશે અને તે સત્તરમા શતકમાં પણ ત્યાં મોજૂદ હશે તેવું પણ અનુમાન થાય છે. પ્રસ્તુત પ્રતિલેખક, જે સંભક્તઃ કોઈ સાધુ જ હશે તે-શત્રુંજયની યાત્રાએ ગયા હશે, ત્યારે તેમના જોવામાં તે શિલાલેખ આવ્યો હશે, ને તેમાં રસ પડતાં તેમણે તેની નકલ ત્યાં ઉતારી લીધી હશે, એમ પણ, "**तत आनीयात्र लिलिखे व्यवहारज्ञानार्थं**" એવા પ્રતિના છેલ્લા શબ્દો વાંચતાં સમજી શકાય છે. **तत आनीय**નો અર્થ, 'એ શિલાપટ્ટ ત્યાંથી લાવીને' એવો કરવામાં ઔચિત્ય નથી. પણ તે વખતે લેખકે ઝડપી નકલ કરી લીધી હશે, ને પછી પોતાના ઈષ્ટ સ્થળે પહોંચીને શાંતિથી આ પ્રતિરૂપે સારી નકલ ઉતારી હશે, એમ સમજવું જોઈએ. અથવા કોઈકે એ શિલાલેખની કરેલી નકલ ઉપરથી બીજી કોઈકે આ પ્રતિ નકલ રૂપે લખી લીધી હોય એવું પણ બની શકે.

આ લેખની બીજી પણ એક પ્રતિ કે નકલ મળે છે. એ નકલ એક હસ્તપ્રતરૂપે હોવા છતાં તેની લખાવટ શિલાલેખો જે ઢબે લખાય તે ઢબની છે, પણ હસ્તપ્રતની ઢબની નથી. એમ અનુમાન થાય કે શિલાલેખ સમક્ષ ઊભા રહીને લખાયેલી આ નકલ હશે-ખરડારૂપ. તે ખરડો કાગળ પર લખાયો હોઈ સંગ્રહમાં સચવાઈ રહ્યો હશે, જે આજે હસ્તપ્રતિ તરીકે મનાય છે. આ ખરડા ઉપરથી તેની સારી હસ્તપ્રત કે હસ્તપ્રતો તૈયાર થઈ હોય, અને તે હસ્તપ્રતો-નકલો અથવા તેના ઉપરથી થયેલી નકલો કયાંક કયાંક ભંડારોમાં જળવાઈ હોય એમ બનવાજોગ છે. આ બીજી પ્રતિ હાલ કયાં છે તે જાણી શકાયું નથી; મને તો તેની ફોટોકોપી અણચિંતવી જ મળી આવી છે-એક મિત્ર દ્વારા. પરંતુ, ભાવનગરવાળી પ્રતિમાં એક મહત્ત્વની પંક્તિ નથી, તે આ નકલમાં મળી આવી છે, એથી આ નકલ મહત્ત્વની સિદ્ધ થઈ છે. તેની લિપિ જોતાં તે પણ સત્તરમા શતકની હોય તેવી સંભાવના છે. કદાચ તેથી વધુ જૂનીયે હોય.

આ શિલાલેખની પ્રામાણિકતા કેટલી અસંદિગ્ધ ? એવો પ્રશ્ન અહીં સહજ જ જન્મે છે. કેમ કે આવો કોઈ લેખ આજે તો શત્રુંજય ઉપર કયાંય જોવા મળતો નથી; તદુપરાંત, છેલ્લાં ત્રણ ચાર શતકમાં બનેલી, શત્રુંજયનું વર્ણન કરતી તીર્થમાળાઓમાં કે તે પ્રકારની અન્ય રચનાઓમાં તેનો ઉલ્લેખ સરખો પણ કયાંય સાંપડતો નથી. આ સ્થિતિ, આ લેખને પ્રમાણિક માનવામાં સંદેહ પેદા કરનારી તો છે.

પરંતુ કેટલાક મુદ્દા એવા છે કે જેના આધારે આ લેખની નકલને નિરાધાર ગણતાં વિચાર કરવો પડે. જેમ કે: (૧) કેટલાંક વર્ષો અગાઉ શત્રુંજયતીર્થનાં પ્રવેશદ્વારો વગેરેનો આમૂલ

---

૭ "પ્રશસ્તિ શ્રીસિદ્ધાચલની" ક્રમાંક ૧૦૪૬/૯; આ પ્રતિની નકલ લેવા દેવા બદલ આત્માનંદ જૈન સભા-ભાવનગર ના કાર્યવાહકોનો ઋણસ્વીકાર કરું છું.

જીર્ણોદ્ધાર થયો ત્યારે, બોદકામ દરમ્યાન, મંત્રી વસ્તુપાલનાં અને તેજપાલનાં શત્રુંજય ઉપરનાં ધર્મકાર્યોનું વર્ણન કરતા બે ઐતિહાસિક પ્રશસ્તિલેખો મળી આવેલા,[૮] જે આજે શત્રુંજયના નવ નિર્મિત પ્રવેશદ્વાર પાસે બન્ને બાજુએ તેના અનુવાદ-લેખો સાથે મૂકવામાં આવ્યા છે, તેની જેમ જ, પ્રસ્તુત શિલાલેખ પણ કયાંય દટાઈ ગયેલો હોય; કેમ કે આ લેખ ચોક્કસપણે કઈ જગ્યા પર લગાડેલો હશે તેનો ખ્યાલ, લેખકે કરેલા વર્ણન પરથી આવતો નથી; મુખ્ય પ્રવેશ-દ્વારે લેખ લાગેલો હોય તેવું તારવીએ તોય, તે જગ્યાની તે વખતની સ્થિતિ કેવી હશે તેનો અંદાઝ આજે આવી શકે તેમ નથી; આ સંજોગોમાં, કાલાંતરે વારંવાર થતા રહેલા ફેરફારો અને જીર્ણોદ્ધારો વગેરેને કારણે આ લેખ કયાંક દટાઈ ગયો હશે એમ માનવામાં કશું ખોટું નથી, (૨) અથવા તો આવો લેખ, પાછળના લોકોને, ત્યાં રહે તે ઉચિત ન લાગ્યું હોય અને તે કાઢી નાખવામાં આવ્યો હોય, તેવું યે ન બને તેમ નહિ. જો કે આવી શકયતા બહુ જ આછી પાતળી ગણાય, (૩) આની કોઈએ નોંધ ન લીધી-તે મુદ્દા અંગે એમ કહી શકાય કે તીર્થમાળા વગેરેના પ્રણેતાઓએ ફક્ત મંદિરો અને બિંબોની જ વર્ણનાત્મક નોંધ કરવાની મર્યાદા સ્વીકારી છે; તેમાં કયાંય, માત્ર આ જ નહિ, પણ કોઈ જ લેખની કોઈએ નોંધ લીધી નથી, એ વાત આપણે લક્ષ્યમાં લેવી પડશે, (૪) વળી, આવા લેખોની નકલ કરવાની પ્રથા પણ કાંઈ બહુ જૂની લાગતી નથી. આવી પ્રથા સંભવતઃ સત્તરમાં સૈકામાં શરૂ થઈ હશે તેમ, એ અરસામાં લખાયેલી મળતી આવા પ્રશસ્તિ લેખોની નકલોના આધારે કહી શકાય, (૫) આ ઉપરાંત, શત્રુંજય ઉપર આજે પણ એક લેખ મોજૂદ છે જેમાં, "હવે પછી આ સ્થળે નવું મંદિર બંધાવે તેને સંઘનો ખૂની" કહેવામાં આવ્યો છે, અને આ લેખ સકળ સંઘે ભેગા મળી કરેલા ઠરાવેરૂપ છે. આ લેખ સંવત ૧૮૬૭નો[૯] છે છતાં, તેનીયે નોંધ કે નકલ કયાંય કોઈએ કરી હોવાનું જાણવા પ્રાપ્ત થતું નથી, (૬) વળી, પ્રસ્તુત લેખમાં નોંધાયેલી હકીકતો અને વ્યક્તિનામોનો વિચાર કરીએ તો તેમાં કયાંય ગપગોળા કે હકીકતદોષ હોવાનું જણાતું નથી; બલ્કે, બધું જ ઐતિહાસિક ઉપલબ્ધ સાધનો દ્વારા સમર્થન પ્રાપ્ત કરી શકે તેવું છે. વસ્તુતઃ કેટલાક આચાર્યોનાં નામો તો અદ્યાવધિ અપ્રગટ-અજ્ઞાત જ હતાં તે પણ, પ્રસ્તુત શિલાલેખ અને તેમાંના ઠરાવની વીગતની જેમ જ, પ્રથમવાર જ આપણને મળી આવે છે. આમ, સમગ્રરૂપે તપાસતાં આ લેખની પ્રામાણિકતા પરત્વે સંદેહ રાખવાનું કોઈ કારણ જડતું નથી.

આ લેખમાં ૨૫ ચૈત્યવાસી અને ૨૮ વસતિવાસી-એમ કુલ ૫૩ (ત્રેપન) આચાર્યોનાં નામો છે. તે દરેક આચાર્યો વિશે ઐતિહાસિક સાધનો દ્વારા મળતાં સમર્થનની વીગત ક્રમશઃ હવે તપાસીએ :

(૧) સાંપાવસહીચૈત્યે થારાપદ્રગચ્છના **આ. સર્વદેવસૂરિ** તથા (૨) દ્વિતીય **શ્રીપૂર્ણભદ્રસૂરિ.** અહીં 'સાંપા' નહિ, પણ 'ચાંપા' એમ હોવું જોઈએ. ચાંપામંત્રીએ

---

૮ જુઓ શ્રીમહાવીર જિન વિદ્યાલયના સુવર્ણ મહોત્સવ ગ્રંથમાં મુનિશ્રી પુણ્યવિજયજીનો "પુણ્યશ્લોક મહામાત્ય વસ્તુપાલના અપ્રસિદ્ધ શિલાલેખો તથા પ્રશસ્તિ લેખો" નામનો લેખ; પૃ. ૩૦૩.

૯ પ્રાજૈલેસં. લેખાંક ૫૫૭, પૃ. ૩૩૬.

કરાવેલ ચૈત્ય ચાંપાવસહીના નામે ઓળખાતું હોવાનો પૂરો સંભવ છે. આ. સર્વદેવસૂરિએ સં. ૧૨૮૭માં સ્વપ્નસપ્તતિકા-વૃત્તિ રચી છે.[૧૦] તે જ આ સર્વદેવસૂરિ હશે તેવું અનુમાન થાય છે. આ પૂર્ણભદ્રસૂરિ તે પણ મોટે ભાગે થારાપદ્રગચ્છના જ હોવા જોઈએ. પંચતંત્રનો જીર્ણોદ્ધાર કરનાર આ. પૂર્ણભદ્ર (સં. ૧૨૫૫) કરતાં પ્રસ્તુત પૂર્ણભદ્ર જુદા હશે તેથી જ 'દ્વિતીય' એવો શબ્દ તેમના નામની આગળ લખાયો હોવો જોઈએ. જો કે તેમની ગુરુપરંપરામાં અગાઉ પૂર્ણભદ્ર નામે એક પૂરુષ થઈ ગયા હોય તો તેથી પણ 'દ્વિતીય પૂર્ણભદ્ર' તરીકે તેમને ઓળખવામાં આવ્યા હોય એવું પણ શક્ય ખરું. સ્પષ્ટ નિર્ણય લેવાનું કઠિન છે. વિ. સં. ૧૩૩૪ના એક પ્રતિમાલેખમાં[૧૧] "થીયારા (થારાપદ્ર) ગચ્છે શ્રી સર્વદેવસૂરિસંતાને" એવો ઉલ્લેખ મળે છે, અને સં. ૧૩૩૪માં પ્રભાવકચરિત રચનાર આ. પ્રભાચંદ્રના પ્રગુરુ પણ આ. પૂર્ણભદ્ર હતા.[૧૨] જો કે તેઓ રાજગચ્છના હતા. પરંતુ તેઓનો અથવા તેમની અપેક્ષાએ 'દ્વિતીય' તરીકે અહીં આ. પૂર્ણભદ્રનો નિર્દેશ હોવાની અટકળ પણ કરી શકાય. સં. ૧૨૮૫માં એક આ. પૂર્ણભદ્રે કૃતપુણ્યચરિત્રની તથા ધન્યશાલિભદ્રચરિત્રની રચના કર્યાની નોંધ મળે છે.[૧૩] અને તે જ આ પૂર્ણભદ્ર હોવાનો સંભવ વિશેષ છે :

(૩) શ્રીઅરિષ્ટનેમિચૈત્યે બ્રહ્માણગચ્છીય શ્રીશીલગુણસૂરિ : આ ચૈત્ય તથા આચાર્ય વિશે સ્પષ્ટ ઉલ્લેખ પ્રાપ્ત નથી.

(૪) વાયડવસહીચૈત્યે શ્રીજીવદેવસૂરિ : જીવદેવસૂરિ સંતાને સં. ૧૨૯૮માં સાહણ શ્રાવકે પાર્શ્વનાથનું બિંબ કરાવ્યાનો લેખ મળે છે.[૧૪] વાયડગચ્છના જિનદત્તસૂરિ (સં. ૧૨૬૫)ના શિષ્ય આ. જીવદેવસૂરિ ચમત્કારિક યોગવિદ્યાવાળા હોવાનો ઉલ્લેખ પણ મળે છે.[૧૫] આ બન્ને ઉલ્લેખોગત જીવદેવસૂરિ એક જ હોય અને તે જ આ લેખમાં નોંધાયા હોય તેમ જણાય છે. વાયડગચ્છનું ચૈત્ય વાયડવસહીચૈત્યના નામે ઓળખાતું હશે, તે પણ આથી સમજાય છે.

(૫) પંચાસરાચૈત્યે દેવચન્દ્રસૂરિ : પંચાસરાચૈત્ય તો પ્રખ્યાત છે. એ ચૈત્યનો વનરાજવિહાર તરીકે ઉલ્લેખ અને તેમાં સં. ૧૩૦૯માં આ. શીલગુણસૂરિની પરંપરામાં થયેલા આ. દેવચંદ્રસૂરિના હાથે 'આશાક'ની મૂર્તિની સ્થાપનાનો પ્રતિમાલેખ મળે છે.[૧૬] એ દેવચંદ્રસૂરિ તે જ આ હોવાનું સમજાય છે.

(૬) જાલિહરાચૈત્યે શ્રીવિમલચંદ્રસૂરિ : આમના વિશે કોઈ સ્પષ્ટ નિર્દેશ પ્રાપ્ત થતો નથી.

---

૧૦ જૈસાસંઈ. પૃ. ૩૯૫; જૈગ્રં. પૃ. ૩૫૮.
૧૧ પ્રાજૈલેસં. લેખાંક ૪૯૮, પૃ. ૩૧૨.
૧૨ જૈસાસંઈ. પૃ. ૫૯૯.
૧૩ જૈગ્રં. પૃ. ૨૨૨ તથા ૨૨૫.
૧૪ પ્રાલેસં. ભા. ૧ લેખાંક ૩૭, પૃ. ૧૧.
૧૫ જૈસાસંઈ. પૃ. ૩૪૧.
૧૬ પ્રાજૈલેસં. લેખાંક ૫૧૯, પૃ. ૩૨૧.

(૭) ધૂતવસહિકાચૈત્યે શ્રીઆમદેવસૂરિ : જેમ મૂષકવિહાર કુમારપાળે બંધાવેલો– એક મૂષકના નિમિત્તે, તેમ ધૂત–જુગારના કોઈ પ્રસંગના સંભારણારૂપે થયેલું ચૈત્ય તરીકે પ્રખ્યાત હોવું સંભવિત છે. પ્રાયઃ ૧૪મી શતાબ્દીમાં લખાયેલ, અજિતપ્રભકૃત શાંતિનાથચરિતની પ્રતિની પ્રશસ્તિમાં મળતાં નામોમાં 'આમદેવસૂરિ' નામ છે.[૧૭] તેમનો સંબંધ આ સૂરિ સાથે કદાચ સંભવે. પરંતુ ચૈત્ય કે આચાર્ય પરત્વે સ્પષ્ટ ઉલ્લેખ પ્રાપ્ત થયો નથી.

(૮) લોલાઉત્રાચૈત્યે શ્રીનાગેન્દ્રસૂરિ : આ ચૈત્ય તથા સૂરિ અંગે સ્પષ્ટ નોંધ મળી નથી.

(૯) સંડેરાચૈત્યે શ્રીશાંતિસૂરિ : સંડેરકગચ્છમાં યશોભદ્રસૂરિ સંતાને આ શાંતિસૂરિ (બીજા) સં. ૧૨૯૨માં આબૂ પર થયેલી પ્રતિષ્ઠામાં ઉપસ્થિત હતા અને વસ્તુપાલના મિત્ર મંત્રી યશોવીરે કરાવેલ પદ્મપ્રભજિનની દેવકુલિકાની પ્રતિષ્ઠા તેમણે કરાવી હતી.[૧૮] એ શાંતીસૂરિ ને પ્રસ્તુત શાંતિસૂરિ એક જ છે. તેમના ગચ્છનું ચૈત્ય સંડેરાચૈત્ય તરીકે પ્રસિદ્ધ હોવું જોઈએ.

(૧૦) ભૃગુકચ્છે શકુનિકાવિહારચૈત્યે શ્રીજયસિંહસૂરિ : ભૃગુકચ્છ–ભરૂચનો શકુનિકા (સમળી) વિહાર સુવિખ્યાત ચૈત્ય છે. (પાછળથી તેને મસ્જિદ તરીકે ફેરવાયું છે.) આ ચૈત્યમાં આ. વીરસૂરિના શિષ્ય આ. જયસિંહસૂરિ હતા. તેમણે 'હમ્મીરમદમર્દન' નામે ઐતિહાસિક રચના આપી છે. એ કૃતિની સં. ૧૨૮૬માં લખાયેલી તાડપત્રીય પ્રતિ મળી આવી છે, અને તેમાં વસ્તુપાલ–તેજપાલના દાનની સ્મૃતિમાં, તેમણે, શકુનિકાવિહારમાં રચેલ (ને શિલાલેખરૂપે મૂકાવેલ) પ્રશસ્તિકાવ્યની પ્રતિલિપિ સચવાઈ છે,[૧૯] એ પણ એક વિરલ ઘટના ગણાય. પાછળથી નષ્ટ થયેલો પ્રશસ્તિલેખ આ રીતે સચવાયો એ ઘટનાની સાથે જ, પ્રસ્તુત લેખની નકલનો સંદર્ભ પણ મેળવીએ, તો આ લેખની નિઃસંદેહતા સ્થિર બને ખરી.

(૧૧–૧૨) ઓસવાલાચૈત્યે શ્રીદેવગુપ્તસૂરિ તથા દ્વિતીય શ્રીસિદ્ધસૂરિ : સંવત્ ૧૧૭૨માં રચાયેલ "આગમિકવસ્તુવિચારસારવૃત્તિ"ની પ્રશસ્તિમાં "**आशापुरवसत्यां वृत्तिस्तेनेयमारचिता**" એવો ઉલ્લેખ છે.[૨૦] આ આશાપુરવસતિ તે જ પ્રસ્તુત ઓસવાલાચૈત્ય હશે? દેવગુપ્તસૂરિ અને સિદ્ધસૂરિ–એ નામો ઉપર કેરાગચ્છના ખાસ નામો છે. ૧૨૭૪માં સ્વર્ગત આ. કક્કસૂરિની પાટે સૂરિ ઉ. દેવગુપ્તને ૧૨૭૮માં ગચ્છનાયક આચાર્ય બનાવ્યાનો ઉલ્લેખ મળે છે.[૨૧] તેમના પરિવારમાં અથવા શિષ્ય આ દ્વિતીય સિદ્ધસૂરિ હોવા જોઈએ.

(૧૩) ભાવડારાચૈત્યે શ્રીજિણદેવસૂરિ : ભાવડારા નામે ગચ્છ હતો, તેનું

---

૧૭ જૈપુપ્રસં. પ્રશસ્તિ–૬૧, પૃ. ૬૧–૬૨.

૧૮ પ્રાજૈલેસં. લેખાંક ૧૦૮–૯, પૃ. ૧૦૬–૭; જૈસાસંઈ. પૃ. ૩૬૦–૬૧, ટિ. નં. ૪૦૪.

૧૯ જૈસાસંઈ. પૃ. ૩૬૮–૩૮૫.

૨૦ જૈપુપ્રસં. પ્ર. નં. ૨૨, પૃ. ૧૦૧.

૨૧ જૈપઈ. ભા–૧, પૃ. ૩૧–૩૨.

આ ચૈત્ય હશે. સં. ૧૨૯૮માં ભૃગુકચ્છમાં મહારાણા વીસલદેવના રાજ્યમાં તેજપાલના પુત્ર લૂણસીહના અધિકારમાં, આ. જિણદેવસૂરિના ઉપદેશથી હેમાચાર્યની દેશી નામમાલાની પ્રતિ લખાઈ છે,[૨૨] તે જ આ જિણદેવસૂરિ હોવાનું બેસે છે.

(૧૪) મોઢવસહીચૈત્યે શ્રીચક્રેશ્વરસૂરિ : મોઢેરાથી મોઢગચ્છ નીકળ્યો હતો, તેમ જ મોઢ વણિકો જૈનધર્મી હતા જ. તેમનું ચૈત્ય તે મોઢવસહી. આ. ચક્રેશ્વરસૂરિ નામે એક કરતાં વધુ અને વળી પ્રખ્યાત આચાર્યો ૧૨મા અને ૧૩મા શતકોમાં થયાના નિર્દેશો મળે છે. પરંતુ અહીં તેમાંના કયા હશે, તે અંગે કોઈ સ્પષ્ટતા પ્રાપ્ત થતી નથી.

(૧૫) ભરૂઅચ્છાચૈત્યે શ્રીઆણંદસૂરિ : પાટણમાં પણ ભરૂચના ગાદીપતિ ચૈત્યવાસી આચાર્યની અધીનતાવાળું ચૈત્ય હોય, કે પછી પાટણમાં ભરૂચનો કોઈ સમૂહ રહેતો હોય અને તેનું ચૈત્ય આ નામે ઓળખાતું હોય. શ્રીઆણંદસૂરિ અંગે કોઈ સ્પષ્ટ માહિતી મળી શકી નથી.

(૧૬) ખડાયથાચૈત્યે શ્રીજિનેશ્વરસૂરિ : ખડાયતા વણિક કોમ આજે પણ ગૂજરાતમાં ખેડા જિલ્લામાં વિદ્યમાન છે. મૂળે તે કોમ જૈનધર્મી હતી, તે તો ઐતિહાસિક તથ્ય છે.[૨૩] તે જ્ઞાતિનું ચૈત્ય ખડાયથા ચૈત્ય હશે. તેરમા શતકના ઉત્તરાર્ધમાં કે ચોથા ચરણમાં વિદ્યમાન હોય તેવા આ. જિનેશ્વરસૂરિ એક કરતાં વધુ છે. તેમાંના આ એક હશે.

(૧૭) લખણારાચૈત્યે શ્રીદેવચંદ્રસૂરિ : સં. ૧૨૮૮માં રાણા લાવણ્યપ્રસાદના રાજ્યે વટકૂપક બંદર દેવચંદ્રસૂરિના શિષ્ય ભુવનચન્દ્રે હૈમવ્યાકરણઉપનકની પ્રતિ લખી છે.[૨૪] આમાં નિર્દિષ્ટ દેવચંદ્રસૂરિ તે જ આ હોય એમ લાગે છે. ચૈત્યના નામનો સંદર્ભ સમજાતો કે મળતો નથી.

(૧૮) હયઉરાચૈત્યે શ્રીપજૂનસૂરિ : હયઉરા–એ કોઈક સ્થળવિશેષનું નામ હોય અને તે પરથી આ ચૈત્યનું નામ પડ્યું હોય તે બનવા જોગ છે. પજૂનાસૂરિ એટલે પ્રદ્યુમ્નસૂરિ. 'સમરાદિત્યસંક્ષેપ'ના કર્તા તથા અનેક ગ્રંથોના સંશોધક તરીકે સુખ્યાત આ. પ્રદ્યુમ્નસૂરિ ચંદ્રગચ્છમાં થયા.[૨૫] તેઓ વસ્તુપાલ હતા, અને આ. બાલચંદ્ર તેમને સૂરિપદ આપ્યું હતું. ૧૨૯૮માં તેમણે ઉપમિતિ-સારોદ્ધાર સુધાર્યાનો ઉલ્લેખ છે. બીજા એક પ્રદ્યુમ્નસૂરિ ૧૨૯૨માં વિદ્યમાનસૂરિ, તે બુદ્ધિસાગરસૂરિના શિષ્ય હતા.[૨૬] જૈન ગ્રંથાવલી[૨૭] અનુસાર ૧૩૦૪માં એક આ. પ્રદ્યુમ્ને 'પૂર્વર્ષિચરિત'ની રચના કરી છે. રાજગચ્છમાં પણ આ. પ્રદ્યુમ્ન

---

૨૨ જૈપુપ્રસં. પ્ર. નં. ૧૯૧, પૃ. ૧૨૩.
૨૩ જૈપઈ. ભા. ૧, પૃ. ૫૦૩.
૨૪ જૈપુપ્રસં. પ્ર. નં. ૧૫૨, પૃ. ૧૧૮.
૨૫ જૈપઈ. ભા. ૧, પૃ. ૫૫૧; જૈસાસંઈ. પૃ. ૩૮૨-૮૪.
૨૬ જૈગ્રં. પૃ. ૧૨૮ (ટિપ્પણી).
૨૭ પૃ. ૨૨૬.

થયા છે; તેમણે મલધારી આ. નરચંદ્રસૂરિ પાસે ઉત્તરાધ્યયનનું અધ્યયન કર્યું હતું.[૨૮] આ ચાર પૈકી એક, સંભવતઃ પહેલા, પ્રદ્યુમ્નસૂરિ અહીં સમજવા જોઈએ.

(૧૯) જાલઉરાચૈત્યે નાણાવાલ શ્રીસિદ્ધસૂરિ : જાલઉર એટલે જાલોર, જે તે સમયે જાવાલિપુર કે જાબાલિપુર નામે જૈન ધર્મનું મોટું કેંદ્ર હતું. તેના નામનાં ચૈત્ય અનેક સ્થળોમાં હોવાં જોઈએ; કેમ કે પ્રસ્તુત લેખમાં જ પાટણ અને ધોળકામાં જાલઉરા-ચૈત્યનું નામ આવે છે. નાણાવાલ ગચ્છ હતો, તેમાં આ સિદ્ધસૂરિ નામે આચાર્ય થયા હશે તેમ આ પરથી સમજાય છે.

(૨૦-૨૧-૨૨) વડાઉલાચૈત્યે કોરંટાવાલ શ્રીકક્કસૂરિ, આશાપલ્લીના ઉદયન વિહારચૈત્યે શ્રીદેવસૂરિ તથા શ્રીઆમદેવસૂરિ : વડાવલી ગામ આજે છે, તેના નામનું વડાઉલાચૈત્ય હોઈ શકે. આશાપલ્લીનું ઉદયનવિહારચૈત્ય તો ઇતિહાસ પ્રસિદ્ધ છે.[૨૯] કોરંટાવાલ એટલે કોરંટ ગચ્છીય એવો અર્થ સ્વીકારીએ તો, સંવત્ ૧૨૭૪માં કોરંટકીય ગચ્છે કક્કસૂરિશિષ્ય સર્વદેવની મૂર્તિની પ્રતિષ્ઠા આ. કક્કસૂરિએ કર્યાનો લેખ મળે છે.[૩૦] અનુમાનતઃ ૧૩મી શતીમાં લખાયેલ ઉપમિતિસારોદ્ધારની પ્રતિમાં અંતે, તે દેવસૂરિના ઉપદેશથી લખાયાનો ઉલ્લેખ છે.[૩૧] આ દેવસૂરિ તે જ ક્રમાંક ૨૧ના દેવસૂરિ સંભવે છે. આમ દેવસૂરિ અંગે કોઈ સંદર્ભ જડ્યો નથી.

(૨૩) ધવલક્કે જાલઉરાચૈત્યે હારીજા શ્રીસિંહદત્તસૂરિ : ધોળકા એ તત્કાલીન ગૂજરાતનું કેંદ્ર સ્થળ હતું તે ઇતિહાસ પ્રસિદ્ધ છે. ત્યાં જાલઉર-જાલોરનો સમૂહ રહેતો હોય તેનું, અથવા તો જાલોરાસ્થિત ચૈત્યવાસી સૂરિના આધિપત્ય હેઠળનું ધોળકાસ્થિત ચૈત્ય તે જાલઉરાચૈત્ય તરીકે ગણાતું હોય. હારીજ ગચ્છ પણ હતો જ. આ ગચ્છના ૧૩માથી ૧૫મા સૈકાના લેખો મળે છે.[૩૨] અને આ ગચ્છના આ. સિંહદત્તસૂરિનો સં. ૧૧૩૧નો સ્મૃતિસ્તંભ પણ મળ્યો હોવાનું ઇતિહાસમાં નોંધાયું છે. આ પરંપરામાં થયેલા અન્ય આ. સિંહદત્તસૂરિ તે પ્રસ્તુત આ. સિંહદત્તસૂરિ હોવાનું માનવું ઉચિત છે.

(૨૪) સ્તંભનક શ્રીપાર્શ્વનાથચૈત્યે શ્રીમલ્લવાદીસૂરિ : સ્તંભનક તે શ્રીપાર્શ્વનાથનું તીર્થ હતું. ત્યાં-ચૈત્યમાં આ. મલ્લવાદી હતા. તેઓ નાગેંદ્રગચ્છના ચૈત્યવાસી આચાર્ય હતા, અને વસ્તુપાલ તેમના પ્રશંસક હતા.[૩૩]

(૨૫) વડપદ્રકે કઉડિવહીચૈત્યે શ્રીગુણસેનસૂરિ : વટપદ્રક – વડોદરામાં કઉડિવસરી નામે ચૈત્ય હોવાનું આ ઉલ્લેખથી સમજાય છે. આ. ગુણસેનસૂરિ અંગે સ્પષ્ટ

---

૨૮ જૈપઈ. ભા. ૨, પૃ. ૩૩૫.
૨૯ જૈસાસંઈ. પૃ. ૩૩૫.
૩૦ પ્રાલેલેસં. લેખાંક ૫૫૨, પૃ. ૩૩૧.
૩૧ જૈપુપ્રસં. લે. નં. ૭૦, પૃ. ૬૯.
૩૨ જૈપઈ. ભા. ૧, પૃ. ૪૫૨ (ટિ.).
૩૩ જૈપઈ. ભા. ૧, પૃ. ૩૮૦; ભા. ૨, પૃ. ૭૫૧.

સંદર્ભ મળતો નથી. નાગેંદ્રગચ્છમાં ગુણસેણસૂરિ સં. ૧૨૯૨માં વિદ્યમાન હોવાને ઉલ્લેખ મળે છે; કદાચ તે આ હોય.[૩૪]

આમ, આ ૨૫ ચૈત્યવાસી આચાર્યોનો સંદર્ભ તપાસ્યો હવે વસતિવાસી આચાર્યોની હકીકત જોઈએ :

(૧) આ. હરિભદ્રસૂરિ શિષ્ય આ. વિજયસેનસૂરિ : આ વિજયસેનસૂરિ તે મંત્રી વસ્તુપાલ-તેજપાલના ગુરુ. તેમનો ઉલ્લેખ કરતા અનેક લેખો ઉપલબ્ધ છે.[૩૫]

(૨) મલધારિ આ. નરચંદ્રસૂરિ શિષ્ય શ્રીમાણિક્યચંદ્રસૂરિ : મલધારી આ. નરચંદ્રસૂરિએ સં. ૧૨૮૭માં પોતાના સ્વર્ગગમન-સમયે વસ્તુપાલને કહેલું કે "આજથી ૧૦ વર્ષે તારું મરણ થશે."[૩૬] તેમના શિષ્ય માણિક્યચંદ્રસૂરિ હતા, તેવો ઉલ્લેખ અદ્યાવધિ ક્યાંય નોંધાયો લાગતો નથી. આ લેખમાં, કદાચ, તે વાત સર્વપ્રથમ મળી આવે છે.

(૩) રાજગુરુ શ્રીહેમચંદ્રસૂરિ સંતાને શ્રીમેરુપ્રભસૂરિ : 'રાજગુરુ' વિશેષણ હેમચંદ્રસૂરિ કયા લેવા તે વિશે આપણને નિઃશંક બનાવે છે કે અહીં સિદ્ધરાજ અને કુમારપાળના ગુરુ હેમાચાર્ય જ લેવાના છે. તેમની પરંપરામાં જે નામો મળે છે તેમાં આ. મેરુપ્રભસૂરિનું નામ ક્યાંય નથી. તેમાં તો તેમના મુખ્ય શિષ્યો અને અમુક ખાસ પ્રશિષ્યોનાં નામો જ માત્ર મળે છે. એમની શિષ્યપરંપરા ૧૨૯૮માં એટલે કે તેરમા શતકના સમાપનકાળમાંય ચાલુ રહી હોવાનું આ ઉલ્લેખથી સ્પષ્ટ થાય છે, જે ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વનો ગણાય.

(૪-૫) વાદિ શ્રીદેવસૂરિગચ્છે દેવેંદ્રસૂરિશિષ્ય શ્રીહેમપ્રભસૂરિ તથા અભયદેવસૂરિ શિષ્ય શ્રીમદનચંદ્રસૂરિ : આ. હેમપ્રભસૂરિ ઝીંઝુવાડાના ઝાલા રાણા દુર્જનશલ્યના ગુરુ હતા. તેમણે 'ત્રૈલોક્યપ્રકાશ' નામે ગ્રંથ રચ્યો છે, તેની પ્રશસ્તિમાં :

कृतोऽयं केवलादर्शस्त्रैलोक्यस्य प्रकाशकः ।
श्रीमद्देवेन्द्रशिष्येण श्रीहेमप्रभसूरिणा ॥

આવો સ્પષ્ટોલ્લેખ છે.[૩૭] તેમણે રચેલા બીજા ગ્રંથોની નોંધ પણ જૈન ગ્રંથાવલીમાં મળે છે. પરંતુ ત્યાં એક ટિપ્પણીમાં ધર્મઘોષના શિષ્ય હેમપ્રભ હોવાની સંભાવના દર્શાવી છે તે,[૩૮] ઉપર્યુક્ત ઉલ્લેખ તથા પ્રસ્તુત લેખગત ઉલ્લેખ જોતાં ખોટી પુરવાર થાય છે.

વાદી દેવસૂરિના વંશમાં આ. મદનચંદ્રસૂરિ થયાનો ઉલ્લેખ તો સર્વત્ર મળે છે. પરંતુ તેમના ગુરુનું નામ અદ્યાવધિ નક્કી જાણી શકાયું લાગતું નથી. આ લેખમાં તે ત્રુટિ દૂર થતી જોવાય છે. એમના ગુરુ આ. અભયદેવસૂરિ હોવાનું આ લેખમાં સ્પષ્ટ છે. આ. મદનચંદ્રને

---

૩૪ પ્રાલેસં. ભા. ૧, લે. નં. ૩૬, પૃ. ૧૧.
૩૫ પ્રાજૈલેસં. લેખાંક ૫૪૩ તથા લે. ૩૮ થી ૪૩, લે. ૬૪-૬૫, લે ૮૩ ઇત્યાદિ.
૩૬ જૈપઈ. ભા. ૨, પૃ. ૩૬૬-૬૭.
૩૭ જૈપઈ. ભા. ૨, પૃ. ૫૪૭.
૩૮ જૈગ્રં. પૃ. ૩૪૬ (ટિ).

સં. ૧૨૯૩માં તેજપાળનાં પત્ની અનુપમાદેવીએ ઓઘનિર્યુક્તિની પ્રતિ વહોરાવેલી,[૩૯] અને તેની સાથે જોડાયેલી કાષ્ઠપટ્ટિકાની જોડી આજે પણ પૂનાના શ્રીભાંડારકર પ્રાચ્યવિદ્યા શોધ-સંસ્થાનમાં વિદ્યમાન છે. ઝાંખા પડેલાં અને ઘસાઈ ગયેલાં ચિત્રાંકનોવાળી એ પટ્ટિકાઓ ઉપર અનુપમાદેવીના પરિવારની તથા આચાર્યાદિની આકૃતિઓ હજી પણ જોઈ શકાય છે. આ જોડમાંની એક પાટલી પર આ પ્રમાણે લેખ છે: "६० ॥ संवत १२१३ वर्षे पौष शुदि १३ महं श्रीअनुपमादेव्या आत्मश्रेयोर्थं श्रीओघनिर्युक्तिपुस्तकं श्रीमदनचंद्रसूरिभ्यः प्रदत्तं ॥" (આ પટ્ટિકા-યુગ્મની ભાંડારકર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના સૌજન્યથી શ્રી રમેશભાઈ માલવણિયાએ લીધેલી છબી પણ આ લેખ સાથે પ્રગટ થઈ રહી છે).

(૬) શ્રીદેવભદ્રસૂરિસંતાને શ્રીઅમરચંદ્રસૂરિ : પ્રસિદ્ધ 'બાલભારત'કાર અને વેણીકૃપાણ અમરચંદ્રસૂરિ કરતાં આ ભિન્ન હોવાનું લાગે છે. પરંતુ તેમના વિશે કોઈ સ્પષ્ટ નિર્દેશ પ્રાપ્ત થતો નથી.

(૭) કાઠવીઠીય શ્રીવિજયસિંહસૂરિ શિષ્ય શ્રીવર્ધમાનસૂરિ : અહીં કાઠવીઠીયનો અર્થ સમજાતો નથી. કાવીઠીય હોઈ શકે. લેખકદોષથી ઠ વધી ગયો હોય એવું બને. જો આ કલ્પના ખરી હોય તો કાવીઠા (ખેડા જિલ્લો) ગામ સાથે આ સૂરિનો સંબંધ જોડવો પડે. નાગેન્દ્રગચ્છે વીરસૂરિની પરંપરામાં વિજયસિંહસૂરિના શિષ્ય આ. વર્ધમાનસૂરિ થયા છે. વિજયસિંહસૂરિએ સામ્યશતક, સુજનભાવના આદિ કૃતિઓ રચી છે. તેમની પાટે બે શિષ્યો થયા: આ. દેવેન્દ્ર અને આ. વર્ધમાન. તે પૈકી આ. વર્ધમાનના ઉપદેશથી ગલ્લ (ગાલા) કુળના દંડનાયક આહ્લાદને પાટણના નાગેન્દ્રગચ્છીય વાસુપૂજ્યચૈત્યનો જીર્ણોદ્ધાર કર્યો હતો. આ. વર્ધમાને પાટણમાં, એ જ જિનાલયની પાસેની વસતિમાં રહીને સં. ૧૨૯૯માં વાસુપૂજ્યચરિત્ર રચ્યું હતું.[૪૦]

(૮) ધર્મઘોષસૂરિસંતાને શ્રીઆણંદસૂરિ : ધર્મઘોષસૂરિની પાટે આણંદ-સૂરિની શિષ્યપરંપરા અમરપ્રભ-જ્ઞાનચંદ્ર-મુનિશેખર એમ પ્રવર્તી. તેમાના મુનિશેખરની મૂર્તિ સં. ૧૩૯૬માં કરાવ્યાનો ઉલ્લેખ મળે છે.[૪૧] તે મુનિશેખરના પ્રગુરુના ગુરુ આણંદ-સૂરિ, તે જ પ્રસ્તુત આણંદસૂરિ હોવાનું લાગે છે.

(૯) શ્રીનેમિચંદ્રસૂરિ શિષ્ય શ્રીમાણિક્યસૂરિ : આ આચાર્ય અંગે કોઈ ચોક્કસ ઉલ્લેખ પ્રાપ્ત નથી. છતાં મમ્મટના 'કાવ્યપ્રકાશ' પર સૌપ્રથમ ટીકા 'સંકેત' બનાવનાર આ. માણિક્યચંદ્રસૂરિ તે જ આ માણિક્યસૂરિ હશે એમ અનુમાન થાય છે. કેમ કે તેમના પ્રગુરુનું નામ નેમિચંદ્રસૂરિ હોવાનો ઉલ્લેખ મળે છે.[૪૨] આ. નેમિચંદ્ર ૧૨૧૬માં વિદ્યમાન હોવાનું પણ જાણવા મળે છે.[૪૩]

---

૩૯ જૈપઈ. ભા. ૨, પૃ. ૫૮૨.

૪૦ જૈસાસંઈ. પૃ. ૩૪૩; જૈપઈ. ભા. ૨, પૃ. ૫.

૪૧ પ્રાજૈલેસં. લેખાંક ૧૬૬, પૃ. ૧૨૮-૨૯.

૪૨ જૈસાસંઈ. પ્ર. ૩૯૨, તથા પૃ. ૨૭૭.

૪૩ જૈસાસંઈ. પૃ. ૨૭૫.

(૧૦) ચૈત્રાવાલીય શ્રીશાંતિસૂરિસંતાને શ્રીયશોદેવસૂરિ : આ યશોદેવસૂરિ તે ઉપમિતિભવ પ્રપંચકથાસારોદ્ધારના કર્તા આ. દેવેન્દ્રસૂરિના ગુરુભાઈ અને તેમને આચાર્ય-પદવી આપનાર પણ આ જ યશોદેવસૂરિ હતા; તે શાંતિસૂરિની પરંપરામાં થયા છે, અને ૧૨૯૮માં વિદ્યમાન હતા તેવો સંકેત પ્રાપ્ત થાય છે.[૪૪]

(૧૧) નવાંગવૃત્તિકાર શ્રીઅભયદેવસૂરિસંતાને છત્રાઉલા શ્રાદેવપ્રભસૂરિ શિષ્ય શ્રીપદ્મપ્રભસૂરિ : શ્રીઅભયદેવસૂરિની પાટપરંપરા આમ છે : અભયદેવ–પ્રસન્ન-ચંદ્ર–દેવભદ્ર–દેવાનંદ–દેવપ્રભ (કે વિબુધપ્રભ)–પદ્મપ્રભસૂરિ. આ પદ્મપ્રભસૂરિએ સં. ૧૨૯૪માં મુનિસુવ્રતચરિત્રની રચના કરી છે.[૪૫] તેમના ગુરુનું નામ ક્યાંક 'દેવપ્રભ' તો ક્યાંક 'વિબુદ્ધપ્રભ'[૪૬] એમ મળે છે. 'દેવ' અને 'વિબુધ' બંને પર્યાયવાચક શબ્દો હોવાને લીધે આ ફેરફાર ફક્ત શાબ્દિક જ લાગે છે. બાકી બન્ને નામો એક જ વ્યક્તિ માટે વપરાયાં હોવાં જોઈએ.

(૧૨) કરડિહટ્ટિકામધ્યે શ્રીધર્મઘોષસૂરિ શિષ્ય શ્રીચંદ્રપ્રભસૂરિ : બે પ્રતિઓ પૈકી એકમાં કરડિહટ્ટિકા એવું અને બીજીમાં કરહટ્ટિકા એવું નામ છે. બન્ને એક જ સ્થળનાં નામ છે, છતાં 'કરહટ્ટિકા' એ વધુ ઠીક લાગે છે. કરડિમાં 'ડિ' એ કદાચ લેખનદોષનું પરિણામ હોય. કરહટ્ટિકા એ ગામનું નામ છે. ખેડા જિલ્લાનું કરખડી ગામ તે આ કરહટ્ટિકા હોવાની સંભાવના છે. જો આ કલ્પના ખરી હોય તો, તે કાળે કરખડી-કરહટ્ટિકા એ જૈનોનું કેન્દ્ર હશે એમ માનવું જોઈએ. કરખડી તરફ આજે પણ ખડાયતા વણિકો વસે છે, અને તેઓ મૂળે જૈન હતા જ. કરખડી ગામ પુરાણું છે એમ, ડૉ. ભોગીલાલ સાંડેસરા તરફથી જાણવા મળ્યું છે.

આ. ધર્મઘોષસૂરિ ગચ્છપતિ હતા. તેમના શિષ્ય આ. ચંદ્રપ્રભસૂરિ તપસ્વી હતા તથા તેમના પર સ્તંભન પાર્શ્વનાથતીર્થના અધિષ્ઠાયક દેવ પ્રસન્ન હતા.[૪૭]

(૧૩) શ્રીસ્તંભતીર્થે શ્રીમુનિચંદ્રસૂરિ શિષ્ય શ્રીમુનિરત્નસૂરિ : આ આચાર્ય અંગે કોઈ સ્પષ્ટ સંદર્ભ મળ્યો નથી.

(૧૪) ભાલિજેત્ય શ્રીજિનેશ્વરસૂરિ શિષ્ય શ્રીરત્નપ્રભસૂરિ : ભાલિજ તે અત્યારનું આણંદ પાસેનું ભાલેજ ગામ. ત્યાં મહાવીરસ્વામીનું મંદિર હતું અને ત્યાં, ક્રમાંક ૧૨માં નિર્દેશાયેલા શ્રીધર્મઘોષસૂરિના ગુરુભાઈ આ. સર્વદેવસૂરિની રક્ષા દેવીએ કરી હતી. એથી ભાલેજમાં તે સમયે એ ગચ્છનું વિશેષ પ્રાધાન્ય હશે એમ લાગે છે. એ આ. ધર્મઘોષની પરંપરામાં આ. ચંદ્રપ્રભ–આ. જિનેશ્વર અને તેમના આ. રત્નપ્રભ થયા છે.[૪૮]

---

૪૪ જૈસાસંઈ. પૃ. ૩૯૭.
૪૫ જૈપઈ. ભા. ૨, પૃ. ૨૨૩.
૪૬ જૈસાસંઈ. પૃ. ૩૯૬.
૪૭ જૈપઈ. ભા. ૧, પૃ. ૫૧૨.
૪૮ જૈપઈ. ભા. ૧, પૃ. ૫૧૨.

(૧૫) **નડિયાઉદ્ર ગામે શ્રીગોવિંદસૂરિ :** નડિયાઉદ્ર એટલે આજનું નડિયાદ. શ્રીગોવિંદસૂરિનો સ્પષ્ટ પરિચય પ્રાપ્ત થયો નથી. છતાં આ. દેવનાગના શિષ્ય ગોવિંદાચાર્યે રચેલી કર્મસ્તવ-વૃત્તિની પ્રતિ સં. ૧૨૮૮માં લખાઈ છે ખરી.[૪૯] તે ગોવિંદાચાર્ય જ આ હોય તો બનવા જોગ છે.

(૧૬-૧૭) **ધવલક્કકમધ્યે શ્રીધર્મઘોષસૂરિ-શ્રીધનેશ્વરસૂરિ શિષ્ય શ્રીપદ્મચંદ્રસૂરિ :** આ ત્રણે સૂરિઓ અંગે સ્પષ્ટ સંદર્ભ મળી શક્યો નથી. આ અરસામાં ધર્મઘોષસૂરિ તથા ધનેશ્વરસૂરિ અનેક થયા જણાય છે, તેમાંના કયા ધનેશ્વરસૂરિના શિષ્ય પદ્મચંદ્રસૂરિ હતા તે જાણી શકાતું નથી. ગચ્છનામ નહિ હોવાને લીધે ચોકસાઈ કરવામાં સારી એવી મુસીબત વરતાય છે.

(૧૮) **શ્રીધર્મસૂરિ શિષ્ય શ્રીધનેશ્વરસૂરિ :** ઉપરની જેમ જ આ સૂરિ પરત્વે પણ સ્પષ્ટ નિર્દેશ મળ્યો નથી.

(૧૯-૨૦) **શ્રીમુનિરત્નસૂરિ શિષ્ય શ્રીકનકસૂરિ, શ્રીપુરુષોત્તમસૂરિ :** આ બે વિશે પણ કોઈ સંદર્ભ પ્રાપ્ત નથી. વસ્તુતઃ કનકસૂરિ અને પુરુષોત્તમસૂરિ એ નામો જ કોઈ આધારભૂત ઇતિહાસ-સાધનમાં જોવા મળ્યાં નથી.

(૨૧) **આશાપલ્લીમાં શ્રીમલયસૂરિસંતાને શ્રીતિલકપ્રભસૂરિ :** ઝાડોલી ગામમાં મહાવીરદેવની પૂજા માટે રાણી શૃંગારદેવીએ ભેટ આપેલી વાડી અંગેની પ્રશસ્તિ સં. ૧૨૫૫માં આ. તિલકપ્રભે રચી છે,[૫૦] તે આ હશે ?

(૨૨-૨૩) **વામનસ્થલીમાં શ્રીનેમિસૂરિ તથા માણદેવસૂરિ :** ઐતિહાસિક સાધનોમાં નેમિસૂરિ નામ જ જોવા નથી મળતું. અને આબૂના એક સંવત વિનાના-સંભવતઃ ૧૪મા સૈકાના આરંભના-લેખમાં[૫૧] "શ્રીમાણિક્યસૂરિભટ્ટ શ્રીમાણદેવસૂરિભિઃ" એવો ઉલ્લેખ મળે છે તે; અથવા તો આ. નન્નસૂરિની પરંપરમાં નવમા પુરુષ આ. માનદેવ થયા છે, તેમના પ્રશિષ્ય આ. દેવપ્રભના ઉપદેશથી સં. ૧૩૦૮માં ઉત્તરાધ્યયન-વૃત્તિ લખાઈ હતી,[૫૨] તે માનદેવસૂરિ કદાચ સંભવે. ચોક્કસ નિર્ણય થઈ શકે તેમ નથી.

(૨૪) **શ્રીદેવપત્તને શ્રીધર્મચંદ્રસૂરિ :** આબૂ પરના એક પ્રતિમાલેખમાં[૫૩] "પ્ર. શ્રીધર્મચંદ્રસૂરિઃ" એવો ઉલ્લેખ છે. એ સંવત વિનાનો છે, છતાં અહીં અપેક્ષિત સમય-૧૨૯૮-ની નજીકના સમયગાળાનો તે હોવાનું અનુમાન થાય તેમ છે.

---

૪૯ જૈગ્રં. પૃ. ૧૧૬; જૈસાસંઈ. પૃ. ૩૬૦.
૫૦ પ્રાજૈલેસં. લેખાંક ૪૩૦, પૃ. ૨૬૨-૬૩.
૫૧ પ્રાજૈલેસં. લેખાંક ૧૧૭, પૃ. ૧૦૬.
૫૨ જૈપુપ્રસં. પ્ર. નં. ૨૮, પૃ. ૩૧-૩૨.
૫૩ પ્રાજૈલેસં. લેખાંક ૧૧૮, પૃ. ૧૦૬.

(૨૫) ધંધુક્કે શ્રીચંદ્રપ્રભસૂરિ : પંચતંત્રના ઉદ્ધારક આ. પૂર્ણભદ્રની પાટે આ. ચંદ્રપ્રભ થયા હતા,[૫૪] તે આ હોઈ શકે.

(૨૬) શ્રીવર્ધમાને (વઢવાણમાં) શ્રીજયસિંહસૂરિ : આ આચાર્ય અંગે કોઈ સ્પષ્ટતા ઉપલબ્ધ થતી નથી.

(૨૭) શ્રીહરિભદ્રસૂરિની માંડલીમાં અર્થાત્ હરિભદ્રસૂરિના મંડળમાં (શિષ્ય) શ્રીબાલચંદ્રસૂરિ : આ આ. બાલચન્દ્રે સં. ૧૨૯૮માં મંત્રીશ્વર વસ્તુપાળના જીવન વિશે "**વસન્તવિલાસ**" નામે મહાકાવ્યની રચના કરી છે. તેઓ રાજગચ્છના હતા.[૫૫]

(૨૮) શ્રીયશોભદ્રસૂરિ : ૧૩૧૨માં પાર્શ્વનાથકાવ્ય, યતિદિનચર્યા વગેરે રચનાર આ. ભાવદેવસૂરિના ગુરુનું નામ આ. યશોભદ્ર હતું.[૫૬] વળી, ૧૩૧૫માં મધુમતી (મહુવા)માં ચંદ્રગચ્છના આ. યશોભદ્રે મહાવીરચૈત્યે પાર્શ્વનાથના બિંબની પ્રતિષ્ઠા કરાવ્યાનો[૫૭] તેમ જ સં. ૧૩૦૦માં ચંદ્રગચ્છના આ. હરિપ્રભ તથા આ. યશોભદ્રે મલ્લિનાથનું બિંબ પ્રતિષ્ઠિત કર્યાનો લેખ મળે છે.[૫૮] આ બે પૈકી એક યશોભદ્રસૂરિ અહીં લેવાના રહે છે.

આમ, તમામ-ત્રેપન-આચાર્યોનો ઐતિહાસિક સંદર્ભ તપાસી ગયા પછી સ્પષ્ટ થાય છે કે ઘણા આચાર્યોનાં નામો અથવા સંદર્ભો ઉપલબ્ધ સાધનોમાં નોંધાયાં નથી, જે કદાચ પહેલીવાર, આ રૂપમાં, અહીં મળી આવે છે. આ દૃષ્ટિએ તેમ જ, બીજી પણ કેટલીક અજ્ઞાત ઐતિહાસિક માહિતી પૂરી પાડનાર આ લેખ બને છે તે જોતાં, આ લેખનું દસ્તાવેજી મૂલ્ય ઓછું ન ગણાય.

આ લેખમાં જે નિર્ણય જાહેર થયો છે તે નિર્ણય સંઘની અમુક વ્યક્તિઓએ નથી લીધો, અને માત્ર પાટણસ્થિત આચાર્યાદિએ પણ આનો નિર્ણય નથી લીધો, પરંતુ પાટણમાં અને પાટણ સિવાયનાં સ્થાનોમાં તે સમયે કે તે વર્ષે વર્તતા, તમામ ગચ્છો, ઉપગચ્છો તથા ચૈત્યોના પ્રતિનિધિ આચાર્યોને ભેગા કરીને, તેમની સંમતિપૂર્વક આ નિર્ણય થયો છે; જૈન ઇતિહાસની દૃષ્ટિએ આ અતિમહત્ત્વની, વિરલ અને આદર્શરૂપ ઘટના ગણાય. પાટણ સિવાયનાં સ્થાનોમાં—૧. ભૃગુકચ્છ, ૨. ધવલક્કક, ૩. વટપદ્રક, ૪. કરહટ્ટિકા, ૫. સ્તંભતીર્થ, ૬. ભાલિજ, ૭. નડિયાઉદ્ર, ૮. આશાપલ્લી, ૯. વામનસ્થલી, ૧૦. દેવપત્તન, ૧૧. ધંધુક્કક, ૧૨. વર્ધમાન, આટલાંનો સમાવેશ થાય છે. અને આ ૫૩ આચાર્યો તમામ ગચ્છ અને કુલોનું પ્રતિનિધિત્વ કરતા આચાર્યો હતા એવું "**गच्छचतुष्टयप्रतिबद्धैः सर्वैरप्याचार्यैर्मिलित्वा**" એવું લેખગત વાક્ય વાંચતાં સમજી શકાય છે.

શ્રાવકોમાં પણ ખડાયતા, ભાંડશાલિક, લૂણિગ ગોત્રીય વગેરે વિભિન્ન જ્ઞાતિઓના તેમ જ ધવલક્કક, સ્તંભતીર્થ, આશાપલ્લી ઇત્યાદિ સ્થાનોના શ્રાવકોને પણ પ્રતિનિધિત્વ આપવામાં

---

૫૪ જૈપઈ. ભા. ૨, પૃ. ૨૬.
૫૫ જૈપઈ. ભા. ૨, પૃ. ૩૨ તથા ૭૫૯; જૈસાસંઈ. ૩૮૪.
૫૬ જૈપઈ. ભા. ૧, પૃ. ૫૫૮.
૫૭-૫૮ પ્રાજૈલેસં. લેખાંક ૫૪૫-૫૪૬, પૃ. ૩૨૯.

આવ્યું છે તે શ્રાવકોનાં નામો જોતાં સમજાય છે. ટૂંકમાં, સાધુ તથા શ્રાવક એ બન્ને સંઘના મોવડીઓએ સાથે મળીને વિચારણાપૂર્વક સર્વસંમતિથી લીધેલો આ સહિયારો નિર્ણય છે. વળી, આ નિર્ણય ગૂજરાત–રાજ્યના શાસનક્ષેત્રમાં વર્તતા સાધુસમુદાયને જ મુખ્યત્વે બંધનકર્તા બને છે. આ સંમેલન બોલાવવામાં તથા આવો નિર્ણય લેવરાવી, તેને ઠરાવનું રૂપ આપી, તેનો અમલ કરાવવામાં તેમ જ તેની પ્રસિદ્ધિ થાય તેમાં, મંત્રી તેજપાલે વિશેષ રસ લીધો હશે તેમ જ ચાવીરૂપ ભૂમિકા ભજવી હશે તેવું, નિર્ણયના છેવાડે મૂકેલા પદ્ય ઉપરથી તારવી શકાય.

તે વખતે પાટણપતિ સોલંકી ત્રિભુવનપાલદેવ હતો અને તેનો અમાત્ય શ્રીતાત (?) નામનો હશે તે આ લેખની શરૂઆત જોવાથી જણાય છે. આનો અર્થ સ્પષ્ટ છે કે તે વખતે તેજપાલ મંત્રી રાજકારભારમાંથી નિવૃત્ત હતા અને અન્ય મંત્રી વહીવટ સંભાળતા હતા.

શ્રાવકોમાં 'દેશમુખ્ય શ્રે. સહદેવ' એવું નામ છે. 'દેશમુખ્ય' એ 'નગરશ્રેષ્ઠિ' પ્રકારની કોઈ પદવી કે બિરુદ હોવું જોઈએ. આગેવાન વ્યક્તિને 'દેશમુખ્ય–દેશનો મુખ્ય' એવા બિરુદથી નવાજવામાં આવતો હોય તો ના નહિ. મહારાષ્ટ્રમાં તો આજે પણ 'દેશમુખ' અટક પ્રચલિત છે. પણ તે મૂળે રાજકારભારમાં મહત્ત્વનો ભાગ ભજવીને કોઈએ મેળવેલ 'દેશમુખ્ય' એવા બિરુદનું જ રૂઢ–ભ્રષ્ટ સ્વરૂપ હોવું જોઈએ.

ચૈત્યવાસી આચાર્યોમાં ક્રમાંક ૮ તથા ૧૭ના નામ સાથે ક્રમશ: લોલાઉત્રાચૈત્ય તથા લખણારાચૈત્ય એવાં નામો છે તેમાં 'લોલાઉત્રા' તથા 'લખણારા' એ બે શબ્દો કોઈ ગોત્રવાચક હોવાનું અનુમાન થાય છે.

ક્રમાંક ૨૪મા આ. મલ્લવાદીસૂરિ સાથે 'સ્તંભનક શ્રીપાર્શ્વનાથચૈત્યે' એમ લખ્યું છે, પણ 'સ્તંભતીર્થે શ્રીપાર્શ્વનાથચૈત્યે' એમ નથી લખ્યું; તેથી તે 'સ્તંભનક' શબ્દથી 'થામણા' (ઉમરેઠ પાસેનું) ગામ લેવું જોઈએ એમ લાગે છે. 'થામણા' એ 'સ્તંભનક'નો જ અપભ્રંશ છે, અને સ્તંભન પાર્શ્વનાથની પ્રતિમા મૂળે 'થામણા'માં જ હતી તે તો ઇતિહાસ પ્રસિદ્ધ છે. "જૈન પરંપરાનો ઇતિહાસ–ભાગ ૧, પૃ. ૩૮૦"માં શ્રીત્રિપુટી મુનિરાજે નોંધ્યું છે કે "વિક્રમની ૧૩મી સદી લગભગ ત્રીજા મલ્લવાદીસૂરિ થયા. થામણા તીર્થ તેમને આધીન હશે. મંત્રી વસ્તુપાલે પણ તેમના ગ્રંથની પ્રશંસા કરી છે".

જો કે એ જ ગ્રંથના બીજા ભાગમાં (પૃ. ૭૫૧) તેમણે, આ. મલ્લવાદીને "ખંભાતના ચૈત્યવાસી આચાર્ય" તરીકે ઓળખાવ્યા છે. વસ્તુતઃ પહેલી નોંધ વધુ સાચી હોવાનું પ્રતીત થાય છે; અને 'સ્તંભનક' શબ્દ તેમાં પુષ્ટિ આપનારો છે.

પ્રસ્તુત શિલાલેખમાં, જ્યાં શ્રાવક વર્ગનાં નામો છે ત્યાં, 'પુત્ર'ને ઠેકાણે 'ઉત્ર' શબ્દ વપરાયો છે. દા. ત. "શ્રે. છાડાઉત્ર ઠ. વીહૂ", "શ્રે. રામદેવઉત્ર શ્રે. મયધર", "વયરસીહઉત્ર શ્રે. જયતા" ઇત્યાદિ. આ તે સમયે બોલાતી–વ્યવહારમાં પ્રયોજાતી ગુજરાતી બોલીનો એક ચમકારો–ખ્યાલ આપી જનારી બાબત છે. ચારણો પોતાના કવિતોમાં 'પુત્ર' માટે 'ઉત્ત' કે 'ઊત' શબ્દ પ્રયોજે છે, તેનું મૂળ એટલે કે 'પુત્ર' અને 'ઊત' એ બે

વચ્ચેનું રૂપ તેરમા સૈકામાં 'उत्र' હતું, તેનો આ શિલાલેખો પુરાવો છે. આ લેખ જો કે આપણી સમક્ષ તો હસ્તપ્રતના રૂપમાં જ મોજૂદ છે, પરંતુ એના લેખકે તો મૂળ શિલાલેખની માત્ર નકલ જ ઉતારી છે, એટલે તેમાં શાબ્દિક ફેરફાર પણ તેમણે કર્યો હોય એમ વિચારવું તે તેમને અન્યાય કરવા જેવું છે. આથી, પ્રતિલેખકના સમયની લોકભાષાની અસરની નીપજરૂપે 'उत्र' શબ્દ હોવાનું મનાય નહિ.

પ્રાંતે, આ શિલાલેખ મધ્યકાલના જૈન ઇતિહાસ માટે અનેક દૃષ્ટિએ દસ્તાવેજી મહત્ત્વ ધરાવે તેવો છે, અને અનેક નવી બાબતો પરત્વે તે નવો જ પ્રકાશ પાડે છે.

પુરવણી

આ લેખ પૂરો તૈયાર થયા પછી મળેલી વીગત :

(૧) ચૈત્યવાસી આચાર્યોમાં ક્રમાંક ૩ વાળા આ. જીવદેવસૂરિ તે વાયડગચ્છના હતા અને તેમણે સં. ૧૨૯૮માં શ્રીમહાવીરસ્વામીની પ્રતિષ્ઠા કરી છે.

(૨) ક્રમાંક ૨૧ વાળા આ. શ્રીદેવસૂરિ અંગે તે કયા ગચ્છના હતા તેનો નિર્દેશ નથી, પરંતુ મલ્યેાધરગચ્છમાં એક આ. દેવસૂરિ થયા છે અને તેમના શિષ્ય શ્રીહરિભદ્રસૂરિએ સં. ૧૨૯૬માં નેમનાથ-બિંબની પ્રતિષ્ઠા કરી છે.

આ બન્ને વીગતો "મહાવીર જૈનવિદ્યાલય"ના સુવર્ણ મહોત્સવ ગ્રંથમાં, "ઘોઘાના અપ્રકટ જૈન પ્રતિમાલેખો" નામના, શ્રી કાંતિલાલ સોમપુરા તથા શ્રી નવનીતલાલ આચાર્યના લેખમાંથી પ્રાપ્ત થઈ છે.

(૩) ક્રમાંક ૬ વાળા તથા ૧૯ અને ૨૦ વાળા આચાર્યોનાં નામો સાથે ક્રમશ: મલિહરાચૈત્ય, નાણાવાલ તથા કોરંટાવાલ એવા શબ્દો છે તે, જ્ઞાતિઓના સૂચક છે. અર્થાત્, મલિહરા-મલહરા અને નાણાવાલ તેમ જ કોરંટાવાલ-એ જ્ઞાતિવાચક નામો છે.

આ વીગત "श्री भंवरलाल नाहटा अभिनन्दन ग्रंथ"માંના, શ્રીયુત ભંવરલાલ નાહટાના "चोरासी संख्यात्मक बातें" એ લેખમાંથી મળી છે. (ગ્રંથપ્રકાશક : શ્રી ભંવરલાલ નાહટા અભિનન્દન સમારોહ સમિતિ, ૮૬ ક્રેનિંગ સ્ટ્રીટ, કલકત્તા છે.)

શિલાલેખનો પાઠ

॥ ॐ नमः ॥ संवत् १२९८ वर्षे फाल्गुन वदि १४ रवौ । अद्येह श्रीमदणहिल्लपाटके । समस्तराजावलीसमलङ्कृतमहाराजाधिराज श्रीतिहुअणपालदेव कल्याणविजयराज्ये । तन्नियुक्तमहामात्यदंड० श्रीताते । श्री श्रीकरणादिमुद्राव्यापारान् परिपन्थयति सति । तत्प्रसादात् गूर्जरधराभारधौरेयचौलुक्यवंशोद्भवमहामण्डलेश्वराधिपति राण० श्रीलूणपसाजदेव तथा सुत महाराणक श्रीवीरमदेव तथा द्वितीय ज्येष्ठ सुत महाराण० श्रीवीरधवल देवायु (द्य ?) सुत महामण्डलेश्वर राणक श्रीवीसलदेवैः । पंचालदेश खेटकाधारदेश वालाकदेश सुराष्टदेश घंघुक्ककदेश धवलक्ककदेश लाटदेश प्रभृतिदेशेषु पत्तलया भुज्यमानेषु । श्रीमदणहिल्लपत्तनमध्ये ।

श्रीसाँपावहीचैत्ये थारापद्रगच्छीय आचार्य श्रीसर्व्वदेवसूरि तथा द्वितीय श्रीपूर्णभद्रसूरि । श्रीअरिष्टनेमिचैत्ये ब्रह्माणगच्छीय श्रीशीलगुणसूरि । वावडवसहीचैत्ये श्रीजीवदेवसूरि । पंचासरा-चैत्ये श्रीदेवचंद्रसूरि । जालिहराचैत्ये श्रीविमलचन्द्रसूरि । द्यूतवसहिकाचैत्ये । श्रीआमदेवसूरि । लोलाउत्राचैत्ये श्रीनागेन्द्रसूरि । संडेराचैत्ये श्रीशान्तिसूरि । तथा भृगुकच्छे श्रीशकुनिकाविहारचैत्ये श्रीजयसिंहसूरि । ओसवालाचैत्ये श्रीदेवगुप्तसूरि तथा द्वितीय श्रीसिद्धसूरि । भावडाराचैत्ये श्रीजिणदेवसूरि । मोढवसहीचैत्ये श्रीचक्रेश्वरसूरि । भरुअच्छचैत्ये श्रीआणंदसूरि । खडायथाचैत्ये श्रीजिनेश्वरसूरि । लखणाराचैत्ये श्रीदेवचन्द्रसूरि । हयउराचैत्ये श्रीपजूनसूरि । जालउराचैत्ये नाणावाल श्रीसिद्धसूरि । वडाउलाचैत्ये कोरंटावाल श्रीकक्कसूरि । तथा आशापल्ल्यां श्रीउदयनविहारचैत्ये श्रीदेवसूरि । तथा श्रीआमदेवसूरि । धवलक्कके जालउराचैत्ये हारीजा श्रीसिंहदत्तसूरि । स्तम्भनक श्रीपार्श्वनाथचैत्ये श्रीमल्लवादिसूरि । श्रीवटपद्रके कउडिवसहीचैत्ये श्रीगुणसेनसूरि । एवमेतैश्चैत्यवासिभिराचार्यैः ॥

तथा वसतिवासि आचार्य श्रीहरिभद्रसूरिशिष्य श्रीविजयसेनसूरि । मलधारि श्रीनरचन्द्रसूरि शिष्य श्रीमाणिक्यचन्द्रसूरि । राजगुरु श्रीहेमचन्द्रसूरिसन्ताने श्रीमेरुप्रभसूरि । वादि श्रीदेवसूरिगच्छे श्रीदेवेन्द्रसूरि शिष्य श्रीहेमप्रभसूरि तथा श्रीअभयदेवसूरि शिष्य श्रीमदनचन्द्रसूरि । श्रीदेवभद्रसूरि-सन्ताने श्रीअमरचन्द्रसूरि । काठवीठीय श्रीविजयसिंहसूरि शिष्य श्रीवर्द्धमानसूरि । श्रीधर्म्मघोषसूरि-सन्ताने श्रीआणंदसूरि । श्रीनेमिचन्द्रसूरिशिष्य श्रीमाणिक्यसूरि । चैत्रावाल श्रीशान्तिसूरिसन्ताने श्रीयशोदेवसूरि । नवाङ्गवृत्तिकार श्रीअभयदेवसूरिसन्ताने छत्राडला श्रीदेवप्रभसूरिशिष्य श्रीपद्मप्रभ-सूरि । करहट्टिकामध्ये श्रीधर्म्मघोषसूरि शिष्य श्रीचन्द्रप्रभसूरि । तथा श्रीस्तम्भतीर्थे श्रीमुनिचन्द्रसूरि शिष्य श्रीमुनिरत्नसूरि । तथा भालिजेत्य श्रीजिनेश्वरसूरिशिष्य श्रीरत्नप्रभसूरि । नडियाउद्र ग्रामे श्रीगोविन्दसूरि । धवलक्कमध्ये श्रीधर्म्मघोषसूरि । श्रीधनेश्वरसूरिशिष्य श्रीपद्मचन्द्रसूरि । श्रीधर्मसूरि-शिष्य श्रीधनेश्वरसूरि । श्रीमुनिरत्नसूरिशिष्य श्रीकनकसूरि । श्रीपुरुषोत्तमसूरि । आशापल्ल्यां श्रीमलयसूरिसन्ताने श्रीतिलकप्रभसूरि । श्रीवामनस्थल्यां श्रीनेमिसूरि तथा श्रीमाणदेवसूरि । श्रीदेव-पत्तने श्रीधर्मचन्द्रसूरि । धंधुक्कके श्रीचन्द्रप्रभसूरि । श्रीवर्द्धमाने श्रीजयसिंहसूरि । श्रीहरिभद्रसूरि-मंडल्यां श्रीबालचन्द्रसूरि । तथा यशोभद्रसूरि प्रभृतिवसतिवासिभिराचार्यैः । एवं नागेन्द्र-चन्द्र-निर्वृति-विद्याधराभिधानगच्छचतुष्टयप्रतिबद्धैः सर्व्वैरप्याचार्यैर्मिलित्वा समवायेन ॥

श्रीपत्तनवास्तव्य महं श्रीरत्नपाल सुत ठ० श्रीलाषणपालण । महं श्रीधणपाल सुत महं गुणपाल । ठ० श्रीआसराज सुत महं श्रीवस्तुपालानुज महं० तेजपाल । श्रीवस्तुपाल सुत महं श्रीजयतसीह । श्रेष्ठि सोमेश्वरदेवसुत ठ० श्रीआसपालदेव सा ठ० श्रीश्रीचन्द्र सुत ठ० श्रीराजसीह । खडायथा ज्ञातीय ठ० श्रीआल्हण सत्क प्रपौत्र ठ० श्रीसामंतसीह । श्रे० वर्द्धमान सुत श्रे० वीरपाल । देशमुख्य श्रे० सहदेव सुत साहु जिणचन्द्र । भांडशालिक आसा सुत भां० आभड । धवलक्ककेत्य श्रे० भोजा सुत श्रे० खेतल । श्रे० महिपाल सुत श्रे० रत्न, श्रे० वीजा सुत श्रे० वीकल श्रे० लूणिगगोत्र श्रे० पद्मचन्द्र । आशापल्ल्यां श्रे० छाडाउत्र ठ० वीहू सुत भीम श्रे० राजसीह सुत श्रे० महंमदन । स्तंभतीर्थीय श्रे० रामदेवउत्र श्रे० मयधर श्रे० वयरसीह उत्र श्रे० जयता श्रे० धीरण सुत सामंत भां० बाहडपुत्र पाता सुत भां० आसपाल भां० जसवीर

सुत भां० सोभित भां० धीर प्रभृतिसनामसमस्तश्रावकाणां तथा साधुसाध्वीश्रावक श्राविकालक्षण चतुर्व्विध श्री संघस्य च समक्षं जैनदर्शनाचारस्य औचित्येन विचारं विधाय कृत (तो ?) निर्ण्णयो यथा–यत् गूर्ज्जरधरायां सुराष्ट्रा–कच्छ–मरुमंडल–लाट देशादिदेशेषु च राजभुक्तौ वृद्धसामन्तानां लघुसामन्तानां च भुक्तौ वर्त्तमान श्रीपत्तनपुरनगराधिष्ठानवेलाकूलग्रामाकरेषु । श्रीशत्रुञ्जय-रैवतकार्बुदादिगिरिशिखरेषु च संतिष्ठमानार्हच्चैत्येषु पूर्वक्रमेण चैत्यवासिनो वसतिवासिनश्च आचार्योपाध्यायपण्डितादयो ये वर्तन्ते । तेषां मध्यात् ये केचिन्निजदुःकर्म्मदोषेण ब्रह्मचर्यव्रतं विलुप्य कयापि रीत्या पुत्रपुत्रिकादीन्यपत्यानि जनयन्ति । तेषां जातापत्यानां तज्जनकैराचार्यपण्डि-तादिभिश्चैत्यवासिभिश्च अतीत सं० ९४ वर्षपूर्व्वे आचार्यपदस्थापना न कार्या न कारयितव्या च । अन्यत् उपरि आलापितसंवत्सरदिवसादारभ्य सर्व्वकालं स्वयं परेण वा कृत्वा तेषां विक्लवजातापत्यानां कदापि दीक्षा न दातव्या न दापनीया च । आचार्यपदस्थापना न कार्या न कारयितव्या च । अन्यत् तैर्जातापत्यैः स्वयमेय जैनयतिवेषो न धारणीयः । एतां चैत्यवासिभिर्व-सतिवासिभिश्च गच्छाचार्यैर्जिनशासनस्य औचित्येन विहितव्यवस्थां यः कोऽपि अतिक्रामति स व्यवस्थालोपकारी भणित्वा संघबाह्योऽपांक्तेयश्च सन् सर्व्वैरप्याचार्यैः श्रावकैश्च सर्व्वथा वर्ज्जनीयः स्थानकान्निर्वासनीयश्च । अन्यत् यो यत्र पत्तननगरग्रामादिस्थाने एतां विहितव्यवस्थां लुम्पति । तस्य स्थानस्य प्रति स्थित आचार्यादिना श्रावकैश्च तस्य व्यवस्थालोपकारिणोऽन्यायिनः सपरिभवं स्थानकान्निर्वास्यमानस्य कापि अश्लाघात्पतिकार (? द्योत्पत्तिकारण) शङ्का स्वमनसि न कार्या । अन्यायिनां निष्काशयतां तेषां कोऽपि दोषो जनापवादश्च नहि । अयमर्थश्चतुर्व्विधश्रीसंघेन मिलित्वा सर्व्वेषां संमतेन सम्यग् निर्णीतः । एवं संघेन विहितव्यवस्थालोपकारी भणित्वा स्थानकान्नि-र्वास्यमानः सन् यः कोऽपि कायव्रतादिकां (कार्यं व्रतादिकं ?) करोति स श्वानगर्दभचाण्डालो भूत्वा म्रियते । इमां व्यवस्थां अनुपालयद्भिः सर्व्वैरपि जिनमतानुसारिभिस्तथा प्रयतितव्यं यथा श्रीसर्व्वज्ञशासनस्य महतो तेजोवृद्धि सुतरां सम्पद्यते ॥

" श्रीवस्तुपालानुजतेजपाल–मन्त्रीश्वरः शासनपट्टिकायाम् ।
इमां कृती संघकृतव्यवस्थामलेखयल्लेखगुरुप्रवीणः ॥ १ ॥"

प्राग्वाटज्ञातीय महं ठ० जयता सुत ठ० मदनेन प्रशस्तिपट्टिका लिखिता । सूत्रधार सहदेव उत्र सूत्र० वल्हा सुत सूत्र० साल्हणेन प्रशस्तिरियमुत्कीर्णा ॥ मंगलं महाश्रीः देहि विद्यां ॥

इयं चतुर्विधदर्शनकृता व्यवस्था श्रीशत्रुञ्जयमहातीर्थे द्वात्रिंशतिलेप्यजिनानां प्रथमप्रवेशे लिखितास्ति । तत आनीयात्र लिलिखे व्यवहार ज्ञानार्थमिति ॥

અનુવાદ

વિ. સં. ૧૨૯૮ વર્ષે ફાગણ વદિ ૧૪ રવિવારે, શ્રીઅણહિલ્લપાટકને વિષે, સધળા રાજાઓ વડે સમલંકૃત, મહારાજાધિરાજ શ્રીતિહુઅણપાલદેવના કલ્યાણવિજયી રાજ્યમાં, તેમના દ્વારા નીમાયેલ મહામાત્ય દંડ (દંડનાયક ?) શ્રીતાત જ્યારે શ્રીકરણાદિમુદ્રાવ્યાપારો ઉપર અંકુશ ધરાવે છે ત્યારે, તે (રાજા)ના પ્રસાદથી ગૂર્જર ભૂમિના ભારને વહનાર, ચૌલુક્ય-વંશીય, મહામંડલેશ્વરોના અધિપતિ રાણા શ્રીલૂણપ્રસાદદેવ, તથા પુત્ર મહારાણા શ્રીવીરમદેવ

તથા બીજા જ્યેષ્ઠ પુત્ર મહારાણા શ્રીવીરધવલદેવના પુત્ર મહામંડલેશ્વર રાણા શ્રીવીસલદેવ દ્વારા પંચાલ દેશ, ખેટકાધાર દેશ, વાલાક દેશ, સૌરાષ્ટ્ર દેશ, ધંધુષ્કક (ધંધુકા) દેશ, ધવલષ્કક (ધોલકા) દેશ, લાટ દેશ વગેરે દેશોનો રાજદેય (કર) લેવા રૂપે ઉપભોગ થઈ રહ્યો છે તેવે સમયે; શ્રીઅણહિલ્લપત્તનમધ્યે.

(૧) શ્રીસાંપાવસહીચૈત્યે થારાપદ્રગચ્છના આચાર્ય શ્રીસર્વદેવસૂરિ તથા (૨) બીજા શ્રીપૂર્ણભદ્રસૂરિ, (૩) શ્રીઅરિષ્ટનેમિના ચૈત્યમાં બ્રહ્માણગચ્છના શ્રીશીલગુણસૂરિ, (૪) વાયડવસહીચૈત્યમાં શ્રીજીવદેવસૂરિ, (૫) પંચાસરાચૈત્યમાં શ્રીદેવચંદ્રસૂરિ, (૬) જાલિહરાચૈત્યમાં શ્રીવિમલચંદ્રસૂરિ, (૭) ધૂતવસહિકાચૈત્યમાં શ્રીઆમદેવસૂરિ, (૮) લોલાઉત્રાચૈત્યમાં શ્રીનાગેંદ્રસૂરિ, (૯) સંડેરાચૈત્યમાં શ્રીશાંતિસૂરિ, (૧૦) તથા ભૃગુકચ્છમાં શ્રીશકુનિકાવિહારચૈત્યમાં શ્રીજયસિંહસૂરિ, (૧૧) ઓસવાલાચૈત્યમાં શ્રીદેવગુપ્તસૂરિ તથા, (૧૨) શ્રીસિદ્ધસૂરિ–બીજા, (૧૩) ભાવડારાચૈત્યમાં શ્રીજિણદેવસૂરિ, (૧૪) મોઢવસહીચૈત્યમાં શ્રીચક્રેશ્વરસૂરિ, (૧૫) ભરૂઅચ્છાચૈત્યમાં શ્રીઆણંદસૂરિ, (૧૬) ખડાયથાચૈત્યમાં શ્રીજિનેશ્વરસૂરિ, (૧૭) લખણારાચૈત્યમાં શ્રીદેવચંદ્રસૂરિ, (૧૮) હયઉરાચૈત્યમાં શ્રીપજ્જૂન (પ્રદ્યુમ્ન)સૂરિ, (૧૯) જાલઉરાચૈત્યમાં નાણાવાલ શ્રીસિદ્ધસૂરિ, (૨૦) વડાઉલાચૈત્યમાં કોરંટાવાલ શ્રીકક્કસૂરિ, (૨૧) તથા આશાપલ્લીમાં શ્રીઉદયનવિહારચૈત્યમાં શ્રીદેવસૂરિ તથા, (૨૨) શ્રીઆમદેવસૂરિ, (૨૩) ધવલષ્કકમાં જાલઉરાચૈત્યમાં હારીજા (હારીજગચ્છના) શ્રીસિંહદત્તસૂરિ, (૨૪) સ્તંભનક(ના) શ્રીપાર્શ્વનાથચૈત્યમાં શ્રીમલ્લવાદિસૂરિ, (૨૫) શ્રીવટપદ્ર (વડોદરા)માં કઉડિવસહીચૈત્યમાં શ્રીગુણસેનસૂરિ;–આમ, આ બધા ચૈત્યવાસી આચાર્યો; અને વસતિવાસી— (૧) આચાર્ય શ્રીહરિભદ્રસૂરિ શિષ્ય શ્રીવિજયસેનસૂરિ, (૨) મલધારી શ્રીનરચંદ્રસૂરિ શિષ્ય શ્રીમાણિક્યચંદ્રસૂરિ, (૩) રાજગુરુ શ્રીહેમચંદ્રસૂરિ (હેમચન્દ્રાચાર્ય)ની પરંપરામાં શ્રીમેરુપ્રભસૂરિ, (૪) વાદી શ્રીદેવસૂરિગચ્છમાં શ્રીદેવન્દ્રસૂરિ શિષ્ય શ્રીહેમપ્રભસૂરિ, તથા (૫) શ્રીઅભયદેવસૂરિશિષ્ય શ્રીમદનચંદ્રસૂરિ, (૬) શ્રીદેવભદ્રસૂરિની પરંપરામાં શ્રીઅમરચંદ્રસૂરિ, (૭) કાઠવીઠીય (? કાવીઠીય ?) શ્રી વિજયસિંહસૂરિશિષ્ય શ્રીવર્ધમાનસૂરિ, (૮) શ્રીધર્મઘોષસૂરિની પરંપરામાં શ્રી આણંદસૂરિ, (૯) શ્રીનેમિચંદ્રસૂરિ શિષ્ય શ્રીમાણિક્યસૂરિ, (૧૦) ચૈત્રાવાલ શ્રીશાંતિસૂરિની પરંપરામાં શ્રીયશોદેવસૂરિ, (૧૧) નવાંગીવૃત્તિકાર શ્રીઅભયદેવસૂરિની પરંપરામાં છત્રાઉલા શ્રીદેવપ્રભસૂરિ શિષ્ય શ્રીપદ્મપ્રભસૂરિ, (૧૨) કરહટ્ટિકા મધ્યે શ્રીધર્મઘોષસૂરિ શિષ્ય શ્રીચંદ્રપ્રભસૂરિ, (૧૩) તથા શ્રીસ્તંભતીર્થમાં શ્રીમુનિચંદ્રસૂરિ શિષ્ય શ્રીમુનિરત્નસૂરિ, (૧૪) તથા ભાલિજમાં શ્રીજિનેશ્વરસૂરિ શિષ્ય શ્રીરત્નપ્રભસૂરિ, (૧૫) નડિયાદ્ર (નડિયાદ) ગામે શ્રી ગોવિંદસૂરિ, (૧૬) ધવલષ્કક મધ્યે શ્રીધર્મઘોષસૂરિ, (૧૭) શ્રીધનેશ્વરસૂરિ શિષ્ય શ્રીપદ્મચંદ્રસૂરિ, (૧૮) શ્રીધર્મસૂરિ શિષ્ય શ્રીધનેશ્વરસૂરિ, (૧૯) શ્રીમુનિરત્નસૂરિ શિષ્ય શ્રીકનકસૂરિ, (૨૦) શ્રીપુરુષોત્તમસૂરિ, (૨૧) આશાપલ્લીમાં શ્રીમલયસૂરિની પરંપરામાં શ્રીતિલકપ્રભસૂરિ, (૨૨) શ્રીવામનસ્થલી (વંથળી)માં શ્રીનેમિસૂરિ તથા, (૨૩) શ્રીમાણદેવસૂરિ, (૨૪) શ્રીદેવપત્તને શ્રીધર્મચંદ્રસૂરિ, (૨૫) ધંધુષ્કકે શ્રીચંદ્રપ્રભસૂરિ, (૨૬) શ્રીવર્ધમાન (વઢવાણ)માં શ્રીજયસિંહસૂરિ, (૨૭) શ્રીહરિભદ્રસૂરિની મંડળીમાં શ્રીબાલચંદ્રસૂરિ તથા, (૨૮) શ્રીયશોભદ્રસૂરિ વગેરે વસતિવાસી આચાર્યો;

આમ નાગેન્દ્રકુલ, ચન્દ્રકુલ, નિર્વૃતિકુલ અને વિદ્યાધરકુલ એ નામના ચારે ગચ્છોના બધા આચાર્યોએ મળીને, સામૂહિક રીતે;

શ્રીપત્તન (પાટણ) નિવાસી મહં શ્રીરત્નપાલના પુત્ર ઠ. શ્રીલાખણુપાલણ (લાખણુપાલ ?), મહં શ્રીધણુપાલના પુત્ર મહં ગુણુપાલ, ઠ. શ્રીઆસરાજના પુત્ર મહં શ્રીવસ્તુપાલના લઘુ બંધુ મહં તેજપાલ, શ્રીવસ્તુપાલના પુત્ર મહં જયતસીહ, શ્રેષ્ઠી સોમેશ્વરદેવના પુત્ર ઠ. શ્રી આસપાલદેવ, ઠ. શ્રી શ્રીચંદ્રના પુત્ર ઠ. શ્રીરાજસીહ, ખડાયથા જ્ઞાતીય ઠ. શ્રીઆલ્હણના પ્રપૌત્ર ઠ. શ્રીસામંતસીહ, શ્રે. વર્ધમાનના પુત્ર શ્રે. વીરપાલ, દેશમુખ્ય શ્રે. સહદેવના પુત્ર સાહુ જિણચંદ્ર, ભાંડશાલિક (ભણશાળી) આસાના પુત્ર ભાં. આભડ, ધવલક્કકના શ્રે. ભોજના પુત્ર શ્રા. ખેતલ, શ્રે. મહિપાલના પુત્ર શ્રે. રત્ન, શ્રે. વીજના પુત્ર શ્રે. વીકલ, લૂણિગ ગોત્રના શ્રે. પદ્મચંદ્ર, આશાપલ્લીના શ્રે. છાડાના પુત્ર ઠ. વીહૂના પુત્ર ભીમ, શ્રે. રાજસીહના પુત્ર શ્રે. મહં. મદન, સ્તંભતીર્થના શ્રે. રામદેવના પુત્ર શ્રે. મયધર, શ્રે. વયરસીહના પુત્ર શ્રે. જયતા, શ્રે. ધીરણુના પુત્ર સામંત, ભાં. બાહડના પુત્ર પાતા ના પુત્ર ભાં. આસપાલ, ભાં. જસવીરના પુત્ર ભાં. શોભિત, ભાં. ધીર વગેરે તમામ શ્રાવકોની તથા સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચારે પ્રકારના શ્રીસંઘની સમક્ષ; જૈન દર્શનાચારનો ઔચિત્યપૂર્વક વિચાર કરીને કરેલો નિર્ણય આ પ્રમાણે છે જે.

"ગૂર્જરભૂમિમાં અને સુરાષ્ટ્ર, કચ્છમંડલ, લાટદેશ આદિ દેશોમાં, રાજશાસનમાં વર્તતાં તથા મોટા સામંતો અને નાના સામંતોના શાસનમાં વર્તતાં પત્તન, પુર, નગર, અધિષ્ઠાન, બંદર, ગ્રામ અને આકરોને વિષે તેમ જ શ્રીશત્રુંજય, રૈવતક, અર્બુદ (આબૂ) વગેરે ગિરિઓનાં શિખરો ઉપરનાં અર્હચ્ચૈત્યોમાં, પૂર્વે કરેલા ક્રમ પ્રમાણે ચૈત્યવાસી અને વસતિવાસી જે આચાર્ય, ઉપાધ્યાય તથા પંડિત વગેરે વિદ્યમાન છે તેઓનામાંથી, જે કોઈ પણ, પોતાના દુષ્કર્મના દોષવશ, બ્રહ્મચર્યવ્રતનો વિલોપ કરવા દ્વારા, કોઈ પણ પ્રકારે, પુત્રપુત્રી વગેરે સંતાનોને પેદા કરી રહ્યા છે તેમને, તેમના–ચૈત્યવાસી કે વસતિવાસી–આચાર્ય–પંડિત વગેરે રૂપ ગુરુઓએ (तज्जनकैः), વીતેલા વર્ષ સં. ૯૪ (૧૨૯૪)થી લઈને (હવે), આચાર્યપદે સ્થાપવા નહિ અને બીજાઓ પાસે (તે પદે તેમની) સ્થાપના કરાવવી પણ નહિ. બીજું, ઉપર જણાવેલા વર્ષના દિવસથી આરંભીને કાયમ માટે, પોતે કે બીજાઓ દ્વારા, તે સંતાન પેદા કરનારાઓને, કદી પણ, દીક્ષા આપવી નહિ અને અપાવવી નહિ; આચાર્યપદ સ્થાપના કરવી નહિ અને કરાવવી નહિ. વળી, તે સંતાનોના જન્મદાતાઓએ પોતાની મેળે પણ જૈન–મુનિવેષ પહેરવો નહિ.

આ, ચૈત્યવાસી અને વસતિવાસી ગચ્છાચાર્યોએ, જિનશાસનના ઔચિત્યને ખાતર (કે જિનશાસનને ઉચિત) કરેલી વ્યવસ્થાને જે કોઈ પણ તોડે તેને, 'તે વ્યવસ્થાનો લોપ કરનાર છે' એમ કહી, સંઘબહાર અને અપાંકતેય (પંક્તિબાહ્ય) ગણીને સર્વ આચાર્યો તથા શ્રાવકોએ તેને સર્વથા તજી દેવો અને સ્થાનકમાંથી કાઢી મૂકવો. બીજું, જે કોઈ, જે પાટણ, નગર કે ગામ વગેરે સ્થાનમાં આ કરેલી વ્યવસ્થાને લોપે, તે સ્થાને રહેલા આચાર્યાદિ તથા શ્રાવકો, તે વ્યવસ્થાનો લોપ કરનાર અન્યાયી વ્યક્તિનો પરાભવ કરવાપૂર્વક સ્થાનક થકી બહાર કાઢે ત્યારે, તેમણે, 'અશ્લાઘા (હીલના) થશે' એવી શંકા પોતાના મનમાં ન લાવવી. અન્યાયીઓને હાંકી કાઢે તેમાં તેમનો કોઈ દોષ નથી કે તેમને લોકાપવાદ પણ નથી."

આ ઠરાવ (अर्थः) ચતુર્વિધ સંઘે મળીને સૌની સંમતિપૂર્વક સમ્યગ્ રીતે નક્કી કરવામાં આવ્યો છે. (એટલે) આવી, સંઘ વડે થયેલ વ્યવસ્થાનો લોપ કરનાર હોવાનું કહીને સ્થાનક (ધર્મસ્થાન)માંથી કાઢી મૂકાતી જે કોઈ વ્યક્તિ વ્રતાદિ (દીક્ષાદિ) કાર્ય કરે તે, શ્વાન, ગર્દભ અને ચાંડાલ થઈને મરે (મરશે).

આ વ્યવસ્થાને સ્વીકારનારા સૌ જિનમતાનુયાયીઓએ તે રીતે પ્રયત્ન કરવો કે જેથી શ્રીજિનશાસનની મહાન તેજોવૃદ્ધિ સુપેરે સંપન્ન થાય.

(શ્લોક:) શ્રી વસ્તુપાલના નાના ભાઈ, બુદ્ધિમાન અને લેખમાં અત્યંત પ્રવીણ એવા તેજપાલ મંત્રીશ્વરે, શાસનપટ્ટિકા ઉપર (સંઘના શાસન રૂપ શિલાપટ્ટ ઉપર), આ સંઘે કરેલી વ્યવસ્થાને લખાવી. પોરવાડ જ્ઞાતીય જયતાના પુત્ર મદને આ પ્રશસ્તિની પટ્ટિકા (શિલા) લખી, અને સૂત્રધાર સહદેવના પુત્ર સૂત્રધાર વલ્હાના પુત્ર સૂત્રધાર સાલ્હણે આ પ્રશસ્તિ કોતરી.

(પ્રાંતે) **मंगलं महाश्रीर्वेहि विद्वाम् ॥ छः ॥**

આટલા મૂળ લેખના લખાણ પછીની પંક્તિઓ, આ લેખની નકલ કરનાર વ્યક્તિની નોંધસ્વરૂપ છે. એમાં તેમણે જણાવ્યું છે કે 'આ ચતુર્વિધ સંઘે કરેલી વ્યવસ્થા, શ્રી શત્રુંજય મહાતીર્થ ઉપર, બાવીસ લેપ્ય (પ્રતિમા)ના (મંદિરના) પ્રથમ પ્રવેશ (દ્વાર)માં લખેલી છે. ત્યાંથી અહીં આણીને વ્યવહારજ્ઞાન (મેળવવા) માટે લખી છે.'

સંદર્ભ-સંકેત-સૂચિ

૧ **જૈપઈ ભાગ ૧ :** લેખક–મુનિશ્રી દર્શનવિજયજી (ત્રિપુટી) મહારાજ, 'જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ ૧", પ્રકાશક: ચારિત્ર સ્મારક ગ્રંથમાલા, પરીખ ચંદુલાલ લખુભાઈ, નાગજી ભૂધરની પોળ, અમદાવાદ, ઈ. સ. ૧૯૫૨; પાદનોંધો: ૧–૨૧–૨૩–૨૫–૩૨–૩૩–૪૭–૪૮–૫૬ના પૃષ્ઠાંકો ક્રમશ: ૪૦૦–૪૦૧; ૩૧–૩૨; ૫૦૩; ૫૧૧; ૪૫૨; ૩૮૦; ૫૧૨; ૫૧૨ ૫૫૮.

૨ **જૈસાસંઈ :** લેખક: દેસાઈ મોહનલાલ દલીચંદ; "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ"; પ્રકાશક–મંત્રીઓ: શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ, ૨૦–પાયધુની, મુંબઈ–૩; ઈ. સ. ૧૯૩૩; પાદનોંધો–૨–૩–૪–૫–૬–૧૦–૧૨–૧૫–૧૮–૧૯–૨૯–૪૦–૪૨–૪૩–૪૪–૪૬–૪૯–૫૫–ના પૃષ્ઠાંકો અનુક્રમે–૧૭૪; ૨૦૭; ૨૦૭; ૨૩૦–૩૧; ૨૬૩; ૩૯૫; ૫૯૬; ૩૪૧; ૩૯૦–૯૧; ૩૬૮–૩૮૫; ૩૮૨–૮૪; ૩૩૫; ૩૪૩; ૩૯૨, ૨૭૭; ૨૭૫; ૩૯૭; ૩૯૬; ૩૯૦; ૩૮૪.


૩ **પ્રાજૈલેસં. :** સંગ્રાહક તથા સંપાદક: જિનવિજય; "**प्राचीनजैनलेखसंग्रह**" ભાગ બીજો; પ્રકાશક: શ્રીજૈન આત્માનંદ સભા, ભાવનગર; ઈ. સ. ૧૯૨૧; પાદનોંધો: ૯–૧૧–૧૬–૧૮–૩૦–૩૫–૪૧–૫૦–૫૧–૫૩–૫૭–૫૮ના પૃષ્ઠાંકો ક્રમશ: ૩૩૬; ૩૧૨; ૩૨૧; ૧૦૬–૭; ૩૩૧; ૩૨૭, ૩૨૮, ૪૭ થી ૬૮, ૭૫ થી ૯૦, ૯૬; ૧૨૮–૨૯; ૨૬૨–૬૩; ૧૦૯; ૧૦૯; ૩૨૯.

૪ **જૈગ્રં. :** (સંપાદકનું નામ નથી.). "**जैन ग्रंथावली**"; **પ્રકાશક :** શ્રીજૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ, મુંબઈ; વિ. સં. ૧૯૬૫; પાદનોંધો : ૧૩-૨૬-૨૭-૩૮-૪૯ના પૃષ્ઠાંકો અનુક્રમે ૨૨૨, ૨૨૫; ૧૨૮; ૨૨૬; ૩૪૬; ૧૧૬.

૫ **પ્રાલેસં ભાગ ૧ :** સંગ્રાહક : શ્રીવિજયધર્મસૂરિ; સંપાદક : મુનિરાજ શ્રીવિદ્યાવિજયજી મહારાજ, "**प्राचीन लेख संग्रह** (ભાગ ૧ લો)" પ્રકાશક : વેદ કૂલચંદજી, સેક્રેટરી શ્રીયશોવિજય જૈનગ્રંથમાળા, ભાવનગર; ઈ. સ. ૧૯૨૯; પાદનોંધો-ક્રમશ : ૧૪-૩૪-ના પૃષ્ઠાંકો પૃ. ૧૧; ૧૧.

૬ **જૈપુપ્રસં. :** સંપાદક : મુનિ શ્રીજિનવિજય; "**जैन पुस्तक प्रशस्तिसंग्रह-प्रथम भाग**" પ્રકાશક : **सिंघी जैन ग्रन्थमाला, भारतीय विद्याभवन बंबई**; ઈ. સ. ૧૯૪૩; પાદનોંધો-૧૭-૨૦-૨૨-૨૪-૩૧-૫૨ ના પૃષ્ઠાંકો ક્રમશ : ૬૧-૬૨; ૧૦૧; ૧૨૩; ૧૧૮; ૬૯; ૩૧-૩૨.

૭ **જૈપઈ ભાગ ૨ :** લેખક : મુનિ શ્રીદર્શનવિજયજી (ત્રિપુટી); "જૈન પરંપરાનો ઇતિહાસ, ભાગ બીજો"; પ્રકાશક : **શ્રીચારિત્રસ્મારક ગ્રંથમાલા**, પરીખ ચંદુલાલ લખુભાઈ, નાગજી ભૂધરની પોળ, અમદાવાદ; ઈ. સ. ૧૯૬૦; પાદનોંધો-૨૮-૩૩-૩૬-૩૭-૩૯-૪૦-૪૫-૫૪-૫૫ ના પૃષ્ઠાંકો ક્રમશ : ૩૩૫; ૭૫૧; ૩૬૬-૬૭; ૫૪૭; ૫૮૨; ૫; ૨૨૩; ૨૬; ૩૨, ૭૫૯.



શ્રી અનુમાદેવી–સપરિવારનું ચિત્રણ ધરાવતી, ઓઘનિર્યુક્તિની પ્રતિના
વેષ્ટનરૂપ બે કાષ્ઠ પટ્ટિકાઓ : વિ. સં. ૧૨૯૩

તસવીર : શ્રી રમેશ માલવણિયા, અમદાવાદ

સૌજન્ય : શ્રી ભાંડારકર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, પૂના

સાબરકાંઠા જિલ્લામાં દેશીરાજ્યો સામે ચાલેલી પ્રજાકીય લડતો*

મહેશચન્દ્ર પંડ્યા*

સ્વાતંત્ર્ય સંગ્રામ દરમ્યાન ભારતમાં ૫૬૨ દેશીરાજ્યો હતાં. ઇ. સ. ૧૯૩૪માં ગુજરાતમાં ૩૩૬ દેશીરાજ્યો સમગ્ર ગુજરાતની કુલભૂમિ વિસ્તારના ૮૪% વિસ્તારમાં વિસ્તરેલાં હતાં.[૧] ઇ. સ. ૧૯૨૨માં મહીકાંઠા એજન્સીમાં ૫૧ દેશીરાજ્યો હતાં.[૨] અને ઑગસ્ટ ૧૯૪૯માં મહીકાંઠા એજન્સીમાંથી સાબરકાંઠા જિલ્લો અસ્તિત્વમાં આવ્યો ત્યારે વિલિનીકરણ પામેલાં ૨૯ દેશીરાજ્યો તેમાં જોડાયા હતાં.[૩] અન્ય દેશીરાજ્યોની જેમ સાબરકાંઠાનાં દેશીરાજ્યો પણ બ્રિટિશ-તાજની હકૂમત હેઠળ હતાં. તેમના વહીવટ પર દેખરેખ રાખવા બ્રિટિશ સરકારે મહીકાંઠા એજન્સીના મુખ્ય મથક સાદરામાં પોલિટિકલ એજન્ટ મૂકયો હતો. બ્રિટિશ સરકાર દેશીરાજ્યોની રક્ષક અને પોષક હતી તો બીજીબાજુ દેશીરાજ્યો બ્રિટિશ સરકારની જીવાદોરી સમાં હતાં. કારણ કે તેઓ સ્વાતંત્ર્યસંગ્રામને અટકાવવા પ્રયત્નશીલ રહેતાં. દેશીરાજ્યોની પ્રજા બેવડી ગુલામીમાં સબડતી હતી. તેથી એ પ્રજાએ દેશીરાજ્યો સાથે પ્રજાકીય મંડળો સ્થાપીને લડત ચલાવી. અહીં સાબરકાંઠા જિલ્લાની પ્રજાએ દેશીરાજ્યો સામે ચલાવેલી લડતને જોઈએ.

લડતના કારણો :

અસહ્ય કરવેરા : સાબરકાંઠાના પ્રથમ વર્ગના અને સૌથી મોટા ઈડર રાજ્યના પ્રતાપસિંહ તથા દૌલતસિંહે તેમના શાસન (ઇ. સ. ૧૯૦૨ થી ૧૯૩૧) દરમ્યાન પ્રજા પર નિવાસીવેરો, કન્યા વિક્રય કર, મુખીવેરો, પાટિયાવેરો, ભોંભવેરો, પાડાવેરો, ઝાડવેરો વગેરે તરંગી વેરાઓ નાખીને આર્થિક લૂંટ ચલાવી હતી.[૪] માલપુર રાજ્યે ઘોડાવેરો, ચાંલ્લાવેરો,

---

'સ્વાધ્યાય', પુ. ૨૫, અંક ૧-૨, દ્વીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૮૭-જાન્યુઆરી ૧૯૮૮, પૃ. ૧૯૯-૨૦૬.

★ તા. ૩૦, ૩૧ ડિસેમ્બર '૮૪ અને ૧લી જાન્યુઆરી '૮૫ દરમ્યાન અમદાવાદ મુકામે યોજાયેલા, ગુજરાત ઇતિહાસ પરિષદના ૧૩મા અધિવેશનમાં રજૂ કરેલો નિબંધ.

* સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ-૩૬૦ ૦૦૫.

૧ પુસ્તક પર લેખકનું નામ નથી, 'દેશીરાજ્યો' પ્રકાશક દેસાઈ હિતેન્દ્ર કનૈયાલાલ, જ્યોત મંડળ, ગોપીપુરા, સૂરત, પૃ. ૧-૨.

૨ માસ્ટર ખાનબહાદુર ફરામરોજ, મહીકાંઠા ડિરેક્ટરી, રાજકોટ, ૧૯૨૨, પુ. ૧, પૃ. ૧૧૬.

૩ રાજગોર, એસ. વી. (સંપાદક), ગેઝેટિયર ઓફ ધ ઇન્ડિયા, ગુજરાત સ્ટેટ, સાબરકાંઠા ડિસ્ટ્રિક્ટ, અમદાવાદ, ૧૯૭૪, પૃ. ૧.

૪ ઠાકર કાશીરામ, 'વર્તમાન લડત', "મહીકાંઠા" (સાપ્તાહિક) તા. ૨૨-૨-૧૯૨૬નો અંક, પૃ. ૧૭.

માંલ્લાવેરો, પૂછડાવેરો ઝાડવેરો,[૫] વિજયનગર રાજ્યે, પૂંછીવેરો, મધવેરો, કોળીવેરો, ઝાડવેરો,[૬] મુડેટીના ડાકારે મોટરવેરો[૭] વગેરે વેરાઓ નાખીને પ્રજાનું લોહી ચૂસ્યું હતું. તેથી પ્રજા આર્થિક રીતે પરેશાન હતી.

વેઠની પ્રથા : સાબરકાંઠાનાં બધાં જ દેશીરાજ્યોની પ્રજા વેઠની અમાનુષી પ્રથાથી ત્રાસી ગઈ હતી. રાજા સહિતના નાના મોટા અમલદારો પ્રજાના લગભગ તમામ વર્ગો પાસે વેઠ કરાવતા હતા. માલપુર રાજ્યમાં ભાગ્યે જ કોઈ જ્ઞાતિ વેઠની ચુંગાલમાંથી મુક્ત હતી.[૮] વેઠના બદલામાં ગાળો, અપમાન, માર, ભૂખમરો વગેરે સહન કરવા પડતાં. વેઠનો ઇનકાર કરનારને મૃત્યુ સુધીની સજા માટે તૈયાર રહેવું પડતું.

અનૈતિક આચરણ : દેશીરાજ્યોમાં સ્ત્રીઓ માટે ઇજ્જતભેર જીવવું મુશ્કેલ હતું. રાજાઓ, ઠાકોરો, જાગીરદારો, અમલદારો સ્ત્રીઓ પર અમાનુષી ત્રાસ ગુજારતા હતા. છળ, કપટ, દાબ, દબાણ, લાલચ વગેરે હલકી તરકીબો અજમાવીને તેઓ પોતાની વૃત્તિઓ સંતોષતા હતા. ઈડર રાજ્યમાં મંદિરોની પવિત્રતા પણ સલામત ન હતી.[૯]

દેશીરાજ્યો અને ગાંધીજી : ભારતના મુક્તિસંગ્રામની લગામ હાથમાં લીધા પછી ગાંધીજીએ અનુભવ્યું કે દેશીરાજ્યો ભારતની એકતા અને આઝાદીની લડતની આડે આવે છે. તેમ છતાં તેમની સામે લડત ઉપાડી શકાય નહિ કારણ કે એ લડતને અંગ્રેજો તમામ તાકાતથી કચડી નાખશે અને તેનું નિમિત્ત દેશીરાજ્યોને બનાવશે. તેથી બ્રિટિશ સરકાર સામે લડત ચલાવી તેની તાકાત તોડવી. જેથી દેશીરાજ્યો આપોઆપ તૂટી પડશે. આ વિચારસરણી પ્રમાણે ઈ. સ. ૧૯૨૦ના નાગપુર અધિવેશનમાં, દેશીરાજ્યોની હદમાં કોંગ્રેસ સમિતિ ન રચવાનું ઠરાવવામાં આવ્યું હતું. પરંતુ આઝાદીની લડત અને દેશીરાજ્યોની પ્રજાની પરેશાનીના પ્રશ્નો, એ બન્ને બાબતો સ્વાતંત્ર્યસંગ્રામની બે પાંખો સમાન હોવાથી, અગાઉની નીતિમાં પરિવર્તન લાવીને, ગાંધીજીના આશીર્વાદ સાથે ઈ. સ. ૧૯૨૨થી કાઠિયાવાડ રાજકીય પરિષદનું કાર્ય શરૂ કરવામાં આવ્યું. ત્યારથી ભારતમાં દેશીરાજ્યો સામે વ્યવસ્થિત લડત શરૂ થઈ. જવાબદાર રાજતંત્રની ઘોષણા ઊઠી. મૈસુર, ત્રાવણકોર, કોચીન, ઔંધ, મુંબઈ, વડોદરા, ભાવનગર, ઈડર વગેરે

---

૫ એમ. એ. એન. મહીકાંઠા, ડી. નં. ૨૨, ફાઈલ નં. ૫, પૃ. ૧૦૨૫-૨૬, સેન્ટ્રલ રેકર્ડ ઓફિસ, વડોદરા.

૬ વિજયનગર સ્ટેટની હસ્તલિખિત ફાઈલ, પૃ. ૫, પ્રાપ્તિસ્થાન ગાંધી મથુરાદાસનું અંગત પુસ્તકાલય, મોડાસા.

૭ ઈડર પ્રજાકીય પરિષદના પ્રમુખનું તા. ૧૩-૬-૧૯૨૭નું ભાષણ, પ્રકાશક, ઈડર પ્રજાકીય પરિષદ સ્વાગત મંડળ, ઈડર, ૧૯૨૭, પૃ. ૧૪.

૮ ઉપાધ્યાય રામશંકર (માલપુર પ્રજા મંડળના સભ્ય)ની તા. ૨૬-૯-૭૬ની મુલાકાતને આધારે.

૯ ઈડર પ્રજાકીય મંડળના અગ્રણી ગાંધી મથુરાદાસે, ઈડરના મહારાજાને આપવા તૈયાર કરેલી હસ્તલિખિત અરજી, ૧૯૨૫, પૃ. ૧૪, પ્રાપ્તિસ્થાન ગાંધી મથુરાદાસનું અંગત પુસ્તકાલય, મોડાસા તથા કેસરિયા શિવદાસ, "શયતાનની જલ"; ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસ, કાંદાવાડી, મુંબઈ, પૃ. ૮.

સ્થળોએ પ્રજાકીય મંડળો સ્થપાયાં. સરદાર પટેલ, ઠક્કરબાપા, બળવંતરાય મહેતા, ડૉ. સુમંત મહેતા વગેરે આગેવાનોના માર્ગદર્શન હેઠળ પ્રજામંડળોએ પ્રજાકીય લડતો ચલાવી.[૧૦]

ઈડર પ્રજાકીય મંડળ : પ્રતાપસિંહના અત્યાચારી શાસનથી ત્રાસેલી ઈડરની પ્રજાએ હરગોવિંદ હરિદત્ત ઠાકર તથા કવિ નીલકંઠના નેતૃત્વ હેઠળ, ઈ. સ. ૧૯૧૦માં 'ઈડર પ્રજામંડળ'ની સ્થાપના કરી.[૧૧] અત્યાચારોના વિરોધ માટે ઈડરમાં ૩૨ દિવસની હડતાલ પડી. કવિ નીલકંઠની ધરપકડ થઈ. જેલવાસ દરમ્યાન તેમનું અવસાન થયું. તેમ છતાં પ્રજાએ લડત ચાલુ રાખી. છેવટે પ્રતાપસિંહને નમતું આપી જન્મવેરો, જાતવેરો વગેરે વેરાઓ નાબૂદ કરવા પડ્યા.[૧૨] ત્યારબાદ દૌલતસિંહના તથા કારભારી લલ્લુ જેશંકરના અત્યાચારી શાસનથી ત્રાસેલી પ્રજાની આગેવાની મથુરદાસ ગાંધીએ લીધી. તેમને દેશીરાજ્યોના કારભારી તરીકેના વિશાળ અનુભવ દરમ્યાન દેશીરાજ્યોની પ્રજાની અધમ દશાનો પરિચય થયો હતો. તેમણે અનુભવ્યું કે, ઈડર, શીણાવાડ, મોરી, ટીંટોઈ, ચાંદણી, રૂપાલ, મેઢાસણ, માલપુર, સાઠંબા, ગામડ, મોહનપુર, દધાલીયા, વડાગામ, બોલુંદ્રા, રમોશ, ડાભા, રણાસણ વગેરે દેશીરાજ્યોની પ્રજા રજવાડાઓની હદમાં રહીને રજવાડાં વિરુદ્ધ અવાજ ઊઠાવવાની હિંમત ધરાવતી નથી. એ વખતે લગભગ ત્રણ હજાર ઈડરવાસીઓ ધંધાર્થે મુંબઈમાં રહેતા હતા. તેમનાં દેશીરાજ્યોમાં વસતા સંબંધીઓની કરુણ હાલતથી તેઓ વ્યથિત હતા. તે પરિસ્થિતિને સમજીને મથુરાદાસે ૨૨ ફેબ્રુઆરી ૧૯૨૫ની રાત્રે મુંબઈના હીરાબાગમાં, મુંબઈના જાણીતા વકીલ મણીલાલ ઈચ્છાલાલ મહેતાના પ્રમુખપદે જાહેરસભા બોલાવીને 'ઈડર પ્રજાકીય મંડળ'ની સ્થાપના કરી અને મણિલાલ મહેતા તેના પ્રથમ પ્રમુખ બન્યા.[૧૩]

ઈડર પ્રજાકીય મંડળનો વાર્ષિકદિન : તા. ૨૨-૨-૧૯૨૬ના રોજ બી. એન. મોતીવાલના પ્રમુખપદે મુંબઈમાં વસતી ઈડરની મહિલાઓનું 'મહિલા મંડળ' સ્થાપીને સભાસદોની સંખ્યા ૧૫૦૦ સુધી વધારીને તથા મુંબઈના ગવર્નર લેસ્લિને મેમોરેન્ડમ આપીને ઈડર પ્રજાકીય મંડળનો વાર્ષિકદિન ઉજવવામાં આવ્યો હતો. પરિણામે ગવર્નર લેસ્લિએ દૌલતસિંહ તથા કારભારી લલ્લુ જેશંકર સાથે મંડળના આગેવાનોની હાજરીમાં રાજ્યમાં ચાલતા અત્યાચારોની ચર્ચા કરી હતી, તથા લલ્લુ જેશંકરને જવાબદાર ઠરાવીને હદપાર કરવામાં આવ્યા હતા. અને રાજ્યની સત્તાને મર્યાદિત કરવામાં આવી હતી. તે પછી તા. ૨૧-૧૨-૧૯૨૬થી હરજીવન કોટકને ઈડરના દીવાન તરીકે નીમવામાં આવ્યા હતા.[૧૪]

ઈડર પ્રજાકીય મંડળનું પ્રથમ અધિવેશન : ઈડર પ્રજાકીય મંડળે ૩૫ પૃષ્ઠનું તહોમત નામું તૈયાર કર્યું. તેમાં વહીવટીતંત્રની ગંભીર ખામીઓ, ચારિત્ર્યહીન અધિકારીઓનો

---

૧૦ ગાંધી ભોગીલાલ, પુરુષાર્થની પ્રતિમા, ચેતન પ્રકાશન, વડોદરા, ૧૯૫૯, પૃ. ૨૧૬.

૧૧ એજન, પૃ. ૨૪૫.

૧૨ મુંબઈના ગવર્નર લેસ્લિને ઈડરની પ્રજાએ ૧૯મી જુલાઈ, ૧૯૨૬ની રોજ કરેલી અરજી, કુલ પૃ. ૨૦, ૧૯૨૬, (પ્રાપ્તિસ્થાન : ગાંધી મથુરાદાસનું અંગત પુસ્તકાલય, મોડાસા).

૧૩ ઈડર પ્રજાકીય મંડળનાં ધારાધોરણો, પ્રકાશક, ઈડર પ્રજાકીય મંડળ, મુંબઈ, ૧૯૨૫, પૃ. ૬.

૧૪ પાદનોંધ ૧૦ પ્રમાણે, પૃ. ૨૪૬.

જુલમ, આર્થિક લૂંટ, વેઠ વગેરે દૂર કરવા દૌલતસિંહને વિનંતી કરવામાં આવી. તેનું વિપરીત પરિણામ આવ્યું. તેણે મંડળના સભ્યો પર જુલમ ગુજારવા, મંડળના દસ સભ્યોને ઈડરરાજ્યની હદમાં પ્રવેશવાની મનાઈ ફરમાવી.[૧૫] તેથી ઉશ્કેરાયેલા નેતાઓએ સ્થાનિક પ્રજામાં, લડતનું વાતાવરણ ઊભું કરવા, મંડળનું પ્રથમ અધિવેશન ઈડરમાં ભરવાની મંજૂરી માગી. તા. ૧૨, ૧૩, ૧૪ જૂન, ૧૯૨૭ દરમ્યાન, મણિલાલ મહેતાના પ્રમુખપદે, ઈડરમાં અધિવેશન મળ્યું. તેમાં લગભગ પાંચ હજાર સ્ત્રી-પુરુષો જોડાયાં હતાં. અધિવેશનના પ્રથમ દિવસે ઈડરના રાજાના મરજીદાનોએ અધિવેશન સ્થળ પર ઔચિંતો હુમલો કરીને અધિવેશનને તોડવા પ્રયત્નો કર્યા હતા. પરંતુ પ્રેમજીભાઈ સાંડેસરા, કૅપ્ટન હરગોવિંદ પ્રાણશંકર રાવળ અને અધિવેશન પ્રમુખની દરમ્યાનગીરીથી મામલો શાંત પડ્યો હતો.[૧૬] અને અધિવેશન સફળતા પૂર્વક પૂરું થયું હતું.

આ અધિવેશનમાં પ્રજાની હાડમારીઓ તપાસવા કમિશન નીમવું, જમીન મહેસૂલ ઘટાડવું, વેઠ નાબૂદ કરવી, અન્ય સુધરેલાં રાજ્યોની જેમ ઈડર રાજ્યનો વહીવટ પ્રજાને જવાબદાર બનાવવો, પોલીસ સત્તા પર અંકુશ મૂકવો વગેરે ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. પરિણામે દીવાન કોટકે જાગીરો બક્ષવાનો રિવાજ બંધ કર્યો, નિવારસી વેરો હળવો બનાવ્યો. તેથી ઈડરની પ્રજામાં હિંમત અને આત્મવિશ્વાસ કેળવાયાં હતાં. પ્રજાસંગઠનનાં એ સુફળ હતાં.

કોટકની દ્વિમુખી પ્રતિભા : દીવાન કોટકે એકબાજુ થોડા સુધારા આપીને પ્રજાને પોતાની બનાવવા પ્રયત્નો કર્યા તો બીજી બાજુ વિધોટી અને ઘરથાળી જમીનના દર વધાર્યા, મંડળની ફાઈલો જપ્ત કરી, 'મહીકાંઠા,' 'કચ્છદર્શન', 'હિંદુસ્તાન', 'પ્રજામિત્ર', 'સૌરાષ્ટ્ર' વગેરે અખબારો તથા સામયિકોના કેટલાક અંકો જપ્ત કરવાનો હુકમ કરીને પોતાની અસલિયતનું પ્રદર્શન[૧૭] કર્યું. માનવપારખુ મથુરાદાસે ૩૧ ઑક્ટોબર, ૧૯૨૭ના "હિંદુસ્તાન"માં 'ઈડર નરેશને ચરણે' લેખ લખીને, કોટકના દંભી વ્યક્તિત્વને ખુલ્લું પાડ્યું. પરિણામે કોટકને દીવાનપદ છોડવું પડ્યું હતું.

વહીવટી કાઉન્સિલનો વહીવટ : કોટકની વિદાય પછી ઈડર રાજ્યનો વહીવટ ત્રણ સભ્યોની નીમાયેલી વહીવટી કાઉન્સિલના પ્રમુખ ફરામરોજ માસ્તરે સંભાળ્યો તેમના સમયમાં ૧૯મે, ૧૯૨૯ના રોજ બડોલી મુકામે મળેલી ઈડર પ્રજાકીય મંડળની રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સે પ્રજાના પ્રશ્નો રજૂ કરવા મેમોરેન્ડમ કમિટી નીમી હતી.[૧૮] કમિટીએ ૧૫ નવેમ્બર

---

૧૫ "સાંજ વર્તમાન"નો તા. ૨૪-૮-૧૯૨૫નો અંક, આ અંકમાં ઈડર રાજ્યમાંથી હદપાર કરવામાં આવેલા ૧૦ નેતાઓનાં નામ આપ્યાં છે : (૧) અમૃતલાલ લલ્લુભાઈ ત્રિવેદી, (૨) ગંગારામ શુકલ, (૩) ઉમિયા શંકર કેશવ ભટ્ટ, (૪) હરગોવિંદ હરિદત્ત ઠાકર, (૫) કાશીરામ ઠાકર, (૬) કોદરલાલ પૂર્ણારામ વ્યાસ, (૭) પ્રહ્લાદ કેશવરામ જાની, (૮) જયશંકર મોતીરામ રાવળ, (૯) શિવશંકર કામેશ્વર જાની, (૧૦) છગનલાલ સૂરજમલ ઠાકર.

૧૬ 'ગુજરાતી' તા. ૧૯-૬-૧૯૨૭નો અંક.

૧૭ ત્રિવેદી અમૃતલાલ લલ્લુભાઈની ફાઈલ, પૃ. ૫, પ્રાપ્તિસ્થાન : ગાંધી મથુરાદાસનું અંગત પુસ્તકાલય, મોડાસા.

૧૮ ઈડર રાઉન્ડ ટેબલ કોન્ફરન્સની ફાઈલ, ૧૯૨૯, પૃ. ૧૧-૧૩,

૧૯૨૯ના રોજ વહીવટી કાઉન્સિલના પ્રમુખને બ્રિટિશ પદ્ધતિ પ્રમાણે વીઘોટી ઠરાવવા, જમીન પર લેવાતો દોઢો–બમણો કર બંધ કરવા, કેળવણી મફત અને ફરજિયાત બનાવવા, વહીવટમાં પ્રજાકીય તત્ત્વ દાખલ કરવા, સલામતી તથા વાણી–લેખનની સ્વતંત્રતા આપવા ન્યાયને કારોબારીથી સ્વતંત્ર રાખવા, વેઠ નાબૂદ કરવા, અમાનુષી વેરાઓ દૂર કરવા વિનંતી કરી હતી. પરિણામે ફરામરોજ માસ્તરે હિંમતનગર મુકામે ૧૫, ૧૬ જૂન, ૧૯૩૦ના રોજ મેમોરેન્ડમ કમિટીના સભ્યો અને ઈડર રાજ્યના તથા ઈડર રાજ્ય બહારના સહાનુભૂતિ ધરાવતા સભ્યોની રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સ બોલાવી. તેમાં વહીવટીક્ષેત્રે પ્રજાકીય તત્ત્વો દાખલ કરવા, તથા તે અંગે સ્ટેન્ડીંગ કમિટીઓ નીમવા માટે નામો મંગાવવાની જાહેરાત કરી હતી. ઈડર પ્રજાકીય મંડળની એ મહત્ત્વની સિદ્ધિ હતી. તે પછી ૧૯ ઑગષ્ટ, ૧૯૩૦ના રોજ સ્ટેન્ડીંગ કમિટીના સભ્યોને બોલાવીને પ્રમુખશ્રીએ તેમની સાથે બંધારણ અંગે ચર્ચા પણ કરી હતી. પરંતુ પાછળથી કાઉન્સિલે બંધારણ ઘડવાની બાબતને અભરાઈ પર ચઢાવી દીધી હતી.[૧૯] તેથી તા. ૬–૧૨–૧૯૩૦ના રોજ જાદર મુકામે અમૃતલાલ ત્રિવેદીને પ્રમુખપદે મળેલા વિરાટ સંમેલનમાં લડતને ઉગ્ર બનાવવાના ઠરાવો થયા.[૨૦] તેથી સમયના વહેણને પારખીને દોલતસિંહે 'વહીવટમાં પ્રજા પ્રતિનિધિત્વ' દાખલ કરવાની ઈચ્છા પ્રદર્શિત કરી. પરંતુ તેને મૂર્ત કરે તે પહેલાં ૧૪ એપ્રિલે ૧૯૩૧ના રોજ મુંબઈ ખાતે તેમનું અવસાન થતાં તેમના અત્યાચારી શાસનનો અંત આવ્યો.[૨૧]

હિંમતસિંહજીનું શાસન : દોલતસિંહના અવસાન પછી ૧૧ જુલાઈ, ૧૯૩૧ના રોજ સત્તા પર આવેલા તેમના પુત્ર હિંમતસિંહજીને પ્રજાકીય અંકુશવાળા વહીવટમાં રસ ન હતો. તેમને વહીવટી કાઉન્સિલનો વહીવટ પણ પસંદ ન હતો. તેથી તેમણે જગન્નાથ ભંડારીને રાજ્યના દીવાન બનાવ્યા. ભંડારીએ બે વર્ષમાં જવાબદાર તંત્ર આપવાની જાહેરાત કરીને પ્રજાને ખુશ કરવા પ્રયાસ કર્યો. પરંતુ થોડા જ સમયમાં તેમનું અસલ સ્વરૂપ પ્રગટ થયું. તેમણે મંડળને ગેરકાયદેસર ઠરાવી ગંગારામ શુકલ સહિત આગેવાનોને જેલમાં પૂર્યા, જકાત વધારી, વહીવટમાં સગાવાદ ઊભો કર્યો, વાણી સ્વાતંત્ર્ય છીનવી લીધું. મંડળે તેમની અન્યાયી નીતિનો જોરદાર પ્રતિકાર કર્યો. તેથી ભંડારીએ રાજ્યના ૧૩ અને પ્રજાના ૧૨ પ્રતિનિધિઓની સભા નીમી. પરંતુ તેમાં ઈડર પ્રજાકીય મંડળને સ્થાન ન આપ્યું, તેથી તા. ૧૭–૯–૧૯૩૭ના રોજ અખિલ હિંદ દેશીરાજ્ય પ્રજા પરિષદના મંત્રી બળવંતરાય મહેતાના પ્રમુખપદે મુંબઈમાં ઈડર પ્રજાકીય મંડળની સભા મળી અને તેમાં પ્રજાને સંતોષે તેવું જવાબદાર તંત્ર રચવા મહારાજાને વિનંતી કરતો ઠરાવ કર્યો. તેની કશી જ અસર ન થઈ. પરિણામે ઈડરમાં પ્રતિનિધિસભા અસ્તિત્વમાં આવી શકી નહિ. આ અરસામાં હિંમતસિંહજી મુંબઈ ગયા, અને રેસના શોખમાં ડૂબી ગયા. તેથી ભંડારીજી સરમુખત્યાર બન્યા. ઈડર પ્રજાકીય

---

૧૯ ઈડર પ્રજાકીય મંડળના મંત્રીએ જાદર મુકામે તા. ૬-૧૨-૧૯૩૦ના રોજ મળેલ, ઈડર પ્રજાકીય પ્રતિનિધિ સંમેલનમાં કરેલું નિવેદન, પૃ. ૨, ૧૯૩૦. પ્રાપ્તિસ્થાન: ગાંધી મથુરાદાસનું અંગત પુસ્તકાલય, મોડાસા.

૨૦ એજન.

૨૧ પાદનોંધ ૧૦ પ્રમાણે, પૃ. ૨૫૨.

મંડળના પ્રમુખ મથુરાદાસે હિંમતસિંહજીને કુનેહપૂર્વક ભંડારીતંત્રની નિષ્ફળતા સમજાવી.[૨૨] તેથી હિંમતસિંહજીએ ભંડારીને દીવાનપદેથી છૂટા કરી, તે સ્થાને કુમાર દલજિતસિંહને નીમ્યા. આમ ભંડારીના અત્યાચારી શાસનનો અંત આવ્યો.

દલજિતસિંહના દીવાન તરીકેના શાસન દરમ્યાન લાંચ, રુશ્વત, વેઠ, પોલીસતંત્રના અત્યાચારો વધુ વણસ્યા હતા. તેથી સરદાર પટેલની સલાહ પ્રમાણે લડતનું કેન્દ્ર ઈડરમાં રાખીને ૧૯૪૬ સુધી સભ્યો નોંધવાની ઝુંબેશ ચાલી. ૭૬૦૦ સભ્યો નોંધાયા. તે પછી તા. ૨૪-૩-૧૯૪૬ના રોજ મધ્યસ્થ સમિતિની બેઠકમાં ઠરાવવામાં આવ્યું કે " સમગ્રહિંદ, એક .સાર્વભૌમ સમવાયતંત્રવાળુ રાજ્ય બનવાની તૈયારીમાં હોવાથી ઈડરનું જોડાણ મુંબઈ પ્રાંત સાથે થવું આવશ્યક છે.[૨૩] તેમ છતાં દેશ આઝાદ થયો ત્યાં સુધી ઈડરના શાસનતંત્રમાં કશોજ ફરક પડ્યો ન હતો. તે પછી ૧૫ જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ મથુરાદાસના પ્રમુખસ્થાને મળેલી ઈડર પ્રજાકીય મંડળની કારોબારીએ, ઈડર રાજ્યને મુંબઈ પ્રાંત સાથે જોડવા, વચગાળાની પ્રજાકીય સરકાર જાહેર કરવા, નવું બંધારણ ઘડવા અંગેના ઠરાવો કર્યા. તેથી ૨૨-૧-૪૮ના રોજ મહારાજાએ વચગાળાની સરકાર રચવાનો વિચાર જાહેર કર્યો. પણ તેનો અમલ કર્યો નહિ. તેથી મંડળે તા. ૫-૩-૧૯૪૮ના રોજ મહારાજાને અલ્ટીમેટમ આપી જણાવ્યું કે તા. ૧૫-૩-૧૯૪૮ પહેલાં મુંબઈ પ્રાંત સાથે ઈડર રાજ્યને ભેળવી દેવાની જાહેરાત નહિ કરવામાં આવે તો પ્રજા અહિંસક સત્યાગ્રહ કરશે. તે પછી તા. ૧૭-૩-૧૯૪૮ના રોજ ભીલોડા મુકામે કે. કે. શાહના પ્રમુખપદે વિરાટ સભા મળી. સભાએ સત્યાગ્રહ કરવાનો નિર્ણય લીધો. મથુરાદાસે સભામાંથી જ તાર દ્વારા મહારાજાને નિર્ણયની જાણ કરી. હવે મહારાજા પાસે અન્ય વિકલ્પ ન રહેતાં, ઈડર રાજ્યને મુંબઈ પ્રાંત સાથે જોડી દેવાનો નિર્ણય જાહેર કરવો પડ્યો. તે પછી ૧૦ જૂન, ૧૯૪૮ના રોજ હિંમતસિંહજીએ સત્તાત્યાગપત્રક પર સહી કરી.[૨૪] આમ ૨૩ વર્ષ, ૩ માસ અને ૧૮ દિવસ સુધી ચાલેલી ઈડર પ્રજાકીય મંડળની લડતનું સુખદ પરિણામ આવ્યું. લડતની વિશેષતા એ હતી કે, મથુરાદાસ ઈડર રાજ્યના ન હોવા છતાં લડતની શરૂઆતથી અંત સુધી અગ્રણી, સફળ સુકાની રહ્યા હતા. લડત દ્વારા ઈડરની પ્રજાએ સંગઠનની તાકાત પુરવાર કરી હતી.

" માલપુર રાજ્ય પ્રજાકીય મંડળ : " મોડાસાની અડોઅડ આવેલા માલપુર રાજ્યની પ્રજાએ પણ મથુરાદાસની દોરવણી હેઠળ ૧૩ માર્ચ, ૧૯૪૬ના રોજ ' માલપુર રાજ્ય પ્રજા મંડળ ' સ્થાપીને રાજ્યના વહીવટ સામે ઝુંબેશ ઉપાડી. એ મંડળના પ્રમુખ નટુભાઈ શેઠ, ઉપપ્રમુખ જેઠાલાલ ગોર, મંત્રી ચંદુલાલ સરકાર અને અગ્રણીઓ રામશંકર ઉપાધ્યાય, હરગોવિંદ મહેતા, મણિલાલ શિવલાલ શેઠ, સાયબાજી ખાંટ, વલ્લભભાઈ દોશી વગેરેએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. આ મંડળ સામે હરિશંકર હરગોવિંદ જોશીએ રાજાને વફાદાર મંડળ સ્થાપીને હવનમાં હાડકાં નાખવાનું કાર્ય કર્યું હતું. પરંતુ પ્રજા સંગઠન સમક્ષ તેઓ લાંબો સમય ટકી શકયા ન હતા.[૨૫]

---

૨૨ પાદનોંધ ૩ પ્રમાણે, પૃ. ૧૬૫, ૨૩ પાદનોંધ ૧૦ પ્રમાણે, પૃ. ૨૬૬, ૨૪ એજન.
૨૫ ગોર જેઠાલાલ (માલપુર પ્રજામંડળના સભ્ય)ની તા. ૨૯-૯-૭૬ની મુલાકાતને આધારે.

માલપુર પ્રજામંડળે, વેઠની પ્રથા અને અસહ્ય કરવેરા દૂર કરવા મહારાજા ગંભીરસિંહને જણાવ્યું હતું. પરંતુ તેમણે મચક ન આપી. તેથી માલપુરની પ્રજાએ માથાસુલીઆ ગામે જમીન રાખીને હિજરત કરવાની તૈયારી કરી હતી. પરંતુ છેલ્લી ઘડીએ સમાધાન થતાં હિજરત મોકૂફ રાખવામાં આવી હતી.[૨૬]

આ મંડળે તા. ૧૪-૧-૧૯૪૮ના રોજ, માલપુર રાજ્યને મુંબઈ પ્રાંત સાથે જોડવા તથા વચગાળાની જોગવાઈ માટે કારોબારી સમિતિ રચવા રાજાને વિનંતી કરી હતી.[૨૭] તેથી મહારાજાએ તા. ૨૫-૧-૪૮ના રોજ જાહેરનામું પ્રસિદ્ધ કર્યું કે, "માલપુર રાજ્ય લોકશાહી ધોરણે રચાયેલ કોઈ એકમનું અંગ બને તેમાં જ પ્રજાનું હિત છે. તે અંગે પ્રજા જે નિર્ણય કરે તેમાં અમે સંમત છીએ." તે પછી કારોબારીસમિતિની જાહેરાત કરી હતી.[૨૮] સમિતિના પ્રજાને સંતોષતા વહીવટથી અકળાયેલા વિઘ્નસંતોષીઓના દબાણને લીધે, ૨૦ ફેબ્રુઆરી, ૧૯૪૮ના રોજ, સમિતિનું વિસર્જન કરવામાં આવ્યું.[૨૯] તેથી માલપુર પ્રજા મંડળે, પ્રાદેશિક કમિશ્નર, રાજકોટને સ્ટેટ ડિપાર્ટમેન્ટ વહીવટ સંભાળી લે તે માટે ધટતું કરવા વિનંતી કરી.[૩૦] તેથી ૭, ૮ મે, ૧૯૪૮ના રોજ નાનાભાઈ ચોકસીની આગેવાની હેઠળ, માલપુર રાજ્યનો વહીવટ તપાસવા માલપુર આવેલા કમિશનને, પ્રજામંડળની ફરિયાદો યોગ્ય લાગી. તેથી ન છૂટકે રાજાએ માલપુર રાજ્યને મુંબઈ પ્રાંત સાથે જોડવાની સંમતિ આપી, કમિશનના રિપોર્ટ પર સહી કરી.[૩૧] તેમ છતાં માલપુરના રાજા, દીવાન, પોલીસસુપ્રિન્ટેન્ડેન્ટ વગેરેએ સત્તા પર ચોંટી રહેવા પ્રયત્નો કર્યા હતા. પ્રજામંડળે તેને નિષ્ફળ બનાવ્યા. પરિણામે ૧૦ જૂન, ૧૯૪૮ના રોજ માલપુર રાજ્ય પણ મુંબઈ પ્રાંત સાથે જોડાઈ ગયું. આમ ૨વર્ષ, ૨માસ અને ૨૭ દિવસ સુધી, માલપુર રાજ્ય સામે, માલપુર રાજ્ય પ્રજામંડળ સફળતાપૂર્વક ઝઝૂમ્યું હતું.

સાબરકાંઠાનાં શક્તિશાળી ઈડર અને માલપુર રાજ્યો સામે પ્રજાએ ખુમારીપૂર્વક ચલાવેલી લડતો સફળ થવાથી સાબરકાંઠાનાં અન્ય દેશીરાજ્યોમાં પણ જોડાણનું વાતાવરણ જન્મ્યું. તે દરમ્યાન મોડાસામાં મથુરાદાસના પ્રમુખપદે "મહીકાંઠા પ્રદેશ પ્રજાસંઘ"ની સભા મળી. તેમાં મહીકાંઠાનાં દેશીરાજ્યોને મુંબઈ પ્રાંત સાથે જોડી દેવા અંગેનો ઠરાવ થયો.[૩૨] બીજીબાજુ દેશ

---

૨૬ એજન.

૨૭ માલપુર પ્રજામંડળની ફાઈલ, પૃ. ૮, પ્રાપ્તિસ્થાન: ગાંધી મથુરાદાસનું પુસ્તકાલય, મોડાસા.

૨૮ હજૂર ઑફિસ માલપુરની જાહેરનામા તથા સર્કયુલરની ફાઈલ, જા. નં. ૬૧, તા. ૨૫-૧-૧૯૪૮ને આધારે.

૨૯ તા. ૨૮-૨-૧૯૪૮ના રોજ માલપુર પ્રજામંડળે, ડે. પ્રાદેશિક કમિશ્નર વડોદરાને લખેલા પત્રની ઑફિસકોપીને આધારે, માલપુર પ્રજા મંડળની ફાઈલને આધારે.

૩૦ એજન, પૃ. ૯.

૩૧ 'ચિનગારી' (માલપુર પ્રજામંડળનું મુખપત્ર), પ્રકાશક માલપુર પ્રજામંડળ, મુંબઈ, ૧૯૪૯, પૃ. ૧-૨.

૩૨ મોહનપુર રાજ્ય પ્રજામંડળની ફાઈલ, પૃ. ૬, પ્રાપ્તિ: ગાંધી મથુરાદાસનું અંગત પુસ્તકાલય, મોડાસા.

આઝાદ થયા બાદ સરદાર પટેલની આગેવાની હેઠળ ભારતનાં શક્તિશાળી રાજ્યો પણ સમયના વહેણને પારખીને, ભારત સંઘમાં જોડાતાં હતાં તેથી સાબરકાંઠાનાં મોહનપુર, દધાલીઆ, વડાગામ, રૂપાલ, ખોલુંકા, મગોડી, ગાબટ, રમોશ, રણાસણ, આંબલીઆરા વગેરે રાજ્યોએ પણ ૧૦ જૂન ૧૯૪૮ના રોજ મુંબઈ પ્રાંત સાથે જોડાવાના જોડાણખત પર સહી કરી. તે પછી હિંમતનગર મુકામે અર્જુનલાલાના અધ્યક્ષ પદે મળેલી વિશાળ સભાએ સાબરકાંઠાના જન્મદિનની ઉજવણી કરી.[૩૩]

આમ સાબરકાંઠાનાં દેશીરાજ્યોનાં પ્રજામંડળોએ પણ સામંતશાહી સામે ખુમારીપૂર્વક લડત ચલાવી. એ લડતમાં હરગોવિંદ ઠાકર, કવિ નીલકંઠ, મથુરાદાસ ગાંધી, ગંગારામ શુકલ, કાશીરામ ઠાકર, રમણલાલ સોની, નટુભાઈ શેઠ, જેઠાલાલ ગોર, ચંદુલાલ શાહ, રામશંકર ઉપાધ્યાય વગેરે અગ્રણીઓએ મહત્ત્વની કામગીરી બજાવી હતી.

'હિંદુસ્થાન', 'મુંબઈ સમાચાર', 'સાંજ વર્તમાન', 'પ્રજામિત્ર', 'ઈલસ્ટ્રેટેડ વિકલી', 'ક્રોનિકલ', 'ડેઈલી મિરર', 'સૌરાસ્ટ્ર', 'મહીકાંઠા', 'મહીકાંઠા વર્તમાન' વગેરે દૈનિકો તથા સામયિકોએ કટારલેખો લખીને તથા લડત અંગેના સમાચાર પ્રસિદ્ધ કરીને લડતના વાજબીપણાને પુરવાર કર્યું હતું. ધારાસભ્યો, તથા સોલીસીટરોએ એ લડતમાં જોડાઈને લડતની ન્યાયપુરઃસરતા સિદ્ધ કરી હતી. ઈડર પ્રજાકીય મંડળના પ્રથમ અધિવેશનમાં ૧૨૦૦ થી પણ વધુ સંખ્યામાં સ્ત્રીઓએ જોડાઈને, સાબરકાંઠાની સ્ત્રી જાગૃતિનાં દર્શન કરાવ્યાં હતાં. ઈડરના કવિ નીલકંઠે લડત દરમ્યાન શહાદત વહોરીને લડતની પવિત્રતા પુરવાર કરી હતી. એ શહાદતનુ મૂલ્ય ચૂકવવા મથુરદાસે લડતની આગેવાની લઈને, ઈડરના મહારાજાઓને તથા તેમના દીવાનોને પ્રજાના સહકારથી નિષ્ફળ બનાવ્યા હતા.

સાબરકાંઠાની અભણ અને ગરીબ પ્રજાએ ધીરજ અને ખંત પૂર્વક ગાંધી ચીંધ્યા અહિંસક માર્ગે પ્રજાકીય લડત ચલાવી હતી. અને સાબિત કર્યું હતું કે "કોઈ પણ દેશની પ્રજા સંગઠિત બનીને સત્ય માટે ફના થવા તૈયાર થાય તો તેની સમક્ષ મજબૂતમાં મજબૂત રાજ્યસત્તાએ પણ નમતું જોખવું પડે છે."

---

૩૩ પાદનોંધ ૧૦ પ્રમાણે, પૃ. ૨૮૧.

सय्याभिधकाव्यम्—એક પરિચય

સિદ્ધાર્થ યશવંત વાકણકર*

પ્રાચીન ભારતવર્ષમાં રાજાને માટે પ્રજાના મનમાં ઘણું માન હતું. એમને વિષ્ણુ ભગવાનના અવતાર તરીકે ગણવામાં આવતા. ભગવાન વિષ્ણુ જેવી રીતે સમગ્ર વિશ્વનું ભરણ-પોષણ કરે છે તેવી જ રીતે રાજાએ પણ પોતાની પ્રજાનું પાલન અને રક્ષણ કરવું જોઈએ. પ્રજાનું પુત્રવત્ પાલન કરનાર રાજાઓની પરંપરા ભારતમાં ઘણી પ્રાચીન છે. આવી જ ઉજ્જવળ પરંપરા વડોદરા નગરીના રાજાઓની છે. એમાંથી મહારાજા સયાજીરાવ ત્રીજાનું નામ સુવર્ણાક્ષરે લખાશે. એમની ગુણસંપદા અમર્યાદ હતી. તેઓ પ્રજાહિતદક્ષ, ગુણગ્રાહી, વ્યવહારચતુર અને એક સમર્થ વહીવટકર્તા હતા. સાહિત્ય, સંગીત અને લલિત કલાઓના રસિક પુરસ્કર્તા અને સક્રિય ઉત્તેજક હતા. તેથી દેશવિદેશથી એમણે તે તે વિષયના નિષ્ણાતોને અહીં આમન્ત્રિત કર્યા હતા. અને પોતાના રાજ્યને સમૃદ્ધ કર્યું હતું. આવા રાજ્યાશ્રય મેળવેલા વિદ્વાનોમાંથી કેટલાકે પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે સ્તુતિકાવ્યો લખ્યાં. ઘણીવાર અતિશયોક્તિ એ એનું અનિવાર્ય અંગ બની રહે છે. ઘણીવાર આવાં કાવ્યોને રાજા તરફથી ઉત્તેજન પણ મળતું. એક રાજાના ગુણવર્ણનથી બીજા રાજામાં પણ એનું અનુકરણ કરવાની, એવું જ 'સુરાજ્ય' નિર્માણ કરવાની પ્રેરણા મળે એ એનું એક ઉજળું પાસું ગણાવી શકાય. ઘણાખરા રાજાઓ માટે આવાં સ્તુતિકાવ્યો તો લખાય જ છે. એવાં ઘણાં કાવ્યો હજી મોટે ભાગે હસ્તલિખિતના સ્વરૂપમાં જ છે તેથી લોકોને એના વિશે માહિતી હોતી નથી. શ્રી સયાજીરાવ મહારાજાની ૧૨૫મી જન્મજયંતીના વર્ષે વડોદરાના પ્રાચ્યવિદ્યા મંદિરસ્થિત 'सय्याभिधकाव्यम्' નામનું એવાજ પ્રકારનું એક કાવ્ય પ્રકાશિત કરવાની તક મને મળે છે એ હું મારું સદ્‌ભાગ્ય સમજું છું.

सय्याभिधकाव्यम् :—આ કૃતીની એક માત્ર હસ્તપ્રત અત્યાર સુધી ઉપલબ્ધ થઈ છે. અને તે વડોદરાના પ્રાચ્યવિદ્યા મન્દિરના હસ્તપ્રત સંગ્રહમાં છે. એનો ક્રમાંક ૭૬૩૩ છે. આ પોથીમાં કુલ ૧૩ પાન છે. દરેક પાન ઉપર સામાન્ય રીતે ૧૪ લીટીઓ છે અને દરેક લીટીમાં સાધારણતઃ ૨૫ થી ૩૧ અક્ષરો છે. આના ઉપર કવિએ ટીકા પણ લખી છે. શ્લોકો વચ્ચે લખેલા છે તેથી અક્ષરસંખ્યામાં ફેર પડે છે. આ કૃતિ અર્વાચીન કાગળ ઉપર લખેલી છે. જેનો સમય આ સદીની શરૂઆતનો છે. સાધારણ પીળા રંગના પાનાની આ પોથીનું પરિમાણ ૨૭ × ૧૪·૫ સેં.મી. છે.

આ કાવ્યમાં કુલ ૪૬ શ્લોકો છે અને એના ઉપર 'शीघ्रबोध' નામની ટીકા કવિએ પોતે જ લખેલી છે. પહેલા જ પાન પર નીચે મુજબ નોંધ છે. 'आबाकविरचितं सय्यकाव्यं'

'સ્વાધ્યાય', પુ. ૨૫, અંક ૧–૨, દ્વીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૮૭–જાન્યુઆરી ૧૯૮૮, પૃ. ૨૦૭-૨૨૦

* પ્રાચ્યવિદ્યા મન્દિર, વડોદરા-૩૯૦ ૦૦૨.

With a Commentary by the author. Copied through Mr. Rangaswamy of this Lib. 10–3–1919. *R. A. Sastri.* પોથીના છેલ્લા પાન પર This copy was finished on the 10th March '19 એવી નોંધ જોવા મળે છે. આ બન્ને નોંધો પરથી આ કાવ્ય ૧૯૧૯ પહેલાં લખાયું હતું એવું સ્પષ્ટ થાય છે. આ કવિ વિશે બીજી કોઈ પણ માહિતી મળતી નથી. હું વિદ્વાનોને વિનંતી કરું છું કે જો કોઈ આ કવિ વિશે કાંઇ જાણતા હોય તો તે મને માહિતી આપીને ઉપકૃત કરે.

કાવ્ય—આ શ્રીસયાજીરાવનું સ્તુતિકાવ્ય હોવાથી સ્વાભાવિક રીતે જ એમાં એમનું ગુણવર્ણન છે. અને સાથે સાથે કેટલીક સારી કલ્પનાઓ પણ જોવા મળે છે. દા. ત. શ્લોક ૪૭ વ્યાખ્યા–નાગને કર્ણ નથી એ સારું છે. નહીં તો સયાજીરાવનું ગુણવર્ણન સાંભળીને જો એ નાગરાજ શિરઃકમ્પન કરે તો સમસ્ત પૃથ્વીનો વિનાશ થાય.

આ વ્યાખ્યામાં ઘણાં અવતરણો જોવા મળે છે એ આ વ્યાખ્યાની એક વિશેષતા ગણાવી શકાય. સંસ્કૃત કાવ્યની વ્યાખ્યા લખવાની પદ્ધતિ અનુસાર જ આ કાવ્યની વ્યાખ્યા લખાઈ છે. જિજ્ઞાસુઓ માટે વ્યાખ્યા સહિત એ સમસ્ત કાવ્ય અહીં આપું છું.

आबाकविरचितं सव्यकाव्यम्, सव्याख्यम् ।

श्रीगणेशाय नमः ।

यच्छुण्डादण्डचक्रभ्रमणजवभरभ्रान्तमूर्च्छायिता सत्
चूडामण्येतदास्ते जगदखिलमहो भव्यसन्दोहमग्नम् ।
सस्यादस्मच्चिकीर्षाभरभजनविधिप्राप्तरायाय वज्रं
तस्मै लम्बोदरायानिशमिह मनसा दण्डवत्सन्नतोऽस्मि ॥

अथ तत्र कविराजः "काव्यं यशसेऽर्थकृते शिवेतरक्षतये । सद्यः परनिर्वृतये" इत्यादि आलङ्कारिकवचःप्रामाण्यात् काव्यस्यानेकश्रेयःसाधनतां. "काव्यालापांश्च वर्जयेत्" इति निषेधशास्त्रस्य असत्काव्यविषयतां च पश्यन् श्रीसय्याभिधंकाव्यं चिकीर्षुः, चिकीर्षितार्थ-निर्विघ्नपरिसमाप्तिसम्प्रदायावच्छेदलक्षणफलसाधनत्वात् "आशीर्नमस्क्रिया वस्तुनिर्देशो वाऽपि तन्मुखम्" इति आशिराद्यन्यतमस्य प्रबन्धमुख्यलक्षणत्वात् माधवावतारारव्यं वस्तुनिर्देशनिदानम् उपक्षिपति श्रियमिति ।

श्रियमुन्मथनादुदन्वतः प्रतिपन्नामवमत्य माधवः ।
कलयाऽवततार भूतले जगदिष्टं जनयन् जयाकरः ॥ १ ॥

आदितः श्रीशब्दप्रयोगात् वर्णगणादिशुद्धिः नोपयुज्यते । तदुक्तम्—

"देवतावाचकाः शब्दा ये च भद्रादिवाचकाः ।
ते सर्वे नैव निन्द्याः स्युः लिपितो गणतोऽपि वा ॥" इति ।

अत्र सर्वमन्वयमुखेन व्याख्यायते । अस्मिन्सर्गे अन्त्यवर्जं सर्वं वैतालीयम् । माधवः श्रीविष्णुः उदन्वतः उदधेः उन्मथनात् विलोडनात् प्रतिपन्नां प्राप्तां श्रियं लक्ष्मीम् अवमत्य जगतः इष्टम् ईप्सितं जनयन् प्रादुर्भावयन् जयाकरः जयस्य उत्कर्षस्य आकरः खनिः इति यावत् । एवं सन् कलया अंशेन अस्मिन् भूतले जगतीतलेऽवततार अवतीर्णः इत्यनेनायं साक्षाज्जलशायी ईश्वरः ब्राह्मणादिसर्वजनानां इष्टं कर्तुं त्वरमाणः सन् इति सह्याद्रिखण्डस्थां कथां सूचयति । सागरोन्मथनादिमहाप्रयासेन लब्धां श्रियम् अवमत्य जगत्यामवतीर्ण इति भावः ॥ १ ॥

कलया अवततारेत्युक्तं तत्स इत्यनेन परामृशति–**स विभुः भुवीत्यादिना**–

स विभुर्भुवि सख्यभूपतिः सकलानाविरभूदवन् जनान् ।
अखिलार्थिमनोरथप्रदो दिवि साक्षादिव कल्पपादपः ॥ २ ॥

स एष सख्यनामा भूपतिः विभुः प्रसिद्धः परमेश्वर भुवि अत्र भूमण्डले अखिलाश्च तेऽर्थिनश्च अखिलार्थिनः, तेषां मनोरथान् प्रददातीति पूरयतीति यावत् । सर्वयाचकमनोरथपूरणसमर्थोऽभूत् । तत्र दृष्टान्तः । दिवि स्वर्गलोके साक्षात्कल्पपादपः कल्पतरुः इवेति । एवं च स विभुः सख्यरूपेण जातः, तस्मादेतस्य राज्ञः माधवावतारत्वात् मनुष्यगुणप्रस्तावदोषोक्तिः निरस्ता इति तत्त्वं सूचितमित्यलम् । "ना विष्णुः पृथिवीपतिः" इति वचनाच्चावतारत्वम् ॥ २ ॥

अथ राज्ञः प्रभावाधिक्यमाह–**सदिति** ।–

सदनन्तगुणैकभाजनं वसुधाधाम पयोधिमेखलम् ।
यदनेन सनाथतामितं तदसद्भारपरिश्रमं जहौ ॥ ३ ॥

यत् यस्मात् अनेन सख्येन महाराजेन सतां येऽनन्तगुणाः अपारा गुणाः दयादाक्षिण्यादयः तेषामेकं मुख्यं भाजनं पात्रम् । पयोधिः समुद्रो मेखला यस्य तत्, वसुधाधाम भूतलं, सनाथस्य भावः सनाथतां सस्वामिकताम् इतं प्राप्तम् आसीदिति शेषः । तत् तस्मात् असताम् असाधूनां भारः, तेन यः परिश्रमः, तं जहौ तत्याज । अनेन राज्ञा सनाथं भूमण्डलं दुष्टभारजन्यं परिश्रमं त्यक्तम् । एतावाना(न)स्य प्रभाव इति भावः ॥ ३ ॥

परिभाव्येति ।

परिभाव्य चिरं विरिञ्चिना जगतीनाथकुलाय कल्पितम् ।
निजवंशपरम्परागतं स्वनिवासेन पुरं न्यमण्डयत् ॥ ४ ॥

राजा स्वस्य निवासो वासस्थानं, तेन विरिञ्चिना ब्रह्मणा चिरं चिरकालं परिभाव्य विचार्य जगत्याः नाथस्य सार्वभौमस्य यत्कुलं, तस्मै कल्पितं, निजः स्वकीयो वंशः अन्वयः तस्य परम्परा सन्ततिः, तस्या आगतं प्राप्तं पुरं वटपत्राख्यं नगरं न्यमण्डयत् भूषयाम्बभूव इत्यन्वयः । आत्मनिवासेन परम्परागतमपि नगरं शोभितं कृतवान् इति प्रभावाधिक्यम् एतस्येति दर्शितमित्यर्थः ॥ ४ ॥

अथ राज्ञ ऐश्वर्यं प्रतिपादयति **स इति** ।—

स महत्तमपुण्यपत्तने निवसन्नर्थिसमर्थितो बभौ ।
पुरूहूत इवामरावतीनगरे निर्जरनिर्भरार्थितः ॥ ५ ॥

स सभ्यो भूपः अर्थिभिः याचकैः सम्यगर्थितः प्रार्थितः महत्तमं च तत्पुण्यं च सुकृतं, तत्साधनं पत्तनं तस्मिन्निवसन् । अमरावत्यां निर्जरैः त्रिदशैः निर्भरेणातिशयेन अर्थितः प्रार्थितः पुरूहूत एव वासव इव बभौ चकासे अत्रोपमानोपमेययोर्यावत्साहश्यात् पूर्णोपमेयम् ॥ ५ ॥

अथ पुरीराजन्ययोः परस्परं योग्यत्वं सदृष्टान्तं प्रतिपादयति–**उचितेति** ।—

उचिताऽस्य बडोदनामिका रुचिरा पूः किल राजधान्यभूत् ।
निजपुण्यविशेषशालिनो मधुराका रजनी विधोरिव ॥ ६ ॥

निजं स्वकीयं यत्पुण्यं तस्य यो विशेषः आधिक्यं, तेन शालते, तच्छीलः, तस्य विशेषान्ते 'सुप्युपदेशा श्लाघायाम्' इत्यस्मात् ताच्छील्येऽर्थे णिनिः । अस्य भूपतेः बडोदनामिका बडोदाभिधा पूः नगरी राजधानी रुचिरा परमशोभना । उचिता किलेति निश्चये । अभूत् आसीत् । तत्र दृष्टान्तः–विधोः सुधांशोः, मधुः चैत्रः, तत्सम्बन्धिनी राका पौर्णमासी, तस्य रात्रिरिव रजनीव ॥ ६ ॥

एतदुभयविधाने ब्रह्मणोऽपि चातुर्यं प्रतिहतमित्याह—**चतुराननेति** ।—

चतुराननचातुरीकला सकलाऽपि प्रशमं ययाविमौ ।
कमनीयपरस्परोचितौ निविधातुं नगरीनरेश्वरौ ॥ ७ ॥

कमनीयौ च तौ परस्परमन्योन्यमुचितौ योग्यौ इमौ प्रसिद्धौ नगरीनरेश्वरौ, नगरी च नरेश्वरः च तौ, नितरां विधातुं निर्मातुं सकलाऽपि सम्पूर्णाऽपि चतुराननस्य चतुर्मुखस्य चातुरी वैदग्धी कला प्रशमं ययौ, शान्तिं प्राप इत्यन्वयः । न त्वग्रे स्फूर्तिमगमत् । अनेन पूर्वं नगरीराज्ञोः परस्परौचित्यप्रतिपादनाच्चापूर्वशोभा सम्पन्नेति कवितात्पर्यम् ॥ ७ ॥

अधिगत्य नवं स यौवनं प्रतिभुक्तामपि पूर्वभूभरैः ।
वसुधामिव हस्तगामिनीमकरोद्वज्रधरः पुलोमजाम् ॥ ८ ॥

अधिगत्येति । स राजा नवं, यूनः तस्य भावः यौवनं तारुण्यम् अधिगत्य प्राप्य पूर्वभूभरैः पूर्वराजैः प्रतिभुक्ताम् उपभुक्तामपि वसुधाम् अवनिम् । वज्रधरः इन्द्रः पुलोमजाम् इन्द्राणीमिव पुलोम्नो रक्षसः जातां हस्तगामिनीमकरोत् हस्तग्राह्याञ्चकार । लोके हि परोपभुक्तस्य वस्तुन उपभोगो गर्ह्यः । तथाऽपि परेषामुपमर्दं कृत्वा तेभ्यः सर्वं ग्राह्यम् । अयमेव महान् पुरुषकार अनेन सम्पादित इति भावः ॥ ८ ॥

उपकण्ठमकुण्ठशासनः स्थितमुन्नीय सपत्नमण्डलम् ।
स न मन्त्रिमिषेण चक्षमे हितभाषीव हितेतरान्तरम् ॥ ९ ॥

केवलं प्रधानव्याजेन संस्थितम् अरिमण्डलं विज्ञाय न सेह इत्याह—**उपकण्ठमिति** । स भूपः अकुण्ठशासनः अप्रतिहताज्ञः सन् सपत्नमण्डलं रिपुकूटं हितेतरान्तरं सत् हितेतरत् अन्तरेऽभ्यन्तरे यस्य तत् मन्त्रिमिषेण अमात्यव्याजेन हितभाषीव हितं भाषते, तच्छीलं, तदिव उपकण्ठं समीपं स्थितम् उन्नीय विज्ञाय न चक्षमे न सेह इत्यर्थः । अत्र इवशब्द उत्प्रेक्षां द्योतयति । तदुक्तम्—

"मन्ये शङ्के ध्रुवं प्रायो नूनमित्येवमादिभिः ।
उत्प्रेक्षा व्यज्यते शब्दैरिवशब्दोऽपि तादृशः" ॥ इति

एवं मन्त्रिषु दोषदर्शनात्तदसहने सति स्वनैरपेक्ष्येण तान् दण्डयितुम् अन्योऽन्यमेव दण्डः कल्पनीय इत्यभिप्रेत्य कलह इति प्रतिपादयति । **स परस्परमिति** ।

स परस्परमक्षयायितं हितकारायितमन्त्रिशत्रुषु ।
समजीजनदन्यतः कलिं सहसाऽसज्जनभङ्गहेतुना ॥ १० ॥

स प्रसिद्धो राजा हितं पथ्यं कुर्वन्ति ते हितकाराः, तद्वत् आचरिता ये मन्त्रिभूताः प्रधानभूताः ते ये शत्रवः तेषु परस्परमन्योऽन्यम् अक्षयवदाचरितम् अक्षयायितम् । कलिं कलहं सहसा अयत्नेन असज्जनानां खलानां भङ्गो नाशः तत्र हेतुः बीजं, तेन अन्यतः स्वनैरपेक्ष्येण समजीजनत् सातिशयम् उत्पादयामास इति भावः ॥ १० ॥

कलहेन बलीयसा ततो रिपुकाण्डं यमदण्डमन्वभूत् ।
नृपतेरथ नष्टकण्टकं समभूद्राज्यमनाज्यनाकुलम् ॥ ११ ॥

ततः पूर्वोक्तानन्तरं नृपतेः राज्ञः रिपूणां काण्डं समुदायः बलीयसा कलहेन यमदण्डं यमशासनं, मृत्वा यमयातनामन्वभूत् अनुभूतवत् इति भावः । रिपूणां यमयातनानुभवे स्वामिद्रोह एवात्र कारणम् । अथ नृपतेः राज्यं नष्टकण्टकं हतप्रतिपक्षं सत् अनाकुलम्, असम्भ्रान्तम्, अनाजि—न विद्यते आजिः सङ्ग्रामो यस्मिन् । सर्वत्र शत्रूणामत्यन्ताभावात् युद्धशून्यं समभूत् आसीत् इति भावः ॥ ११ ॥

मघवानपि सत्रपोऽभवत्प्रविलोक्य क्षितिरक्षिणं भुवि ।
निजसम्पदतिक्रमोचितां श्रियमङ्गीकृतवन्तमञ्जसा ॥ १२ ॥

मघवानिति । मघवानिन्द्रोऽपि भुवि भूमण्डले निजा स्वकीया या सम्पत्, तस्या अतिक्रमे उल्लङ्घने उचितां श्रियं राज्यलक्ष्मीम् अञ्जसा अनायासेन अङ्गीकृतवन्तं स्वीकृतवन्तं, क्षितिं रक्षतीति, तच्छीलं तं राजानं प्रविलोक्य दृष्ट्वा सत्रपो व्रीडया सहितोऽभवत् ॥ १२ ॥

निखिलक्षितिरक्षणक्षमः प्रशशास क्षितिमण्डलं नृपः ।
अनुरागपयोनिधिः पिता स किलापत्यमिव स्वमौरसम् ॥ १३ ॥

निखिलेति । स नृपः निखिलक्षितेः निखिलायाः क्षितेः रक्षणे पालने क्षमः समर्थः सन् पिता अनुरागः स्नेहः तस्य पयोनिधिः समुद्रः तत्सदृशः सन् स्वम् औरसम् अपत्यमिव किल निश्चयेन क्षितिमण्डलं प्रशशास प्रकर्षेण पालयामास इत्यन्वयः । एवं चापत्यदृष्टान्तेन राज्ञः प्रजासु वात्सल्यातिशयः सूचितः ॥ १३ ॥

ननु केवलं राज्यकर्तृत्वं क्षत्रियधर्मः विष्णोश्चरणसमुद्भूतवर्णस्याप्रसिद्धः । तत्कथमेतेन पदसमुद्भवेन आधिपत्यं लब्धमिति चेत्तत्राह—**प्रतिपद्येति** ।

प्रतिपद्य शिवस्य शासनं शिवकर्मा स हि सत्यभूपतिः ।
शिवराजनिसर्गपद्धतिं प्रतिपेदे तपसा गरीयसा ॥ १४ ॥

हि यस्मात् स सत्यनामा भूपतिः शिवकर्मा–शिवं कल्याणं कर्म यस्य, तथा सन् शिवस्य साम्बस्य शासनम् अभयरूपाज्ञां प्रतिपद्य प्राप्य गरीयसा अतिशयेन गुरुः इति गरीयः, तेन महता तपसा शिवराजनिसर्गपद्धतिं शिवाख्यस्य राज्ञः स्वाभाविकीं पद्धतिं सरणिं प्रतिपेदे लब्धवान् इत्यर्थः । अनेन दुष्करतपसा मल्लारिम् आराध्य राज्यं प्राप्तमित्यर्थः ॥ १४ ॥

स कदाचिदियेष भूमिपो नगरे वीथिचतुष्पथाऽधिकम् ।
दृढनीलशिलाभिरञ्जसा किल बध्दुं जितलोकपालकः ॥ १५ ॥

स इति । स भूमिपः कदाचित् जिताः लोकपालकाः इन्द्रादयो लोकपालाः येन तादृशः सन् नगरे वडोदाख्ये वीथिचतुष्पथादिकं सकलं मार्गजातं अञ्जसा अयत्नेन दृढनीलशिलाभिः नीलाः श्यामाश्च ताः शिलाश्च नीलशिलाः दृढाश्च ताः नीलशिलाश्च, ताभिः । उभयत्रापि "पुंवत्कर्मधारयः" इति पुंवद्भावः । बध्दुं खचितुम् इयेष इष्टवान् इत्यर्थः । एतेन स्वेच्छावशात् अपूर्वमपि चकारेति ईषदपि पारतन्त्र्यं नाङ्गीकरोतीति ज्ञापितम् ॥ १५ ॥

"न कुर्यान्निष्फलं कर्म" इति शास्त्रबलात् सर्वत्र कर्मणां सकारणत्वे सति एतादृशमार्गबन्धकर्मणः किं कारणमिति चेत्तत्राऽऽह—**स्तनयित्नुविमन्देति** ।

स्तनयित्नुविमन्दवर्षणैरिति नित्यं जनतागतागतैः ।
अधिगत्य स मर्दयत्यसौ जनितः पङ्कभरः सदा जनम् ॥ १६ ॥ युग्मम् ॥

अत्र नगरे स्तनयित्नूनां मेघानां यानि विमन्दवर्षणानि–अतीव शनैः वर्षाः, तैः, नित्यम् अहर्दिवं, जनानां समूहो जनता, तस्याः गतागतैः गमनागमनैश्च जनितः उत्पन्नः पङ्कभरः कर्दमातिशयो जनं लोकं सदा स मर्दयति सम्यक् पीडयति इति असौ नृपः अधिगत्य विज्ञाय इयेषेति पूर्वश्लोकस्थेनान्वयः ॥ युग्मम् ॥ १६ ॥

करुणाभरपूर्ववारिधिः स हि तत्र प्रकृतीरयोजयत् ।
कमलाकरसम्प्रसादने तपनः प्रागुदयन् करानिव ॥ १७ ॥

करुणेति । स राजा तत्र वीथिबन्धनकर्मणि । करुणायाः भरोऽतिशयः, तेन पूर्णः वारिधिः सागरः सन् प्रकृतीः मन्त्रिणः अयोजयत् योजितवान् इत्यर्थः । उक्तमर्थमर्थान्तरोपन्यासेन द्रढयति । कमलाकरस्य पद्मकदम्बस्य सम्यक् प्रसादने विकसनविषये तपनः सविता प्रागुदयन् प्राच्यां प्रादुर्भवन् सन् करान् किरणान् योजयति इव इति भावः । अयमेकदेशी दृष्टान्तेन तु पूर्ण इति भावः ॥ १७ ॥

पुरपद्धतिबन्धनाय ते विनियुक्ता वसुधाऽधिपालिना ।
भृशमाशु बबन्धुरुत्तमाहनि साशेषचतुःपथान् पथः ॥ १८ ॥

पुरेति । वसुधाधिपालिना पृथ्वीपालेन पुरस्य बडोदनगरस्य पद्धतयः पद्याः, तासां बन्धनाय बन्धनार्थं विनियुक्ताः प्रेरिताः, उत्तमाहनि पुण्यदिने भृशम् अतिशयेन अशेषचतुःपथैः सहिताः साशेषचतुःपथाः, तान् पथः मार्गान् आशु तूर्णं बबन्धुः रचयामासुः । अत्र त्वरया सर्वमार्गबन्धनं स्वामिनः प्रतापातिशयं सूचयति इति ॥ १८ ॥

अवलोक्य तदा नरेश्वरोऽनुपमस्थाणुविनद्धपद्धतीः ।
प्रमदातिशयेन मानसं समदार्थिभिरर्थितं मुहुः ॥ १९ ॥

अवलोक्येति । तदा तस्मिन् काले नराणां मनुष्याणाम् ईश्वरः स्वामी सख्यः अनुपमैः स्थाणुभिः पाषाणैः विनद्धाः बद्धाः पद्धतीः मार्गान् अवलोक्य प्रमदातिशयेन हर्षातिशयेन । "मुत्प्रीतिः प्रमदो हर्षः" इत्यमरः । अर्थिभिः अर्थितम् ईप्सितं मानसं मनोरथं मुहुः पुनः पुनः समदात् अर्पयामास । एवं चायं जातहर्षः सन् औदार्याधिक्यात् कृतकृत्यतां मन्यमानो विरराज इति भावः ॥ १९ ॥

विरराज स राज्यपद्मया शतजन्मार्जितयोगलभ्यया ।
बुभुजे सहसा समागतां निखिलक्षोणितलश्रियं नृपः ॥ २० ॥

विरराजेति । सः शतजन्मभिः अर्जितः सम्पादितो यो योगः समाधिः तपोविशेषो वा तेन लभ्या लब्धुं योग्या उचिता, तया राज्यपद्मया राज्यलक्ष्म्या विरराज, बभौ, विराजितः सन् सहसा आकस्मिकतया समागतां प्राप्तां निखिलक्षोणितलस्य अखिलभूमण्डलस्य श्रियं राज्यलक्ष्मीं बुभुजे भुक्तवान् इत्यन्वयः । सर्वभूमिविषयान् भुक्तवान् इत्यनेन सुखभोक्तृत्वाधिक्यं सूचितमिति भावः ॥ २० ॥

सति भूपशते जगुर्जना अपि राजन्वदनेन भूतलम् ।
विधुनैव नभः सतारकं शुचि तेजस्वदपि ग्रहाकुलम् ॥ २१ ॥

सतीति । जनाः लोकाः भूपानां राजन्यानां शते सत्यपि । शतशब्द उपलक्षणम् । भूतलं जगतीतलम् अनेनैव राज्ञा राजन्वत् सौराज्यवत् । "राजन्वान् सौराज्य" इत्यनेन निपातितो राजन्वच्छब्दः । जगुः ऊचुः । तत्र दृष्टान्तः विधुनेति । सतारकं तारकाभिः सहितं, ग्रहैः शुक्रादिभिः आकुलं व्याप्तमपि नभः आकाशः विधुनैव चन्द्रमसैव शुचि तेजस्वत् स्वच्छद्युतिमत् वर्तत इति भावः ॥ २१ ॥

सशरीरझषध्वजायितं नृपमेनं परिरेभिरे चिरम् ।
पुरयोषिदनन्तरेक्षणोत्सुकसर्वेन्द्रियचित्तवृत्तयः ॥ २२ ॥

सशरीरेति । पुरस्य बडोदनगरस्य योषितो नार्यः, तासामनन्तरं यदीक्षणम् अवलोकनं तेन उत्सुकाश्च ताः सर्वेन्द्रियाणां चक्षुरादीनां चित्तस्य वृत्तयः, ताः । सशरीरोऽङ्गधारी यो झषध्वजो मकरध्वजस्तद्वदाचरितम् । एवं नृपं सख्यराजं चिरं चिरकालं परिरेभिरे परिषस्वजिरे । अनेन तावत् राज्ञो वपुषः सौन्दर्यातिशयो वर्णित इति भावः ॥ २२ ॥

सकुतूहलमस्य चारुतां युवतीनामवलोकयितुं जनः ।
विचकाङ्क्ष कलाभिरञ्जसा सकलाभिर्गतिनर्त्तनादिभिः ॥ २३ ॥

सकुतूहलमिति । युवतीनां तरुणीनां जनः लोकः समुदायः अस्य राज्ञः चारुतां रम्यतां सकलाभिः सम्पूर्णाभिः गतिः हंसगमनादि, नर्त्तनं नृत्यं तदादिभिः कलाभिः सकुतूहलं कुतूहलेन कौतुकेन सह इति सकुतूहलं यथा स्यात्तथा । अञ्जसा साक्षात् अवलोकितुं द्रष्टुं विचकाङ्क्ष विशेषेणाकाङ्क्षीत् । अनेन केवलं कामकल्पं राजानं गत्यादिमहाप्रयासैः द्रष्टुम् औत्सुक्यवान् नारीजनः आसीदिति भावः ॥ २३ ॥

सपुरन्दरदेवतागणस्पृहणीयाचरणस्य भूपतेः ।
शुशुभे क्षितिपालनक्षणः क्षमया वंशपरम्परात्तया ॥ २४ ॥

पुरन्दरेण सहितः सपुरन्दरो यो देवतानां गणः समुदायस्तेन स्पृहणीयम् आचरणं राज्यव्यवहारो यस्य तस्य भूपतेः भुवः पतिः तस्य सार्वभौमस्य इति यावत् । क्षितेः क्षोण्याः पालनस्य रक्षणस्य यः क्षणः कालः । क्षणशब्दः कालपरः उपचारात् । वंशस्य परम्परा आनुपूर्वी, तया आत्ता धृता, तया क्षमया शुशुभे [च]कासाञ्चकार इत्यन्वयः ॥ २४ ॥

एतस्य राज्ञो रुचिरत्वं दृष्ट्वा मदनोऽप्यात्मानं निन्दतीत्याह **कमनीयमिति** ।—

कमनीयममुष्य मन्मथो मनसाऽमन्यत जन्म मे वपुः ।
अवलोक्य मुधेति साध(द)रं युवतिस्वान्तविमोहनक्षमम् ॥ २५ ॥

मन्मथः कन्दर्पः, अमुष्य राज्ञः युवतीनां तरुणीनाम् । युवन्शब्दात् "यूनः स्त्रीभिः" इति प्रत्ययः । स्वान्तं चित्तं, तस्य विमोहने क्षमं समर्थं कमनीयं मनोहरं वपुः सादरं विलोक्य दृष्ट्वा मम जन्म जनुः मुधा व्यर्थम् इति मनसा अन्तःकरणेन अमन्यत अबोधि इत्यन्वयः । अनेनास्य राज्ञो वपुषश्चारुतातिशयः कामिनीमोहकत्वं दर्शितमिति भावः ॥ २५ ॥

वदनं जितपङ्कजद्युति क्षितिपालस्य निरीक्ष्य केवलम् ।
किमियं नलिनी जले तपोऽनिशमाकण्ठं निमज्जती सती ॥ २६ ॥

वदनमिति । क्षितेः पालस्य नृपस्य केवलं जिता न्यूनीकृता पङ्कजस्य द्युतिः शोभा येन तत् वदनं वक्त्रमित्यर्थः । निरीक्ष्य नलिनी पद्मिनी अनिशं कण्ठं मर्यादीकृत्येति आकण्ठं निमज्जती सती तपः अतपत् । किमित्युत्प्रेक्षा । अत्र नलिनी राज्ञो मुखमवलोक्य पङ्कजस्य राजमुखापेक्षया न्यूनत्वं मन्यमाना सती मुखसाम्यप्राप्तिकामा तपश्चकारेति भावः ॥ २६ ॥

राज्ञः कीर्तिं प्रतिपादयति—**विनिपीयेति** ।—

विनिपीय च यस्य सत्कथां दिवि देवाः स्पृहयन्ति नामृतम् ।
अजरामरतां प्रपेदिरे विरतं यस्य निषेवणात्सकृत् ॥ २७ ॥

यस्य राज्ञः सत्कथाः साध्वीः कथाः दिवि स्वर्गे देवाः विनिपीय निशम्य श्रुत्वा इति यावत् । अमृतं पीयूषं न स्पृहयन्ति न इच्छन्ति, एतावान् राजकथासु माधुर्यातिशय इति ध्वन्यते । किंभूतममृतम् । देवाः यस्यामृतस्य सकृत् निषेवणात् अजरामरतां जरामरणशून्यत्वं प्रपेदिरे लेभिरे । तथाभूतमपि अमृतं नेच्छन्तीति अतिशयोक्तिः ॥ २७ ॥

सकलासु कलासु नैपुणं भजमानो भजनीयसद्गुणः ।
व्यरमद्भगवानिवापरः किल विद्यासु चतुर्दशस्वयम् ॥ २८ ॥

सकलास्विति । सकलासु सम्पूर्णासु कलासु चतुःषष्ठिकलासु नैपुणं तत्कौशल्यं भजतेऽसौ, भजमानः सेवमानः । भजनीयसद्गुणः, सेवनीयाः सन्तो गुणाः यस्य सः । अयं नृपतिः चतुर्दशसु विद्यासु भगवान् श्रीवासुदेव इव व्यरमत् विशेषेण चिक्रीडे । "व्याङ्परिरभ्यो (परिभ्यो) रमः" इति परस्मैपदम् । एतत्सदृशो सकलविद्यानिपुणो विरलः पृथिव्यामिति भावः ॥ २८ ॥

स पिशाचलिपिर्यदाऽभजन्नृपमेनं निखिलात्मना भुवि ।
त्रपया सह चित्रगुप्तकस्त्वरया संयमिनीमगादिव ॥ २९ ॥

स इति । एनं नृपं यदा भुवि भूमण्डले पिशाचलिपिर्निखिलात्मना सर्वप्रकारेणाभजत् सिषेवे तदा सः प्रसिद्धः चित्रगुप्तकः त्रपया सह व्रीडया युक्तस्त्वरया संयमिनीं नाम्नीं पुरीम् इव अगात् अगमत् इति भावः । अनेन चित्रगुप्तोऽपि एतस्य लेखनकलामपूर्वां दृष्ट्वा लज्जित आत्मनो जीवितं व्यर्थं मन्यमानः देहत्यागं कृत्वा यमपुरीमिव गत इति ध्वनितम् ॥ २९ ॥

निजपुण्यचयोदयादयं नगरस्थोऽपि विना समुद्यमम् ।
भृशमुन्नमिता जयध्वजं जयजन्माऽपि दशाऽजयद्दिशः ॥ ३० ॥

निजेति । अयं सख्यो नृपः जय एव जन्म यस्य सः, नगरे एव तिष्ठतीति, तथा भृशमत्यर्थं जयस्य विजयस्य ध्वजः, तम् उन्नमिता उच्छ्रयिता एतादृशः सन् समुद्यमं विनैव उद्योगमन्तरा एव निजपुण्यचयोदयात् निजपुण्यप्रभावात् एव दशापि दिशः अजयत् जितवान् इत्यर्थः । अनेन राज्ञा उद्योगं विना प्रतापादेव दिग्विजयः कृतः ध्वनयति ॥ ३० ॥

उपसृत्य सपत्नमण्डली भयमन्तःकरणे वहन्त्यपि ।
करमेनमुपायनैः समं समदादेव विनाऽपि शासनम् ॥ ३१ ॥

उपसृत्येति । अस्य शासनम् आज्ञां विनाऽपि अन्तःकरणे मनसि भयं भीतिं वहन्ती सपत्नमण्डली शत्रुसङ्घोऽपि एनं राजानमुपसृत्य समीपमागत्य उपायनैः उपहारैः समं साकं करं करभारं समदात् एव अददत् । अत्र सर्वे मण्डलेश्वराः भीत्यैव करभारं स्वयमेव प्रापयन्ति विना शासनमिति प्रतापाशयोक्तिः ॥ ३१ ॥

अधिगत्य जगत्यधीश्वरः स नगर्यामखिलानधिष्ठितः ।
जगतीजनिधीनरीरमन्नलकायामिव गुह्यकेश्वरः ॥ ३२ ॥

अधिगत्येति । सः जगत्यधीश्वरो भूमिनाथः **नगर्यां** वडोदाख्यायाम् अधिष्ठितः संस्थितः सन्, जगत्यां जाताः जगतीजाः, ते च ते **निधयश्च**, तानधिगत्य प्राप्य अलकायां कुबेरपुर्यां गुह्यकेश्वरः यक्षराट् इव अरीरमत् । पुनः पुनरतिशयेन वा अरमत इति भावः ॥ ३२ ॥

परिभूय स तेजसां निधी रिपुकूटं कृतकृत्यतां ययौ ।
सुकृतैकफलीभवन्निधिं सफलीकर्त्तुमभीष्टतां प्रभुः ॥ ३३ ॥

परिभूयेति । सुकृतस्य एकफलीभवंश्चासौ निधिश्च, तं सफलीकर्तुं फलवन्तं कर्तुम् अभीष्टताम् अभिकाङ्क्षतां प्रभुः नायकः स भूपतिः रिपुकूटं शत्रुसमुदायं परिभूय तिरस्कृत्य ।

मायानिश्चलयन्त्रेषु कैतवानृतराशिषु ।
आयोधने शैलशृङ्गे सीराङ्गे कूटमस्त्रियाम् ॥ इत्यमरः ।

तेजसां निधिः सन् कृतकृत्यतां ययौ । तेजःप्रभावात् शत्रवः पादाक्रान्ता भवन्तीति अलमेतावता ॥ ३३ ॥

विदुषो विविधस्थलीगताननुकूलार्जितपुण्यसञ्चयान् ।
पुनरप्युररीकरिष्यता कृतपुण्या नगरी भृशं बभौ ॥ ३४ ॥

विदुष इति । विविधस्थलीषु नानाकृत्रिमभूमिषु गताः, तान् । अनुकूलार्जितपुण्यसञ्चयाः प्राक्कृतपुण्यराशयः येषां, तान् विदुषः पण्डितान् । पुनरपि उररीकरिष्यता राज्ञेति शेषः । कृतपुण्या नगरी वटपत्राख्या भृशम् अतिशयेन बभौ चकासाम्बभूव इत्यन्वयः । एवं च विदुषां राज्ञाऽधिसभाजिनामागमनेनातिमण्डिता बभूवेति भावः ॥ ३४ ॥

मणिविद्रुमवेदिकामयाः शिबिका हेमलताविराजिताः ।
विदुषां प्रददौ मुदे नृपो गुरुमुक्ताफललम्बिदण्डिकाः ॥ ३५ ॥

मणिविद्रुमेति । नृपः मणयो हीरकादयो(या)श्च विद्रुमाः च मणिविद्रुमाः । तेषां वेदिकाः तत्प्रचुराः हेमलता हेमवल्यः ताभिः विराजिता मण्डिताः, गुरूणि स्थूलानि च तानि मुक्ताफलानि च तानि लम्बन्ते यासु, ताः गुरूमुक्ताफललम्बिन्यः तादृशाः दण्डिकाः यासां तथाभूताः शिबिकाः विदुषां मुदे प्रीत्यै ददौ दत्तवान् इत्यन्वयः । अनेन राज्ञो वदान्यत्वं कवीनां माननीयत्वं दर्शितमिति भावः ॥ ३५ ॥

निकटं ध्रुवमानयत्स्वयं धनदानादिभिरर्थितां सताम् ।
वरपण्डितमण्डलीमसाम(व)वलम्बं प्रचिकीर्षुरञ्जसा ॥ ३६ ॥

निकटमिति । सतां साधूनाम् अवलम्बम् आश्रयं प्रचिकीर्षुः प्रकर्षेण कर्तुमिच्छुरसौ राजा स्वयमेव धनादीनां दानानि, तदादिभिः रक्षितां प्रार्थितां वराणां श्रेष्टा(ष्ठा)नां पण्डितानां मण्डलीं सभाम् अञ्जसा साक्षात् निकटं स्वसमीपं ध्रुवं निश्चयेन आनयत् आनीतवान् । अत्र तावत् राज्ञोऽतिशायिनी सत्सङ्गतिरेव श्रेयस्करी, नान्यत् इति मानसः सङ्कल्प इति प्रतिपादितम् ॥ ३६ ॥

स्वसमीपमानीतानां पण्डितानां निवासाय परमाद्भुतानि सदनानि नियोजितानीत्याह—**सदनानीति** ।

सदनानि विधाय कौशलैरथ दिव्यैरतिविश्वकर्मभिः ।
परिधीकृतनिर्मलं स्फुटस्फटिकश्रेणिगणान्ययोजयत् ॥ ३७ ॥

अथ पण्डितानयनानन्तरम् अतिविश्वकर्मभिः विश्वकर्मादेवः तक्षः, तमप्यतिक्रान्तैः दिव्यैः-दिवि स्वर्गे भवैः, कौशलैः-कुशलस्य भावाः कौशलानि, तैः नैपुणैः निर्मलाश्च ते स्फुटस्फटिकाः उज्वलस्फटिकमणयः तेषां श्रेणिगणाः पङ्क्तिगणाः परिधीकृताः प्राकारीभूताः निर्मलस्फुटस्फटिकश्रेणिगणाः येषु तानि सदनानि विधाय निर्माय अयोजयत्-अत्र भवद्भिः वस्तव्यमिति यथोचितं योजितवान् इत्यर्थः ॥ ३७ ॥

कतिचिद्विलसन्ति गोपुरैः शिखरैरम्बरपारचुम्बिभिः ।
पुरटव्रततिद्युतिश्रितारुणसोपानलसन्ति निर्ममौ ॥ ३८ ॥

कतिचिदिति । कतिचित् सदनानि गृहाणि अम्बरस्य व्योम्नः पारोऽन्तः, तं चुम्बन्ति, तच्छीलानि, तैः गोपुरैः शिखरैश्च विलसन्ति शोभमानानि निर्ममौ निर्मितवान् । पुनः कीदृशि । पुरटस्य हेम्नः व्रततयः लताः तासां द्युतिं कान्तिं श्रिताः मिलिताः ये अरुणसोपानाः आरक्तसोपानाः तैः लसन्ति शोभन्ते तानि तादृशानि च, हेमकान्त्या युक्ता या आरक्ता या उभययोगे किञ्चिद्विजातीया कान्तिः, तच्छोभमानानीति भावः ॥ ३८ ॥

अतिसुन्दरचित्रचित्रितध्वजशोभाविलसत्सु सद्मसु ।
वसुधाधिपतिर्यथोचितं विदुषः सर्वविदो न्यवासयत् ॥ ३९ ॥

अतीति । वसुधायाः पृथिव्याः अधिपतिः राजा, सर्वं विदन्ति ते सर्वविदः सर्वज्ञान् इति यावत् विदुषः विद्वज्जनान् अतिसुन्दराणि चित्रविचित्राणि नानाविचित्राणि सञ्जातानि येषां ते च ते ध्वजाश्च तेषां या शोभा तया विलसन्ति तादृशेषु सद्मसु निकेतनेषु यथोचितं यथायोग्यं न्यवासयत् निवासितवान् इत्यन्वयः । यथोचितमित्यनेन राज्ञो योग्यायोग्यविवेकचातुर्यातिशयो वर्णित इति भावः ॥ ३९ ॥

स सभासदपण्डितावलिं प्रतिपाण्डित्यकलाविशारदाम् ।
निजसद्मसभातलागतामुपचारैरखिलैरतोषयत् ॥ ४० ॥

स इति । स नृपः प्रतिपाण्डित्यं सामान्यतः साध्वसाधुविवेकः सैव कला, तस्यां विशारदां निपुणां, सभ(भा)यां सीदन्ति तादृशा ये पण्डिताः तेषाम् आवलिं पङ्क्तिम् । निजं स्वकीयं यत्सभातलं सभास्थानं तत्रागतां राजदर्शनार्थं समागताम् अखिलैरुपचारैः ईप्सितमभिप्रेत्य देयवस्तुविशेषैः प्रतिष्ठावस्त्रादिभिः अतोषयत् इत्यन्वयः । अत्र राज्ञः पण्डितसन्माने अतीवौत्सुक्यमिति ध्वनितम् ॥ ४० ॥

नभसि प्रतिहायनं नृपः स दधानः सुकृती कलौ युगे ।
द्युमणिप्रभवस्य सर्वतः शुशुभे सातिशयं वदान्यताम् ॥ ४१ ॥

नभसीति । स नरपतिः सुकृती धन्यः कलौ युगे प्रतिहायनं प्रतिसंवत्सरं नभसि श्रावणे मासि, दिवः मणिः सूर्यः सः प्रभवो यस्य सः कर्ण इति यावत् । तस्य सतः वदान्यतामुदारतां धत्तेऽसौ दधानः सन् सातिशयं यथा स्यात्तथा शुशुभे चकासाञ्चकार इत्यन्वयः । अत्र राज्ञः औदार्यातिशयो वर्णित इति फलितोऽर्थः ॥ ४१ ॥

द्विजवर्यमनोऽभिवाञ्छितानधिगत्य प्रयतो मनोरथान् ।
प्रददौ यशसोऽतिशायिनीमभिवृद्धिं समभीप्सुरादरात् ॥ ४२ ॥

द्विजेति । प्रयतः यत्नवान् राजा यशसः कीर्तेः अतिशायिनीम् अत्यन्तामभिवृद्धिमभीप्सुः सम्यगिच्छुः सन् आदरात् द्विजेषु वर्याः विद्वांसः, तेषां मनोऽभिवाञ्छितान् मनोरथान् अभिलाषान् अधिगत्य ज्ञात्वा प्रददौ प्रकर्षेण दत्तवान् । अत्र तावद्राजा विद्वद्दिष्टदानेनैव स्वयशसोऽभिवृद्धिं कृतवान् ॥ ४२ ॥

स सदस्यपतीनपूजयत्सुमनः स्रङ्मणिहारभूषणैः ।
समनर्घदुकूलपुङ्गवैरनुकालं सदसीव वासवः ॥ ४३ ॥

स इति । सदस्यानां सभासदानां पतयो गुरवः तान्, सुमनसां स्रजो मालाः, मणयो हीरादयः, हाराः मुक्ताहाराश्च, भूषणानि कुण्डलकटकादीनि च, तैः, अथ च दुकूलानां मध्ये यानि पुङ्गवानि श्रेष्ठानि पट्टवस्त्रादीनि तैः अनुकालम् अनारतं सदसि वासव इव अपूजयत् ॥ ४३ ॥

खलु क्षत्रकुलावतंसिनाऽवनिपालेन यथाजनोदयम् ।
परिपालनदीक्षितेन सज्जनता सादरमाननन्द सा ॥ ४४ ॥

खल्विति । यथाजनोदयं जनोदयमनतिक्रम्य यथा स्यात्तथा परिपालनं रक्षणमेव दीक्षा नियमो व्रतं वा, सा सञ्जाता यस्य, तेन, "तारकादेराकृतिगणत्वादितच्" । क्षत्रकुलावतंसिना क्षत्रियकुलावतंसिना, क्षत्रियकुले अयमवतंसी, नान्यः कश्चित् सम्प्रति एतादृशः कुलभूषयिता, अवनिपालेन राज्ञा करणेन सा प्रसिद्धा सज्जनता सज्जनसमूहः सादरम् आननन्द ॥ ४४ ॥

अरमादरणीयशासनः स्वयमौदार्यभरेण भूतले ।
दशदिक्षु ततान निर्मलं निरवध्यात्मयशःपटं नृपः ॥ ४५ ॥

अरमिति । नृपः स्वयम् अरम् अत्यन्तम् आदरणीयशासनः स्पृहणीयाज्ञः भूतले औदार्यभरेण औदार्यातिशयेन निरवधि निर्मर्यादं यथा भवति तथा निर्मलं निष्कलङ्कम् आत्मनो यशः एव पटः, तं दशदिक्षु ततान विस्तारयामास । अत्र राजा स्वयमेव अन्यनैरपेक्ष्येण भूतले दानशौण्डत्वेन औदार्यातिशयं सर्वत्र प्रकटीकृतवान् इति लोकोत्तरं वदान्यतातिशयोक्तिः ॥ ४५ ॥

यशसोऽतिशयं वितन्वताऽनिशमा(म)कारि शिरोविधूननम् ।
यदनेन जनस्य देवताः किल चक्रुः सुमनोऽभिवर्षणम् ॥ ४६ ॥

यशस इति । यत् यस्मात् यशसः कीर्त्तेः अतिशयम् आधिक्यं वितनोतीति वितन्वन्, तेन वितन्वता विस्तारयता अनेन राज्ञा जनस्य शिरोविधूननं शिरःकम्पनम् अनिशमकारि कृतं, तत् तस्मात् देवताः अस्मिन् राज्ञि किल निश्चयेन सुमनोऽभिवर्षणं कुसुमवृष्टिं चक्रुः । एतस्य राज्ञः कीर्त्तिं श्रुत्वा आनन्दनिमग्नो जनः शिरःकम्पं कृतवान् । अतः अस्मिन् देवाः पुष्पवर्षणं विदध्युः ॥ ४६ ॥

इदमेव पुरा विधिश्चिरं स भविष्यं प्रविचार्य सादरम् ।
भुजगाधिपतेरपि श्रुती न चकार क्षितिभङ्गकातरः ॥ ४७ ॥

इदमिति । इदमेव राजकीर्त्तिश्रवणात् सर्वेषां शिरःकम्पनादि यत्प्रतिपादितं तदेव भविष्यं सर्वथा भवितव्यमिति पुरा सृष्टिसमये सः विधिः ब्रह्मदेवः चिरं चिरकालं विचार्य क्षितिभङ्गकातरः राज्ञः कीर्त्तिश्रवणे लोकसाधारण्येन देवोऽनन्तोऽपि शिरःकम्पनं करिष्यति, तेन क्षितिविनाशः स्यादिति कातरो भीतः सन् भुजगाधिपतेः नागराजस्य श्रुती कर्णावपि न चकार इत्यन्वयः ॥ ४७ ॥

यशसा धवलोऽपि केवलं सकलेऽस्मिन् जगति स्वमाचिनोत् ।
हरिरस्य पयोनिधिं विधिर्निजहंसं करिणं पुरन्दरः ॥ ४८ ॥

यशसा धवल इति । अस्य नृपस्य यशसा कीर्त्या सकलेऽस्मिन् जगति केवलं यथा स्यात्तथा धवले सति । हरिर्विष्णुः पयोनिधिं शयनार्थं क्षीरनिधिम् अचिनोत् मृगयामास । तथा विधिः हिरण्यगर्भोऽपि निजहंसं स्ववाहनम् अचिनोत् । तथा पुरन्दरोऽपि स्वकरिणम् ऐरावतम् अचिनोत् । एतावान् कीर्त्तिप्रभावः येन विष्ण्वादीनामपि यावज्जगतो धवलीभूतत्वात् स्वपदार्थे महान् भ्रमो जनित इति ॥ ४८ ॥

अस्मिन् सर्गे उक्तार्थमुपसंहरति **अगजनि इति** ।

अगजनिपदपद्मारा धनात्ताधिराज्यः
सकलरिपुगणालीमौलिषु स्वीयमङ्घ्रिम् ।
अनिशमिह दधानः पालयन् भूमिलोकं
हरिरिव सुरलोकं सञ्चकासे महीशः ॥ ४९ ॥

महीशः सार्वभौमः सद्योऽयं, सकलाश्च ते रिपुगणाश्च रिपुसमूहाः, तेषाम् आली श्रेणी, तस्याः मौलिषु मुकुटेषु स्वीयं स्वकीयम् आङ्घ्रिं दधानः सन् भूमिलोकं पालयन् सुरलोकं रक्षन् हरिरिव महेन्द्र इव ।

"हरिर्विष्णावहाविन्द्रे मेके सिंहे हये रवौ ।
चन्द्रे कीरे प्लवङ्गे च यमे वाते प्रकीर्त्तितः ॥" इति विश्वः ।

अनिशं प्रतिदिनम् इह भूतले संचकासे शुशुभे इत्यन्वयः । कीदृशः अगात् गिरेः उत्पत्तिः जनिः यस्याः बहुचरायाः महादेव्याः पदपद्मे चरणकमले, तयोः आराधनं अनुष्ठानसेवनपूजनादि तेनाप्तं प्राप्तम् आधिराज्यम् अधिराजस्य भावः आधिराज्यं, तत् येन सः तथाभूतः । एवं च सर्वभूमिपतीनां मध्ये वरिष्ठः पृथ्वीपालनशाली सह्याख्यो महाराजः अपूर्व इव एतादृशः नृपः पूर्वं न श्रुतः अग्रेऽपि नैव भविष्यति इति श्रुत्वा प्रहृष्टोऽयं आबादेवाख्यः कविः एकोनपञ्चाशत्पद्यैरयं(रिमं) सर्गो(सर्गं) विरचितवान् । तत्र पण्डितानां त्वरितार्थबोधनाय शीघ्रबोधसमाख्यां टीकां विरचय्य लिखितवान् इत्यलं पल्लवितेनेति मङ्गलम् ॥

॥ इति श्री आबाकविविरचिते सह्यकाव्ये सटीके सर्गः ॥

This copy was finished on the 10th March, '19.

નિવાપાંજલિ

ડૉ. ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ (ઈ. સ. ૧૯૧૫ થી નવેમ્બર ૧૯૮૮)

ડૉ. ઉમાશકાન્ત પ્રેમાનંદ શાહના શોકજનક અવસાનથી, આપણે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ગુજરાતની વિદ્વતાને ચમકાવનાર પ્રથમ પંક્તિના ભારતીય વિદ્યાવિદ અને પૌરસ્ત્ય વિદ્યાવિદ ગુમાવ્યા છે.



ડૉ. ઉમાકાન્ત શાહ, જૈન વિદ્યાના નાનામોટા દેવદેવીઓના મૂર્તિવિજ્ઞાનનો વ્યવસ્થિત અધ્યયન કરનાર પ્રથમ ભારતીય વિદ્વાન હતા. 'જૈન મૂર્તિવિજ્ઞાનનાં મૂળભૂત તત્ત્વો' એ તેમનો પીએચ.ડી.ની ડીગ્રી માટેના થિસીસનો વિષય હતો. આ જ વિષયથી પ્રભાવિત થયેલા ડૉ. ઉમાકાન્તે, વડોદરાની પશ્ચિમ દિશાએ આવેલા, અકોટા ગામ પાસેની વિશ્વામિત્રી નદીનાં કોતરોમાં આવેલી ધનટેકરીમાંથી, જૈન દેવદેવીઓનો પર જેટલી ધાતુપ્રતિમાઓનો સંગ્રહ શોધી કાઢ્યા હતો. આ કાર્યમાં, ડૉ. રમણલાલ ના. મહેતા અને શ્રી મગનભાઈ દેવશંકર દેસાઈ જેવા તેમના સન્નિષ્ઠ મિત્રોએ તેમને હૃદયપૂર્વક મદદ કરી હતી. આ વિષયને મુખ્ય વિષય તરીકે રાખી ડૉ. શાહે, 'અકોટાની ધાતુપ્રતિમાઓનો સંગ્રહ' એ તૈયાર કરેલો અધ્યયન-ગ્રંથ, ભૂતપૂર્વ મુંબઈ સરકારના આર્કયોલૉજી અને મ્યૂઝિયમ્સના ખાતાએ પ્રસિદ્ધ કરેલો, તેની નકલો હાલ મળતી નથી. તેનું તેમ જ 'વેસ્ટર્ન ઇન્ડિયન આર્ટ' અને 'સ્કલ્પચર્સ ફ્રોમ શામળાજી એન્ડ રોડા' એ પુસ્તકોનો ગુજરાતી અનુવાદ કરવાની કેટલાક ઉત્સાહી વિદ્વાનોએ તૈયારી બતાવી છે.

ડૉ. સ્ટેલાક્રામરિશ અને શ્રી અવનીન્દ્રનાથ ટાગોરે શરૂ કરેલ 'જર્નલ ઑફ ધી ઇન્ડિયન સોસાયટી ઑફ ઓરિયેન્ટલ આર્ટ' એ જર્નલની જૂની શ્રેણી તેમ જ નવી શ્રેણીના માનદ તંત્રી તરીકે કાર્ય કરવાનું સદ્‌ભાગ્ય, ડૉ. શાહને પ્રાપ્ત થયું હતું.

લૉસ એન્જેલસ (યુ. એસ. એ.) ખાતે, તેમણે 'ઇન્ડિય આર્ટ' (સંપાદિત: ડૉ. પ્રતાપાદિત્ય પાલ)માં સંગૃહીત તેમનું વ્યાખ્યાન 'વેસ્ટર્ન ઇન્ડિયન આર્ટ' તે તેમણે પુરસ્કૃત કરેલ તેમનું મૌલિક પ્રદાન, ભારતીય આર્કયોલૉજીના ક્ષેત્રમાં નવો જ ચીલો પાડે છે. આ જ

'સ્વાધ્યાય', પુ. ૨૫, અંક ૧-૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૮૭-જાન્યુઆરી ૧૯૮૮, પૃ. ૨૨૧-૨૨૪.

'વેસ્ટર્ન ઇન્ડિયન આર્ટ'ની વિશદ વિસ્તૃત અને ઊંડાણપૂર્વકની ચર્ચા, અમેરિકન ઇન્સ્ટિટ્યૂટે પ્રસિદ્ધ કરેલ 'ઇન્ડિયન ટેમ્પલ આર્કીટેકચર' એ ગ્રંથમાં, ડૉ. પ્રમોદચંદ્રે તેમ જ પ્રો. મધુસૂદન ઢાંકીએ કરી છે. વળી, ડૉ. શાહે 'જર્નલ ઑફ ધી ઇન્ડિયન સોસાયટી ઑફ ઓરિયેન્ટલ આર્ટ'ના 'વેસ્ટર્ન ઇન્ડિયન આર્ટ' એ પ્રકાશનમાં વિશિષ્ટ છણાવટ કરી છે.

ભારતીય ચિત્રકલા, શિલ્પકલા અને સ્થાપત્યકલામાં વ્યાપક થયેલી 'વેસ્ટર્ન ઇન્ડિયન આર્ટ'નો સ્વીકાર, સ્વ. ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ અને સ્વ. ડૉ. મોતીચંદ્રે પણ મુક્તકંઠે કરેલો.

ઈ. સ. ૧૯૮૧માં, ફિલાડેલ્ફીયામાં (યુ. એસ. એ.) ડૉ. મિચેલ માઇસ્ટરે 'ડીસ્કોર્સીઝ ઑન શિવ' વિષે યોજેલ સેમિનારમાં, ડૉ. શાહે ભાગ લીધો હતો અને તે સેમિનારમાં તેમણે 'મહાન શૈવ મહાત્મા અને લકુશીલ પાશુપત સંપ્રદાયના સ્થાપક ભગવાન લકુલીશ' વિષે સંશોધન-પેપર રજૂ કરેલ, તે 'ડીસ્કોર્સીઝ ઑન શિવ' એ ડૉ. મિચેલ માઇસ્ટર સંપાદિત ગ્રંથમાં ફોટાઓ સહિત પ્રસિદ્ધ થયેલ છે.

તેઓ પીએચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કર્યા પછી, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટના ડેપ્યુટી ડીરેકટર તરીકે આશરે ઈ. સ. ૧૯૫૪માં નોકરીમાં જોડાયા ત્યારે, રાષ્ટ્રીય મહાકાવ્ય રામાયણની સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય, પ્રો. ગોવિંદલાલ એચ. ભટ્ટે ઉપાડેલું તે કાર્યમાં ડૉ. શાહ પણ જોડાઈ ગયા. પ્રો. ભટ્ટના અવસાન પછી, ડૉ. શાહ ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટના રામાયણ વિભાગમાં પ્રોફેસર અને હેડ ઑફ રામાયણ ડીપાર્ટમેન્ટ અને રામાયણના જનરલ એડીટર તરીકે નિમાયા, તે પ્રવૃત્તિ તેઓ ૫-૪-૧૯૭૫માં નોકરીમાંથી નિવૃત્ત થયા ત્યાં સુધી ચાલુ રહી. નિવૃત્ત થયા પછી પણ તેઓ હંમેશાં પ્રાચ્યવિદ્યા મંદિરની પ્રવૃત્તિઓ અને પ્રશ્નોમાં ઘણો રસ લેતા હતા. રામાયણ વિભાગ ૧૯૭૫માં વિસર્જન થતાં, તેના છૂટા થયેલા કર્મચારીઓને ફરી નોકરીમાં લેવા ડૉ. શાહે ભારત સરકારમાં પત્રો લખી હિલચાલ કરેલી તેના પરિણામે, છૂટા થયેલા કર્મચારીઓ ફરી નોકરીમાં લેવાયા અને પુરાણોની સમીક્ષિત વાચનાઓ તૈયારે કરવા માટેનો એક નવો જ વિભાગ પ્રાચ્યવિદ્યા મંદિરમાં શરૂ થયો તેનું ચાલક પ્રેરક બળ ડૉ. શાહ હતા.

'દેવની મોરી'નો બૌદ્ધ સ્તૂપ શોધી કાઢ્યા પછી અને તેના ઉત્ખનનમાંથી કેટલી બૌદ્ધ મૂર્તિઓ પ્રાપ્ત થયા પછી ડૉ. બી. સુબ્બારાવના આકસ્મિક અવસાનથી તેનું ઉત્ખનન બંધ કરેલું તેનું ઉત્ખનન ડૉ. આર. એન. મહેતા પાસે શરૂ કરાવી, ગુજરાત સરકાર અને ભારત સરકાર સમક્ષ રજૂઆત કરી, તેનાં નાણાં મેળવવા ડૉ. શાહે સનિષ્ટ પ્રયત્નો કર્યા હતા. આના પરિણામે, ભગવાન બુદ્ધના અવશેષો સહિત ઉપરનીચે શીલાલેખ કોતરેલો પથ્થરનો દાબડો વધુ ઉત્ખનનમાંથી શોધી કાઢી શકયો. આકર્યોલોજી વિભાગ (એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા)ના મ્યુઝિયમમાં આ મહત્ત્વનો પુરાવશેષ સુરક્ષિત છે.

મ. સ. યુનિવર્સિટીના આકર્યોલોજી વિભાગે, 'નગરા'નું ઉત્ખનન હાથ ધરી, તેનો રિપોર્ટ પ્રસિદ્ધ કર્યો છે, તેનું પ્રથમ સૂચન ડૉ. શાહે, નગરામાંથી આદ્યઐતિહાસિક પુરાવશેષો શોધી કાઢી, કરેલું.

જુદા જુદા સામયિકોમાં પ્રસિદ્ધ થયેલા, ડૉ. શાહના સંખ્યાબંધ સંશોધનલેખો, આશરે બેથી ત્રણ ગ્રંથોમાં સમાવી શકાય તેટલા છે. ગાયકવાડઝ ઓરિયેન્ટલ સિરીઝમાં, પ્રસિદ્ધ થયેલાં તેમનાં પુસ્તકો ઉપરાંત, નીચેના ગ્રંથો ડૉ. શાહની તેજસ્વી અને સમૃદ્ધ વિદ્વતાના દ્યોતક છે :

૧ વાલ્મિકી રામાયણના ઉત્તરકાંડની સમીક્ષિત આવૃત્તિ.

૨ સ્ટડીઝ ઇન જૈન આર્ટ.

૩ હૅાર્ડ ઑફ અકોટા બ્રૉન્ઝીઝ.

૪ ન્યૂ ડૉક્યુમેન્ટ્સ ઑફ જૈન પેઇન્ટીંગ્ઝ.

પરમ કૃપાળુ પરમાત્માને અમારી પ્રાર્થના છે કે, હે પ્રભુ, સંપૂર્ણ સમર્પણ ભાવથી તમને ભજનાર ડૉ. ઉમાકાન્તભાઈના અમર આત્માને ચિરકાળ શાશ્વત શાંતિ અર્પો.

૯૧, મહેશ્વરનગર સોસાયટી,
સુભાનપુરા, વડોદરા–૩૯૦ ૦૦૭.

સોમાભાઈ ધૂ. પારેખ

શ્રી સયાજી સાહિત્યમાળા

		રૂ. પૈ.
૩૩૩	કૈલાસ—સ્વામી પ્રણવતીર્થજી	૧૩=૦૦
૩૩૪	અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા—(સ્વ.) શ્રી. કનૈયાલાલ ભા. દવે	૫=૫૦
૩૩૫	ઐતિહાસિક લેખસંગ્રહ—(સ્વ.) શ્રી પંડિત લાલચંદ ભ. ગાંધી	૧૮=૦૦
૩૩૬	હરિભદ્રસૂરિ—પ્રો. હીરાલાલ ર. કાપડિયા	૧૧=૦૦
૩૩૭	માનવસર્જિત વસ્ત્રતંતુઓ—શ્રી. પદ્મકાન્ત ર. શાહ (૧૯૬૪)	૧૦=૫૦
૩૩૮	ભવાઈના વેશની વાર્તાઓ—(સ્વ) શ્રી. ભરતરામ ભા. મહેતા	૩=૦૦
૩૩૯	શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ): ભાગ ૧, સ્કંધ ૧-૩—(સ્વ.) શ્રી નાગરદાસ અમરજી પંજ્યા (૧૯૬૫)	૮=૦૦
૩૪૦	ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા, ભાગ ૧ (૧૯૬૫)	૯=૦૦
૩૪૧	આધુનિક ગુજરાતના સંતો ભાગ ૧—ડૉ. કેશવલાલ ઠક્કર (૧૯૬૬)	૯=૦૦
૩૪૨	કુદરતની રીતે વધુ આરોગ્ય—શ્રી. શાંતિલાલ પ્ર. પુરોહિત (૧૯૬૭)	૭=૫૦
૩૪૩	ભારત-રત્ન—શ્રી. ઉપેન્દ્રરાય જ. સાંડેસરા (૧૯૬૭)	૧૫=૫૦
૩૪૪	મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨—શ્રી કરીમ મહંમદ માસ્તર	૧૭=૦૦
૩૪૫	ઓખામંડળના વાઘેર—(સ્વ.) શ્રી કલ્યાણરાય ન. જોશી (૧૯૭૦)	૧૩=૦૦
૩૪૬	પેટ્રોલિયમ—શ્રી પદ્મકાન્ત ર. શાહ (૧૯૭૦)	૧૩=૦૦
૩૪૭	પંચદશી તાત્પર્ય—સ્વામી પ્રણવતીર્થજી (૧૯૭૧)	૬=૦૦
૩૪૮	અખો અને મધ્યકાલીન સંતપરંપરા—(સ્વ.) ડૉ. યો. જ. ત્રિપાઠી	૧૪=૫૦
૩૪૯	શ્રીમદ્ ભાગવત: ભાગ ૨—(સ્વ.) નાગરદાસ અ. પંજ્યા (૧૯૭૨)	૧૧=૫૦
૩૫૦	ચરકનો સ્વાધ્યાય, ભાગ ૧—(સ્વ.) ડૉ. બાપાલાલ ગ. વૈદ્ય (૧૯૭૩)	૨૬=૦૦
૩૫૧	ગુજરાતનો પૉટરી ઉદ્યોગ—શ્રી. શાંતિલાલ પી. પુરોહિત (૧૯૭૫)	૮=૭૫
૩૫૨	ઊંડાણનો તાગ—શ્રી છોટુભાઈ સુથાર (૧૯૭૫)	૧૫=૦૦
૩૫૩	ભારતીય વીણા—(સ્વ.) પ્રો. રસિકલાલ એમ. પંજ્યા (૧૯૭૮)	૩૧=૦૦
૩૫૪	ચરકનો સ્વાધ્યાય, ભાગ ૨—(સ્વ.) ડૉ. બાપાલાલ ગ. વૈદ્ય (૧૯૭૯)	૬૬=૦૦
૩૫૫	ચાંપાનેર: એક અધ્યયન—ડૉ. રમણલાલ ના. મહેતા (૧૯૮૦)	૩૬=૦૦
૩૫૬	દ્વારકાના પ્રદેશનો સાંસ્કૃતિક ઇતિહાસ—(સ્વ.) શ્રી ક. ન. જોષી	૪૪=૦૦
૩૫૭	આધુનિક ગુજરાતના સંતો, ભાગ ૨—ડૉ. કેશવલાલ ઠક્કર (૧૯૭૯)	૪૫=૦૦
૩૫૮	સૂર્યશક્તિ—શ્રી. પદ્મકાન્ત ર. શાહ (૧૯૮૧)	૫૨=૫૦
૩૫૯	કવિ ગિરધર: જીવન અને કવન—ડૉ. દેવદત્ત જોશી	૫૧=૦૦
૩૬૦	વનૌષધિકોશ—પ્રો. કે. કા. શાસ્ત્રી	૩૫=૭૫
૩૬૧	સહસ્રલિંગ અને રુદ્રમહાલય—(સ્વ.) શ્રી કનૈયાલાલ ભા. દવે	૭૯=૦૦
૩૬૨	વૈષ્ણવતીર્થ ડાકોર—(સ્વ.) ડૉ. મંજુલાલ ર. મજમુંદાર	૪૮=૦૦
૩૬૩	વૃદ્ધત્રયી અને લઘુત્રયી—(સ્વ.) ડૉ. બાપાલાલ ગ. વૈદ્ય	૩૩=૦૦

પ્રાપ્તિસ્થાન: યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,
રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦ ૦૦૧

ગ્રન્થાવલોકન

અમેરિકાના આદિમ વસાહતીઓ : નિરૂપક–અધ્યાપક કેશવરામ કા. શાસ્ત્રી; પ્રકાશક–હરિપ્રસાદ ગિરિજાશંકર રાવળ, સિન્ડિયર પબ્લિકેશન્સ, મ્યુનિ. શાળા સામે, જૂના વાડજ, અમદાવાદ–૧૩; ૧૯૮૭, પૃ. ૧૨ + ૨૮૦; મૂલ્ય રૂા. ૨૫ = ૦૦.

અધ્યાપક કેશવરામ કા. શાસ્ત્રીએ સને ૧૯૮૨માં લોસ એન્જેલિસ ખાતે મળેલા વિશ્વ હિન્દુ પરિષદના નવમા અધિવેશનમાં ભાગ લેવા માટે અમેરિકાનો પ્રવાસ કર્યો હતો ત્યારે તેમણે જોયેલાં સ્થાનો અને એકત્ર કરેલી સામગ્રીને આધારે આ પુસ્તક લખાયું છે.

કોલંબસે અમેરિકા 'શોધ્યું' ત્યાર પહેલાં સંસ્કારિતાની વિવિધ કોટિએ પહોંચેલી માનવ–વસાહતો ત્યાં હતી, એટલું જ નહિ, પણ માયા (મય), ઇન્કા, આઝટેક આદિ સુવિકસિત સંસ્કૃતિઓ ત્યાં અસ્તિત્વમાં હતી એ જાણીતું છે. ઉત્તર એશિયા અને અલાસ્કાને જોડતી બહેરીનની સંયોગી ભૂમિ, જે પાછળથી ભૂસ્તરીય પરિવર્તનોને કારણે સામુદ્રધુની બની તે દ્વારા એશિયામાંથી વસ્તીનું ઓછાવત્તા પ્રમાણમાં અમેરિકામાં સ્થળાન્તર થતું રહ્યું હતું અને પછીના સમયમાં સમુદ્ર માર્ગે ચીન, અગ્નિ એશિયા અને ભારતમાંથી અમેરિકાના પશ્ચિમ કિનારે, અનેકવિધ જોખમ ખેડીને પણ, સાહસિકોનું કંઈક આગમન થતું હતું, એ હકીકત હવે ઇતિહાસકારોને માન્ય છે. એના અનુલક્ષમાં શાસ્ત્રીજીનું આ પુસ્તક લખાયું છે.

પુસ્તકનાં પહેલાં ત્રણ પ્રકરણો આ નવીન વિષયમા પ્રાસ્તાવિક રૂપે છે. પ્રકરણ ૪ અમેરિકાના આદિમ વસાહતીઓ વિષે સામાન્ય માહિતી આપે છે અને પ્રકરણ ૫–૬–૭ ઉત્તર અમેરિકાના 'ઇન્ડિયનો' વિષે તથા પ્રકરણ ૮–૯ અનુક્રમે મધ્ય અને દક્ષિણ અમેરિકાના 'ઇન્ડિયનો' વિષે છે. ૧૦મું અને છેલ્લું પ્રકરણ 'અમેરિકાની પૂર્વકાલીન સંસ્કૃતિ–સભ્યતા'નો પરિચય આપે છે.

સંસ્કૃતિઓના ઇતિહાસમાં રસ ધરાવનાર વાચકનું તુરત ધ્યાન ખેંચે એવા, આ પુસ્તકમાં ચર્ચાયેલા થોડાક મુદ્દાનો સંક્ષેપમાં ઉલ્લેખ કરું.

યુ. એસ. એ.ના એરિઝોના રાજ્યમાં 'નવાહો' નામના ઇન્ડિયનોની ભાષામાં સંસ્કૃત સાથે સ્પષ્ટ સંબંધ ધરાવતા 'જૂજ શબ્દો' છે. "બહુ જ પ્રાચીન સમયમાં ભારતીઓની પ્રાચીનતમ આર્યભાષાના અમેરિકામાં લાંબા વ્યાપમાં બચી ગયેલા આ અને આવા શબ્દો જણાય છે". (પૃ. ૯૯). 'નવાહો'નું મૂળ શાસ્ત્રીજી સં. **નવાવૃતા**, પ્રા. **નવાવુઆ** 'નવા બોલાવવામાં આવેલા'માં શોધે છે. નવા બોલાવવામાં આવ્યા હોય તો કયારે? એ સંશોધનનો પ્રશ્ન છે (પૃ. ૯૯).

'સ્વાધ્યાય', પુ. ૨૫, અંક ૧–૨, દીપોત્સવી અંક અને વસંતપંચમી અંક, ઑક્ટોબર ૧૯૮૭–જાન્યુઆરી ૧૯૮૮, પૃ. ૨૨૫–૨૩૪.

૮મા પ્રકરણમાં મધ્ય અમેરિકાના મેક્સિકો, યુકાટાન અને ગ્વાટેમાલામાં વિકસેલી માયા (મય) અને આઝટેક સંસ્કૃતિઓના વિવિધ અંગોની રૂપરેખા છે. બંનેનો નાશ સોળમા સૈકામાં સ્પેનિશ લોકોને હાથે થયો. પણ એમનાં ભવ્ય સ્થાપત્યોના કેટલાક અવશેષ હજી વિદ્યમાન છે. મહાભારત અને પુરાણાદિમાં મહાન સ્થપતિ મયદાનવના અનેક ઉલ્લેખો છે એને આ મય સંસ્કૃતિ સાથે સંબંધ હોવા સંભવ છે.

૯મા પ્રકરણમાં મુખ્ય સ્થાન પેરુની ઇન્કા સંસ્કૃતિનું છે, અર્વાચીન સત્ય સાહસકથા 'કોન ટીકી' એ પુરવાર કર્યું છે કે અતિપ્રાચીનકાળમાં પણ કુશળ અને સાહસિક વહાણવટીઓ નાનકડી હોડીઓમાં પેસિફિક મહાસાગરના ટાપુઓમાં ખંડસ્થ ભૂમિ ઉપરથી જોખમી સફર ખેડવાનું પરાક્રમ કરતા હતા. આથી, પુરાતનકાળની લાંબી દરિયાઈ યાતાયાત અશક્ય ગણાવી ન જોઈએ.

'અમેરિકાના આદિમ વસાહતીઓ' આ પુસ્તક પ્રગટ કરીને શાસ્ત્રીજી અટકી જવાના નથી; જે કે ગુજરાતી ભાષામાં તો આ પ્રકારનું આ પ્રથમ પુસ્તક છે. હવે પછી, તેમની યોજના ગ્રન્થ ૨ **'માયા સૂર્ય-રાજ્ય'**, ગ્રન્થ ૩ **'આઝ્ટેક સૂર્ય-રાજ્ય'** અને ગ્રન્થ ૪ **'ઇન્કા સૂર્ય-સામ્રાજ્ય'** એ ગ્રન્થો પ્રગટ કરવાની છે. ગ્રન્થ ૫માં અમેરિકન ઇન્ડિયનોની વિભિન્ન ભાષાઓ અને બોલીઓના પ્રકારો ઉપરાંત માયા લોકોની ભાષાઓનો 'થોડો પરિચય' સુલભ કરી આપવાનો તેમનો આશય છે.

વૃદ્ધ વયે પણ નવયુવાનના ઉત્સાહથી શાસ્ત્રીજી જે લેખન-સંશોધન કરી રહ્યા છે તે અત્યંત સરાહનીય છે. આપણી ભાષામાં તદ્દન નવીન વિષયની એમની સૂચિત ગ્રન્થમાળા વહેલી તકે પૂર્ણ થાય એવી શુભેચ્છા સહ આ પ્રથમ ગ્રન્થને આવકારું છું અને વિદ્વાન ગ્રન્થકારને હાર્દિક અભિનંદન આપું છું.

૬, ગ્રોયસ સોસાયટી, વડોદરા. **ભોગીલાલ જ. સાંડેસરા**

* * *

હોસ્પિટલ પોએમ્સ : કર્તા શ્રી. જયા મહેતા, પ્રકાશક : એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી, મુંબઈ, પ્રથમ આવૃત્તિ ૧૯૮૭, કુલ પૃષ્ઠ ૪૪, મૂલ્ય રૂ. ૧૫ = ૦૦.

ડૉ. જયા મહેતાનો આ ચોથો કાવ્યસંગ્રહ છે; પણ અહીં પ્રકીર્ણ કૃતિઓને બદલે એનું શીર્ષક સૂચવે છે તેમ તે હોસ્પિટલવિષયક છે અને એ રીતે આ સંગ્રહ વિશિષ્ટ રીતે નોંધપાત્ર બન્યો છે; આ પૂર્વે આપણે ત્યાં શ્રી જગદીશ જોષીની હોસ્પિટલવિષયક છૂટક એકાધિક કૃતિઓ મળે છે ખરી; આ સંગ્રહના પાછલા ભાગમાં બીજી આવી હોસ્પિટલવિષયક કૃતિઓની વાત કરી છે. (પૃ. ૩૫); એ સાથે સ્વ. રાવજી પટેલની નવલકથા 'અશ્રુધર' પણ યાદ આવી જશે; રાવજીએ હૉસ્પિટાલને 'આંસુનું ઘર' કહી પોતાનું એ વિષયક દર્શન વ્યક્ત કર્યું છે; પણ ડૉ. જયા મહેતાનું હોસ્પિટલ દર્શન. એ રુગ્ણાલય બહાને મૃત્યુનું જ ગાણું છેવટે તો બની રહે છે; અને શ્રી સુરેશ દલાલે પણ શ્રી અનિલ જોશીએ આ સંગ્રહમાં તારવી આપ્યું છે તેમ તે દર્શન 'રુગ્ણ' નથી; નિરામય છે ને એ રીતે તે વિશિષ્ટ ને નોંધપાત્ર છે.

આ સ્વસ્થતા ને નિરામયતાનું કારણ તપાસાયું તો માલૂમ પડશે કે આ દર્શનનો પાયો ભારતીય હિન્દુ છે. ઈસ્પિતાલ એ સંસ્થા પશ્ચિમી સંસ્કૃતિની દેન છે પણ એ પરિવેશની અંદર પૂર્વનો ભારતીય અવાજ બહુધા પ્રગટ્યો છે; અંદર આવતા સંદર્ભો, પ્રતીકો અને કલ્પનોક્ષય કર્તાની ભારતીયતા વ્યક્ત થઈ જાય છેઃ આવાં સ્થાનો કેટલાં બધાં છે! વેદાન્તી અવાજમાં રવીન્દ્રી અવાજ પણ ભળેલાં દેખાશે.

૧ અંતે તો તેમનું હોય હોયે. (પૃ. ૧૫)

૨ સુકાન સંભાળી લો હે અસીમ! (પૃ. ૧૬)

૩ કોઈકના પગલાંના અણસારા આવી રહ્યા છે. (પૃ. ૧૮)

૪ ગઠરી છોડીને મુકામ ઉઠાવી લેવાની ક્ષણે થશે સરૂપ દર્શન! (પૃ. ૨૧)

૫ નેતિ નેતિ કહીને તને...એ કોણ છે. (પૃ. ૨૨)

૬ પૃ. ૨૩ પરની કૃતિ તો સર્વ ભારતીય સંદર્ભોથી વ્યાપી છે.

૭ કોઈ ચાલી જાય છે...નીરવ પગલે ફેર દૂર. (પૃ. ૨૬)

૮ પૃ. ૩૦ ઉપરની કૃતિ ગીતાપ્રભાવિત છે.

રવીન્દ્રી રહસ્યમયતાવાળાં મૃત્યુકાવ્યોનો પણ પ્રભાવ અત્રતત્ર જોઈ શકાશે.

બીજું એ લક્ષણ નોંધવાજોગ લાગે છે કે આ સંગ્રહમાં સર્વત્ર ઈસ્પિતાલનો સંદર્ભ રહ્યો નથીઃ અને એમ થતાં તે મૃત્યુવિષયક કૃતિઓ બની ગઈ છે જે ઈસ્પિતાલના સંદર્ભ બહાર પણ સ્વતંત્રપણે આસ્વાદ્ય બની શકે તેમ છે ત્રીજું લક્ષણ એ પણ કર્તાપરત્વે નોંધપાત્ર છે કે આ કુલ બાવીશ કૃતિઓમાં અરધી જન્યુ. ૮૭ની છે ને બાકીની અરધી ફેબ્રુઆરી ૮૭ની રચનાઓ છે; તે એમ સૂચવે છે કે કવયિત્રીએ આવી સિસૃક્ષુ મનોદશા જન્યુ. ૮૭માં ૨૦મી તારીખથી ૨૭મી સુધી ને ફેબ્રુ. ૮૮માં તા. ૪થી ૧૪ સુધી સળંગ એકધારી અનુભવી છે; ને કયારેક તો એકજ તારીખે એકથી વધારે કૃતિઓનીયે રચના કરી છે! આમ બધું મળીને ૧૭ દિવસોમાં ૨૨ જેટલી રચનાઓ રચી છે. આ વાત એક સર્જકના મનોવ્યાપાર વિશે ને તેથી આવતાં ભાષાકીય પરિણામો ને પરિમાણો વિશે કાવ્યશાસ્ત્રમાં ઉપયોગી ચર્ચાના મુદ્દો બની શકે.

તો આ વાઙમય પરિણામોનું કવિકર્મ કેવું છે તે જોઈએ.

આપણે જોયું કે આ કાવ્યસંગ્રહમાં મોટાભાગની કૃતિઓ અછાંદસ છે; પૃ. ૧૯ ઉપરની રચના અછાંદસ નથી; બલકે દ્વિછાંદસ છે; પ્રથમ પંક્તિમાં હરિગીતની ચાલ છે ને બીજી પંક્તિ તો 'અનુષ્ટુપ' જ છે; આનો છંદસંકર કદાચ એમને અભિપ્રેત એવો પ્રયોગ હશે; અન્ય અછાંદસ કૃતિઓના કલાવિધાનમાં કવિએ જે કસબ ને પ્રયુક્તિઓ અજમાવી છે તે પણ જોઈ જવા જેવી છે.

પૃ. ૯ પ્રથમ ત્રણ પંક્તિઓને અંતે અંધકાર પછી શબ્દગુચ્છ ઘૂંટયું છે.

પૃ. ૧૦ બબ્બે પંક્તિઓનું એકક્રમ છે ને તે ઉપમામૂલક રીતિથી પ્રવર્તે છે.

પૃ. ૧૧ દર પંક્તિને બે ભાગમાં ડેશ—મૂકી વિશેષણને વિશેષણવાક્યમાં વહેંચી છે.

પૃ. ૧૨ સળંગ યતિહીન એક વાક્યની રચના રીતિ છે.

પૃ. ૧૩ 'બે ખબર' ધ્રુવટેકની પદ્યમાં હોય તેવા રીતિ છે.

પૃ. ૨૨ પ્રથમ પંક્તિને અંતે શબ્દવિન્યાસવ્યુત્ક્રમથી દોહરાવી છે.

પૃ. ૨૯ ઉપર પૃ. ૨૨ વાળી રીતિનું કર્મ છે.

આ બધી રચનાપ્રયુક્તિઓથી ને ભાનપૂર્વકના કવિકર્મથી એકંદરે કૃતિઓ આસ્વાદ્ય બની છે પણ એ સફળતા શ્રી જગદીશ જોષીની એવી જ શક્તિની સમકક્ષ બની શકી નથી; ક્યારેક તો કવિનો સર્જનપરત્વે પ્રમાદ પણ પકડાઈ આવે છે તેમ નોંધવું જોઈએ.

પૃ. ૨૫ ઉપરની કૃતિમાં પૂર્વાર્ધમાં બારણે ટકોરાની વાતથી 'ઘર'નું સૂચન છે.

પછી તરત જ લંગર ઉઠાવીને ચાલી નીકળવાની વાતથી કૃતિની એકાત્મતાને હાનિ પહોંચી છે એમ લાગશે જો કે આવું ઓછું છે; કેટલીય આખી કૃતિઓ આસ્વાદ્ય છે; એવું નહીં હોય ત્યાંય એકાદ સરસ ઘૂંટાયેલી પંક્તિ તો મળી જ જાય છે.

પૃ. ૧૦ રિસાયેલા બાળકની જેમ અહીં ચૈતન્ય ટૂંટિયું વાળીને પડ્યું છે.

પૃ. ૧૪ રાખોડી સપનાંઓનો ભંગાર લઈને જહાજ સમુદ્રમાં ગરક થઈ જાય છે. વગેરે.

એક નોંધ મૂકીને મારું અવલોકન પૂરું કરું.

આ 'હોસ્પિટલ' કાવ્યોમાં જ્યાં હોસ્પિટલ'નો પરિવેશ કે સંદર્ભ નથી ત્યાં સમુદ્રનું રૂપક—કલ્પન એકથી વધારે વાર પ્રયોજાયું છે ને તેય વધુ અસરકારક રીતે આવો ઉલ્લેખ ભાવક પૃ. ૧૪, ૧૬, ૨૧, ૨૫, ૨૭, ૨૯, ૩૦ ઉપર જોઈ શકશે; નહીં તો જીવનમૃત્યુની વાત વસંત. પાનખર રૂપે; દિન—રાત્રિ રૂપે પણ સંકેતાઈ છે જ; પણ ભારતીય જીવનમાં 'ભવસાગર' પાર કરવાની વાત મૂલભૂત ને પુરાણી છે તેમાં આ સૂક્ષ્મ સંસ્કાર હશે? ન જાને.

લક્ષ્મી શેરી, વલસાડ—૩૯૬ ૦૦૧. ઉશનસ્

* * *

દેશદેશના ગાંધી : લે. રણછોડભાર્ય પટેલ અને બીજા, પ્ર. વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ, જ્યુપીટર એપાર્ટમેન્ટસ, વડોદરા—૫, પ્રથમ સંસ્કરણ, ૧૯૮૪, પૃ. ૧૬ + ૨૪૮, કિંમત રૂા. ૩૦ = ૦૦.

ગાંધીવિચારધારા અને આચારધારા એ યુગની જરૂરિયાત છે એટલે જ ગાંધીજીના સંપર્ક પહેલાં અને પછી ગાંધીપ્રબોધિત અને ગાંધીઆચારિત મૂલ્યોનો સમાજવ્યાપી પ્રયોગ કરનાર

અનેક લોકનેતાઓ રાષ્ટ્રવિધાયકો પોતપોતાના દેશમાં જનજાગૃતિ લાવવામાં સફળ થયા છે. શાંતિ માટેનું નોબેલ પારિતોષક સ્વીકારતી વેળા ડૉ. માર્ટિન લ્યૂથર કિંગે કહેલું, 'ઘણું ચિંતન કર્યા પછી મને સમજાય છે કે આજના રાજકીય અને નૈતિક પ્રશ્નોની સમસ્યાઓના સમાધાનમાં અહિંસામાર્ગને વ્યાપક માન્યતા પ્રાપ્ત થઈ છે, જુલમ અને અહિંસાના શાસનને જુલમ અને હિંસા વિના પડકાર કરવાની જરૂરત માનવને સમજાઈ છે, સભ્યતા અને હિંસા પરસ્પર વિરોધી વિચારો છે, ભારતીય લોકોને અનુસરી અમેરિકાના હબસીઓએ દેખાડી આપ્યું છે કે અહિંસા નિષ્પ્રાણ નિષ્ક્રિયતા નથી પરંતુ સામાજિક પરિવર્તનનું શક્તિશાળી નૈતિક બળ છે.' (પૃ. ૨૪૫) વીસમી સદીના પૂર્વાર્ધમાં એક ગાંધી મોજું (Gandhi Wave) ફેલાઈ ગયેલું જોવા મળે છે. ગાંધીજીએ વ્યક્તિગત મોક્ષ માટેના સિદ્ધાંતોનો રાષ્ટ્રમુક્તિ માટે વ્યાપક પ્રયોગ કર્યો અને તે સફળ થયો. સત્ય, અહિંસા જેવા સિદ્ધાંતો ધર્મક્ષેત્રના ગણાતા તેમને સમાજ અને રાજકારણના ક્ષેત્રે વિનિયોજીને ગાંધીજીએ આ આદર્શોને નવું પરિણામ બક્ષ્યું, નવો અર્થ આપ્યો. ભારતમાં તો ગાંધીમહાદીપમાંથી પોતાની જ્યોત જલાવી જુદા જુદા ક્ષેત્રે અનેક નાનામોટા ગાંધી પ્રગટ્યા. સામૂહિક ચેતનાના પરિપાકરૂપ ગાંધી કે ગાંધી ચેતનાનો પરિપાક સામૂહિક ચેતના એ પ્રશ્ન થાય. ગાંધી વ્યક્તિ મટીને એક સત્વરૂપ બની રહ્યા. એટલે જ ગાંધીનું ગાંધીપણું દેશના સીમાડાઓ પૂરતું મર્યાદિત ન રહેતાં વૈશ્વિક તત્ત્વ બની રહે છે. જે જે દેશને ગાંધીની જરૂર પડી છે તે તે દેશમાં એક એક ગાંધી જુદા નામે પ્રગટ્યો છે એ વાત 'દેશદેશના ગાંધીના પાને પાને જોઈ શકાય છે. કોમવાદ, રંગભેદ, ધર્મભેદ, જાતિભેદમાંથી જન્મેલાં વેરઝેર, હિંસા, યુદ્ધ, અન્યાય, ગુલામી, અત્યાચાર, ભ્રષ્ટાચારને દૂર કરી તેમને સ્થાને સમાનતા, સ્વાતંત્ર્ય, પ્રેમ વિશ્વબંધુત્વ, શાંતિની સ્થાપના કરવા જે જે મહાપુરુષો બહાર પડ્યા, તેમને કેવો પડકારો આવ્યા, કેવા સંઘર્ષોમાંથી પસાર થવું પડ્યું, કેવી યાતનાઓ સહન કરવી પડી તેનો વિગતે આલેખ પ્રસ્તુત પુસ્તકમાં જડે છે. હક્કો અને ખાસ કરીને રાજકીય હક્કો કોઈ આપે નહિ, એ તો મેળવવા જ પડે એમ મનાય છે પણ એ મેળવવા માટે હિંસા નહિ પણ અહિંસા અનિવાર્ય છે એ વાત 'દેશ દેશના ગાંધી' દૃઢાવે છે, ગાંધીપણું એક વ્યક્તિમાં જન્મ્યા થાય અને એના દૃઢ શ્રદ્ધાના બળે સમૂહમાં એ ગાંધીપણું પ્રગટાવી શકે, સમૂહસ્વરૂપ ગાંધી જીવંત સત્વરૂપ બની રહે, એ સત્ત્વ સામે સત્તાને વહેલા મોડા પણ ઝૂકવું પડે છે.

પુસ્તકમાં ડૉ. માર્ટિન લ્યૂથર કિંગ (અમેરિકાનાં ગાંધી), દાનીલો દોલ્ચી (ઈટાલીના ગાંધી), કાગાવા (જપાનના ગાંધી), લાન્ઝા ડેલ વાસ્તો (ફ્રાન્સના ગાંધી), આલ્બર્ટ લુથુલી (આફ્રિકાના ગાંધી), એમ છ દેશના ગાંધીજનોના વિવિધ લેખકોની કલમે દોરાયેલ વ્યક્તિચિત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે. શ્રી ભોગીભાઈ ગાંધીએ પોતાના નિવેદનમાં ઈશારો કર્યો છે તેમ આ યાદીમાં સરહદના ગાંધી ખાન અબ્દુલ ગફારખાનનો પણ સમાવેશ થયો હોય તો અજુગતું ન થાત. લુથુલીનું આત્મવૃત્તાંત પૂરું થયા પછીની માહિતી જયંતી પટેલ કૃત 'આફ્રિકા અંધારો ખંડ'ના આધારે પુરવણીરૂપે છે. તા. ક., શીર્ષકથા ૧૯૬૦માં લુથુલીને નોબલ પરિતોષિકની માહિતી આપી છે. પરિશિષ્ટમાં માર્ટિન લ્યૂથર કિંગનું શાંતિ માટેનું નોબેલ પારિતોષક સ્વીકારતી વેળાનું વ્યાખ્યાન છે.

રંગદ્વેષ સામેના જીવનભરના જોદ્ધા અમેરિકન ગાંધી માર્ટિન લ્યૂથર કિંગને ગાંધીજીના

સંપર્ક પહેલાં જે લાગતું તેમાં ગાંધી વિચાર આચારધારામાં શંકા રાખનારા વર્ગની માન્યતાનો પડઘો પડે છે. 'બીજો ગાલ ફેરવ અને તારા દુશ્મને ચાહ'નું તત્ત્વજ્ઞાન માત્ર વ્યક્તિ વ્યક્તિના સંઘર્ષમાં આધારભૂત બને એમ મને લાગ્યું; જ્યારે જાતિજૂથો કે રાષ્ટ્રો દ્વંદ્વમાં સંડોવાયા હોય ત્યારે આના કરતાં વધારે વાસ્તવિક અભિગમની આવશ્યકતા જણાઈ' (પૃ. ૩) એમ કહેનાર ડૉ. કિંગ કહે છે–'મારી પ્રેરણા મારા માલિક જિસસ ક્રાઇસ્ટમાંથી આવે છે; મારી પ્રવિધિ મહાત્મા ગાંધીમાંથી આવે છે.' (પૃ. ૫) આધ્યાત્મિક તાકાત આગળ સત્તા હારી જાય છે એ 'બાળકોની ઝુંબેશ'માંથી જાણવા મળે છે. કેનેડીના ખૂન પછીના માર્ટિનના ઉદ્‌ગારો 'મારો પણ આ જ અંજામ હશે' (પૃ. ૧૩) વાંચતાં ગાંધીજીને પણ પોતાના મરણ અંગે આવું કંઈક કહ્યાનું સ્મરણ થાય છે. સવિનય કાનૂન ભંગથી હિંસાને ઉત્તેજન મળે છે. રંગીન પ્રજાને વહેલામોડા અધિકારો મળવાના જ છે તો પછી આ અધિરાઈ શાને? વગેરે દલીલોના રદિયા અપાયા છે. આત્મમંથન નહિ કરે તો વીસમી સદી માટે નિરૂપયોગી કરશે એવી દેવળોને અપાયેલી ચેતવણી કોઈ પણ ધર્મના મંદિરો મઠોને એક સરખી લાગુ પડે એવી છે.

ઇટાલીના ગાંધી દાનીલો દોલ્ચીને આંતરિક અનુભૂતિ થતાં એમની નજર સામે નોમેડોલ્ફિયાનાં અનાથ બાળકોના ચહેરા તરી આવે છે. સ્થપતિના વૈભવપૂર્ણ જીવનને બદલે અપરિગ્રહી સેવાયુક્ત જીવનને બહેતર ગણતા એઓ ઘેન ઝેનોના આશ્રમમાં પહોંચે છે. પાંચ ડૉકટરેટની પદવી ધરાવતા, ઉજ્જવળ કારકિર્દી છોડી લેમ્બેરીનનાં જંગલોમાં આદિવાસીઓની સેવામાં જીવન સમર્પિત કરી દેતા ડૉ. આલ્બર્ટ સ્વાઈત્ઝરનું સ્મરણ થાય છે. ઘેન સાથે મતભેદ થતાં ટ્રેપેટોમાં આવી અનાથાશ્રમ 'પ્રભુનું ઘર' શરૂ કરતા દાનીલો એ વિસ્તારની આર્થિક મુશ્કેલીના ઉકેલ માટે બંધ બાંધવાની તાતી જરૂરિયાત જુએ છે, એ માટે ઉપવાસનું શસ્ત્ર પ્રયોજે છે, એ ઉપવાસથી પાર્ટિનિકો જે 'લૂંટારું ગામ' તરીકે જાણીતું હતું તેમાં નૈતિક પરિવર્તનનાં ચિહ્ન દૃષ્ટિગોચર થાય છે. ગાંધી આચાર–વિચારધારાનાં નક્કર પરિણામો આવ્યાનાં અન્ય દૃષ્ટાંતો પણ અહીં નોંધાયાં છે. આફ્રિકાના ગાંધી આલ્બર્ટ લુથુલી રંગદ્વેષ સામેની જેહાદમાં અહિંસક સત્યાગ્રહ, સવિનય કાનૂનભંગ, અસહકારનાં શસ્ત્રોનો પ્રયોગ કરે છે ત્યારે તેમને યુરોપિયનોનો પણ સાથ મળી રહે છે. 'પીપલ્સ કોંગ્રેસ'ના અધિવેશનમાં ભાગ લેનારની સરકાર તરફથી તલાશી છતાં ક્યાંય ઉશ્કેરાટ કે અશાંતિ નથી. દેશદ્રોહી ઠરાવવામાં આવેલા લુથુલી આત્મ-વૃત્તાંતમાં નોંધે છે કે "અસહકારને સત્યાગ્રહે અપરાજિતતાની એક એવી મંઝિલ ગાંઠી હતી કે જ્યાંથી અમને પાછા પાડવાનું હવે સરકાર માટે અસંભવ બનવાનું હતું," (પૃ. ૨૩૩) બસ બહિષ્કાર' 'બટાટાનો બહિષ્કાર' આંદોલનની સફળતામાં પ્રજાનું ખમીર દેખાય છે, બટાટાના બહિષ્કારના આંદોલનની વિગતો વાંચતાં આપણે ત્યાંની અંગ્રેજ હકૂમત દરમ્યાનની ચા અને ગળીની પેદાશ માટેની વેઠપ્રથા અને દમનની વાતો યાદ આવી જાય.

બહુમુખી પ્રતિભા ધરાવતા જાપાનના ગાંધી કાગાવા અપરિગ્રહનો આદર્શ આપે છે. સર્વોદયની ભાવનાની એ જીવંત મૂર્તિ બની રહે છે. સો જેટલાં પુસ્તકોનો પુરસ્કાર પીડિતો માટે આપી દઈ પોતે અકિંચન રહે છે, જ્યારે જાપાનના શહેનશાહે તેમને મળવા બોલાવ્યા ત્યારે તેમની પાસે પોતાનો કોટ ન હતો. એવા જ અકિંચન બાદશાહ શ્રીલંકાના ગાંધી આરિયરત્ન છે. મેગ્સેસે ઍવૉર્ડ પછી નોર્વેનો 'નોરાડ' ઍવૉર્ડ તેમને મળે છે. ઍવૉર્ડ

લેવા જવાનું થયું ત્યારે સમગ્ર કુટુંબને બહાર જવા માટે પહેરવાનાં કપડાં કે સરસામાન લઈ જવા માટેની બેગ પણ કુટુંબ પાસે ન હતી.

જાપાનમાં રાષ્ટ્રભાવનાના જુવાળ વખતે ટૉલ્સ્ટોયના અહિંસક વિચારોની તતૂડી, ફૂંકનાર કાગાવા પીડિતો–દલિતોનો ઉદ્ધાર કરવા ગંદા લત્તાઓમાં સેવાકાર્ય હાથ ધરે છે. દૂષિત વાતાવરણ વચ્ચે જઈને ત્યાં રહેતાં ચામડીના દર્દવાળો, દરિદ્રી, ક્ષયના દર્દીઓ, ભિખારી એમ એક પછી એક એમની સાથે રહેવા આવે છે. શિષ્યવૃત્તિના પૈસા એમની પાછળ ખર્ચાઈ જતાં પોતે ધૂમાડિયાં સાફ કરવાનું કામ કરવું પડે છે. સમાજમાં મીઠા ઝાડનાં મૂળ કાપનારો વર્ગ હોય છે. આપઘાત કરતા યુવાનને પ્રેરણાબળ આપીને ઠેકાણે પાડે છે અને પોતાના ઘરમાં રાખે છે. તે યુવાન એમના ઘરમાં રહી એમની સામે કાદવ ઉછાળે છે અને છતાં કાગાવાનો પ્રેમ જેવો ને તેવો રહે છે ત્યારે એમનો કસ નીકળતો હોય એમ લાગે છે.

ગાંધીવિચારને સમાજવ્યાપી કરવા માટે તે તે ધોરણે સમાજજીવનને ગોઠવવા માટે ભારત-બહાર જેમણે વ્યવસ્થિત પ્રયાસો કર્યા છે તેમાં ફ્રાન્સના ગાંધી બાન્ઝાડેલ વાસ્તો ઉર્ફે શાંતિદાસ કદાચ અગ્રસ્થાને આવી શકે. ૩૫મી ઉંમરે એમણે કરેલી ભારતયાત્રામાંથી એમને જીવનકાર્ય લીધે છે. એ યાત્રાનું પુસ્તક **Return to the Source**માં ગાંધીવિચારનું જે સૂક્ષ્મ અને સંક્ષિપ્ત નિરૂપણ છે તે કોઈ સામ્યવાદીને પણ ગાંધીવિચારમાં શ્રદ્ધા પ્રેરે એવું સચોટ છે. સાચા ખ્રિસ્તી બનવા તે ગાંધીજી પાસે આવે છે. ગાંધીજી ઉપરાંત રમણ મહર્ષિ અને ટાગોરને પણ તે મળે છે. યંત્રપ્રધાન અર્થવ્યવસ્થાને બદલે શ્રમપ્રધાન અર્થવ્યવસ્થા એ જ મુક્તિનો માર્ગ છે એમ માનતા બાન્કાએ સ્વદેશ જઈ ગાંધીવિચારનું બી વાવવાનો પ્રયોગ કર્યો. હર્નીયરમાં તેમણે 'આર્ક' નામે ગ્રામસમાજની સ્થાપના કરી.

ગાંધીજીના આધ્યાત્મિક વારસદાર વિનોબાજીએ ગાંધીજીની વિચાર–આચારધારાનું અનુસંધાન સર્વોદય વિચારધારા દ્વારા સાધ્યું. આરિયરત્નની સર્વોદય શ્રમદાન સંઘમની પ્રવૃત્તિ જોતાં એમને 'શ્રીલંકાના ગાંધી'ને બદલે 'શ્રીલંકાના વિનોબા' કહેવાનું મન થાય નગરજનો અને ગ્રામજનો વચ્ચે સાંધનો સેતુ રચવા તેઓ શ્રમશિબિર યોજે છે. સર્વોદયની તેમની પ્રવૃત્તિમાં બૌદ્ધસાધુઓ પણ સક્રિય બને છે, એ પહેલાં શરીરશ્રમનાં લોકોપયોગી કામોમાં બૌદ્ધસાધુઓ કયારે ય જોડાયા ન હતા કે એમને એમાં કોઈએ પ્રેર્યા કે દોર્યા ન હતાં. (નિવૃત્તિને નામે અકર્મણ્યતાને પોષતા સાધુઓના સ્વામી સચ્ચિદાનંદજીએ નોંધેલા પ્રસંગો યાદ આવી જાય).

આ પુસ્તકમાંના સેશ્વરવાદી મહાપુરુષોના જીવનમાં કોઈ અદૃષ્ટની મદદ આવી મળતી હોય એવા પ્રસંગો દાનીલો દોલ્ચી, લાન્ઝાડેલ વાસ્તોના વ્યક્તિચિત્રોમાં નોંધાયેલા છે.

પ્રસ્તુત પુસ્તકમાં ગાંધી એ વ્યક્તિવાચક મટીને ગુણવાચક બનતા જોવા મળે છે.

પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, ટિળક રોડ,
સયાજીગંજ ટાવર સામે, વડોદરા–૩૯૦ ૦૦૨. **દેવદત્ત જોશી**

* * *

સંસ્કારલક્ષી શિક્ષણ : ગ્રંથ–૨, ખંડ ૧ થી ૩ અને ૪ થી ૭, લેખક : શ્રી કરુણાશંકર કુબેરજી ભટ્ટ; પ્રકાશક : શ્રી કરુણાશંકર શતાબ્દી સમિતિ, C/o. ભો. જે. વિદ્યાભવન, ૨. છો. માર્ગ અમદાવાદ–૩૮૦ ૦૦૬, પૃ. સં. ૬ + ૪૧૪, (૨) ૭ + ૫૫૨, કિંમત રૂા. ૨૪ + રૂા. ૩૫ અનુક્રમે ૧૯૮૨, આ. ૧, ૧૯૮૭ આ. ૧.

આ બન્ને પુસ્તકોમાં પ્રખર સંસ્કાર શિક્ષક શ્રી કરુણાશંકર કુબેરજી ભટ્ટ, (ઈ. સ. ૧૮૭૩–૧૯૪૩)ની નોંધપોથીઓનો સંગ્રહ બહાર પાડીને પ્રકાશકોએ ગુજરાતના શિક્ષકો, માબાપો અને વિદ્યાર્થીઓની મહાન સેવા કરી છે.

નોંધપોથી એક દર્પણ છે. વ્યક્તિ જો પોતાના જીવનધર્મ પ્રત્યે જાગ્રત અને નિષ્ઠાવંત હોય તો એની નોંધપોથીનું શૈક્ષણિક મૂલ્ય ઘણું જ વધી જાય છે. શ્રી કરુણાશંકરની નોંધપોથીઓનું પણ આ દૃષ્ટિએ ઘણું મૂલ્ય છે. શ્રી કરુણાશંકર વ્યવસાયે શિક્ષક હતા. તેથી શૈક્ષણિક મૂલ્યોવાળા વિષયોની નોંધ એમાં મુખ્યત્વે જોવા મળે છે. તેમના જીવન પર ગુજરાતનાં મહાન કવિ શ્રી મણિશંકર રત્નજી ભટ્ટ (કાન્ત)ના જીવન અને કવનની ભારે અસર જોવા મળે છે. કવિ શ્રી કાન્ત પાસેથી એક નિષ્ઠાવંત વિદ્યાર્થી તરીકે જેવું ઘડતર પામી શકાય તેવું ઘડતર કરુણાશંકર પામી શકયા હતા. તેવો એહસાસ એમની નોંધપોથી વાંચતાં થયા વિના રહેતો નથી.

સારા શિક્ષકનું એક લક્ષણ તેની સદા જાગ્રત રહેતી જ્ઞાનપિપાસા છે. આ બાબત કરુણાશંકરમાં જોવા મળે છે. એમના સમયમાં પશ્ચિમના જે વિચારકો ભારતમાં વિદિત હતા તેમના લખાણોની તેમણે નોંધો કરી છે. દૃષ્ટાંતરૂપે જીવી જનારાઓનાં જીવનચરિત્રો, ભારતીય પ્રાચીન સાહિત્યિક અને ધાર્મિકગ્રંથો, ગુજરાતી કવિઓની રચનાઓ તથા ગુજરાતી પુસ્તકો વિષે લખાયેલાં પુસ્તકો તેઓ વાંચતા તેની સાબિતી તેમની નોંધપોથી પૂરી પાડે છે. ચોક્કસ પુસ્તકોના નિયત અંશોનું નિયમસર અધ્યયન કરવા માટેના તેમના મનસૂબાની નોંધો પણ જોવા મળે છે.

સારા શિક્ષકે પોતાના જ્ઞાનનું વિતરણ પોતાના વિદ્યાર્થીઓમાં કરવાનું છે જે કંઈ ઉત્તમ વાંચ્યું હોય તેને પોતાના વિદ્યાર્થીઓ સમક્ષ કેવી રીતે મૂકવું તેનું કરુણાશંકર હંમેશા ચિંતન કરતાં રહેતા હતા. કોઈ પણ બાબતનું જ્ઞાન કોઈને એકસામટું આપી દઈ શકાય નહિ. જ્ઞાનને અંશોમાં વિભાજિત અંશોને સમયાંતરે ક્રમવાર વિતરિત કરવાથી વિદ્યાર્થી એને રસપૂર્વક અવગત કરી શકે છે એ વાત કરુણાશંકર બરાબર જાણતા હતા તેથી એમની નોંધમાં વિદ્યાર્થીઓને એ રીતે જ્ઞાનપ્રદાન કરવાના આયોજનની પણ નોંધ મળે છે.

વિદ્યાર્થીઓના ઘડતરમાં એના ચારિત્ર્યઘડતરનો પણ સમાવેશ થાય છે શાળામાં અભ્યાસ કરતા તથા છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓનું ચારિત્ર્યઘડતર કરવાના તેમના મનોરથની સાક્ષી પૂરતી નોંધ પણ તેમની નોંધપોથીમાં છે.

કરુણાશંકરની નોંધોમાં તત્કાલીન શિક્ષણજગતનું પ્રતિબિંબ ઝીલાયું છે. પગારનું પૂરું વળતર ન ચૂકવતા નિષ્ઠાવિહીન શિક્ષકો, ટ્યુશનની બદી વગેરે વિષે તે જમાનામાં પણ ફરિયાદ કરવાપણું હતું, તેનું ભાન તેમની નોંધપોથીમાં થયા વિના રહેતું નથી. શિક્ષણક્ષેત્રે કયાં દૂષણો ટાળવા જેવા છે તેનું દિગ્દર્શન તેમની નોંધોમાંથી મળી રહે છે.

કરુણાશંકરે કયા ક્ષેત્રમાં કાર્ય કરવાનું હતું ? એ ક્ષેત્રમાં તે વખતે કેવું વાતાવરણ હતું ? કાર્ય કરવા માટે તેમની કયા પ્રકારની સજ્જતા હતી ? એને માટે એમની પાસે શી યોજના હતી ? કયા માર્ગદર્શક સિદ્ધાંતો હતા એને લગતી તમામ ઉપયોગી માહિતી આપણને તેમની નોંધપોથામાંથી મળે છે.

આમ કરુણાશંકરની નોંધપોથીઓ ઉપરથી તેમના જીવનનો અને તેમની અનુપમ સેવાઓનો પૂર્ણ ખ્યાલ આવે છે. આવા સનિષ્ઠ શિક્ષકે તે જમાનામાં ઉચ્ચતર શિક્ષણ ન મેળવવા છતાં દૃષ્ટાંતરૂપે જીવન જીવી અનેક વિદ્યાર્થીઓમાં ઉચ્ચ પ્રકારના સંસ્કારનું સિંચન કરવામાં અગત્ય ફાળો આપ્યાનો તેમની નોંધપોથી દ્વારા ખ્યાલ આવે છે.

આપણા સમાજમાં સામાન્ય રીતે સેંકડો વર્ષોથી સ્ત્રીઓની ઉપેક્ષા થતી આવી છે. પણ શ્રી કરુણાશંકરે સ્પષ્ટ અને નિઃસંકોચપણે જણાવેલું કે માતાઓનો બાળઉછેરમાં અને સંસ્કાર સિંચનમાં અપ્રતિમ ફાળો છે. સમાજનાં ઘણાં અનિષ્ટો અટકાવનારા માતાઓ જ છે.

આ નોંધપોથીઓ કોઈ સળંગ આત્મકથા નથી પરંતુ તેમનું ચરિત્ર ઉપસાવવા માટેની મૂલ્યવાન અધિકૃત સામગ્રી તેમાંથી મળી રહે છે. દિવસવાર લખાયેલી છૂટી કયારેક ટાંચણિયા સ્વરૂપની નોંધો પરથી આપણે તેમનો વિશ્વસનીય પરિચય મેળવી શકીએ છીએ. અને આજના શિક્ષક તથા વિદ્યાર્થીઓ સમક્ષ એમને એક ઉમદા ઉદાહરણરૂપે રજૂ કરીએ છીએ. આજે જ્યારે સમાજમાં શિક્ષકો અને તેમાંય ખાસ કરીને પ્રાથમિક અને માધ્યમિક કક્ષાના શિક્ષકો સામાજિક મોભાની દૃષ્ટિએ ઉપેક્ષિત બની રહ્યા છે ત્યારે એક સાંનિષ્ઠ શિક્ષકની મૂલ્યવાન નોંધપોથીને સંપાદિત કરીને પ્રકાશિત કરવા બદલ શ્રી કરુણાશંકર શતાબ્દીસમિતિ સાચે જ ધન્યવાદને પાત્ર ઠરે છે.

ફેકલ્ટી ઑફ એજ્યુકેશન એન્ડ સાયકોલૉજી,
એમ એસ. યુનિવર્સિટી, વડોદરા.

સુમિત્રા એલ. પટેલ

* * *

સાભાર સ્વીકાર

૧ **ગીતામૃત (ભાગ ત્રીજો) :** લે. મગનલાલ ડી. પંજા, પ્ર. પુનિત સેવા ટ્રસ્ટ વતી કૃષ્ણશંકર શાસ્ત્રી, મણિનગર, અમદાવાદ–૩૮૦ ૦૦૮, પૃ. ૨૪૦, કિં. : રૂા. ૧૦=૦૦.

૨ **પરમાનંદ પ્રત્યે :** સે. હરિલાલ મો. શાહ, પ્ર. ભરત શાહ અને મુકુલ શાહ, ધી ગુજરાત ટયુબ એન્ડ સેનિટરી સ્ટોર્સ, ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ–૩૮૦ ૦૦૧, પૃ. ૨૪ + ૨૪૮, કિંમત : છાપેલ નથી.

૩ **વેદાંત રહસ્ય :** લે. અને પ્ર. રતિલાલ અધ્વર્યુ, ૩, દત્ત સોસાયટી, વાસણા રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૭, પૃ. ૧૯૨, કિંમત : રૂા. ૧૩ = ૫૦.

૪ **મિત્રસ્ય ચક્ષુષા :** લે અને પ્ર. હરીશ વિ. પંડિત ૭૮૨, એચ. આઈ. જી. નિવાસો, ડી. એસ. પી. કચેરી પાછળ સેક્ટર–૨૭, ગાંધીનગર, પૃ. ૧૧૦, કિં. : રૂા. ૨૫ = ૦૦.

૫ **જૈન ગુર્જર કવિઓ (ભાગ ૪) :** સંગ્રાહક અને સંપ્રયોજક મોહનલાલ દલીચંદ દેસાઈ, સં. જયંત કોઠારી, પ્ર. મંત્રીઓ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઑગષ્ટ ક્રાન્તિમાર્ગ, મુંબઈ–૪૦૦ ૦૩૬, પૃ. ૯ + ૪૬૪, કિંમત. રૂા. ૯૦ = ૦૦.

૬ **જૈન ગુર્જર કવિઓ :** (ભાગ ૫) : સંગ્રાહક, સપ્રયોજક, સંપાદક અને પ્રકાશક ઉપર મુજબ, પૃ. ૧૦ + ૪૩૭, કિંમત : રૂા. ૯૦ = ૦૦.

૭ **અખાના છપ્પાં :** લે. અને પ્ર. જયંત કોઠારી, ૨૪, સત્યકામ સોસાયટી, અમદાવાદ–૩૮૦ ૦૧૫, પૃ. ૧૨ + ૧૬૩, કિંમત : રૂા. ૨૫ = ૦૦.

૮ **સોળમી સદીનું સૂરત :** લે. મોહન વ. મેઘાણી, પ્ર. કુંજવિહારી ચુ. મહેતા, માદન અધ્યક્ષ, ચુનીલાલ ગાંધી વિદ્યાભવન, સૂરત, પૃ. ૩૬૬ + ૯ ચિત્રો, કિં. : રૂા. ૬૦ = ૦૦.

૯ **જસમા–લોકનાટ્ય પ્રયોગ–શિલ્પની દૃષ્ટિએ :** લે. અને પ્ર. કૃષ્ણકાંત કડકિયા, એમ. ૮૨–૩૮૫, સરસ્વતીનગર, અમદાવાદ–૩૮૦ ૦૧૫, પૃ. ૯૦ + ૧૬ + ૧૩૨, કિંમત : રૂા. ૬૬ = ૦૦.

૧૦ **ધ્યેયનિષ્ઠ જીવનયાત્રા : (ડૉ. ઈલિઝાબેથના અંગ્રેજી જીવનવૃત્તાંતનો સારાનુવાદ) :** લે. ડેરેક બિલ, અનુ. સુભદ્રાબેન ગાંધી, પ્ર. વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ, બી–૭, જ્યુપિટર ઍપાર્ટમેન્ટસ્, વડોદરા–૩૯૦ ૦૦૫, પૃ. ૫૬, કિંમત : રૂા. ૧૦ = ૦૦.

૧૧ **નાગર સર્વ સંગ્રહ દર્શન ૨ તથા દર્શન ૩ :** લે. મુકુન્દરાય હરિદત્ત પાઠક, પ્ર. સરલા મુ. પાઠક, ભાલા પોળ, ધોલકા–૩૮૭ ૮૧૦, પૃ. ૪૨ + ૧૮૫, કિંમત : રૂા. ૪૦ = ૦૦.

લેખકોને :

૧ પાનની એક જ બાજુએ, ટાઈપ કરેલા અને એ શક્ય ન હોય તો શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા. ટાઈપ નકલમાં ટાઈપકામની ભૂલોને સુધાર્યા પછી જ લેખ મોકલવો. ગૂજરાત વિદ્યાપીઠના જોડણીકોશ પ્રમાણે જોડણી રાખવી આવશ્યક છે. લેખની મૂળ પ્રત જ મોકલવી. લેખની કાર્બન નકલ મોકલો ત્યારે તે અંગેનું સ્પષ્ટ કારણ જણાવવું.

૨ લેખમાં અવતરણો, અન્ય વિદ્વાનોનાં મંતવ્યો ટાંકવામાં આવે તો તે અંગેનો સંદર્ભ પૂરેપૂરી વિગત સાથે આપવો અનિવાર્ય છે. પાદટીપમાં એ સંદર્ભની વિગત આપતાં લેખક અથવા સંપાદક/સંશોધક (અટક પહેલી), ગ્રંથ, પ્રકાશક, પ્રકાશનવર્ષ, આવૃત્તિ, પૃષ્ઠ, એ ક્રમ જાળવવો જરૂરી છે.

૩ 'સ્વાધ્યાય'માં છપાયેલ સર્વ લેખોનો કૉપીરાઈટ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા હસ્તક છે. લેખકે અથવા અન્ય કોઈએ લેખમાંનો કોઈ અંશ લેખિત પરવાનગી વગર પુનર્મુદ્રિત કરવો નહીં.

૪ સંક્ષેપશબ્દો પ્રયોજતા પહેલાં એ શબ્દો અન્ય સ્થાને પૂરેપૂરા પ્રયોજેલા હોવા જોઈએ.

૫ પાદટીપોનો ક્રમ સળંગ રાખી જે તે પૃષ્ઠ ઉપર તે તે પાદટીપોનો નિર્દેશ જરૂરી છે.

સ્વા ધ્યા ય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

સંપાદક : **રામકૃષ્ણ તુ. વ્યાસ**

વર્ષમાં ચાર અંક બહાર પડે છે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

લવાજમ :

—ભારતમાં...રૂા. ૨૦ = ૦૦ પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં...યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે...૬ ડૉલર (ટપાલખર્ચ સાથે)

—યુરોપ અને અન્ય દેશો માટે...પૌં. ૨.૫૦ (ટપાલખર્ચ સાથે)

આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવે છે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા ગ્રંથ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ વર્ષ નવેમ્બરથી ઑક્ટોબર સુધીનું ગણાય છે, જે આ સરનામે મોકલવું—**નિયામકશ્રી, પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, લોકમાન્ય ટિળક રોડ, વડોદરા–૩૯૦ ૦૦૨.**

જાહેરાતો :

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મંદિર, લોકમાન્ય ટિળક રોડ, વડોદરા–૩૯૦ ૦૦૨

JOURNAL
OF THE
ORIENTAL INSTITUTE
M. S. UNIVERSITY OF BARODA, BARODA

Editor : **R. T. Vyas**

The JOURNAL OF THE ORIENTAL INSTITUTE, BARODA is a Quarterly, published in the months of September, December, March and June every year.

SPECIAL FEATURES :

Articles on Indology, Vedic studies, textual and cultural problems of the Rāmāyaṇa, Epics & Purāṇas, notices of Manuscripts, reviews of books, survey of contemporary Oriental Journals and the rare works forming the Maharaja Sayajirao University Oriental Series, are some of the special features of this Journal.

CONTRIBUTORS TO NOTE :

1. Only typewritten contributions will be accepted. A copy should be retained by the author for any future reference, as no manuscript will be returned.
2. In the body of the article non-English stray words/Sanskrit/Prakrit line/verse must be written either in *Devanāgari* or in transliteration with proper diacritical marks.
3. The source of citations/statements of any authority quoted should be invariably mentioned in the footnotes which must be written in the following order : (1) surname, initials of the author or editor, (2) title of the work, (underlined), (3) publisher, (4) place and year of publication and (5) page No.
4. Whenever an abbreviation is used in an article, its full form should be stated at the first occurrence and should not be repeated.
5. Give running foot-note numbers from the beginning to the end of the article.
6. The copyright of all the articles published in the Journal of the Oriental Institute will rest with the M. S. University of Baroda, Baroda.

SUBSCRIPTION RATES : ANNUAL :


Inland Rs. 30/- (Post-free), Europe £ 3.00 (Post-free)
U.S.A. $ 10.00 (Post-free)

Subscription is always payable in advance. The yearly subscription is accepted from September to August every year. No subscription will be accepted for less than a year. Subscription/Articles may be sent to :—

The Director, Oriental Institute, Tilak Road, Opp. Sayajigunj Tower, Vadodara-390 002, Gujarat, India.




ચિત્ર નં. ૫
ધ્યાનસ્થ મુદ્રામાં
તીર્થંકર



ચિત્ર નં. ૬
સંવત ૧૩૪૧–
પ્રતિમાની
બેસણી

(ચિત્રોની સમજૂતી માટે જુઓ આ અંકમાં પુષ્પકાંત વિ. ધોળકિયાનો લેખ)

Regd. No. 9219/63



ચિત્ર નં. ૮

જૈન દાતાદંપતી

(ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં
પુષ્પકાંત વિ. ધોળકિયાનો લેખ)